
એક હતો રાજુ



એક હતો રાજુ

❑ રાજેશ દોશી



એક હતો રાજુ

by RAJESH DOSHI

પ્રથમ આવૃત્તિઃ ૨૪ જુલાઈ, ૨૦૨૪

ક્રેડિટ્સ :
વિચાર : રાજેશ દોશી
સંપાદન / સંકલન : નરેશ શાહ
કવર ડિઝાઈન / કોલાઝ : કરિશ્મા દોશી
પેઈજ સેટીંગ : ડ્રીમ મર્ચન્ટ, જીગર જૈન
સંપાદન સહાય : માધવી શાહ
તસવીરો : રાજુભાઈ દોશીનું પર્સનલ કલેક્શન
ટેકનિકલ સહાય : પરફેક્ટ પ્રિન્ટર્સ, રાજકોટ

પ્રમુખવિક્રેતાઃ
બુકમાર્ક
૨૦૨, પેલિકન હાઉસ, નટરાજ સિનેમા પાસે
જી.સી.સી.આઈ કંમ્પાઉન્ડ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : 079-26580365 / 26583787

સહવિક્રેતાઃ
રાજેશ બુક સ્ટોર
લોધાવાડ ચોક,
પોલીસ ચોકી સામે, યાજ્ઞિક રોડ,
રાજકોટ ૩૬૦૦૦૨
ફોન : 0281-2233518 / 99241 33518-19

પ્રકાશકઃ
ન્યુઝવાલા મિડિયા
સી/૫, બ્લોક નં.૧૧, વીતરાગ સોસાયટી
રૈયા રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન : +91 98253 85652
+91 9879878218
E-mail : nareshshah01@gmail.com

for more visit us
www.newswalanaresh.com

કિંમત ઃ ૪૦૦.૦૦

મારાં પરમ પૂજનીય

માતુશ્રી
શ્રીમતી ચંપાબહેન નાનાલાલ દોશી

પિતાશ્રી
શ્રી નાનાલાલ હીરાચંદ દોશી

અગ્રજ
શ્રી ચંદ્રકાન્ત નાનાલાલ દોશી
શ્રી કિશોર નાનાલાલ દોશી

ભાભીઓ
શ્રીમતી શ્રુતિ ચંદ્રકાન્ત દોશી
શ્રીમતી દેવયાની ચંદ્રકાન્ત દોશી
શ્રીમતી નીતા કિશોર દોશી

બહેનો
શ્રીમતી જયબાળા અનુપ મોદી
શ્રીમતી શૈલી જયેશ કામદાર

પૂર્ણાંગિની – મારો ‘‘જીવ’’
શ્રીમતી રીટા રાજેશ દોશી

અને મારા બાળકોને

અર્પણ

અર્પણ



જો સાજ સે નિકલી હૈ વો ધુન સબને સુની હૈ,
જો તાર પે ગુજ઼રી હૈ વો કિસ દિલ કો પતા હૈ !

: સાહિર લુધિયાનવી

ફિલ્મ : ચાંદી કી દીવાર સંગીત : એન. દત્તા



ઉપોદ્ઘાત

સ્પષ્ટવક્તા, સ્વપ્નિલ, સિધ્ધાંતવાદી, સહૃદયી, સંવેદનશીલ, સ્નેહાળ, સાદગીપસંદ, સાહસી, સરળ, સફળ, સજાગ, સ્વસ્થ, કુટુંબવત્સલ, વફાદાર, હઠીલાં, વ્યસની, મદદગાર, રમૂજી, પ્રતિભાશાળી, ધૂની, દૃષ્ટા, પોતિકાંઓનો સધિયારો તો પરિચિતોની ઢાલ... રાજુભાઈ દોશી બત્રીસ લક્ષણા નથી પણ એ ત્રેવીસ લક્ષણા તો છે જ. આ વાત હું કોઈ અહોભાવથી નહીં, દશ વરસના (૨૦૧૪ થી ૨૦૨૪) અવલોકનના આધારે લખી રહ્યો છું. પ્રથમ નજરે ઉપર જણાવેલાં ગુણોમાં તમને વિરોધાભાસ દેખાશે પણ 'એક હતો રાજુ' માં રાજેશ (રાજુભાઈ) દોશીએ લખેલું દિલધડક આત્મનિવેદન વાંચશો તો ખાત્રી થઈ જશે કે આ માણસ ખરેખર હકારાત્મક બહુમુખી અને ગુણસંપન્ન છે.

અરે, હા, એક ગૂણ તો ઉમેરવાનો રહી જ ગયો છે. રાજુભાઈ દોશી સરસ મજાના લેખક અને સૂફી કક્ષાના વિચારક (સોશિયલ મીડિયા પરની તેમની પોસ્ટ વાંચી જજો) પણ છે. રાજુભાઈ દોશીએ મારી પાસે 'દોશી પરિવાર' અને રીટાને સ્મરણાંજલિ આપતું પુસ્તક 'જીવ' લખાવ્યું છે. 'જીવ' પુસ્તક પ્રિન્ટીંગ પ્રેસમાં હતું ત્યારે રાજુભાઈ એક વખત બોલી ગયા કે હવે હું મારી આત્મકથા લાવવાનો છું. યોગાનુયોગ એ સમયે ઓફિસમાં ખુશ્બુ દોશી – મોનાની હાજર હતા. કાકાને ચાનક ચડાવતાં હોય તેમ તેમણે કહેલું : 'કાકા, હું તમને આત્મકથા લખવા માટે શાનદાર ચોપડા લાવી આપીશ...'

'તું (ચોપડો) આપ એટલે લખવાનું શરૂ કરી દઈશ !'

મારી હાજરીમાં આટલી વાત થઈ. એ પછી હું તો મારા કાર્યક્રમ મુજબ મુંબઈ ચાલ્યો ગયો. મારા દિમાગમાંથી વાત ભૂંસાઈ પણ ગઈ કારણકે, એ સહજ હતું. પુસ્તક લખવા–લખાવવાના ઉત્સાહ–ઉમળકા મોટાભાગે ઉભરાની જેમ લોકોને આવતા હોય છે અને જલ્દી શમી પણ જતા હોય છે.

... પણ જાન્યુઆરી '૨૦૨૩ માં મારા ભાગે ચક્તિ થવાનું આવ્યું. રાજુભાઈએ સ્વહસ્તે લખેલાં આઠ પાનાં (પ્રથમ પ્રકરણ) મારા હાથમાં મૂકતાં કહ્યું : 'મારું લખવાનું શરૂ થઈ ગયું છે. તમે તેને મઠારીને પેજ પર ગોઠવવા માંડો !'

– અને જાન્યુઆરી '૨૩ થી શરૂ થયેલું રાજુભાઈ દોશીનું લખવાનું(અને મિત્રો–સ્વજનોનો ઈન્ટરવ્યુ કરવાનું મારું) સતત સોળ મહિના, જુન, ૨૦૨૪ સુધી ચાલતું રહ્યું. પ્રોફેશનલ લેખક તરીકે મને રાજુભાઈ દોશીના લખાણમાં વ્યક્ત થતી ગતિશીલતા ખૂબ ગમી કારણકે, એ તમને શ્વાસ લેવાનો સમય જ નથી આપતી. ઘટનાઓ, કિસ્સાઓ અહીં

પૂરપાટ વેગથી આલેખાયાં છે. એ તમને કારણ વગર ભાવુક નથી બનાવતાં તો રાજુભાઈ 'હિરો' છે એવું અજાણતાં જ તમારા મન પર અંકિત કરી દે છે. ઈમાનદાર આત્મકથાની પ્રાથમિક શરત તો એ છે કે તેમાં વ્યક્તિની નબળાઈ, નિષ્ફળતા, અફસોસ, ભૂલો અને ખામી પણ બયાન થવી જોઈએ કારણકે એ વગરનું માનવજીવન શકય જ નથી. 'એક હતો રાજુ' માં તમને રાજુભાઈના પરાક્રમોની સાથે તેમની નબળાઈ, અફસોસ, નિષ્ફળતા અને ભૂલોનો નિખાલસ સ્વીકાર તો મળશે, પણ આ માણસે તો અહીં પોતાની અંતિમ ઈચ્છા પણ ગ્રંથસ્થ કરી દીધી છે.

'એક હતો રાજુ' પુસ્તકનો એક મોટો હિસ્સો રાજુભાઈ દોશી વિષે સ્વજનો, મિત્રો, પરિચિતો અને 'રાજુ' પરિવારના સદસ્યોના અભિપ્રાય–પ્રતિભાવનો છે. અંગત રીતે, હું આ અભિપ્રાયો–પ્રતિભાવો પ્રગટ કરવાના પક્ષમાં નહોતો, નથી. સંપાદક તરીકે પરંતુ સંપાદકનું કામ કયારેક ઈન્ટિરીયર ડિઝાઈનર જેવું હોય છે. એસ્થેટિકલી યોગ્ય ન હોય તો પણ ઘર–માલિકના કમ્ફર્ટ લેવલ પ્રમાણે તેણે ઘર ડિઝાઈન કરવું પડે. મેં આ અભિપ્રાયો – પ્રતિભાવોનું સંપાદન કરતી વખતે ધ્યાન રાખ્યું કે રાજુભાઈ દોશીના (લેખના આરંભે લખેલાં) ત્રેવીસ ગૂણોની વાત તેમાંથી વ્યક્ત થાય.

હજુ એક વાત કહેવાની રહી જાય છે. 'એક હતો રાજુ' આખું પુસ્તક બની ગયા પછી તેને ફરીથી રાજુભાઈ દોશીની દેખરેખમાં, તેમની જ ઓફિસમાં બેસીને ફરી સંપાદન કરવામાં આવ્યું. પુસ્તકમાં વપરાયેલી એક–એક તસ્વીર માટે રાજુભાઈએ હજારો તસ્વીર ફંફોળી છે. મેં લખેલા 'દોશી પરિવાર' અને 'જીવ' પુસ્તકામાં વપરાયેલી એકપણ તસ્વીર (સિવાય કે નાનાલાલભાઈ દોશી અને ચંપાબહેન દોશી) 'એક હતો રાજુ' પુસ્તકમાં વાપરવામાં આવ્યા નથી. રાજુભાઈ દોશી વિષે વાત કરનારા તમામની તસ્વીર પ્રગટ કરવાનો નિર્ણય પણ રાજુભાઈ દોશીનો જ હતો. એ રીતે આ પુસ્તક અખંડ રીતે રાજુભાઈ દોશીનું જ સર્જન છે, એ આગળ વાંચતા પહેલાં યાદ રાખજો.

— નરેશ શાહ

૧, જુલાઈ ૨૦૨૪
૯૮૨૫૩ ૮૫૬૫૨

દિલ ફાડીને પ્રેમ કરે છે
પણ દિલ ખોલીને
વાત નથી કરતાં...



રાજુભાઈ સાથે ૧૯૮૮–૮૯ માં પરિચયમાં આવ્યો ત્યારે રાજુભાઈ, રાજુ એન્જીનીયર્સના તકનિકી વિભાગ સંભાળતા એટલે એમને મળવાનું ઓછું થતું અને મળતાં ત્યારે એક કંપનીના ડાયરેક્ટર તરીકે જરૂરી પ્રોટોકોલ જાળવીને વાતો થતી. હવે આજે જયારે તેમની આત્મકથા ''એક હતો રાજુ'' ની પ્રસ્તાવના લખવા બેઠો છું ત્યારે જિંદગીની ખાટી–મીઠીનાં ૩૫ વર્ષ આંખ સામેથી એક ફિલ્મની માફક પસાર થઈ રહ્યા છે. કોઈ એક ક્ષણને પકડીને વર્ણવી અશક્ય છે. એટલે પહેલાં તો આખું હસ્તલિખિત પુસ્તક વાંચી ગયો. એમના પરિવાર, સગા–સંબંધી, મિત્રોએ એમના વિષે આપેલ અભિપ્રાયો ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચી ગયો.

મનમાં પ્રશ્ન થયો કે મોટાભાગના લોકોએ એમની ખાસિયતો અને ઉદારતા સરખા જ રજૂ કર્યા છે અને નબળાઈ તરીકે ગુસ્સો અને બીડી સિવાય વધુ કંઈ લખાયું નથી. છતાં પણ રાજુભાઈ સાથેના અનુભવો અને અનુભૂતિઓ સંબંધોના પારદર્શક આયનામાં પણ સુપેરે પ્રતિબિંબિત થાય છે. બધા એકધારા જે રીતે રાજુભાઈની ખૂબીઓ અને ખામીઓ વર્ણવે છે એ વાંચીએ એટલે થોડી એકસૂરીલાપણું વર્તાય અને ક્યારેક તો એમ લાગે કે પેપર ફૂટી ગયું છે કે શું? બધાં એક સરખો જ જવાબ લખે ? પણ એક અને એક બે જ થાય. જે છે તે હકીકત છે અને આ બનાવટ નથી પરંતુ હકીકત છે. આત્મકથાને રસપ્રદ બનાવવા માટે એવા કોઈ કાલ્પનિક વૃતાંત ઘડી કાઢીને ઉમેરી ન શકાય. એટલે કોઈ જાતના દંભ અને આડંબર વિનાની ગ્રામ્યજીવન સાથે વણાયેલી વાસ્તવિકતા વર્ણનમાં જેમની તેમ જળવાઈ રહીં છે. ખૂબ મજાની વાતો લખાઈ છે તેમના બાળપણથી અત્યાર સુધીની જીવનયાત્રાની.

મને બૂકના શીર્ષક ''એક હતો રાજુ'' સામે દેખીતો વાંધો હતો. મેં ''રાઈટ સાઈડ રાજુ''નું સુચન કરેલું પણ એ તો રાજુભાઈનો નિર્ણય...ફેરવ્યો ફરે નહીં...! અને એના કારણો પણ ન આપે...!!

રાજુભાઈની એક ખૂબી એ પણ છે કે તેઓ મિત્રોને દિલ ફાડીને પ્રેમ કરે છે પણ દિલ ખોલીને વાત નથી કરતાં એટલે હું માનુ છું એ મુજબ રીટાભાભીના મહાપ્રયાણ પછી રાજુભાઈ બહુ બદલાઈ ગયાં છે (જે મોટાભાગના સહયોગીઓએ અનુભવ્યું છે અને લખ્યું પણ છે).

રાજુભાઈ પોતાની હાલની મનઃસ્થિતિનું આત્મકથાના શીર્ષક ''એક હતો રાજુ'' દ્વારા સચોટ નિરૂપણ કરે છે કે તમે જે રાજુને ઓળખો છો, તમે જે રાજુની વાત કરો છો તે રાજુ હવે રહ્યો નથી.

રાગ થી વિરાગ તરફની તેમની યાત્રા શરૂ થઈ ચૂકી હોય એવું મને લાગી રહ્યું છે એટલે ‘‘એક હતો રાજુ’’ શીર્ષકની યથાર્થતાને મારું સમર્થન છે.

...પણ આત્મકથા લખવાનું પ્રયોજન મને જે સમજાયું છે તે કહું તો તેમાં સર્જાતા ઘટનાક્રમમાં શ્રી રાજુભાઈ હમેશાં કુટુંબ–પરિવારને સાથે રાખી, વિશ્વાસ હાંસલ કરી અને પ્રગતિ કરતાં રહ્યા છે. આજે કુટુંબ વધુ નાના થતા જાય છે ત્યારે આ મહાનાયક નાના મોટા ૨૧ વ્યક્તિઓને પોતાના પરિવાર પ્રત્યેના અગાધ પ્રેમ અને હૂંફ થકી એક જ છત નીચે પૂરેપૂરી સુરક્ષાનું કવચ આપીને બેઠાં છે. એ તુટી રહેલી કુટુંબ વ્યવસ્થાયુક્ત સમાજ માટે એક પ્રેરણાત્મક અને અનુસરણીય ઉદાહરણ છે.

બીજી એક ઉડીને આંખે વળગે તેવી વાત છે. તેઓએ પરિવારની દીકરીઓને વ્યવસાય અને મિલ્કતમાં પૂરેપૂરી સહભાગી બનાવી છે. અહીં દીકરા અને દીકરી વચ્ચેનો ભેદ–ભાવનો છેદ ઉડી જાય છે. આવડા મોટા વ્યવસાયિક પ્રતિષ્ઠાન માટે એક અભૂતપૂર્વ ઘટના છે.

સમાજને સાચી દિશા દર્શાવવા અંગત સત્યને ઉજાગર કરવું જરૂરી લાગ્યું હશે એટલે આ આત્મકથાનું બીજ રોપાયું હશે.

આત્મકથાનું લેખન રાજુભાઈએ કર્યુ અને સંપાદન સિદ્ધહસ્ત લેખકશ્રી નરેશભાઈ શાહ દ્વારા પોતાની આગવી અને રસાળ શૈલીમાં થયું છે. સર્વે સગા–સંબંધી, પરિવારજનો, મિત્રોએ દિલથી જે વાતો કરી છે તે અહિં શબ્દશઃ મૂકી છે તેને વારંવાર વાંચવાનું મન થાય તેવી છે.

રાજુભાઈની આ આત્મકથા ‘‘એક હતો રાજુ’’ એમનાં ઓળખીતા લોકો તો વાંચશે જ પણ જાણ્યા–અજાણ્યા વાંચકો પણ એ વાંચીને રાજુભાઈની જીવનશૈલી અને યાત્રા વિશે વિસ્તૃત પરિચિત થશે, જે એક આધુનિક પ્રેરણાત્મક પુસ્તકો કરતાં જરાય ઉતરતી નથી.


‘‘એક હતો રાજુ’’ ને દિલથી સલામ.

...અને અંતમાં આત્મકથા લેખન ક્ષેત્રે મારા જેવા નવા–સવાને પ્રસ્તાવના લખવા માટે પ્રેરવા બદલ આદરણીય રાજુભાઈનો અત્યંત આભારી છું...!!

– મૂળુભાઈ બારોટ

રાજકોટ

૧૫.૦૭.૨૦૨૪



આ પુસ્તક વાંચતા સમજાશે કે...

મારો પોતાનો પરિચય ટૂંકમાં આપતા કહું તો, નાનપણમાં ડરપોક હતો. ભણતરમાં આળસુ હતો તો કોઈના ય આધિપત્ય હેઠળ કામ ન કરવાનો અલૌકિક ગુણ મારામાં હતો. કોઈનીયે સલાહ લેવાનું ન ગમે અને નૈતિક ધંધાનાં ઉત્પાદન લક્ષી કોઈપણ કાર્ય જાતે કરવાનો શોખ. સંયુક્ત કુટુંબની ભાવના મારામાં તીવ્ર તો જલ્દી ગુસ્સે થઈ જવાવાળો સ્વભાવ. પરિવારના બાળકો માટે દરેક સંજોગોમાં રક્ષણાત્મક ભૂમિકામાં રહેનારો એટલે હું. કરિયાણાની દુકાનથી ધંધાની શરૂઆત કરીને પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી બનાવવા સુધીનાં કામ મેં કર્યા, જેના કારણે આજે સમગ્ર વિશ્વના પ્લાસ્ટિક ઉદ્યોગમાં નોંધપાત્ર નામના મેળવી. વર્ષોથી સર્વગ્રાહી આરોગ્ય સંભાળ લેવાનો શોખ હોવાના કારણે નિર્દોષ દવાઓ એટલે કે ખનિજ અને વિટામિનના ઉપયોગથી લોકોની નિઃશુલ્ક સારવાર કરી. પત્ની પ્રત્યે અગાધ પ્રેમ હોવાથી ૩૭ વર્ષનું દામ્પત્ય જીવન ખુશખુશાલ વીત્યું અને મારી પત્નીને પૂર્ણાંગીની જેવું બિરુદ આપ્યું, જે કદાચ સમગ્ર બ્રહ્માંડમાં માત્ર એક જ સ્ત્રીને મળ્યું હશે !

દીકરી માટે મને સવિશેષ લગાવ છે અને દીકરીઓ માટે જીવનનાં દરેક પડાવમાં દીકરા કરતાં પણ વધારે સગવડતા દીકરી માટે કરતા રહેવું ગમે છે.

મેં જોયું છે કે અત્યંત ધનિક મા બાપની દીકરી, જેના લગ્નમાં દીકરીની ગાથા ગાવા માટે તજજ્ઞો અને કલાકારોને બોલાવ્યા હોય, દીકરીની વિદાય સમયે ચોધાર આંસુએ રડયા હોય પણ એ દીકરી સાસરે ગયા પછી આર્થિક રીતે સંકટમાં આવી જાય તેમજ દીકરીને પારકા કામ કરવાની નોબત આવી જાય ત્યારે એ ધનિક મા બાપ દીકરીને આર્થિક મદદ કરવામાં પાછીપાની કરતા હોય પરંતુ મંદિરોમાં દાન ધર્માંદો કરતા હોય, સમાજ માટે પોતાની ઝોળી ખાલી કરતા હોય, જાહેર સ્થળોએ પોતાના નામની તકતી મુકાવવા માટે ફાળો લખાવતા હોય પરંતુ દીકરી કે બહેનની નબળી આર્થિક સ્થિતિમાં મદદ કરવા માટે એક પળ પણ વિચારતા નથી.

દીકરા દીકરીને સમકક્ષ ગણતા સમાજમાં દીકરીઓને પોતાના માતાપિતાની આર્થિક મિલ્કતમાં હિસ્સો આપતી વખતે બધાના હૃદયમાં દીકરા દીકરી માટે સરખી ભાવના કેમ નહીં થતી હોય ? દીકરી સાસરે જાય એટલે ધંધામાંથી એનું નામ કમી કરવાનો વિચાર કેમ આવતો હશે ? આ પુસ્તક વાંચતા સમજાશે કે મારા માટે દીકરી અને પરિવારનું મહત્વ કેટલું અગત્યનું છે.

આ પુસ્તક લખવાનું પ્રયોજન એટલાં માટે કર્યું છે કે મારા પરિવારના બાળકો સમજી શકે કે પરિવાર ભાવના કેવી રીતે જાળવી શકાય અને તેના લાભાલાભ સમજી શકાય. આજના યુવાવર્ગ માટે પણ આ પુસ્તક ઉપયોગી એટલા માટે રહેશે કે ગમે તેવી સંઘર્ષમય સ્થિતિમાં પણ રાજકારણીઓની કે અસામાજિક તત્વોની પનાહમાં ગયા વિના બધી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

આ પુસ્તકનું નામ 'એક હતો રાજુ' રાખ્યું તેનો વિરોધ પરિવારના સભ્યો તથા નજીકના મિત્રોએ કર્યો હતો પણ મારા સ્વભાવ મુજબ કોઈની દરકાર આ બાબતમાં ન કરી. તેનું કારણ, મારા 'જીવ', મારી 'પૂર્ણાંગીની', મારી પત્ની રીટાની અણધારી વિદાય પછીનો રાજુ અલગ છે અને એટલા માટે પુસ્તકનું નામ 'એક હતો રાજુ' છે ! દામ્પત્ય જીવનનાં ૩૭ વર્ષ જીવંત જીવન હતું. હવે જયોતિષ કથન અનુસાર ૧૨ થી ૧૪ વર્ષની ઉંમર વિતાવવાની છે. એ પછી ઈશ્વરની ઈચ્છા હશે તેમ થશે. મારા સમગ્ર પરિવારની જન્મ તારીખ, લગ્ન તારીખ અને અનંતની સફરેનીકળી ગયા છે, એમની મૃત્યુની તારીખની વિગતો લખેલી છે તેમાં મારી મૃત્યુની તારીખ ૨૧ એપ્રિલ, ૨૦૩૬ની તારીખ અંકિત કરી છે. મારા જીવની વિદાય બાદ માત્ર સફેદ શર્ટ પહેરવાનું પસંદ કર્યું હતું અને ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઉત્કર્ષ–ઉર્વશીએ દીકરીની ભેટ પરિવારને આપી ત્યાં સુધી માત્ર સફેદ શર્ટ પહેર્યા હતા અને દીકરીની ખુશીમાં રંગીન શર્ટ પહેરવાનું ચાલુ કર્યુ છે.

આ પુસ્તક લખવાની શરૂઆત ૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ એટલે કે મારા જીવની અણધારી વિદાયના ૨૫૭ દિવસ પછી કરવામાં આવી અને તારીખ ૨૪ જૂલાઈ, ૨૦૨૪ ના રોજ પુસ્તક લખવાનું પૂરું કર્યું છે. આ દિવસે મારી મોટી દીકરી ખુશ્બુ ૪૨ વર્ષ પૂરા કરશે અને સૌથી નાનો ઉત્કર્ષ ૨૯ વર્ષ પૂરા કરશે.

મારા જીવનકાળ દરમિયાન મારા માતાપિતા અને બંને મોટા ભાઈઓએ ખૂબ સંઘર્ષ કરીને મને ભણાવવાની કોશિશ કરી પણ મને ભણતર ના ચડયું. જોકે એમના બધા સદગુણો મારામાં ઉતર્યા અને સાચા અર્થમાં નૈતિકતા અને માનવતા સાથે રાખીને જીવી રહ્યો છું. મારી બંને બહેન – બનેવી અને મારા તમામ બાળકોની સાથે મારા બાળપણનાં મિત્રો રાજુ ચૌહાણ, રસિક દેકીવાડિયા, જયમીન ગોસ્વામી, મનીષ મહેતા, રાજુ ગંડેચા અને ૨૦૧૬થી જોડાયેલા સમીરભાઈ અને સોનાબહેને મારા જીવની વિદાય પછીનો સમય હળવો કરવામાં તન, મન, ધનથી મારી સાથે રહ્યા છે. હું જીવન પર્યંત આ બધાનો ઋણી રહીશ.

આ પુસ્તકમાં મારી એકલા હાથે રાજકારણીઓ અને અનિવાર્ય અનિષ્ટો સામે બાથ ભીડી લેવાની આદત અને તેમાંથી સાંગોપાંગ બહાર નીકળી જવાની વાતો કદાચ, સમગ્ર વાચક વર્ગને ગમશે. ભણતર બહુ ઓછું હતું તો પણ જે ધંધો ચાલુ કર્યો તેમાંના દરેક કાર્ય જાતે કર્યા. જેમ કે, એકસટ્રુઝન મશીન ચલાવવું, ટ્રેડલ પ્રિન્ટિંગ પ્રેસ ચલાવવો, પ્રિન્ટ કરવાની મેટર કમ્પોઝ કરવી, ડ્રોઈંગ બોર્ડ પર એન્જિનિયરિંગ ડ્રોઈંગ કરવા, મલ્ટી લેયર એકસટ્રુઝન મશીન ચલાવવા, કપાસની ખરીદી કરવી, ફાર્મસી ચાલુ કરી દવાઓ બનાવવી, પુસ્તકો વાંચીને વૈકલ્પિક સારવાર પદ્ધતિનો અભ્યાસ કરીને લોકોની સારવાર કરવી અને ખૂબ જ વ્યસ્તતાની વચ્ચે કુટુંબ પરિવારના લોકો માટે યોગ્ય સમય ફાળવવો વગેરે તથા ધંધા અને પરિવાર સિવાયની અન્ય બાબતોમાં મેં કયારેય રસ લીધો નથી.

– રાજેશ દોશી

રાજકોટ

૨૪.૦૭.૨૦૨૪

અનુક્રમ



અનુક્રમ

એક હતો રાજુ

❑ રાજેશ દોશી

મારી અટક શાળામાં શાહ થઈ ગયેલી,
જેને દશમા ધોરણમાં એફિડેવીટ
કરાવીને શાહમાંથી મૂળભૂત
અટક 'દોશી' કરવામાં આવી !



૧

ઘર ભાડાંનું હતું અને પંચાયતનું પાણી
ઘરે આવતું નહીં એટલે ઘરથી થોડે દૂર પાણીનું
ચકલું હતું ત્યાંથી પાણી ભરવાનું કામ પણ
મારા ભાગે હતું. ઘરથી લગભગ
૭૦૦ થી ૮૦૦ મીટર દૂર એ ચકલું હતું,
ત્યાંથી ઘરના બધા સભ્યોને પૂરું થાય એટલું
પાણી રોજ ભરવાનું અને બા નદીએ
કપડાં ધોવા જાય તો એની સાથે કપડાંની
ડોલ ઊંચકીને પણ જવાનું,
આ મારો નિત્યક્રમ હતો !

૬૧ વર્ષ, ૯ મહિના અને ૨૭ દિવસની ઉંમર પૂર્ણ થઈ ત્યારે, એટલે કે ૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ હું મારા પોતાના વિશે લખવાનું પ્રારંભ કરી રહ્યો છું...

૭મી માર્ચ,૧૯૬૧ની વહેલી સવારે ત્રણ વાગ્યે બાંટવા મુકામે શારીરિક રૂપે આગમન થયું. આ દિવસે સમગ્ર વિશ્વમાં સારી–નરસી કેટલીયે ઘટનાઓ બની હશે, જેમાંની અમુક ઘટનાઓ વિષે લખતાં મારી જાતને રોકી શકતો નથી. એ દિવસે ઉત્તર પ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી ગોવિંદ વલ્લભ પંતનું મૃત્યુ થયું હતું. તેના એક દિવસ પહેલાં ૬ માર્ચના રોજ ટાઈમ્સ ગ્રુપનું અંગ્રેજી અખબાર ભારતમાં પ્રગટ થવા માંડયું હતું.

મારા જન્મ સમય અને સ્થળ મુજબ રાશિ તુલા આવતી હતી એટલે રાજુ / રોહિત નામ સૂચવવામાં આવેલાં પણ બધાંએ એકદમ હૈયે અને હોઠે રહે તેવા નામ પર પસંદગી ઉતારી : રાજુ

જન્માક્ષરમાં વિશ્વાસ ઓછો હતો પરંતુ 'જીવ'(રીટા રાજેશ દોશી) નો દેહાંત થતાં અલગ અલગ વિદ્વાનોએ બનાવેલા જન્માક્ષરનો અભ્યાસ કરવામાં રસ વધ્યો, પરિણામે વિશ્વાસ પણ વધ્યો. પોરબંદરના વિદ્વાન જયોતિષી શ્રી દયારામ આણંદજી મોઢાએ કાઢી આપેલા જન્માક્ષરમાં જણાવ્યું હતું કે ૬૧ થી ૭૦ વર્ષની વચ્ચે જીવનસાથી ગુમાવશો. બન્યું પણ એવું જ. ૬૧ વર્ષ અને એક મહિનો વીત્યો ત્યારે જ જીવનસાથીની કપરી વિદાયનું મૂક સાક્ષી બનવું પડયું. એ જ જન્માક્ષર મુજબ મારી ઉંમર પણ ૭૧ થી ૭૬ વર્ષની બતાવી છે એટલે...

આ લખવાનો પ્રારંભ કર્યો ત્યારથી હવે જીવવાનાં ૧૦ થી ૧૫ વર્ષ બાકી રહ્યાં છે એમ માની શકાય. બાકી તો ઈશ્વર ઈચ્છા. મારી જીવનસાથીની અદમ્ય ઈચ્છા હતી કે ચૂંદડી ઓઢીને વિદાય લેવી અને પાંચમના દિવસે જ વિદાય લેવી, એ બન્ને વાતની પૂર્તિ થઈ હોવાનો મને સંતોષ છે.

૧૯૬૧માં મારો જન્મ થયો ત્યારે મારા પરિવાર માટે કપરો કાળ ચાલતો હતો. આર્થિક રીતે લગભગ શૂન્યતામાંથી પરિવાર પસાર થઈ રહ્યો હતો. એ સમયે પરિવારમાં માતા પિતા અને ૧૯૫૩ અને ૧૯૫૬માં જન્મેલા બે મોટાભાઈઓ અનુક્રમે ચંદ્રકાન્તભાઈ અને કિશોરભાઈ હતા. મારો જન્મ થયો તેના લગભગ અગિયાર મહિના પહેલાં મારા દાદા શ્રી હીરાચંદભાઈ દોશી અનંતની યાત્રાએ નીકળી ગયા હતા જેથી મારા બન્ને મોટાભાઈઓની જેમ હું પણ દાદાના લાડ–પ્યારથી વંચિત રહ્યો. જોકે પિતા અને બન્ને મોટાભાઈઓના લાડકોડમાં મારો ઉછેર શરૂ થયો. દીકરાના



વર્ષ ૧૯૭૧ માં બા અને બાપુજી

જીવનમાં સૌથી પ્રથમ જે પુરુષ પ્રવેશે, તે પિતા હોય છે પરંતુ મારા નસીબમાં પિતાનો તો પુષ્કળ પ્રેમ હતો જ, સાથે બન્ને મોટા ભાઈઓ પણ લખલૂટ પ્રેમ આપતા હતા.

એકવીસમી સદીમાં એવું કહેવાય છે કે પિતાએ અમુક ઉંમર પછી પુત્રના મિત્ર થઈ જવું જોઈએ પણ આ બાબત સહેજ પણ વાજબી નથી. પિતા મિત્ર બની જાય એટલે પુત્ર પિતાની છત્રછાયા ગુમાવે છે, જે પારિવારિક રીતે મને સહેજ પણ વાજબી નથી લાગતું. મારા પિતા એકદમ સાલસ સ્વભાવના પૂર્ણ પિતા હતા. એમને મેં જીવનમાં ક્યારેય ગુસ્સે થતા નથી જોયા અને ક્યારેય કોઈ વાત કે વિચાર માટે સંતાનો પર કોઈ જ પ્રકારનું દબાણ કરતા નથી જોયા. મારાં માતુશ્રી પણ વાત્સલ્યમૂર્તિ હતાં, થોડાં ગુસ્સાવાળાં હતાં. મને ઘણીવાર એમના ગુસ્સાનો લાભ પણ મળ્યો છે. માતા પિતાનો લખલુટ પ્યાર અને સંસ્કારસિંચનને કારણે આજે અમે– હું ખૂબ સારું જીવન પરિવાર સાથે જીવી રહ્યા છીએ. પિતાશ્રીને રોજ બજારમાંથી સાયકલ પર બેસાડીને હું ઘરે લઈ આવતો એ રોજિંદી બાબત હતી. એ જ રીતે બા સાથે કપડાંની ડોલ ઉપાડીને નદીએ જવું, એ પણ રોજિંદી બાબત હતી. બા–બાપુજી અને બન્ને મોટાભાઈઓ પાસેથી પ્રામાણિકતા, નીડરતા અને સાહસિકતાના ગુણ સંપન્ન થયા. ગમે તેટલાં તોફાન કરતો, ક્યારેક નાસમજને કારણે પિતાજીની સામું બોલ્યો હોઈશ. સ્કૂલે જવામાં હું હંમેશા આળસ કરતો તો પણ બાપુજી ક્યારેય ગુસ્સે થઈને વઢયાં નથી... પિતાની વ્યાખ્યા ન કરી શકાય એટલો તેનો વિસ્તૃત અર્થ છે. ઘટાદાર વડલાની જેમ પિતા જ ઘર–પરિવારને છાંયડો આપે છે, જેના લાગણીનાં મૂળ ખૂબ ઊંડે સુધી વિસ્તરેલાં હોય છે.

બન્ને મોટાભાઈઓએ મને ભણાવવા માટે તનતોડ મહેનત કરી પણ ભણવાનું ક્યારેય સીધી રીતે મગજમાં બેઠું જ નહીં અને માંડ માંડ વિજ્ઞાન–પ્રવાહમાં સ્નાતકની ડિગ્રી મેળવીને કામ ધંધે વળગી ગયો. મને ભણાવી ગણાવીને ડોકટર બનાવવાની મહેચ્છા બંને મોટાભાઈ તથા બા–બાપુજીની હતી. એ ચકનાચૂર થઈ ગઈ પણ આજે એક સારા ડોકટર તરીકે છેલ્લાં દસ વર્ષથી કેટલાય દર્દીની સારવાર કરી રહ્યો છું એટલે ભરોસો છે કે બા–બાપુજી, મોટાભાઈ અને ભાભી દરેકના આત્માને પરમ શાંતિ મળતી હશે.

બન્ને બહેનો નાની હતી એટલે એમને સાચવવાની જવાબદારી હતી. અત્યારે યાદ નથી કે એ જવાબદારી સરખી રીતે નિભાવી છે કે નહીં પરંતુ બન્ને બહેનોના લગ્નમાં મંડપની સજાવટ મેં જાતે કરી હતી.

મારા બા–બાપુજી અને બન્ને મોટાભાઈઓ વિશે લખવાનું ચાલુ રાખું તો અગણિત પન્નાંઓ લખી શકું એટલી લાગણીસભર, મીઠી યાદો ધરબાયેલી છે. મારા જન્મ પછી ૧૯૬૩માં નાની બહેન જયબાળાનો જન્મ થયો. ૧૯૭૦માં સૌથી નાની બહેન શૈલીનો જન્મ થયો. ત્રણ ભાઈઓ વચ્ચે બે બહેનનું આગમન થયું. કુટુંબની આર્થિક પરિસ્થિતિ પાતળી હોવાથી ૧૯૬૫માં મારા પિતાશ્રી કામકાજ અર્થે આકોલા, મહારાષ્ટ્ર ગયા.



વર્ષ ૧૯૭૨ માં બા, ચંદ્રકાન્તભાઇ, જયબાળા અને શૈલી સાથે

અમારાં પિતરાઈ બહેનના દીકરા નલીનભાઈની દુકાનમાં નોકરી કરવા માટે મારા પિતા આકોલા ગયા હતા, તેમની એન. એમ. ટ્રેડર્સ નામની દુકાનમાં મારા પિતાજીએ ૧૫૦ રૂપિયાના પગાર સાથે નોકરી શરૂ કરી અને અઢી વરસ સુધી નોકરી કર્યા બાદ તેઓ માણાવદર પરત આવ્યા. એ વખતે મારી ઉંમર સાડા પાંચ વર્ષની હતી. મારા બન્ને મોટાભાઈ અભ્યાસ કરતા હતા, એ જ સ્કૂલમાં મારું એડમિશન કરાવવા માટે મારા માસા સૌભાગ્યચંદ દેસાઈ આવેલા. તેમણે મારું નામ 'શાહ રાજેશ નાનાલાલ' લખાવ્યું હતું. એ જમાનામાં લોહાણા હોય તો આગળ ઠક્કર અને વાણિયા હોય તો આગળ શાહ લખવું એવી પ્રથા હતી, તો મારી અટક ત્યારથી શાહ થઈ ગયેલી !

જેને દશમા ધોરણમાં એફિડેવીટ કરાવીને શાહમાંથી મૂળભૂત અટક 'દોશી' કરવામાં આવી.

આકોલાથી પરત આવીને મારા પિતાશ્રી માણાવદરની સટ્ટાબજારમાં કપાસ, મગફળીના વાયદાનો ધંધો કરતા અને સટ્ટા બજારમાં કોઈકની દુકાને બેસતાં. મોટાભાગે એ લક્ષ્મીદાસ નાથાલાલની પેઢી હતી.

૧૯૬૦થી ૧૯૬૫ના અરસામાં શ્રી શામજી જીવા કણસાગરા તથા મનસુખલાલ પ્રેમજી નામના બે વેપારી મિત્રોએ એક પછી એક પોતાના ધંધામાં નુકશાની કરી. બન્નેએ દેવાળું કાઢ્યું હતું તો સમયાંતરે તેઓને મારા પિતાશ્રીએ અમારા ઘરમાં શરણું આપ્યું હતું. અમારે ખાવાની તકલીફ હતી, પારાવાર આર્થિક તકલીફ હતી છતાં ભાઈબંધીની ફરજ નિભાવીને બન્ને વેપારીમિત્રોને વારાફરતી બે બે મહિના અમારા ઘરમાં સંતાડીને રાખ્યા હતા...અહીં આ વાતનો ઉલ્લેખ કરવાનું કારણ, એમના વંશજોની વિરોધાભાસી વાતોને ઉઘાડી પાડવાનો છે.

મારા બન્ને મોટાભાઈ ચંદ્રકાન્તભાઈ અને કિશોરભાઈ ભણવામાં હોંશિયાર હતા અને સાથે સાથે ઘર પરિવારની જવાબદારી પણ તેમણે ઉપાડી લીધી હતી. જોકે મને સ્કૂલે જવામાં બિલકુલ રુચિ નહોતી એટલે બા સ્કૂલે મોકલતી તો જતો ખરો પણ એકાદ કલાકમાં દફતર લઈને બાપુજી સટ્ટાબજારમાં હોય ત્યાં પહોંચી જતો. મજાની વાત એ હતી કે બાપુજીએ કયારેય ગુસ્સો નથી કર્યો અને કયારેય સ્કૂલે જવું જોઈએ એવી ફરજ પણ નહોતી પાડી.

એક થી પાંચ ધોરણ લક્ષ્મીદાસ ભોજાણી એટલે કે લખો અને હું સાથે નિશાળે જતા. બંનેની આર્થિક પરિસ્થિતિ એકસરખી નબળી હતી. બન્ને બાજુ બાજુમાં રહેતા એટલે સવારે સાથે સ્કૂલ જતા. બા પાંચ પૈસા એટલે કે પાંચિયું વાપરવા આપતી. લખુને પણ પાંચ પૈસા વાપરવા મળતા. બન્ને સાથે સ્કૂલ જતા ત્યારે ઘરથી થોડે આગળ લાધાભાઈની કરિયાણાની દુકાનમાંથી પાંચ પૈસાની એક આવે એવી પીપર લેતા. એ સમયે એક પીપર ચોરી લેતા એટલે બંનેને ખાવા મળતી. લાધાભાઈ એકદમ ભોળા વ્યક્તિ હતા કદાચ, એને ખબર પણ હશે કે આ બાળકો એકના પૈસા આપીને બે પીપર લઈ જાય છે પરંતુ કયારેય એમણે અમને રોકયા નથી કે ખીજાયા નથી.

સ્કૂલમાં રિસેસ પડે એટલે ફરી હું અને લખુ સોડા પીવા સાથે જઈએ. સોડાની એક જ લારી રહેતી તેથી ત્યાં પણ બહુ છોકરાઓ સોડા પીવા આવતા. અમે બન્ને ત્યાં પણ એકના પૈસા આપીને બે સોડા પીતા. સોડાવાળા ભાઈનું નામ યાદ નથી પરંતુ બધાં એને કટુ કહીને બોલાવતાં. બચપણમાં જેને ત્યાંથી ચોરી કરી એમને પરત નથી આપી શકયો પરંતુ અત્યારે વધુમાં વધુ લોકોને મદદરૂપ થઈ શકું એવા પ્રયત્નો પ્રામાણિકતાથી કરું છું.


વર્ષ ૧૯૭૫ માં ધોરણ ૧૦ ની પરીક્ષા વખતે








પૂજ્ય પિતાશ્રી નાનાલાલભાઇ, ચંદ્રકાન્તભાઇ લગ્ન બાદ પિતાશ્રીનાં આશીર્વાદ લેતા,
પૂજ્ય માતુશ્રી ચંપાબેન અને વર્ષ ૨૦૦૫ માં દિવાળી સબબ માણાવદર નિવાસ્થાને

... તો લગભગ સાત ધોરણ સુધી આમ જ ચાલ્યું. વચ્ચે પાંચમા ધોરણમાં સ્કૂલથી ઘરે આવતો હતો ત્યારે રસ્તા પરની ગાયનો પગ મારા પગ પર આવી ગયેલો અને મારા ડાબા પગની એક આંગળી અડધી તૂટી ગઈ હતી. એ તૂટેલી આંગળી પણ ઘરે જ પાટાપિંડી કરીને મટાડી હતી કારણ કે એ જમાનામાં ડોકટર પણ બહુ નહોતા અને ડૉક્ટર પાસે જવાના પૈસા પણ નહોતા. માણાવદરની શહેરી શાળામાં જીવરાજભાઈ કણઝારિયા, ડોલરસાહેબ, જગુભાઈ શુકલસાહેબ, પીડીસાહેબ વગેરે શિક્ષકો સાચા અર્થમાં શિક્ષકો હતા. જે વિદ્યાર્થીઓને માર પણ મારતા અને સારું ભણાવતા પણ ખરા. અત્યારના ભણતર કરતાં ત્યારનું ભણતર ખૂબ સારું હતું. શિક્ષકોનું માન-સન્માન જળવાતું હતું. શિક્ષકો રસ્તા પર મળી જાય તો વિદ્યાર્થીઓ છૂપાઈ જતા હતા. અમારા જીવરાજસાહેબ તો હથેળીમાં લાકડાની ફૂટપટ્ટી મારીને ચમચમાટી ઉપાડી દેતા. પીડી સાહેબ પણ એવું જ મારતા. બેશક, એ મારના કારણે જ શિક્ષણ સારું મળ્યું અને આજે પણ ગુરુનું સન્માન જાળવવાનું એટલું જ તીવ્રતાથી યાદ છે.

મને ભણવામાં રુચિ નહોતી પણ આજે ન ભણવાનો વસવસો ઘણો થાય છે... જોકે પ્રાથમિકના સાત ધોરણ પૂર્ણ કર્યા ત્યાં સુધીમાં એક પણ વખત હું નાપાસ નથી થયો. ભલે, સ્કૂલમાં ૫૦ ટકા જેટલી જ હાજરી આપી હતી, હાઈસ્કૂલમાં પૂરતી હાજરી આપી તો પણ પાસીંગ ગુણ આવ્યા.

મારા બન્ને મોટાભાઈઓ અભ્યાસની સાથે કંઈકને કંઈક નાનોમોટો ધંધો કરીને પરિવારમાં મદદરૂપ થતા હતા અને હું મારો સમય લગભગ રમતગમત અને રઝળપાટમાં વિતાવતો હતો. બહેન નાની હતી એટલે ઘરનું કામકાજ મારા ભાગે વધારે આવતું હતું. ઘર ભાડાંનું હતું અને પંચાયતનું પાણી ઘરે આવતું નહીં એટલે ઘરથી થોડે દૂર પાણીનું ચકલું હતું ત્યાંથી પાણી ભરવાનું પણ કામ મારા ભાગે હતું. ઘરથી લગભગ ૭૦૦ થી ૮૦૦ મીટર દૂર એ ચકલું હતું, ત્યાંથી ઘરના બધા સભ્યોને પૂરું થાય એટલું પાણી રોજ ભરવાનું અને બા નદીએ કપડાં ધોવા જાય તો તેમની સાથે કપડાંની ડોલ ઊંચકીને પણ જવાનું, આ મારો નિત્યક્રમ હતો !

ચારથી છ મહિનાની સિઝન દરમિયાન રોજ કાલાં ફોલતા, જેથી કરીને પરિવારના આર્થિક પ્રશ્નો હળવા થતા...

માણાવદરની આગળ બાંટવા તરફ જતાં ઘેડ વિસ્તારમાં ધુંબડ કપાસનું વાવેતર થતું. સામાન્ય રીતે નદીના મૂળથી મુખ સુધીમાં ત્રણ ભાગ હોય છે : ગિરિપ્રદેશ, મેદાનપ્રદેશ અને મુખપ્રદેશ. મુખ પાસે નદીનો વેગ ધીમો હોય છે, તેમાં કાંપને ઘસડી જવાની શકિત હોતી નથી. આ કારણે મુખ પાસે કાંપ એકત્ર થતો હોય છે અને નદીના આ ભાગને ઘેડ કહેવામાં આવે છે. આવા ઘેડ વિસ્તારમાં થતા ધુંબડ કપાસના કાલાં ફોલવાનું કામ કરવાથી પૈસા મળતાં. કાલાં ફોલવાના આળ (કાલાંમાંથી કપાસ અલગ કરવા માટેની જગ્યા) કરમશીભાઈ ચલાવતાં એટલે એમને ત્યાં જઈને કાલાં ફોલવાનાં. કાલાં ફોલવામાં અંગુઠા અને આંગળીમાં લોહી નીકળતું તો પાટો બાંધીને પણ કાલાં ફોલતા. સાંજે જેટલો કપાસ તૈયાર થાય એનું વજન કરાવીને પૈસા લઈ ઘરે આવવાનાં.

આળ બંધ થાય એટલે ૩૦ કિલો કાલાં ઘરે લઈ આવવાના અને એક દિવસમાં બધાં કાલાંમાંથી કપાસ અલગ કરીને ફરી આપવા જવાનો. ૩૦ કિલો કાલાંમાંથી ૨૨ કિલો કપાસ નીકળે, એ આપવા જઈએ એટલે ત્રણ રૂપિયા મહેનતાણું મળતું. કાલાંકપાસની ચારથી છ મહિનાની સિઝન દરમિયાન રોજ કાલાં ફોલતા, જેથી કરીને પરિવારના આર્થિક પ્રશ્નો હળવા થતા. દુકાળના સમયમાં પાણીની ખૂબ અછત હોય ત્યારે મોટાભાઈ અને હું રેંકડી ભાડે લાવીને બધાં જ વાસણો રેંકડીમાં ગોઠવી લગભગ એકાદ કિલોમીટર દૂર સુધી પાણી ભરવા જતા.

કિશોરભાઈ પોતાના અભ્યાસની સાથે સાથે દીપક વેજીટેબલ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાં, (જેમાં વેજીટેબલ ઘીનું ઉત્પાદન થતું) રૂપિયા સિત્તેરના માસિક પગારથી નોકરી કરતા. રાતપાળીમાં નોકરી કરીને સવારે જૂનાગઢ કોમર્સ

એન્ડ લો કોલેજમાં અભ્યાસ અર્થે જતા હતા.

હું આઠમા ધોરણમાં આવ્યો ત્યારે એકસાથે બે જોડી નવાં કપડાં દરજીને ઘરે બોલાવી સિવડાવ્યાં હતાં. દરજી ઘરે કપડાં સીવવા આવતાં અને ઘેર જ જમીને પછી ત્યાં જ મશીન પાસે આરામ કરતા અને ફરી કપડાં સીવવા લાગી જતા. ૧૯૭૩ માં હાઈસ્કૂલમાં દાખલ થયો. હાઈસ્કૂલમાં શ્રી કનુભાઈ ડાભી, શ્રી મધુસૂદન સંઘવી, શ્રી બોરીસાણિયા, શ્રી બાબીસાહેબ, શ્રી દલસાણિયાસાહેબ, શ્રી પટવારીસાહેબ, શ્રી ટાંકસાહેબ અને શ્રી ગાંધીસાહેબ પાસે અભ્યાસ કરવામાં આનંદ આવતો હતો.

આ જ અરસામાં મોટાભાઈને ૧૯૭૪ માં માણાવદર સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં નોકરી મળી. એ પહેલાં ટેલિફોન ઓપરેટર તરીકે એક વર્ષ તેમણે પોરબંદરમાં પણ નોકરી કરેલી. ૧૯૭૭ માં મેં હાયર સેકન્ડરી વિજ્ઞાન વિષય સાથેનો અભ્યાસ સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, જૂનાગઢમાં શરૂ કર્યો. જૂનાગઢ જૈન બોર્ડિંગમાં ફી માફી સાથે એડમિશન લીધું. ફી માફીમાં રહેતાં હોવા છતાં બોર્ડિંગમાં હું મિત્રો સાથે તોફાન કરતો એટલે મારી હકાલપટ્ટી કરવામાં આવી હતી. એ પછી માણાવદરની બેન્ક ઓફ બરોડામાં કામ કરતા શ્રી એ.બી. ખેતાણીસાહેબના મકાનમાં રહીને જ મેં ધોરણ બારનો અભ્યાસ પૂરો કરેલો. બોર્ડિંગમાં હતો ત્યારે દર શનિ–રવિ પિતાજી નાસ્તો આપવા આવતા. હું પણ માણાવદર આવનજાવન કરતો. હોમ સિકનેસ હોવાથી બોર્ડિંગમાં રહેવું બિલકુલ ગમતું નહીં પરંતુ ૧૨ સાયન્સ હોવાથી ફરજિયાત રહેવાનું હતું અને સાથે સાથે ગણિત, વિજ્ઞાનનાં ટ્યૂશન પણ જૂનાગઢના શિક્ષકો પાસે લેવાનાં હતાં.

ઘરના તમામની ઈચ્છા મને ડૉક્ટર બનાવવાની હતી પરંતુ બીજગણિતમાં મારું બહુ ધ્યાન પડતું નહીં.

ઘરના તમામની ઈચ્છા મને ડૉક્ટર બનાવવાની હતી પરંતુ બીજગણિતમાં મારું બહુ ધ્યાન પડતું નહીં. બારમા ઘોરણમાં મારા માટે એમ.એમ. રાવલસાહેબનું ટ્યૂશન રાખેલું અને રસાયણશાસ્ત્ર ભણાવવા માટે મોટાભાઈ શ્રી ચંદ્રકાન્તભાઈના મિત્ર શ્રી લક્ષ્મણભાઈ અજાગિયા આવતા હતા. મારું બાર સાયન્સ માંડમાંડ પૂર્ણ થયું, ૪૫ ટકા માર્ક સાથે ! મને ખબર હતી કે 'મને શું આવડે છે' એટલે મને દુઃખ કે અફસોસ નહોતો પણ ઘરના બધા સભ્યોની મને ડૉક્ટર બનાવવાની ઈચ્છા પર પાણી ફરી વળ્યું એટલે બધા થોડા દિવસ વ્યથિત રહ્યા.

એ પછી મારી પાસે એકમાત્ર વિકલ્પ હતો B.Sc. રસાયણશાસ્ત્ર સાથે કરવાનો. પરંતુ એ પહેલાં ૧૦મા ધોરણની લાયકાતના હિસાબે ઈજનેરીનો ડિપ્લોમાનો કોર્ષ થઈ શકે એમ હોવાથી માસીના દીકરા મૂકેશની સાથે ડિપ્લોમા ઈન સિવીલ એન્જીનીયરીંગના એડમિશન માટે ભાવનગરની કોલેજમાં ફોર્મ ભર્યું. મને એડમિશન મળી ગયું હતું પરંતુ માસીનો દીકરો મૂકેશ એડમિશન માટેની તપાસ કરવા ગયેલો. આવીને એમણે કહ્યું કે, મને એડમિશન મળ્યું છે પણ રાજુને નથી મળ્યું... ખરેખર તો એ ખોટું બોલ્યો હતો. બીજા ધોરણમાં મૂકેશ નાપાસ થયો તેથી મારી પાછળ રહી ગયેલો. એ વખતના ગુસ્સામાં મને એડમિશન મળ્યાંની વાત છૂપાવી હોય એમ લાગતું હતું.

મેં ૧૨માં ધોરણના હિસાબથી ૧૯૭૮માં F.Y. B.Sc. માટે જૂનાગઢ બહાઉદ્દીન કોલેજમાં એડમિશન લઈ લીધું અને ફી માફી સાથેના વિદ્યાર્થી તરીકે અભ્યાસ ચાલુ કર્યો. માણાવદરથી રોજ જૂનાગઢનું અપડાઉન ચાલુ કર્યું. કોલેજમાં હાજરી તો ક્યારેક આપી હતી પરંતુ પ્રેકટિકલમાં હાજરી વધારે હતી. લેબોરેટરીમાં ડેમોસ્ટ્રેટર સાહેબે એક વખત બોલાવીને મજાક કરી હતી. મને કહ્યું : લેબોરેટરીને પૈડાં ફીટ કરવાનો વિચાર છે. મેં પૂછ્યું કે કેમ? તો કહે : તું ન આવે તો લેબોરેટરીને માણાવદર લઈ આવીએ ને !

૧૯૭૯ માં ૧૦ મા ધોરણની બોર્ડની પરીક્ષામાં તાલુકા શાળા બિલ્ડીંગમાં સુપરવાઈઝર તરીકે કામ કર્યું. એ

સમયમાં બોર્ડની પરીક્ષા વખતે આ રીતે બહારના લોકોને સુપરવાઈઝરનું કામ આપવામાં આવતું અને તેનું મહેનતાણું પણ આપતા. મારે મહેનતાણું લેવું નહોતું પણ અમારા મિત્રો પ્રવીણ જોષી અને હરેશ શેઠ ૧૦ મા ધોરણમાં પોતાની મેળે પાસ થઈ શકે એમ નહોતા એટલે એમનો જે સ્કૂલમાં નંબર આવ્યો હતો, એ જ સ્કૂલમાં અને એ જ કલાસમાં સુપરવિઝન કર્યું અને બન્ને સરસ ચોરી કરીને દશ પાસ થયા !

... ત્યારે ઈન્સ્પેકટર સોઢા પીએસઆઈ હતા. અમારી સાથે તેમને વાંધો હતો. એમનો દીકરો ૧૦ મા ધોરણની પરીક્ષામાં બેઠેલો પણ મેં તેને એક પેપરમાં ચોરી ન કરવા દીધી તો સોઢાસાહેબ રૂબરૂ મારી પાસે આવ્યા અને કહ્યું કે, ભાઈ, તને પગે લાગું. તું મારા દીકરાને પાસ થવા દેજે.

૧૯૭૫ માં માણાવદર નગર પંચાયતની ચૂંટણી સમયે ગાંધી ચોકમાં કોંગ્રેસના પી.સી. પટેલની જાહેર સભા હતી. એ સભામાં મારી પાછળ ઊભેલા શ્રી પ્રકાશ લખલાણીએ દેકારો કરીને પી. સી. પટેલને કંઈક બોલ્યો. હોબાળો થયો અને સભા વિખેરાઈ ગઈ, એમાં મારા તરફ શંકા જતાં રાત્રે આઠ વાગ્યે મારામારી થઈ ગઈ. નગર પંચાયતની એ ચૂંટણીમાં ઊભેલા શ્રી જયેન્દ્ર કુરાણીએ ગામને બંધ કરાવ્યું અને તાબડતોબ રાજકોટથી શ્રી ચિમનભાઈ શુકલને બોલાવ્યા. રાત્રે અગિયાર વાગ્યે માણાવદરમાં મોટી જાહેર સભા થઈ અને ચૂંટણીમાં જયેન્દ્ર કુરાણીની ટીમનો વિજય થયો. આ ચૂંટણીમાં મારા મોટાભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ દોશીએ મતદાર યાદીમાંના દરેક મતદારને મતદાન કરવા ભલામણ કરી હતી. જે મત જયેન્દ્ર કુરાણીની પેનલને મળે એમ લાગેલું ત્યાં એમણે ખાસ મતદાન કરાવેલું. હું પણ આ ચૂંટણીમાં સ્લીપ વહેંચવાની અને સ્લીપ લખવાની કામગીરીમાં જોડાયેલો હતો.

હોબાળો થયો
અને સભા વિખેરાઈ ગઈ,
એમાં મારા તરફ શંકા
જતાં રાત્રે આઠ વાગ્યે
મારામારી થઈ ગઈ.


આ માથાકૂટમાં કાન્તિભાઈ ગોહિલ, જેઓ નગર પંચાયતના વોટર સપ્લાય વિભાગમાં કામ કરતા હતા તેમની સાથે મોટો ઝઘડો થઈ ગયેલો. રાત્રે તેઓ અમારા ઘરે આવ્યા ત્યારે સમાધાન થયેલું. પરંતુ એ સમાધાન પછી એમની સાથે એવી આત્મીયતા બની કે – આજે કાન્તિભાઈ ગોહિલ દોશી પરિવારના ચોથા દીકરાની જેમ જોડાયેલા છે !

૧૯૮૨ માં યુથ સર્કલ નામની એક સેવાભાવી સંસ્થા ચાલુ કરેલી, જેમાં મુખ્યત્વે મારી સાથે રસિક દેકીવાડિયા, લલિત મશરૂ, અરવિંદ ગોહિલ, કિશોર માંડવિયા, ભરત મારૂ, કિશોર લાઢિયા વગેરે સદસ્યો હતા. યુથ સર્કલની મુખ્ય પ્રવૃત્તિમાં સાર્વજનિક રીતે રોગનિદાન કેમ્પ (ત્યારે એ ખબર નહોતી કે ડોકટરો આવા નિદાન કેમ્પમાં સેવા આપવા શા માટે આવે છે ?! સામાજિક સંસ્થાઓ આવા કેમ્પ યોજીને ખરેખર તો પાપના ભાગીદાર બને છે. મોટાભાગના ડોકટરો સેવા આપવાના બહાને પોતાના માટે દર્દીઓ ઊભા કરે છે. આજે આ બધું ખૂબ જ વધારે પ્રમાણમાં જોવા મળે છે), સંગીતના કાર્યક્રમો અને દશેરા નિમિત્તે શુદ્ધ વસ્તુઓ વાપરીને 'નહીં નફો નહીં નુકશાન'ના ધોરણે મિઠાઈ વિતરણ કરતા. આ પ્રકારે યુથ સર્કલની પ્રવૃત્તિ અમે ૧૩ વર્ષ સુધી ચલાવી, એ પણ યુથ સર્કલના સદસ્યોએ પોતાના ખિસ્સામાંથી પૈસા કાઢીને.

માણાવદરમાં એ સમયે લાયન્સ ઈન્ટરનેશનલના બેનર હેઠળ લાયન્સ ક્લબ ચાલતી. તેમાં માણાવદરના ડોકટર્સ અને અન્ય આગેવાનો સદસ્યો હતો. લાયન્સ ક્લબ સંચાલિત સ્કૂલ પણ ચલાવતા અને આ સ્કૂલ ચલાવનાર વહીવટી મંડળ એટલે લાયન્સ ક્લબના હોદ્દેદારો શ્રી ડૉ. સવસાણી સાહેબ, ડૉકટર વી. ડી. પટેલ, ડૉકટર રોજીવાડિયા, એડવોકેટ સવજીભાઈ પાડલિયા અને ડૉકટર તન્ના સાહેબ. આ સ્કૂલમાં એડમિશન માટે વહીવટી મંડળ સ્કૂલ ફી સિવાય ડોનેશન પણ લેતું અને નેત્ર રોગ નિદાન કેમ્પ જેવી પ્રવૃત્તિઓ પણ કરતું. આશ્ચર્યજનક બાબત એ છે કે એ જમાનામાં પણ ડોનેશન લેવામાં આવતું અને આ રકમ કયાં જતી એ કોઈને ખબર નહોતી.



વર્ષ ૧૯૮૪ માં યુથ સર્કલ દ્વારા દશેરા નિમિતે
''નહિં નફો નહિં નુકશાન''ના ધોરણે મિઠાઈ વિતરણ





શરદપૂનમ નિમિત્તે જિલ્લા કક્ષાની રાસ ગરબા હરીફાઈ પણ કરતા પરંતુ આ હરીફાઈમાં લાયન્સ ક્લબના હોદ્દેદારો પક્ષપાતનું વલણ રાખીને એમની પસંદગીની મંડળીને પ્રથમ વિજેતા ઘોષિત કરતા. આ વાત યુથ સર્કલના સદસ્યોને ગળે ઊતરતી નહીં, તેથી એક શરદપૂનમે જિલ્લા કક્ષાની હરીફાઈ કરવાની જાહેરાત લાયન્સ કલબની પહેલાં અમે કરી હતી. લાયન્સ કલબના હોદ્દેદારોના પેટમાં તેલ રેડાયું અને સામ, દામ, દંડના બધા જ હથકંડા અમને રોકવા માટે અજમાવી લીધા પણ અમે વાત મૂકી નહીં અને શરદપૂનમની રાસ-ગરબા હરીફાઈ એકદમ જુસ્સા સાથે પૂર્ણ કરી. એકદમ તંદુરસ્ત પરિણામો આપવાથી અમારી સંસ્થા 'યુથ સર્કલ' ની વાહ વાહ થઈ.

આ જ સમયગાળાની વાત છે. મને પરસેવો વળતો નહોતો. ૧૯૮૪માં આ કારણે જ હું ડોકટરની સલાહ લેવા ગયો હતો. ડોકટરે શંકા વ્યકત કરી કે, તમને સ્કીનની સમસ્યા છે તો બાયોપ્સી કરાવો... સામાન્ય રીતે કેન્સરની જાંચ પડતાલ કરવા માટે બાયોપ્સી કરાવવામાં આવે છે પણ ત્યારે મને તેની ખબર નહોતી. હું તો બાયોપ્સી કરાવવા રાજકોટની જી.ટી.હોસ્પિટલ પહોંચી ગયો. ડૉકટરને મળ્યો. બાયોપ્સી કરવા માટે ડૉકટરે સૂઈ જવાનો આદેશ આપતાં કહ્યું કે, તમને એનેસ્થેસીયા આપવાનો છે. મેં તરત તેમ કરવાની ના પાડી અને કહ્યું કે, હું હાથ લંબાવીને ઊભો રહીશ. તમે સ્કીન લઈ લેજો. એ સમયે મારો હાથ સહેજ પણ હલશે તો એનેસ્થેસીયા લઈશ... ચકિત થયેલાં ડૉકટરે મારા ચહેરા પરની દૃઢતા જોઈને દલીલો ન કરી અને વગર એનેસ્થેસીયાએ મારા જમણાં હાથમાંથી સ્કીન લઈ લીધી પણ એ બાયોપ્સીનો રિપોર્ટ લેવા હું આજ સુધી ગયો નથી. જોકે ૧૯૯૪ માં શાપર મુકામે ફેકટરીની શરૂઆત થઈ એટલે મારે રાજકોટ તરફ પ્રયાણ કરવાનું થયું ત્યારે નાછૂટકે 'યુથ સર્કલ' સંસ્થાનું કામકાજ બંધ કરવું પડયું !

આમ તો જન્મકુંડળીમાં માનતો નથી એ તો હું તમને આ પ્રકરણની શરૂઆતમાં જ કહી ચુકયો છું છતાં ૨૦૦૪માં મેં જયોતિષશાસ્ત્રને અજમાવવું હોય તેમ દૈનિક અખબારમાં નામ સરનામાં વિનાની જાહેરખબર આપી કે સચોટ ફળાદેશ અને જન્માક્ષર કાઢી આપનારને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે. તેના જવાબમાં જાહેરખબરમાં દર્શાવ્યા મુજબના પોસ્ટબોક્ષ નંબરમાં અગિયાર જન્માક્ષર આવેલા હતા. એ પૈકીનો એક જન્માક્ષર મારા પિતાશ્રીએ ૧૯૮૦માં બનાવડાવેલા જન્માક્ષર સાથે એકદમ મેળાપ થતો હતો. આ વાત સમય સાથે મારા મગજમાંથી નીકળી ગઈ હતી પરંતુ જિંદગીમાં નિયતી એવાં વળાંક પર માણસને લઈ જતી હોય છે કે અનાયાસે ફેર વિચારણા કરવા દિમાગ મજબૂર થઈ જાય. સાવ અચાનક અને ઘરથી ૧૪૦૧ કિલોમીટર દૂર મારો જ 'જીવ' મારા જ ખોળામાં વિદાય લઈ ગયો ત્યારે મને સહજપણે બંને કુંડળીઓનો ફરી અભ્યાસ કરવાનું મન થયું અને મારા આશ્ચર્ય વચ્ચે એમાંથી એક ગજબનાક સામ્ય ધ્યાને આવ્યું. એ બંને કુંડળી મુજબ 'જીવ' ની વિદાય વિશે સ્પષ્ટ લખ્યું હતું કે એ જ રીતે, મારા પણ ગંભીર વાહન અકસ્માતના અને પાણીમાં ગરકાવ થઈ જવાના અકસ્માતનો સામનો કરવો પડે એવું લખ્યું છે, જેનો અનુભવ મને થઈ ચૂક્યો હતો.

૧૯૯૯ ના જુલાઈ મહિનામાં ઉત્કર્ષ અને ખૂશબુનાં જન્મદિવસનાં ત્રણ દિવસ પહેલા મારૂતિ ઝેન GJ-11E-6195 ગાડી લીધી હતી. તે વખતે કાયમી ડ્રાઈવર સાથે નહોતો રાખતો. મોટાભાગે હું જ ગાડી ચલાવતો. લગભગ સપ્ટેમ્બર મહિનામાં હું મેંદરડા કોઈક પ્રસંગમાં હાજરી આપવા માટે ગયેલો ત્યાં આખી રાતનો ઉજાગરો થયેલો. સવારે હું ગાડી ચલાવીને માણાવદર તરફ જતો હતો ત્યારે ઝોકું આવી જતાં ગાડી પોતાની મેળે એક કદાવર ઝાડ સાથે ટકરાઈ ગઈ, ગાડી પૂર્ણ રીતે ડેમેજ થઈ ગઈ પણ સદનસીબે મને કોઈ ઈજા નહોતી થઈ.

એ પછી ૨૦૦૩ નાં ઓગસ્ટ મહિનામાં પરિવારના બાળકો અને મિત્રો સાથે અમે ૨૨ લોકો ટ્રેનમાં હરિદ્વાર અને મસુરીનાં પ્રવાસે ગયા ત્યારે મસુરીમાં રિવર રાફ્ટિંગ માટેની રાફટમાં હું, રીટા અને બાળકો બેઠા હતા ત્યારે એ રાફટ નમી જતાં હું અને રીટા યમુના નદીમાં પડી ગયા હતા. રીટાને રાફટનાં ગાર્ડએ તુરંત ખેંચીને રાફટમાં લઈ લીધી પરંતુ હું રીટાને શોધતો રહ્યો અને રાફટ આગળ નીકળી ગઈ. મારા બચવાનાં કોઈ સંજોગો નહોતા પણ અચાનક રાફટનાં ગાર્ડે નાખેલી દોરી મારા હાથમાં આવી ગઈ અને હું પણ રાફટમાં સલામત પહોંચી ગયો.

ત્યારબાદ ૨૦૦૩ નાં ઓગસ્ટ મહિનામાં જ લાન્સર GJ-14E-9001 ગાડી લીધી ત્યારે માણાવદરથી શાપર રોજની આવન–જાવન રહેતી. લગભગ દોઢ મહિના પછી એક સવારે હું અને ઉત્કર્ષ સાથે માણાવદરથી નીકળ્યા અને રસ્તામાં વિરપુર પાસે ભુજ–જુનાગઢ બસ અચાનક અમારી ગાડી સામે આવી ગઈ. મેં રફીક ડ્રાઈવરને કહ્યું કે રફીક આપણે ગયા. હું એટલું બોલ્યો ને રફીકે સ્ટીયરીંગ ફેરવીને ગાડી રોડની નીચે ઉતારી દીધી, ઝાડી–ઝાંખરાથી માઈલ સ્ટોન ઢંકાયેલો હતો તેથી તેની સાથે કારનું ડાબું વ્હીલ અથડાયું અને કાર કાટખૂણે ફરીને પાછી રોડ ઉપર આવી ગઈ. ત્યાં સામેથી ઈમારતી લાકડા ભરીને આવતા ટ્રેઈલર સાથે અથડાઈને રોડથી આશરે છ ફૂટ ગાડી ઉછળીને રોડની સાઈડમાં આવેલ લીમડાનાં મોટા ઝાડ સાથે અથડાઈને ઉભી રહી ગઈ.

આ ઘટના બની તેની બે મિનિટ પહેલા જ ઉત્કર્ષ આગળની સીટમાં બેસી ગયો અને હું સીટ ઉપર પલાઠી વાળીને બેસી ગયો હતો. આ અકસ્માતમાં આગળ અને પાછળની સીટ વચ્ચે જગ્યા ન રહી અને ડેકીનો ભાગ અલગ થઈ ગયો હતો, નસીબદાર કે ઉત્કર્ષ આગળની સીટમાં જતો રહ્યો અને મે પલાંઠી વાળી લીધી હતી, નહિંતર બંનેનાં પગ ધડથી અલગ પડી ગયા હોત. સદનસીબે અમારા ત્રણ માંથી કોઈનેય ઈજા ન થઈ. આ અકસ્માત મેં નજરો નજરે નિહાળ્યો હતો. અને જો ટ્રકની ઠોકર કારને ના લાગી હોત તો કાર સીધી સામેની દિવાલમાં અથડાત અને તો ઉત્કર્ષ તેમજ રફીકને ગંભીર ઈજાઓ થઈ શકતી હોત. પરંતુ ઈશ્વરની ઈચ્છા કંઈક અલગ હશે એટલે કોઈનેય ઈજા ન થઈ.

અમો કારમાંથી નીચે ઉતર્યા, બાજુમાં એક હોટેલ હતી તેમાં ગયા તો ત્યાં પેલો લાકડા ભરેલો ટ્રક ઊભો હતો અને તેનો ડ્રાઈવર પણ ત્યાંજ હતો. મેં ડ્રાઈવરને બોલાવી તેનો આભાર માની, મારા ખિસ્સામાં ૪,૦૦૦ રૂપિયા હતા તે એ ડ્રાઈવરને આપીને કહ્યું કે તમે જવા દો, નહિતર પોલીસ તમને રોકશે, એટલે એ ડ્રાઈવર અચંબામાં પડી ગયો તેણે મને પૂછયું કે તમારી કારના ટુકડા થઈ ગયા તોય તમે મને કેમ ભાગી જવાનું કહો છો ? મેં કહ્યું કે તારા ટ્રકની ઠોકરનાં કારણે અમોને બિલકુલ ઈજા નથી થઈ નહિતર કાર સીધી દિવાલ સાથે અથડાત અને અમને ગંભીર ઈજા થાત ! એ સાંભળીને ડ્રાઈવર રાજી થતો થતો જતો રહ્યો. અમે ફેક્ટરીથી બીજી કાર બોલાવીને ફેક્ટરી જતા રહ્યા.



૨૧.૦૭.૨૦૨૪ના રોજ ચાંદનીના સિમંતોનયન પ્રસંગે પરિવાર સાથે

ભાઈ બહેનના લગ્નની તસવીરો



કિશોર-નીતા પરિણય - ૧૮-૧૧-૧૯૮૩





રાજુ-રીટા પરિણય - ૨૯-૧૧-૧૯૮૫



ચંદ્રકાન્ત-શ્રુતિ પરિણય - ૦૪-૧૨-૧૯૮૦



જયબાળા-અનુપ પરિણય - ૧૪-૦૬-૧૯૮૭



શૈલી-હેમંત પરિણય - ૧૮-૧૧-૧૯૯૩

બન્ને મોટા ભાઈઓ વિષે
લખવાનું ચાલુ રાખું તો
અગણિત પન્નાઓ
લખી શકું એટલી
લાગણીસભર, મીઠી યાદો
ધરબાયેલી છે.



૨

*મને બહુ ગુસ્સો આવ્યો ને સાહેબને
બેધડક કહી દીધું કે,
સાંજે ઘરે જવા નીકળશો
ત્યારે કોલેજના દરવાજે ઊભો રહીશ
અને એકાદ લાફો લગાવી દઈશ...
એ સાહેબે મારા
મિત્રોને બોલાવી આ વાત કરી પણ
મારા મિત્રો ય મારા જેવા જ હતા. એમણે કહ્યું:
એ રાણાસાહેબ છે, એ જે બોલ્યો છે એ કરશે જ,
માટે તેને પરીક્ષામાં બેસવા દેજો !*

૧૧ ઓગસ્ટ ૧૯૭૯.

આ ઐતિહાસિક તારીખ છે. એ દિવસે મચ્છુ હોનારત થઈ હતી અને એ દિવસ મારી કરિયાણાની દુકાનનો છેલ્લો દિવસ હતો. હા, માણાવદરમાં મેં અગિયારેક મહિના સુધી કરિયાણાની દુકાન પણ ચલાવી હતી : આર. આર. બ્રધર્સના નામથી.

૧૯૭૮ માં માણાવદરમાં ગાંધી ચોક તરફથી નીચે ઊતરતાં બેંક ઓફ બરોડાની સામે આવેલી સ્ટેટ બેંકમાં નોકરી કરતા શ્રી વાલજીભાઈ ભૂતની દુકાનમાં કરિયાણાની દુકાન ચાલુ કરી હતી, જેમાં વાલજીભાઈનો ભાઈ રતિલાલ અને હું ભાગીદાર હતા. બી.એસ.સી.ના બીજા વર્ષમાં મારો ત્યારે અભ્યાસ ચાલુ હતો તેથી સવારના ભાગે રતિલાલ તથા મારા પિતાશ્રી દુકાને બેસતા. બપોર પછી કોલેજથી આવીને હું દુકાને બેસતો. આમ ૧૦ કે ૧૧ મહિના દુકાન ચલાવી અને મચ્છુ ડેમ તૂટયો એ દિવસે સિત્તેર રૂપિયાની નુકશાની સાથે દુકાન બંધ કરી. તે સમયમાં સિત્તેર રૂપિયા બહુ મોટી રકમ ગણાતી.

B.Sc.ના બીજા વર્ષના અભ્યાસ દરમિયાન બહાઉદ્દીન કોલેજના લેબોરેટરીના ડેમોન્સ્ટ્રેટર સાહેબે મને બોલાવીને કહ્યું કે તમારી હાજરી પૂરતી નથી એટલે તમને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવાશે નહીં. મારી મૂંઝવણ વધી ગઈ. ડર એ હતો કે, ઘરે ખબર પડશે કે રોજ જૂનાગઢ અપડાઉન કરે છે પણ કોલેજ નથી જતો તો બા અને બન્ને મોટાભાઈનો ગુસ્સો વેઠવો પડે અને આમે ય બંનેની ખૂબ ઈચ્છા હતી કે હું ભણીગણીને મોટો ડોકટર બનું !

બા અને ભાઈઓની ડોકટર બનાવવાની એ ઈચ્છા તો અપૂર્ણ રહી પણ હવે કોલેજમાં પણ ગેરહાજરીની ખબર પડે તો મારું આવી બને. આવું ન થાય એ માટે મેં મરણિયો પ્રયાસ કર્યો. મારા સાહેબને મળીને પૂછયું કે – હાજરી પૂર્તતા કરવા માટે મારે શું કરવું એ કહો, હું કરી દઈશ... સાહેબે પ્રયોગાત્મક જર્નલ લખવાની ફરજ પાડી એટલે મેં બીજા એક વિદ્યાર્થીનું જર્નલ મેળવ્યું અને એની કોપી કરવાનું નક્કી કર્યું પણ 'લેવાના દેવા પડી ગયા' જેવું મારી સાથે થયું. એ જર્નલ લઈને હું માણાવદર જવા બસમાં બેઠો અને તેને બસમાં જ ભૂલી ગયો. બીજા દિવસે બીજા વિદ્યાર્થીનું જર્નલ કોપી કરવા લીધું અને બે જર્નલ લખ્યાં. એક ખોઈ નાખેલા વિદ્યાર્થી માટે અને બીજું સાહેબને આપવા માટે !

જોકે જર્નલ લખીને સાહેબને આપ્યું તો તેમણે એક જ વાત કરી કે – જર્નલ લખો એટલે હાજરી ન થઈ જાય

અને પરીક્ષામાં ન બેસવા મળે... મને બહુ ગુસ્સો આવ્યો ને સાહેબને બેધડક કહી દીધું કે, સાંજે ઘરે જવા નીકળશો ત્યારે કોલેજના દરવાજે ઊભો રહીશ અને એકાદ લાફો લગાવી દઈશ... એ સાહેબે મારા મિત્રોને બોલાવી આ વાત કરી પણ મારા મિત્રો ય મારા જેવા જ હતા. એમણે કહ્યું : એ રાણાસાહેબ છે, એ જે બોલ્યો એ કરશે જ, માટે તેને પરીક્ષામાં બેસવા દેજો !

સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષાનું માણાવદર કેન્દ્ર હોય ત્યારે સુપરવિઝનમાં અચૂક રહેવાનું જ આવી મારી પરંપરાના લીધે ૧૯૭૯, ૧૯૮૦ અને ૧૯૮૧ એમ ૩ વર્ષ સુધી ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં નિ:સ્વાર્થ સેવાઓ આપી. એમાં ઘણા લોકો સાથે માથાકૂટ પણ થઈ અને ઘણાને ગેરકાયદેસર રીતે ઉપયોગી પણ થયાં. માણાવદર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા બજાવતા શ્રી રામ ઝાપડા સાથે માથાકૂટ થઈ, એમના માનીતા વિદ્યાર્થીને પરીક્ષામાં ગેરરીતિ કરવામાં અડચણ ઊભી કરવા બદલ. એ જ દરમિયાન ૧૯૭૯-૮૦માં સેકન્ડ ઈયરની વાર્ષિક પરીક્ષા હું આપી રહ્યો હતો. પ્રથમ દિવસે શ્રી રામ ઝાપડા બહાઉદ્દીન કોલેજના વિજ્ઞાન વિભાગના જનરલ સેક્રેટરીશ્રી વિરમને સાથે લઈને મારા પરીક્ષાખંડમાં આવ્યા. મારા તરફ ઈશારો કરીને વિરમભાઈને કહ્યું કે એ વિદ્યાર્થીને ચોરી કરવા દેવી નહીં. આટલું કહી શ્રી ઝાપડાએ વિદાય લીધી. તેમના ગયા પછી મેં શ્રી વિરમભાઈને પૂછ્યું   : શું કહેતા હતા ? વિરમભાઈએ વિગતે વાત કરી. પરંતુ શ્રી ઝાપડાસાહેબને ખબર નહોતી કે મારા પેપરમાં જવાબ લખાશે તો વિરમભાઈનું પેપર ભરાશે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે એ પરીક્ષાખંડમાં ૪૫ વિદ્યાર્થી હતા અને બુકમાંથી પ્રશ્નના જવાબ શોધવાનું મને સૌથી વધુ આવડતું હતું અને હું જવાબ લખી લઉં પછી જ બાકીના ૪૪ લોકો લખી શકતા.



બુકમાંથી પ્રશ્નના જવાબ શોધવાનું મને સૌથી વધુ આવડતું હતું અને હું જવાબ લખી લઉં પછી બાકીના ૪૪ લોકો લખી શકતા.

બહાઉદ્દીન કોલેજમાં ભણતો ત્યારે શ્રી અતુલ રાવલ, શ્રી બિપિન રૂપારેલિયા, શ્રી અશોક ટોળિયા, શ્રી બિપિન ચુડાસમા, શ્રી અશોક રામોલિયા, શ્રી પાનસુરિયા, શ્રી મહેન્દ્ર મર્થક, શ્રી કિરીટ રાવલ વગેરે મિત્રોનું ગ્રૂપ હતું અને બધા જ અભ્યાસમાં એકબીજાથી ચડે એવા ઉપરોક્ત બધા લગભગ સરકારી નોકરીમાં લાગી ગયેલા. બધા સાથે આજે પણ જીવંત સંપર્ક છે.

કોલેજકાળ દરમ્યાન શ્રી ગોરધનભાઈ છનિયારાના સુપુત્ર સંદીપ છનિયારા સાથે નાની અમથી વાતમાં બોલાચાલી થઈને છરી મારી દેવા સુધી વાત પહોંચી ગઈ. એ પછી સંદીપભાઈ પોતાના સાગરીતોને લઈને ઝઘડો કરવા બહાઉદ્દીનની સામે આવેલી હોટલ નીલકંઠમાં આવીને મને કોલેજમાંથી બોલાવ્યો ત્યારે હું ગયો અને કોઈ અકળ કારણથી કશી જ વાતચીત વિના બધા છુટ્ટા પડી ગયા.

કોલેજનાં ત્રણ વર્ષ સતત ગેરહાજરી અને તોફાનો સાથે પૂર્ણ થયાં. આ દરમિયાન જૂનાગઢના જયશ્રી ટોકિઝમાં મેટિની શોમાં 'પ્રેમગીત' હિન્દી મૂવી આવેલું, જેમાં રાજ બબ્બર અને અનિતા રાજ મુખ્ય કલાકારો સાથે શશી ભૂષણે લખેલી વાર્તા ઉપર આ ફિલ્મ બનેલી. મને યાદ છે કે સતત ૩૫ દિવસ સુધી મેં આ મૂવી જોયેલું !

જૂન ૧૯૮૧માં બી.એસ.સી.નું પરિણામ આવ્યું એ પહેલાં Regional Recruitment Board કે જે સ્ટેટ બેંક ગ્રૂપની આઠ બેંકો માટેની ભરતી અંગેનું કામકાજ કરતી હતી. મેં પણ બેંકમાં નોકરી માટે લેખિત પરીક્ષા આપી અને એમાં વિના વિઘ્ને પાસ થયો. એ પછી મૌખિક પરીક્ષા માટે મને રાજકોટ બોલાવવામાં આવેલો.

મૌખિક પરીક્ષા આપવા માટે પ્રથમ વખત રાજકોટ હું આવેલો. રાજકોટમાં બસ સ્ટેશન રોડ પર આવેલા મેસોનિક હોલમાં મૌખિક પરીક્ષાનું સ્થળ હતું. હું પરીક્ષાના સ્થળે પહોંચ્યો ત્યારે ચકાસણી અધિકારીએ ગ્રેજ્યુએટ થયાની માર્કશીટની માંગણી કરી પરંતુ ગ્રેજ્યુએટ થયાનું પરિણામ હજુ આવ્યું નહોતું અને આ બાબત મેં મારા ફોર્મમાં દર્શાવેલી હતી. એ બાબતની જાણ હોવા પછી જ મને મૌખિક પરીક્ષામાં બોલાવાયો હતો છતાં પણ ચકાસણી અધિકારીએ મારો મૌખિક ઈન્ટરવ્યૂ લેવાની ના કહી. મેં એમની પાસેથી માણાવદરથી રાજકોટ આવવા જવાનું ભાડું માગ્યું. તેમણે ભાડું આપવાનો ઈન્કાર કરતાં હું 'ફૂલછાબ' પ્રેસમાં પાર્ટટાઈમ પત્રકાર તરીકે નોકરી કરતા અને મોટાભાઈની સાથે બેંકમાં કાર્યરત એવા શ્રી સૂર્યકાન્ત મહેતાને મળ્યો. તેમને આખી હકીકત જણાવી એટલે તેમણે મારી વ્યથાને ફૂલછાબમાં છાપી, આ વિવાદથી લેવાયેલા તમામ ઈન્ટરવ્યૂ કેન્સલ થયા અને બધા જ વિદ્યાર્થીઓને એકાદ મહિના પછી ફરીથી બોલાવવામાં આવ્યા. મને પણ ફરી ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યો. મૌખિક પરીક્ષાખંડમાં બોલાવી સાહેબોએ મારું નામ પૂછ્યું ત્યારે મેં સામેથી કહ્યું કે, મારા કારણે જ આ ઈન્ટરવ્યૂ ફરીથી લેવામાં આવી રહ્યાં છે એટલે મારું નામ તમને ખબર જ હશે ! આટલું બોલતાં જ મારો ઈન્ટરવ્યૂ પૂરો કરી નાખવામાં આવ્યો અને મારી પસંદગી ના થઈ. આમ પણ, મારી નોકરી કરવાની બિલકુલ ઈચ્છા નહોતી એટલે જ (કદાચ, મારાથી) આવું વર્તન થયું હશે.

ડૉ. પારેખે મારા ઘરે ફોન કરીને મને પૂછ્યું કે, ભાઈ, તને શો વાંધો છે નોકરી સ્વીકારવામાં ?

ગ્રેજ્યુએટ થવાનું પરિણામ આવ્યું એના બીજા જ દિવસે, ઉપલેટામાં એ સમયમાં ચાલતી સ્પાન લેબોરેટરીના ડાયરેકટર સીધા જ નિમણૂકપત્ર લઈને મારા ઘરે આવેલા. સ્પાન લેબોરેટરી દવાઓ બનાવતી કંપની હતી તેથી મેડિકલ રીપ્રેઝન્ટેટીવ તરીકેની મારી નિમણૂક કરવા માટે બહાઉદ્દીન કોલેજમાંથી મારું સરનામું મેળવીને ઘરે આવેલા. એ સમયે કંપનીએ મને રૂપિયા ૧૧૦૦ માસિક પગાર અને પ્રવાસ ભથ્થાં સાથે રૂપિયા ૨૮૦૦ની ઓફર આપેલી પરંતુ મારા નોકરી ન કરવાના નિર્ણયના કારણે એ ઓફર મેં સ્વીકારેલી નહોતી.

મેં ના પાડી દીધી એટલે એ બન્ને ડાયરેકટરો માણાવદરમાં ડૉ. એ. બી. પારેખને મળવા ગયા અને તેમને વાત કરી કે આ છોકરાને નોકરી માટે નિમણૂકપત્ર આપવા આવેલો પણ તેને સ્વીકાર્યો નહીં. ડૉ. એ. બી. પારેખ અમારા ફેમિલી ડૉકટર હતા એટલે અમારા પરિવાર સાથે તેમને ખૂબ સારો ઘરોબો હતો તેથી તરત ડૉ. પારેખે મારા ઘરે ફોન કરીને મને પૂછ્યું કે, ભાઈ તને શો વાંધો છે નોકરી સ્વીકારવામાં ? એ વખતે મેં એમને જવાબ આપેલો કે મારે નોકરી નથી કરવી.

મારો જવાબ સાંભળીને ફેમિલી ડોકટર હોવાના નાતે તેમણે ગુસ્સો કર્યો : નોકરી નહીં કરે તો શું કરીશ ?

મેં એમને કહ્યું કે, હું કેળાંની લારી ચલાવીશ પણ નોકરી નહીં કરી શકું.

હકીકત એ હતી કે નોકરી ન કરવાના મારા નિર્ણય પર ઘરમાંથી કોઈએ દબાણ નહોતું કર્યું પણ ડૉ. પારેખસાહેબે ગુસ્સો કર્યો હતો પરંતુ મેં તેને ધ્યાને લીધો નહીં.

મોટાભાઈ એસ.બી.એસ.ના એમ્પ્લોઈ યુનિયનના હોદ્દેદાર હતા તેથી ૫૮ દિવસ બેંકમાં નોકરીએ રાખી શકતા હતા એટલે મને પણ ગ્રેજ્યુએટના બીજા વર્ષની પરીક્ષા પૂર્ણ થયા પછી બાંટવામાં ૫૮ દિવસ હંગામી કર્મચારી

તરીકે બેંકમાં નોકરી મળી હતી. મેં જિંદગીમાં માત્ર એ ૫૮ દિવસ નોકરી કરી પણ ઉપલા અધિકારીઓ મારાથી કંટાળી ગયેલા. એ વખતે શ્રી ચીમનાણીસાહેબ મેનેજર હતા અને એ. બી. દેસાઈ ઓફિસર હતા. હું હાજર થયો ત્યારે મને કરન્ટ એકાઉન્ટના ખાતાંમા બેસાડવામાં આવેલો પણ મેં એક વીકમાં એટલી બધી ભૂલો કરી કે સાહેબે તરત મને બીજા વિભાગમાં બેસાડી દીધો. કરન્ટ એકાઉન્ટના લેજરમાંથી દરેક ખાતાંની બેલેન્સ લખીને પછી તેનો સરવાળો કરીને ડે બુક સાથે મેળવવાની પ્રક્રિયા દર શુક્રવારે થતી. એ મેં કરી પણ સરવાળો કોઈ હિસાબે મળ્યો નહીં એટલે દેસાઈસાહેબે ફરીથી બધી પ્રક્રિયા કરી અને સરવાળો મેળવ્યો હતો. દેસાઈસાહેબ બપોર ઘરે જમવા જતા ત્યારે બેંકના સ્ટાફ માટે ઘરેથી જ્યૂસ લઈ આવતા અને બધાને પિવડાવતા.

> તમારે એજન્સીની જરૂર નથી, તમે બીજા જરૂરીયાતવાળાને લેવા દો ! મેં કહ્યું : સારું, સાહેબ.

આમ તો બેન્કમાં નોકરીના સમય દરમિયાન ઘેર જવાની મનાઈ હોય છે પરંતુ બાંટવા નાનું ગામ હોય અને સાહેબનું ઘર નજીક જ હોવાથી તેઓ ઘેર જમવા જતા. કોઈ અન્ય કર્મચારી એમનો ધોખો ન કરે એટલે બધાને જ્યૂસ પિવડાવતા.

□ □ □

જિદ્દી કે હઠીલા માણસને જિંદગી અવનવા રંગ દેખાડતી હોય છે અને એ મારી સાથે પણ બની રહ્યું હતું. ઘરનો ધંધો કરવા માટે કિરાણાની દુકાન કરી તો એ દશ મહિનામાં બંધ કરવી પડેલી અને રૂપિયા સિત્તેરની નુકશાની કરેલી. એ જમાનામાં સિત્તેર રૂપિયા એટલે બહુ મોટી રકમ ગણાતી !

એ પછી ૧૯૮૦ માં રાંધણગેસના બાટલા વહેંચવાની એજન્સી માટે પણ મેં પ્રયત્ન કરેલો. એ માટેનો ઈન્ટરવ્યૂ રાજકોટ મુકામે હતો. ઈન્ટરવ્યૂની તારીખ હતી એ દિવસે મને સખત તાવ આવતો હતો છતાં પણ ઈન્ટરવ્યૂ આપવા રાજકોટ ગયેલો. મારો ઈન્ટરવ્યૂ લેનારા હાઈકોર્ટના રિટાયર્ડ જજ હતા. એમણે મને જે પૂછ્યું તેના પણ મેં સત્ય જવાબો આપ્યા. ઈન્ટરવ્યૂ લીધા પછી તેમણે કહ્યું : તમારે એજન્સીની જરૂર નથી, તમે બીજા જરૂરિયાતવાળાને લેવા દો ! મેં કહ્યું : સારું, સાહેબ.

... અને એ એજન્સી માણાવદરના શ્રી લલિતભાઈ ઘોડસરાને મળી હતી, જેઓ અમારા કરતા વધુ શાહુકાર હતા. આ એ સમય હતો જેમાં, તમે બોલો એના ઉપર જ ઈન્ટરવ્યૂ લેનાર આધાર રાખતા હતા. કોઈ ડિજિટલ વ્યવસ્થા નહોતી. મને લાગે છે કે, લલિતભાઈ ઘોડાસરાએ પોતાની ગરીબી સારી રીતે વર્ણવી હશે એટલે એમને એજન્સી મળી ગઈ. હું જો કે નાસીપાસ થયો નહોતો અને થતો પણ નહોતો. દર વખતે હું માની લેતો કે : ઈશ્વરે મારા માટે કંઈક સારું વિચાર્યું હશે !

બન્ને મોટાભાઈઓને ફરી ઈચ્છા થઈ કે રાજુને પણ નોકરીમાં લગાડી દઈએ એટલે GPSCની પરીક્ષા આપવા માટેનું ફોર્મ ભરવા તૈયારી કરી. બંનેને ખબર હતી કે રાજુ GPSC પાસ કરી શકશે નહીં એટલે ત્રણે ભાઈઓના GPSCની પરીક્ષાના ફોર્મ ભર્યા કારણકે અટક ઉપરથી સીટ નંબર આપવામાં આવતા અને ત્રણે ભાઈઓના આજુબાજુમાં નંબર આવે. બન્ને ભાઈઓએ એવું નકકી કરેલું કે તેઓ પોતાના જવાબવહીમાં મારો સીટ નંબર લખશે કે જેથી પરિણામ આવે ત્યારે હું પાસ થઈ જાઉ... આવી રીતે બધું ગોઠવાઈ ગયેલું અને સાથોસાથ રાજુ પ્લાસ્ટીક નામના નાનકડા પ્લાસ્ટીક પ્રોસેસીંગ યુનિટ ચાલુ કરવાની પણ તૈયારી ચાલુ હતી.

સરકારશ્રી પાસેથી ભાડાપટ્ટે ૧૧૦૦ વાર જગ્યા લઈને બાંધકામ ચાલુ કરવામાં કરી દેવામાં આવ્યું હતું. (જૂનાગઢ, કલેકટર પાસેથી આ જમીનની માંગણી કરવામાં આવેલી અને લગભગ ૨૫ દિવસ સુધી રોજ સવારે જૂનાગઢ કલેકટર કચેરી જઈને હું બેસતો અને સાંજે ખાલી હાથે પરત આવતો. રોજેરોજ નાયબ મામલતદાર અલગ અલગ

બહાનાંઓ ધરતાં. થાકીહારીને મેં સાહેબને 'વહીવટ' કરવાનો હોય તો એ પણ વાત કરી પરંતુ કામ થતું નહોતું. મારી ધીરજનો અંત આવી રહ્યો હતો. આખરે એક દિવસ સાહેબને ચા પીવાના બહાને નીચે આવવા કહ્યું. સાહેબ સાથે આવ્યા એટલે જૂનાગઢ, કલેકટર ઓફિસની સીડી ઉપર સાહેબને એક લાફો મેં ઝીંકી દીધો અને તાકીદ પણ કરી કે, જલદી ફાઈલનું કામ પૂર્ણ કરો. સાહેબ એક હરફ ઉચ્ચાર્યા વગર તરત પોતાના ટેબલે જતા રહ્યા અને હું માણાવદર આવી ગયો. એ દરમિયાનમાં મોટાભાઈને તેમણે ફોન કરી કહી દીધું કે, તમારા નાના ભાઈને મોકલતા નહીં. તમારું કામ થઈ જશે અને સાચે જ ... બીજા દિવસે ઓર્ડર આવી ગયો !)

યોગાનુયોગે GPSCની પરીક્ષા ગોઠવાયેલી હતી, એ જ તારીખે રાજુ પ્લાસ્ટીક માટે ખરીદવામાં આવેલાં મશીન માણાવદર આવવાનાં હોવાથી ત્રણમાંથી એકેય ભાઈ GPSCની પરીક્ષા આપવા ગયા નહીં. જો પરીક્ષા આપવા ગયા હોત તો લેખિત પરીક્ષામાં હું પાસ થઈ ગયો હોત અને મૌખિક પરીક્ષામાં ફેઈલ થાત કેમ કે, ઈશ્વરે કંઈક અલગ વિચાર્યું હતું.

જો મને નોકરી મળી ગઈ હોત તો વર્ગ –૨ ની નોકરી કરી શકત નહીં કારણકે ભ્રષ્ટાચાર ના કરીએ કે ના કરવા દઈએ તો કોઈ ટકવા દે નહીં અને અમારા પરિવારમાં ભ્રષ્ટાચાર કરી શકે એવું કોઈ નથી. કિશોરભાઈને પોલીસ સબ–ઈન્સ્પેકટરનો ઓર્ડર આવ્યો. ઓર્ડર બાપુજીને બતાવ્યો તો બાપુજીએ ઓર્ડર ફાડી નાખ્યો અને ભાઈને કહ્યું : પોલીસની નોકરી આપણે નથી કરવી.

રાજુ પ્લાસ્ટીકની શરૂઆત થઈ અને મશીનો ઈન્સ્ટોલ થયાં બાદ મશીન વિક્રેતાના ઈજનેરો મશીન ચાલુ કરવા આવ્યા. એમનાથી મશીન ચાલુ ના થયું એટલે એક પછી એક એમ પાંચ ઈજનેરો આવીને ગયા. માણાવદરમાં હોટેલ નહીં હોવાથી ઈજનેરોએ ઘરે જ જમવાનું રાખવું પડતું ત્યારે મારા પિતાશ્રીએ એક ઈજનેરને પૂછયું કે મશીન કેમ ચાલતું નથી ? એ ઈજનેર જવાબ ના આપી શકયો. એ પછી લાગલગાટ ૧૯ દિવસ સુધી રાત–દિવસ ફેકટરીમાં જ રહીને મેં જાતે મશીન ચાલુ કરેલું અને પ્લાસ્ટીકનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું ત્યારે એ મશીન કલાકના આઠ કિલોનું ઉત્પાદન આપતું હતું !

પ્રથમ દિવસથી જ મને એ સમજ હતી કે હું માર્કેટિંગનો માણસ નથી. તેથી ઉત્પાદન(પ્રોડકશન)માં જ ધ્યાન કેન્દ્રિત કરેલું અને ઉત્પાદનની પ્રવૃત્તિ જ કરેલી. મારા ભાગીદાર અને મારા મામા શ્રી




રાજુ પ્લાસ્ટિકનું ઉદ્‌ઘાટન


રાજુ પ્લાસ્ટિકના ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત પરિવાર


રાજુ પરિવારની મહિલા સદસ્યો

શશીકાંતભાઇ વેચાણનું કામ કરતા. આ ફેકટરી માટે મારા મોટાભાઈએ નવ વ્યકિત પાસેથી પાંચ પાંચ હજાર રૂપિયા ઉછીના લીધા હતા. અમારા મામા શ્રી શશીભાઈ, કલ્યાણજીભાઈ ટીલવા અને રાજુભાઈ વાજા ભાગીદાર હતા. કલ્યાણજીભાઈ ટીલવાની એસ.એસ.સીની પરીક્ષા તેમજ ટેલીફોન ઓપરેટર તરીકેની લેખિત અને મૌખિક પરીક્ષા શ્રી ચંદ્રકાંતભાઈએ આપી હતી. રાજુભાઈ વાજા, ચંદ્રકાંતભાઈના મિત્ર હતા અને બેન્કમાં સાથે કામ કરતા હતા. તેથી રાજુભાઈ વહેલી સવારે છ વાગ્યે ફેકટરી પર આવતા અને ફેકટરી ફરતું ચક્કર લગાવીને મેં પીધેલી બીડીઓના 'ઠૂંઠિયાં' ગણીને મોટાભાઈ પાસે તેની ચાડી ખાતાં કે, આજે પચ્ચીસ બીડી પીધી છે...

રાજુ પ્લાસ્ટીક શરૂ કર્યા પછી મારા પિતાશ્રી પણ બેત્રણ મહિને એકાદ વખત કારખાને આવતાં અને મને બહાર મોકલીને બધા કર્મચારીઓની સાથે વાતો કરતાં અને પૂછી પણ લેતાં કે, તમને બધાને સમયસર પગાર આપે છેને? સાંજે નાસ્તો કરાવે છે ને?... કોઈ કર્મચારી ફરિયાદ કરે તો બેધડક મને ઠપકો પણ આપતા !

ફેકટરી શરૂ કર્યાના એકાદ વરસમાં મેં સુઝુકી મોટર સાયકલ ખરીદેલું. એ જોઈને માણાવદરના ઘણા લોકોને લાગ્યું હતું કે પ્લાસ્ટીકની ફેકટરીમાં આવક બહુ સારી થતી લાગે છે. આ પરિવાર પાસે સાયકલ પણ નહોતી ને સુઝુકીમાં ફરે છે... મને સુઝુકી ફાસ્ટ ચલાવવાની આદત હતી. જો કલ્યાણજીભાઈ મને રસ્તામાં જોઈ જાય તો તરત મારી બાને ફરિયાદ કરતા કે, રાજુને કહો કે, મોટરસાયકલ ધીમી ચલાવે ! મારાં બા મને રોજ ઠપકો આપતાં.

એ સમયે સૌરાષ્ટ્રમાં માત્ર એક પ્લાસ્ટીક પ્રોસેસીંગની ફેકટરી રાજકોટમાં હતી અને બીજી માણાવદરમાં અમે કરેલી. લગભગ દોઢેક મહિનો ફેકટરી ચાલી અને એક અકસ્માત સર્જાયો. મશીનના એકસ્ટ્રુડરનો સ્ક્રૂ તૂટી ગયો !

સામાન્ય રીતે એકસ્ટ્રુડર મશીનને તાપમાન આપ્યાં પછી પ્લાસ્ટીકના દાણાનો મેલ્ટ થાય એ પછી મશીન ચાલુ કરવાનું હોય છે પણ ત્યારે એવી ટેકનિક વિકસી નહોતી કે મશીનમાં યોગ્ય તાપમાન આવી ગયું છે, તેની ખબર પડી જાય. પરંતુ એ સમયે દેશી પદ્ધતિ હતી. પાણીનો છંટકાવ કરીને અંદાજ કાઢવામાં આવતો કે તાપમાન આવી ગયું છે પણ ... એ દિવસે સમયનો અંદાજ લગાવ્યો કે આટલા કલાકથી હીટ ચાલુ છે તો યોગ્ય તાપમાન આવી ગયું હશે પરંતુ તાપમાન આપતી એક સ્વીચ ખરાબ થઈ ગઈ હતી તેથી બધાંમાં તાપમાન આવ્યું નહોતું અને અમે મશીન ચાલુ કર્યાં તો સ્ક્રૂ તૂટી ગયો.

મશીન લીધું હતું એ કંપની(એ કંપની આજે 'રાજુ'ની હરીફ છે !)માં ફોન કર્યો તો ત્યાંથી જવાબ આવ્યો કે રૂપિયા ૧૫૦૦૦ મોકલો પછી દોઢ મહિને સ્ક્રૂ મળશે. અમારી પાસે ત્યારે પંદર રૂપિયા પણ નહોતા. હાલત કફોડી હતી. અમે બન્ને ભાઈઓ ઘરે જઈને રડતા હતા. આને નિયતિ જ કહેવી પડે કે બન્ને ભાઈઓ ઘરે જઈને રડે છે એવી ખબર રાજુ પ્લાસ્ટીકનું ઉદ્‌ઘાટન કરનારા વડીલશ્રી ટપુભાઈ ઝાલાવાડિયાને પડી. તરત તેઓ ઘરે આવ્યા અને કહ્યું કે, સ્ક્રૂ રિપેર કરાવી લ્યો, ખીમજીભાઈ પાસે !

ઓર્ડર બાપુજીને બતાવ્યો તો ઓર્ડર ફાડી નાખ્યો અને ભાઈને કહ્યું : પોલીસની નોકરી આપણે નથી કરવી.

મોટાભાઈએ એસ.બી.એસ.માંથી ખીમજીભાઈને લેથ મશીન લેવાની લોન અપાવી હતી તેથી તેઓ ઓળખતા હતા એટલે અમે ખીમજીભાઈના વર્કશોપ ઉપર ગયા અને ત્યાંથી રાજુ પ્લાસ્ટીક જઈને તૂટેલા સ્ક્રૂના ટુકડા લઈ આવીને રિપેર કરવાની કોશિશ કરી પરંતુ સ્ક્રૂ રિપેર થયો નહીં. જયારે રિપેર કરવાની કોશિશ કરતા હતા ત્યારે ખીમજીભાઈના પિતાજીએ કહ્યું હતું કે, ખીમા આમાં વેલ્ડીંગ ના થાય. આ કડક સ્ટીલ છે પણ ખીમજીભાઈ માન્યા નહીં અને વેલ્ડીંગ કર્યું તો બાજુમાંથી ફરી તૂટી ગયો તેથી હવે અમે નવો સ્ક્રૂ બનાવવાનું નક્કી કર્યું. એના માટે કડક સ્ટીલ કયાંથી લાવવું એ પણ સવાલ હતો પરંતુ ખીમજીભાઈના પિતાશ્રીએ કહ્યું : જૂની ફોર્ડ ગાડીની એકસેલ કડક સ્ટીલની હોય છે, એમાંથી બનાવો. એ જાણ્યાં પછી અમે ભંગારમાંથી

એકસેલ શોધી અને એમાંથી લેથ મશીન પર સ્ક્રૂ બનાવ્યો. સ્ક્રૂ બનતાં પચાસ કલાક લાગેલા પણ એ પચાસ કલાક અમે બન્ને ભાઈઓ ખીમજીભાઈના ડેલામાં જ હાજર રહેલા. સ્ક્રૂ બની ગયા બાદ મશીનમાં ફીટ કરી મશીન ચાલુ કરીને પછી અમે ઘરે ગયેલા. કોલ્સાઈટ કંપનીએ નવા સ્ક્રૂ માટે રૂપિયા ૧૫૦૦૦ માગ્યા હતા પણ અમે મટિરિયલ અને મજૂરી સાથે રૂપિયા ૨૫૦૦માં નવો સ્ક્રૂ તૈયાર કરી નાખ્યો હતો. આ ઘટનાએ મોટાભાઈના મગજમાં મશીનરીનો ધંધો સારો, એવાં બીજ રોપ્યાં. મોટાભાઈની વિચારશકિત બહુ તીવ્ર હતી.

રાજુ પ્લાસ્ટીક્સ સરસ ચાલવા લાગ્યું એટલે તેનો ૧૯૮૪ માં વિસ્તરણ કરવાનો વિચાર આવ્યો ત્યારે એક્સ્ટ્રુડર બનાવવાની કેપેસિટી નહોતી તેથી અમદાવાદમાંથી શ્રી ગાંડાલાલભાઈ પાસેથી મશીન લીધું હતું અને મશીનરીનો ધંધો સારો લાગ્યો હોવાના વિચારથી કટિંગ સિલીંગ મશીન બનાવવાનો નિર્ણય કર્યો હતો પણ એ વખતે નૂતન પ્લાસ્ટીકમાં કટિંગ સિલીંગ મશીન પીવીસીની બેગ બનાવવા માટે જરૂર હતી. એક એમના માટે અને એક રાજુ માટે એમ બે મશીનનો ઓર્ડર શ્રી દિલીપ એન્જીનીયર્સને આપ્યો. નૂતનનું મશીન આવ્યું અને એ બરોબર ચાલતું ન હોવાથી અમે રૂપિયા ૫,૦૦૦ની ડિપોઝીટ જતી કરીને અમારો ઓર્ડર કેન્સલ કર્યો અને કટિંગ સિલીંગ મશીન પોતાના વપરાશ માટે જાતે બનાવ્યું.

અમારી પાસે કુમેરિયા ઈન્ડસ્ટ્રીઝ, લુધીયાણાનું મશીન શરૂઆતથી હતું. અમે તેને રોજ ચાર કલાક રિપેર કરતા અને ૨૦ કલાક ચલાવતાં એટલે સૌ પ્રથમ અમે કટિંગ સિલીંગ મશીન બનાવ્યું. અમારું બનાવેલું મશીન ત્યારે ૫૯,૦૦૦ રૂપિયામાં તૈયાર થયું હતું અને બહુ સરસ ચાલતું હતું. એટલે એવાં મશીન બનાવવાનું ખીમજીભાઈના ડેલામાં ચાલુ કર્યું. બે-ત્રણ મશીન બનાવીને વેચ્યાં પણ ખરાં, બધાં જ મશીન સારાં ચાલતાં હતાં. એ જોઈને મશીન બનાવવામાં એકાગ્ર થવાનો વિચાર કરી રાજુ પ્લાસ્ટીક્સ એકમનું ૨૦ મે, ૧૯૮૬ના રોજ ડો. એલ.પી. સવસાણીના સુપુત્ર અનિલ સવસાણીને વેચાણ કરી દઈને અમે 'રાજુ એન્જીનીયર્સ' નામની મશીન બનાવવાની કંપની ખીમજીભાઈ સાથે ભાગીદારીમાં ચાલુ કરેલી. આ 'રાજુ એન્જીનીયર્સ'નો ભાગીદારી દસ્તાવેજ ચંદ્રકાંતભાઈએ અમારા 'વાત્સલ્ય' મકાનમાં બેસીને લખ્યો હતો !

> નવા સ્ક્રૂ માટે રૂપિયા ૧૫૦૦૦ માગ્યા હતા પણ અમે રૂપિયા ૨૫૦૦માં નવો સ્ક્રૂ તૈયાર કરી નાખ્યો હતો.

રાજુ પ્લાસ્ટીક્સનું વેચાણ કરતાં ૧,૩૫,૦૦૦ રૂપિયા આવેલા. તે રકમ અમારું રોકાણ અને ખીમજીભાઈનાં બે લેથ મશીન હતાં એ તેમનું રોકાણ હતું. બંને લેથ મશીનની લોન ભરવાની બાકી હતી એ રાજુ એન્જીનીયર્સમાંથી ભરી દેવામાં આવી. એ પછી મશીન વેચવાનું અને બનાવવાનું ચાલુ થયું. રાજુ પ્લાસ્ટીક્સમાં કોલ્સાઈટ ઈન્ડસ્ટ્રીઝનું મશીન સેલપ્લાસ્ટ કોર્પોરેશન નામની કંપની મારફતે લીધેલું હતું, એ કોલ્સાઈટ કંપની આજે કાબ્રા એકસટ્રુઝન લિમિટેડના નામે ઓળખાય છે અને અમારા હરીફ પણ છે.

૧૯૮૧ થી ૧૯૮૬ સુધી રાજુ પ્લાસ્ટીક્સ ચલાવ્યું તેમાં પ્રિન્ટેડ બેગની જરૂર ઊભી થવાથી અમે ટ્રેડલ પ્રિન્ટીંગ મશીન પણ વસાવ્યું હતું. જેને કમ્પોઝ કરવાનું અને પ્રિન્ટીંગ પ્રેસ ચલાવવાનું પણ જાતે કર્યું હતું. રાજુ પ્લાસ્ટીક્સમાં જેટલાં પણ નાનાં મોટાં મશીનો હતાં, તે બધાં જ હું જાતે સારી રીતે ચલાવતો હતો.

રાજુ એન્જીનીયર્સ ચાલુ કર્યું ત્યારે મશીનનાં પાર્ટ્સનાં ડ્રોઈંગ કરવા માટે માણાવદરમાં માણસો નહોતા મળતા તો એન્જીનીયરીંગ ડ્રોઈંગ કરતાં શીખ્યો અને મશીનનાં ડ્રોઈંગ બનાવવાનું પણ કામ કર્યું. બધાં જ તકનીકી કામ જાતે કરવાનો શોખ પણ હતો અને સમયની જરૂરિયાત પણ હતી. મશીનના વેચાણ પછી મશીન ઈન્સ્ટોલ કરવા જવાનું. મશીનમાં ફરિયાદ આવે તો સર્વિસીંગમાં જવાનું વગેરે તમામ કામ દોડી દોડીને કરવાનો આનંદ હતો. ૧ જાન્યુઆરી,


૧૯૮૭ ના રાજુ એન્જીનીયર્સ પ્રા. લિ. બનાવી અને માણાવદરમાં જ જમીન લઈને ફેકટરી બિલ્ડીંગ, સ્ટોર અને ડિઝાઈન વિભાગ એમ ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કર્યું. સૌ પ્રથમ એકસ્ટ્રુઝન લાઈન શ્રી રેમન્ડ પ્લાસ્ટીક્સ, જૂનાગઢ માટે બનાવેલી. એ પોલી પ્રોપીલીન પ્રોસેસ કરવા માટેનું મશીન હતું. અમે એ ૧,૫૦,૦૦૦ રૂપિયામાં વેચેલું અને પહેલું મશીન હોવાથી લગભગ ૨૦૧૫માં, અઠ્ઠાવીસ વરસ પછી (યાદગીરી તરીકે) ૧,૬૦,૦૦૦ રૂપિયામાં પરત ખરીદી લીધું હતું !

એ મશીન આજેપણ અમારી પ્રોસેસીંગ ફેકટરીમાં ચાલે છે !


એ દિવસોનો એક પ્રસંગ મને હજુ યાદ છે. પ્રથમ એકસ્ટ્રુઝન બનાવતી વખતે તેના જરૂરી પાર્ટ્સ અને મટિરિયલની ખરીદી કરવા હું મુંબઈ ગયેલો ત્યારે મુંબઈમાં બાવીસ દિવસ રોકાયો હતો. કમ્પ્રેસ્ડ એરને મશીન સુધી પહોંચાડવા માટે ફિલ્ટર, લુબ્રિકેટર અને રેગ્યુલેટરની જરૂર હતી. મુંબઈની શાવોનોર્ગન નામની કંપની એ બનાવતી અને તેના ડિલર થકી તેનું વેચાણ થતું હતું. એમના એક ડિલર એરોટ્રોલ કોર્પોરેશન નામની કંપની મુલુંડમાં હતી એટલે હું એમને મળવા ગયો. ત્યાંનું કામ મિ. ડોંગરે સંભાળતા હતા. મેં મારી જરૂરિયાત તેમને સમજાવી તો એ વસ્તુનો ભાવ તેમણે મને ૯૭૫ રૂપિયા કહ્યો. મને ભાવ વધુ લાગ્યો. મેં આશ્ચર્ય વ્યકત કર્યું કે આટલા બધા ભાવ કેવી રીતે હોય શકે ?

એ શ્રીમાન જાણે પોતાની બહાદૂરી પ્રદર્શિત કરતો હોય તેમ પોતાની બિલની ફાઈલ કાઢીને મને બતાવવા લાગ્યો. તેણે મને ભારતીય ડિફેન્સ વિભાગને આ જ યુનિટ સપ્લાય કર્યાં હોય તેના બિલ બતાવ્યાં. મારે જેની જરૂરિયાત હતી, એ જ સાઈઝ અને એ જ મોડેલ ભારતીય ડિફેન્સ વિભાગને તે ૯૯,૭૫૦ રૂપિયા માં સપ્લાય કરતા હતાં, જે મને રૂપિયા ૯૭૫માં ઓફર કરેલી !!!


આ ઘટના પરથી ખ્યાલ આવે કે, ડિફેન્સનો ભ્રષ્ટાચાર કેવો તોતિંગ હોતો હશે.



૧૯૮૪માં બનાવેલું પ્રથમ બેગ મેકિંગ મશીન



પોલીપ્રોપીલીન ટ્યુબ બનાવવા માટેનું ૧૯૮૮માં બનાવેલું પ્રથમ ડાઉનવર્ડ એક્સ્ટ્રુઝન લાઇન



બાપુજીએ કહ્યું કે,
દિવસમાં બે-ત્રણથી વધારે
બીડી ના પીવાય તો
મારાથી અનાયાસે બોલાઈ
ગયું : હું બે-ત્રણ જ પીઉં છું...

3

૧૯૭૯-૮૦ દરમ્યાન મારી બહેન જયુ સાથે અભ્યાસ કરતી એક છોકરી મારા પ્રેમમાં પડી હતી. એ પાગલની જેમ મારી પાછળ ફરતી. ૧૯૮૧માં ફેક્ટરી કરી ત્યારે એ લોહાણાની દીકરી એની સખી સાથે વાડીએ ભાત દેવાના બહાને મને ફેક્ટરી પર મળવા આવતી. આ સીલસીલો લગભગ ત્રણ ચાર મહિના ચાલ્યો હશે. એ પછી મેં તેને પ્રેમપત્ર લખ્યો એમાં લખ્યું કે મને બ્રેઈન ટ્યુમર છે !

વાત તો રાજુ કોટેક્ષ અને રાજુ પ્લાસ્ટીક્સની કરવી છે પણ વાતની માંડણી મારા બાળપણથી કરું છું... છ એક વર્ષનો થયો ત્યારથી લગભગ ન્યુ એસ.એસ.સી.માં આવ્યો ત્યાં સુધી ખૂબ ડરપોક હતો. અંધારામાં એકલો ફળિયામાં પણ જઈ શકતો નહીં. એ પછી કંઈક ગજબનું પરિવર્તન આવ્યું કે સાવ બીક જતી રહી અને એકદમ હિંમતવાન થઈ ગયો... આ કેવી રીતે થયું એ મને યાદ આવતું નથી. અમે મહાદેવિયા રોડ પર રહેતાં. એ મકાનની સામે ડૉ. પ્રફૂલભાઈ વૈદ્ય રહેતા અને તેઓ અમારા પરિવારના પારિવારિક ડોકટર પણ હતા. એમના ઘરે જઈને રમવું અને એમના માટે પાન સોડા લઈ આવવાનું કામ કરવું, આ રોજની વ્યવસ્થા હતી. નવ ધોરણ ભણ્યો ત્યાં સુધી ઘરનાં તમામ કામ કરવાનાં રહેતાં અને હું કરતો પણ ખરો. ફાનસનો ફોટો સાફ કરીને સાંજે ફાનસ પ્રગટાવવા, સ્કૂલથી આવીને ભેંસોનું ધણ નીકળે ત્યારે રસોડાના ચૂલામાં વાપરવા માટે છાણ એકઠું કરવું... આવાં બધાં જ કામ એકદમ ખુશી સાથે મેં કર્યાં છે.

હું માણાવદરમાં ભણ્યો એટલે સ્વાભાવિક છે કે ત્યાં સુધી મારા પાડોશીના દીકરા રમેશ એકલવા, રાજુ સેક્રેટરી, રાજુ ઝીંઝુવાડિયા અને રાજુ ગંડેચા મારા મિત્રો હતા. અમારા બધાની આર્થિક પરિસ્થિતિ લગભગ સરખી હતી. મારા મામાના મામા સંબલપુર ઓરિસ્સામાં પૂરણબીડીના નામે બીડીનું ઉત્પાદન કરતા હતા. મારા શશિકાન્ત મામા એમની સાથે કામ કરતા એટલે માણાવદરમાં બીડીનાં વેચાણ માટે તેઓ બે મોટાં બોકસ બીડીનાં સેમ્પલ લઈ આવ્યા. તેમણે મારા બાપુજીને બીડીનાં વેચાણ માટે સલાહ આપી પરંતુ બીડીના સેમ્પલનાં બોકસ એમ જ પડી રહ્યાં. આડઅસર એ થઈ કે મને અને રમેશને બીડી પીવાની લત લાગી ગઈ. અમે તો એ બોકસમાંથી બીડી કાઢી કાઢીને અમારા મકાનની અગાસી ઉપર જઈને ચોરીછૂપીથી બીડી પીવા લાગ્યા.

... અને થવા કાળ થયું.

અમારી સામે રહેતા શિક્ષક શ્રી ભગવાનજીભાઈ કોરડિયા અમને બીડી પીતાં જોઈ ગયા. તેમણે મારી બાને ફરિયાદ કરી કે તમારો દીકરો બીડી પીવે છે. જાણીને ગુસ્સામાં મારા બાએ મને બે ત્રણ લાફા ઝીંકી દીધા અને મારા બાપુજીને ફરિયાદ કરી દીધી. બાપુજીએ સાંજે પાસે બેસાડીને પૂછયું કે, તું બીડી પીવે છે ?

મેં કહ્યું કે,ના, કયારેય નહીં !

હું ખોટું બોલ્યો હતો પણ એ પામી ગયા હોય તેમ મારા બાપુજીએ કહ્યું કે, દિવસમાં બે-ત્રણથી વધારે ના પીવાય તો મારાથી અનાયાસે બોલાઈ ગયું : હું બે-ત્રણ જ પીઉં છું... એ પછી મારા બાપુજીએ સાધારણ ઠપકો આપી

સમજાવ્યો અને બીડી બંધ થઈ ગઈ. એ સાચું છે કે, બાળપણમાં મને અભ્યાસ કે વાંચનમાં સહેજ પણ રુચિ નહોતી. ધોરણ ૧૦ સુધી શેરીઓમાં કાચની ગોટી, ગીલી ડંડા, ક્રિકેટ વગેરે રમત સમય મળતો ત્યારે હું રમતો હતો. એ પછી ધોરણ ૧૧ અને ૧૨નો ગંભીરતાથી અભ્યાસ કર્યો. ગંભીરતાનો મતલબ એ કે એ મને ગંભીરતા લાગતી હતી પરંતુ ઘરના કોઈ સભ્યોને તેમાં ગંભીરતા દેખાતી નહોતી તો પણ ૧૧-૧૨ ધોરણમાં સેકન્ડ કલાસ સાથે પાસ થઈ ગયો. આજના દિવસે ભયંકર અફસોસ છે કે ધ્યાન આપીને ના ભણ્યો પણ હવે વીતેલો સમય પરત આવવાનો નથી. બેશક, એ વાતનું દુ:ખ આજે પણ અકબંધ છે. ઘણા વિષયો વાંચવાનું મન થાય છે. શરૂઆત કરું પણ એકાગ્રતાનો સંપૂર્ણ અભાવ રહેતો. જોકે ધંધાના કામ અને ધંધા માટેની મહેનત બાબતમાં એવું નહોતું.

૧૯૭૯-૮૦ દરમ્યાન મારી બહેન જયુ સાથે અભ્યાસ કરતી એક છોકરી મારા પ્રેમમાં પડી હતી. એ પાગલની જેમ મારી પાછળ ફરતી. ૧૯૮૧માં ફેકટરી કરી ત્યારે એ લોહાણાની દીકરી એની સખી સાથે વાડીએ ભાત દેવાના બહાને મને ફેકટરી પર મળવા આવતી. આ સીલસીલો લગભગ ત્રણ ચાર મહિના ચાલ્યો હશે. એ પછી મેં તેને પ્રેમપત્ર લખ્યો એમાં લખ્યું કે મને બ્રેઈન ટયુમર છે ! મારી આ માંદગી ગંભીર છે અને ચાર-છ મહિના જીવીશ.

એ છોકરીએ
મારા વિષે ફરિયાદ કરી
અને માસીનો છોકરો
છરી લઈને મને
મળવા આવ્યો કે...

... મારો એ પત્ર વાંચ્યા પછી મળવાનું કે વાત કરવાનું તેણે બંધ કરી દીધું. પ્રેમ કેટલો અને કેવો છે એ જાણવા માટે જ મેં ખોટી માંદગીની વાત લખી હતી. એ લોહાણાની છોકરીએ એના માસીના દીકરાને મારા વિષે ફરિયાદ કરી અને માસીનો છોકરો છરી લઈને મને મળવા આવ્યો કે, મારી બહેનને હેરાન કરે છે... અમારી વચ્ચે થોડી બોલાચાલી થઈ પણ ત્યાં એ વાતનો અંત આવ્યો.


□ □ □

મોટાભાઈને બેંકમાં નોકરી મળી એ પછી અમે માણાવદરના ભાડાંના એ ઘરના એક ભાગમાં માટીનું લીંપણ હતું અને બીજામાં સિમેન્ટનું. અમે માટીના લીંપણવાળા ભાગમાં સિમેન્ટનું ધાબું કરવાનું વિચાર્યું. એ સમયે અમારી બાજુમાં રહેતા કડિયા શ્રી ટીડાબાપાને સલાહ સુચન માટે બોલાવ્યા. તેમણે કહ્યું કે, પહેલાં ખોદવું પડશે, ખોદાઈ જાય પછી મેટલ અને ચૂના રેતીથી ભરીને સિમેન્ટ પાથરી દેવાનો રહે...

અમે કેટલું ખોદવું એ પૂછયું નહીં અને તેમણે અમને કહ્યું પણ નહીં. ત્રણે ભાઈઓએ રાતના સમયે ખોદવાનું ચાલુ રાખ્યું અને લગભગ આઠેક દિવસમાં છ ફૂટ ખોદીને માટી બહાર કાઢી નાખી. એ પછી પડોશમાં રહેતા અને કડિયા કામ કરતાં શ્રી ટીડાબાપાને જોવા બોલાવ્યા તો તેઓએ કહ્યું : આટલું બધું ખોદવાનું ન હોય, એકથી દોઢ ફૂટ ખોદવાની હોય !

અમે બધી માટી ફરી ભરી અને લગભગ આઠેક દિવસ ધુમ્મસ માર્યું. એ પછી ટીડાબાપાએ આવીને સિમેન્ટનો ધાબો કરી દીધો. એ ધાબાવાળા રૂમમાં રહેવાનો આનંદ અલગ હતો. વર્ષ ૧૯૮૯ માં અમે એસેન પોલીમર્સનાં નામે પ્રોસેસીંગ યુનિટ ચાલુ કર્યું, એ જ વરસમાં અમારા ભાગીદાર શ્રી ખીમજીભાઈનાં પત્નીને ફેલોપિયન ટયૂબમાં ગર્ભ રહી ગયેલો. લગભગ દોઢ મહિનાનો ગર્ભ થયા બાદ સખત દુ:ખાવો ઉપડતાં અમારા પારિવારિક ડોકટર શ્રી એ. બી. પારેખ સાહેબને તેમના ઘરે બોલાવ્યા. તપાસ કરતાં માલૂમ પડયું કે, આમને ફેલોપિયન ટયૂબમાં ગર્ભ રહી ગયો છે. તાત્કાલિક સર્જરી કરાવી પડે નહિતર માઠાં પરિણામો આવી શકે.

તરત હું, ખીમજીભાઈ, ભાભી અને ડૉ. પારેખ જૂનાગઢ જવા રવાના થયા. ડૉ. પારેખના કહેવા મુજબ ડૉ. દિલીપ મહેતા અને ડૉ. પટોળિયા સાથે બેસતાં, એમની પાસે ગયા. ડૉ. પારેખે દર્દીની તકલીફ ડૉ. મહેતાને જણાવી.





વર્ષ ૧૯૭૮ માં માણાવદરનું એક ઓરડાવાળું
દોશી પરિવારનું ખોરડું અને ખોરડાનું પ્રવેશદ્વાર (ડેલી)



ડૉ. મહેતાએ કહ્યું કે, ૧૦,૦૦૦ રૂપિયા થશે તેમજ લખી દેવું પડશે કે ઓપરેશન દરમ્યાન કંઈપણ થાય તો અમારી જવાબદારી છે. ડૉક્ટરના કહ્યા મુજબ બધું જ કર્યું. રૂપિયા ભરી દીધા. ડૉક્ટરે દુઃખાવો ઓછો કરવાનું ઈન્જેકશન આપ્યું પણ લગભગ એકાદ કલાક પછી કહ્યું કે, ઓપરેશન નહીં કરી શકું. તમે બીજા ડોક્ટર પાસે પેશન્ટને લઈ જાવ !

ડૉ. પારેખને ખ્યાલ હતો કે ઝનાના હોસ્પીટલમાં ડૉ. સુખાનંદી છે, જેઓ આ ઓપરેશન કરી શકે. એમનો સંપર્ક કર્યો અને ડૉ. પારેખની ઓળખાણના હિસાબે એમણે અમને તાત્કાલિક ઝનાના હોસ્પીટલ બોલાવ્યા. અમે તરત ત્યાં પહોંચ્યા અને ડૉ. સુખાનંદીએ સફળ ઓપરેશન કર્યું. એ પછી હું ફરીથી ડૉ. દિલીપ મહેતા પાસે ગયો. એમણે એક ઈન્જેકશન આપ્યું હતું, તેના પૈસા આપવા અને ડૉક્ટરને સબક શિખવવા.

ડોક્ટર પાસે પહોંચી પૂછયું : સાહેબ, કેટલા પૈસા આપવાના છે ? ડોક્ટરે ૨૫૦ રૂપિયા માંગ્યા. મેં પૈસા આપી પહોંચ માંગી તો તેમણે આપવાની ના પાડી એટલે ડૉક્ટરને બે લાફા માર્યા અને કહ્યું કે, આવું શું કામ કર્યું, તેનાં કારણો આપો. એ કંઈ બોલ્યા નહીં. અમે ત્યાંથી નીકળી ગયા. ડૉક્ટરને ડર હતો કે હજુ આ ભાઈ મારી વિરુદ્ધ કંઈક કરશે એટલે એમણે મારા મિત્ર ડૉ. રાજેશ દોશીને વાત કરી : તમે રાજુભાઈને સમજાવો. ડૉ. રાજુભાઈએ મને ફોન કરી કહ્યું કે, આગળ કંઈ કરતા નહીં. એટલે એ કિસ્સામાંથી હું નીકળી ગયો પણ પારિવારિક લેવલે એક અન્ય કોકડું ઉકેલવાનું આવ્યું. મારા બે મામા છે. શશિકાંતમામા મોટા અને કિરીટમામા નાના. શશિકાંતમામા મારી સાથે રાજુ પ્લાસ્ટીક્સમાં જોડાયેલા હતા. ૧૯૮૬ માં રાજુ પ્લાસ્ટીક્સના વેચાણ પછી તેઓ બાંટવામાં પોતાનું પ્લાસ્ટીકનું યુનિટ ચલાવતા હતા અને કિરીટમામા રાજકોટમાં કેવડાવાડી મેઈનરોડ પર ચા ની ભુક્કીની હોલસેલની દુકાન ચલાવતા હતા. બંને મામાનો બિઝનેસ ખૂબ સારો હતો. મોટામામા શાંત પ્રકૃતિના અને પોતાના કામથી કામ રાખતાં હતા પરંતુ કિરીટમામા ૧૯૮૫ થી ૧૯૮૯ સુધી ચા ના હોલસેલ ધંધાની સાથે બહુ બધી વીસી ચલાવતા હતા (વીસી એટલે વીસ સભ્યોની બનેલી સમિતિ જેમાં દરેક લોકો નિર્ધારિત રકમ કાઢે અને ૨૦ માંથી જેને જરૂરિયાત હોય તે વીસી ઉપાડે. જેનું ૧૮ થી ૩૦ ટકા સુધીનું વાર્ષિક વ્યાજ લાગતું હોય).

> મેં પૈસા આપી પહોંચ માંગી તો તેમણે આપવાની ના પાડી એટલે ડૉક્ટરને બે લાફા માર્યા અને કહ્યું કે, આવું શું કામ કર્યું...

આ વીસી રમાડવામાં અને રમવામાં કિરીટમામા ઉપર ખૂબ મોટું દેણું થઈ ગયું અને એમને રાજકોટમાં રહેવું મુશ્કેલ થઈ ગયું એટલે પરિવાર સાથે વસઈ જતાં રહ્યા. મોટામામાએ પણ મોટાભાઈ તરીકે વગર વાંકે એમની સાથે વસઈ જતાં રહ્યાં. રાજકોટના સોની, દૂધવાળા, ચોખાવાળા વગેરે માથાભારે લોકોના પૈસા ફસાયા હતા એટલે વસઈ જતી વખતે કોઈને બિલકુલ જાણ નહોતી કરી.

સોનીબજારવાળા વેપારીની દીકરી કાંદીવલીમાં એક માથાભારે મુસ્લિમ સાથે પરણી હતી. વસઈમાં તેની સાંઠગાંઠ હિતેન્દ્ર ઠાકુરના માણસો સાથે હતી, તેથી તે મુસ્લિમ શખ્સે હિતેન્દ્ર ઠાકુરને કહ્યું કે, આવું ફેમિલી રાજકોટથી ભાગીને આવ્યું છે. તેણે મારા સંબંધીના પૈસાની ઉચાપત કરી છે. આ જાણ્યાં પછી હિતેન્દ્ર ઠાકુરના માણસોએ મોટામામાને શોધીને એમની પાસેનું સોનું અને રોકડ ઝૂંટવી લીધેલા. આ આઘાત પછી કિરીટમામાએ ઝેરી દવા પી લીધેલી અને વસઈમાં રહી શકે તેમ ન હોવાથી સુરતની હોસ્પિટલમાં દાખલ થઈ ગયા પછી અમોને ફોન આવ્યો કે, આવું બધું થઈ ગયું છે...

તુરંત મારા મોટાભાઈ ગાડી લઈને ગયા અને પરિવારના નવ સભ્યોને માણાવદર લઈ આવ્યા. માણાવદર સ્થિર થયા બાદ મામાના રાજકોટના ઘરનો સામાન માણાવદર લઈ આવવાનો હતો. રાજકોટમાં ભાડાંના મકાનમાં રહેતા હતા તેનું ભાડું પણ ચૂકવવાનું બાકી હતું. હું મારા મિત્રો અને ફેકટરીમાં કામ કરતા ૧૫ થી ૧૭ જેટલા લોકોને લઈ

એક એમ્બેસેડર અને ટ્રક લઈને રાત્રે બાર વાગ્યે મકાનમાંથી સામાન કાઢવા પહોંચ્યા. જીવનું જોખમ હતું કેમ કે, લેણદારો માથાભારે હતા અને સતત વોચ રાખતા હતા.

જેવા ટ્રક લઈને પહોંચ્યા ત્યાં જ ઉપરના ભાગે રહેતાં મકાનમાલિક આવ્યાને બોલ્યાંઃ પહેલાં ભાડું ચૂકતે કરો... અમે ભાડાંની ચડત રકમ ચૂકવીને સામાન ભરવાનું ચાલુ કર્યું એ દરમિયાન મકાનમાલિકે એક લેણદારને ફોન કરી દીધો તો એ પણ માથાકૂટ કરવા આવી પહોંચ્યા. અમે માણાવદરથી નીકળ્યા ત્યારે એક વ્યક્તિને પોલીસના કપડાં પહેરાવી, એરગન આપીને ગાડીમાં સાથે લઈ આવેલા. એ ગાડીમાં જ બેઠેલાં હતા. પેલો લેણદાર આવ્યો ત્યારે એમને ફોસલાવતાં કહ્યું કે પોલીસ પણ સાથે છે માટે માથાકૂટ ના કરો ને સામાન ભરી લેવા દો. એને ગાડીમાંથી એરગનનું નાળચું જોયું અને વાત સાચી માનીને ઠંડો પડી ગયો. અમે લગભગ ૫૦ મિનિટમાં સામાન ભરીને માણાવદર રવાના થઈ ગયા. બધું પતી ગયા બાદ આશરે ૧૫ દિવસ પછી મુંબઈથી શેરખાન નામનો માણસ વંથલીથી ગોવિંદભાઈ ડાંગર અને ઈસ્માઈલભાઈ હોકલીથી પ્રખ્યાત માણસને લઈને માણાવદરની ફેકટરી પર આવ્યો.

ફેકટરી પર આવીને મને ઓફિસમાંથી બહાર બોલાવીને પોતાની બંદુક અને કાર્ટિસનો જથ્થો બતાવી ડરાવવાની કોશિશ કરતાં કહ્યું કે, કિરીટભાઈને હાજર કરો.

અમે થોડું મન કઠણ કરીને કહ્યું કે અમારા વિસ્તારમાં ધમકી આપો છો પણ પરિણામ સારું નહીં આવે. એણે કહ્યું કે વસઈમાં તમારા માસીના દીકરાની દુકાન છે ત્યાં અમારો માણસ બે દિવસથી ઊભો છે. મને અહીંયા કંઈપણ થાશે તો તમારા માસીનો દીકરો જોખમમાં છે. અમે માસીના દીકરાને ફોન કરી ખરાઈ કરી તો માલૂમ થયું કે એ જે કહે છે તે સાચું છે. એટલે અમે ઠંડા પડી ગયા અને એમને મનાવવાનું ચાલુ કર્યું. અમે તેને કહ્યું કે ભાઈ, અમે તને ૨૦,૦૦૦ રૂપિયા આપીએ. તું જતો રહે અને વસઈ જઈને કહેજે કે કિરીટભાઈ માણાવદરમાં નથી. એ માણસ માની ગયો. મેં એ લોકોને કહ્યું કે તમે વંથલી જતા રહો. હું રાત્રે કયાંકથી ૨૦,૦૦૦ રૂપિયાનો મેળ કરીને તમને આપી જઈશ.

રાત્રે હું ઈસ્માઈલભાઈ હોકલીના નિવાસસ્થાને ૨૦,૦૦૦ રૂપિયા આપી આવ્યો ત્યારે મારી હિંમતને દાદ દેતાં હોય તેમ તેમણે મારી એમ્બેસેડર ગાડીમાં કેળાં, નાળિયેર અને બીજાં ફળો ભરી દીધાં હતાં.

બે ત્રણ દિવસ ખૂબ ચિંતામાં ગયા. ખૂબ સ્ટ્રેસ લીધો પણ બધું થાળે પડી ગયું. આમને આમ ત્રણ ચાર મહિના વિત્યા પછી મામાને લઈને રાજકોટ બધા લેણદારોને મળવા ગયો. બધા સાથે બેસીને શાંતિથી વાતો કરી, માથાકુટ કરીને બધું પતાવ્યું. મામાએ ભકિતનગરનો જમીનનો પ્લોટ કોઈ મોહનભાઈને વહેંચેલો, જેની ૮૦,૦૦૦ રૂપિયા ડીપોઝીટ પેટે આવેલા. એ પ્લોટની કિંમત ૪,૫૦,૦૦૦ હતી. જો દસ્તાવેજ કરી આપીએ તો ૩,૭૦,૦૦૦ રૂપિયા આવે. એ રકમ બીજા લેણદારોને ચૂકવી શકાય તેથી મોહનભાઈને ગોંડલ રોડ ઉપરની ઓફિસે મળવા ગયા. વાત કરી કે, તમે દસ્તાવેજ કરી લો અથવા ડીપોઝીટ પરત લઈ લો.

એ માણસે અમને કહ્યું કે ફલાણા દરબાર હમણાં આવશે, એ પછી વાત કરીશું. ટૂંકમાં અમને દરબારનું નામ લઈ ડરાવતો હતો. અમોએ થોડીવાર રાહ જોઈને પછી કહ્યું કે ભાઈ, તમારા દરબાર ના આવે એમ હોય તો આપણે એમના ઘરે જઈએ... એટલે એ ભાઈ ઠંડો પડયો અને અમારી ડીલ સ્વીકારી લીધી. એ કામ પણ પૂર્ણ કર્યું... આ પુસ્તકમાં આ વાત લખવાનું કારણ એટલું જ છે કે જે મામા માટે જીવનું જોખમ ખેડીને બધી જ ખોટી કરતુતોમાંથી એમને બહાર કાઢયા. એ મામાને આજે અમારી સાથે કોઈ જ સંબંધ ના હોય એવી રીતે વર્તે છે. એનું બહુ દુઃખ થતાં આ વાત લખી રહ્યો છું.

□ □ □

પ્લાસ્ટીક મશીનરી બનાવવાનો ધંધો ખૂબ જ તનાવપૂર્ણ હોય છે કારણકે તેમાં લગભગ દર છ મહિને કંઈકને કંઈક નવાં પોલીમર આવે. બધાની પ્રોસેસીંગ તકનીકમાં વત્તાઓછાં પ્રમાણમાં ફરક હોય એટલે સતત ને સતત ગંભીરતાપૂર્વક વ્યસ્ત રહેવાનું થતું. મેં અને મારા મોટાભાઈએ ૧૯૮૧ થી ૨૦૦૬ સુધી એટલે કે સતત ૨૫ વર્ષ સુધી રોજ અઢાર કલાક કામ કર્યું છે. રોજે રોજ નવી ચેલેન્જ અને નવા પ્રશ્નો ઉકેલવામાં પૂર્ણ સભાનતા સાથે અમે કામ કર્યું છે.

અમારી આદત છે કે ગમે તેવી તકો સાંપડે,અમે એ ઝડપી લીધી છે. કયારેય એ તકને ન સ્વીકારી હોય એવું નથી બન્યું. “Never say no to an opportunity.” માણાવદરમાં પ્રોસેસીંગ યુનિટ શરૂ કર્યા પછી અમે એક નવી જ પ્રોડકટ ‘‘ફોમ પ્લાસ્ટીક’’ શીટ બનાવવાનું વિચાર્યું. એ માટે અમે છેક અમેરિકાથી એડીટીવ્સ મંગાવીને અમે ટ્રાયલો કરતા અને સપ્લાયરને ફિડબેક આપવા આંતરરાષ્ટ્રીય કોલ કરવા માટે સ્કૂટર લઈને જૂનાગઢ જતા. ફરી એમની સૂચના મુજબ ટ્રાયલ કરતાં. એ ટ્રાયલ કરીને ફરી ફીડબેકનો ફોન કરવા જૂનાગઢ જતા. આ રીતે મહિનાઓ હેરાન થઈને ફોમ ફિલ્મ બનાવી હતી. એ પ્રોડકટનાં મશીનો ભારતમાં ખૂબ વહેંચાયાં હતાં. ભારતમાં એ વખતે માત્ર રાજુ જ એવા મશીન બનાવતું હતું.

મેં અને મોટાભાઈએ ૧૯૮૧ થી ૨૦૦૬ સુધી એટલે કે સતત ૨૫ વર્ષ સુધી રોજ અઢાર કલાક કામ કર્યું છે.

૧૯૯૪ માં પહેલું થ્રી લેયર :- ૧૯૯૧ માં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય કક્ષાના મશીનરીના પ્રદર્શનમાં અમે ભાગ લીધો હતો. એક મોનો લેયર મશીન બનાવીને દિલ્હી-પ્રગતિ મેદાન ખાતે થતાં પ્લાસ્ટ ઈન્ડિયા નામના પ્રદર્શનમાં લઈને ગયા. આ પ્રકારના પ્રદર્શન વિષે અમારી પાસે કોઈ જ માહિતી નહોતી : કેવી રીતે પ્રદર્શન થતાં હોય છે કે તેમાં મશીન કેવી રીતે ગોઠવી શકાય વગેરે વગેરે... આ બાબતોથી અજાણ હોવા છતાં બે ટ્રકમાં મશીન લઈ ગયા. ત્યાં પહોચ્યા પછી ખબર પડી કે ટ્રકમાંથી મશીન ઉતારવા માટે ક્રેઈન મળે છે પણ અગાઉથી કહ્યું ના હોય તો સમયસર મશીન ઉતારવા માટે ક્રેઈન મળે નહીં એટલે અમે જાતે ટ્રકમાંથી મશીન ઉતાર્યું.

પ્રથમ મશીન પ્રદર્શિત કર્યું ત્યારે ત્યાંના બીજા લોકોના સ્ટોલ જોઈને પોતાની જાત પ્રત્યે નાનપ અનુભવી હતી પરંતુ ત્યારે કંઈ જ થઈ શકે એવું નહોતું. પ્રથમ વખત મશીન પ્રદર્શિત કર્યું અને એ ત્યાંના જ એક ગ્રાહક શ્રી રવિ મિત્તલ, અવન્તિકા પેકેજીંગએ ખરીદી લીધું તો થોડો આનંદ થયો પણ મનમાં નાનપ અનુભવી હતી, તે એમની એમ જ રહી. આવાં ઔદ્યોગિક પ્રદર્શનો દર ત્રણ વર્ષે થતાં હોય છે અને ૧૯૯૪માં ફરી આવું પ્રદર્શન થવાનું હતું.

૧૯૯૪ માં થનારા પ્લાસ્ટ ઈન્ડિયાના પ્રદર્શનને લગભગ ૫૦ દિવસની વાર હતી ત્યારે મારા મોટાભાઈ ધંધાના કામ અર્થે મુંબઈ ગયેલા. મુબઈમાં તેમને માહિતી મળી કે અમારા જેવાં મશીનો બનાવતા અમારા હરીફ, વિન્ડસર મશીન લીમીટેડ અને કાબ્રા ઈન્ડસ્ટ્રીઝ આ પ્રદર્શનમાં થ્રી લેયર મશીન પ્રદર્શિત કરવાના છે. મોટાભાઈએ મને મુંબઈથી ફોન કરીને કહ્યું કે બંને હરીફો થ્રી લેયર મશીન મૂકવાના છે. એ સંજોગોમાં આપણે મોનોલેયર મૂકીશું તો બજારમાં સારો સંકેત નહીં જાય, એટલે જરૂરી છે કે આપણે પણ થ્રી લેયર મશીન મૂકીએ. ફોનમાં જ મેં હા પાડી કે આપણે પણ થ્રી લેયર મૂકીશું, પણ મોટાભાઈનો સવાલ હતો કે હવે ૫૦ દિવસ બાકી છે. કેવી રીતે બધું ભેગું થાશે ? મોટાભાઈ બીજા દિવસે માણાવદર આવી ગયા અને ચર્ચાના અંતે નક્કી થયું કે થ્રી લેયર જ પ્રદર્શિત કરવું.

થ્રી લેયર બ્લોન ફિલ્મ લાઈન કેવું હોય, એના પુર્જાઓ કેવા હોય, એ બાબતની કોઈ જ જાણ નહોતી તો પણ બંને ભાઈઓએ ગાંઠ વાળી લીધી. અમે ફેકટરીમાં કામ કરતાં તમામ ૬૦ લોકોને બોલાવી વાત કરી કે આ કાર્ય આપણે ૪૦ દિવસમાં પૂરું કરવાનું છે. બધા જ કર્મચારીઓએ અમારી વાતને ખૂબ આનંદથી વધાવી લીધી અને ચાલીસ દિવસ સુધી સાઈઠ કર્મચારીઓએ રાત દિન તનતોડ મહેનત કરીને થ્રી લેયર મશીન બનાવી નાખ્યું. એક તરફ મશીનના


પાર્ટ્સના ડ્રોઈંગ બને તો બીજી બાજુ ઉત્પાદન થાય અને એસેમ્બલીનું કામ ચાલે.

થ્રી લેયર મશીન તૈયાર થઈ ગયું પરંતુ એની ટ્રાયલ થઈ શકે તેટલી ક્ષમતાનું ઈલેક્ટ્રીકલ કનેકશન નહોતું. તેથી એક એક એસેમ્બલીની ટ્રાયલ લઈને મશીન ટ્રકમાં ભરી દીધું અને દિલ્હી રવાના કરી આપ્યું. અગાઉના પ્રદર્શનનો અનુભવ હોવાથી સરસ મજાનો આકર્ષક સ્ટોલ બનાવી એમાં થ્રી લેયર મશીન ઊભું કરી દીધું. પ્રથમ વખત અમે એ મશીન પ્રદર્શનમાં ચાલુ કર્યું અને એ લોકો મોંમાં આંગળા નાખી ગયાં. માત્ર આઠ વર્ષની વય ધરાવતી કંપનીએ થ્રી લેયર બનાવી નાખ્યું હતું, એ પણ આધુનિક તકનિકી સાથેનું !

વિન્ડસર અને કાબ્રાની એ સમયે ઉંમર આશરે ૩૦ થી ૪૦ વર્ષ હતી. તેઓએ પણ થ્રી લેયર મૂક્યું હતું પરંતુ બન્નેના મશીનો રોટેટીંગ પ્લેટફોર્મ સાથેનાં હતાં. અમારું મશીન આધુનિક તકનિક સાથે રોટેટીંગ હોલ ઓફ યુનિટ સાથેનું હતું. ફિલ્મના રોલ વાઈન્ડર પર વિંટાઈ ત્યારે થિકનેશમાં વેરિએશન હોય તે રોલ પર ન દેખાય, તે માટે રોટેટીંગ પ્લેટફોર્મ કે હોલ ઓફ મૂકવા જરૂરી હોય. રોટેટીંગ હોલ ઓફ એ સમયે નવીનતમ તકનિક ગણાતી, જે ભારતમાં સૌ પ્રથમ 'રાજુ'એ બનાવ્યું હતું !

એક તરફ મશીનના પાર્ટ્સના ડ્રોઈંગ બને તો બીજી બાજુ ઉત્પાદન થાય અને એસેમ્બલીનું કામ ચાલે.

અમારા મશીનની આ વિશિષ્ટતા ખૂબ આગળ પડતી હતી. બંને હરીફોએ આવી કોઈ વિશિષ્ટતા પ્રદર્શિત કરેલી નહોતી. આ મશીન પણ પ્રદર્શનમાંથી વહેંચાઈ ગયું હતું અને પ્રદર્શનમાંથી સીધું જ મલ્ટી ફિલ્મસ, ચિપલુન, મહારાષ્ટ્ર માટે રવાના કરી દેવાયું હતું. અમે પ્રથમ વખત બનાવેલું થ્રી લેયર મશીન પ્રદર્શનમાં શ્રી સુધીર બાંદીવાડેકરએ જોયું. એમને રસ પડયો. તેઓ ત્યારે બારમેગ, જર્મની કંપનીનું ફાઈવ લેયર મશીન ચલાવતા હતા. ચર્ચાના અંતે રૂપિયા ૨૩.૫૦ લાખમાં સોદો થયો અને બધા ખુશખુશાલ થઈ ગયા હતા. આ મશીન ચિપલુન પહોંચ્યા પછી હું અને અમારા એક કર્મચારી શ્રી નટુભાઈ વ્યાસ અમે બંને મશીન ફીટીંગ કરવા ગયેલા ત્યાં લગભગ એકાદ મહિનો રોકાયા અને મશીન ચાલુ કરીને પરત આવ્યા.



૧૯૮૯ માં બનાવેલું પ્રથમ શીટ એક્સ્ટ્રુઝન લાઈન



૩૧-૧૦-૨૦૧૬ ના રોજ શ્રુતિનાં નિવાસ્થાને

મારા પરિવારની ત્રણે મહિલા સદસ્યો વચ્ચે પણ એટલી જ સુસંગતતા હતી કે અમે ત્રણેય ભાઈઓ...



૦૧-૦૩-૨૦૨૦ ના રોજ રીટાની વાડીમાં



૨૪-૧૨-૨૦૧૭ ના રોજ દોશી કુટુંબનાં કુળદેવીના મંદિરે, મેંગણી



૧૬-૦૪-૨૦૧૬ નાં રોજ કિશોરભાઈના જન્મ દિવસે



૦૫-૧૨-૨૦૨૧ નાં રોજ કરિશ્માની સગાઈ પ્રસંગે

કોઈપણ ગુના વિના મેં માફીપત્ર લખી આપ્યું, કેમ કે મારા કારણે આખું માણાવદર અંધારપટમાં ફેરવાયેલું હતું. શ્રી ભાદરકાને હોદ્દાનો પાવર બહુ હતો તેથી માફીપત્ર લખી આપ્યા પછી પણ તેમણે કોર્ટમાં કેસ દાખલ કર્યો અને સજાની માંગણી કરી. પ્રથમ સુનાવણીમાં જ કેસ નીકળી ગયો કારણ કે એક જ ગુનાની બે વખત સજા ના હોય. માફીપત્ર લખાવ્યું એ પણ એક સજા હતી તો બીજી વખત સજા ના હોય શકે, એ દલીલ ઉપર કેસ નીકળી ગયો !

૪

૧૯૯૩માં અમે રાજકોટ નજીકના શાપરમાં ફેકટરી કરવાનું વિચાર્યું. વિચાર્યા પછી, શ્રી કિશોરભાઈ રાજકોટ આજુબાજુમાં ફેકટરી માટેની જમીન જોવા જતા અને મોટાભાઈને માણાવદર રિપોર્ટ આપતા. એ રીતે બન્ને ભાઈઓને શાપરની એક જમીન ગમી ગઈ. એ જમીન બિનખેતી થયા પછી અમને ૬૦ રૂપિયે પ્રતિમીટર પડતી હતી એટલે એ જમીન લેવાનું નકકી કર્યું.

એ જ સમયગાળામાં અમે પબ્લિક ઈશ્યુ રૂપિયા ૯૦ લાખનો લાવ્યા. બેશક, તેને જબરો રિસ્પોન્સ મળ્યો અને અમારો પબ્લિક ઈશ્યુ ૨૪.૫ ગણો ભરાયો હતો. એ વખતનો એક વરવો અનુભવ હું ત્રીસ વરસે પણ ભૂલ્યો નથી. ૧૯૯૩માં અમારા પબ્લિક ઈશ્યુનું પેપરવર્ક ચાલતું હતું ત્યાં સુધી માણાવદર ફેકટરીમાં ડીઝલ પાવર જનરેટરનો ઉપયોગ થતો હતો. માણાવદરમાં ત્યારે વીજળીની સપ્લાય ખૂબ અનિયમિત રહેતી. ૧૯૯૩ની શરૂઆતમાં ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર મિ. હુડકા સવારના દશ વાગ્યે અમારી ફેકટરીનાં ઈલેકટ્રીકલ જોડાણના નીરીક્ષણ માટે આવ્યા. કહ્યું કે, મારે ચેકિંગ કરવાનું છે પરંતુ હું મારા ટેસ્ટ કરવા માટેનાં સાધનો નથી લાવ્યો, તમારી પાસે હોય તો આપો.

મશીન બનાવતા હોવાથી અમારી પાસે બધાં જ જરૂરી સાધનો હતાં એટલે અમે સાહેબને આપ્યાં અને સાહેબે નીરીક્ષણની જરૂરી વિગતો મેળવીને એ સંતોષકારક હોવાનું કરીને જતા રહ્યા.

સાંજે પાંચ વાગ્યે ફરીથી પોતાનાં સાધનો લઈને આવ્યા. ફરીથી પાવર બંધ કરાવ્યો અને પોતાનાં સાધનોથી ચેક કરવું છે એમ જણાવ્યું ત્યારે ઓફિસમાં અગત્યની મિટિંગ ચાલુ હતી તો મારા મોટાભાઈ શ્રી ચંદ્રકાંતભાઈએ પૂછયું કે, કેમ લાઈટ બંધ થઈ તો પણ જનરેટર ચાલુ નથી કર્યું ? મેં કહ્યું : સવારવાળા સાહેબ ફરી પોતાનાં સાધનો લઈને ચેક કરવા આવ્યા છે. મારો જવાબ સાંભળતા જ મોટાભાઈનો મગજ ગયો અને બહાર આવીને મિ. હુડકાને એક લાફો લગાડી દીધો અને કહ્યું કે, નથી ચેક કરવું. નીકળી જાવ અહિંયાથી... એટલે એ ડરના માર્યા જતા રહ્યા અને લાફો ખાધો એની વાત કોઈને કરી નહીં અને કોઈ એકશન પણ ના લીધા !

૧૯૯૪ માં ૯૦ લાખ રૂપિયાનો પબ્લિક ઈશ્યુ કરવાનો હતો. તેના પ્રમોટર્સના શેરનું અગાઉથી વેચાણ કરવામાં આવતું હતું અને લાગતા વળગતા સગાંવ્હાલાં બધાએ પોતાની સગવડ મુજબ રૂપિયા ૧૦ની કિંમતના ૫૦૦ થી ૫૦૦૦ સુધીના શેર ખરીદ્યા હતા. તે સમયના ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડના માણાવદરના હેડ શ્રી વી. એન.

ભાદરકા હતા. તેમણે પણ ૧૦૦૦ શેર લખાવ્યા હતા. અમોએ ૧૦૦૦ શેર તેમના માટે અલગ રાખ્યા હતા, જેની મુદત પૂર્ણ થવાની હોય તેમની પાસે પૈસા માંગ્યા તો એમણે પૈસા મોકલી ૧૦૦૦ શેરની ડિલીવરી લીધી. પરંતુ અમે પૈસા માંગ્યા એ એમને ગમ્યું નહીં હોય એવું લાગ્યું. એમના મનમાં એવું કે, હું સાહેબ છું તો મને શેર મફતમાં મળવા જોઈએ... આ બન્ને ઘટનાઓ વીતી ગયા બાદ એક દિવસ ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ રોડ ઉપરના થાંભલા ઉપર ચડીને કંઈક કામ કરી રહ્યા હતા ત્યારે શોર્ટ સર્કિટથી નીચે પડયાં અને થોડી ઈજાઓ થઈ હતી.

શ્રી વી. એન. ભાદરકાએ તેની તપાસ આદરીને કહ્યું કે, રાજુ એન્જીનીયર્સના જનરેટરનો રિટર્ન પાવર આવ્યો, જેનાથી થાંભલા ઉપર ચડીને કામ કરી રહેલા કર્મચારી પડી ગયા. ખરેખર તો એ સ્થળથી રાજુ એન્જીનીયર્સ ફેકટરી લગભગ એક કિલોમીટર દૂર હતી અને થાંભલો તેમજ મારી ફેકટરી વચ્ચે પેટ્રોલ પંપનું જનરેટર ચાલુ હતું !

> એમના મનમાં એવું કે, હું સાહેબ છું તો મને શેર મફતમાં મળવા જોઈએ...

શ્રી ભાદરકા પાસેથી અમે શેરના પૈસા માંગ્યા, એ એમને કઠયું હતું માટે ગમે તેમ કરીને અમારા ઉપર દોષનો ટોપલો નાખ્યો. સાથે ઈલેકટ્રિક ઈન્સ્પેકટર મિ. હુડકાને (કે જેમણે લાફો ખાધો હતો એમને) પણ રોજકામ કરવા બોલાવી લીધા. બંને અધિકારીઓને અમારી સામે તકલીફ હતી એટલે બંનેએ પોતાના હોદ્દાનો દુરુઉપયોગ કર્યો. પોલીસમાં મારા વિરુદ્ધ ફરિયાદ થઈ. એ દિવસે માણાવદર શહેરની તમામ લાઈટો શ્રી ભાદરકાએ બંધ રાખીને માગણી કરી કે મારી ધરપકડ ના થાય ત્યાં સુધી લાઈટો ચાલુ નહીં કરવામાં આવે. હું માણાવદર છોડીને મારા વતન ગળવાવમાં જતો રહ્યો હતો.

એ સમયે માણાવદર પોલીસ સ્ટેશનમાં શ્રી એમ. ડી. જાડેજા પોલીસ ઈન્સપેકટર હતા. એમને મળવા મારા મોટાભાઈ કિશોરભાઈ ગયેલા ત્યારે શ્રી જાડેજાસાહેબે કંઈક રકમ માંગી હતી પરંતુ ત્યારના ધારાસભ્ય શ્રી જવાહરભાઈ ચાવડા હતા, જે ચંદ્રકાન્તભાઈના મિત્ર હતા. તેમણે શ્રી જાડેજાસાહેબને ફોન કરીને કહ્યું કે ધરપકડ કરવાની જરૂર નથી. માફી પત્ર લખાવી લો અને ગામની લાઈટો ચાલુ કરાવી દો.

રાત્રે બાર વાગ્યે શ્રી જવાહરભાઈની ઓફિસે શ્રી જાડેજા અને શ્રી ભાદરકાને બોલાવ્યા અને ત્યાં માફીપત્ર લખાવીને માણાવદર શહેરની લાઈટો ચાલુ કરાવી. વિના કારણે, કોઈપણ ગુના વિના મેં માફીપત્ર લખી આપ્યું, કેમ કે મારા કારણે આખું માણાવદર અંધારપટમાં ફેરવાયેલું હતું. શ્રી ભાદરકાને હોદ્દાનો પાવર બહુ હતો તેથી માફીપત્ર લખી આપ્યા પછી પણ તેમણે કોર્ટમાં કેસ દાખલ કર્યો અને સજાની માગણી કરી. જોકે પ્રથમ સુનાવણીમાં જ કેસ નીકળી ગયો કારણકે એક જ ગુનાની બે વખત સજા ના હોય. માફીપત્ર લખાવ્યું એ પણ એક સજા હતી તો બીજી વખત સજા ના હોય શકે, એ દલીલ ઉપર કેસ નીકળી ગયો !

આમ જૂઓ તો આ માત્ર શેરની કાયદેસરની રકમ માગવાની સજા હતી. ૧૯૯૪ માં ૯૦ લાખ રૂપિયાનો પબ્લિક ઈસ્યુ ૨૪.૫ ગણો ભરાયો હતો, ત્યારથી આજ સુધી નોનસ્ટોપ અમારા શેર હોલ્ડરોને ૧૦ થી ૩૫ ટકા સુધીનું ડિવિડન્ડ ચૂકવાયું છે. જે લોકોને પ્રમોટર્સના શેર્સ આપ્યા હતા તેમાંના મોટાભાગના લોકોએ આજ સુધી એક પણ શેરનું વેચાણ કર્યું નથી.

□ □ □

શાપરમાં જમીન લઈને ૧૯૯૪ નાં નવેમ્બર મહિનામાં ફેકટરીની શરૂઆત કરી. આ ફેકટરીની જમીન લઈને બિનખેતી કરવાનું કાર્ય મોટાભાઈએ પતાવ્યા બાદ જૂનાગઢના સિવિલ એન્જીનીયર શ્રી સુરેશ બદ્રકિયાના નકશાઓ ઉપર તમામ બાંધકામ કરવાની જવાબદારી મારી ઉપર હતી. રાત દિવસ એક કરીને યુદ્ધના ધોરણે બાંધકામ

પૂર્ણ કરાવીને માણાવદરથી ઉત્પાદનપ્રવૃત્તિને શાપરમાં લઈ આવ્યા. માણાવદરમાં પણ ઉત્પાદન ચાલુ રાખ્યું, જેથી ત્યાંના માણસોને માણાવદરમાં જ કામ મળતું રહે.

શાપર ફેક્ટરીનું કામ ચાલુ થયું. પહેલું થ્રી લેયર મશીન, જનરલ પ્રિન્ટર્સ લિમિટેડ, નાઈરોબીના ગ્રાહક શ્રી સુરેશ તન્ના માટે બનાવ્યું અને એ સુરેશ તન્નાના હાથે શાપર યુનિટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. મોટાભાઈ શ્રી ચંદ્રકાન્તભાઈના આમંત્રણને માન આપીને આ ઉદ્‌ઘાટનમાં સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના મેનેજીંગ ડિરેકટર શ્રી દિલીપ શાનબાગ પણ આવેલા.

ઉદ્‌ઘાટન પૂર્વે મશીનની ટ્રાયલ કરવાની હોવાથી એટલે કે તા. ૨૮/૧૧ ના ઉદ્‌ઘાટન હતું તો તા. ૨૫, ૨૬ અને ૨૭ એમ સતત ત્રણ દિવસ ૭૨ કલાક ફેક્ટરીમાં રહીને ટ્રાયલનું કાર્ય પૂર્ણ કરી ઉદ્‌ઘાટનના દિવસે થ્રી લેયર મશીન ચાલુ રાખ્યું હતું કે જેથી ઉદ્‌ઘાટનામાં આવનારા મહેમાનોને ચાલુ મશીન બતાવી શકાય.

૧૯૮૧ થી ૨૦૦૬ સુધીમાં અલગ અલગ મશીનોની ટ્રાયલ અને ટ્રબલ શુટીંગ માટે લગભગ પચાસેક વખત સતત ૭૨ કલાક સુધી ફેક્ટરીમાં ઊંઘ કર્યા વિના કામ કર્યું હતું. બીજી રીતે કહું તો આ ૨૫ વર્ષ દરમિયાન જન્મ દિવસ, વર્ષગાંઠ કે કોઈ તહેવારોની યાદ નહોતી આવી. બસ એકમાત્ર હેતુ હતો : કામ, કામ ને કામ. એ કામ પણ ખરા દિલથી એકદમ સ્વસ્થ ચિત્તે કર્યું. મોટાભાઈ ચંદ્રકાંતભાઈએ પણ એ જ રીતે કોઈ પ્રસંગને પ્રાધાન્ય આપ્યા વિના સતત ને સતત અઢાર કલાક કાર્યરત રહેતા હતા.

કિશોરભાઈ સતત પોતાની સરકારી નોકરી અને ઘરના તમામ સભ્યોની કાળજી લેવામાં કાર્યરત હતા. સરકારી નોકરીની આવક હતી. એમાં જ ત્રણે ભાઈઓના પરિવારના લગભગ ૧૩ વ્યક્તિ હતા, તેનું ગુજરાન ચાલતું હતું. રાજુ એન્જીનીયર્સમાંની આવક સતતને સતત એમાંને એમાં જ ઠલવાતી હતી. બંને ભાઈઓએ ૨૦૦૬ સુધી કંપનીમાંથી પગારની કે અન્ય કોઈ આવક કરી નહોતી. અઘેરા ભાઈઓને દર મહિને પગાર ચૂકવાતો હતો. અઘેરાભાઈઓ રાજુ એન્જીનીયર્સમાંથી અલગ થયા ત્યારે પાંચ ભાઈઓ વચ્ચે પગાર અને અન્ય ખર્ચ પેટે વાર્ષિક નેવું લાખ જેટલું ચૂકવણું થતું હતું.

૧૯૯૪ પહેલાં પણ ત્રણે ભાઈઓનાં પાંચ બાળકો કિશોરભાઈ પાસે રાજકોટ ભણતાં હતા. એમના સ્કૂલનાં પ્રોજેક્ટ આવતા એ બધા મારે તૈયાર કરવાના રહેતા. ફેક્ટરીનાં કામકાજની વ્યસ્તતા વચ્ચે પણ બાળકોના સ્કૂલમાં આપવાના પ્રોજેક્ટ તૈયાર કરીને હું સમયસર રાજકોટ મોકલાવતો.



મારા પરિવારની ત્રણે મહિલાસદસ્યો વચ્ચે પણ એટલી જ સુસંગતતા હતી કે અમે ત્રણેય ભાઈઓ પોતપોતાની જવાબદારી કોઈપણ પારિવારિક તણાવ વિના સંભાળી શકયા. સૌથી મોટાભાઈ ચન્દ્રકાંતભાઈ અને સૌથી નાનો હું, અમે બન્ને ધંધામાં વ્યસ્ત રહેતા અને કિશોરભાઈ સૌથી મહત્ત્વનું કાર્ય એટલે કે પરિવારના સદસ્યોની તમામ પ્રકારની સાર–સંભાળ રાખવામાં સરકારી નોકરી કરતાં કરતાં પણ પ્રવૃત્ત રહ્યા. બધાં જ બાળકોનો અભ્યાસ હોય કે વેકેશનમાં ફરવા લઈ જવા હોય કે એમનાં પેન્સિલ, રબ્બર લાવી દેવાથી લઈને સ્કૂલે મૂકવા લેવા જવું સુધીનું બધું જ એમના શિરે આવ્યું હતું. કિશોરભાઈ જેવા અમારે ભાઈ ન હોત તો અમે ધંધો ચલાવી શકયા ન હોત.કિશોરભાઈના કારણે જ આજે અમે અહીં સુધી વિકસિત થઈ શકયા છીએ.

૧૯૯૪માં પ્રથમ થ્રી લેયર આવ્યું એ સરસ ચાલતું હતું. એમાં ખૂટતી તકનિકી મર્યાદાઓ પૂર્ણ કરવા માટે ડિઝાઈનમાં ફેરફાર કર્યા પણ તેમાં કંઈક ભૂલ થઈ ગઈ પણ અમારે ધ્યાને તે આવ્યું નહોતું. અમે તો એકસાથે છ મશીન થ્રી લેયર ઓર્ડર મુજબનાં બનાવ્યાં અને એ બધાં ગ્રાહક પાસે જતાં રહ્યાં પણ મશીનમાંથી પ્રોડકટ પહેલા મશીન જેવી નહોતી બનતી. આ કારણે અમારા થ્રી લેયર મશીનના માર્કેટીંગને ધક્કો પહોંચ્યો. ત્યારે એવી ખબર નહોતી પડતી કે જે કોઈપણ પ્રયોગાત્મક ફેરફાર કરીએ તે એક જ મશીનમાં કરવા જોઈએ. તેનું અવલોકન કર્યા બાદ સફળતા મળે તો અને ત્યારે જ બીજા મશીનમાં એ ફેરફાર કરાય !

અમે બન્ને ભાઈઓમાંથી કોઈનો તકનીકી અભ્યાસ નહોતો અને ધંધાની પદ્ધતિઓની પણ એટલી સૂઝ નહોતી. બધું જાતે કર્યું અને જાતે આગળ વધી શકયા, તેની પાછળ માત્ર પ્રામાણિકપણે સખત મહેનત કરવાનો ઈરાદો જ કામ લાગ્યો.અહીં મારે અમારી એક લાક્ષણિકતા પણ જણાવવી છે. મને નાનપણથી જ કોઈનાથી પ્રેરિત થવાની આદત નહોતી, જે આજ સુધી અકબંધ છે. મારો કોઈ ગુરુ નથી. કોઈ સેલીબ્રીટી તરફ લગાવ કે ખેંચાણ પણ કયારેય નથી થયું. જોકે આ ગુણ પરિવારના બધા જ સદસ્યોમાંએકસરખો છે. અમારાં બાળકોમાં પણ આ અવગુણ નથી વિકસ્યો.

૧૯૯૪ માં પ્રથમ વખત જનરલ મેનેજર તરીકે એક સિનિયર માણસની નિમણૂક કરી. એમને જવાબદારી સોંપી જવાબદારી સોંપ્યા પછી પણ અમારી આદત પ્રમાણે અમારો ચંચૂપાત થતો રહેતો હતો તેથી અકળાઈને જનરલ મેનેજરે એમને કહ્યું કે, મને અહીં રાખ્યો છે તો મને સ્વતંત્રતા આપો. તેની વાતને સ્વીકારીને અમે બંને ભાઈઓએ છ મહિના સુધી બિલકુલ ચંચૂપાત ના કર્યો પણ આખરે ભોગવવાનું અમારે જ આવ્યું. છ મહિનાનું વેચાણ માત્ર ૧૧ લાખ થયું અને અમારો ખર્ચ ૨૨ લાખનો હતો !

અનેક ઓર્ડર હોવા છતાં ધાર્યું ઉત્પાદન ન થયું એટલે અમે જનરલ મેનેજરને કહ્યું કે, હવે તમે જુઓ કેવી રીતે કામ થાય છે ! ફરી બન્ને ભાઈઓએ કામ હાથમાં લીધું અને એ પછીના છ મહિનામાં ૬.૫ કરોડનાં મશીનો રવાના કર્યાં. જે ખરેખર ૧૦ થી ૧૨ કરોડનાં થઈ શકે એમ હતાં. બેશક, ત્યાર બાદ એ સાહેબને રજા આપીને તેમની જગ્યાએ શ્રી રશ્મિકાંત ખમારને લીધા. ઓછાં વેચાણ અને પ્રમાણમાં ખર્ચ વધુ થયો હોવાથી આર્થિક હાલત ખરાબ હતી પણ કે. એમ. એન્ટરપ્રાઈઝવાળા શ્રી જે.ટી. થાણાવાલા અચાનક આવી ચડયા. તેમણે થ્રી લેયરનો ઓર્ડર આપ્યો, જેની કિંમત ૧.૩૮ કરોડ આસપાસ હતી અને ફરી ધંધાને આર્થિક વેગ મળી ગયો.

□ □ □

૧૯૯૬ ના અંતમાં માણાવદરથી દીપક તકવાણી, જયંતિલાલ ઝાલાવાડિયા, પ્રેમજીભાઈ રૂબરૂ શાપર ફેકટરી પર એક નવા ધંધાની ઓફર લઈને અમારી પાસે આવ્યા. લાંબી વાતચીત પછી એ ધંધામાં ઝંપલાવવાનું નક્કી થયું. મને પૂછવામાં આવ્યું કે તારે એ ધંધામાં બેસવાનું છે તો તરત મેં કહ્યું કે, એ ધંધો માણાવદરમાં હશે તો જ હું સંભાળીશ કારણકે મને રાજકોટ રહેવું ગમતું નહોતું ! આ નવો ધંધો ચાલુ થાય તો માણાવદર રહેવા મળે. સાંજે

કિશોરભાઈને વાત કરી કે જીનીંગ પ્રેસીંગના ધંધામાં રોકાણ કરવાનું વિચાર્યું છે સાથે દીપક તકવાણી પણ છે. જાણીને કિશોરભાઈએ તરત ના પાડી કે દીપક સાથે ધંધો ના કરાય કારણકે એ જરાય ભરોસાપાત્ર નથી...કિશોરભાઈની જેમ ઘણાં નજીકના હિતેચ્છુઓએ પણ દીપક સાથે કામ કરવાની ના પાડી હતી પરંતુ મોટાભાઈને જે. ટી. ઝાલાવાડિયા અને પ્રેમજીભાઈ ઉપર ભરોસો હતો અને દીપક જેવાને સંભાળી લેવાની હામ હતી એટલે તેઓ ધંધામાં આગળ વધ્યા.



ચંદ્રકાન્તભાઈ ૧૯૯૮ માં ટેક્ષટાઈલ અંગેના પ્રદર્શનમાં રૂ નું પરિક્ષણ કરવા માટેના મશીનની ખરીદી કરતા નજરે પડે છે.

૧૯૯૭ માં માણાવદરથી નજીક ૩૨ વિઘા જમીન લઈને બાંધકામ શરૂ કર્યું ત્યાં રાજુ કોટેક્ષ લિમિટેડનું નિર્માણ શરૂ થયું. લગભગ ૧૫૦૦૦૦ ચોરસ ફૂટનું બાંધકામ પૂરું થયું અને ભારતની મોટામાં મોટી તેમજ આધુનિક જીનીંગ ફેકટરીનો પ્રારંભ થયો.

ભારત સરકારની CIRCOT (Central Institute for Research on Cotton Technology) નામની સંસ્થાના અધિકારીઓએ મુલાકાત લઈ બારીકાઈથી નિરીક્ષણ કરીને તેમજ ઉદ્યોગનાં તમામ પાસાંઓને ચકાસીને ભારતની મોસ્ટ મોર્ડન જીનીંગ ફેકટરીનું પ્રમાણપત્ર આપ્યું !

રાજુ કોટેક્ષમાં કલીન કોટનનું ઉત્પાદન કરવાના ધ્યેય સાથે અમે આ ધંધામાં પ્રવેશ્યા હતા અને સામાન્ય જીનીંગ ફેકટરીમાં જીનીંગ પ્રેસિંગ થતાં કપાસના વજનમાં લગભગ ૧.૫ ટકાની ઘટ આવતી અને રાજુ કોટેક્ષમાં કલીન કોટન બનાવતા લગભગ વજન ઘટ ૫ થી ૫.૫ ટકા આવતી. અર્થ એ થયો કે લગભગ ૩.૫ ટકા વધારાનો કચરો પ્રોસેસ દરમિયાન કાઢી નાખવામાં આવતો, જેનાથી સ્પીનીંગ મિલના ક્ષેત્રે પ્રોસેસ કરવામાં સારો દોરો સાંધા વિનાનો મળી રહે.

જીનીંગ ફેકટરીની વાહ વાહ થઈ અને ખીમજી વશરામ એન્ડ કંપનીના અધિકારીઓએ મુલાકાત લઈને રૂ નિકાસ કરવાની વાત કરી ત્યારે સૌપ્રથમ ભારતમાંથી રૂ જર્મની નિકાસ કરવાની તક મળી. ૧૯૯૭ પહેલાં ભારતમાંથી યુરોપના દેશોમાં રૂની નિકાસ થતી નહોતી. રાજુ કોટેક્ષ લિમિટેડે પ્રથમ વર્ષે જર્મની રૂ ની નિકાસ કરી અને એ પણ ૪૫૦૦ ગાંસડી એક સાથે એક જ ગ્રાહકને ત્યારે ખૂબ સારું લાગતું હતું અને એમ લાગતું હતું કે જીનીંગ ઉદ્યોગમાં અગ્રેસર થઈને વધુને વધુ વિસ્તરણ કરીશું.

ફેકટરીનું બાંધકામ પૂર્ણ થવાનું હતું ત્યારે મુલાકાતીઓ ફેકટરી જોવા આવતા અને ફેકટરીનાં ભરપૂર વખાણ કરતા. એમાંના એકાદ બે લોકોએ એમ પણ કહ્યું હતું કે આ ફેકટરી ચાલશે નહીં.

એક દિવસ બપોરના લગભગ ૧૨ વાગ્યે હું ફેકટરીની બહાર નીકળતો હતો ત્યારે એક એમ્બેસેડરમાં શ્રી મોરારજી ગોકુળદાસ મીલ્સના રૂના પરચેઝર નીકળ્યા. તેમણે મને ફેકટરીના દરવાજા પાસે જોઈને કાર અટકાવીને મને પૂછયુંઃ આ કોની ફેકટરી છે ? મેં ખૂબ ગર્વ સાથે કહ્યું કે મારી જીનીંગ ફેકટરી છે. એ માણસે સહેજ પણ વિચાર્યા વગર કહ્યું કે 'ભાઈ આ ફેકટરી ચાલશે નહીં'. એ વખતે મને બહુ ગુસ્સો આવ્યો હતો પણ એમની ઉંમર મોટી હોવાથી કશું બોલ્યો નહીં અને હું ઘર તરફ હંકારી ગયો. ફેકટરીના બંધારણની પહેલાં પણ કિશોરભાઈ અને અન્ય મિત્રોએ મોટાભાઈને ના કહેલી કે દીપકને સાથે ના રાખો. પરંતુ વિધાતાએ જે લખ્યું હોય એ થઈને જ રહે છે એટલે મોટાભાઈએ કોઈની વાત ધ્યાને લીધી નહીં અને ફેકટરી શરૂ થઈ.

એ ફેકટરીમાં અમે અમારી પ્રામાણિકતાના કારણે સફળ થયા નહીં પણ તેની વાત કરતાં પહેલાં મારે એક એવો કિસ્સો યાદ કરવો છે, જેણે મને થોડો સમય માનસિક પરિતાપ આપ્યો હતો. રાજુ કોટેક્ષમાં રૂ રાખવાનાં ગોડાઉન




RAJOO
COTEX
LIMITED
White Gold
ગુણવત્તા નીતિ
ગુણવત્તા મેળવવા માટે
હંમેશા એક
સારી વ્યવસ્થા જ
QUALITY POLICY
RECEPTION









માટે જરૂરી ચલીનાં કપડાંની સિલાઈ કરવા ગળવાવથી એક પટેલ યુવાન આવતો હતો. તેને અમે ગળવાવના સરપંચની ભલામણથી રાખેલો. સરપંચશ્રી મગનભાઈની ભલામણથી રાખેલો આ યુવાન ચલીનાં કાપડની ચોરી કરતો હતો. તેની સાથે ગેઈટ પરનો એક સિક્યૂરિટી ગાર્ડ પણ ભળેલો હતો. ગેઈટ પરના અન્ય ગાર્ડને આ અંગે ખબર પડતાં તેણે અમને વાત કરી અને તેમનો ભાંડો ફૂટી ગયો. એ પટેલ યુવાન ચોરી કબૂલવાની ના પાડતાં એને થોડો માર મારી ટકો કરી નાખવામાં આવેલો. (કાયદો હાથમાં લેવો જોઈએ નહીં પણ એ વખતનો જુસ્સો અલગ હતો એટલે આવી ભૂલ કરી, કહો કે થઈ ગઈ). અડધા વાળ ઉતારીને એ યુવાનને પોલીસને સોંપી દેવામાં આવ્યો ત્યારે સબ ઈન્સપેક્ટર એન. જી. સૈયદ હતા. તેઓ મારા મિત્ર હતા એટલે એ રૂબરૂ આવીને એ યુવાનને પોલીસ સ્ટેશન લઈ ગયા. એમણે પણ એકાદ બે લાફા માર્યા. એ દરમિયાન સરપંચશ્રી મગનભાઈએ આવીને મને રજૂઆત કરી કે, એ ગરીબ ઘરનો છોકરો છે તો કેસ કરતાં નહીં ! તેથી મેં સૈયદ સાહેબને ફોન કરી એ યુવકને છોડી મૂકવા કહ્યું. સૈયદસાહેબે યુવકને છોડી પણ દીધો. પરંતુ એ પછીના ત્રણ જ કલાકમાં માણાવદર તાલુકામાં રહેતાં અનિવાર્ય અનિષ્ટ જેવા છ રાજકારણીઓએ એ યુવકને સાથે લઈને જૂનાગઢ ડીએસપી સમક્ષ મારી આ ભૂલને ગુંડાગીરી દર્શાવીને રજૂઆતો કરવા પહોંચી ગયા. તે સમયના જૂનાગઢના વકીલશ્રી લાલવાણી પાસે તેમણે ત્રણ પાનાંની મારા વિરુદ્ધની અરજી લખાવી. આ છ રાજકારણીઓમાંથી બે નામ મને હજુ યાદ છે. એક હતા લખમણ માસ્તર અને બીજા અરવિંદ લાડાણી હતા. બન્ને આવાં કાર્યો માટે પંકાયેલા હતા.

ડીએસપી જૂનાગઢને અરજી મળી એટલે તેમણે માણાવદર પીઆઈને તપાસ સોંપી દીધી. એ પી.આઈ.એ અરજી મળતાં મને ફોન કર્યો કે તમારી વિરુદ્ધ તપાસ કરવાની છે. મેં કહ્યું કે, ચાર પાંચ દિવસ દબાવી રાખો હું બધું ગોઠવી લઈશ ! કશું થયું નહીં તેથી ગળવાવના સરપંચ અને સાથે મળેલા ઈર્ષ્યાળુ રાજકારણીઓના પેટમાં તેલ રેડાયું કે, ડીએસપીને અરજી આપી હોવા છતાં મારા ઉપર પગલાં ન લેવાયાં.

તેમણે જૂનાગઢનાં સંદેશના ખબરપત્રીશ્રી ધીરૂ પુરોહિતને બોલાવીને સંદેશના અડધા પાનાની મેટર બનાવી અને ચાર ન્યૂઝ પેપરમાં આપવા મોકલી આપી. મેં એ પણ રોકાવી દીધી એટલે માનવ–અધિકાર પંચના અધિકારીઓને બોલાવીને એ યુવાનને મારના કારણે કાનમાં બહેરાશ આવી ગયાની તેમણે ફરિયાદ કરી માનવ–અધિકાર પંચની સલાહ મુજબ એ યુવકને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો અને જૂનાગઢ 'બી' ડિવીઝન પોલીસ સ્ટેશનમાંથી એક કોન્સ્ટેબલને નિવેદન લેવા માટે બોલાવવામાં આવ્યો. તેની મને જાણ થઈ જતાં મેં એ કોન્સ્ટેબલ સાથે વાત કરી. તેને સત્ય હકીકત જણાવી ત્યારે તેણે કહ્યું : તમે ચિંતા ના કરો.

એ કોન્સ્ટેબલે પોતાની રીતે નિવેદન લખી અને યુવાનની સહી કરાવીને માણાવદર પોલીસ સ્ટેશન મોકલી આપ્યું. આમ આ અનિષ્ટ લોકોએ બધા જ ધમપછાડા કર્યા પણ મારી સામે કોઈ કાર્યવાહી ન કરાવી શકયા એટલે એમાંના ત્રણ વ્યક્તિ મારી પાસે આવીને ૫૦,૦૦૦ રૂપિયા માગ્યા. કહ્યું કે બધી ફરિયાદ પાછી ખેંચી લેશે કારણકે એ છોકરો તો હજુ એમ જ કહે છે કે રાજુભાઈ ટકો કરાવે તો જ તેમને માફ કરીશ.

વાત સાંભળીને એ ત્રણ વ્યક્તિઓને ચકરાવે ચડાવવા મેં કહ્યું કે, તમારી સાથેના બીજા ત્રણ વ્યક્તિ મારી પાસેથી આવું કહીને ૫૦,૦૦૦ રૂપિયા લઈ ગયા છે... મારી આ વાત પછી એ છ વ્યક્તિઓ વચ્ચે ડખ્ખો થયો અને પેલો યુવાન એકલો થઈ ગયો. એકલા પડી ગયેલા યુવાનને બોલાવી મેં કહ્યું કે તારે પૈસાની જરૂર હશે તો હું આપીશ...

એ યુવાન માની ગયો અને મારી સાથે મામલતદાર કચેરીએ આવ્યો ત્યાં એકઝિક્યૂટીવ મેજીસ્ટ્રેટ અને નાયબ મામલતદાર શ્રી મુછાળાસાહેબ હતા. તેમની સમક્ષ દશ રૂપિયાના સ્ટેમ્પ ઉપર એફિડેવીટ કર્યું કે મેં ચોરી કરી હતી અને મારી જાતે મેં ટકો કરાવ્યો હતો. બસ, આ એફિડેવીટ પોલીસ સ્ટેશનમાં પહોંચાડી દીધી એટલે તપાસ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું. પેલા છ નકામા માણસો મોંમાં આંગળા નાખી ગયા. એમાંનો એક પછીથી ૨૦૨૨ માં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી ચૂંટાયો. ભારતીય ન્યાયપદ્ધતિમાં તારીખો સિવાય સમયસર કશું મળતું નથી

એટલે કાયદો હાથમાં લેવો પડયો, મારી એ ભૂલના પરિણામે આટલું તાણ ભોગવ્યું. બાકી કંઈ જ ખોટું કર્યું નહોતું !

□ □ □

ભલામણ કે સિફારિસ... ૧૯૮૭ થી એન્જિનિયરીંગ યુનિટ અને પ્રોસેસિંગ એકમો ચલાવીએ છીએ. નજીકનાં સગાં–સંબંધી, મિત્રો અને રાજકારણીઓ તરફથી પોતાનાં અને પોતાના કાર્યકરોનાં બાળકોને અમારા એકમમાં નોકરીએ રાખવા માટે અઢળક ભલામણો અમને મળી છે, અને એમાંના અમુક લોકો હજુ આજે પણ અમારા એકમમાં કામ કરે છે.

નજીકના લોકોને મદદરૂપ થવું એ અમારા પરિવારના દરેક સદસ્યોના લોહીમાં છે. બીજું કે એકવાર કર્મચારીની નિમણૂંક કરવામાં આવે પછી કયારેય છૂટો કરતા નથી, અલબત્ત પ્રામાણિકતા ચૂકે કે કોઇ અન્ય તોફાન કરે તોજ નોકરીમાંથી બરતરફ કરવામાં આવે છે. પરંતુ ઓછું કામ કરે કે નબળું કામ કરતો હોય તેને કયારેય બરતરફ કરતા નથી. હાલ લગભગ ૧૮૦૦ કર્મચારી કામ કરે છે, એમાંથી કોના નસીબથી એકમો ચાલે છે એ કયારેય ખબર નથી પડતી માટે જ કોઈને બરતરફ કરવાનું વિચારતા પણ નથી.

અમુક બહુ ખરાબ અનુભવો થયા તેની વાત કરવા આ મુદ્દો લખ્યો છે.

માણાવદરના સાઈઠ વર્ષના પટેલ વડીલ અમારા એકમમાં આવીને પોતાના દીકરા માટે આજીજી કરી અને રડવા લાગ્યા અને કહ્યું મારા દીકરાને નોકરી ઉપર રાખી લો. મોટાભાઇનું દિલ પીગળી ગયું અને નોકરીમાં લઇ લીધો, થોડો સમય સરખું કામ કર્યું પછી તોફાન ચાલુ કર્યા અને સાથે કામ કરતા કર્મચારીઓને પણ બગડવાનું ચાલુ કર્યું એટલે એમના પિતાજી કે જેઓ રડીને આજીજી કરીને પોતાના દીકરાને મૂકી ગયા હતા એમને કહ્યું કે તમારા દીકરાને સમજાવો નહિતર નોકરીમાંથી કાઢી મૂકવા પડશે. ત્યારે તેના પિતાજી એ એક વાકયમાં જવાબ આપ્યો કે એ મારું માનતો નથી. આને શું કહેવું ?

આવા અસંખ્ય દાખલાઓ છે પોતાના દીકરાને લઇને આવે અને અમને કહે કે આજથી આ દીકરો તમારો, તમારે જે કામ લેવું હોય તે લેજો અને તોફાન કરે તો ઠપકો પણ આપતા રહેજો. પગાર નહિ આપો તો પણ ચાલશે. આપણે નોકરી આપીએ એકાદ વર્ષ થાય એટલે અનુભવ મળી ગયાના આધારે અન્ય કંપનીમાં નોકરી શોધીને રાજીનામું આપે ત્યારે એમના પિતાને વાત કરીએ કે તમારા કહેવાથી અમે આમની પાછળ સમય બગાડી એને કામ શીખવ્યું અને હવે બીજી કંપનીમાં જવાની વાત કરે છે, ત્યારે તેને જે આજીજી કરી હોય એ બધું ભૂલીને જવાબ આપે મેં બહુ મનાવ્યો માનતો નથી અને બીજી કંપનીમાં પગાર વધારે આપે છે. અમે એમને કામ શીખવવા અમારા કલાકો બગાડયા, પૈસા બગાડયા એ બધું ધૂળમાં...

ભલામણ અને આંખની શરમ સાથે નોકરી ઉપર રાખેલા તમામમાંથી મોટા ભાગના લોકોએ બેશરમી જ બતાવી છે. રાજકારણીઓ પણ ગમે તેવા છોકરાને ચિઠ્ઠી લખીને મોકલી આપે, આવેલા ભાઇને નોકરીમાં રાખી લેશો. જો કે આજ સુધીમાં એકપણ આવી ચિઠ્ઠી લાવનારને નોકરી આપી નથી. રાજકોટના વોર્ડ નંબર–૧૪ના એક મહિલા કોર્પોરેટરએ એક માણસને ચિઠ્ઠી લખીને મોકલ્યો એમાં સ્પષ્ટ લખ્યું હતું કે આવેલા ભાઇને આજથી તમારી ફેકટરીમાં નોકરીએ રાખી લેજો. મારી પાસે ચિઠ્ઠી લઇને આવ્યો હતો તેથી મે તે ચિઠ્ઠીમાં નીચે લખી આપ્યું કે કોઇ જગ્યા ખાલી નથી તો નોકરી આપી શકીએ તેમ નથી. દરગુજર કરશો. પેલો ભાઇ ચિઠ્ઠી લઇને એ મહિલા પાસે પહોંચ્યો કે તરત મહિલાનો ફોન આવ્યો કે તમે મને ઓળખો છો ? હું કોણ છું એ ખબર છે? મે કહ્યું ના હું નથી ઓળખતો તમે ઓળખાણ આપો એટલે એમને કહ્યું કે હું ૧૪ની કોર્પોરેટર છું અને તમારી ખેર નહીં રહેવા દવ, મેં કહ્યું ઓકે તમને ઠીક લાગે એ કરજો નોકરી તો નહિ આપી શકું. આજ સુધી કંઇ કર્યું નથી.

રાજકોટમાં જિલ્લા પોલીસ વડાના અંગત મદદનીશનો ફોન આવ્યો કે સાહેબના વતનના ગામડાના બે છોકરા છે એમને નોકરી આપવાની છે. એટલે મે કહ્યું મોકલો હેલ્પરની જગ્યા છે. ફોન મૂકયો અને બે એક કલાકમાં બે

છોકરા આવ્યા બંને ને હેલ્પરની જગ્યાએ ગોઠવી દીધા. બંને એ આઠ દિવસ કામ કર્યું અને જતા રહ્યા બે ચાર દિવસ પરત ના આવ્યા એટલે મે અંગત મદદનીશને જાણ કરી કે તમે મોકલેલા છોકરાઓ આવતા નથી તો સામેથી જવાબ મળ્યો કે તમે થોડું હળવું કામ આપો એવું સાહેબ કહેવડાવ્યું છે. મે કહ્યું કે સાહેબ એન્જિનિયરિંગ એકમ છે તો લોખંડ સાથે કામ કરવાનું હોય હળવું કામ શકય નથી. એ પછી એ છોકરાઓને અન્ય જગ્યાએ લગાવ્યા હશે.

એક કેશોદ બાજુનો છોકરો હતો એના પિતાજી કોલેજમાં અભ્યાસ કરાવવા માટે કોલેજનાં બધાં વર્ષની ફી ના પૈસા મારી પાસેથી લઇ ગયા અને એન્જિનિયરિંગમાં સ્નાતક થઇ ગયો મારી કંપનીમાં કામે પણ લાગ્યો અને અનુભવ મળ્યો કે તરત અન્ય અનુકૂળ જગ્યાએ ગોઠવાઇ ગયો એના પિતાજી એ કહ્યું મારું માનતો નથી.

હજુ પણ શરમાવીને છોકરાને મૂકી જવાવાળા છે અને અમે એવું માનીને રાખીએ પણ છીએ કે આ અગાઉના લોકો જેવા બેશરમ અને નગુણા નહિ થાય, હજુ પણ બેશરમ અને નગુણા થવાનો ગુણોત્તર એટલો જ છે તો પણ અમે અમારી સારપ છોડી નથી.

□ □ □

મશીનરી ખરીદીની સામે એડવાન્સ...

૨૦૦૬ કે ૨૦૦૭ માં બાપુ નાના સહકારી મંડળી, મહારાષ્ટ્રના ગામડાની મંડળીના આશરે ૧૫ વ્યકિત રાજકોટ અમારી કંપનીમાં થી લેયર બ્લોન ફિલ્મ પ્લાન્ટનો ઓર્ડર આપવા આવ્યા.

મશીનની તકનિકી સમજીને આશરે રૂપિયા ૮૫ લાખના મશીનનો ઓર્ડર આપ્યો અને એકાદ અઠવાડિયામાં ૧૫ લાખ રૂપિયા એડવાન્સ મોકલ્યા ત્યાર બાદ લગભગ ચારેક મહિનામાં મશીન તૈયાર થઇ ગયું. એટલે ત્યાંથી ફરી ૧૦-૧૨ લોકો મશીનની ટ્રાયલ કરવા આવ્યા. ટ્રાયલ સંપૂર્ણ રીતે સફળ રહી અને મશીન સ્વીકાર્યું હોય એવા કાગળો ઉપર સહી કરીને બધા ગયા અને ત્યાંથી એકાદ અઠવાડિયામાં બાકીના પૈસા મોકલે એટલે મશીન રવાના કરવાનું નક્કી થયું હતું પરંતુ ૨૦૧૫ સુધીમાં એમના તરફથી ના તો પૈસા આવ્યા કે ના કોઇ સમાચાર... એક દિવસ આપણા ગુજરાત રાજયના પૂર્વ મંત્રી શ્રી પુરુષોત્તમ સોલંકીના અંગત મદદનીશ બોલું છું એમ ફોન આવ્યો અને કહ્યું કે બાપુ નાના મંડળીના એડવાન્સ પરત આપવાનું પુરુષોત્તમભાઇએ કહ્યું છે એટલે મે એમને કહ્યું કે એમનું મશીન અમે બે વર્ષ સાચવી રાખ્યું અને તેમાં વપરાયેલ બધા જ ઈલેકટ્રીક પાર્ટ્સની ગેરંટી ખતમ થઇ ગઇ તો અમને લગભગ ૩૫ લાખ રૂપિયાનું નુકશાન થયું છે તો પુરુષોત્તમભાઇને કહેજો કે ૨૦ લાખ રૂપિયા મોકલી આપે તો સામેથી ધમકી આવી કે સાંજે પુરુષોત્તમભાઇ ખુદ તમને ફોન કરશે ત્યારે બોલજો આ બધું... આજ સુધી પુરુષોત્તમભાઇનો ફોન આવ્યો નહિ.

ગોપીનાથ મુંડે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી હતા ત્યારે તેમના જમાઇ અમિત પાલવેને દૂધ માટેની થેલીઓની ફિલ્મ સપ્લાય કરવા માટે ફાઇવ લેયર બ્લોન ફિલ્મ પ્લાન્ટની જરૂરિયાત હતી અને એ અંગે રાજકોટ આવીને મશીનની તકનિકી સમજીને મશીનનો ઓર્ડર આપીને ૨૦ લાખ રૂપિયા એડવાન્સ આપી ગયા. મશીન તૈયાર થયે ટ્રાયલ લેવા આવ્યા અને ટ્રાયલ લીધાં પછી મુંબઇ જઇને બાકીના પૈસા મોકલીને મશીન ઉપાડવાના હતા પરંતુ આ પ્રોસેસને પૂરા થતાં પહેલાં ગોપીનાથ મુંડેની મુખ્યમંત્રીની સત્તા છિનવાઈ ગઇ અને અમિત પાલવેની દૂધની થેલી સપ્લાય કરવાનું બંધ રહ્યું એટલે મશીન ઉપાડયું નહિ, એડવાન્સ પરત આપવાની ના પાડી દીધી. છ આઠ મહિના થયા એટલે ગોપીનાથ મુંડે એ રાજકોટના શ્રી વજુભાઇ વાળાને વાત કરી કે રાજુ એન્જિનિયરમાં મારા જમાઇના ૨૦ લાખ રૂપિયા એડવાન્સ બુકીંગ પેટે આપ્યા છે એ પરત અપાવો.

વજુભાઇ વાળાએ મોટાભાઇને ફોન કર્યો અને રૂબરૂ મળવા આવ્યા અને કહ્યું ચંદુભાઇ એમના પૈસા પરત આપી દયો ને, તમે બીજેથી કમાઇ લેજો, બસ, આંખની શરમમાં ૨૦ લાખ રૂપિયા વજુભાઇને આપ્યા. એમણે ગોપીનાથ મુંડેને મોકલી આપ્યા.

આવા ઘણા અનુભવો થયા છે, બધા જ અહીં આલેખવાની જરૂર લાગતી નથી...

હું પ્રામાણિકપણે જીવવાવાળો
હતો અને પ્રામાણિકપણે કામ કરતો
હોઉં ત્યારે કોઈ વચ્ચે આવે તો તેને
તાર્કિક રીતે પછાડી
દેવા માટે સક્ષમ હતો.



૫

અમુક અધિકારીઓએ મારો સંપર્ક કરીને વાત કરી કે અમે માણાવદરમાં ચાલતા અન્ય જીનીંગમાં દર સિઝનમાં ૭૦ થી ૯૦ લાખ રૂપિયાની ચોરી કરીએ છીએ અને એમાંથી ૪૦ ટકા જીનવાળાને આપીએ ૬૦ ટકા અમે રાખીએ છીએ. તમને ૫૦ ટકા આપીશું પણ ચોરી કરવા દો. મેં સ્પષ્ટપણે ના પાડી અને બિલકુલ ચોરી ન કરવા દીધી.

માણાવદરમાં અમે રાજુ કોટેક્ષ શરૂ કરી ત્યારે બેન્ક લોન ઉપર ૨૨.૫ ટકા જેવુ તગડું વ્યાજ ચાલતું હતું. પ્રોસેસ દરમિયાન પણ ૩.૫ ટકાની વજન ઘટ આવતી. ફેકટરીનું નિર્માણ કર્યું ત્યારે એવી આશા હતી કે જે ચોખ્ખું રૂ મળે છે તેની પૂરતી કિંમત મળશે. અમુક સ્પિનરો સાથે અમે પણ વાત કરેલી. તેમણે કહેલું કે, હા, ચોખ્ખું રૂ આપશો તો પૂરતા ભાવ તો મળશે જ.

હકીકતમાં આવું બન્યું નહીં. કપાસની ખરીદી પણ ઊંચા ભાવની થઈ, ચોખ્ખાં રૂના ભાવ મળ્યા નહીં, વ્યાજ વધારે આ બધું જ એકસાથે ભેગું થયુંને ત્યારે લગભગ રૂા. ૧૦ કરોડની નુકશાની વેઠી ગમે તેમ કરી બધું ભરપાઈ કર્યું અને ૧૯૯૯ ના અંત પહેલાં ફેકટરી બંધ કરી દીધી. બંધ કરી ત્યારે પેલા નકારાત્મક વાતો કરી ગયેલા એ બધાને યાદ કર્યા હતા. એ નુકશાનીની રકમ અમે એકલાંએ ભરપાઈ કરી. અમારા ભાગીદાર શ્રી જેન્તીભાઈ ઝાલાવાડિયા કે પ્રેમજીભાઈના ભાગે એકપણ રૂપિયાની નુકશાની આવવા દીધી નહોતી.

કપાસ લઈને રૂ વેચવામાં નફાકારકતા બિલકુલ રહેતી નહીં તેથી ગુજકોટના (ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ કોટન ફેડરેશન લીમીટેડ) અધિકારીઓને બોલાવીને ફેકટરી બતાવી. એમનું જોબવર્ક ચાલુ કર્યું. ગુજકોટ સામાન્ય રીતે ગુજરાતમાં ત્યારે માણાવદરમાં અલગ અલગ ૪ થી ૫ જીનમાં અને બાકીનાં કેન્દ્રો સહિત ૨૨ જગ્યાએ જીનીંગ કરાવતા હતા. પ્રથમ સિઝનમાં રાજુ કોટેક્ષમાં જીનીંગ કર્યું ત્યારે કલીન કોટન માટેની મશીનરીને બાયપાસ કરેલી હતી તો ગુજરાતમાં સૌથી ઓછી વજનઘટ રાજુ કોટેક્ષની પ્રોસેસમાં મળી એટલે ગુજકોટને લગભગ બે ટકા રૂ સસ્તું મળ્યું. રાજુ કોટેક્ષમાં ૩૫% નો ઉતારો મળ્યો અને બાકીનાં કેન્દ્રોમાં ૩૩% નો ઉતારો મળ્યો હતો. આ ઉતારો વધારે મળવાનું કારણ સારી ગુણવત્તાનો કપાસ અને ગુજકોટના અધિકારીઓને ચોરી કરતા સંપૂર્ણપણે અટકાવ્યા, એ જ હતું.

ગુજકોટના અમુક અધિકારીઓએ મારો સંપર્ક કરીને વાત કરી કે અમે માણાવદરમાં ચાલતાં અન્ય જીનીંગમાં દર સિઝનમાં ૬૦ થી ૮૦ લાખ રૂપિયાની ચોરી કરીએ છીએ અને એમાંથી ૪૦% જીનવાળાને આપીએ ૬૦% અમે રાખીએ છીએ. તમને ૫૦% આપીશું પણ ચોરી કરવા દો. મેં સ્પષ્ટપણે ના પાડી અને બિલકુલ ચોરી ન કરવા દીધી. તેના પરિણામસ્વરૂપે જ વજન ઘટ ઓછી થઈ હતી. આ વાત એટલે કહી કે દસ કરોડ રૂપિયાની નુકશાની વેઠી રહ્યા હતા છતાં પણ અમે પ્રામાણિકતા છોડી નહોતી !

ગુજકોટ સાથે ખરીદ–વેચાણનું કામ કરવા માટે સહકારી મંડળીની જરૂરિયાત રહેતી હોવાથી મેં શ્રી સૌરાષ્ટ્ર કપાસ અને રૂ વેચાણ–ખરીદ સહકારી મંડળી બનાવી હતી. એ પછી ગુજકોટ માટે રૂની ખરીદ વેચાણ કરી શકાય. ગુજકોટ પોતાની જરૂરીયાતનું રૂ મારી પાસેથી મંડળી મારફત ખરીદ કરતા.

તે વખતે ગુજકોટના અધિકારીઓમાં મેનેજીંગ ડિરેકટર શ્રી એન. એમ. શર્માસાહેબ, ચેરમેન શ્રી ભગવાનદાસભાઈ અને ખરીદી કરનારા અધિકારીઓ શ્રી શરદ પંડયા, શ્રી વોરાસાહેબ અને શ્રી પ્રશાંત વોરા સાથે હું સતત સંપર્કમાં રહેતો. શ્રી શર્માસાહેબે અમારી પ્રામાણિકતા જોઈને મને ગુજકોટમાં ડાયરેકટર થવા માટે આગ્રહ કર્યો. તેમણે મને કહ્યું કે ડાયરેકટર થવા માટે તમારી પાસે રૂ ખરીદ વેચાણ કરતી મંડળીઓનું જિલ્લા યુનિયન જોઈએ એટલે મેં યુનિયન કરવા માટે ગતિવિધિ આગળ વધારી.

એક મંડળી મારી પાસે હતી અને જૂનાગઢ જિલ્લાના અન્ય બીજાં છ ગામડાંઓના ખેડૂતોને સાથે લઈને છ સહકારી મંડળી બનાવી. એ પછી એક જિલ્લા યુનિયન બનાવવા નક્કી કર્યું. શ્રી જવાહરભાઈ ચાવડા એક જિલ્લા યુનિયન ચલાવતા હતા એટલે બીજું જિલ્લા યુનિયન બનાવવું હોય તો એમનુ 'ના વાંધા પ્રમાણપત્ર' જોઈએ, એ માટે શ્રી જવાહરભાઈનો સંપર્ક કર્યો તો એમણે 'ના વાંધા પ્રમાણપત્ર' આપવાની ના પાડી દીધી.

> શ્રી જવાહરભાઈનો સંપર્ક કર્યો તો એમને 'ના વાંધા પ્રમાણપત્ર' આપવાની ના પાડી દીધી.

મારા જીદ્દી સ્વભાવના કારણે મને તેમની 'ના'થી કોઈ ફરક પડતો નહોતો. હું બીજા દિવસે જૂનાગઢ ખાતે આવેલી સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની ઓફિસે રૂબરૂ ગયો, ત્યાં સરદારગઢના શ્રી વાછાણીભાઈ નોકરી કરતા. એમને મળીને દોસ્તી કરી. એ વખતે શ્રી કૌશિક જોષી જિલ્લા રજિસ્ટ્રાર હતા. શ્રી વાછાણીને જિલ્લા યુનિયન બનાવવા અંગે વાત કરી અને એમણે કહ્યું કે જિલ્લા યુનિયનના બંધારણ માટે તમારી પાસે કોઈ નમૂનો હોય તો આપો એટલે તેમણે શ્રી જવાહરભાઈના યુનિયનની ફાઈલ મને જોવા આપી. તેમાંથી મેં એ યુનિયનના કાર્યકારી પ્રમુખ અને સેક્રેટરીનાં નામ જાણ્યાં. બંનેની સહીઓ પણ જોઈ લીધી. બંને સહીઓ સામાન્ય હતી એટલે મારા માટે સહેલું હતું... જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસમાંથી બહાર નીકળીને મેં શ્રી જવાહરભાઈ ચાવડાના જિલ્લા યુનિયનના નામના પ્રમુખ અને સેક્રેટરીના રબ્બર સ્ટેમ્પ બનાવડાવ્યાં અને લેટરપેડ છપાવીને જાતે જ 'ના વાંધા પ્રમાણપત્ર' બનાવી લીધું : દલા તરવાડીની 'લઉં બે ચાર રીંગણાં, લઈ લે આઠ દશ'ની કહેવત મુજબ.

જૂનાગઢ જિલ્લા રૂ કપાસ ખરીદ વેચાણ યુનિયનની દળદાર ફાઈલ તૈયાર કરીને તેમાં હાથે બનાવેલું 'ના વાંધા પ્રમાણપત્ર' જોડીને હું શ્રી કૌશિક જોષી સાહેબને મળ્યો. પૂરી ફાઈલ ચેક કરી તેમણે પોતાનો રીપોર્ટ બનાવ્યો, જેમાં 'ના વાંધા પ્રમાણપત્ર'નો ઉલ્લેખ કર્યો અને મારા યુનિયનને માન્યતા આપી.

બે ચાર દિવસ પછી ફરી રજિસ્ટ્રાર ઓફિસે વાછાણીભાઈને મળીને પૂછયું પણ ખરું : બધું બરાબર છે ને? જવાબ મળ્યોઃ હા. તેમણે મને માણાવદર તાલુકા વિકાસ કચેરીમાં બેસતા વિસ્તરણ અધિકારીને આપવા માટે મારા યુનિયનના કાગળો આપ્યા અને કહ્યું, તમે પહોંચાડી દેજો... જો હું કાગળ પહોંચાડી દઉં તો વિસ્તરણ અધિકારીને શ્રી જવાહરભાઈ ચાવડાને વ્હાલા થવાનો મોકો મળી રહે એટલે એ બધા કાગળો ઓફિસમાંથી બહાર નીકળીને મેં ફાડી નાખીને કચરા ટોપલીમાં પધરાવી દીધા. એ પછી તો હું મારા કામમાં વ્યસ્ત થઈ ગયો. રજિસ્ટ્રેશનને ૯૦ દિવસ પૂર્ણ થયા એટલે ગુજરાત સરકારના ગેઝેટમાં મારા યુનિયનનું નામ પ્રસિદ્ધ થયું. પૂર્ણ માન્યતા મળી ગઈ એટલે એ જ દિવસે ફરી રજિસ્ટ્રાર ઓફિસે જઈને વાછાણીભાઈ પાસેથી મારા યુનિયનની ઓફિસ કોપી જોવા માગી. વાછાણીભાઈએ ફાઈલ આપી એટલે વાંચવાનો ડોળ કરતાં કરતાં ઓરિજિનલ 'ના વાંધા પ્રમાણપત્ર' ફાઈલમાંથી કાઢીને ખિસ્સામાં મૂકી

દીધું અને ફાઈલ પરત કરી દીધી.

ગેઝેટમાં નામ આવતાં જ શ્રી જવાહરભાઈ ચાવડાને ખબર પડી. તેમણે શ્રી કૌશિક જોષીને ફોન કરી તતડાવ્યા : મારા 'ના વાંધા પ્રમાણપત્ર' વિના તમે કેવી રીતે રજિસ્ટર કર્યું ? સાહેબે કહ્યું કે તમારી ઓફિસમાંથી જ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે અને મેં જોયું છે, એના આધારે જ યુનિયન રજિસ્ટર કર્યું છે ! જવાહરભાઈ રૂબરૂ 'ના વાંધા પ્રમાણપત્ર' જોવા રજિસ્ટ્રાર ઓફિસે ગયા. સાહેબે ફાઈલ મંગાવીને આઠ દશ વખત એક એક કાગળ ફેરવી જોયો પણ 'ના વાંધા પ્રમાણપત્ર' ગાયબ હતું !

બંને વચ્ચે ઝગડો થયો અને શ્રી જવાહરભાઈએ સત્તાનો દુરુઉપયોગ કરી શ્રી જોષીસાહેબની બદલી કરાવી નાખી પરંતુ મારા યુનિયનનું રજિસ્ટ્રેશન રદ ના કરાવી શક્યા. યુનિયન રજિસ્ટ્રેશન થયા બાદ જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના સદસ્યનું પ્રમાણપત્ર લઈને ગુજકોટને આપું એટલે હું ત્યાં ડાયરેકટર બની શકું એમ હતો. મારા યુનિયન વતી જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના સદસ્ય થવા માટે મેં અરજી કરી પરંતુ મારી અરજીને ફાઈલ કરી દેવામાં આવી ત્યારે જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી જેઠાભાઈ પાનેરા હતા. મારી અરજીનો જવાબ મહિનાઓ સુધી તેમણે આપ્યો નહીં કારણ કે તેઓ મને સભાસદ બનાવે તો મને બેંકની ચૂંટણી લડવાનો અધિકાર મળી જાય અને એ લોકોને ડર હતો કે રાજુભાઈ ચૂંટણી લડે તો એ જીતી જાય અને આપણી ભક્તિ ચાલતી બંધ થઈ જાય. એ લોકોએ એક ભૂલ કરી કે એમને મારી સભાસદ થવાની અરજીનો જવાબ લગભગ આઠેક મહિના સુધી ન આપ્યો.

એ જ અરસામાં જિલ્લા સહકારી બેંકની ચૂંટણીની જાહેરાત થઈ અને મેં માણાવદર કોર્ટમાંથી ચૂંટણીની સામે સ્ટે લીધો કે જયાં સુધી મને સભાસદ ન બનાવે ત્યાં સુધી ચૂંટણી મોકૂફ રાખવી. મને તરત સ્ટે મળી ગયો એ પછી શ્રી જેઠાભાઈ પોનરા, શ્રી જેઠાભાઈ જોરા, શ્રી પુંજાભાઈ વંશ, શ્રી વીરા વાળા, શ્રી લીલાભાઈ ખૂંટી, આ પાંચેય સજજનો મને શોધવા નીકળી પડયા. યેન કેન પ્રકારે મારો સંપર્ક કરીને મિટિંગ કરવા માટે જૂનાગઢ તેમના ગેસ્ટ હાઉસ પર બોલાવ્યો. હું મળવા ગયો. વાતચીત થઈ કે તમે ચૂંટણી લડો તો શ્રી વીરાભાઈનું સભ્યપદ જતું રહે કારણ કે તમારી પાસે યુનિયનના સાત મત છે અને શ્રી વીરાભાઈ પાસે એ જ કેટેગરીમાં છ મત છે. મેં એમને સાંત્વના આપી કે મારે જિલ્લા બેંકની ચૂંટણી નથી લડવી. મારે ગુજકોટની ડિરેકટરશીપ લેવી છે અને એ માટે સદસ્યતા જરૂરી છે. એ પછી તરત મને જિલ્લા બેંકનો સદસ્ય બનાવી દેવાયો.

એ લોકોને ડર હતો કે રાજુભાઈ ચૂંટણી લડે તો એ જીતી જાય અને આપણી ભક્તિ ચાલતી બંધ થઈ જાય.

રાજુ કોટેક્ષમાં ગુજકોટ જીનીંગ પ્રેસીંગ કરવા માટે તૈયાર થયું ત્યારે માણાવદરમાં અલગ અલગ ચાર પાંચ જીનીંગ ફેકટરીમાં જીનીંગ થતું, એ બંધ કર્યું અને માત્ર રાજુ કોટેક્ષમાં જ જીનીંગ કરવાનું નક્કી કર્યું તેથી ત્યાંના જીનર્સોના પેટમાં તેલ રેડાયું. સ્વાભાવિક પણ હતું કારણકે એ બધા જ ગુજકોટના રૂ અને કપાસની ચોરી કરીને ધીંગી કમાણી કરતા હતા, સાથોસાથ અમુક ટકા નબળો કપાસ ઊંચા ભાવે ગુજકોટને વહેંચીને એમાંથી પણ નફો રળતાં. પટેલ કોટનવાળા શ્રી રતિભાઈ વિકાણીને તે વખતના માણાવદર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી રતિભાઈ સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. તેઓ ધારાસભ્યશ્રીને લઈને ગુજકોટના અધિકારીઓને રાજુ કોટેક્ષમાં ન બેસવાની રજૂઆત કરવા ગયેલા. સાથે ૨૦૨૨ માં નાયબ મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતિનભાઈ પટેલ પણ ગયેલા પરંતુ મારી પ્રામાણિકતા સામે કોઈનો ગજ વાગ્યો નહીં અને બધા વિલે મોં એ પરત આવી ગયા.

અહીં એક ખાસ વાત યાદ આવી એટલે લખવાની લાલચ રોકી શકતો નથી. શ્રી રતિભાઈ સુરેજા ધારાસભ્ય હતા ત્યારે પોતાના કાર્યકરોની મિટિંગમાં ખાસ સૂચના આપતાં કે તમારે જે કંઈપણ કરવું હોય તે કરજો પણ શ્રી

રાજુભાઈ દોશીની આડે ક્યારેય આવતાં નહીં અથવા રાજુભાઈ દોશીથી દૂર રહેવું... આવું કહેવા પાછળનું કારણ એ નહોતું કે મારી છાપ માથાભારે માણસની હતી પરંતુ હું પ્રામાણિકપણે જીવવાવાળો હતો અને પ્રામાણિકપણે કામ કરતો હોઉં ત્યારે કોઈ વચ્ચે આવે તો તેને તાર્કિક રીતે પછાડી દેવા માટે સક્ષમ હતો.

૧૯૯૭ થી ૨૦૧૦ સુધી માણાવદરમાં રહ્યો ત્યારે લગભગ ૧૯૯૮ થી એવી પ્રથા થઈ ગયેલી કે માણાવદરમાં બદલી થઈને નવા આવનારા પોલીસ સબઈન્સ્પેકટર મારી ફેકટરી પર અથવા મારા ઘરે ઓફિસનો કારભાર સંભાળતાની સાથે જ મળવા આવતા. આ એક પ્રોટોકોલ થઈ ગયેલો અને ઉપરોકત સમય દરમિયાન જે નવા પોલીસ અધિકારી આવ્યા એ બધા જ સાલસતાપૂર્વક મળવા આવ્યાં છે, એ પણ હકીકત છે.

શ્રી રતિભાઈ સુરેજા કાર્યકરોની મિટિંગમાં ખાસ સૂચના આપતાં કે શ્રી રાજુભાઈ દોશીની આડે ક્યારેય આવતાં નહીં...

એવું કહેવાતું અને અત્યારે પણ કહેવાય છે કે પોલીસની દોસ્તી કે પોલીસની દુશ્મની બિલકુલ ન કરવી. પરંતુ મેં બન્ને કરી લીધું અને બન્નેમાં હંમેશા હું ફાયદામાં રહ્યો છું. તેનું એકમાત્ર કારણ એ હતું કે મિત્રતા હોવા છતાં ક્યારેય અધિકારીને એકપણ પ્રકારનાં સારાં નરસાં કામ માટે ભલામણ નથી કરી કે ક્યારેય કોઈ પ્રલોભનો નથી આપવાં પડયાં. આને વધુ ન કહેતાં એમ કહી શકાય કે, લેણાદેવીની વાત છે.

રાજુ કોટેક્ષમાં કપાસની ખરીદી કરવાની હોવાથી રાજુ કોટેક્ષના ખરીદકર્મીઓ ભાયાવદર, ધોરાજી, ઉપલેટા, સુરેન્દ્રનગરના ખેડૂતો અને અન્ય માર્કેટિંગ યાર્ડમાંથી કપાસની ખરીદી કરતા અને આ ખરીદી ઉપર જે તે વિસ્તારના માર્કેટિંગ યાર્ડ શેષ વસૂલ કરતા. માણાવદરમાં શ્રી જવાહરભાઈ ચાવડાના વડપણ હેઠળ ચાલતાં માર્કેટિંગ યાર્ડમાં દરેક વેપારી પાસેથી, જે તે વિસ્તારના માર્કેટિંગ યાર્ડમાં શેષ ભરેલી હોવા છતાં બીજી વખત શેષ ઉઘરાવવામાં આવતી. શેષ ઉઘરાવવાવાળા કર્મચારી શ્રી રાજાભાઈ કાનગડ મુખ્ય માણસ હતા અને તેઓ ખૂબ માથાભારે પણ હતા. પરંતુ રાજુ કોટેક્ષે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને એક જ વખત શેષ ભરેલી હતી. આખા માણાવદર તાલુકામાં સિંગલ શેષ ભરી ફેકટરી ચલાવનારું માત્ર રાજુ કોટેક્ષ એક જ હતું !

બન્યું એવું કે કાલાવડ વિસ્તારમાંથી એકલદોકલ કપાસની ખરીદી કરનારા લોકો ત્યાંના યાર્ડના અધિકારીઓને ખરીદ કરનારા તરીકેનું નામ ખોટી રીતે 'રાજુ કોટેક્ષ' લખાવી દેતાં. રાજુ કોટેક્ષની શાખ ખૂબ સારી હતી એટલે બાકીમાં ટ્રક જવા દેવાતાં. હકીકતે 'રાજુ કોટેક્ષે' ક્યારેય કાલાવડ માર્કેટ યાર્ડ વિસ્તારમાંથી કપાસની ખરીદી કરી જ નહોતી ! બે વર્ષ આમ ચાલ્યું એટલે કાલાવડ માર્કેટ યાર્ડના અધિકારીઓએ શેષ ન ભરવાના ગુના હેઠળ કોર્ટમાં કાર્યવાહી કરી અને મારા નામનું પકડવોરંટ માણાવદર પોલીસ સ્ટેશનમાં મોકલ્યું.

માણાવદર પોલીસ સ્ટેશનમાંથી મારા પર ફોન આવ્યો કે કાલાવડ કોર્ટમાંથી આપના નામનું વોરંટ આવેલું છે એટલે મેં એમને કહ્યું કે, ફેકટરી પર છું. મારી ધરપકડ કરવા આવો... તરત સામેથી કહેવામાં આવ્યું કે, ધરપકડ નથી કરવી. તમે જ કાલાવડ કોર્ટમાં જઈને વોરંટ કેન્સલ કરાવી આવો. સાધારણ ૧૦૦ કે ૨૦૦ રૂપિયાનો દંડ થશે. મારી શાખ અને મરતબો મને કાલાવડ કોર્ટમાં જતાં રોકતો હતો એટલે મારા ખાસમખાસ મિત્ર શ્રી પ્રવીણભાઈ જોષી ને બોલાવી કહ્યું : તું રાજેશ દોશી બનીને કાલાવડ કોર્ટમાં જઈ વોરંટ કેન્સલ કરાવી આવ !

એકપણ શબ્દ બોલ્યાં વિના એ કાલાવડ પહોંચી ગયો અને નામદાર જજ સમક્ષ રાજેશ દોશી તરીકે હાજર થયો. જજ સાહેબે જે દંડની સુનાવણી કરી, એ ભરીને પરત માણાવદર આવી ગયો ! ૧૯૯૮-૯૯ ના વર્ષ દરમિયાન અનિયમિત વરસાદના કારણે કપાસના પાકની સ્થિતિ સારી નહોતી અને પ્રોસેસની ૩.૫% વજન ઘટ, બેંકના ૨૨.૫% વ્યાજ બધાં જ પરિબળોએ ભેગા મળીને કંપનીને નુકશાની તરફ ધકેલી દીધી અને સમય એવો આવ્યો કે માંદા એકમ

તરીકે કેન્દ્ર સરકારના BIFR બોર્ડમાં નોંધણી કરાવી બેંક અને સરકારની લોનની ભરપાઈ કરવા માટે ચર્ચા વિચારણાના અંતે બધાં જ દેણાંની વ્યાજ રહિત મૂળ રકમ દસ કરોડ રૂપિયાની અમે ચૂકવણી કરી દીધી અને રાજુ કોટેક્ષ લિમિટેડ બંધ કર્યું !

૨૦૦૦ ની સાલમાં રાજુ કોટેક્ષ અને આયુર્વેદનાં એકમો મસમોટી ૧૧ કરોડ રૂપિયાની નુકસાની કરી બંધ કર્યા પછી રાજુ કોટેક્ષ ભાડે આપ્યું. વાર્ષિક ભાડું ૨૨ લાખ રૂપિયા આવ્યું. એક વર્ષ પછી ભાડુઆતએ પણ મૂકી દીધું. ત્યારબાદ એકમ બંધ હતું તો અને જે જમીન ઉપર દોઢ લાખ ચોરસ ફૂટની ફેકટરી ઊભી છે અને બેંક તથા ગુજરાત સરકારની સંસ્થાએ લોન આપેલી હતી તે બિનખેતી થયેલી જમીન ૨૦૦૭ માં તે વિસ્તારના તલાટી મંત્રી અને જે ખેડૂત પાસેથી લીધું હતું એ લોકોએ મળીને કંઈક ગોટાળા કરી અને કાગળો કરી સમાહર્તા કચેરીમાંથી બિનખેતીનો હુકમ રદ કરાવી ફરી ખેતીલાયક જમીનમાં ફેરવીને તેના ઉપર ખેતી અંગેની ૨૦ લાખ રૂપિયાની લોન લઇ લીધી. શું કર્યું ? કેવી રીતે કર્યું ? એ આજ સુધી સમજાયું નહોતું.

૨૦૧૦ માં અમોને ખ્યાલ આવ્યો કે આવું થયું છે, એટલે સમાહર્તા કચેરીનો સંપર્ક કર્યો પણ આ તો સરકારી અધિકારી એટલે કોઇ જવાબ ન મળ્યો, એટલે હાઇકોર્ટમાં કેસ મૂકયો જેનો નીવેડો ૨૦૨૩ માં આવ્યો. કોર્ટે હુકમ કર્યો કે સમાહર્તા એ જે ઓર્ડર કર્યો એ રદ કરી અને જમીન રાજુ કોટેક્ષના નામે ચડાવી દેવી. આ ઓર્ડર માણાવદર મામલતદાર શ્રી મારુ ને આપ્યો એને હાઇકોર્ટના ઓર્ડરનું પાલન કરવા માટે અમારી પાસેથી મોટી રકમની માંગણી કરી, અમે ફરી હાઇકોર્ટમાં ગયા અને કહ્યું કે માણાવદર મામલતદારએ તમારા ઓર્ડરને સાંભળ્યો નથી, એટલે હાઇકોર્ટે માણાવદર મામલતદારને બોલાવ્યા અને ઠપકો આપ્યો તો કંઇક બહાનાં બતાવી કહ્યું કે હવે હુકમની અમલવારી કરી દઇશ એ પછી પણ દક્ષિણા લઇને જમીન રાજુ કોટેક્ષના નામે ચડાવી આપી. ત્યારબાદ એ જમીન ઇન્ડિયન નેવી માટેની કોલેજના સંચાલકોને વેચાણથી આપી દીધી.

આ દરમિયાનમાં રાજાભાઇ કાનગડ મારી પાસે આવ્યા અને કહ્યું કે રાજુ કોટેક્ષ મને ચલાવવા આપો એટલે અમે કહ્યું કે તમે રોકાણ કરો. જમીન, મકાન અમારાં, જે નફો થાય તેમાં બંનેનો સરખો ભાગ, એ તૈયાર થઇ ગયા અને ફરી એકમ ચાલુ કર્યું. આશરે બે વર્ષ ચલાવ્યું, તેમાં આશરે ૧.૨૫ કરોડ રૂપિયાની આવક થઇ તેમાંથી ૬૦ લાખ રૂપિયા અમને આપ્યા અને ફરી ફેકટરી બંધ થઇ ગઇ. એ પછી ધૂળધાણી થતી મિલક્તને સાચવવા માટે શ્રી વિનુભાઇ દરાણિયાને કોઇપણ ભાડા વિના વાપરવા આપી, એકાદ વર્ષમાં ખ્યાલ આવ્યો કે તેઓએ પેટા ભાડૂત રાખી લીધા અને જીનિંગને બદલે ત્યાં અન્ય ધંધા ચાલુ થઇ ગયા એટલે તેમને પણ તત્કાળ ખાલી કરવા આદેશ કરવો પડયો.

આ એકમનું બાંધકામ ચાલતું હતું ત્યારે જ ઘણા મુલાકાતીઓએ નહિ ચાલે એવા ઉદ્ગાર કર્યા હતા એ સંપૂર્ણ સાચા પુરવાર થયા.

એ સમય ખૂબ જ કપરો હતો પરંતુ ત્રણે ભાઈઓએ ખભાથી ખભો મેળવીને કામ કરીને એ પારાવાર તકલીફોવાળા સમયમાંથી બહાર નીકળ્યા.

□ □ □

દોશી પરિવારની નિષ્ઠા, સંસ્કાર અને પ્રામાણિકતાનો એક પ્રસંગ પણ મારે કહેવો છે.

૧૯૭૭ માં શ્રી મોરારજીભાઈના વડાપ્રધાનપદે રચાયેલી સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય વિનિમય નિયમન કાયદામાં ફેરફાર કરતા કોકાકોલા કંપનીને તેમનો ભાગ ઓછો કરવાની ફરજ પાડવામાં આવી ત્યારે કોકાકોલા કંપનીને ભારતમાંથી નીકળી જવાની ફરજ પડી અને એ ઝેરી પીણું ભારતમાં બંધ થયું હતું. ફરી ૧૯૯૧ થી ૧૯૯૬ ના વર્ષ દરમિયાન શ્રી નરસિંહરાવ નવમા વડાપ્રધાન બન્યા ત્યારે કોકાકોલાએ પુનઃ ભારતમાં ઝેર વેચવાના ઈરાદા સાથે સરકારશ્રી સાથે વાટાઘાટ ચાલુ કરી.

એ સમયે ગુજરાત તરફથી રાજયસભાના કોંગ્રેસપક્ષના સદસ્યોમાં શ્રી રાજુભાઈ પરમાર પણ હતા, તેઓ મોટાભાઈ ચંદ્રકાંતભાઈ સાથે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના કર્મચારી તરીકે કામ કરતા એટલે બંને વચ્ચે ખૂબ સારી મિત્રતા

હતી. કોકાકોલાની સરકારશ્રી સાથેની વાટાઘાટો દરમ્યાન શ્રી રાજુભાઈ પરમાર સરકારશ્રીની કેન્દ્રીય ઔદ્યોગિક સમિતિમાં હોદ્દેદાર હોવાથી કોકાકોલાની ભારતભરની વેચાણવ્યવસ્થા કોને અપાવવી એ માટે એમનો રોલ મહત્ત્વનો હોઈ તેઓશ્રી ૧૯૯૨ ના અંતમાં કે ૧૯૯૩ ની શરૂઆતમાં ચંદ્રકાંતભાઈને મળવા માણાવદર આવ્યા અને મોટાભાઈને કોકાકોલાની ભારતભરની વેચાણવ્યવસ્થા સંભાળી લેવા આગ્રહ કર્યો. મિત્રતાસભર આગ્રહને વશ થવું જરૂરી હતું, કેમ કે મિત્રતાના સંબંધો કોઈપણ સ્વાર્થ વિના ખૂબ જ સારા હતા.

હું ત્યારે લગભગ ૩૨ વર્ષનો હતો અને રાજુ એન્જીનીયર્સના ઉત્પાદનની બધી જ જવાબદારી સંભાળતો હોવાથી એ મીટિંગમાં બેઠો હતો ત્યારે મોટાભાઈએ બહુ જ સહજ રીતે મિત્રને દુઃખ ન થાય એ રીતે કહ્યું કે, રાજુ, અમે કોકાકોલા કે પેપ્સી પીતા નથી કેમ કે એ પીવાલાયક નથી તો અમે વહેંચીએ કેવી રીતે ? માટે આ વેચાણવ્યવસ્થા માટે તારા બીજા કોઈ મિત્રને તક આપ !

આ રીતે ભારતભરમાં કોકાકોલા વેચાણ કરવાની તક હસતા મોઢે છોડી દીધી. આજની તારીખે મેં પેપ્સી કે કોકાકોલા જેવા પીણાંનો સ્વાદ ચાખ્યો નથી. ઠંડાં પીણાં તો ઠીક, બહારનું ન ખાવાની આદત પણ મને લગભગ ૧૯૮૫થી છે, જે આજ સુધી બરકરાર છે. શરૂઆતના વર્ષોમાં લગ્નપ્રસંગે જવાનું હોય તો ત્યાં જમતો પરંતુ શકય હોય ત્યાં સુધી પ્રસંગોનું કે હોટેલનું ભોજન લેતો નહીં. ઘરનું ભોજન જ પસંદ હતું ને એ જ ભોજન આરોગતો. મારા પોતાના લગ્ન વખતે પણ સસરા પક્ષમાં કહેલું હતું કે મારા માટે ઘરેથી બનાવેલી રોટલી, દાળભાતની થાળી રાખજો અને એ જ ભોજન મને આપવામાં આવ્યું હતું...

એ પછી શૈલીના લગ્ન લઈને પોરબંદર ગયો ત્યાં લગનીયા આવ્યા હોય એટલે ફરસાણ મિષ્ટાન્ન હોય જ. જમવા બેસતી વખતે મેં કહ્યું કે મારે તળેલું ખાવાની મનાઈ છે એટલે મને દાળભાત આપી દો... બનેવીએ પૂછયું કે, કેમ ? મેં કહ્યું : મને બ્રેઈન ટયુમર છે એટલે બધા અચંબામાં પડી ગયેલા અને મને રોટલી, દાળ, ભાત, શાક પીરસી દીધું. હું જમીને નીકળી ગયો પછી તરત શૈલીને ફોન આવ્યો કે : તે અમને કીધું નહીં કે તારા ભાઈને બ્રેઈન ટયુમર છે ! શૈલીએ જવાબ આપ્યો કે તમે તળેલું જમવાનું આપ્યું હશે...

એ પછી વિગતે વાત કરી કે તળેલું જમવાનું આપીએ એટલે તરત બ્રેઈન ટયુમર થઈ ગયું એવું ખોટું બોલે છે! ૯૫ ટકા દિવસોમાં મારો ખોરાક એકદમ એકસરખો જ રહ્યો છે. આજે પણ છેલ્લાં સાત વર્ષથી સવારે અને સાંજે બે જ ટાઈમ, એ પણ એકસરખી જ વસ્તુઓ ભોજનમાં લઉં છું.


PROSPECTUS
RAJOO ENGINEERS LIMITED
PUBLIC ISSUE OF 9,00,000 EQUITY SHARES OF RS. 10/- EACH FOR CASH AT PAR AGGREGATING RS. 90 LACS.
ISSUE OPENS ON 9TH AUGUST 1994
ANAGRAM FINANCE LIMITED
INTECH SYSTEMS PVT. LTD.


ESSEN SPECIALITY FILMS LIMITED
OUR PROMOTERS: PALLAV KISHORBHAI DOSHI, KHUSHBOO CHANDRAKANT DOSHI AND KARISHMA RAJESH DOSHI
PRICE BAND: RS. 101 TO RS. 107 PER EQUITY SHARE OF FACE VALUE RS. 10/- EACH.
ANCHOR INVESTOR BIDDING DATE: THURSDAY, JUNE 22, 2023
BID/ ISSUE OPENS ON: FRIDAY, JUNE 23, 2023
BID/ ISSUE CLOSES ON: TUESDAY, JUNE 27, 2023

પૈસા માટે પાપના ભાગીદાર બનવાની
મારી કે પરિવારના એકપણ સદસ્યની
ઈચ્છા નહોતી તેથી દશ મહિનામાં ફેક્ટરીનો
કારોબાર બંધ કરીને વધુ એક
કરોડ રૂપિયાની નુકશાની દોશી પરિવારે વેઠી લીધી...



તેમણે શ્રી ગઢવીને ખુલ્લી ધમકી આપી કે તમે તહોમતદારને છોડી દો નહિતર તમારી વર્દી ઊતરી જશે. ગઢવીસાહેબને રીટાયર્ડ થવાને એક વર્ષની વાર હતી. તેઓ ખૂબ ડરી ગયા. તેમણે મને કહ્યું કે, તહોમતદારને છોડવો પડશે નહિતર સાહેબ મારી વર્દી ઉતારી દેશે... મેં બહુ સહજતાથી શ્રી ગઢવીસાહેબને કહ્યું કે, છોડી દેશો તો હું તમારી વર્દી ઉતરાવી દઈશ, એટલે બન્ને સ્થિતિમાં તમારી વર્દી તો જવાની જ છે તો હું કહું એમ કરો.

૬

રાજુ કોટેક્ષ વખતના અનુભવોની વાત હજુ મારે કરવાની છે.

પ્રેમજીભાઈ ૧૯૯૪ માં રૂ ગાંસડીનો ધંધો કરતા હતા ત્યારે તેમના ૧૨,૫૦,૦૦૦ રૂપિયા તમિલનાડુના ધર્મપુરી શહેરના ધારાસભ્યના પુત્ર પાસે બાકી રહી ગયેલા. ધારાસભ્યના પુત્ર હોવાને કારણે તે જવાબ પણ આપતો નહોતો. પ્રેમજીભાઈએ એ રકમ માંડવાળ કરેલી પરંતુ ૧૯૯૮ અને ૧૯૯૯ માં કોઈમ્બતૂરના બે સ્પિનિંગ મિલવાળા પાસેથી રાજુ કોટેક્ષની ફસાયેલી મેં રકમ કઢાવી હતી તેથી તેમણે આવીને મને પોતાનો કેસ કહ્યો. મેં એમને માર્ગદર્શન આપ્યું. એ મુજબ કરતાં સહજ રીતે માણાવદર ન્યાયાલયમાંથી CRPC-70 અન્વયે ધારાસભ્યશ્રીના પુત્રના નામનું પકડ વોરંટ કઢાવ્યું. વોરંટ આવ્યું ત્યારે ધારાસભ્યનો પુત્ર માજી ધારાસભ્યનો પુત્ર થઈ ગયેલો. આ ધારાસભ્ય, ત્યારના તમિલનાડુના મુખ્યમંત્રીના અગ્રસચિવ અને ગુજરાતના આઈજીપી, ત્રણેય એક જ શહેરના અને એક જ જ્ઞાતિના હતા. આ વાતની ખબર માજી ધારાસભ્યના પુત્રની રાત્રે અગિયાર વાગ્યે એમના નિવાસસ્થાનેથી ધરપકડ કર્યા પછી જાણવા મળેલી.

તમિલનાડુ પોલીસની મદદ વિના, મારી સાથે આવેલા ફરજ પરના માણાવદરના પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી ગઢવીસાહેબ અને માળિયા ફરજ પરના PSI શ્રી એન. જી. સૈયદસાહેબ (મારા મિત્ર હોવાના કારણે) વોરંટની બજવણી કરવા આવેલા... તહોમતદારના ઘરની સામે પહેરો લગાવી અમે બે કલાક ઊભા રહ્યા ત્યાં તહોમતદાર ઘરમાં પ્રવેશ કરતો દેખાયો. તરત અમે તેને વોરંટ બતાવીને અમારી ગાડીમાં બેસાડી દીધો અને ગાડી કોઈમ્બતૂર તરફ હંકારી ગયા. લગભગ રાત્રે એક વાગ્યે હાઈવેની ચેક પોસ્ટ પર તામિલનાડુ પોલીસે કોર્ડન કરીને અમારી ગાડી રોકાવી અને અમને ધર્મપુરીના ડીએસપી શ્રી તમિલ સેલ્વમ સાથે વાત કરવા કહ્યું. કમનસીબી એ હતી કે મારી સાથે બે પોલીસ સબ ઈન્સ્પેકટર હતા. બંનેમાંથી એકેયને સાચી હિન્દી પણ બોલતાં નહોતી આવડતી એટલે વાયરલેસ દ્વારા ત્યાંના ડીએસપી સાથે મેં વાત કરી. તેમને સમજાવ્યા કે ગુજરાત પોલીસે CRPC-70 વોરંટ સાથે ધરપકડ કરેલી છે. શ્રી તમિલ સેલ્વમસાહેબે કીધું કે, તમે અત્યારે જ મારા ઘરે આવો...

આટલી વાત કરીને હું ચોકીમાંથી બહાર નીકળ્યો ત્યાં જ માજી ધારાસભ્યના ગુંડાઓએ આવીને ગુજરાત પોલીસના કબ્જામાંથી તહોમતદારને છોડાવી લીધો. એ જ સમયે ત્યાંના ડીવાયએસપી જીપ લઈને આવી પહોંચ્યા

એટલે એમને અમારા કાગળો બતાવી કહ્યું કે, તહોમતદારને અમને સોંપી દયો ! ડીવાયએસપીએ પણ અમારી ફેવરમાં કામ કર્યું એટલે બધા તહોમતદારની જાન લઈને શ્રી તમિલ સેલ્વમના ઘરે પહોંચ્યાં, ત્યાં બધી વિગતવાર વાત થઈ અને સાહેબ અમારી વાતથી સંતુષ્ટ થયા એટલે તેમને આગળની કાર્યવાહી સમજાવી. શ્રી તમિલ સેલ્વમસાહેબે અમને કહ્યું કે, આ માણસો બહુ મોટાં અનિષ્ટ છે અને એ તમને અત્યારે નીકળવા નહીં દે. એટલે તમે લોકલ પોલીસ સ્ટેશનમાં તહોમતદારને લોકઅપમાં મૂકી ચાવી તમારી પાસે રાખજો અને સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી પણ કરાવી લેજો !

એ મુજબ કરી અમો હોટેલ પર સૂવા ગયા ત્યાં પેલા તહોમતદારના લોકો હોટેલ પર લાઠી, હોકી, તલવાર લઈને મારવા આવી પહોંચ્યા. તરત અમે ડીએસપીને વાત કરી એટલે અમને તત્કાલ પોલીસ બંદોબસ્ત મળી ગયો. CRPC-70 અન્વયે વોરંટ સામે ધરપકડ કરાયેલાં તહોમતદારને ચોવીસ કલાક પૂર્ણ થયે જે તે જગ્યાના મેજિસ્ટ્રેટ પાસેથી આગળ પ્રવાસ કરવાની પરવાનગી લેવી પડે. અમે તહોમતદારની ધરપકડ કરી તેને લગભગ દશ કલાક થયેલી તો રસ્તામાં બીજેથી પ્રવાસ કરવાની પરવાનગી લેવા કરતાં અમે ત્યાંના જ મેજિસ્ટ્રેટ પાસેથી પરવાનગી લઈ આગળ પ્રવાસ કરવા વિચાર્યું.

હોટેલમાંથી નીકળી તહોમતદારને લોકઅપમાંથી લઈને અમે ત્યાંની ન્યાયાલયના ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટના ઘરે જઈને બધી વિગત સમજાવી. સર્વપ્રથમ મેજિસ્ટ્રેટ મારા ઉપર ગુસ્સે થયા કે તમે કેમ યુનિફોર્મ નથી પહેર્યો? ત્યારે મેં કહ્યું કે હું ટ્રાન્સલેટર (દુભાષિયા) તરીકે સાથે આવ્યો છું એટલે એમણે મારી સાથે વાત કરી. મેં એમને કહ્યું કે CRPC-70 ના અન્વયે તહોમતદારની ધરપકડ ગુજરાત પોલીસે કરી છે અને અમારે આગળ પ્રવાસ કરવાનો હોવાથી આપની પરવાનગી લેવા આવ્યા છીએ... એમણે પબ્લિક પ્રોસિકયુટરને બોલાવી પૂછયું કે, આમાં હું પરવાનગી આપી શકું ? પબ્લિક પ્રોસિકયુટરે બુક ખોલી બતાવ્યું કે હા સાહેબ, આપ પરમિશન આપી શકો. આટલી વાત થઈ ત્યાં તહોમતદારના પક્ષના અમુક લોકોએ આવીને જજસાહેબને તમિલભાષામાં પ્રલોભનો આપ્યાં એટલે સાહેબે મને કહ્યું કે, તમે કોર્ટમાં આવી બોર્ડ પર રજૂઆત કરો.

મને ડર હતો, એ જ થયું. જો બોર્ડ ઉપર જઈને અને તહોમતદારનો વકીલ સ્વાસ્થ્ય સારું નથી એવી ફરિયાદ કરે તો ગુજરાત પોલીસના અધિકારીઓને તહોમતદાર સાથે હોસ્પિટલમાં રહેવું પડે !

પબ્લિક પ્રોસિકયુટર જજસાહેબને બુકમાં બતાવતા હતા ત્યારે મેં પણ વાંચી લીધું હોવાથી મને ખબર હતી કે ડીએસપી અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ, ડેપ્યુટી કલેકટર પણ આવી પરવાનગી આપી શકે એટલે તુરંત અમે ડેપ્યુટી કલેકટરના ઘરે જઈ લેખિત અરજી આપી (અને પોલીસ સબઈન્સપેકટરને અરજી કેમ લખવી કે હિન્દીમાં કેમ રજૂઆત કરવી એ પણ આવડતું નહોતું એટલે બધું જ મેં કર્યું હતું) અને ડેપ્યુટી કલેકટરસાહેબને અમારી લેખિત અરજીમાં Allowed લખ્યું. એ જ સમયે તહોમતદારના વકીલ અરજી લઈને આવ્યા કે તહોમતદારને છાતીમાં દુઃખાવો થાય છે... જે ડર હતો એ જ થયું એટલે સાહેબે Allowed after medical treatment લખી નાખ્યું એટલે અમે તરત ડેપ્યુટી કલેકટરના ઘરમાંથી બહાર નીકળીને તેમણે ઉપરોકત નોંધ કરેલો કાગળ ફાડી નાખ્યો. ડીએસપીસાહેબને બધી સત્ય વાત ફોન પર કહીને વિનંતી કરી કે તમે આગળ પ્રવાસ કરવાની પરવાનગી આપી શકશો.

મેજિસ્ટ્રેટ મારા ઉપર ગુસ્સે થયા કે તમે કેમ યુનિફોર્મ નથી પહેર્યો ત્યારે મેં કહ્યું કે હું ટ્રાન્સલેટર તરીકે સાથે આવ્યો છું.

ડીએસપીસાહેબે અમને એમની ઓફિસે બોલાવ્યા તો ત્યાં પેલા પબ્લિક પ્રોસિકયુટર હાજર હતા. એમની પાસે બુક પણ હતી. સાહેબને વાજબી લાગ્યું એટલે મને એક પેપર આપ્યો અને બોલ્યા Write down as what I dictate.

સાહેબ લખાવતાં ગયા એમ મેં લખ્યું અને સાહેબે સહી સિક્કા કરી દીધા. અમને કર્ણાટક બોર્ડર સુધી પહોંચાડવા માટે પોલીસ બંદોબસ્ત પણ આપ્યો. અમારી સાથે આટલો જુલમ થયો હતો છતાં પણ તહોમતદાર ઉઘાડા પગે આવેલો હતો એટલે અમે તેને નવા સ્લીપર પણ લઈ આપ્યા હતા. કર્ણાટકમાં પ્રવેશ્યા પછી બેંગ્લોર એરપોર્ટ પર જઈને વાયા મુંબઈ અમે રાજકોટ પહોંચ્યા. મારા રાજકોટના નિવાસસ્થાને ચા નાસ્તો કરી સાંજે પાંચ વાગ્યે માણાવદર પહોંચ્યા એટલે બન્ને પીએસઆઈ અને તહોમતદારને મારી ફેકટરી પર રાખ્યા કારણ કે રાત્રે આઠ વાગ્યે તેને જજસાહેબના ઘરે હાજર કરવાની ઈચ્છા હતી !

મેં બહુ સહજતાથી શ્રી ગઢવીસાહેબને કહ્યું કે, છોડી દેશો તો હું તમારી વર્દી ઉતરાવી દઈશ.

બીજી તરફ ધર્મપુરીમાં માજી ધારાસભ્ય એકદમ ગુસ્સામાં આવી ગયા હતા. તેઓએ તે વખતના અગ્ર સચિવ મારફત ગુજરાતના આઈજીપીનો સંપર્ક કરીને જૂનાગઢ ડીએસપીશ્રી પાટડિયા મારફત મારા સુધી પહોંચી ગયા.

રાજુ કોટેક્ષમાં અમે બેઠેલા, ત્યાં શ્રી પાટડિયાનો ફોન આવ્યો. મને પૂછયું : મિ.ગઢવી છે ત્યાં ? મેં ગઢવીસાહેબને ફોન આપ્યો એટલે તેમણે શ્રી ગઢવીને ખુલ્લી ધમકી આપી કે તમે તહોમતદારને છોડી દો, નહીંતર તમારી વર્દી ઊતરી જશે.

શ્રી ગઢવીસાહેબને રીટાયર્ડ થવાને એક વર્ષની વાર હતી એટલે ધમકીથી તેઓ ખૂબ ડરી ગયા. તેમણે મને કહ્યું કે, તહોમતદારને છોડવો પડશે નહીંતર સાહેબ મારી વર્દી ઉતારી દેશે. મેં બહુ સહજતાથી શ્રી ગઢવીસાહેબને કહ્યું કે, છોડી દેશો તો હું તમારી વર્દી ઉતરાવી દઈશ, એટલે બન્ને સ્થિતિમાં તમારી વર્દી તો જવાની જ છે, તો હું કહું એમ કરો. આઠ વાગ્યે જજસાહેબ પાસે રજૂ કરો અને હું રિમાન્ડ મેળવી લોકઅપ કરાવી દઉં પછી ડીએસપીને જે કરવું હશે તે કરશે.

શ્રી ગઢવીસાહેબ પાસે કોઈ વિકલ્પ નહોતો એટલે રાત્રે આઠ વાગ્યે જજસાહેબના ઘરે જઈ રિમાન્ડ માગ્યા તો અમને દશ દિવસના રિમાન્ડ મળી ગયા !

રાત્રીના આઠ વાગ્યા સુધીમાં અમે ધારાસભ્ય શ્રી રતિલાલ સુરેજાને રજૂઆત કરી કે તમે ડીએસપીને ભલામણ કરો કે માણાવદરના વેપારીના પૈસા સલવાણા છે, એ કઢાવવા મદદ કરો...

...પણ જાડી ચામડીના રાજકારણીએ જવાબ આપ્યો કે, ડીએસપીને પૈસા જોતા હશે આપી દો.

એ જવાબ મળ્યાં પછી પોરબંદર વિસ્તારના સાંસદ શ્રી ગોરધનભાઈ જાવિયાને ફોન કરી મેં બધી વિગત સમજાવી કે આઈજીપી આવી નાની બાબતમાં રસ લઈ અમારા કેસને બગાડે છે તો તમે ગૃહમંત્રીને વાત કરો. લગભગ અડધા કલાક પછી શ્રી ગોરધનભાઈનો ફોન આવ્યો અને કહ્યું કે મેં ગૃહમંત્રી સાથે વાત કરી પણ ગૃહમંત્રી કહે છે કે આઈજીપી મારું માનતો નથી. આ સાંભળી મને ખૂબ ગુસ્સો આવ્યો એટલે મેં કહ્યું કે તમે અને ગૃહમંત્રી વાટકીમાં પાણી લઈ ડૂબી મરો.

એ પછી અમે સતત ડીએસપી પાટડિયાના ગેરકાયદેસરના દબાણ હેઠળ વિચારી રહ્યા હતા કે શું કરવું ? વકીલની સલાહ લીધી તો કહે કે રિમાન્ડ વેકેન્ટ કરવાની અરજી જૂનાગઢની કોર્ટમાં થશે તો રિમાન્ડ વેકેન્ટ થઈ જાશે અને તહોમતદાર છૂટી જશે.

એટલે એ જ રાત્રે દશ વાગ્યે જૂનાગઢના ખ્યાતનામ વકીલશ્રી કાળુભાઈ પટેલ પાસે ગયા અને તેમને હકીકત વર્ણવી. એ વકીલ હતપ્રભ થઈ ગયા અને બોલ્યા કે આ કામ કોઈ જેવો તેવો માણસ ન કરી શકે એટલા માટે હું તમને રિમાન્ડ વેકેન્ટ ન થાય એવો રસ્તો અત્યારે જ કરાવી આપીશ. એમણે કોઈ મહિલાજજને ફોન કરીને કહ્યું કે, મેડમ અમારે અત્યારે જ આપને મળવું છે... શ્રી કાળુભાઈની પ્રતિષ્ઠાને કારણે એમણે અમને મળવાની હા પાડી. કાળુભાઈએ

અમને કહ્યું કે જજસાહિબાને બે દીકરી છે, એમના માટે બે ફ્રોક અને થોડા પૈસા લઈને જવું પડશે.

રાત્રે જૂનાગઢમાં શ્રી લખુ ભોજાણી જે મારા બાળપણના મિત્ર હતા, એમની તૈયાર કપડાંની દુકાન ખોલાવીને ફ્રોક લીધાં અને જજસાહિબા પાસે પહોંચીને આખી હકીકત જણાવીને તેમને કહ્યું કે, રિમાન્ડ વેકેટ થવાની અરજી આવે તો સુનાવણીની તારીખ ૮ દિવસ પછીની આપી દેવી જેથી અમારી મહેનત પર પાણી ન ફરી વળે.

જજસાહિબા સહમત થયાં પછી ત્યાંથી જ ગુજરાત સમાચારના રાજકોટ ખાતે બેસતાં શ્રી સૂર્યકાન્ત મહેતા (તેઓ અમારા મોટાભાઈના મિત્ર હતા) ને ફોન પર આખી હકીકત જણાવી એટલે એમને જૂનાગઢ જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટડિયાને ફોન કરી કહ્યું કે, માણાવદર પોલીસ ધર્મપુરીથી તહોમતદારને પકડીને લઈ આવ્યા છે. એમની પાસેથી તમે ઘૂંસ લઈને છોડાવવા માટે દબાણ કરો છો એ વાત આવતીકાલના 'ગુજરાત સમાચાર'ના મુખ્ય સમાચાર હશે.

આટલી વાત થઈ અને શ્રી પાટડિયાને ધીમી ધારના ઝાડા થઈ ગયા અને મને ફોન કરી કહ્યું કે તું જેમ કહીશ એમ સમાધાન થઈ જાશે. તું 'ગુજરાત સમાચાર'ના તંત્રીને ના પાડી દે કે આવું કંઈ ન છાપે અને બીજા દિવસે તહોમતદારનાં સગાંવ્હાલાંને ગુજરાતના આઈજીપીના ખર્ચે ટાટા સુમોમાં જૂનાગઢ લવાયા અને મને માણાવદરથી બોલાવ્યો. ઘણી બધી દલીલો પછી ૧૨,૫૦,૦૦૦ રૂપિયામાંથી ૪,૫૦,૦૦૦ રોકડા તથા ૮ લાખના ચેક મળ્યા !

માત્રને માત્ર મારી પોતાની હિંમતના કારણે જ આ કાર્ય સહેલાઈથી પાર પડેલું અને સલવાયેલી રકમ પરત મળી હતી પણ આ અનુભવે એ સાબિત કર્યું કે, ગુજરાતના વેપારીઓની સત્ય વાતને તમિલનાડુના પોલીસ અધિકારીઓએ સહકાર આપ્યો તેમજ બધી હકારાત્મક વ્યવસ્થા કરી આપી. પરંતુ ગુજરાતના જ રાજકારણીઓ, પોલીસ અધિકારીઓએ બિલકુલ સહકાર આપ્યો નહીં અને હવનમાં સતત હાડકાં નાખવાનું કામ કર્યું !

□ □ □

૧૯૮૪ થી આયુર્વેદ અને દવાઓમાં મને રસ પડતો હતો. આ જ કારણે ૨૦૦૦ ની સાલમાં રાજુ કોટેક્ષના ખાલી પડેલા બિલ્ડીંગમાં આયુર્વેદા ઈનકોર્પોરેશન નામની ફાર્મસીની સ્થાપના કરી. આયુર્વેદના પ્રાચીન ગ્રંથોમાં દર્શાવાયેલાં ઔષધીય સૂત્રો પ્રમાણે ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાની ઔષધિઓ વાપરીને દવા બનાવવાનો નિર્ધાર કર્યો. જૂન, ૨૦૦૦ માં ભારત સરકાર દ્વારા આર્યુવેદિક, સિધ્ધ અને યુનાની દવાઓ બનાવવા માટે, ગુડ મેન્યુફેકચરીંગ પ્રેકટીસનો. શિડયૂલ 'ટી' અંતર્ગત ગેઝેટ નોટિફિકેશન GSR NO. 560E દ્વારા બહાર પડયું. આ કારણે ફરજિયાતપણે નો. શિડયૂલ 'ટી' અંતર્ગત ઉત્પાદન પ્રોસેસ અને ઉત્પાદન માટેના ફેકટરી શેડની જરૂર ઊભી થઈ.

રાજુ કોટેક્ષનાં બિલ્ડીંગ ખૂબ સારાં હતાં એટલે એમાં જ જરૂરી ફેરફાર કરીને શિડયૂલ 'ટી' અંતર્ગત દવાઓ બનાવવાની ગુજરાત સરકારના ખોરાક અને દવા નિયમન તંત્ર પાસેથી મંજૂરી મેળવી.



આર્યુવેદિક દવાઓ બનાવવા માટેનું એકમ - ૧૯૯૯-૨૦૦૦

કેન્દ્ર સરકારના આયુર્વેદ વિભાગ પાસેથી આયુર્વેદિક ફોર્મ્યુલેશન ટેસ્ટીંગ લેબોરેટરી માટેનું પણ લાઈસન્સ મેળવ્યું અને આ લેબોરેટરી થયા પછી ગુજરાતમાં કોઈપણ યુનિટને આયુર્વેદિક દવા બનાવવી હોય તો મારી લેબોરેટરીનું પૃથક્કરણ પ્રમાણપત્ર ન હોય ત્યાં સુધી ગુજરાત સરકારની મંજૂરી એ દવાને મળતી નહીં. લેબોરેટરી શરૂ કર્યા પછી અમે અલગ અલગ ૨૯ પ્રકારની દવાઓનું નિર્માણ કાર્ય ચાલુ કર્યું, જેમાં પાવડર, ટેબલેટ, કેપ્સ્યુલ, ઓઈલ અને ઓઈન્ટમેન્ટ તેમજ સિરપની છ કેટેગરી હતી. સારી રીતે વેચાણકાર્ય અને ઉત્પાદનકાર્ય થઈ શકે એ માટે દરેક કેટેગરીના નિષ્ણાત વેચાણકર્તા તથા ફાર્માસીસ્ટની નિમણૂક કરવામાં આવી અને ઉત્પાદનકાર્ય ચાલુ કરતાંની સાથે જ વેચાણ શરૂ કરતાં પહેલાં ગુજરાતનાં અલગ અલગ કેન્દ્રોમાં સારા પ્રતિષ્ઠિત હોંશિયાર ડૉક્ટરોની મુલાકાત લેવાનું ચાલુ કર્યું. સાથે સાથે આયુર્વેદ કોલેજમાંથી ભણતર પૂર્ણ કરી BAMS અથવા માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરેલા ડોકટરો સાથે પરિસંવાદ કરીને બધાને અમારી દવા અને ઉત્પાદન સગવડોથી વાકેફ કર્યા.

શ્રેષ્ઠ ગુણવતાનાં ઉત્પાદન તૈયાર થઈ ગયાં, સરસ પેકિંગમાં માર્કેટમાં ડિસ્ટ્રીબ્યૂટર મારફતે મૂકવામાં આવ્યાં. અમારી મોટાભાગની દવાઓની ક્લિનિકલ ટ્રાયલ ભારતની મોટી આયુર્વેદ હોસ્પિટલો મારફત કરવામાં આવી. ડૉક્ટરોને નિયમિત મળવાનું ચાલુ થયું પણ મોટાભાગના ડૉક્ટરો સારી સારી વાતો કરતા પરંતુ જરૂરી દર્દીઓને રોગ મટાડવા માટે ડૉક્ટર દ્વારા અમારી દવા લખવાનું ચાલુ થતું નહોતું.

> અમે ડૉક્ટરોને કમિશન આપીશું તો જ અને ત્યારે જ તેઓ દવા લખશે અને અમારી બનાવેલી દવા વેચાશે.

અમે ફરી બધા જ ક્લિનિકલ રિપોર્ટનાં પરિણામો અંગે ડૉક્ટરોને વાકેફ કર્યા તેમ છતાં દવાઓ જરૂરિયાતમંદ દર્દીને લખી આપવામાં ડૉક્ટરો રસ દાખવતા નહોતા. ડિસ્ટ્રીબ્યૂટર, રિટેઈલર મારફતે બારીકાઈથી તપાસ કરતા ખબર પડી કે અમે ડૉક્ટરોને કમિશન આપીશું તો જ અને ત્યારે જ તેઓ દવા લખશે અને અમારી બનાવેલી દવા વેચાશે. જાણીને મને ખૂબ અચરજ થઈ અને થોડો આંચકો પણ લાગ્યો, છતાં પણ અમે ડૉક્ટરોને મળીને તેમની અપેક્ષા સમજવાની કોશિશ કરી ત્યારે નીચેના જવાબો મળ્યા :

- ☐ હું એમ.ડી. આયુર્વેદ ડૉક્ટર છું. ૨૦ વર્ષથી દવાખાનું છે તો MRP કિંમત ઉપર મને ૬૫% રકમ આપશો તો હું દવા નિયમિત લખીશ.
- ☐ હું ફ્રેશ ડૉક્ટર છું મને દવાખાનાની જગ્યા ભાડાં ઉપર અપાવી દો અને એક વર્ષનું ભાડું તમે ભરી દેશો તો હું તમારી કંપનીની દવા લખીશ. કમિશન આપણે પછી નક્કી કરીશું.
- ☐ હું BAMS ડૉક્ટર છું અને લગભગ ૧૫ વર્ષથી દવાખાનું ચલાવું છું અને રોજના લગભગ ૫૦ થી ૬૦ દર્દીઓ જોઉં છું. મારા પરિવારના ચાર લોકોને વર્ષમાં બે વખત એક એક અઠવાડિયાની વિદેશ યાત્રાની વ્યવસ્થા કરાવી દેશો તો તમારી કંપનીની દવા લખીશ.
- ☐ હું ફ્રેશ એમ.ડી. આયુર્વેદ થયો છું. દવાખાનું પણ તૈયાર છે. ફર્નિચર અને કોમ્પ્યુટર ઘટે છે તો આપ એ બધું કરાવી આપો. ખર્ચ આશરે ત્રણ લાખ રૂપિયાનો છે. એ પછી હું તમારી કંપનીની દવા લખીશ સાથે ૨૦ ટકા કમિશન લઈશ...

આવી ડિમાન્ડ અને વાતો સાંભળીને ખૂબ જ દુઃખ થયું. જે ડૉક્ટરને ભગવાન સમજી દર્દી તેમની પાસે સારવાર માટે જાય છે એ ડોકટરો આટલા દુરાચારી કેવી રીતે થઈ શકે ?! આયુર્વેદા ઈન્કોર્પોરેશન ચાલતી હતી એ વખતે ભુજના આયુર્વેદમાં માસ્ટર કરેલા એક ડોકટરે મારા મેડિકલ રિપ્રેઝન્ટેટીવને અપમાનિત કરતાં કહ્યું કે, તમારી કંપની એક જ વનસ્પતિનાં અલગ અલગ નામ લખીને લોકોને છેતરવાનું કામ કરે છે. કિડનીની પથરી કાઢવાની દવામાં






આર્યુવેદા ઇનકોર્પોરેશનનાં, અલગ-અલગ ઉત્પાદનો









પત્થરફોડી અને પાષાણભેદ એવી બે વનસ્પતિનો ઉપયોગ દર્શાવ્યો છે પણ બન્ને એક જ વનસ્પતિ છે !

મેડિકલ રિપ્રેઝન્ટેટિવનો મને ફોન આવ્યો કે આપણી STONEX દવાની ફોર્મ્યુલામાં ભૂલ છે એટલે ભુજના ડોકટરે મને હડધૂત કર્યો.

મેં તરત ડોકટરને ફોન કરીને વાત કરીને સમજાવ્યા કે સાહેબ, આપની કંઈક ભૂલ થાય છે. બન્ને વનસ્પતિ અલગ અલગ છે. બન્નેની ફાર્માકોલોજી પણ અલગ છે. આપ ફેક્સ નંબર આપો તો હું હમણાં જ આપને ફેક્સ પર બન્નેની ફાર્માકોલોજીના ડોકયૂમેન્ટ મોકલું...

ડોકટરે પડોશી એસટીડીપીસીઓનો ફેક્સ નંબર આપ્યો એટલે મેં તત્કાળ ફેક્સ કર્યો, મારા રિપ્રેઝન્ટેટિવ એ લઈને ડોકટરને બતાવ્યો. એ પછી મેં ફરી ડોકટરને ફોન કરીને વાત કરી ત્યારે તેમણે સ્વીકાર્યું કે બન્ને વનસ્પતિ અલગ છે. મારી જ ભૂલ હતી... છતાં આ ડોકટરને મારી દવા લખવાના પૈસા જોઈતા હતા !

ડૉકટરોને પૈસા આપવા કે કમિશન આપવું એ ખૂંચતું નહોતું પરંતુ ડૉકટરોને કમિશન રૂપે વધુને વધુ પૈસા ત્યારે જ મળે કે જયારે એ વધુને વધુ દવાઓ દર્દીને લખી આપે અને આ લાલચમાં કોઈપણ રોગનો દર્દી હોય અને તેમને મારી કંપનીની દવા લાગુ પડે કે ના પડે, એ તો લખી જ દે અને મારો વેપાર ચાલે પણ સચ્ચાઈ એ હતી કે એમ થાય તો હું પણ આ પાપનો ભાગીદાર બનું !

માત્ર પૈસા માટે થઈને આ પાપના ભાગીદાર બનવાની મારી કે પરિવારના એક પણ સદસ્યની ઈચ્છા નહોતી તેથી દશ મહિનામાં ફેકટરીનો કારોબાર બંધ કરી ફરી એક કરોડ રૂપિયાની નુકશાની દોશી પરિવારે વેઠી લીધી. આજે પણ મોટાભાગના ડૉકટરો પોતાના કમિશન માટે થઈને લોકોને જરૂરી હોય તેના કરતાં દશ ગણી દવાઓ લખી આપે છે.

□ □ □

૧૯૮૫ માં મારા અને રીટાના લગ્ન થયા અને ૧૯૯૫ સુધીમાં ત્રણ સંતાનો કૃતિ, કરિશ્મા અને ઉત્કર્ષનો હું પિતા બન્યો. અમારા ત્રણેય ભાઈઓનાં છ સંતાનોમાં ઉત્કર્ષ સૌથી નાનો. ઉત્કર્ષના જન્મ વખતે પણ ખુશ્બુ, ઉત્સવ અને પલ્લવ એમ ત્રણ સંતાનોનો કાકો તો હતો જ. હું કાયમ કહેતો રહું છું કે મારે ત્રણ દીકરી અને ત્રણ દીકરા છે... દોશી પરિવારનાં છયે સંતાનો (ખુશ્બુ, ઉત્સવ, પલ્લવ, કૃતિ, કરિશ્મા અને ઉત્કર્ષ) ને ત્રણ મમ્મી અને ત્રણ પપ્પા છે...

હીરાચંદભાઈ (દાદા) ના વડલાની સૌથી મોટી દીકરી એટલે ચંદ્રકાંતભાઈ અને શ્રુતિના અલૌકિક પ્યારના પુષ્પની મહેંક જેવી ખુશ્બુ. ખુશ્બુ દોઢ વર્ષની થઈ ત્યારે અસાધ્ય રોગના કારણે માએ દુઃખદ વિદાય લીધી. એ પછી ખુશ્બુ દોશી પરિવાર માટે સંજીવની બની ગઈ હતી. અમારા બધાની જિંદગીનું એ કેન્દ્ર બની ગઈ. ખુશ્બુ નગરપંચાયત સંચાલિત બાલમંદિરમાં જવા લાગી ત્યારે ખૂબ ફરિયાદ કરતી : બાલમંદિરનાં શિક્ષિકા ગાંડા છે, બાલમંદિરમાં ગરમી થાય છે. ખુશ્બુ પ્રથમ ધોરણમાં લાયન્સ પ્રાયમરી સ્કૂલમાં આવી ત્યાં એ જ ફરિયાદો કરતી અને એ ફરિયાદો પાંચ ધોરણ સુધી કરતી રહેતી. રાજકોટ ભણવા આવી તો ટકાવારીના કારણે તેને સ્કૂલમાં એડમિશન મળવામાં તકલીફ આવી એટલે તેની માર્કશીટ નવી બનાવડાવીને રાજકોટ સિસ્ટર નિવેદિતા સ્કૂલમાં તે દાખલ થઈ.

ખુશ્બુ માણાવદર હતી ત્યારે રોજ ડાયમંડ ટોકીઝમાં ચલચિત્રનાં દશ્યો જોવા રોજ જવાનું, જૂનાગઢ નજીક આવેલી ગિરિરાજ હોટલમાં ખીચડી ખાવા જવાનું, આડોશ પાડોશનાં બાળકોને ઘરે બોલાવી રમવાનું... મારા અને રીટાના જીવનનો એક હિસ્સો બની ગયું હતું. પરિવારમાં ઉત્સવ એટલે કિશોરભાઈ અને નીતાના અવર્ણનીય પ્રેમના આનંદનો ઉત્સવ. દોશી પરિવારનો પ્રથમ વારસદાર. સ્કૂલ જવાનો એક નંબરનો આળસુ. પ્રથમ ધોરણમાં સ્કૂલે જતાં રોજ રડવાનું અને માણાવદરથી ભાવનગર રોજ સવારે ફોન કરીને મારે તેને મનાવવા પડે. મારી સાથે ફોનમાં વાત કરે એ પછી જ તે સ્કૂલે જતો... આ વાત પણ લખતાં લખતાં યાદ આવી ગઈ. દોશી પરિવારનાં છયે સંતાનો મારા માટે



ઉત્કર્ષ, ડૉ. રોહિત ઠક્કરના દવાખાને
૨૬-૦૭-૧૯૯૫

'લાયન' જ છે, એ વાત મારાં સગાં અને મિત્રો ઉપરાંત સોશ્યલ મીડિયા પર ફોલો કરનારા બધા જ જાણે છે અને તેમના પર એક અલગ ચેપ્ટરમાં વાત કરવાનો છુ પણ...

૨૪ જુલાઈ, ૧૯૯૫ ની વહેલી સવારે આશરે પાંચ વાગ્યે મશીનની ટ્રાયલ ચાલતી હોવાથી હું ફેક્ટરી પર જ હતો. ઘરેથી ફોન આવ્યો કે રીટાને સુવાવડની પીડા શરૂ થઈ છે. એટલે તાબડતોબ હું ફેક્ટરીથી ઘરે જવા નીકળ્યો. ઘરે જઈને રીટાને લઈને જૂનાગઢ જવા નીકળ્યા, જૂનાગઢ એટલા માટે કે ત્યાંના ડોક્ટર રાજુભાઈ દોશીની સારવાર ચાલતી હતી. આમ પણ કૃતિ અને કરિશ્મા બંને દિકરીઓના જન્મ પણ ત્યાંજ થયેલા હતા.

આશરે સવારે સાડા આઠ વાગ્યે એમના દવાખાને પહોચ્યાં. ડોક્ટરસાહેબ આવી ગયા, બાળકની સ્થિતિ આડી હોવાથી સર્જરી કરવાનું નક્કી હતું. ખરેખર બાળક આડું છે કે નહિ તેની ચકાસણી કરવા માટે મારે ઓપરેશન થિયેટરમાં હાજર રહેવાનું હતું. મારી હાજરીમાં સિઝેરિયન ચાલુ થયું અને ઉત્કર્ષનો જન્મ થયો. મેં બહાર આવીને ધૂમ્રપાન છોડવાના નિર્ણયના ભાગરૂપે બીડી અને બાકસ ફેંકી દીધા!

ઓપરેશન થિયેટરમાં બાળકોનાં નિષ્ણાંત ચિકિત્સક હાજર હતા તેમણે ઉત્કર્ષને તપાસ્યો અને બહાર આવીને મને કહ્યું કે, ઉત્કર્ષને થોડી ખામી છે તેથી તત્કાળ રાજકોટ ડોક્ટર રોહિત ઠક્કરને ત્યાં લઈ જવો પડશે. હું તાત્કાલિક ઉત્કર્ષને લઈને રાજકોટ જવા રવાના થયો, રીટા હજુ ભાનમાં નહોતી આવી એટલે તેને કઈજ ખબર નહોતી. બંને મોટાભાઈએ ડોક્ટર રોહિત ઠક્કર સાથે વાત કરી એમનો સમય લઈ લીધો હતો તેથી અમો સીધા ત્યાંજ પહોચ્યાં. ડોક્ટરે તપાસી ને કહ્યું કે આવતી કાલે પ્રાથમિક સર્જરી કરીશું અને બીજી સર્જરી શરીર થોડું ભરાવદાર થાય અથવા ૧૦ મહિનાનો થાય ત્યારે કરવાની થશે. અત્યારે ઘરે લઈ જાઓ... એ પછી અમે ઘરે જઈ બીટ્ટુ (ખુશ્બુ) અને ઉત્કર્ષનો જન્મ દિવસ ઉજવ્યો કારણ કે બન્નેનો જન્મદિવસ ૨૪ જૂલાઈ જ છે.

ચારેક દિવસ બાદ રીટા પણ રાજકોટ આવી ગઈ અને ઉત્કર્ષની સારવાર માટે પરિવારનાં તમામ લોકો હોસ્પિટલ અને ઘર વચ્ચે સતત ને સતત દોડાદોડી કરતા હતા. મુખ્ય સર્જરી કરવાનો સમય આવ્યો ત્યાં સુધીમાં આંતરડાની અન્ય ચાર સર્જરી થઈ ગઈ હતી.

મુખ્ય સર્જરી માટે ડોક્ટર રોહિત ઠક્કરે અમને જણાવ્યું કે Medical Mission Hospital In Kolencheryના ડોક્ટર કે.સી.મામેન આ સર્જરી સારી રીતે કરી શકશે માટે તમે ત્યાં સંપર્ક કરીને તારીખ લઈ લો. અમે ડોક્ટર રોહિતને વિનંતી કરી કે તમે પૂછી લો એટલે અમે જઈએ. વાત વાતમાં અમોએ કહ્યું કે મામેનસાહેબ રાજકોટ આવી શકતા હોય તો એ પણ પૂછી જુઓ.

ઉત્કર્ષનાં નસીબ ખૂબ સારા હશે તો ડોક્ટર મામેનસાહેબને ફોન કર્યો ત્યારે જવાબ મળ્યો કે એકાદ અઠવાડિયા પછી મારે દિલ્હી પરિક્ષા અંગે જવાનું છે તો વચ્ચે રાજકોટ આવી શકીશ. તુરંત ડોક્ટર સાહેબની મદ્રાસ – મુંબઈ – રાજકોટ – મુંબઈ – દિલ્હી– મદ્રાસની ફલાઈટની ટિકિટ બુકીંગ કરાવીને મોકલી આપી. તારીખ ૩ મે ૧૯૯૬ના રોજ ડોક્ટર સાહેબ રાજકોટ આવ્યા, બીજા દિવસે ડોક્ટર કણસાગરાનું ઓપરેશન થિયેટર ભાડે રાખી ત્યાં ૯ મહિના અને ૧૦ દિવસનાં ઉત્કર્ષની સર્જરી (Sarco – Abdomimoperineal Pullthrough) ચાલુ થઈ. આ સર્જરી રાજકોટના બાળકોનાં સર્જન ડોક્ટરો માટે એક લેસન હોવાથી રાજકોટનાં બાળરોગ ચિકિત્સકોને પણ સર્જરી જીવંત જોવા માટે બોલાવ્યા હતા. આશરે આઠ કલાક સર્જરી કરવામાં આવી. ડોક્ટર મામેન સર્જરી બાદ ત્રણ દિવસ રોકાયા હતા તેથી રાજકોટ બાળરોગ નિષ્ણાંતને ઉપયોગી થાય એ માટે દોશી પરિવારે રાજકોટ ઈશ્વરીયા પાર્કમાં અને જામનગર ઈરવિન હોસ્પિટલમાં સેમીનારો પણ ગોઠવવામાં આવ્યા હતા.





ડોક્ટર રોહિત ઠક્કર

ડોક્ટર કે.સી.મામેન

ત્રીજા દિવસે ડોક્ટર મામેને નીકળતી વખતે ઉત્કર્ષને ચેક કરીને કહ્યું, સરસ છે પણ ત્રણ મહિના પછી મને કોઈમ્બતુર આવીને બતાવી જજો. એરપોર્ટ જવા માટે નીકળતા પહેલાં અમે ચાર્જની વાત કરી તો તેમણે કહ્યું કે ટિકિટ બુક કરાવી દીધી એમાં મારો ચાર્જ આવી ગયો અને સાચે એકપણ પૈસાની ફિ તેમણે ન લીધી.

ત્રણ મહિનાં પછી અમે કોઈમ્બતુર ઉત્કર્ષને લઈને ગયા ત્યાં PSG Hospital માં ડોક્ટરસાહેબ મળવાના હતા. હોસ્પિટલ પહોચ્યાં, સાહેબે ઉત્કર્ષને ચેક કર્યો અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. મેં પૂછ્યું કે, સાહેબ તમે કેમ રડવા લાગ્યા? તેઓ બોલ્યા કે, સર્જરી કરવામાં મારાથી સહેજ ભૂલ રહી ગઈ છે. મે આશ્વાસન આપતાં કહ્યું કે સાહેબ, એ તો અમારા નસીબ એવા હશે તેમા તમારો કોઈ દોષ નથી. આ ભૂલ અંગે સમજાવતા ડોક્ટરસાહેબે કહ્યું કે સર્જરી તો બરાબર થઈ છે પણ જગ્યા એક મિલીમિટર એક બાજુ રહી ગઈ છે. આવી ક્ષુલ્લક ભૂલ માટે પણ તેઓ રડયા. આજના ચિકિત્સકો તમે સામેથી કહો કે સાહેબ કંઈક ભૂલ છે તો સ્વીકારે પણ નહિ કે હા, મારી ભૂલ થઈ છે.

ઉત્કર્ષની તકલીફો માટે લગભગ આઠ અલગ અલગ ઓપરેશન કર્યાં અને રીટાએ પંદર વર્ષ સુધી પોતાનું જીવન દાવ પર લગાવી ઉત્કર્ષની પરવરીશ કરી ઉત્કર્ષને એકદમ સ્વસ્થ જીવન પુરું પાડયું. રીટા સિવાયની કોઈપણ 'મા' આટલું તો ન જ કરી શકે !

ઉત્કર્ષની તકલીફો ઉંમર સાથે દુર થતી ગઈ, મિકેનિકલ એન્જીનિયર થઈ ગયો અને ૨૯.૧૧.૨૦૨૨ નાં રોજ વિવાહ થઈ ગયા અને આજે એટલે કે ૨૪.૦૬.૨૦૨૪ નાં રોજ સરસ પરી જેવી દીકરીનો પિતા પણ બની ગયો!

ઉત્કર્ષ પાંચ વર્ષનો થયો ત્યારે તેને જૂનાગઢની આલ્ફા પ્રાયમરી સ્કૂલમાં દાખલ કર્યો. રોજ કારમાં આવન જાવન કરતો પરંતુ બીજા વર્ષે સ્કૂલવાળાએ ઉત્કર્ષની તકલીફના કારણે દાખલ કરવાની ના પાડી એટલે શૈશવ પ્રાયમરી સ્કૂલનો જન્મ થયો. ઉત્કર્ષને સ્કૂલમાં દાખલો મળે એમ નહોતો તેથી તાત્કાલિક વિચાર કરીને અમલ કર્યો અને શૈશવ પ્રાયમરી સ્કૂલ ૨૦૦૧ ના એપ્રિલ–જૂનથી ચાલુ કરી.

સ્કૂલનું ઉદ્‌ઘાટન કરવાનું નક્કી થયું. લાગતાં વળગતાંને આમંત્રણપત્રિકા આપવામાં આવી. સાથે સ્વામિનારાયણના કોઈ સંતને પણ આમંત્રણ આપેલું. આવવાના હતા એટલે એમનું નામ કાર્ડમાં છપાવ્યું હતું.

ઉદ્‌ઘાટનના આગલા દિવસે માણાવદરના આવેલા પટેલસમાજમાં ત્યાંના પટેલ અગ્રણીઓએ મિટીંગ બોલાવી અને શ્રી દેવજીભાઈ ઝાટકિયાએ જાહેરાત કરી કે રાજુ દોશીએ સ્કૂલ ચાલુ કરી છે તો આપણા પટેલનાં બાળકોને એ સ્કૂલમાં મોકલવા નહીં

શ્રી દેવજીભાઈની આ આદત હતી કે કોઈ સારું કામ કરતું હોય તો એમાં પથરા નાખવા, પરંતુ મને કોઈ ફરક પડયો નહીં. આ મીટિંગના પડઘા સ્વામિનારાયણના સંત ઉપર પણ પડયા હશે એટલે ઉદ્‌ઘાટનના આગલા દિવસે શ્રી બટુકભાઈ મારડિયા સાથે કહેવડાવ્યું કે સ્ત્રીઓ હોય ત્યાં હું ન આવી શકું, કેમ કે અમે સ્ત્રીની સામે જોતાં નથી !

મને ખૂબ ગુસ્સો આવ્યો અને મેં બટુકભાઈને કહ્યું કે જગતની સર્જનહાર સ્ત્રી સામે જોવામાં શો વાંધો અને

શૈશવ સ્કૂલ, માણાવદર – વર્ષ ૨૦૦૫







પ્રાર્થના કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે સંવાદ કરતા આચાર્યશ્રી મધુસૂદન સંઘવી, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવતા મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતિ રીટા દોશી, પ્રાર્થના કરતી વિદ્યાર્થીનીઓ, શૈશવ સ્કૂલ, માણાવદર













રમત-ગમતની ઉજવણી દરમિયાન વિજેતા થયેલા વિદ્યાર્થીઓને
પુરસ્કાર આપતા શૈલી અજમેરા, જયબાળા મોદી,
ખુશબુ દોશી, શ્વેતાંગ મોનાણી, કિશોર દોશી, નીતા દોશી
શૈશવ સ્કૂલ, માણાવદર



















શૈશવ સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે
નવરાત્રીનું આયોજન તથા
શરદપૂર્ણિમાંના દિવસે
''તાલ'' રાસ-ગરબા
હરીફાઈની તસવીરો



સ્વામિ પણ એની માની કૂખે જ અવતર્યા છે તો બધી સ્ત્રીઓને માની જેમ જોવામાં કયાં પાપ છે ? અસલમાં મને લાગે છે કે દેવજીભાઈના માણસોએ સ્વામીને ઉદ્‌ઘાટનમાં આવતા રોકયા હશે.

અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં પ્રથમ વર્ષે ૧૨૦ બાળકો હતાં, પરંતુ તેમાં એકપણ પટેલનું બાળક નહોતું. અમે શિક્ષક પટેલ રાખ્યા હતા. અમારી પાસે ત્યારે આશરે પંદર શિક્ષકો હતા અને સ્કૂલ ખૂબ સારી ચાલવા લાગી. ગામના લોકોને પણ સારી સ્કૂલ મળવાનો આનંદ હતો. બીજા વર્ષે, ઘણા બધા પટેલનાં બાળકોએ એડમિશન લીધું અને વર્ષોથી ચાલતી લાયન્સ સ્કૂલના શિક્ષકોનાં બાળકો પણ શૈશવ સ્કૂલમાં આવવા લાગ્યાં. લાયન્સ કલબ માણાવદર સંચાલિત સ્કૂલનું સંચાલન ડૉ. શ્રી લક્ષ્મણભાઈ સવસાણી, ડૉ. શ્રી વાલજીભાઈ પટેલ, ડૉ. શ્રી રોજીવાડિયા સાહેબ અને એમના અન્ય મિત્રોનું વ્યવસ્થાપક મંડળ કરતું હતું. એ લોકો સ્કૂલમાં દાખલ થતાં બાળકોના વાલીઓ પાસેથી વ્યવસ્થાપક મંડળની ફી પેટે એ વખતમાં ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયા સુધીનું ડોનેશન લેતાં. મારી સ્કૂલમાં ડોનેશન તો નહોતું પરંતુ લગભગ ૪૦% બાળકો ફી માફીમાં ભણતાં. એક તો વતનનું ઋણ ચૂકવવાની અમારા ત્રણેય ભાઈઓ અને પૂર્ણ પરિવારની ઈચ્છા હતી અને બીજું ઉત્કર્ષને ભણાવવો હતો. આ સ્કૂલ ચલાવવા માટે મારા પરિવારના દર વર્ષે ૧૦ થી ૧૨ લાખ રૂપિયા લાગતા હતા. સ્કૂલમાં ડિજિટલ સ્માર્ટ કલાસ, અદ્યતન લેબોરેટરી, લાઈબ્રેરી, સરસ મોટું પટાંગણ અને શિક્ષિત સ્ટાફ હતો. સ્કૂલ દર વર્ષે વાર્ષિક સપ્તાહની ઉજવણી કરતું અને સ્કૂલમાં ભણતાં બાળકોમાંનાં હોંશિયાર બાળકો અને એમના વાલીઓના હસ્તે તમામ કાર્યક્રમોનું દીપપ્રાગટય કરાવતાં. સ્કૂલના એકપણ કાર્યક્રમમાં અધિકારીઓ, રાજકારણીઓને સ્થાન આપવામાં નહોતું આવતું અને વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ દરમિયાન શિક્ષણ વિભાગમાંથી કયારેય ઓંચિતું નિરીક્ષણ કરવાની નોબત પણ નથી આવી !


ઉત્કર્ષ પહેલા ધોરણથી દશ ધોરણ સુધી અહીં જ ભણ્યો પરંતુ કયારેય ઉત્કર્ષનો પહેલો કે બીજો નંબર નથી આવ્યો. ઉપરોકત જણાવ્યું એ શ્રી દેવજીભાઈના સુપુત્ર કિશોરનું બાળક શૈશવમાં અભ્યાસ કરતું હતું ત્યારે એકવાર શ્રી કિશોરભાઈનો ફોન આવ્યો. મને કહ્યું : તમારી સ્કૂલમાં કંઈક વાંધો છે. મેં પૂછયું, શાનો વાંધો છે, એ બોલો ! તેઓ કહે કે મારા છોકરાનો પહેલો નંબર આવ્યો છે. મેં જવાબ આપ્યો કે ભાઈ આપણાં બાળક કેટલાં હોંશિયાર હોય છે, એની આપણને જ ખબર નથી હોતી.

> શૈશવ સ્કૂલના એકપણ કાર્યક્રમમાં અધિકારીઓ, રાજકારણીઓને સ્થાન આપવામાં નહોતું આવતું અને...

શૈશવ સ્કૂલ પ્રામાણિકતાથી ઉમદા શિક્ષણ પુરું પાડતી હતી. આ એનું ઉત્તમ ઉદાહરણ છે. આવી જ રીતે શૈશવની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એકદમ પ્રામાણિક રીતે સક્ષમ બાળકોને જ પુરસ્કાર મળતો. કયારેય કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવતો નહોતો.

હજુ શિક્ષણ વિષેની વધુ એક વાત કરતા મારી જાતને રોકી શકતો નથી. સરકારી શાળાઓને સંચાલન કરવા માટે શૈક્ષણિક ટ્રસ્ટને આપવા અંગે ગુજરાત સરકાર દ્વારા ઠરાવ સમશ-૧૦૨૦૦૦-૫૩૦, તારીખ ૦૯.૦૫.૨૦૦૨ માં કરવામાં આવેલો, આ ઠરાવ અન્વયે મેં સરકારી હાઈસ્કૂલનું સંચાલન કરવા માટે અને માણાવદરમાં આવેલ મોટી કલબનું બિલ્ડીંગ કોલેજ કરવા માટે માંગ્યુ હતું.

૨૦૧૦ આસપાસ સરકારી હાઈસ્કૂલનું શિક્ષણનું સ્તર એકદમ કથળી ગયેલું હતું એટલે તારીખ ૧૯.૦૨.૨૦૧૦ નાં રોજ મારા કલ્ચરલ એજયુકેશન ટ્રસ્ટના નામે સંચાલન માટે માગણી મૂકી અને વિશ્વાસ આપ્યો હતો કે અત્યારે માણાવદરમાં અમે શૈશવ સ્કૂલ જે રીતે કોઈપણ જાતના પક્ષપાત વિના અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ફી માફીમાં દાખલ કરી સ્કૂલ ચલાવીએ છીએ એમ જ ચલાવીશું. અમારો ઈરાદો એકદમ નેક હતો. મારા પરિવારની ઈચ્છા હતી કે એમ ત્રણ ભાઈઓ અને બંને બહેનો આ સ્કૂલમાં અભ્યાસ કર્યો છે, તો આ સ્કૂલ સારી રીતે ચાલવી જોઈએ. અમારો પરિવાર પૂર્ણ સભાનતા સાથે માને છે કે શિક્ષણ એ વેપારનું માધ્યમ નથી.



સરકારી હાઇસ્કૂલમાં ત્યારે શિક્ષક તરીકે નોકરી કરતા શ્રી કિશોર જેઠાલાલ રાવલ એ આ બધી વિગત માણાવદરમાં કોઇ સારું કામ ન કરવા દેવા માટે પ્રતિબદ્ધ એવા શ્રી દેવજીભાઇ ઝાટકિયાને આપી, દેવજીભાઇ કે જેઓ માણાવદરની ધરોહર બચાવવાની જાગીર લઇને બેઠા હોય એમ તુરંત માણાવદરના ગાંધીચોકમાં આવેલા બ્લેક બોર્ડમાં ''જો માણાવદરની જનતા જાગે તો...'', એવા શીર્ષક હેઠળ લખાણ પ્રસિદ્ધ કર્યું અને મને સરકારી હાઇસ્કૂલનું સંચાલન ન મળે એ માટે તમામ પ્રયત્નો કર્યા.

આજે ૨૦૨૪ માં પણ શ્રી દેવજીભાઇના પાપે અને હાઇસ્કૂલના કથળેલા વહીવટના કારણે બધાં બિલ્ડીંગ ધૂળ ખાય છે અને મોટી ક્લબનું ધરોહર જેવું મકાન પણ ખંઢેર થઇ ગયું છે.

વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૮ સુધી શૈશવ સ્કૂલ ભાડાના મકાનમાં બેસતી. સૌપ્રથમ બે વર્ષ સુધી શ્રી રાજાભાઈ કાનગડે પોતાની જગ્યા કોઈપણ પ્રકારનું ભાડું લીધાં વિના આપી હતી. એ પછી લગભગ પાંચ વર્ષ શ્રી રાજુભાઈ ઝાટકિયાના મકાનમાં ભાડાં સાથે સ્કૂલ ચલાવી. માણાવદર નગરપંચાયત પાસેથી લેઉઆ પટેલ સમાજે જ્ઞાતિની વાડી કરવા જગ્યા લીધેલી, જે વર્ષોથી એમ ને એમ પડી રહેલી. તેનું ભાડું પણ ભરેલું નહોતું. તેથી અમે એ જગ્યા ભાડાપટ્ટે લેવા માટે માગણી મૂકી તો એમને એ જગ્યા મળી ગઈ. જેમાં પછી સરસ મજાનું પાકું બિલ્ડીંગ બનાવીને સ્કૂલ ચાલુ રાખવામાં આવી.

□ □ □

રાજુ કોટેક્ષ અને આયુર્વેદા ઈન્કોર્પોરેશનમાં નુકશાની વેઠીને બંધ કર્યા પછી ફરી રાજુ એન્જીનીયર્સ શાપરમાં કાર્યરત થયો. ઉત્કર્ષની સ્કૂલ માણાવદર હતી તેથી વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ સુધી એટલે કે એક દશકા સુધી મેં માણાવદર-શાપર અપડાઉન કર્યું. પરંતુ આજે યાદ કરીને તાળો મેળવું છું ત્યારે લાગે છે કે, ૧૯૯૭ જાન્યુઆરીથી ૨૦૦૦ સુધીની સફર રોમાંચક વધારે રહી હતી. આ ગાળામાં ઘણા બધા સારા નરસા અનુભવો થયા. રાજુ કોટેક્ષમાં

દીપક તકવાણીને ભાગીદાર બનાવવા અંગે ઘણા લોકોએ વિરોધ કર્યો, સલાહો આપી હતી પણ અમે બન્ને ભાઈઓના માન્યામાં ન આવ્યું. અમે ભાગીદારી કરી. જો કે ભવિષ્યમાં અમને સમજાવાનું હતું કે અમારા બંને સિવાયના તમામ લોકો સાચા પડવાના હતા કે, દીપક તકવાણી જરાય વિશ્વાસપાત્ર માણસ નથી !

દીપક તકવાણી ગાંસડીનું વેચાણ કરશે, એવું અમે આપસમાં નક્કી કરેલું. એ મુજબ તેમને કોઈમ્બતૂરમાં ઓફિસ કરીને બેસાડયાં હતા. કોઈમ્બતૂર ગયા પછી એમને લાગ્યું કે સાલું, આમાં નફાકારકતા સારી છે એટલે આપણે એકલાં એ આ કામ કરવું જોઈએ ! આ વિચાર પછી તેમણે રાજુ કોટેક્ષમાંથી પોતાની શ્રી તિરૂપતી ઈન્ડસ્ટ્રીઝમાં ગાંસડીઓ ખરીદી લઈને કોઈમ્બતૂરમાં વહેંચવા માંડી. લગભગ છ એક માસમાં તેમણે અમને કહી દીધું કે, મારે રાજુ કોટેક્ષમાંથી છૂટું થઈ જવું છે. મારા પૈસા પરત આપી દો...

એમણે ૩૨ લાખ રૂપિયાનું રોકાણ કરેલું હતું અને શ્રી તિરૂપતિના નામે ૬૦ લાખ રૂપિયાની ગાંસડી ખરીદ કરી હતી, જેના પૈસા આપ્યા નહોતા. અમે પણ તેમને છુટ્ટા કરવાનું નક્કી કરી લીધું અને એમને જણાવી દીધું કે પહેલાં ગાંસડીનો હિસાબ ચોખ્ખો કરો, પછી તમારી રકમ પરત થશે... ગાંસડીનો હિસાબ ચોખ્ખો થયો એ પછી બાકીની શેર બદલ કરવાની વિધિ કરતાં બે મહિના થયા પણ તે દરમિયાન શ્રી દીપક તકવાણીએ કુતિયાણાના મહેરના લોકોને મારા નામની 'સોપારી' આપી અને કહ્યું કે મારા રૂપિયા ૩૨ લાખ રાજુ પાસેથી કઢાવી દયો, તમને ૧૦% આપીશ !

મેં ફોન કાપી નાખ્યો પણ મારો ગુસ્સો સાતમા આસમાને હતો ત્યારે મેં મનોમન ગાંઠવાળીને નક્કી કર્યું કે...

કુતિયાણાના આ છોકરાઓ રિવોલ્વર લઈને મારી માણાવદર સ્થિત રાજુ એન્જીનીયર્સમાં ધમકાવવા આવ્યા ત્યારે ઓળખ આપી કે અમે શ્રી માલદે ગીગાના સગાં છીએ, પરંતુ તેમની કારી ફાવી નહીં અને એમ જ જતા રહ્યા. દીપક તકવાણીને ફોન કરી મેં જણાવ્યું કે, તમે આપેલી 'સોપારી'વાળા મહેરના ભાઈઓથી સોપારી ચવાણી નથી પરંતુ તમારો ખેલ હું ખલાસ કરીશ ! મારા આ પ્રતિભાવથી દીપક ડરી ગયો. તેણે મારા મોટાભાઈને ફરિયાદ કરી. મારા મોટાભાઈએ મને ચેતવ્યો કે દીપક એના કારણે મરશે તો પણ નામ તારું આવશે, માટે ફોન કરીને કહી દે કે હું તમારું કોઈ નુકશાન કરવાનો નથી. આખરે દસ્તાવેજી કામકાજ પૂર્ણ કરીને દીપકને તેની રકમ પરત આપી દઈને મેં એક સ્વાર્થી માણસથી છુટકારો મેળવ્યો.

આ અગાઉ પણ દીપકે શ્રી આર. કે. બેરિંગ્સની ફેકટરી સુરેન્દ્રનગરમાં કરીને કેટલાય લોકોને દુઃખી કર્યા હતા. જીનીંગ પ્રેસીંગના ધંધામાં તે વખતે મુખ્ય ગ્રાહકો સાઉથમાં જ હતા અને તે પણ ત્રીસ દિવસની ઉધારીએ ગાંસડી ખરીદ કરતા અને બહુ લોકોના રૂપિયા ફસાઈ જતાં. રાજુ કોટેક્ષના શ્રી પ્રેમજીભાઈની જૂની ૧૨.૫૦ લાખ રૂપિયાની રકમ ફસાયેલી હતી અને રાજુ કોટેક્ષ ચાલુ કર્યું ત્યારે પદ્મ્માવતી સ્પીનીંગ મીલમાં ૧૧.૫ લાખ રૂપિયા ફસાયા અને કોઈમ્બતુર પાયોનિયર મિલમાં ૩૮.૫૦ લાખ રૂપિયા ફસાયા હતા.

૧૯૯૮ માં શ્રી એન. જી. સૈયદ માણાવદરમાં પોલીસ અધિકારી હતા. તેમને મારી સાથે ખૂબ સારા સંબંધ હતા. માણસ તરીકે સારા હતા. ત્યારે રાજુ કોટેક્ષના ફસાયેલી રકમ માટે માણાવદરની કોર્ટમાં કેસ દાખલ કરી શ્રી શૈલેષ પંડયા વકીલ મારફતે યેનકેન પ્રકારે પદ્મ્માવતી મીલના માલિકોના નામનું વોરંટ કઢાવી શ્રી સૈયદસાહેબને લઈને વોરંટ બજાવવા કોઈમ્બતુર ગયેલા અને માલિક મળ્યો કે તરત એમના બનેવીએ ૧૧.૫૦ લાખ રૂપિયા રોકડા આપી દીધા અને અમે પરત આવી ગયા.

કોઈમ્બતુર પાયોનિયર્સ મિલ્સ, કોઈમ્બતુરના માલિક શ્રી રાજકુમાર રાજુ કોટેક્ષમાંથી ૧.૩૮ કરોડ રૂપિયાની ગાંસડીઓ ખરીદ કરી હતી. તેમાંથી એક કરોડ રૂપિયાનું પેમેન્ટ આપ્યું પણ પછી ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા. એપ્રિલ

૨૦૦૦ ની વાત. અમે સતત ફોન પર ઉઘરાણી કરતા રહ્યા પણ ફોન ઉપર તેઓ ક્યારેય મળતા નહીં. અંતે એમના નિવાસસ્થાનનો ફોન નંબર મેળવીને ઘરે ફોન લગાડયો અને એમણે ઉપાડયો. મેં ઉઘરાણી કરી તો જવાબ મળ્યો કે, ઘરે ફોન નહીં કરવાનો ! મેં ફોન કાપી નાખ્યો પણ મારો ગુસ્સો સાતમા આસમાને હતો ત્યારે મેં મનોમન ગાંઠવાળીને નક્કી કર્યું કે આ માણસ પાસેથી પૈસા કઢાવવા જ છે.

> મેં કહી રાખ્યું હતું કે કમિશનર વોરંટ માગે તો આપવું નહીં અને કહેવું કે હોટલ પર પડયું છે !

એ સમયે જૂનાગઢ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ શ્રી કેશવકુમાર હતા અને માણાવદર પોલીસ ઈન્સપેક્ટર શ્રી શૈલેષ પંડયા હતા અને મારા એડવોકેટ પણ શ્રી શૈલેષ પંડયા જ હતા. શ્રી કેશવકુમાર સાહેબને મળવા માટેનો સમય માંગવા મેં એમને ફેક્સ કર્યો પરંતુ ફેક્સનો જવાબ પાંચમા દિવસે શ્રી કેશવકુમારે માણાવદર અક્ષર પુરુષોતમ મંદિરે જમવા આવ્યા ત્યારે આપ્યો. માણાવદર જમવા આવેલા શ્રી કેશવકુમાર સાહેબે મને ફોન કરીને પૂછ્યું કે આપે મને ફેક્સ કર્યો હતો ? મેં હા પાડી એટલે એમણે કહ્યું કે, અક્ષર મંદિરે આવી જાવ. મેં સ્પષ્ટ ના પાડી કે મારે પોલીસ સ્ટેશનમાં જ આપને મળવું છે એટલે એમણે સામેથી કહ્યું કે આપની ફેક્ટરી જૂનાગઢ જતાં રસ્તામાં આવે છે તો ત્યાં મળીએ.

મેં હકાર કર્યો એટલે તેઓ આવ્યા. મેં એમને પૈસા ફસાઈ જવાની વાત કરી અને મારે જે એક્શન લેવા હતા તેની વિગતો કહીને એમની પાસેથી પ્રોમિસ લીધું કે હું જે કાર્યવાહી કરુ એ આપના કન્ટ્રોલ રૂમ મારફતે ન્યૂઝ પેપરમાં ન આવે તો જ કરું. કારણ કે જો ન્યૂઝ પેપરમાં આવે તો પૈસા ફસાવનાર મિલવાળો સતર્ક થઈ જાય અને પૈસા ડૂબી જાય.

શ્રી કેશવકુમાર સાહેબને હકીકત ગળે ઊતરી એટલે તેમણે હા પાડી અને શ્રી શૈલેષ પંડયાને પણ જણાવ્યું. એ પછી માણાવદર પોલીસ સ્ટેશનમાં અમે ૪૨૦ ની ફરિયાદ લખાવી, જે માણાવદર કોર્ટમાં તબદીલ કરવામાં આવી. એ પછી વકીલ શ્રી શૈલેષ પંડયાએ મહેનત કરીને ન્યાયાધીશને વાત કરીને મિલવાળાના નામનું સમન્સ કઢાવ્યું. સમન્સ કોર્ટમાંથી લઈને અમે તેને રૂબરૂ અથવા ટપાલથી બજવવાનું નક્કી કર્યું. જોકે અમે એ સમન્સ મોકલ્યું નહીં પણ રજિસ્ટર એ.ડી.ની પહોંચ એમ જ બનાવી કોર્ટમાં આપી દીધી. આવી રીતે ત્રણ સમન્સ બજાવ્યાં વિના સમન્સ તહોમતદારને મળી ગયાં છે, એવી ખોટી માહિતી આપી એટલે ન્યાયાધીશ સાહેબે CRPC 70 હેઠળ આરોપીની ધરપકડનું વોરંટ ઈસ્યુ કર્યું. ખરેખર ખોટું જ કર્યું હતું. ઈશ્વર માફ કરે પણ ભારતીય ન્યાયપ્રણાલીમાં ન્યાય મેળવવામાં બહુ સમય વ્યય થાય છે એટલે આટલું ખોટું કરવું પડયું હતું.

શ્રી કેશવકુમાર સાહેબે કહ્યું હતું કે કોઈમ્બતુર જવાનું થાય તો મારી પાસેથી ત્યાંના પોલીસ કમિશનર ઉપરનો પત્ર લઈ જજો... વોરંટ ઈસ્યુ થયું એટલે શ્રી કેશવકુમાર સાહેબ પાસેથી લેટર લઈ આવ્યો પણ ત્યારે શ્રી શૈલેષ પંડયાની સોમનાથ વેરાવળ બદલી થઈ ગઈ હતી. તેમની જગ્યાએ મહેન્દ્ર પટેલ પોલીસ ઈન્સપેક્ટર તરીકે આવી ગયેલા. મારે શ્રી શૈલેષ પંડયાને સાથે લઈ જવા હતા કારણ કે શ્રી પંડયાસાહેબ બાહોશ, પ્રામાણિક અને ઈંગ્લીશ બોલવા ઉપર થોડું પ્રભુત્વ ધરાવતા હતા. એ સમયે સોમનાથ વેરાવળ પોરબંદર પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની અંડરમાં આવતું હતું અને ત્યારે શ્રીમતિ નીરજા રાવ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ હતાં. પોરબંદર કલેકટરના પીએ તરીકે મારા મિત્ર વી. પી. કારિયા ત્યારે હતા એટલે તેમની લાગવગથી શ્રી શૈલેષ પંડયા સાહેબની ત્રણ દિવસની રજા મંજૂર કરાવીને હું તેમને મારી સાથે લઈ ગયેલો. શ્રી કેશવકુમાર સાહેબે કોઈમ્બતુરના પોલીસ કમિશનર ઉપર ચિઠ્ઠી લખી આપેલી. એ લઈને અમે એમને મળવા ગયા. ફરજ ઉપરના ઈન્સપેક્ટર શ્રી મહેન્દ્ર પટેલને અગાઉ જ કહી રાખ્યું હતું કે કમિશનર વોરંટ માગે તો આપવું નહીં અને કહેવું કે હોટલ પર પડયું છે !

અમે કમિશનરસાહેબની ઓફિસ પહોંચીને ઔપચારિક વાતો કરી ત્યાં તેમણે પૂછ્યું : વોરંટ ક્યાં? મહેન્દ્ર

પટેલે તરત વોરંટ આપી દીધું. મને થયું કે હવે અમારે ખાલી હાથે પરત જવાનું થશે. શ્રી રાજકુમાર કોઈમ્બતુરમાં ત્રીજા નંબરનો ધનિક વ્યક્તિ હતો એટલે કમિશનર સાથે દોસ્તી હોય જ, એવી મારી માન્યતા હતી અને કમિશનરસાહેબ રાજકુમારને વોરંટ વિશે જણાવી દે તો અમારું ઓપરેશન નિષ્ફળ જાય.

મેં કમિશનર સાથે દલીલ કરીને વોરંટ પરત માગ્યું પણ કમિશનરે વોરંટ પરત આપવાને બદલે એમના અધિકારીને આપી દીધું. અમે નિરાશવદને હોટલ પર આવ્યા. એડવોકેટ શ્રી શૈલેષ પંડયાને વાતથી વાકેફ કર્યા અને કોર્ટ ખોલાવી વોરંટની કોપી હોટલ પર ફેક્સ કરવા જણાવ્યું. વોરંટનો ફેક્સ આવી ગયો, તેની ઝેરોક્ષ કરીને સવારે સાડા સાતે વાગ્યે કોઈમ્બતુર પાયોનિયર મિલના દરવાજે પહોંચી ગયા. પોલીસને ગાડીમાં જ બેસાડી હું ઓફિસમાં ગયો તો શ્રી રાજકુમાર એમની IDBI ના અધિકારી સાથે મિટિંગ હોવાથી ઓફીસમાં આવી ગયા હતા. મેં ગાડીમાંથી પોલીસને બોલાવી અને રાજકુમારની ઓફિસમાં ઘૂસી ગયા. રાજકુમારને ઓફિસમાં જોયો એટલે ધરપત થઈ કે, કમિશનરે તેને વોરંટ બાબતે જાણ નથી કરી. (ગુજરાતમાં આવું બન્યું હોત તો કદાચ, તોહમતદાર હાથમાં આવત નહીં.)

રાજકુમારને વોરંટની નકલ આપી એટલે શરૂઆતની પાંચ મિનિટ રૂઆબથી બે ચાર લોકોને ફોન કર્યો, વકીલને ફોન કર્યો પરંતુ CRPC 70 હેઠળના વોરંટ સામે કોઈની કારી ફાવી નહીં એટલે શરણે થઈ ગયો. પોતાની કંપનીના ઉચ્ચ અધિકારીઓને તેણે તાત્કાલિક બોલાવ્યા. એ બધા હાથ જોડી વિનંતી કરવા લાગ્યા કે આજે બેંકર સાથે મિટિંગ છે. તમે બે કલાક શાંત રહો પણ મેં એમની વાત માની નહીં અને 'ઘરે ફોન ન કરવાની' વાત યાદ કરાવી કહ્યું કે, રાજકુમાર અત્યારે ઘરે જઈને લેન્ડલાઈનમાંથી ફોન કરે તો માફ કરી દઉં...

મુંબઈથી IDBI ના વરિષ્ઠ અધિકારીઓ આવેલા હતા તેથી તેના માટે શકય નહોતું એટલે એમને પોતાની બેંકમાં ફોન કરી ૩૮ લાખ રૂપિયાનો ડ્રાફટ વહેલો કાઢી આપવા વિનંતી કરી અને એમના ફાઈનાન્સના વડા જાતે બેંકે જઈને સવારે દશ વાગ્યે બેંક ખોલાવી ડ્રાફટ કઢાવી આવ્યા... એ મિલ એટલી મોટી હતી કે ત્યાં ૩૦૦૦ માણસો કામ કરતા હતા અને જે તે વિસ્તાર પિલામેડુનું પોલીસ સ્ટેશન એ મિલના કમ્પાઉન્ડમાં બેસતું હતું.

□ □ □

૧૯૮૪ ના ફેબ્રુઆરી મહિનામાં મારાં મોટાભાભી શ્રીમતિ શ્રુતિ ચંદ્રકાન્ત દોશીને ગળાની નીચેના ભાગમાં કેન્સરનું નિદાન થયું. તેમની મુંબઈ ટાટા મેમોરીયલ હોસ્પિટલના ડૉ. અડવાણીના હેઠળ સારવાર ચાલુ થઈ ત્યારે ભાભીને ભાવનગર રાખવામાં આવ્યાં હતાં, કારણ કે કિશોરભાઈ ભાવનગર સરકારી મજૂર અધિકારી તરીકે નોકરી કરતા હતા અને ભાવનગરથી મુંબઈની વિમાન સેવા પણ ચાલુ હતી.

કેન્સરની ઘનિષ્ઠ સારવાર ચાલુ હતી તો બીજી તરફ જાતજાતની દુઆઓ માટે અમે પ્રયત્નશીલ હતા. એ સમયે ઉપલા દાતારની જગ્યાએથી દર ત્રણ દિવસે ભસ્મ લાવીને હું ભાવનગર મોકલતો અને તાજાં ગાજર પણ માણાવદરના મિત્રોની વાડીમાંથી લઈ આવી ભાવનગરની બસમાં મોકલતો. સાથે સાથે સુરેન્દ્રનગરના શ્રી મોહન અગ્રવાલની 'અઘોર નગારાં વાગે' ચોપડીના આધારે શ્રી મોહન અગ્રવાલને મળીને વિનંતી કરીને અઘોરી બાવાનો સંપર્ક કરાવવા પણ કહ્યું. શ્રી મોહન અગ્રવાલે કહ્યું કે અઘોરી ઈચ્છે તો રોગમુક્ત કરી શકે પણ એની સમક્ષ દર્દીને લઈને જવું, એ બધું જોખમી કહેવાય એટલે હું તમને સરનામું નહીં આપું.

એ દરમિયાન મારા પિતાશ્રી ભાવનગર ભાભીને મળવા ગયા ત્યાં સુધી એમને કહ્યું નહોતું કે ભાભીને કેન્સર છે. પિતાશ્રી ભાવનગર ૩૧ માર્ચ, ૧૯૮૪ ના ગયા ત્યારે એમને ખ્યાલ આવ્યો કે ભાભીને કેન્સર છે. તેમને એવો આઘાત લાગ્યો કે તેમણે જમવાનું બંધ કરી દીધું અને બંને ભાઈઓને કહ્યું કે ચાર તારીખ પહેલાં મારે માણાવદર જવું છે એટલે તેઓ બે એપ્રિલે માણાવદર આવી ગયા પણ જમ્યા નહીં. પેટમાં બળતરાં થતી હતી. અમે તેમને પુષ્કળ મનાવ્યા

તો પણ ન જમ્યા કે ન ડોકટર પાસે ગયા. ૩ એપ્રિલ, ૧૯૮૪ ના એમના પરમ મિત્ર શ્રી જીવરાજભાઈ માકડિયાને અમે વતન ગળવાવથી લઈ આવ્યા. એમણે ય સમજાવ્યા પણ માન્યાં નહીં.

૪ એપ્રિલ, ૧૯૮૪ ની રાત્રે હું જમીને ફેકટરી જતો હતો ત્યારે પિતાશ્રી સાથે હળવાશની વાતો કરતો હતો ત્યારે પિતાશ્રીએ કહ્યું કે, ડબાવાળા પ્રીતમભાઈને કહેતો જજે કે રાતના સાડા નવ વાગે ઘરે આવે ! પ્રીતમભાઈ ઘરે આવ્યા ત્યારે પિતાશ્રીએ તેમની સાથે વાયદાનો હિસાબ સેટલ કર્યો. એ પછી તેઓ સૂતાં. રાત્રે સવા અગિયારે મને ફેકટરી પર ફોન આવ્યો કે, બાપુજીની તબીયત સારી નથી. હું તરત ઘરે આવ્યો ત્યારે લગભગ છેલ્લા શ્વાસ ચાલુ હતા. મેં તેમના મોંમાં પાણી આપ્યું અને તેઓ અનંતની સફરે ચાલી નીકળ્યા.

સૌથી પહેલાં ભાવનગર જાણ કરી કારણ કે મોટા ભાઈ–ભાભી ત્યાં હતા એટલે કિશોરભાઈ ભાવનગરથી આવ્યા. ભાભીને બિલકુલ જાણ ન થાય એ રીતે બધી જ ક્રિયા વિધિ પૂર્ણ કરી. બીજા દિવસે અમારા પિતરાઈ શ્રી રતિભાઈ બાપુજીના દેહાંત થવાથી ગળવાવથી ઘરે આવતા હતા પરંતુ એમનું અમારા ઘરની નજીકમાં હાર્ટ એટેકના કારણે અવસાન થયું.

એ પછી માણાવદર અને ગળવાવના ઘરે તમામ વિધિ પૂર્ણ કરીને ફરી પરિવાર શ્રુતિની સારવારમાં લાગી ગયો. સારવાર દરમ્યાન મોટાભાભીના સ્વાસ્થ્યમાં કેટ–કેટલા ચડાવ ઉતાર જોયા. આધુનિક સારવારપદ્ધતિ બિલકુલ કારગર ના નીવડી, કેમોથેરાપી અને રેડીયોથેરાપી પણ કારગર ના નીવડી તો આર્યુવેદિક ઈલાજની પણ કોશિશ કરવા માટે માણસા તાલુકાના લોદ્રા ગામમાં ચાલતી શ્રી બાલા હનુમાન આર્યુવેદિક મહાવિદ્યાલય કે જે ૧૯૬૩ થી કાર્યરત હતી, ત્યાં ગયા. અહીં આશરે આઠ દિવસની સારવાર બાદ તારીખ ૦૪.૧૧.૧૯૮૪ ના રોજ સવા બે વર્ષની ખુશ્બૂ અને સમગ્ર દોશી પરિવારને આંચકો આપી શ્રુતિ ભાભી અરિહંત શરણ થયા... માત્ર સાત મહિનામાં પરિવારનાં ત્રણ લોકો અનંતની સફરે નીકળી ગયાં. કિશોરભાઈને ભાવનગર નોકરી હતી તો કિશોરભાઈ, નીતાભાભી ભાવનગરમાં રહેતા હતા. મોટાભાઈને માણાવદરમાં સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રમાં નોકરી હતી તો માણાવદરમાં બા, મોટાભાઈ, હું, જયબાળા, શૈલી અને ખુશ્બૂ રહેતા હતા. ૧૯૮૫ માં મારા લગ્ન શ્રુતિભાભીની નાની બહેન રીટા સાથે થયા.

હવે પરિવારનાં બધા સદસ્યો ખુશ્બૂનાં ઉછેરમાં અને મોટાભાઈને ફરી લગ્ન કરવા માટે મનાવવામાં લાગી ગયા. સમય વીતતો ગયો. મહા મુશ્કેલીથી છ વર્ષે મોટાભાઈ ફરી લગ્ન કરવા માટે ૧૯૯૦ માં તૈયાર થયા. એ પણ ગંભીર શરત સાથે કે આવનાર વ્યકિત બાળક માટે જીદ નહિ કરે. રાજુલામાં રહેતા મહેતા પરિવારનાં દેવયાનીબહેન સાથે લગ્ન નક્કી થયાં. મારાં દેવયાનીભાભીની એ વિશાળતા રહી કે તેમણે મોટાભાઈની ઈચ્છાનું આજીવન માન જાળવ્યું અને ૩૦.૦૯.૧૯૯૦ ના રોજ બંનેના લગ્ન સંપન્ન થયા. ફરી ઘરમાં ત્રણ દેવી શકિતની ઉપલબ્ધિ થઈ અને ત્રણે દેવીઓએ પરિવારને ખૂબ સરસ રીતે એક તાંતણે બાંધી રાખ્યો, જે આજ સુધી ''શ્રુતિના'' નામના નિવાસ–સ્થાનમાં અકબંધ છે.






ચંદ્રકાન્તભાઇ, શ્રુતિભાભી અને ખુશબુ,
ઉદયપુર – વર્ષ ૧૯૮૩



ચંદ્રકાન્તભાઇ, દેવયાનીભાભી,
પલ્લવના દીક્ષાંત સમારોહ પ્રસંગે
યોર્કશાયર, લંડન – વર્ષ ૨૦૦૯



ચંદ્રકાન્તભાઇ, દેવયાનીભાભી
માણાવદર – વર્ષ ૧૯૯૨


અમારા પરિવારની
નજીકના તમામ
લોકો એવું માનતા
થઈ ગયા હતા કે,
ચંદુભાઈની વિદાય
પછી હવે
રાજુ એન્જીનીયર્સ
ચાલશે નહીં !

૭

મેં માંડીને વાત કરી કે મારી સાથે તમે આવું કર્યું હતું અને ઉપરથી જવાબ આપવાને બદલે 'ઘરે ફોન ના કરવો' એવો રૂઆબ પણ કર્યો હતો તેથી પેમેન્ટ આપવું નથી. પણ હા, જો તમે તમારા ઘરે જઈને ઘરના ફોનમાંથી મારી ફેક્સ લાઇનમાં ફોન કરશો અને મને તમારા ઘરના નંબર ફેક્સ મશીનના ડિસ્પ્લેમાં દેખાશે તો અત્યારે જ પેમેન્ટ મોકલી આપીશ !

કોઈ મને છેતરી જાય તો હું બહુ અપસેટ નથી થતો પણ કોઈ જુઠ્ઠું બોલે, ગેરવાજબી વાત કરે કે ગેરવર્તન કરે કે અવિવેકી વલણ દાખવે યા અન્યાયી વહેવારની અપેક્ષા રાખે તો કાઠિયાવાડી બોલીમાં કહું તો મારો પિત્તો છટકે છે. નફાનુકસાનનાં ગણિત માંડયાં વગર (અમુક લોકોને મારો આ એટિટ્યૂડ જીદ અને હઠ લાગે છે) હું તેને પાઠ ભણાવું જ. આવા અનેક પ્રસંગો મારી સાથે બન્યા છે. કેટલાક હજુ યાદ છે એટલે નોંધુ છું... વર્ષ ૧૯૮૯-૯૦ ના અરસાની વાત છે. રાજુ એન્જીનીયર્સ પાપા પગલી ભરતું હતું ત્યારે માણાવદરથી રાજકોટ અઠવાડિયામાં ત્રણ થી ચાર વખત મારે બસમાં અથવા બજાજ મોપેડમાં આવવાનું થતું. એ વખતે રાજકોટમાં નાનાંમોટાં આશરે ૫૦ કારખાનામાં રાજુ એન્જીનીયર્સનાં મશીનનાં પાર્ટ્સ બનતાં. અઠવાડિયામાં ત્રણ ચાર વખત બધા જોબવર્ક કરવાવાળાને નવા પાર્ટ્સના ડ્રોઈંગ આપવા અને મટિરિયલ પહોંચાડવા માટે આવવાનું થતું.

મોટાભાગનું રૉ મટિરિયલ ભારત ટૂલ સ્ટીલ સિન્ડીકેટ અને ઈમ્પલ્સ સ્ટીલમાંથી આવતું.

હું માણાવદરથી આવીને સવારમાં બન્ને જગ્યાએ રૉ મટિરિયલનો ઓર્ડર લખાવીને બધું મટિરિયલ જે તે કારખાને રવાના કરાવવાનું કહીને હું જોબવર્ક વાળાને મળવા નીકળી જતો અને સાંજે બંને સપ્લાયર્સ સાથે મટિરિયલ રવાના થયું કે નહીં તેની ખાતરી કરી લેતો.

એક દિવસ ઈમ્પલ્સ સ્ટીલમાં ૧0mm લોખંડની પ્લેટ જોબવર્કવાળાને ત્યાં અરજન્ટમાં રવાના કરવાનું લખાવ્યું. ઈમ્પલ્સ સ્ટીલના માલિકે કહ્યું કે ચિંતા ના કરો, બપોર સુધીમાં પહોંચી જશે. પરંતુ સાંજ સુધી મટિરિયલ જોબવર્કવાળાને ત્યાં પહોંચ્યું નહીં એટલે મેં ઓફિસમાં ફોન કર્યો. ઓફિસમાંથી જવાબ મળ્યો કે શેઠ ઘરે જતા રહ્યા છે, એમને ખબર હશે તો તમે ત્યાં ફોન કરી પૂછી લો.

ઘરનો નંબર મેળવીને મેં ત્યાં ફોન કર્યો તો શેઠએ ઉપાડયો. મેં મારી ઓળખ આપી પૂછયું કે તમે પ્લેટ રવાના કરી છે કે નહીં, જેનો હા કે ના માં જવાબ આપવાને તેમણે બદલે રૂઆબથી કહ્યું કે, આ બાબતે ઘરે કયારેય ફોન કરવો નહીં ! પોતે વાંકમાં હોવા છતાં પણ નફટાઈપૂર્વક આવો જવાબ આપ્યો હોવાથી મને પારાવાર ગુસ્સો આવ્યો અને બીજા દિવસે તેમને ત્યાં જઈને બહુ પ્રેમથી વાત કરીને મેં માણાવદર ટ્રાન્સપોર્ટની ટ્રકમાં ૧૧ ટન અલગ અલગ રૉ મટિરિયલ ભરાવી માણાવદર રવાના કરાવી દીધું. જેની પેમેન્ટ ટર્મ્સ ૩૦ દિવસની હોય, બીલ તથા ટ્રાન્સપોર્ટની રસીદ

એકાઉન્ટમાં આપી ત્યારે બીલમાં સૂચના લખી હતી કે પેમેન્ટ આપવામાં 'કડા કરવા' મારી મંજૂરી વિના પેમેન્ટ કરવું નહીં, કારણ કે મારે એમને પાઠ ભણાવવાનો હતો.

એકાઉન્ટ વિભાગ શ્રી પ્રવીણ જોષી સંભાળતા હતા. એમને રૂબરૂ સૂચના આપેલી કે પેમેન્ટ માંગવા માટે ફોન આવે તો દરેક વખતે અલગ અલગ વાતો કરીને તેમને ટટળાવવા પણ સ્પષ્ટ જવાબ આપવો નહીં. ૩૦ દિવસને બદલે ૬૦ દિવસ થયા એટલે એ શેઠનો ગુસ્સો સાતમા આસમાને હતો. તેમણે ફોન કરીને પ્રવીણને ગાળો દેવાનું ચાલુ કર્યું. પ્રવીણે મને કહ્યું કે, શેઠ હવે ગાળો બોલવા લાગ્યા છે ! મેં કહ્યું કે, હવે ફોન આવે તો મને ટ્રાન્સફર કરજે.

એક દિવસ ફોન આવ્યો અને પ્રવીણ ઉપર ગુસ્સો ઠાલવે એ પહેલાં પ્રવીણે કહ્યું કે ચાલુ રાખો રાજુભાઈને આપું... લાઈન ટ્રાન્સફર થઈને મેં ફોન ઉપાડયો એટલે મને કહે કે, કેમ પેમેન્ટ નથી આપતા ? એટલે મેં માંડીને વાત કરી કે મારી સાથે તમે આવું કર્યું હતું અને ઉપરથી જવાબ આપવાને બદલે 'ઘરે ફોન ના કરવો ' એવો રૂઆબ પણ કર્યો હતો તેથી પેમેન્ટ આપવું નથી. પણ હા, જો તમે તમારા ઘરે જઈને ઘરના ફોનમાંથી મારી ફેકસ લાઈનમાં ફોન કરશો અને મને તમારા ઘરના નંબર ફેકસ મશીનના ડિસ્પ્લેમાં દેખાશે તો અત્યારે જ પેમેન્ટ મોકલી આપીશ !

... એટલે એ શેઠ પોતાના ઘરે ગયા ત્યાંથી મારા ફેકસ નંબર ૨૧૭૨૬ પર ઘરેથી ફોન કર્યો એટલે તરત મેં તેમનું પેમેન્ટ ૭૦,૦૦૦ રૂપિયાનું કરાવી આપ્યું હતું !

□ □ □

૨૦૦૪ માં રાજુ એન્જીનીયર્સમાં કમલ શાહ નામના વાઈસ પ્રેસીડેન્ટ વેચાણ વિભાગમાં લેવામાં આવેલા. તેની પહેલાંના વાઈસ પ્રેસીડેન્ટ કિરીટ શાહ હતા. એમના પછીના બંને વાઈસ પ્રેસીડેન્ટ રોશન શાહ અને સુનિલ શાહ હતા. બધા જ શાહ ઓછો સમય નોકરીમાં રહ્યા હશે. ૨૦૦૮ થી શ્રી મનીષ વસાવડાએ ચાર્જ સંભાળ્યો, જે આજ સુધી કાર્યરત છે. ટૂંકમાં શાહ અટક સાથે આ પોસ્ટને બહુ લેણાદેવી ત્યારના સમયમાં નહોતી.

પરંતુ કમલ શાહે અમારી જાણ બહાર પોતાની સહીથી ખોટા કમિટમેન્ટ કરતો પત્ર આપી દીધો અને...

કમલ શાહનાં કાર્યકાળમાં મધર ડેરી (GCMMF) ને થ્રી લેયર મશીન લેવાનું હતું. તેનાં ટેન્ડર બહાર પડયાં હતાં. સામાન્ય રીતે વિન્ડસર કંપનીનાં મશીનો એ લોકો વાપરતા અને એ કંપની અમારા કરતાં જૂની હોવાથી એમનું વર્ચસ્વ પણ ત્યાં હતું. કમલ શાહ પણ વિન્ડસર કંપની છોડીને 'રાજુ'માં આવ્યાં હતા. જેથી તેમને મધર ડેરીમાં કંઈ રીતે કામ કરવું તેની સમજ હતી અને મધર ડેરીનો ઓર્ડર યેન કેન પ્રકારે લેવાની તાલાવેલી પણ હતી. અમારા તરફથી ટેન્ડર ભરવામાં આવ્યું, ટેન્ડર પાસ થયું એ પછી અમુક અધિકારીઓ દ્વારા વધારાની શરતો લાગુ કરવામાં આવી અને એ અંગેનો હકારાત્મક પત્ર કંપની પાસેથી લેવાનો હતો. જે તકનિકીનું મશીન આપવાનું હતું તેમાં જે વસ્તુ શકય નહોતી એ લખીને આપવાની વાત હતી તેથી અમે મેનેજમેન્ટ લેવલે એવો પત્ર ન આપવાની સૂચના કમલ શાહને આપી હતી.

પરંતુ કમલ શાહે અમારી જાણ બહાર પોતાની સહીથી ખોટાં કમિટમેન્ટ કરતો પત્ર આપી દીધો અને અમોને કહ્યું કે સાહેબ જાણીતા હતા એટલે માની ગયા છે. અમે પણ રાજી થઈ સમયસર મશીન બનાવીને મધર ડેરી, ગાંધીનગર રવાના કર્યું.

મશીન તેમની ફેકટરીમાં ચાલુ થઈ જાય અને જે ફિલ્મ બને એની બધી જ પ્રોપર્ટી લખીને આપ્યા મુજબ ઓકે થાય એટલે બાકી રહેલા ૧૦% રકમનું ચુકવણું કંપનીએ કરવાનું હતું... અમારા સર્વીસ એન્જીનીયર્સએ તનતોડ મહેનત કરી અને મશીનના ઉત્પાદનને સ્વીકૃતિ મળે એ પ્રમાણે ફેરફારો પણ કર્યા પછી છેલ્લે અમે કહ્યું કે તમે જે રીતની પ્રોડકટ માંગો છો એવી આ મશીનમાં નહીં બની શકે અને અમે જે કમિટમેન્ટ આપ્યા છે, એ જ રીતે ચાલશે. એ વખતે કમલ શાહે

આપેલા પત્રનો ઉલ્લેખ થયો અને અમે બાજી હારી ગયા. અમોને ખૂબ નવાઈ લાગી કે આવો પત્ર આપ્યો કેવી રીતે અપાયો પરંતુ હવે કશું થઈ શકે એમ નહોતું એટલે અમે બાકી પેમેન્ટ ગુમાવ્યું. પેનલ્ટી પણ ભરી દીધી. એ પછી કમલ શાહને સજાના ભાગરૂપે નોકરીમાંથી બરખાસ્ત કર્યા, પરંતુ ખોટી નીતિથી ચાલનારો માણસ અપલખણ કરવાનું બંધ ના કરે એમ કમલ શાહે વેચાણવેરા અને આવકવેરા વિભાગને સૌરભ શાહના નામે રાજુ એન્જીનીયર્સમાં બહુ બેનામી કામકાજ ચાલે છે એવી અરજીઓ કરી.

એ અરજીના અનુસંધાને આવકવેરાના ૧૮ અધિકારીઓ લગભગ ૪૮ કલાક સુધી ફેકટરી તપાસ કરવા રોકાયા પણ કોઈ જ બેનામી વહીવટ મળ્યો નહોતો. તો પણ એ વર્ષમાં ૪૦ લાખ રૂપિયા એડવાન્સ ટેક્ષ ભરાવ્યો હતો. ત્યાર બાદ તરત વેચાણવેરાના પાંચ અધિકારીઓ પણ અરજીના સંદર્ભમાં તપાસ કરવા આવી પહોંચ્યા. એ પાંચેયે લગભગ ૧૮ કલાક તપાસ ચાલુ રાખી.

.... અને મેં કહ્યું કે હવે સરકારને પણ પૈસા નથી આપવા અને તમને પણ નથી આપવા !

વેચાણવેરાના અધિકારીઓને ૧૮ કલાકની તપાસ દરમિયાન કશું જ મળ્યું નહીં પણ મારી ઓફિસનું ટેબલ ચેક કરતાં લોખંડનો સ્ક્રેપ વેચ્યો હોય તેની લગભગ ચાર પાંચ વર્ષની ભેગી થયેલી વે બ્રીજની સ્લીપ મળી ગઈ. હવે તેઓ રૂઆબ કરવા લાગ્યા. એ સમયે વેચાણવેરાના અમારા મદદનીશ શ્રી સુરેજા પણ ત્યાં હાજર હતા. એમણે મને કહ્યું કે સાહેબોને એક લાખ રૂપિયા આપવા પડશે. મેં પૂછયું કે, કેમ આપવાના? આપણે શું ખોટું કર્યું છે તો કહે કે વે બ્રીજની સ્લીપમાં પાછળ વજન અને સ્ક્રેપની રકમ લખેલી છે એનો ટેક્ષ આપણે નથી ભર્યો. મને ગુસ્સો આવ્યો એટલે શ્રી સુરેજાને રાત્રે ૧૨ વાગ્યે જ ફેકટરીમાંથી રવાના કરી દીધો એમ કહીને કે તું અધિકારી તરફથી કામ કરે છે કે કંપની તરફથી, શ્રી સુરેજાને રવાના કર્યા બાદ હું સીધો જ અધિકારીને મળવા ગયો અને કહ્યું કે, જે સ્ક્રેપની રકમ છે તેનો સરવાળો કરીને ટેક્ષ અને પેનલ્ટીની રકમ થાય એ કહી દો એટલે સરકારમાં જમા કરાવી દઈએ. પરંતુ સાહેબોને પોતાને માટે રોકડા જોઈતા હતા એટલે રૂઆબથી એક યા બીજી ખોટી વાતો કરતા હતા. મેં એમની પાસેથી વે બ્રીજની સ્લીપો જોવા માગી અને એ સાહેબે મને આપી, જેવી મને આપી કે તરત મેં બધી સ્લીપ એકસાથે ફાડીને કચરા ટોપલીમાં નાખી દીધી અને કહ્યું કે હવે સરકારને પણ પૈસા નથી આપવા અને તમને પણ નથી આપવા !

બિચારા પાંચેય વિલુ મોઢું કરીને જતા રહ્યા. બધા સાહેબોનાં મને નામ યાદ છે પણ હવે લખવાનો ફાયદો નથી. લગભગ ૨૦૧૪ કે ૨૦૧૫ નો આ પ્રસંગ છે. અમારો શ્વેતાંગ મોનાણી સ્વતંત્ર આર્કિટેકટની પ્રેકટિસ એવરેસ્ટ ચેમ્બરમાં આવેલી ઓફિસમાં કરતો હતો. એ ઓફિસની ઉપરના માળે નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ટી. આર. દોશીની ઓફિસ હતી, જે ટી. આર. દોશી એન્ડ કંપનીના નામથી ચાલતી હતી. એમની ઓફિસમાં રિનોવેશન ચાલતું હતું ત્યારે ઓફિસમાં આવેલી પાણીની ટાંકી તૂટતાં બધું પાણી શ્વેતાંગની ઓફિસમાં વહીને આવ્યું, ઓફિસનું ફર્નિચર તેમજ દસ્તાવેજને સારું એવું નુકશાન થયું.

શ્વેતાંગ એમને કહેવા ગયો કે મારી ઓફિસમાં બધું પલળી ગયું, તો તેમણે એકદમ ઉદ્ધતાઈથી વર્તન કર્યું. બિલ્ડીંગના સંચાલકને વાત કરી અને સંચાલકે ટી. આર. દોશીને કીધું પણ એમના પેટનું પાણી પણ ન હલ્યું અને શ્વેતાંગની ઓફિસની સામે એક એડવોકેટ બેસતા હતા. એમને ટી. આર. દોશીએ ફોન કરીને કહ્યું કે, તમારી સામે જે છોકરો બેસે છે તેને કહી દેજો કે કયાંય પણ ફરિયાદ કરશે તો ઉપાડી લેશું !

એડવોકેટ સારા માણસ હતા એટલે એમને ટી. આર. દોશી સાથેની વાતચીતને પોતાના ફોનમાં રેકોર્ડ કરી લીધી. તેમણે એ રેકોર્ડીંગ શ્વેતાંગને સંભળાવ્યું. શ્વેતાંગે બધી વાત મને કરી એટલે મેં ટી. આર. દોશીને ફોન કર્યો. આ

અંગે ચર્ચા કરી તો તેમણે મને પોતાની ઓફિસે આવવા આમંત્રણ આપ્યું. સાંજે એમની ઓફિસે ગયો ત્યારે ટી. આર. દોશી હાજર ન રહ્યા પરંતુ બે માથાભારે માણસોને રાખ્યા હતા... જેવો હું પહોંચ્યો એટલે મેં પૂછયું કે, દોશી સાહેબને મળવું છે તો પેલા બે માથાભારે માણસોએ કહ્યું: તમારી ઓફિસમાં ફર્નિચર બગડયું છે ? મેં હા પાડી અને કહ્યું : તેને રીપેર કરાવી દો એટલે એમણે કહ્યું કે દોશી સાહેબ આવે એટલે કરાવશે.

આ બન્ને માથાભારે વ્યક્તિઓ મારી હાજરીમાં પોતે કેવી મારફાડ કરી છે, આવકવેરા અધિકારીઓને માર્યા છે એવી બડાશો મારતા હતા પણ હું સહેજ પણ એમનાથી ડર્યો નહીં કે વિચલિત ના થયો એટલે પછી તેઓ સરખી રીતે વાતો કરવા લાગ્યા અને મને કહ્યું કે, અમે રિપેરીંગ કરાવી દેશું. અમે છ દિવસ સુધી રાહ જોઈ પણ રિપેરીંગનું કામ ચાલુ ના થયું એટલે મેં ફરી ફોન કરી કહ્યું કે, દોશી સાહેબ, આપની ઉપરની ઓફિસ ગમે તે ભાવે હું ખરીદી લઈશ અને આપની નવીનીકરણ થયેલી ઓફિસમાં ૪૦ હજાર લિટર પાણી ઈરાદાપૂર્વક નાખીશ.

આ વાત કર્યા પછી ફરીથી એમણે મને ઓફિસે આવવા કહ્યું. હું ગયો ત્યારે ટી. આર. દોશી અને દિલસુખભાઈ શેઠના ભાઈ શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ ત્યાં હાજર હતા. બંને મોટા ધર્મિષ્ઠ હોય એવી વાત કરવા લાગ્યા. ટી. આર. દોશી ડરી ગયેલા હતા. વાત વાતમાં વિનંતીના સૂરમાં વાત કરતા હતા. મેં એમને કહ્યું કે શ્વેતાંગ તમારી પાસે આવ્યો ત્યારે તમે ઉદ્ધતાઈ કરી એના બદલે 'મિચ્છામિ દુક્કડમ' કહી દીધું હોત તો એ કોઈને વાત કરવા કે ફરિયાદ કરવા ના જાત. 'મિચ્છામિ દુક્કડમ' કહેવાને બદલે તમે તો એડવોકેટને કહ્યું કે 'ઉપાડી લેશું'. શ્વેતાંગ કોઈ પત્થર છે કે તમે ઉપાડી લેશો.

> મિચ્છામિ દુક્કડમ કહેવાને બદલે તેઓ બીજી વાતો કરતા રહ્યા એટલે હું અને શ્વેતાંગ એમની ઓફિસમાંથી નીકળી ગયા.

મેં એમને કહ્યું કે તમે જૈનના શ્રેષ્ઠી છો. આટલા ધાર્મિક છો તો શ્વેતાંગને મિચ્છામિ દુક્કડમ કહી દો એટલે વાત પૂરી, પણ એ મિચ્છામિ દુક્કડમ કહેવાને બદલે બીજી વાતો કરતા રહ્યા એટલે હું અને શ્વેતાંગ એમની ઓફિસમાંથી નીકળી ગયા અને મેં કહ્યું કે હું જોઈ લઈશ... એટલે બંને મારી પાછળ આવ્યા અને બંને મારા પગમાં પડી ગયા.' તમે ગુસ્સો ના કરો 'એવી વાતો કરતા રહ્યા પણ મિચ્છામિ દુક્કડમ ના બોલ્યા.

અમે નીકળી ગયા પછી બીજા દિવસે શ્રી અતુલ શેઠનો ફોન આવ્યો. તેમણે મને મળવા બોલાવ્યો. હું ગયો ત્યારે ટી. આર. દોશીના જમાઈ બેઠા હતા. મેં કહ્યું કે મિચ્છામિ દુક્કડમ ના કહ્યું તો હવે ઓફિસ રિપેરીંગ ખર્ચ આપવો જ પડશે અને એ પણ અમારે જોતો નથી કાઠિયાવાડ બાલાશ્રમમાં આપવાનો રહેશે. બીજા દિવસે ટી. આર. દોશી પાસેથી ચેક લઈને કાઠિયાવાડ બાલાશ્રમમાં અપાવ્યો. અપાસરા બનાવે, જૈન સાધુ સંતો સાથે ફરતાં રહે, પણ મિચ્છામિ દુક્કડમ બોલવામાં ખચકાટ અનુભવે એવા આ બંને શ્રેષ્ઠીઓ છે.

વાત લગભગ ઓકટોબર ૨૦૦૦ ની છે. હું બપોરનું ભોજન લઈને મારી રાજુ કોટેક્ષ ફેકટરીમાં આવ્યો ત્યારે ત્યાં બહાર ઝાડના છાયાં નીચે એક મહિલા ખુરશીમાં બેઠેલાં હતાં. મને થયું કે કોઈ મળવા આવ્યું હશે એમના ઘરનાં હશે એવું માની એમની તરફ જોયા વિના હું ઓફિસમાં જતો રહ્યો. ઓફિસમાં બે અધિકારીઓ બેઠેલા હતા એટલે એમને પૂછયું કે બોલો, આપ શા કામથી આવ્યા છો ?

એમણે રૂઆબથી કહ્યું કે બહાર કલેકટર શ્રીમતી સુનયના તોમર બેઠેલાં છે, એમને મળ્યાં કે નહીં. મેં કહ્યું : હું ઓળખતો નથી તો કેવી રીતે બોલાવું, એમ કહી હું કલેકટર સાહિબા પાસે ગયો અને પૂછયું, મેડમ બોલો, હું કઈ રીતે ઉપયોગી થઈ શકું ? કલેકટર સાહિબાએ કહ્યું કે અછતના કારણે પશુઓ માટેનું ઘાસ તમારી ફેકટરીમાં જગ્યા હોય તો ભરવાનું છે. મેં કહ્યું કે, ફેકટરી બંધ છે અને બધું જ ખાલી છે. આપને જેટલું ઘાસ ભરવું હોય એટલું ભરી શકશો અને તમારા અધિકારીઓને પણ બેસાડી શકશો.

આટલી વાત કરી. ચા-પાણી નાસ્તાનો વિવેક કરી હું ઓફિસમાં આવી ગયો. મારી પાછળ બંને અધિકારીઓ પણ આવ્યા અને મને કહે કે ફેકટરીના નકશા અને અન્ય કાગળો તમારે અત્યારે આપવા પડશે. મેં એક મિનિટનો વિચાર કર્યા વિના જ કહી દીધું કે મારી ફેકટરીમાં ઘાસ ભરવાની પરવાનગી નહીં આપું.

... તો બંને અધિકારીઓ બોલ્યા : હમણાં તમે મેડમને હા પાડી અને હવે કેમ ના પાડો છો ? મેં કહ્યું કે મારી ઈચ્છા નથી. બંને અધિકારીએ મેડમ પાસે જઈને કહ્યું એટલે મેડમ ઓફિસમાં આવ્યા અને મને કારણ પૂછયું. મેં કહ્યું કે પશુઓ માટે ઘાસ ભરવું છે એ માટે હું મફતમાં મારી ફેકટરી આપું છું તો પછી મારે નકશા અને અન્ય કાગળો કેમ આપવાના થાય ? હું આટલો બોલ્યો કે તરત મેડમે બંને અધિકારીઓને ખખડાવી નાખ્યા અને પશુઓ માટેનું ઘાસ ભરવામાં આવ્યું. લગભગ ચારેક મહિના રહ્યું. એ પછી પૂર્ણ થયું ત્યારે માણાવદરમાં એ સમયે રહેલા મામલતદારશ્રીએ ભાડાંના કાગળો કરી સરકારમાંથી પૈસા લઈને પોતે ભોજન કરી ગયા હતા.

૨૦૧૦ માં ગુજરાતના અલગ અલગ તાલુકામાં નોટરીની નિમણૂંક કરવાની હતી. એ માટે દરેક તાલુકામાંથી અલગ અલગ કાયદાનિષ્ણાત એડવોકેટ્સે પોતાની અરજીઓ કરેલી હતી. એ મુજબ માણાવદરમાંથી પણ એડવોકેટ શૈલેષ પંડયા અને બીજા એક એડવોકેટે અરજી કરી હતી. શૈલેષ પંડયા મારા મિત્ર છે અને બીજા એડવોકેટ પટેલ જ્ઞાતિના હતા. એ સમયના ધારાસભ્ય શ્રી રતિલાલ સુરેજાના પ્રતિનિધિ પણ હતા. શૈલેષ પંડયાએ મને વાત કરી કે તમારે કંઈક મહેનત કરવી પડશે નહીંતર હું નોટરી નહીં થઈ શકું. ભાજપના ધારાસભ્ય, ભાજપાની સરકાર. મારે મિત્ર શૈલેષ પંડયાનો ઓર્ડર કરાવવાનો હતો એટલે ખૂબ મહેનત થઈ અને તમામ પ્રકારના હથકંડા વાપરીને થાય એટલું બધું જ કર્યું.

નોટરીની નિમણૂકનો ઓર્ડર આવવાના આગલી રાતે શ્રી શૈલેષ પંડયાના હરીફ ઉમેદવારે પોતાના ઘર ઉપર નોટરી તરીકેનું બોર્ડ લગાવી દીધું એટલે શૈલેષ પંડયા ફરી મારી પાસે આવ્યા. કહ્યું કે ભાઈ મારો નોટરી તરીકે ઓર્ડર થાય એવું લાગતું નથી. મેં પૂછયું કે કેમ એવું લાગે છે. તેમણે કહ્યું કે મારા પ્રતિસ્પર્ધીએ પોતાના ઘર ઉપર નોટરી તરીકેનું બોર્ડ લગાવી દીધું છે... મેં શ્રી શૈલેષ પંડયાને સાંત્વના આપી કે ભાઈ સવારે તું તારા ઘર ઉપર બોર્ડ મારજે. તારા પ્રતિસ્પર્ધી બોર્ડ ઉતારી લેશે. નોટરી તરીકે તારો જ ઓર્ડર આવશે.

હું કલેકટર સાહિબા પાસે ગયો અને પૂછયું, મેડમ બોલો, હું કઈ રીતે ઉપયોગી થઈ શકું ?

... અને બીજો દિવસે શ્રી શૈલેષ પંડયાના હરખનો પાર નહોતો. એમને નોટરી તરીકે નિમણૂક મળી ગઈ હતી અને પેલા ભાઈએ પોતાના ઘર ઉપરથી બોર્ડ ઉતારી લેવું પડયું હતું. શ્રી રતિભાઈ સુરેજા પણ વિચારતા રહ્યા કે આ કેવી રીતે થયું !!!

☐ ☐ ☐

હવે અમારા વિવિધ સાહસો અને તેના સાથે રહેલા ભાગીદારોની વાત કરવી છે.

૧૯૭૯ માં આર.આર. બ્રધર્સના નામે ચાલુ કરેલી કરિયાણાની દુકાનમાં શ્રી રતિલાલ ભૂત ભાગીદાર હતા અને દુકાન આશરે અગિયાર મહિના ચલાવીને બંધ કરી ત્યારે ૭૦ રૂપિયાની નુકશાની એકલા હાથે વેઠી હતી. ૧૯૮૧ માં રાજુ પ્લાસ્ટીક્સ નામે પ્લાસ્ટીકની થેલી બનાવતું યુનિટ ચાલુ કર્યું તેમાં શ્રી કલ્યાણજી ટીલવા, શ્રી રાજુભાઈ વાજા, શ્રી શશીકાંત કામદાર (મામા) ભાગીદાર હતા. એ ફેકટરી ૨૦ મે, ૧૯૮૬ સુધી ચલાવી અને ૧,૩૫,૦૦૦ રૂપિયામાં ડૉ. સવસાણી સાહેબના દીકરાઓને વહેંચી. નફા – નુકશાનનું શું થયું, એ યાદ નથી. બધા ભાગીદારો વચ્ચે શી વહેંચણી થઈ એ પણ અત્યારે યાદ નથી આવતું. રાજુ પ્લાસ્ટીક વેચતા એક લાખથી વધારે રકમ અમારા ભાગે આવી હતી તેમાંથી અમે રાજુ એન્જીનીયર્સ શ્રી ખીમજીભાઈ સાથે ભાગીદારીમાં શરૂ કરી. તેમની પાસે બે લેથ હતા. એમની ૨૫,૦૦૦

રૂપિયાની લોન ભરવાની બાકી હતી. ખીમજીભાઈએ બે લેથ અને ભાડાંની જગ્યા આપી અને દોશી પરિવારે ૧ લાખ ૧૦ હજાર રૂપિયા નાખ્યા અને રાજુ એન્જીનીયર્સ ચાલુ થયું હતું, જેમાંથી ખીમજીભાઈના લેથની લોનના પૈસા હપ્તે હપ્તે ભર્યા. એટલે અઘેરા પરિવારના ૨૦, ૦૦૦ રૂપિયા અને દોશી પરિવારના ૧,૧૦,૦૦૦ રૂપિયાથી રાજુ એન્જીનીયર્સ ચાલુ થયું. ૧ ઓકટોબર, ૧૯૮૭ ના રોજ રાજુ એન્જીનીયર્સ પ્રા. લિમિટેડ થયું ત્યારે ઉપરોકત ભાગ મુજબ બંને પરિવારોની શેરની વહેંચણી થઈ એટલે કે અઘેરા પરિવારના હિસ્સે આશરે ૧૦% અને દોશી પરિવારના ૯૦% શેર આવ્યા.

આ ભાગીદારી સપ્ટેમ્બર ૨૦૦૯ સુધી સરસ રીતે ચાલી. આ દરમિયાન અઘેરા પરિવારના પાંચ ભાઈઓના પરિવારનો પગાર ઉપરાંત લગભગ તમામ ખર્ચ પેટે ચૂકવણી થતી રહી હતી.

૨૦૦૯ માં જયારે અલગ થયા ત્યારે વાર્ષિક ૮૯ લાખ રૂપિયા અઘેરા પરિવારને ચુકવાતા હતા. દોશી પરિવારે ૨૦૦૬ સુધી પગાર કે અન્ય કોઈ રીતે ઉપાડ કરેલો નહોતો અને પરિવાર માટે રહેણાક મકાનની ખરીદી રાજકોટમાં કરવામાં આવી. અઘેરા પરિવારના ભાઈઓ અલગ રહેતા હોઈ, એમનાં ત્રણ મકાન ૯૦,૦૦,૦૦૦ રૂપિયામાં અને દોશી પરિવારનું એક મકાન ૨૬,૨૬,૬૨૬ રૂપિયામાં લેવામાં આવ્યું હતું.

૨૦૦૯ ના સપ્ટેમ્બરમાં એક નાનકડી ઘટનાના કારણે ખીમજીભાઈના પુત્રને સાચી રીતે હળવો ઠપકો આપ્યો એટલે એ ફેકટરી છોડી જતો રહ્યો. બીજા દિવસે ખીમજીભાઈને પૂછયું કે હિતેષ કેમ નથી આવ્યો તો જવાબ મળ્યો કે તું ખીજાયો એટલે હવે એ નહીં આવે. મેં ખીમજીભાઈને જે ઘટના બની હતી તે જણાવી, આને ખીજાયા કહેવાય ? તો એમનો જવાબ હતો, કે મને નથી ખબર.


કિશોરભાઈ સાથે વર્ષ – ૨૦૨૦

બીજા દિવસે અઘેરા પરિવારના સદસ્યોએ કહ્યું કે અમારે છુટ્ટા થઈ જવું છે તેથી અમને અમારો ભાગ આપી દો. એ સમયે રાજુના શેરનો ભાવ ૬ રૂપિયા ચાલતો હતો અને એમના શેરના હિસાબે તથા અન્ય કંપનીઓમાં ભાગીદારી હોવાના કારણે ૫,૯૫,૦૦,૦૦૦ રૂપિયા રકમ થતી હતી. આ રકમમાં અન્ય બે કંપનીઓ ખોટ કરતી હતી તેની ખોટને ધ્યાને લેવાઈ નહોતી અને એ વખતે રાજુ કોટેક્ષના સેલ્સ ટેક્ષના ૪,૫૪,૦૦,૦૦૦ રૂપિયા ભરવાના બાકી હતા, જેમાંથી ૩૦% રકમ અઘેરા પરિવારે જયારે ભરવાના થાય ત્યારે ભરી આપવા માટે સંમત થયો હતો.

પ્રામાણિકપણે હિસાબ–કિતાબ પૂર્ણ થતા અઘેરા પરિવારને ૫,૯૫,૦૦,૦૦૦ રૂપિયા આપવાના થતા હતા. તેની બદલે એમણે ૮,૫૦,૦૦,૦૦૦ રૂપિયાની હઠ પકડી સાથે રાજકોટમાં ત્રણ રહેણાક મકાનો તથા ચાર મોટરકાર માટે પણ જીદ હતી. મારા મોટાભાઈ ચંદ્રકાંતભાઈએ તમામ જીદ માન્ય રાખી અને ૧૮ મહિનામાં બધું ચુકવણું કરવા માટે સંમતિ આપી. બન્ને વચ્ચે લેખિત કરાર થયા એ મુજબ, રાજુ એન્જીનીયર્સના ડ્રોઈંગ ડિઝાઈન જો કાંઈ અઘેરા પરિવાર પાસે હોય તો તે પરત આપવા અને આવતાં ૩ વર્ષ સુધી રાજુ એન્જીનીયર્સ બનાવે તેવા કોઈ ઉત્પાદ બનાવવાં નહીં. આ સંમતિ પણ અઘેરા પરિવારે આપી હતી. અઘેરા પરિવારને ચુકવણું નિયમ મુજબ થઈ રહ્યું હતું તો પણ અઘેરા પરિવારે રાજુ છોડતી વખતે જે ડિઝાઈન ચોરી હતી તે અઘેરા પરિવારના એક સંતાનના સસરાની કંપનીમાં એ મુજબનાં મશીનો પણ બનાવ્યાં હતાં. આ રીતે તમામ કરારનો ભંગ કરેલો હતો.

છતાં, દોશી પરિવારે કોઈપણ પ્રકારનો વાંધો દર્શાવ્યો ન હતો કે કોઈ કાયદાકીય એકશન પણ લીધાં નથી. અઘેરા પરિવારની મનસા રાજુ એન્જીનીયર્સને ખતમ કરવાની હતી, જેમાં આજ સુધી સફળ થયા નથી. રાજુ છોડતી વખતે ચોરી લીધેલી ડિઝાઈન પરથી મશીનો બનાવી વેચ્યાં પરંતુ બજારમાં તેમણે જેટલાં પણ મશીન આપ્યાં, એમાંનાં એકપણ ગ્રાહકને સંતોષ થયો નહીં. આ કારણે જ ચાર થી પાંચ વખત ફેકટરી ચાલુ કરી અને બંધ પણ કરી.

સામાન્ય રીતે તંદુરસ્ત હરીફાઈમાં લોકો પોતાની લીટી મોટી કરવા તરફ વિચારતા હોય છે. પરંતુ અઘેરા પરિવારે હરીફની લીટી નાની કરવાના પ્રયત્નમાં જ મશગૂલ રહ્યા અને અંતે કયા ગયાં તો કયાંય નહીં, એવી સ્થિતિમાં આવી ગયા.

૨૦૧૦માં અઘેરા પરિવાર અલગ થયો. બધી નક્કી થયેલી રકમ ચૂકવાઈ ગઈ પછી ખીમજીભાઈનો મોટો દીકરો સોનાનો વાયદો રમવા લાગ્યો અને પ્રથમ સોદામાં રૂપિયા ૮૫ લાખનો નફો થયો ત્યારે અલગ થઈ ગયા હોવા છતાં મેં ખીમજીભાઈને ચેતવ્યા હતા કે તમે આ અટકાવો કારણકે આ યોગ્ય નથી પરંતુ ખીમજીભાઈને પણ નફો જોઈને મોહ થયો હતો એટલે પુત્રને રોકયો નહિ. વાયદાની રમત ચાલુ રહી અને લગભગ છએક મહિનામાં રૂપિયા બે કરોડ હારી ગયો. લેણદાર માણસો પૈસા માટે હેરાન કરવા લાગ્યા એટલે ખીમજીભાઈ અને ભાભી બન્ને માણાવદર પોતાના ઘરમાંથી સોનું એકઠું કરીને વેચવાની તૈયારીમાં હતા ત્યારે મને કોઈએ સમાચાર આપ્યા એટલે હું તેમની પાસે ગયો. વિગત જાણીને રૂપિયા દશ લાખની મદદ કરી અને એમના નાના ભાઈએ નોટરી શ્રી શૈલેષ પંડયા પાસે લખાણ કરાવીને રૂપિયા ૧૦ લાખની મદદ કરી હતી. બે મહિના પછી મારા પૈસા મને પરત આપી ગયા. પરંતુ રાજકોટમાં પોતાનું ઘર હતું એ વેચાઈ ગયું અને બહુ મુશ્કેલીમાં મૂકાઈ ગયા તો પણ હિતેશનું વાયદો અને અન્ય પ્રકારનો જુગાર રમવાનું ચાલુ રહ્યું. શ્રી ખીમજીભાઈ અને ભાભીશ્રી બંને એક પછી એક અંતિમ સફરે નીકળી ગયા. હિતેશ ફરી મારી પાસે આવ્યો કે મારી ઉપર દેણું છે, મને મદદ કરો. એ સમયે મેંકહ્યું કે, જુગારનું દેણું ચૂકવવા મારી પાસે પૈસા નથી પરંતુ તારું ઘર ચલાવવા દર મહિને રૂપિયા ૫૦૦૦૦ હું આપી શકીશ. જો તારે જોઈએ તો કહેજે પરંતુ એ પછી કયારેય એ આવ્યો નથી. ખીમજીભાઈના બંને દીકરાઓને મોઢાંનું કેન્સર થયેલું ત્યારે સામે ચાલીને નાણાંકીય મદદ કરેલી. હમણાં છેલ્લા એકાદ વરસથી તેમની કોઈ ભાળ નથી.

અઘેરા પરિવાર પછી તરત પંડયા પરિવારને પણ અલગ થઈ જવું હતું. પંડયા પરિવાર સાથે પ્લાસ્ટીક પ્રોસેસીંગ યુનિટમાં અમે ૧૯૮૯ થી સાથે હતા. ૨૦૧૦ માં અમે અલગ થયા. આ અલગ થતી વખતે જવાહર પંડયાએ જે માંગણી કરેલી, એ બધું જ એમને આપવામાં આવ્યું હતું. જવાહર પંડયા પાસે રાજુ એન્જીનીયર્સના ૪,૯૨,૦૦૦ શેર હતા જેનો ઉલ્લેખ ત્યારે જવાહરભાઈએ કર્યો નહોતો. ઉપરથી તેમને લગભગ ૩,૦૦,૦૦,૦૦૦ રૂપિયા વધારાના શ્રી ચંદ્રકાંતભાઈએ આપ્યા હતા. રાજુના શેરનો ભાવ ૨૨૫ રૂપિયા થયો એટલે તેમણે શેર વેચવા કાઢયા, જેમાં દોશી પરિવારનો કાયદેસરનો હક્ક લાગી શકે પરંતુ અમે આ વાત ઉચ્ચારી નથી. જયારે જવાહરભાઈએ ચંદ્રકાંતભાઈને અલગ થવા વિશે વાત કરી ત્યારે ચંદ્રકાંતભાઈના મુખમાંથી ઉદ્ગાર સરી પડયા હતા કે મેં ભિંદરાણવાલે પેદા કર્યો છે. જેના ઉપર ખૂબ વિશ્વાસ અને ભરોસો હતો, એ માણસે...

ખરેખર, બાબત એવી હતી કે મોટાભાઈ ઈચ્છતા હતા કે આશરે ૨૦ એકર જેવી જગ્યા લઈને એન્જીનીયરીંગ યુનિટ અને પ્રોસેસીંગ યુનિટ એક જગ્યામાં સારી રીતે ગોઠવવા. જેથી કરીને ઘણા બધા એડમીનીસ્ટ્રેટીવ ખર્ચની બચત કરી શકાય અને સરસ ફેકટરી લે–આઉટ પણ બનાવી શકાય.

અત્યાર સુધી એસેન અલગ જગ્યા પર હતું અને રાજુ અલગ જગ્યા પર હતું. જો બંને એક જગ્યામાં આવી જાય અને ચંદ્રકાંતભાઈ સતત એ જગ્યાએ હાજર રહેવા માંડે તો પંડયા પરિવારની સ્વતંત્રતા જોખમાય એવો ડર લાગવાથી

તાબડતોબ તેમણે અલગ થવાનું નક્કી કર્યું હશે. અલગ થઈ ગયા પછી પણ એસેન મલ્ટીપેક પ્રાઈવેટ લિમિટેડે રાજુનાં મશીન ખરીદ કર્યાં અને દરેક વખતે દરેક મશીન, અમે ખાસ કિંમતે ન્યૂનતમ નફા સાથે આપ્યા હતા.

પંડયા પરિવાર તરફથી અલગ થયા પછી કયારેય કોઈપણ પ્રકારનો સહકાર પ્રાપ્ત થયેલો નથી. ઊલટાનું રાજુ એન્જીનીયર્સનાં મશીનો ત્યાં ચાલતાં હોય અને અમારા કોઈ નવા ગ્રાહકને ચાલુ મશીન બતાવવાનું હોય તો એ પણ બતાવતા નહીં. એક વખત ઈરાનથી ગ્રાહક આવ્યા અને એસેનમાં ચાલતું હતું, એ જ મશીન આપવાનું હતું ત્યારે જવાહરભાઈને વિનંતી કરી કે, ઈરાનના ગ્રાહક છે. તમે મશીન બતાવો તો એમણે હા પાડી પરંતુ જેવા ઈરાનના ગ્રાહકને લઈને એમની ફેકટરીમાં દાખલ થયા કે તરત મેઈન સ્વીચ ઓફ કરી ઈલેકટ્રીસીટી જતી રહી હોય એવો ડોળ કર્યો હતો. દોશી પરિવારે કયારેય કોઈ જ ફરિયાદ નથી કરી. ભાગીદારી અલગ થઈ ગયા પછી પંડયા પરિવારનું વર્તન અને વલણ સાવ અલગ જ રહ્યું. જે ખરેખર ખૂબ જ દુઃખદ ઘટના છે.

> ૯,૬૭,૦૦,૦૦૦ રૂપિયા ભરવા તૈયાર થઈ ગયા ત્યારે મોહનભાઈએ મારી પાસે આવીને કહ્યું કે રાજુભાઈ જવાહરભાઈને પૈસા ભરવામાંથી બચાવી લે.

૨૦૦૯માં પંડયા પરિવાર એસેનના ધંધામાંથી અલગ થયા ત્યારે પંજાબ ફેડરેશનમાં ઘઉંની ગુણીઓને ઢાંકવા માટે પ્લાસ્ટિક મટિરીયલના વાંધા અંગેનો કેસ ચંડીગઢ કોર્ટમાં ચાલતો હતો.

લગભગ ૨૦૦૨ માં પંજાબ ફેડરેશનનું પ્લાસ્ટિક શીટ માટેનું ટેન્ડર બહાર પડયું હતું, જે એસેન મલ્ટીપેકના નામથી ભરવામાં આવ્યું હતું. અમારા ભાવ નીચા હતા એટલે ટેન્ડર પાસ થયું. ટેન્ડરના નિયમ મુજબ તે પ્લાસ્ટિક શીટ પ્રોસેસ કરીએ ત્યારે ફેડરેશનના અધિકારીઓ સતત હાજર રહેતા હતા અને દરેક લોટની પ્લાસ્ટિક શીટ પોતે નિરીક્ષણ કરીને મંજૂર કરતા હતા એટલે અમારે કોઈ ચિંતા નહોતી.

બધી પ્લાસ્ટિક શીટ તૈયાર થઈ એટલે રવાના કરવામાં આવી અને પૂર્ણ રકમ પણ અમને મળી ગઈ. ખરેખર બન્યું હતું એવું કે પંજાબ ફેડરેશનમાં વર્ષોથી એક જ માણસ આ પ્લાસ્ટિક શીટ ખૂબ ઊંચા ભાવે આપતા હતા અને એ પ્લાસ્ટિક શીટ હિમાચલ પ્રદેશના પરવાનો ગામમાં બનતી હતી. અમે આ પ્લાસ્ટિક શીટ મોકલી અને એ માણસના પેટમાં તેલ રેડાયું. જયાં જયાં અમારી પ્લાસ્ટિક શીટ વપરાયેલી હતી ત્યાં જઈને બધી જ પ્લાસ્ટિક શીટ સાથે કંઈક ને કંઈક ચેડાં કરીને તેણે ફેડરેશનમાં અમારા વિરુદ્ધ ફરિયાદો કરાવી. આ બધી ફરિયાદોએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને અમુક પ્લાસ્ટિક શીટ અમારી પાસેથી નવી બદલામાં લીધી. પણ પેલો માણસ થાકતો નહોતો. આખરે આ બાબત લવાદમાં ગઈ, ત્યાં બે ચાર મુદત પડી પણ કોઈ હલ નીકળ્યો નહિ એટલે કોર્ટમાં આવી. કેસ ચાલતો રહ્યો. કેસમાં કોઈપણ સંજોગોમાં અમને કોઈપણ પ્રકારની સજા થઈ શકે એવું નહોતું, કેમ કે બધી પ્લાસ્ટિક શીટ ફેડરેશનના અધિકારીઓની હાજરીમાં પ્રોસેસ થઈ હતી અને એ જ અધિકારીઓએ દરેક સમયે લેખિત પ્રમાણપત્ર આપીને રવાના કરવાની મંજૂરી આપેલી હતી. પંડયા પરિવાર ૨૦૦૯ માં અલગ થયા એટલે એ લોકો કેસની સંભાળ રાખતા હતા પરંતુ એમનાથી ચૂકી જવાયું અને વર્ષ ૨૦૧૫ માં રાજકોટની કોર્ટમાંથી કાગળ આવ્યો કે તમારી ઉપર ૯,૬૭,૦૦,૦૦૦/- રૂપિયા ભરવાનું હૂકમનામું પંજાબ ફેડરેશનમાંથી આવ્યું છે અને તમારે બધી રકમ તત્કાળ ભરવાની છે.

જવાહરભાઈ પોતે બહુ હોંશિયાર એટલે શ્રી મોહનભાઈ મણવર કે જેઓ રાજુ અને એસેનનું આવકવેરાનું અને હિસાબ કિતાબનું કામ સંભાળતા એમની સાથે રહીને અમદાવાદ, દિલ્હી વગેરેના બાહોશ વકીલોનો સંપર્ક કર્યો અને આશરે વકીલોની ફી અને વિમાનની મુસાફરી પેટે ૫૦,૦૦,૦૦૦ રૂપિયા નો ખર્ચ કર્યો હશે પણ કોઈ વકીલે પૈસા ભરવા નહિ પડે એવું ના કહ્યું એટલે થાકી હારીને ૯,૬૭,૦૦,૦૦૦ રૂપિયા ભરવા માટે તૈયાર થઈ ગયા ત્યારે અચાનક મોહનભાઈ મારી પાસે આવીને કહ્યું કે રાજુભાઈ જવાહરભાઈને પૈસા ભરવામાંથી બચાવી લે. મેં પૂછયું, શેના પૈસા અને

શું થયું છે... એટલે શ્રી મોહનભાઈએ બધી વાત કરી કે પંજાબ ફેડરેશનના કેસમાં આપણા તરફથી ક્યારેય કોઈ હાજર ન રહ્યું એટલે એકતરફી ચૂકાદો આપીને પૈસા ભરવાનું હૂકમનામું આપ્યું છે. તેઓ સારામાં સારા વકીલ શ્રી કપિલ સિબ્બલને પણ મળી આવ્યા અને આશરે પચાસ લાખ રૂપિયા બગાડી નાખ્યા છે, પણ કોઈએ હાથ ઝાલ્યો નથી. મેં કહ્યું કે, જવાહરભાઈએ ક્યારેય મને વાત નથી કરી, તો મને કેવી રીતે ખબર પડે ?!

તુરંત, મોહનભાઈએ જવાહરને ફોન કરીને ફાઈલ સાથે બોલાવ્યા. ફાઈલ જોઈને મેં કહ્યું કે પૈસા નહિ ભરવા પડે પણ લડવા માટે કોઈ વકીલની જરૂર પડશે એટલે મારા માણાવદરના વકીલ મિત્ર શ્રી શૈલેષ પંડયાને ફોન કર્યો કે આ પ્રકારના કેસ માટે કોઈ વકીલ ધ્યાનમાં છે... એમણે જૂનાગઢનાં વકીલશ્રી ખાનપરા વિશે કહ્યું. હું અને જવાહર એમને મળવા ગયા. મને ખબર પડતી હતી એ વાત કરી, જે વકીલસાહેબને ગળે ઊતરી ગઈ. એમણે કહ્યું ફાઈલ આપી જાવ, હું અભ્યાસ કરીને એક અઠવાડિયામાં કહીશ. અઠવાડિયું પૂરું થતાં અમે ફરી મળવા ગયા ત્યારે વકીલસાહેબે અભ્યાસ કરીને લગભગ ૨૨ જેટલા મુદ્દાઓ અને આવી બાબતોને લાગતા અલગ અલગ સુપ્રિમ કોર્ટના ચુકાદાના દસ્તાવેજો શોધી રાખ્યા હતા. એમણે કહ્યું કે એક પણ પૈસો ભરવો નહીં પડે અને સાચે જ કોર્ટની ત્રીજી મુદતમાં ન્યાયાધીશે કેસ રદ કરી નાખ્યો. આજ સુધી પૈસા ભરવાની નોબત આવી નથી. અગાઉ જણાવ્યા મુજબ જવાહરભાઈએ અલગ થયા પછી ક્યારેય કોઈપણ પ્રકારનો સહકાર નથી કર્યો તો પણ મેં મારી ખાનદાની બતાવીને તેમની મોટી રકમ બચાવી લેવા માટે મહેનત કરી અને મારો કિંમતી સમય બગાડયો હતો.

□ □ □

એક બીજા અનુભવની વાત પણ કરી દઉં, જેમાં મારું દિલ દુભાયું હતું. અનિલ સવસાણી મારો બાળપણના મિત્ર અને અમારા પ્રથમ ઔદ્યોગિક સાહસ રાજુ પ્લાસ્ટીક યુનિટની ખરીદી પણ તેણે જ કરી હતી. પ્લાસ્ટીક પ્રોસેસીંગના ધંધામાંથી નીકળીને રાજકોટમાં તેણે પ્લાસ્ટીકની બેગ બનાવવાનાં મશીન બનાવવાનું ચાલુ કર્યું. તેનો આ ધંધો લગભગ ૨૦૦૪ સુધી ચલાવ્યો તેમાં ખૂબ મોટું દેણું થઈ ગયું. અનિલભાઈનું જીવવું મુશ્કેલ થઈ ગયેલું. એ સમયે એમને રાજુ એન્જીનીયર્સમાં બોલાવીને મેં તેને 'રાજુ'માં બેગ મેકિંગ મશીન બનાવવા માટે કહ્યું. રાજુ એન્જીનીયર્સએ પોતાના મકાનમાં જગ્યા સાથે કાચા માલની વ્યવસ્થા પણ કરી આપી. મશીન બનાવવાનું ચાલુ થયું અને અમે જ તેની વેચાણવ્યવસ્થા સંભાળી. એકાદ વર્ષમાં બધું પાટે ચડતું દેખાયું પણ અનિલભાઈને શું સૂઝયું કે ખાનગી રીતે તેમણે ફરી મેટોડામાં મશીન બનાવવાનું ચાલુ કરી દીધું અને ખાનગીમાં ગોંડલના વેપારીનો ઓર્ડર પણ લઈ લીધો. એકાદ મહિના પછી અનિલભાઈ મને મળવા આવ્યા કે મને કેડિયા સિલીંગ ફેનની એજન્સી મળે એમ છે તો હું ત્યાં જાવ છું... ત્યારે પણ દોસ્તીદાવે મેં કહ્યું કે તારે પૈસાની જરૂર હોય તો કહેજે.

મને ખબર હતી કે એ ખોટું બોલે છે તો પણ દોસ્તીના નાતે પૂછયું ત્યારે પણ અનિલ બોલ્યો નહીં કે હું એકલો ફરી મશીન બનાવવા લાગ્યો છું. આવું કરવામાં આશરે ૭૦ થી ૮૦ લાખની નુકશાની મેં મિત્રતા માટે કરી પણ મિત્રએ તો વિશ્વાસઘાત કર્યો. હિસાબ કરતાં મને રૂા. ૩૦ લાખ આપવાના થયા, જે તેની પાસે ત્યારે નહોતા. તે મને સોનાના દાગીના આપવા આવેલો પણ મેં તે રાખ્યા નહોતા. સમય જતાં તેણે કટકે કટકે મારા પૈસા પરત આપ્યા એ પણ અધૂરા... અને ફરી પોતાની જૂની મશીન બનાવતી ફેકટરી ચાલુ કરી દીધી. આ વાત એટલે યાદ આવી કે હમણાં થોડા સમય પહેલાં એક ઓટોમેશનનો માણસ મળવા આવ્યો તો મેં સહજતાથી એમને પૂછયું કે, અનિલને સપ્લાય કરો છો ? એમનો જવાબ બહુ ખરાબ હતો પણ એ વધુ બોલે એ પહેલાં કહી દીધું કે અનિલ મારો મિત્ર છે એટલે એ ચૂપ થઈ ગયો.

□ □ □


RAJOO
EXCELLENCE IN EXTRUSION









દોશી પરિવારની નવી પેઢી 'રાજુ ગ્રૂપ'ની કંપનીઓના કારભારમાં સામેલ થતી ગઈ ત્યારે સંતાનોને કંપની અને પરિવારના સંસ્કાર અને નીતિમત્તાનું માર્ગદર્શન પૂરું પાડતો ઈ-મેઈલ મોકલેલો તે શબ્દશઃ

ખુશ્બુ-ઉત્સવ-પલ્લવ,

૨૦૧૭-૧૮નું આપણું નાણાંકીય વર્ષ ઉત્કૃષ્ટ નાણાંકીય પરિણામો સાથે પૂર્ણ થયું છે. આ વિકાસગાથાને સહજતા અને નીતિમત્તાથી આગળ વધારવાની જવાબદારી તમારા શિરે મૂકતા ખૂબ જ પ્રસન્નતા અને ગૌરવ અનુભવું છું.

અત્યાર સુધી પ્રાપ્ત થયેલી ઉત્કૃષ્ટ સફળતાઓ પછી પણ મને શ્રદ્ધા છે કે આપણા ગ્રૂપ માટે આવનારો સમય વધુ શ્રેષ્ઠ જ છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તમે તમારી ટીમ સાથે 'રાજુ ગ્રૂપ'ને આપણી આકાંક્ષાઓના ઉપલા સ્તરે લઈ જશો.

આપણાં ઉત્પાદનો અને સેવાઓ ૬૦ દેશોમાં પથરાયેલાં છે, જે આગળ આવનારા પડકારોનો સામનો કરવા માટે આપણા ગર્વ અને આત્મવિશ્વાસનું કારણ બની રહેશે. વર્તમાન વર્ષમાં આપણે જે મુશ્કેલ આર્થિક વાતાવરણનો (જેવી કે નોટબંધી, જી.એસ.ટી.) સામનો કરેલો છે તેવી આર્થિક મુશ્કેલીઓ આગામી વર્ષ દરમિયાન પણ આવી શકે છે.

આવતાં વર્ષોમાં કદાચ ગ્રાહકોની માંગ, વધુ ક્ષમતા અને આયાતથી વધતી હરીફાઈને કારણે બજારમાં અવરોધ જોવા મળી શકે. તેથી આપણા વ્યવસાયની દૃષ્ટિએ બજારમાંની ગળાકાપ હરીફાઈમાં સતત ટકી રહેવા માટે આપણી કંપનીમાં સતત નવી ધંધાકીય પ્રક્રિયાઓ લાવવી, ખર્ચમાં સતત ઘટાડો કરવો અને ગ્રાહકોની જરૂરિયાતો સારી રીતે સંતોષવા માટે આપણાં ઉત્પાદનોનું વિસ્તૃતીકરણ કરતા રહેવું પડશે.



ઉત્સવ, પલ્લવ અને ઉત્કર્ષ સાથે

નીચેની સૂચનાઓનું અનુસરણ તમે કરી જ રહ્યા છો છતાં પણ યાદ રહે એ હેતુથી અત્રે સૂચિત કરું છું.

૧. હંમેશા ખામીરહિત પ્રોડકટ બનાવવાનું લક્ષ્ય અગ્રસ્થાને રાખવું. આપણા ધંધાની કાર્યપદ્ધતિ એવી બનાવવી કે પ્રોડકટમાં કયારેય કોઈપણ પ્રકારની ખામી રહે નહિ. છતાં પણ કયારેય ખામીયુક્ત પ્રોડકટ સપ્લાય થઈ ગયાની ખબર પડે તો તરત ભૂલ સ્વીકારીને પ્રોડકટ સુધારી લેવી. ભૂલ સ્વીકારવામાં જેટલું મોડું થશે તેટલું વધારે નુકશાન થશે.

૨. આપણા તમામ પ્રકારના હિસ્સેદારોનો એકપણ પૈસો વેડફાય નહિ તેની હંમેશા તકેદારી રાખશો.

૩. હંમેશા યોગ્ય વ્યક્તિને જ યોગ્ય કામ સોંપવું એટલે કે (ટોટલ કવોલિટી પિપલ) સારી ગુણવત્તાવાળા માણસોને જ સાથે રાખવાનો આગ્રહ રાખવો.

૪. કિંમતના ભોગે આપણી પ્રોડકટની ગુણવત્તા કયારેય બગડવા દેશો નહિ.

૫. નાણાં ઉછીનાં લઈ કયારેય મોટો ધંધો કરવાની લાલસા રાખશો નહિ.

૬. પૈસા માનવીનું સર્જન કરતો નથી પણ માનવી જ પૈસાનું સર્જન કરે છે.

૭. બને તેટલી સાદગીથી જીવન જીવો. બીજા જે કરે છે તેમ ન કરવું પરંતુ બીજા જે કહે છે, તેને સાંભળી યોગ્ય લાગે તો અનુસરવું.

૮. કોઈપણ બ્રાન્ડનેમ પાછળ પાગલ બનવા કરતાં જેમાં વધુ સુવિધા લાગતી હોય એવી જ વસ્તુઓ વાપરવી. આપણી પાસે જે હાજર છે તેની કદર કરવી.

૯. આપણા હરીફ સાથે હંમેશા તંદુરસ્ત હરીફાઈ કરવાનો આગ્રહ રાખવો.

૧૦. જે કંઈપણ થાય છે એ હંમેશા સારા માટે જ થાય છે તેમ માની હંમેશા કુદરતનો આભાર માનવાની સાથે મનને તણાવમુક્ત રાખવું.

૧૧. કોઈપણ નિર્ણય લેવામાં મૂંઝવણ થાય ત્યારે તમને જેના પર વિશ્વાસ હોય અને જે તમારું હિત જોતા હોય તેઓની સલાહ લેતા અચકાશો નહિ.

૧૨. તમારી આસપાસ વિશ્વાસુ, સમર્પિત અને મહેનતુ ટીમનું સર્જન કરશો અને તેઓને તમારી સાથે રાખવા માટેની અનુરૂપ યોજનાઓનું સર્જન કરતા રહેશો.

૧૩. આપણી પ્રોડકટની સાથે સાથે આપણી કંપની, ગ્રૂપ કંપનીઓ તેમજ પરિવારનું પણ નામ જોડાયેલું છે, જે બાબતને ધ્યાનમાં રાખી ભવિષ્યનું નિર્માણ કરજો.

૧૪. 'રાજુ ગ્રૂપ'ની તમામ કંપનીમાં આચારસંહિતા, ખરીદપ્રક્રિયા, એકાઉન્ટીંગ પ્રક્રિયા અને વ્યાપારનીતિનું પાલન એક સરખી રીતે થાય તે ખૂબ જ મહત્ત્વનું છે.

૧૫. 'રાજુ ગ્રૂપ'ની તમામ કંપનીનું સંચાલન અને વિસ્તરણ તમારા દરેકની સહમતિથી જ થાય એની કાળજી રાખશો.

૧૬. ધંધાકીય પ્રવૃત્તિઓ તથા આપણી અંગત મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવાની સાથે સાથે પરિવારને પણ પૂરતો સમય આપવાની તમારી ફરજ છે. જે હંમેશા ધ્યાનમાં રાખવું.

૧૭. અહીં પહોંચ્યાં પછીથી બસ, એટલું સમજાય છે કે કોઈ કંઈ કરતું નથી બસ, આ બધું તો થાય છે... માટે, ધંધાકીય પ્રવૃત્તિનું આયોજન એવી રીતે કરવું કે જેથી વર્ષમાં બે વખત ૧૫-૧૫ દિવસ પરિવાર સાથે રજાઓ / વેકેશન માણી શકાય.

૧૮. સંપત્તિના ભોગે સ્વાસ્થ્ય ગુમાવશો નહિ, શારીરિક ચુસ્તી કોઈપણ હિસાબે જાળવવી. વધુ પડતી અપેક્ષા માણસને આંધળો બનાવે છે.

૧૯. આપણા કર્મચારીઓને શંકાની દૃષ્ટિએ કયારેય જોવા નહિ, કોઈ આપણને છેતરી ગયું હોય કે આપણો ફાયદો ઉઠાવી ગયું હોય તો તેનો જરાય અફસોસ ના કરતાં, કેમ કે સારા માણસો જ જલદી વિશ્વાસ મૂકે છે.

૨૦. કોઈપણ પરિસ્થિતિમાં અગ્રજનું માન સન્માન જાળવી રાખવાની આપણા પરિવારની પરંપરાને અનુશાસન સાથે જાળવી રાખજો.

હું સતત હાજર રહીને ફાઈનાન્સ, ડિઝાઈન અને પ્રોડકટ ડેવલપમેન્ટનાં મહત્ત્વનાં કાર્યોમાં સક્રિય રહીશ. તદ્ઉપરાંત તમારે જયારે પણ જરૂર પડે ત્યારે દરેક કામમાં હંમેશા હાજર હોઈશ.

– રાજેશ દોશી
૦૪ ફેબ્રુઆરી, ૨૦૧૮

ખુશ્બુ-ઉત્સવ-પલ્લવ-કૃતિ-કરિશ્મા-ઉત્કર્ષ,

૨૦૧૭-૧૮ ના અંતમાં ઉપરોકત પત્ર ખુશ્બુ-ઉત્સવ-પલ્લવને પાઠવેલો હતો, જેમાં ઘણાં સૂચનો જણાવેલાં, જેનું મહદ્ અંશે પાલન થતું હોય એવું અનુભવી રહ્યો છું. ૨૦૨૦-૨૧ માં કથિત અકુદરતી મહામારીનાં કારણે લોકોની જીવન જીવવાની તથા ઉદ્યોગધંધાની પદ્ધતિ સંપૂર્ણપણે બદલાઈ રહી છે. વૈશ્વિક મહાસત્તાઓના સ્થાપિત હિતો અને વિકૃત મનોદશા ધરાવતા લોકોની ભોગવટાની ઈચ્છાઓના કારણે અકુદરતી મહામારીઓ છાશવારે આવે તો નવાઈ નહિ. ચાલી રહેલી કોરોના મહામારી વધુ અશાંતિપૂર્ણ વિશ્વ માટેનો પૂર્વાભ્યાસ હોય તેવું લાગે છે, માટે ભવિષ્યમાં અકુદરતી મહામારી આવતી રહેશે તેથી આવનારી દરેક કુદરતી કે અકુદરતી મહામારીને કારણે ઉદ્યોગધંધાની પધ્ધતિમાં કંઈકને કંઈક બદલાવ આવી શકે છે તો દરેક બદલાવને સહજતાથી સ્વીકારી આગળ વધવું. દરેક બદલાવને વખતે જાત જાતનાં લોકો ભાત ભાતની નવી પદ્ધતિઓ માટે પ્રવચનો આપવા નીકળી પડશે... એમનું આંધળું અનુકરણ કરવાને બદલે તમારા સમય અને સંજોગો મુજબ ખૂબ જ સમતા રાખી સહજતાથી પરિસ્થિતિનો સામનો કરજો. દરેક કુદરતી અને અકુદરતી મહામારીઓની વચ્ચે સુખેથી જીવન જીવવા માટે તમારી તથા તમારી નજીકનાંઓનું સ્વાસ્થ્ય જાળવી રાખવું અત્યંત જરૂરી છે. સ્વાસ્થ્યનાં ભોગે સંપત્તિનો આગ્રહ કયારેય કરશો નહિ.


કોઈપણ લક્ષ્ય સિદ્ધ કરવા માટે પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્નેનું હોવું ખૂબ જ જરૂરી છે. તમારી દોડવાની ક્ષમતા હોય એનાથી વધારેનું લક્ષ્ય હાંસલ કરવાનું આયોજન કરવાનો વિચાર સામાન્ય રીતે કરવો નહિ કેમ કે, ઉદ્યોગ ધંધા માટેનાં લક્ષ્ય સિદ્ધ કરવા માટે જરૂરી બધું જ તમારા હાથમાં નથી હોતું. ઉદ્યોગધંધાનાં ચડાવ-ઉતાર વચ્ચે અંગત જીવનમાં કૌટુંબિક મૂલ્યોનું જતન પ્રામાણિકપણે કરતાં રહેવાથી ખૂબ માનસિક શાંતિ મળતી રહે છે તેથી કુટુંબના દરેક સભ્યોનાં એકબીજાનાં મૂલ્યોનું જતન કરવું અત્યંત જરૂરી છે.

પરંપરાગત રીતે ઉત્તરાધિકારીની પસંદગી કરવાનું કાર્ય મારા માટે અત્યંત કઠિન છે છતાં પણ તમારા દરેકમાં અલગ અલગ ઘણી બધી ખૂબીઓ અને કૌટુંબિક લાગણીઓ સાથે કોઈને કોઈ ખામી છૂપાયેલી છે. સદ્નસીબે તમારાં બધાંનો કાર્યકાળ અને અનુભવ મુજબ મૂલ્યાંકનની ઉત્કૃષ્ટતા ચઢતા ક્રમ મુજબ પ્રમાણસર છે. મારી સમજ, ઉપરોકત મૂલ્યાંકન તથા તમારા બધાના જવાબોને અધીન રહીને મેં મારું અવલોકન કરી નીચે મુજબ ઉત્તરાધિકારીની વરણી અને દરેકનાં કાર્યોની સૂચિ મૂકી છે. તમે બધા સાથે મળી અભ્યાસ કરીને પછી તમારી સમજ મુજબ આગળ વધજો. મારી હાર્દિક ઈચ્છા એવી છે કે રાજુ એન્જીનીયર્સ અને એસેન સ્પેશ્યાલીટી બન્ને જગ્યાએ CEO ની નિમણૂક કરી તમારે રોજિંદા વહીવટમાંથી બહાર નીકળીને બીજા નવા ધંધા માટેના પ્રયત્નો તથા કૌટુંબિક જરૂરિયાત પૂર્ણ કરવા પરિવારને વધુ સમય આપવા પ્રયત્નો કરવા જોઈએ.

હું ડિઝાઈન, ડેવલપમેન્ટનું કામ જોવાનું તથા નવી પ્રોડકટ માટેની વિસ્તૃત તકનીકી વિગતો આપવાનું ચાલુ રાખીશ. આ દરમ્યાન તમારામાંના કોઈએ આ કામ શીખી લેવા માટેના પ્રયત્નો કરવા જરૂરી છે.

– રાજેશ દોશી
૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૧

ખુશ્બુ, કરિશ્મા અને કૃતિ સાથે



નાનાલાલભાઈ અને ચંપાબહેન
દોશીનાં પંચરત્ન સરીખાં સંતાનો
તથા તેમનાં જીવનસાથી અને બાળકો!



૮

ખરેખર તો મારે ધૂમ્રપાન કરવું હતું. એ આટોપીને હું એમની સાથે પહોંચી ગયો એટલે તરત મહારાજસાહેબે કહ્યું : સ્મોકિંગ કરો છો ? મેં હા પાડી એટલે રસ્તામાં જ તેમણે પચખાણ લેવા કહ્યું તો મેં ના પાડી : મહારાજસાહેબ, આપ મારા ઘરે જાવ, મારે તમારી સાથે નથી આવવું અને મારે પચખાણ પણ નથી લેવા. સાહેબે કહ્યું : સારું, તું સાથે તો ચાલ. તને પચખાણ નથી આપવાં.

૧૯૯૪ થી આજ સુધીમાં હું કયારે બેંકમાં ગયો નથી કે કોઈ સરકારી, અર્ધ–સરકારી ઓફિસમાં પણ મુલાકાતે ગયો નથી, એ વાત મેં અગાઉ કહી છે પણ એ પહેલાંનો એક અનુભવ યાદ આવે છે... ૧૯૮૪ માં જનરલ ઈન્સ્યોરન્સ કંપનીએ નાના ઉદ્યોગોને વિમામાં રાહત આપવા સ્કીમ બહાર પાડેલી હતી જેમાં ૧,૦૦૦ રૂપિયાના જોખમ માટે ૧ રૂપિયો પ્રિમિયમ ભરવાનું રહેતું એટલે કે ૧૦ લાખનો વિમો લેવાનો હોય તો ૧,૦૦૦ રૂપિયાનું પ્રિમિયમ ભરવાનું થતું.

રાજુ પ્લાસ્ટીકસની મશીનરી, કાચો માલ તથા જમીન મકાનની કિંમત ત્યારે ૯ લાખ રૂપિયા જેટલી હતી અને ઉપરોકત સ્કીમમાં વિમો લેવાય તો ૯૦૦ રૂપિયા પ્રિમિયમ ભરવું પડે. સ્કીમની બહાર રૂટીનમાં વિમો લેવામાં આવે તો આશરે પાંચ થી છ હજાર રૂપિયા પ્રિમિયમ થાય એવું હતું. જિલ્લા ઉદ્યોગકેન્દ્ર દ્વારા આવી માહિતી નાના મોટા યુનિટને આપવામાં આવતી. રાજુ પ્લાસ્ટીકમાં પણ જિલ્લા ઉદ્યોગકેન્દ્રમાંથી જાણ કરતો પત્ર આવ્યો એટલે જરૂરી હોય એ બધા જ દસ્તાવેજ એકઠા કરીને માણાવદરમાં એ વખતે વિમાનું કામકાજ કરતા શ્રી સી. ટી. ડરાણીયાનો સંપર્ક કર્યો. એમણે જણાવ્યું કે આ સ્કીમમાં વિમો લેવો હોય તો ડાયરેકટ ઓફિસમાંથી મળશે (વિમા એજન્ટોના એસોસિએશનએ અન ઓફિશ્યલી એવું નક્કી કર્યું કે બને ત્યાં સુધી આ સ્કીમની જાહેરાત ન કરવી અને આ સ્કીમમાં વિમો ન આપવો). જનરલ ઈન્સ્યોરન્સ કંપનીની અંદરમાં એમની સબસીડીયરી ચાર કંપની કામ કરે અને આ ચારેય ઉપરોકત સ્કીમમાં વિમો લેવા માટે અધિકૃત હતી. નેશનલ ઈન્સ્યોરન્સ કંપની, યુનાઈટેડ ઈન્સ્યોરન્સ કંપની, ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની, ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની. સૌ પ્રથમ હું નેશનલ ઈન્સ્યુરન્સ કંપનીમાં બધા જરૂરી કાગળો અને ૯૦૦ રૂપિયાનો ચેક લઈને શ્રી વાછાણીને મળ્યો. એમણે ગોળ ગોળ વાતો કરીને કહ્યું કે, આ સ્કીમમાં વિમો માત્ર પટેલના યુનિટ હોય તો જ લઈએ છીએ છતાં પણ તમે યુનાઈટેડની ઓફિસે જાવ એ લોકો લે તો થાય. હું યુનાઈટેડમાં ગયો ત્યાં જે અધિકારી હતા તેમણે વિમો લેવાની હા પાડીને કહ્યું કે, એક કાગળ ઘટે છે એ લઈ આવો. હું ફરી નેશનલમાં ગયો અને વાછાણીને કહ્યું કે યુનાઈટેડવાળાએ હા પાડી એટલે તરત વાછાણીએ યુનાઈટેડવાળાને ફોન કરી ધમકાવ્યા. હું બીજા દિવસે યુનાઈટેડમાં ઘટતો કાગળ લઈને ગયો તો એમણે મને મારા કાગળ અને ચેક પરત આપી દઈ કહ્યું કે, વિમો સ્કીમમાં નહીં લેવાય. તેમણે મને કહ્યું કે અમારા એસોસિએશનનો નિર્ણય છે કે આ સ્કીમમાં જાણીતા હોય એમનો જ વિમો લેવાનો જેથી અમારી આવકમાં ઘટાડો ના થાય એટલે ત્યાંથી ન્યુ ઈન્ડિયા અને ઓરિએન્ટલમાં ગયો પણ બધેથી

અલગ અલગ જવાબો મળ્યા. કોઈએ સ્કીમમાં વિમો ના લીધો.

...એટલે સૌથી પહેલાં બેંકને પત્ર લખી જાણ કરી કે અમે ઉપરોકત ચારેય વિમા કંપનીને જરૂરી કાગળો સાથે વિનંતી કરેલી પણ નાના ઉદ્યોગની સ્કીમમાં વિમો લેવા કોઈ તૈયાર નથી તેથી અમે વિમો નહીં લઈ શકીએ અને સાથોસાથ ચારેય વિમા કંપનીની મુખ્ય ઓફિસને પણ પૂર્ણ વિગત સાથે, જે વાત થઈ હતી એ જ શબ્દોમાં લખીને મોકલી આપ્યું. ચારેય કંપનીની જૂનાગઢ ઓફિસના અધિકારીઓએ જે ભાષામાં જવાબ આપ્યા હતા એ એમ જ, એ જ શબ્દોમાં મેં લખેલા હતા.

લગભગ પંદરેક દિવસ પછી માણાવદરમાંથી શ્રી સી. ટી. ડરાણીયાનો ફોન આવ્યો કે, તમે જૂનાગઢ બ્રાંચ મેનેજરને મળી આવો. તમારો વિમો લેવાઈ જશે એટલે હું ફરી જૂનાગઢ બ્રાંચ મેનેજરને મળવા ગયો પણ કશું થયું નહીં એટલે ફરી મુખ્ય ઓફિસમાં બધે યાદી પત્ર મોકલ્યો. લખ્યું કે અમારી ફેકટરી પર આવી વિમો લેવાનો ઓર્ડર કરશો.

એ પછીના લગભગ એકાદ મહિનામાં નેશનલ, યુનાઈટેડ અને ઓરીએન્ટલનાં જે અધિકારીઓએ ખરાબ, ખોટા જવાબ આપ્યા હતા, તે બધાને તાત્કાલિક અસરથી બરતરફ કરાયા. અમુકને પગારમાં કપાત આવી. જેટલા બરતરફ થયા હતા એમાંના એકને સમજાઈ ગયું કે રાજુ પ્લાસ્ટીકનો વિમો સ્કીમમાં ન લીધો એટલે આવું થયું તેથી માણાવદરના એમના એજન્ટ મારફતે મારી પાસે આવ્યા. મને કહે કે તમે પત્ર લખી દયો તો આમની નોકરી પરત મળી જાય.

તેમણે મને કહ્યું કે એસોસિએશનનો નિર્ણય છે કે આ સ્કીમમાં જાણીતા હોય એમનો જ વિમો લેવાનો જેથી...

મેં કહ્યું : જે ભાષામાં મને હડધૂત કર્યો હતો એ હજુ યાદ છે, એટલે માફી તો નહીં આપું પરંતુ એ મને લખીને આપે કે આજથી હું મારી જ્ઞાતિ બદલું છું અને હવે કયારેય જ્ઞાતિવાદની વાત નહીં કરું તો, જોઈએ એવો પત્ર લખી આપીશ. ૧૯૮૪ માં પણ જ્ઞાતિવાદ આટલો જ ખરાબ હતો અને નાના માણસો આ જ્ઞાતિવાદનો ખૂબ ભોગ બની રહ્યા હતા.

□ □ □

એક એવો પ્રસંગ પણ બન્યો છે, જેનો આજે પણ પારાવાર પસ્તાવો થાય છે અને પસ્તાવા રૂપે હજુ પણ કુદરતી આફતો કે ગાડીનાં અકસ્માત કે આગનાં બનાવોથી નુકસાન થાય ત્યારે વીમાની રકમ માટે દાવો નથી કરતો એનું કારણ ૧૯૯૮ માં વીમા કંપનીના અધિકારીઓની અવળચંડાઈ હતી. રાજુ કોટેક્ષમાં બપોરે એક વાગ્યે એકસાથે ૫૦ ટ્રક કપાસ પથરાયેલો હતો, તેમાં આગ લાગી ગઈ ત્યારે ફેકટરીમાં મારા સાળા બિપિનભાઈ અને એક માણસ હાજર હતા. હું જમવા ગયેલો ત્યાં ફોન આવ્યો એટલે હું લગભગ ત્રણ મિનિટમાં ફેકટરી પર પહોંચી ગયો. હું પહોંચ્યો ત્યારે આગનું રૌદ્ર સ્વરૂપ પકડાઈ ગયું હતું અને નરેડી ગામ સુધી ધુમાડાનાં ગોટેગોટા ફેલાઈ ગયા હતા. નજીકનાં ફાયર બ્રિગેડને જાણ કરી અને ફેકટરીમાં લગાવેલી ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમ હતી તો તેનાથી લગભગ વીસ મિનિટમાં મેં તથા મારા સાળા બિપિનભાઈએ મળીને આગ કાબૂમાં લઈ લીધી હતી ત્યાર બાદ પ્રથમ ફાયર ફાઈટર આવ્યો અને એમાંનું પાણી અમારા ટાંકામાં ઠાલવીને જતો રહ્યો. અમે વીમા કંપનીને જાણ કરી.

વીમા કંપનીનાં સર્વેયર તરીકે બે માણસો બીજા દિવસે આવ્યા. એમણે હિસાબ કિતાબ ચેક કર્યો અને પોતાનું નિરીક્ષણ કરીને કહ્યું કે નવ લાખ રૂપિયાનો વીમો પાકશે. અમે પૂછયું કે, કેવી રીતે ગણતરી કરી એ સમજાવો... એમની પાસે કોઈ વાજબી જવાબ નહોતો એટલે અમે સ્વીકાર્યું નહિ. એ પછી બીજા મોટા સર્વેયર આવ્યા. એમણે કહ્યું કે બળેલા કપાસનો વજન કરી લઈએ, પછી તેમાંથી ૧૫% પાણી બાદ કરીને જથ્થો નક્કી કરીશું. અમે સહમત થયા પણ પછી પ્રશ્ન આવ્યો કે વજન કરવામાં બળેલા અને સારા કપાસ મિક્ષ થઈ જાય તો બધો જ કપાસ નકામો થઈ જાય એટલે એ વાત

અધૂરી રહી. કેવી રીતે આનું પરિણામ લાવવું એ સર્વેયર સાચી રીતે કહી શકયા નહિ અને અધૂરું કામ મૂકીને કોઈને પણ જાણ કર્યા વિના જતા રહ્યા. જૂનાગઢથી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીનાં બ્રાન્ચ મેનેજર અને બીજા અધિકારીઓ આવ્યા. એમણે કહ્યું કે તમે કહો એ મુજબ કરીએ ત્યારે અમે કોરા કાગળ ઉપર સહી કરીને કાગળ આપી દઈને કહ્યું : તમે જે રકમ ભરશો એ મંજૂર છે. પણ એ લોકો અચકાતા હતા કે ઓછી ભરશું તો આવડું મોટું પ્રીમિયમ આપતી કંપની હાથમાંથી જતી રહેશે એટલે તેમણે વાટાઘાટો ચાલુ કરી એમાં હું ગુસ્સે થયો તેથી એ લોકો ડરી ગયા પણ પછી એમણે પોતાની રીતે ૩૯ લાખ રૂપિયાની રકમ મંજૂર કરી અને ૪૮ કલાકમાં ચુકવણું પણ કરી દીધું. મારા ગુસ્સાને કારણે લગભગ ૨૦ લાખ રૂપિયા વધારાના આવ્યા હતા એ અમને સમજાઈ ગયું હતું પણ ત્યારે પરત આપવાની પ્રામાણિકતા બતાવી ના શકયા એટલે આજે વીમાની રકમ માટે છેલ્લાં લગભગ પંદર વર્ષથી કોઈ નુકશાની માટે વીમાની રકમ મંજૂર કરાવવાની ચેષ્ટા નથી કરી.

□ □ □

૧૯૯૯ ની વાત છે. આમ તો હું ધાર્મિક નાસ્તિક છું. પરમાત્મા ઉપર પૂર્ણ શ્રદ્ધા છે પરંતુ સાધુ, સંતો કે માતાજી માટે શ્રદ્ધા નહિવત છે. હા, આજ સુધીમાં બે સંતો માટે મને ખૂબ આદરભાવ થયો છે. એમાંના શ્રીરવિરત્નસાગર મહારાજસાહેબ અને શ્રી હેમવલ્લભ મહારાજસાહેબ.

૧૯૯૮-૯૯ માં માણાવદરમાં દેરાવાસી જૈન સંપ્રદાયના શ્રી ધર્મવિજયજી મહારાજસાહેબ દેરાસરમાં પધારેલા. મારા મિત્ર મનીષભાઈ મહેતા માણાવદરના જૈન સંઘના શ્રેષ્ઠીઓમાંના એક. અમારા માણાવદર સ્થિત કારખાનાની બાજુમાં એમનું યુનિટ લીનીયર પોલીપેક હતું. મનીષભાઈ પોતાના યુનિટમાં પગલાં કરાવવા શ્રી ધર્મવિજયજી મહારાજસાહેબને લઈ આવેલા. તેઓ ત્યાંથી મારા કારખાને આવ્યા. મહારાજસાહેબે મારા મસ્તક ઉપર વાસક્ષેપ મૂકીને કહ્યું : ચાલ, તારા ઘરે ગોચરી કરવા જવું છે...

મહારાજસાહેબે કહ્યું : તું કહેતો હો તો આ ફેકટરીને ધમધમતી કરાવી દવ. મેં સહજતાથી ના પાડી.

તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી દિલીપ પરીખ અને તે સમયના માણાવદરના ધારાસભ્ય શ્રી રતિભાઈ સુરેજા આ મહારાજસાહેબના આશીર્વાદ લેવા માટે આતુર હતા અને શ્રી રતિભાઈ સુરેજા, મહારાજસાહેબ માણાવદરમાં રોકાયા ત્યાં સુધી રોજ મહારાજસાહેબને દંડવત કરીને પોતાના ઘરે પગલાં કરવા લઈ જવા માટે આતુર હતા. બંને મુખ્યમંત્રીશ્રીઓ પણ તેમના આશીર્વાદ લેવા પધાર્યા હતા.

મારા ઘરે ગોચરીએ જવાનું કહેતા જ મેં કહ્યું કે, મનિષભાઈ આપને મારા ઘરે લઈ જશે. પરંતુ મહારાજસાહેબે કહ્યું : ના, તું પણ સાથે આવ... મેંકહ્યું : આપ પ્રસ્થાન કરો. હું પણ આવું છું . ખરેખર તો મારે ધૂમ્રપાન કરવું હતું. એ આટોપીને હું એમની સાથે પહોંચી ગયો એટલે તરત મહારાજસાહેબે કહ્યું : સ્મોકિંગ કરો છો ? મેં હા પાડી એટલે રસ્તામાં જ તેમણે પચખાણ લેવા કહ્યું તો મેં કહ્યું : મહારાજસાહેબ આપ મારા ઘરે જાવ, મારે તમારી સાથે નથી આવવું અને મારે પચખાણ પણ નથી લેવા. સાહેબે કહ્યું : સારું, તું સાથે તો ચાલ. પચખાણ નથી આપવા.

અમે ઘરે પહોંચ્યા. મહારાજસાહેબે ઓરાવ્યું અને પછી મારા 'જીવ' રીટાને પૂછયું : બોલ તારે કોઈ તકલીફ છે ? રીટાએ કહ્યું : ના સાહેબ બધું સરસ છે... મહારાજસાહેબે મનીષભાઈ સાથે દેરાસર તરફ વિહાર કર્યો અને હું ફરી ફેકટરી પહોંચ્યો. લગભગ પંદરેક દિવસ સુધી દરરોજ મારી ફેકટરીના ફોન પર મહારાજસાહેબનો ફોન આવતો કે તું મને મળવા આવ પણ કોઈ અકળ કારણથી હું તેમને મળવાનું ટાળતો હતો. એ પછી એમણે જૈનના બે યુવકોને મોટરસાયકલ લઈને મને તેડવા મોકલ્યો અને કહ્યું કે રાજુને તમારી વચ્ચે બેસાડી લઈ આવો. હું ગયો અને વીસ મિનિટ

બેસીને આવી ગયો. મહારાજસાહેબ જૈનશ્રેષ્ઠીઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા, એ સાંભળ્યો.

થોડા દિવસ બાદ ફરી મહારાજસાહેબનો ફોન આવ્યો કે દેરાસરમાં ચાંદીનું છત્ર ચડાવવાનું છે અને એ તારે ચડાવવાનું છે... મેંકહ્યું કે મને એમાં ખબર ન પડે. તેઓ બોલ્યા : હું પાલીતાણા જઈશ ત્યાંથી લઈ આવીશ. મેં હા પાડી. તેઓ જયારે પાલીતાણા ગયા ત્યારે લઈ આવ્યા અને ૮૫૦૦ રૂપિયાનું બીલ આપ્યું. મેં પૈસા મોકલી આપ્યા. થોડા દિવસ પછી ફરી ફોન આવ્યો. તેમણે કહ્યું : તારી એક મોટી ફેક્ટરી બંધ છે. મારે ત્યાં જવું છે. મેં જણાવ્યું કે એ છ કિલોમીટર દૂર છે ત્યાં સુધી ચાલીને જવાનું ? હું ચાલીને નહીં આવું તો બોલ્યા કે હું તારી કારમાં આવીશ. અમે કારમાં ગયા, મહારાજસાહેબે એકલાએ ૩૨ વિઘાની ફેક્ટરી ફરતે આંટો માર્યો. આ ફેક્ટરી એટલે રાજુ કોટેક્ષ લિમિટેડ, જેમાં આશરે ૧૦ કરોડ રૂપિયાની નુકશાની માથા ઉપર હતી અને ફેક્ટરીનાં ચક્કર બંધ પડી ગયાં હતાં.

મહારાજસાહેબે કહ્યું : તું કહેતો હો તો આ ફેક્ટરીને ધમધમતી કરાવી દઉં. મેં સહજતાથી ના પાડી; ના, મને અને મારા પરિવારને જેમ જીવીએ છીએ એમાં શાંતિ અને સુકૂન છે. નુકશાની છે એની ચિંતા છે પણ એવું કરવું નથી. આ સાંભળીને મહારાજસાહેબથી રહેવાયું નહીં અને બોલી ગયા : તને ખબર છે, હું હર્ષદ મહેતાનો ગુરુ છું અને હર્ષદ મહેતા મારા લીધે માલામાલ હતા !!

મારાથી પણ રહેવાયું નહીં. હું પણ બોલી ગયો કે આપને ખબર છે. હર્ષદ મહેતા વગર વાંકે ૪૯ મા વર્ષે જેલમાં મૃત્યુ પામ્યા... મહારાજસાહેબ કંઈ જ બોલ્યા નહીં અને અમે દેરાસર તરફ ગાડી હંકારી ગયા. સાચે જ હર્ષદ મહેતાએ પોતે કંઈ ખોટું કર્યું નહોતું પણ ભારતના રાજકારણીઓએ પોતાનાં કુંડાળાંઓ છૂપાવવા હર્ષદ મહેતાનો ભોગ લીધો.

□ □ □

માણસ કશુંક વિચારે અને એ વિચાર અણિશુદ્ધ હોય તો નિયતિ તેને સાકાર કરવામાં સાથ આપતી હોય છે. એક આવો જ મારો વિચાર અગિયાર વરસે સાકાર થયો હતો. ૨૦૧૦ ના ઉત્તરાર્ધમાં મને વિચાર આવ્યો કે માણાવદર શહેરનું ઋણ ચૂકવવા અને આધાર વિનાના ૬૫ વર્ષની ઉપરના વડીલોની કાળજી લેવા અને એમના અંતિમ પડાવ તરફ જતી જિંદગીમાં આનંદ અને સ્વાસ્થ્ય આપવા માટે 'ઘરનું ઘર' બનાવવું.



કરિશ્મા દોશીના હસ્તે, ચંદ્રશ્રુતિ 'ઘરનું ઘર' વૃદ્ધાશ્રમનું પરિવારજનો સાથે ભૂમિપૂજન – ૦૯-૦૮-૨૦૧૭

વિચાર આવ્યો કે તરત મારા મોટાભાઈ શ્રી ચન્દ્રકાન્તભાઈને વિગતવાર મેઈલ કરીને મારો વિચાર જણાવ્યો. મેઈલ વાંચીને તરત અમે બંનેએ ચર્ચા કરી. માસિક ખર્ચનો અંદાજ લગાવ્યો અને એ પછી મારા વિચારને હકારાત્મક જવાબ મળ્યો. એ જ સાંજે ઘરના તમામ સદસ્યોને જાણ કરી કે આપણે શ્રુતિના નામથી ઘરનું ઘર માણાવદરમાં બનાવવું છે. બધાએ આ વિચારને ખૂબ જ લાગણી સાથે વધાવી લીધો. ખાસ મારા 'જીવ'

રીટાને ખૂબ-ખૂબ આનંદ થયો, કેમ કે વર્ષોથી એને મોટી ઉંમરની મહિલાઓ સાથે લાગણીસભર બહેનપણાં હતાં. તેને મોટી ઉંમરની મહિલાઓની કાળજી લેવી, તેમનાં સુખ દુઃખ સાંભળવાની આદત હતી.

માણાવદર એટલે બાપ-દાદાનું માદરે વતન અને વતનનું ઋણ ચૂકવવું એ આપણી ફરજ છે, એ વિચાર સાથે માણાવદર આસપાસ ૪-૫ કિલોમીટરમાં જગ્યા શોધવાનું ચાલુ કર્યું પરંતુ જગ્યા વાજબી ભાવે મળી નહીં. આખરે રાજુ કોટેક્ષ લિમિટેડની ૩૨ વિઘા જમીનમાંથી પાંચ વિઘા જમીન પર વડીલો માટે ઘરનું ઘર બનાવવા ભેટ આપી. મારી દીકરી કરિશ્માના હાથે ભૂમિપૂજન રાખવામાં આવ્યું અને પરિવારના બધા સદસ્યો અને સગાં, સ્નેહી અને મિત્રોની હાજરીમાં ભૂમિપૂજનનું કાર્ય સંપન્ન કરીને બાંધકામ આરંભાયું અને ત્યાં ઘરનું ઘર બનાવવાની ૨૦૧૭ માં શરૂઆત કરી. ૨૦૨૧ માં બાંધકામ અને બધું રાચરચીલું ગોઠવવાનું કાર્ય પૂરું થયું. માત્ર શ્રુતિના નામથી ઘરનું ઘર બનાવવું હતું પરંતુ કુદરતે કંઈક અલગ વિચાર્યું હશે, મોટાભાઈની ૨૦૧૩ માં વિદાય થઈ હોવાથી ઘરનાં ઘરનું નામકરણ કર્યું : ચંદ્ર-શ્રુતિ. આ નામકરણ કરવામાં ત્રણે દીકરીઓ ખુશ્બુ, કૃતિ અને કરિશ્માએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ પરિવારની ત્રણેય દેવીઓ દેવયાની, નીતા અને રીટાના હસ્તે 'ચંદ્ર-શ્રુતિ' ખુલ્લું મૂકાયું, જેનું સંચાલન શ્રુતિના ફાઉન્ડેશન દ્વારા શરૂ થયું. શ્રુતિના ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી તરીકે પરિવારની ત્રણેય દેવીઓ દેવયાની, નીતા અને રીટા સાથે ખુશ્બુ, કૃતિ અને કરિશ્માનાં સાસુઓ પલ્લવીબેન, જાગૃતિબેન અને છાયાબેનનાં નામ જોડવામાં આવ્યાં.

ઉદ્ઘાટનના દિવસે બધાએ આ સંચાલકમંડળનાં મહિલાઓનાં નામ વાંચ્યાં ત્યારે બધાને ખૂબ આનંદ થયો કેમ કે દીકરીઓની સાસુને સાથે રાખેલાં હતાં. ખૂબ આનંદ અને હરખથી ઘરનું ઘર ચાલુ થયું. નિરાધાર વડીલો પણ આવવા લાગ્યાં. શરૂઆતમાં પાંચ નિરાધાર વડીલો દાખલ થયા. બધાં જ લાકડીના સહારે ચાલતાં હતાં. એકાદ મહિનો બધાના સ્વાસ્થ્યની તકેદારી લીધી. જરૂરી વિટામીન અને ખનિજો આપી એમની આધુનિક દવાઓ બંધ કરાવી તો બધાના હાથમાંથી લાકડી છૂટી ગઈ. બધા ટેકા વિના હાલચાલ કરવા લાગ્યા. આજે તારીખ ૩.૫.૨૦૨૪ ના રોજ આશરે ૨૨ વડીલો આનંદથી જીવન વિતાવી રહ્યા છે. આમ બધું ક્ષેમકુશળ ચાલતું હતું અને બહુ મોટું દુઃખ મારા પરિવારમાં આવી પડયું. ૨૧ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ મારો 'જીવ' રીટા અનંતની સફરે નીકળી ગયો. ચંદ્ર-શ્રુતિ ઘરનું ઘર નોધારું થઈ ગયું. આખાયે પરિવારમાં જેને વધુમાં વધુ નિરાધાર વડીલોની સેવાની તાલાવેલી હતી, એ જ સાથે ન રહ્યું !

અત્યારે પણ પરિવારના બધા સદસ્યો પખવાડિયે અલગ અલગ અને ચાર - છ મહિને બધા સાથે ચંદ્ર-શ્રુતિ ઘરના ઘરની મુલાકાતે જઈએ છીએ અને વડીલો સાથે સાત્ત્વિક સમય વિતાવીએ છીએ.



ચંદ્રશ્રુતિ 'ઘરનું ઘર' વૃદ્ધાશ્રમનું પરિવારજનો અને મિત્રો સાથે ભૂમિપૂજન પૂર્ણ થયા બાદની તસ્વીર- ૦૯-૦૮-૨૦૧૭



દોશી પરિવાર, માણાવદર રચિત

શ્રુતિના ફાઉન્ડેશન રાજકોટ

સંચાલિત ચંદ્રશ્રુતિ – ઘર નું ઘર વૃધાશ્રમ

ડાયરેક્ટરની યાદી

ક્રમ.	નામ	રહેવાસી
૧	દેવયાની ચંદ્રકાન્ત દોશી	રાજકોટ
૨	પલ્લવી રમેશચંદ્ર મોનાણી	રાજકોટ
૩	નીતા કીશોર દોશી	રાજકોટ
૪	જાગૃતિ વિજય રાજપુરા	રાજકોટ
૫	રીટા રાજેશ દોશી	રાજકોટ
૬	છાયા અજય શાહ	રાજકોટ

ચંદ્રશ્રુતિ 'ઘરનું ઘર' પરિવારજનો સાથે
ચંદ્રકાન્તભાઇનાં જન્મ દિવસે ખુલ્લુ મૂકાયું
૨૮-૦૮-૨૦૨૧



ચંદ્રશ્રુતિ 'ઘરનું ઘર' ખુલ્લુ મૂકયા બાદ,
ચર્ચા વિચારણા કરતા શ્રુતિના ફાઉન્ડેશનના
ડાયરેક્ટરશ્રીઓ





















મારા બાળકો

કરિશ્મા–અંકિત, ખુશ્બુ–શ્વેતાંગ, કૃતિ–ચિંતન
ઉર્વશી–ઉત્કર્ષ, કોંકણા–ઉત્સવ, ચાંદની–પલ્લવ
જીનલ–પ્રેરિત, વૃતિ–પ્રતિક, ઉન્નતિ–દિપ,
પુલકિત, તન્મય



૯

કોરોના મહામારીના નામે ૧૯ માર્ચ ૨૦૨૦ના રોજ ગુજરાત અને સમગ્ર દેશમાં લૉકડાઉનની સખત અમલવારી ચાલુ કરવામાં આવી ત્યારે સામાન્ય વર્ગના લોકો ઉપર મહામારી કરતાં પણ વધારે આર્થિક આફત આવી પડી હતી. લોકોનો ખોફ અને મેડિકલ ક્ષેત્રનો અમાનવીય અને વ્યાપારિક વલણ જોઈને મને થયું કે મારે કશુંક કરવું જોઈએ અને એટલે અમે એપ્રિલ,૨૦૨૦ના મધ્યમાં એક નાકમાં નાખવાનો સ્પ્રે બનાવ્યો પણ...

જુનાગઢના સ્ત્રી રોગ ચિકિત્સિક શ્રી દિલીપ મહેતાને અણઆવડત અને બેદરકારી કરવાના ગુના સબબ મેં લાફાવાળી કરેલી ત્યારે તેમની સાથે ડૉ. પટોળિયા બેસતા હતા. જે થોડા સમય પછી માણાવદર સરકારી હોસ્પિટલમાં મુખ્ય ડોકટર તરીકે મૂકાયા હતા... એ કિસ્સો મારે કહેવો છે. માણાવદરમાં શરદપૂનમનો 'તાલ' રાસોત્સવ હું અને મારા મિત્રો કરાવતા. માણાવદરના મારા મિત્રોની ઈચ્છાને માન આપીને આર્થિક મદદ કરતો અને રાસોત્સવની સંપૂર્ણ જવાબદારી લઈને મિત્રો એ કામ પાર પાડતા.

લગભગ ૨૦૦૨ કે ૨૦૦૪ ની શરદપૂનમના રાસોત્સવની ટિકીટ ડૉ. પટોળિયાને આપવા ગયેલા મારા મિત્રોને ડૉ. પટોળિયાએ કહ્યું : આ તો રાજુભાઈ કરાવે છે (એટલે) તેની ટિકીટ નથી લેવી... તેમને વાંધો શો હશે એ ત્યારે યાદ નહોતું આવ્યું પણ પછી ખ્યાલ આવ્યો કે ડૉ. દિલીપ મહેતાને લાફા માર્યા એ સમયે તેઓ હાજર હતા. બે ચાર ટિકીટ લેવાની ના પાડી તેનાથી શરદોત્સવમાં કંઈ ફેર ન પડયો. ટિકીટ ના લેવી કે લેવી એ ફરજિયાત નહોતું કે ન લીધી એ વાંધાજનક પણ નહોતું પરંતુ 'રાજુભાઈનું છે એટલે નથી લેવી' એ થોડું ખુંચ્યું હતું.

ડૉ. પટોળિયા માણાવદર સરકારી દવાખાનામાં હતા ત્યારે માણાવદર સ્ટેશનપ્લોટમાં એક ગરાસિયાની મહિલાએ સળગીને આપઘાત કરેલો. એક રૂમમાં અંદરથી બંધ કરીને પોતે કેરોસીન છાંટી સળગી ગયેલી. આ બાબતની તપાસ પોલીસ ઈન્સ્પેકટર શ્રી મહેન્દ્ર પટેલ કરી રહ્યા હતા. એ તપાસની રાત્રે માણાવદરના પ્રજાપતિ સમાજની જગ્યામાં સંગીતસંધ્યામાં તેઓ આવ્યા ત્યારે મને મળ્યા. કહ્યું કે રાજુભાઈ આજે એક આપઘાતનો બનાવ બન્યો તેને ડૉ. પટોળિયાએ ખૂનમાં બદલી નાખ્યો છે... સાંભળીને મેં બંનેને ગાળો આપીને કહ્યું કે, તમે લોકો માણસ જ નથી !

બીજી સવારે આપઘાત કરેલી સ્ત્રીના પતિનાં સગાંવ્હાલાઓએ મારી પાસે આવીને બધી વાત કરી. મૃતકનું પોસ્ટમોર્ટમ કરવાના ૨૦,૦૦૦ રૂપિયા માગવામાં આવ્યા હતા એ પણ તેમણે કહ્યું. મૃતકના પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી એટલે પૈસા આપી શકયા નહીં. ડૉ. પટોળિયાએ પોસ્ટમોર્ટમ રિપોર્ટ એમ જ ખોટો બનાવી નાખ્યો જેથી મૃતકના પતિને સજા થાય. મૃતકનાં સગાંવ્હાલાની ફરિયાદ પરથી પોલીસ ઈન્સ્પેકટરને બધા કાગળો અને સ્થળના વિડીયો લઈને મારા ઘરે બોલાવ્યા. પોલીસ ઈન્સ્પેકટર તરત ઘરે આવી ગયા. તરત આવી જવાનું કારણ પણ મજાનું છે.

માણાવદરના એક મિત્ર મયૂર હદવાણી (જેમના ઘરે અમે દૂધ લેવા જતા) રાજકોટ રહેવા આવી ગયેલા અને

માણાવદરના જીનવાળા શ્રી રતિભાઈ પાસેથી તેમણે ૩,૦૦,૦૦૦ રૂપિયા ઉછીના લીધેલા, જે પરત આપવાની શ્રી મયૂરભાઈની હાલત ત્યારે નહોતી. તેથી એ સમયના ધારાસભ્યશ્રી રતિભાઈ સુરેજાની લાગવગથી પોલીસ ઈન્સ્પેકટર શ્રી મહેન્દ્ર પટેલ ઉપર શ્રી મયૂરભાઈને પકડવાનું દબાણ કરાવ્યું. શ્રી મહેન્દ્ર પટેલ ફરિયાદ અને ધારાસભ્યશ્રીના દબાણના આધારે શ્રી મયૂરભાઈની ધરપકડ કરીને રાજકોટથી માણાવદર લાવતા હતા ત્યારે શ્રી મયૂરભાઈએ મને ફોન કરીને વિગત જણાવી. મેં પોલીસ ઈન્સપેકટર સાથે વાત કરી કહ્યું કે માણાવદર આવો ત્યારે પહેલાં મારી પાસે આવજો. કહ્યા મુજબ તેઓ મારી પાસે આવ્યા, આમ પણ, ત્યારે નવા પોલીસ અધિકારી માટે એક પ્રોટોકોલ જેવું હતું કે તેઓ માણાવદરમાં ચાર્જ સંભાળે એટલે મને મળવા આવતા.

એ ઈન્સ્પેકટર મહેન્દ્ર પટેલ મારી ફેકટરી પર આવ્યા એટલે વિગત જાણી, મેં મયૂરને પૂછયું કે તારે ૩,૦૦,૦૦૦ રૂપિયા આપવાના છે ? તેણે હા પાડીને કહ્યું કે,... પણ અત્યારે મારી પાસે બિલકુલ પૈસા નથી.

પોલીસ અધિકારીને મેં પૂછયું કે સાહેબ, કેમ આમને પકડવાની જરૂર પડી ? જવાબ મળ્યો કે જીનવાળા રતિભાઈ ધારાસભ્યશ્રીના મિત્ર હોવાથી તેમનું દબાણ છે. મેં કહ્યું : સારું પણ હવે આ કેસમાં 'સી' સમરી ભરી શકાય કે નહીં તો બોલ્યા જજ સાહેબ માને તો થાય... તેમણે ત્યાંથી જ જજસાહેબ સાથે વાત કરીને કહ્યું કે ૫૦,૦૦૦ રૂપિયા થશે, પંદર મારા અને પાંત્રીસ જજસાહેબના. મયૂરભાઈને પૂછયું કે ૫૦,૦૦૦ રૂપિયા આપી શકો તો તેમણે હા કહી. તરત જ મહેન્દ્ર પટેલે 'સી' સમરી ભરીને કોર્ટમાં રજૂ કર્યો અને મયૂર છૂટી ગયો. બીજા દિવસે ૫૦,૦૦૦ રૂપિયા લેવા મારી ઓફિસે આવ્યા, એ પણ પોલીસ ડ્રેસમાં. મયૂરભાઈએ ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા ત્યારે મેં પોલીસ અધિકારીનો ફોટો પાડીને બતાવ્યો કે સાહેબ, આમ ખુલ્લી રીતે તમે પૈસા લ્યો છો? એ થોડા ડરી ગયા પણ મેં ધરપત આપી કે આ તસ્વીરનો ગેરઉપયોગ નહીં થાય. ચિંતા ના કરો. બસ, આ જ કારણથી મૃતકના વિડીયો અને દસ્તાવેજ લઈને મારી ઘરે આવ્યા હતા.

મયૂરભાઈએ ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા ત્યારે મેં પોલીસ અધિકારીનો ફોટો પાડીને બતાવ્યો કે સાહેબ, આમ ખુલ્લી રીતે તમે પૈસા લ્યો છો...

છે ને કારણ મજાનું ?

વિડીયો જોયો ત્યારે ખબર પડી કે મૃતક જયાં મૃત્યુ પામ્યા હતા તે રૂમનો દરવાજો તોડયા પછી પોલીસ અંદર જઈ શકી હતી એટલે મૃતકે પોતે જ અંદરથી જ બંધ કરી આત્મહત્યા કરી એ સાબિત થતું હતું. શું કામ આપઘાત કર્યો, એ શોધવાનું કામ પોલીસનું હતું પણ પોલીસે ડૉ. પટોળિયાના ખોટા પોસ્ટમોટર્મ રિપોર્ટના આધારે મૃતકના પતિને ખૂની સાબિત કરવા માંગતા હતા.

પોસ્ટમોર્ટમનો રિપોર્ટ વિગતવાર જોયો, તેમાં થોડું ન સમજાય એવું હતું. તે બાબતે પોસ્ટમોર્ટમના નિષ્ણાતને પૂછયું એટલે ખ્યાલ આવ્યો કે ખોટો રિપોર્ટ બનાવવામાં પણ ડૉ. પટોળિયાએ ભૂલ કરી છે. મેં પોસ્ટમોટર્મ રિપોર્ટની ઝેરોક્ષ કરાવીને પોલીસ અધિકારીને કહ્યું કે ડૉ. પટોળિયાની ગંભીર ભૂલ છે, તમે એની સાથે વાત કરો.

પોલીસ અધિકારીએ ડૉ. પટોળિયા સાથે વાત કરીને કહ્યું કે બ્લડનો રંગ લખવામાં તમારી ભૂલ છે એટલે પટોળિયાએ પોતાની કોપીમાં જોઈને કહ્યું કે, હાં ભૂલ છે. તમને આપેલી કોપી પરત આપો એટલે હું સુધારીને આપું ત્યારે શ્રી મહેન્દ્ર પટેલે કહ્યું કે રાજુભાઈએ ઝેરોક્ષ કરાવી લીધી છે, હવે ફેરફાર કેમ કરવો ?! શરદોત્સવની ટિકિટની ના પાડનાર ડૉ. પટોળિયાએ શ્રી મહેન્દ્ર પટેલને કહ્યું કે હું ૫ લાખ રૂપિયા આપું પણ રાજુભાઈ પાસેથી ઝેરોક્ષ લઈ લ્યો.

મેં ઘસીને ના પાડી કારણકે એક નિર્દોષને આજીવન કેદની સજામાંથી બચાવવાનો હતો. પોલીસ અધિકારીને કહ્યું કે મૃતકના પરિવારના સભ્યોને મારકૂટ કર્યા વિના કોર્ટમાં હાજર કરજો અને જૂનાગઢના વકીલનું પોસ્ટમોર્ટમ રીપોર્ટની ભૂલ અંગે ધ્યાન દોર્યું તો મૃતકનો પરિવાર નિર્દોષ છૂટી ગયો પણ મૃતકે કયા કારણે આવું પગલું ભર્યું એ

વાતનો હજુ સુધી ખ્યાલ ન આવ્યો પરંતુ ડોકટર પટોળિયાએ કંઈ બાકી નહોતું રાખ્યું. ઉપરોકત ઘટના પછી પણ એને પૈસાની ભૂખના કારણે ખોટાં ખોટાં કામ કરવાનું ચાલુ રાખ્યું.

એક દોંગા પરિવારના સભ્યનું રાજકોટની કોઈ હોસ્પિટલમાં કુદરતી મૃત્યુ થયું હતું. તેના વિમાની રકમ ૧,૩૦,૦૦૦ રૂપિયા ગોંડલ કોર્ટમાંથી મેળવી ચૂકયા હતા. તેમનાં સગાંવ્હાલાને લાલચ થઈ કે મોટર સાયકલના વિમાને ધ્યાને લઈ ફરી કલેઈમ કરી ૧૦ લાખ રૂપિયા મેળવીએ. આ લાલચમાં એમના નજીકના ડોકટરને મળી બધી વાત કરીને પૂછયું કે આમાં કોણ મદદ કરી શકે તો એ જૂનાગઢના ડોકટરે માણાવદર સરકારી હોસ્પિટલના ડૉ. પટોળિયા તરફ આંગળી ચીંધીને કહ્યું : એમને મળીને વાત કરો.

દોંગા પરિવારના સદસ્યો ડૉ. પટોળિયા પાસે પહોંચ્યા. વાત કરી કે મોટરસાયકલના અકસ્માતમાં ગુજરી ગયા એવો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બનાવી દયો. અકસ્માતની વાત આવે એટલે પોલીસ જરૂરી બની જાય તેથી પહેલેથી સાંઠગાંઠ ધરાવતા ડૉ. પટોળિયાએ પોલીસ અધિકારી શ્રી મહેન્દ્ર પટેલને બોલાવ્યા અને વાત કરી કે આવું કરવું છે... બન્નેએ કહ્યું કે થઈ જશે ૧,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થશે. પેલા દોંગા પરિવારના સદસ્યોને સામે ૧૦ લાખ રૂપિયા દેખાતા હતા એટલે સહમત થયા. બધી જ વિધિ ગેરકાયદેસર રીતે કાયદા મુજબ પતાવી અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આપી દીધો પણ પાપ છાપરે ચડીને પોકારે તેવું જ થયું. બધા જ કાગળો લઈને તેઓ ગોંડલના વકીલ પાસે ગયા અને કહ્યું કે વિમો પકાવવાનો છે. વકીલને ખબર હતી કે આ માણસનો કુદરતી મૃત્યુનો વિમો પકાવી લીધો છે, છતાં પણ તે વકીલને લાલચ થઈ એટલે એમને કહ્યું કે ૩૦% મને આપો તો કામ થઈ જાય. ૩૦% એટલે ૩ લાખ રૂપિયા, એક લાખ રૂપિયા પોલીસ અને ડોકટરના નક્કી થયા હતા. એ રીતે હાથમાં આવે માત્ર છ લાખ રૂપિયા એટલે તેમણે બીજા વકીલનો સંપર્ક કરી કેસ કોર્ટમાં મુકાવ્યો.

> તેમનાં સગાંવ્હાલાને લાલચ થઈ કે મોટર સાયકલના વિમાને ધ્યાને લઈ ફરી કલેઈમ કરી ૧૦ લાખ મેળવીએ.

૩૦% વાળા વકીલને ખ્યાલ આવ્યો અને પોતાને ૩ લાખ રૂપિયાની આવક નહિ થાય એવી ખબર પડી એટલે એમણે કેસ જયાં ચાલવાનો હતો એ જજને પૂરી હકીકત જણાવી દીધી. જજસાહેબે ગુસ્સે થઈને પોતે ફરિયાદી બન્યા અને દોંગાનો વિમો તો ના થયો પરંતુ ડૉ. પટોળિયાને પોલીસનો માર પડયો. તેમને ચિકિત્સક તરીકે પ્રેકટિસ ન કરવાનો હુકમ થયો અને મૂળભૂત પ્રમાણપત્રોમાં કોર્ટે લાલ શેરા મારી દીધા !

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગે પણ ડૉ. પટોળિયાને બરખાસ્ત કર્યા. થોડો સમય દવાખાનું ન કરી શકયા પરંતુ આપણા દેશમાં કાયદાને પી જનારાને રાજકારણીઓનો સહકાર મળતો રહે છે એટલે ડૉ. પટોળિયા પણ કોર્ટનો હુકમ હોવા છતાં દવાખાનું ચલાવી રહ્યા છે.

□ □ □

પ્રથમ કોરોના વાઈરસ ચાઈનાના વુહાન શહેરમાં મળી આવ્યો એવું વૈશ્વિક રીતે ફેલાવવામાં અમેરિકાના ધનિક માણસો ફાવી ગયા. બીલ ગેટ્સ, ટેડરોસ, અધામોન, એન્થોની ફોસી (અમેરીકન ફિઝિશ્યન સાયન્ટીસ્ટ અને ઈમ્યુનોલોજીસ્ટ) જેવા લોકો અને દવા બનાવતી કંપનીઓ ફાઈઝર, સેરમ ઈસ્ટીટયુટ ઓફ ઈન્ડિયા, અસ્ટ્રાઝેનેકા, બાયો એનટેક, મોર્ડના વગેરે કંપનીઓએ ખૂબ જ ટૂંકાગાળામાં સંશોધન કરીને કોરોનાની રસી બનાવી લીધી એ બધા જાણે છે. સામાન્ય રીતે કોઈપણ રોગ માટેની રસી બનાવતા કે સંશોધન કરવામાં ઓછામાં ઓછો છ થી આઠ વર્ષનો સમય લાગે પરંતુ ઉપરોકત મહાનુભાવોમાં ન સમજાય એવી ઉતાવળ અને સ્થાપિત હિતોના રક્ષણને ધ્યાને રાખીને કોરોનાની રસીને વૈશ્વિક રીતે તમામ દેશોની સરકારોએ માન્યતા આપી દીધી હતી.

કોરોના નામની મહામારી વિશે મારા વિચારો બીજા છેડાના છે, એ મને પિછાણતા તમામ લોકો જાણે છે. કોરોના મહામારી દરમિયાન પણ મારી ઓલ્ટરનેટિવ સારવાર અટકી નહોતી અને એ સમયે કોરોના પેશન્ટના ઘેર હું અને રીટા ભોજન કે ફ્રૂટ્સ આપવા જતાં ત્યારે માસ્ક પહેરતાં નહોતા. વેકસીન વિશે પણ હું પહેલેથી જ સ્પષ્ટ હતો અને હજુ પણ છું. કોરોના નામની પૂર્વઆયોજિત મહામારીના હાઉ થકી અનેક વિદેશી મહાનુભાવોની સંપત્તિ તથા દવા બનાવતી કંપનીઓના વેચાણમાં અબજો ડોલરનો ઉમેરો થયો હતો. સાથે સાથે દુનિયાભરનાં મોટાભાગના આધુનિક ચિકિત્સા પદ્ધતિના ચિકિત્સકોએ પણ માનવતાને નેવે મૂકીને કરોડો રૂપિયાની કમાણી કરી લીધી, એ પણ બધા જાણે છે. કોરોનાની બીજી ઉગ્ર લહેરમાં મારા મોટાભાઈ કિશોરભાઈ અને ભાભી સિવિલ હોસ્પિટલમાં લાગતી એમ્બ્યુલન્સની લાઈનમાં રહેલાં દર્દી અને ડ્રાયવરને ત્રોફા અને પાણી આપવા રોજ બપોરે ધોમધખતા તાપમાં જતાં, એ વાત મને એટલે યાદ આવી કે એમ છતાં અમને કે અમારા દોશી પરિવારમાં કોઈને કોરોના થયો નહોતો.

કોરોનાની આ કહેવાતી તથાકથિત મહામારીના નામે ૧૯ માર્ચ ૨૦૨૦ ના રોજ ગુજરાતમાં અને સમગ્ર દેશમાં લોકડાઉનની સખત અમલવારી ચાલુ કરવામાં આવી ત્યારે સામાન્ય વર્ગના લોકો ઉપર મહામારી કરતાં પણ વધારે આર્થિક આફત આવી પડી હતી. જે લોકો રોજેરોજનું કમાઈને ખાતા હતા, એમને ખાવાના પણ સાંસા પડી ગયા. લોકો હેરાન પરેશાન થઈ ગયા. લોકોનો ખોફ અને મેડિકલ ક્ષેત્રનું વ્યાપારિક વલણ જોઈને મને થયું કે મારે કશુંક કરવું જોઈએ અને એટલે અમે એપ્રિલ, ૨૦૨૦ નાં મધ્યમાં એક નાકમાં છાંટવાનો સ્પ્રે બનાવ્યો તેની એક સ્પ્રેની કિંમત આશરે ૬૬ રૂપિયા થતી હતી. આ CO-SIVA સ્પ્રે અમે રાજકોટ અને મુંબઈમાં લગભગ ૫૬૦૦ લોકોને નિ:શુલ્ક રીતે આપ્યા હતા. સ્પ્રેની વાત કરતાં પહેલાં એ પણ કહેવું છે કે એ દિવસોમાં ડર અને ખૌફથી ફફડતા લોકોને રાહત મળી શકે એ માટે છ નંગ ઓકિસજન કોન્સન્ટ્રેટર અને એક બાયપેક મંગાવીને ઘેર રાખ્યાં હતાં. જે લોકોને તેની જરૂરિયાત પડે તેઓ ઘેરથી લઈ જતાં. કયારેક કોઈને સમજણ ન પડતી હોય તો તેવા દર્દીના ઘેર હું અને ખુશ્બુ જતાં અને ઓકિસજન કોન્સન્ટ્રેટર લગાવી આપતાં હતા પણ CO-SIVA સ્પ્રેની વાત કરું તો આ સ્પ્રે બહુ અસરકારક હતો.

RTPCR રિપોર્ટ નેગેટીવ જ આવે અને પોઝિટીવ હોય તો પણ ચાર થી છ દિવસ સુધી નાકના સ્પ્રેની સારવાર લેવાથી નેગેટીવ રિપોર્ટ થઈ જાય એવો એ નાકના સ્પ્રેની અસરકારકતા જોઈને મેં ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીની મુલાકાત માટે સમય માગ્યો. મુખ્યમંત્રીશ્રીએ આપેલા સમયે અમે ગાંધીનગર જવા નીકળ્યાં ત્યારે શહેરો, રસ્તાઓ સૂમસામ ભાસતા હતાં. થોડા થોડા અંતરે પોલીસ અને પોલીસનાં વાહનો મળતા હતા...મુખ્યમંત્રીની પરવાનગી હતી તેથી અમને ગાંધીનગર જવા દેવાયા. ગાંધીનગર પહોંચી અમે શ્રી વિજય રૂપાણીને મળ્યા અને નાકના સ્પ્રેની અસરકારકતાથી વાકેફ કર્યા અને કહ્યું કે આરોગ્ય વિભાગ પરવાનગી આપે તો આખા ગુજરાતમાં આ સ્પ્રે નિ:શુલ્ક આપવા છે. શ્રી વિજય રૂપાણીએ કહ્યું કે તમે લોકો ફુડ અને ડ્રગ કમિશનરશ્રી કોશિયાને બધું સમજાવી દો. તેઓ લેબોરેટરીમાં નિરીક્ષણ કરી રિપોર્ટ આપે એ પછી આગળ વધી શકાય. શ્રી વિજય રૂપાણીએ ખુદ શ્રી કોશિયાના મોબાઈલ ફોનમાં રિંગ કરી પરંતુ શ્રી કોશિયાએ ફોન ઉપાડયો નહીં એટલે શ્રી વિજય રૂપાણીએ એમની ઓફિસ બહાર બેસતાં મિસ્ટર અશ્વિનીકુમારને બોલાવી કહ્યું : આ લોકોને શ્રી કોશિયા સાથે મુલાકાત કરાવી દો.

એ સમયે કે કોરોના પેશન્ટના ઘેર હું અને રીટા ભોજન કે ફ્રૂટસ આપવા જતાં ત્યારે માસ્ક પહેરતાં નહોતા.

તુરંત શ્રી અશ્વિનીકુમારે પોતાના મોબાઈલમાંથી શ્રી કોશિયાને ફોન કર્યો. શ્રી કોશિયાએ ફોન ઉપાડયો. અમે મુખ્યમંત્રીની ઓફિસમાંથી નીકળીને ફુડ અને ડ્રગ કમિશનરની ઓફિસમાં પહોંચ્યાં. કોશિયાને અમારું 'ફ્રી' શુલ્કનું



Doc creates nasal spray to kill Sars-Cov-2 virus

Masuma Bharmal Jariwala

Rajkot: As the world struggles to combat the deadly novel coronavirus, a Rajkot-based doctor of alternative medicine has come up with a nasal spray, which he claims can kill the COVID-19 virus.

In an exclusive conversation with First India, Rajesh Doshi, the inventor of the Co-Shiva Nasal Mist Spray said, "The spray, which is immunomodulatory safe with a natural composition, can kill corona virus and help prevent it from spreading it further."

He added, "We met Chief Minister Vijay Rupani and proposed to provide the product free of cost to the government to help free the state from COVID-19's grip. Government labs have also tested the product and have declared it safe to use. We are now awaiting the government's green signal."

Dr Mukesh Shukla, who consulted on the spray said, "It is innovative with internationally accepted and safe-to-use contents."

The spray, which is immunomodulatory safe with a natural composition, can kill corona virus and help prevent it from spreading it further.

—Rajesh Doshi, Creator of Co-Shiva Nasal Mist Spray

પ્રયોજન સમજાવ્યું અને નાકનો સ્પ્રે તૈયાર કરેલો, તેનાં દ્રવ્યોની લખી રાખેલી ફાર્માકોલોજી આપી. શ્રી કોશિયાએ કાગળો તો વાંચ્યા નહીં પરંતુ પોતાની સાથે લઈ ગયેલા. નાકના સ્પ્રેનું પ્રવાહી ફુડ અને ડ્રગ વિભાગની લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યું. બીજા દિવસે મારા મોબાઈલમાં વોટ્સએપમાં રિપોર્ટ આવ્યો. સાથોસાથ શ્રી કોશિયાનો ફોન પણ આવ્યો કે આપનો સ્પ્રે લેબોરેટરીના પરીક્ષણમાં ખરો સાબિત થયો છે એટલે મેં એમને કહ્યું કે તમે શ્રી વિજય રૂપાણીને રિપોર્ટ આપી દેજો, એ પછી અમે વાત કરીશું. મને જવાબ મળ્યો કે, હું સામેથી સાહેબને ન કહી શકું, એ પૂછશે તો જવાબ આપીશ.

અમોએ વિજયભાઈને ફોન કરી વિગત આપી એટલે સાહેબે કહ્યું : હું તમોને જણાવીશ. અમોએ અઠવાડિયું રાહ જોયા બાદ સાહેબનો ફોન આવ્યો. તેમણે કહ્યું કે નાકનો સ્પ્રે તો ચાલે એવો છે પણ આરોગ્ય સેક્રેટરી જયંતિ રવિ નામની મહિલા મારું માનતી નથી. આ હકીકત છે આપણા તે વખતના મુખ્યમંત્રીની લાચારીની.

તેમણે કહ્યું કે નાકનો સ્પ્રે તો ચાલે એવો છે પણ આરોગ્ય સેક્રેટરી જયંતિ રવિ નામની મહિલા મારું માનતી નથી.

કોરોનાનો ડર ખતમ થયા બાદ મ્યુકર માઈક્રોસીસ નામની બિમારી દંતચિકિત્સકોએ ફેલાવી હતી અને ગુજરાતમાં લગભગ ૯૫૮ જેટલાં દર્દીઓને વિના કારણ જડબાં વગરના કરી દેવાયા હતા. આ વાત લખવાનું કારણ એ છે કે, મારા હોલિસ્ટિક હીલીંગ સેન્ટરમાં એક આધેડ વયના મહિલા પોતાના પિતાના કેન્સરની ફાઈલો લઈને આવેલા. એ ફાઈલ્સ જોયા પછી એ મહિલા પાસેથી લક્ષણો જાણ્યાં બાદ મે એમને અમુક સલાહ અને દવાઓ આપી. એ મહિલાએ એ પછી કહયું કે, તેઓ દંતચિકિત્સક છે અને રાજકોટમાં તેમની હોસ્પિટલ પણ છે... આ કારણે મને ઉત્સુકતા થઈ એટલે મેં સહજતાથી પૂછ્યું કે , મારો એક સવાલ છે. આપ પ્રામાણિકતાથી જવાબ આપશો તો ગમશે. એ મહિલા ડોકટરે હા પાડી એટલે મેં પૂછ્યું કે, આ મ્યુકર માઈક્રોસીસ શું છે ? તેમણે બહુ પ્રામાણિકતાથી પણ ખૂબ શરમ સાથે કહ્યું કે, દંતરોગ ચિકિત્સક એસોસિએશને ઉપજાવી કાઢેલો રોગ છે અને તેના નામે લોકોને લૂંટવામાં આવી રહ્યાં છે ! આમ કહેતી વખતે એ દંતરોગ ચિકિત્સક મહિલા ડોકટર ગળગળાં થઈ ગયાં હતાં.

□ □ □

સમગ્ર દુનિયાના અમુક સ્થાપિત હિતો ધરાવતા ૫૦૦ થી ૭૦૦ લોકો સિવાયના તમામ પ્રજાજનો માટે ડિસેમ્બર, ૨૦૧૯ મહિનો દુષ્કર પુરવાર થયો. ચીનના વુહાન શહેરમાંથી કોરોના વાઈરસ, વાઈરસનું સંશોધન કરતી પ્રયોગશાળામાંથી નીકળી ગયો, જે અતિશય સંક્રમણ કરનારો વાઈરસ હતો. આ હિચકારું કૃત્ય કરવા પાછળ ચીન, અમેરિકાના તમામ મોટા ગજાના મીડિયા સંસ્થાના માલિકો, મોટી દવા કંપનીના માલિકો અને દુનિયાના પ્રથમ ક્રમાંકના શાહુકારો જવાબદાર છે.

ડિસેમ્બર ૨૦૧૯ થી ૧૫ માર્ચ ૨૦૨૦ સુધીમાં ઉપરોકત તહોમતદારોએ પોતપોતાની સહુલિયત માટેની તમામ વ્યવસ્થા ગોઠવી લીધી, તથાકથિત કોરોના વાઈરસથી લોકોને પાયમાલ કરીને પોતે માલદાર કેવી રીતે થવું, તેના આયોજનો ગોઠવી લીધા, વિશ્વભરના પ્રજાજનોને ભયના ઓથાર હેઠળ ધકેલવા માટે કેવા કેવા હથકંડા અખત્યાર

કરવા એની યોજના બનાવી લીધી, તથાકથિત કોરોના વાઈરસનો ભય ફેલાવવા માટેના મનઘડંત રસ્તે ચાલતા લોકોને પડી જતાં કે તરફડિયાં મારતાં ચલચિત્રો બનાવી તમામ મીડિયામાં પ્રસારિત કરવાનું ચાલુ કરી દીધું. આર્થિક પ્રલોભનો આપી લાલચુ કહેવાતા નિષ્ણાત ચિકિત્સકો દ્વારા તથાકથિત કોરોના વાઈરસની ભયંકરતાની વાતો ફેલાવડાવી, પૂર્વયોજિત (Plandemic) મહામારીને ભયંકર જીવલેણ મહામારીમાં ફેરવવા માટેનાં તમામ અસ્ત્ર શસ્ત્ર અપનાવવાનું ચાલુ કરી દીધું.

કોરોના નામની તથાકથિત મહામારીમાં આશરે ૭૦ કરોડ લોકો તથાકથિત કોરોનાની અસર હેઠળ આવ્યા હતા જેમાંથી વૈશ્વિક રીતે ૬૯ લાખ લોકો મૃત્યુ પામ્યા, જે અસરગ્રસ્ત લોકોના ૧ ટકો છે અને વિશ્વની વસ્તીના લગભગ ૦.૦૯% જેટલું છે. ભારતમાં કુલ ૪.૫ કરોડ લોકો તથાકથિત કોરોનાની ચપેટમાં આવ્યા હતા અને તેમાંથી પાંચ લાખ લોકો કહેવાતા કોરોનાના કારણે મૃત જાહેર થયા. આ મૃત જાહેર થયેલા લોકોમાંથી મોટાભાગના લોકો હૃદય રોગ, ડાયાબિટીસ, કેન્સર વગેરે રોગોના દર્દીઓ પણ હતા અને વિષારી દવાઓ પણ લઈ રહ્યા હતા.

અત્યારનો ભારતનો ડેથ રેટ દર ૧૦૦૦ માણસોએ ૭.૪૬૦ નો છે. તથાકથિત કહેવાતા કોરોનાના લીધે ભારતમાં છ લાખ લોકો મૃત્યુ પામેલા, આ આંકડો ભારતની કુલ વસ્તીના ૦.૦૪૫% છે અને દર ૧૦૦૦ માણસે ૨.૩૩ માણસો થાય છે જે સામાન્ય મૃત્યુદર કરતાં ઘણું ઓછું છે. આને મહામારી કઈ રીતે કહેવાય ??

આ મારી સમજ બહાર છે.

> મૃત જાહેર થયેલા લોકોમાંથી મોટાભાગના લોકો હૃદયરોગ, ડાયાબિટીસ, કેન્સર વગેરે રોગોના દર્દીઓ પણ હતા.

જુન ૨૦૨૦ માં મુંબઈની એક રિસર્ચ કરતી સંસ્થા (TIFR) ના અહેવાલ મુજબ મુંબઈના ત્રણ વોર્ડના કોરોના અંગેના અભ્યાસનું તારણ એવું જાણવા મળ્યું હતું કે ઝૂંપડપટ્ટીમાં રહેતા ૫૭% લોકો અને એપાર્ટમેન્ટમાં રહેતાં ૧૬% લોકોને કોરોનાનું સંક્રમણ થઈને કોઈપણ દવા કે સારવાર વિના સાજા પણ થઈ ગયા હતા. કોરોનાનો અંત ક્યારે આવશે એવા સામાન્ય લોકોના સવાલના જવાબમાં વિશ્વઆરોગ્ય સંસ્થા તથા બિલ ગેટ્સ જેવા શેતાન કહેતા કે કોવિડ ૧૯ ની રસી બનાવીને આખી દુનિયાના લોકોને આપી દેવાશે ત્યારે કોરોનાનો અંત આવશે.

પતંજલિ જેવી કંપનીએ વનસ્પતિશાસ્ત્રનો ઉપયોગ કરીને કોરોના માટે દવાઓ બજારમાં મૂકી તો આધુનિક દવા બનાવનારા તથા આધુનિક ચિકિત્સા પદ્ધતિના ચિકિત્સકોના પેટમાં તેલ રેડાયું અને સ્થાપિત હિતો ધરાવતા લોકોએ સખત વિરોધ કર્યો અને મહારાષ્ટ્ર સરકારે કોઈ નક્કર કારણ જણાવ્યા વિના પતંજલિની આ દવાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો. આ ઉપરથી એ પણ ફલિત થયું કે મોટાભાગના રાજકારણીઓ પણ કોરોના વાઈરસ અંગે ભય ફેલાવવામાં પૂર્ણ રીતે મદદરૂપ હતા.

અહીં એક વાત કરવાની લાલચને રોકી શકતો નથી. શરૂઆતના ૨૨ માર્ચ, ૨૦૨૦ થી લાગુ પડેલા દેશવ્યાપી લોકડાઉન દરમ્યાન અસ્પતાલોમાં પથારીની ઘટ પડી ત્યારે પુઠ્ઠાના બેડ તથા ટેબલની જરૂર ઊભી થઈ. એ સમયે અનંત નેશનલ યુનિવર્સિટી દ્વારા આવા પુઠ્ઠાના બેડની જરૂરિયાત અમારા સુધી પહોંચી, મારાં બધાં જ બાળકોને આવા બેડ બનાવવાના કામમાં લગાડી અમે નહીં નફો નહીં નુકસાનના ધોરણે આશરે ૩૪૦૦ બેડ, ટેબલ, ગાદલાં અને ઓશીકાં રૂપિયા ૧૩૨૫માં અલગ અલગ અસ્પતાલોમાં મોકલ્યા હતા ત્યારે મહારાષ્ટ્ર સરકારના કોઈ વ્યક્તિએ અમારો સંપર્ક કર્યો. અમને કહેવામાં આવ્યું કે, ૧૫,૦૦૦ સેટ બનાવી આપો અને એક સેટનું ૧૫,૦૦૦ રૂપિયાનું બિલ બનાવજો, એમાંથી ૭,૦૦૦ રૂપિયા તમને આપીશું અને ૮,૦૦૦ રૂપિયાનું અમે ભોજન કરીશું. અમારો જવાબ હતો કે, અમે ૧,૩૨૫ રૂપિયાનું બિલ આપીશું પણ તેનાથી વધારાનું નહીં આપીએ... એ વ્યક્તિએ બીજી જગ્યાએથી આવા

૧૫૦૦૦ સેટ લીધા અને મહારાષ્ટ્ર સરકારની યોજના હેઠળ મોકલાવ્યા. આ તથાકથિત કોરોનામાં ભ્રષ્ટાચાર પણ એટલો જ ફાલ્યોફૂલ્યો હતો. શ્વેતાંગ અને એમની ટીમે એક્સ રે મશીન સાથેની પાંચ એમ્બ્યુલન્સ પણ બનાવીને મિલિન્દ દેવરાના કોઈ ટ્રસ્ટને નહીં નફો નહીં નુકસાનના ધોરણે મોકલી હતી.

તથાકથિત કોરોનાકાળમાં વીઆઈપીઓને એક શહેરમાંથી બીજા શહેરમાં જતી વખતે અલાયદા રહેવાની ફરજ નહોતી પડાતી એનું શું કારણ હોય શકે ? એ લોકો માટે કોરોના એમના માસીનો દીકરો હોવો જોઈએ.

અગર કોરોના સંક્રમિત બીમારી હતી તો, પશુ પક્ષી, જાનવર કેમ સંક્રમિત ન થયાં ? આ કેવી બીમારી હતી, જેમાં સરકારી માણસો, નેતા, કલાકાર ઠીક થઈ જાય પણ આમ જનતા હોસ્પિટલમાં જ મરે ? કોઈપણ માણસ ઘરમાં કે રોડ પર નથી મરતાં, પણ હોસ્પિટલમાં જઈને જ કેમ મૃત્યુ પામ્યા ??

આ કેવી બીમારી હતી ? જે આજ પોઝિટિવ હતા તેઓ આવતીકાલે કોઈપણ ઈલાજ વિના નેગેટિવ થઈ જતા? કોરોના સંક્રમિત બીમારી હતી, તો કોઈ જલસામાં કે રેલીમાં કે પ્રોટેસ્ટમાં કેમ કોઈને કંઈ જ ના થયું? પરંતુ ગરીબ નોર્મલ ખાંસી ચેક કરવા જાય તો પણ લાશ બની જતા હતા, આમ કેમ ?


ગજબ કોરોના વાયરસ હતો, જેની કોઈ દવા નહોતી તો પણ ૯૯% માણસો ઠીક થઈ ગયા છે... આ કેવી જાદુઈ બીમારી હતી, જેના આવવાથી બધી જ બીમારી ખતમ થઈ જાય અને એ સમયમાં જે કોઈ મૃત્યુ પામ્યા, તે કોરોનાથી જ મૃત્યુ પામ્યા...

જરા વિચારો... આ કેવો કોરોના છે ??

હોસ્પિટલમાં ગરીબના શરીરના પાર્ટ કાઢી તો નહોતા લેતા ને ???? કેમ કે લાશને તાબૂતમાં છૂપાવીને તે ખોલીને નહીં જોવાનો હુકમ દઈને પેક અવસ્થામાં બોડી દૂરથી બતાવતા હતા... છે કોઈ જવાબ એનો ???

– અને જવાબ નથી, જરૂર વિચારજો કે કોરોનાની આડમાં દુનિયામાં શું શું ચાલી રહ્યું હતું ????

મોટાભાઈની અદમ્ય ઈચ્છા હતી
કે ૧૦૦ કરોડ રૂપિયાને
પાર કરવું.



૧૦

ઘરના સભ્યોની જવાબદારી કે ઉદ્યોગ ચલાવવા માટે નાણાંની જવાબદારી મારે લેવાની ક્યારેય આવી જ નથી. કિશોરભાઈ ઘરના તમામ સભ્યો અને સામાજિક, વ્યવહારિક બધી જ જવાબદારી નિભાવતા. મોટાભાઈ બધી જ પ્રોડક્ટ વહેંચવાની અને એ માટે નાણાંની જરૂરિયાતની પ્રવૃત્તિની જવાબદારી નિભાવતા. મારે માત્ર ને માત્ર ઉત્પાદન પ્રવૃત્તિમાં જ ધ્યાન આપવાનું હતું. બીજી કોઈ ચિંતા કે તણાવ મારા ભાગે આવ્યો જ નહોતો.

સપ્ટેમ્બર ૨૦૧૨ ના એ બુધવારે અમારા પરિવારમાં બધાની માનસિકતા બદલી નાખી હતી. એ સવારે પરિવારના સૌથી મોટા શ્રી ચંદ્રકાન્તભાઈએ નાસ્તો કરતાં કરતાં કહ્યું કે આજે આપણે ભાડાંના મકાનમાં રહેવા જતા રહેવું છે કારણકે 'શ્રુતિના'નું રીનોવેશન ચાલુ કરવું છે. થોડીવાર પરિવારના મહિલાઓએ વિરોધ કર્યો કે કાંઈ પેકીંગ નથી થયું એટલે તરત ત્યાં રહેવા જવું મુશ્કેલ થશે પણ મોટાભાઈએ હઠ કરીને મકાનનો સામાન ફેરવવાનો નિર્ણય થયો. પરિવારના અમુક સદસ્યો ભાડે રાખેલા મકાનની ચાવી લઈને સફાઈ કરવા ગયા. જઈને જોયું તો એ મકાનમાં લાખોની સંખ્યામાં મંકોડા હતા, વાળી ચોળી બધું સાફ કર્યું અને ડીડીટી પાવડરનો છંટકાવ કરી મંકોડાને દૂર કર્યા. સાંજ સુધીમાં ઘરનો મુખ્ય સામાન ફેરવાયો. બીજા દિવસે પણ સામાન ફેરવવાનું ચાલુ રાખ્યું અને બીજા દિવસે સાંજે અમે બધાએ ભાડાંના મકાનમાં ભોજન લીધું.

સાત શયનકક્ષ ધરાવતું વિદ્યાકુંજ મેઈન રોડ, કિંગ્સ હાઈટ બિલ્ડીંગની સામેની ગલીમાં 'ચિત્રકૂટ' નામનું મકાન કોઈ લોહાણા પરિવારનું હતું. જેમાં એક રૂમ, ભોયરામાં હતો. ત્યાં રહેવા ગયા એ જ દિવસે સામે રહેતા શ્રી ભરતભાઈ અને એમનાં પત્ની અમારા એક પારિવારિક મિત્ર શ્રી મહેન્દ્રભાઈ રાઠોડ સાથે મળવા આવ્યા, મળવા આવ્યા કે તુરત શ્રી ભરતભાઈનાં પત્ની આ ચિત્રકૂટ મકાન વિશે કશુંક કહેવા માગતા હતા પરંતુ એમના પતિએ એમને અટકાવ્યા અને ચિત્રકૂટની ભેદી વિશિષ્ટતાની જાણ ના થઈ.

આગળ વધતા સમયની સાથે સાથે પરિવારમાં કંઈક નાની મોટી અકલ્પનીય ઘટનાઓ બનતી રહેતી પરંતુ કોઈનેય કોઈ શંકા-કુશંકાનો મનમાં વિચાર આવ્યો નહીં.

એ બુધવારે પરિવારની માનસિકતા બદલી નાખી એવું એટલા માટે પણ કહી રહ્યો છું કે પરિવારના મોટાં મહિલા સદસ્ય ક્યારેય ચોઘડિયું જોવાનું કે નવા મકાનમાં જતાં પહેલાં કળશ પધરાવવાની કે મુહૂર્તની વાત ક્યારેય ભૂલ્યાં નથી પરંતુ બુધવારે બધાંને બધી જ વાત ભુલાવી દીધી હતી અને એમ જ નવા ઘરમાં અમે રહેવાનું ચાલુ કરી દીધું હતું.

૨૯ નવેમ્બર, ૨૦૧૨ ના ચિરંજીવી દીકરી કૃતિનાં લગ્ન નક્કી થયેલાં હતાં એટલે મહેમાનો અને પરિવારના સદસ્યો એ જ ઘરમાં આનંદ સાથે ઊજવ્યો પરંતુ એ દરમિયાન બનેલી નાની મોટી ઘટનાઓને કોઈએ ધ્યાને લીધી

નહોતી. બસ, બધું જ સરસ રીતે ચાલી રહ્યું હતું. લગ્નની તારીખ આવી ગઈ. ધામધૂમથી લગ્ન પ્રસંગ પૂરો કર્યો એટલે પરિવારના સદસ્યો ફરી રોજિંદા કામકાજમાં લાગી ગયા. અમુક મહેમાનો, કાન્તિભાઈ અને મંજુલાભાભી રોકાયાં હતાં. એમને રાત્રે અજબ ગજબ અનુભવો થતા હતા પરંતુ કોઈ એકબીજાને વાત કરતા નહીં અને એમને એમ ચાલતું રહ્યું.

ડિસેમ્બર, ૨૦૧૨ નાં અંતમાં શ્રી ચંદ્રકાન્તભાઈના રૂમમાં લગાવેલું સ્પ્લીટ એરકંડીશન સળગ્યું અને ચંદ્રકાંતભાઈ સૂતા હતા એમની ઉપર પડયું. ઓશિકું સળગ્યું. મોટાભાઈની ઊંઘ ઊડી ગઈ અને પાણી નાખ્યું. મોટાભાઈ અને પલ્લવ સ્વીડન એક વીક માટે ગયા હતા ત્યારે એ રૂમમાં ભાભી સાથે લંડનથી આવેલા મહેમાન સૂતા હતા. એમને પણ અચંબિત થઈ જાય એવા અનુભવો થયા હતા પરંતુ કોઈ પોતાને થયેલા ચિત્ર-વિચિત્ર અનુભવોની વાત કરતા નહીં... આ દુર્ઘટના પછી લોકોએ અને ઘરે આવેલા મહેમાનોએ જે અનુભવ્યું, એ વાતો બહાર આવી કે આટલી ચિત્ર વિચિત્ર ઘટનાઓ થઈ એનું કારણ શું હશે ? ખરેખર કોઈ ભેદી શક્તિ કે ભટકતા આત્માઓ આ પ્રશ્નનો જવાબ આજ સુધી મળ્યો નથી પરંતુ માનસમાં ભ્રમણાઓ અંકિત થયેલી રહી ગઈ છે.


૧૩-૧૨-૨૦૨૧ ના રોજ કિશોરભાઈ સાથે

અમારા પરિવારની ત્રણે મહિલાઓ ખૂબ ધાર્મિકતા સાથે જીવન વિતાવતી. કોઈપણ સારો પ્રસંગ હોય ત્યારે અમુક ચોઘડિયાં, મુહૂર્તનું ખાસ ધ્યાન રાખે, શાસ્ત્રોક્ત રીતે વિધિવિધાન કયારેય ચૂકે નહીં પરંતુ ૨૦૧૨ ના સપ્ટેમ્બરના એ બુધવારે બધાની માનસિકતામાં ફેરફાર કરી નાખ્યો કારણ કે વિધાતાએ કંઈક અલગ જ વિચારેલું હતું.

એ જ ચિત્રકૂટ મકાનમાં ૫મી જાન્યુઆરી ૨૦૧૩ ની સવારે નાસ્તો કરીને હું અને કિશોરભાઈ રોજિંદા કામ માટે નીકળી ગયા. કિશોરભાઈ લગભગ આઠ વાગ્યે નીકળ્યા અને હું સાડા આઠે વાગ્યે નીકળ્યો.

મોટાભાઈ જાગ્યા અને તેમણે ડાબો હાથ દુ:ખતો હોવાની ફરિયાદ કરી એટલે રીટાએ મને ફોન કર્યો કે ભાઈને સરખું નથી. તમે પરત આવો. હું હજુ થોડે દૂર ગયો હતો એટલે તરત પરત આવ્યો. ભાઈને ડાબો હાથ દુ:ખતો હતો એટલે બ્લડપ્રેશર માપ્યું. એ નોર્મલ ૧૩૦/૯૦ હતું. ભાભીએ આયોડેકસ લગાવ્યું. મોટાભાઈની દર્દ બાબતે સહનશક્તિ ખૂબ ઓછી હતી. મેં કહ્યું, ભાઈ ચાલો, બાજુમાં જ જલારામ હોસ્પીટલ છે ત્યાં જઈ આવીએ. તરત ભાભી બોલ્યાં : આ લ્યો, શર્ટ પહેરી લો. ભાઈએ કહ્યું કે શર્ટની જરૂર નથી. શાલ ઓઢીને જતાં રહીશું એમ કહીને પલંગમાંથી એક પગ નીચે મૂકયો પણ બીજો પગ નીચે ના લઈ શકયા અને અંતિમ સફરે નીકળી ગયા... તો પણ તેમને તેડીને જલારામ હોસ્પીટલ, જે ૩૦ સેકન્ડના અંતરે હતી ત્યાં ગયા. ત્યાંના તબીબોએ છાતી ઉપર પ્રેશર આપ્યું, શોક આપ્યા. વચ્ચે બે ત્રણ વાર પલ્સ ચાલુ થઈ અને હંમેશને માટે બંધ થઈ ગઈ.

ભાઈ અંતિમ સફરે નીકળી ગયા એ જ દિવસે સાંજે એમના મિત્ર ડૉ. જી. એમ. ઢોલરિયા પણ ચિત્રકૂટથી થોડે દૂર રહેતા હતા, એ આવ્યા ત્યારે કહ્યું કે તમારા ઘરમાં ઉપરની બધી લાઈટસ સવારે ૫.૩૦ વાગ્યે ચાલુ હતી તો મને એમ થયું કે ચંદુ કયાંક બહાર જવાનો હશે.

ખરેખર ૫.૩૦ વાગ્યે ઘરના બધા સદસ્યો ઊંઘમાં હતા.


આ બધું બની ગયું પછી આડોશ પાડોશના લોકોએ કહ્યું કે આ મકાન ભેદી છે. તમારી પહેલાં પણ એક પરિવાર ભાડે રહેવા આવેલો, તેમની સાથે પણ આવું જ થયું હતું.

૫ જાન્યુઆરી, ૨૦૧૩. બહુ વસમો દિવસ સાબિત થયો હતો અમારા માટે. સવારે નવ વાગ્યે મોટાભાઈ શ્રી ચંદ્રકાન્તભાઈએ અનંત તરફ પ્રયાણ કર્યું, એ પણ મારી સાથે વાત કરતાં કરતાં. મારી જિંદગીનો આ દિવસ સૌથી વધુ દુઃખમય હતો. ૪ જાન્યુઆરી ૨૦૧૩ ની સાંજે સાત વાગ્યે ફેકટરીથી નીકળી વખતે મેં મોટાભાઈને એસેમ્બલી રૂમમાં કંટ્રોલ પેનલ જોવા બોલાવ્યા. અમારાં મશીનોની ઈલેકટ્રીક, ઈલેકટ્રોનીક, કંટ્રોલ પેનલ બનાવવાનું અમે ચાલુ કર્યું હતું અને પહેલી પેનલ તૈયાર થઈ હતી. પેનલ જોઈને તેઓ બોલ્યાં કે ઈન હાઉસ પેનલ બનાવીશું તો કેટલી સસ્તી થશે ? મેં જવાબ આપ્યોઃ લગભગ ૧૫ થી ૧૮% કિંમત ઓછી થશે. ખુશી વ્યક્ત કરીને તેઓ ઘરે જવા નીકળી ગયા પરંતુ એ પેનલને ચાલુ થતાં તેઓ જોઈ ના શકયા.

રાજુ એન્જીનીયર્સ લિમિટેડ ૧૯૮૭ માં શરૂ થયું ત્યારથી ૨૦૧૩ જાન્યુઆરી સુધી હું ફકત ઉત્પાદનકાર્ય, ખરીદી, મશીનની ટ્રાયલ, મશીન ઈન્સ્ટોલેશન, મશીન વેચાણ પછીની સર્વિસ આપવી... આ બધા વિભાગને જ સંભાળ્યા હતા. તેમાં જ વ્યસ્ત રહેતો એટલે વેચાણ અને નાણાંકીય બાબતોનો અનુભવ લગભગ શૂન્ય હતો. નાણાકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨ નું વેચાણ આશરે ૯૨ કરોડ રૂપિયા હતું. મોટાભાઈની અદમ્ય ઈચ્છા હતી કે ૧૦૦ કરોડ રૂપિયાને પાર કરવું. સચ્ચાઈ એ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ નું નાણાંકીય વર્ષ પૂરું થયું ત્યારે ૧૦૫ કરોડ રૂપિયાનું વેચાણ હાંસલ થયું હતું. જે ખરાં ખર્થમાં મારી મોટાભાઈને શ્રદ્ધાંજલિ હતી. એ પછી અવિરત વેચાણમાં વધારો થતો રહ્યો. અમારા રાજુ ગ્રુપનું વેચાણ ચાલુ નાણાંકીય વર્ષના ૪૦૦ કરોડ રૂપિયાને આંબી જશે!

અમારા પરિવારની નજીકના તમામ લોકો, મોટાભાઈના નજીકના મિત્રો અને અમારા ધંધાના અમુક સપ્લાયર્સ પણ એવું માનતા થઈ ગયા હતા કે ચંદુભાઈની વિદાય પછી હવે રાજુ એન્જીનીયર્સ ચાલશે નહીં, મારા નજીકના મિત્રો રસિકભાઈ દેકીવાડિયા, મનીષ મહેતા વગેરે પણ એવું જ માનતા હતા કે રાજુ એન્જીનીયર્સ જોખમમાં છે. મૂકેશ હિરપરા એવું માનતા હતા છતાં પણ શરૂઆતનાં પાંચ વર્ષ સુધી સમયાંતરે રૂબરૂ અને ફોનથી સંપર્ક રાખતા સધિયારો પણ પુરાવતા હતા.

ચંદ્રકાન્તભાઈની અણધારી વિદાય બાદ નજીકના લોકો એવું માનતા હતા કે હવે રાજુ એન્જિનિયર્સનું ભવિષ્ય



ચંદ્રકાન્તભાઈની ઓફિસની
તસ્વીર ૧૫-૧૨-૨૦૨૩



૧૫-૧૨-૨૦૦૬ નાં રોજ
ચંદ્રકાન્તભાઈ સાથે

ઘૂંઘળું છે. જે લોકો આવું માનતા હતા તેની વિગતો મને એક યા બીજી રીતે મળતી રહેતી પરંતુ નાસીપાસ થવાની બદલે મારામાં નવું જોમ પેદા થતું હતું. મારી પાસે મારાં બાળકોની સક્ષમ ટીમ હતી એટલે ડરવાનો કે મેદાન છોડી દેવાનો કોઇ સવાલ નહોતો. ચંદ્રકાન્તભાઈની સદેહે હાજરી નહોતી પરંતુ તેમની અણધારી વિદાય બાદ તારીખ ૧૮-૦૧-૨૦૧૩ નાં રોજ બધાં બાળકો સાથે મોટાભાઈની લાઈફ સાઈઝની તસ્વીર લઇ ફેકટરી પહોંચ્યા અને એમની ઓફિસમાં એ તસ્વીર ખુરશી ઉપર ગોઠવીને બધાએ શપથ લઈને આગળનું કામ શરૂ કર્યું. આજે પણ એ અમારી સાથે જ છે અને રોજ સવારે ૯.૩૦ કલાકે એ ઓફિસમાં લાઈટ એસી ચાલુ કરવામાં આવે છે, જે સાંજે છ વાગ્યા સુધી ચાલુ રહે છે. જયારે જયારે કોઇ મુશ્કેલી આવે કે કોઇ મોટી રકમનો ઓર્ડર આપવા ગ્રાહક આવ્યો હોય તો તે ઓફિસમાં બેસીને ઓર્ડર ફાઈનલ કરીએ છીએ. લોકોએ આવું કદાચ ફિલ્મો કે ટી.વી. સિરિયલમાં જોયું હશે પણ અહીંયા ‘‘રાજુ’’માં સાચે જ આવો માહોલ છે.

નાણાંકીય વ્યવહાર કેમ ચાલે, સરવૈયું કેવી રીતે વાંચવું વગેરે બાબતોમાં હું શૂન્ય હતો પરંતુ કહેવત છે કે necessity is mother of invention એ મુજબ જ જે-જે શીખવાની જરૂર પડી એ બધું જ જેન્તીભાઇ ઝાલાવડિયા પાસેથી શીખ્યો અને કુદરતના તેમજ મારાં બાળકોના સાથના કારણે બધું સારી રીતે ચાલવા લાગ્યું.

૨૦૧૩ ના નાણાંકીય વર્ષ પૂરું થયું ત્યારે રાજુમાં કાર્યકારી મૂડી આશરે ૧૭ કરોડ રૂપિયા અને એસેનમાં આશરે ૧૦ કરોડ રૂપિયા ઉપાડેલા હતા, જે છેલ્લા સાત વર્ષથી શૂન્ય છે મતલબ કે ૨૦૧૬ સુધીમાં બેંકનાં તમામ પ્રકારનાં દેણાંમાંથી અમે મુકત થઇ ગયા છીએ.

૨૦૧૩ ના વર્ષમાં સિંચાઈની ટપકપદ્ધતિમાં વપરાતી ડ્રિપની ગોળ તેમજ ફ્લેટ પાઈપ બનાવવાનાં મશીનનો નવી પ્રોડકટ તરીકે ઉમેરો કર્યો, લગભગ બે વર્ષમાં આશરે ૧૦ લાઈન અલગ-અલગ ગ્રાહકોને વેંચી બધાને ત્યાં એકદમ સરસ રીતે આજે ૧૧ વર્ષ બાદ પણ ચાલે છે.

૨૦૧૪ માં રાજુ બાઉઝાનો, જે ઇટાલિયન ભાગીદાર સાથે જોઇન્ટ એકમ છે, તેમાં ૫૦૦ મી.મી. વ્યાસના પી.વી.સી. પાઈપનું મશીન બનાવીને પ્રદર્શિત કર્યું. મોટાભાઇની પ્રથમ પુણ્યતિથિ આવી એ નિમિત્તે રાજુ ગ્રુપનાં બધાં જ એકમોના તમામ કર્મચારીઓ, રીટાની વાડીના તમામ કર્મચારી, શૈશવ સ્કૂલના તમામ કર્મચારીઓને ૧૫ કિલોના સીંગતેલનો એક-એક ડબ્બો આપવાનું ચાલુ કર્યું. જે પ્રથા આજ સુધી અકબંધ ચાલુ છે. છેલ્લે ૨૦૨૪ માં આશરે ૧૯૦૦ ડબ્બાનું વિતરણ કર્યું હતુ. આ જ નાણાંકીય વર્ષમાં એક મેગા વોટની સોલાર પેનલ લગાવવા માટે પાંચ એકર બિનખેતી થયેલી જમીન પણ લીધી.





૨૦૧૫ માં વુડ પોલિમર કમ્પોસિટના બોર્ડ બનાવવા માટેનું મશીન વિકસાવ્યું, જેમાં ૫૦% લાકડાનો ભૂકો (Saw Dust) પોલિમર સાથે ઉમેરીને વોટરપ્રૂફ, ટરમાઈટ પ્રૂફ, ફાયર પ્રૂફ ચાર ફૂટ પહોળી શીટ બનાવવાનું મશીન વિકસાવ્યું. મશીન બનાવતી વખતે નિર્ધારિત કરેલી શીટ બહુ સરસ બનતી હતી અને મશીન પણ ખૂબ સરસ ચાલતાં હતાં, જેમ-જેમ આ પ્રકારની શીટ બનાવતાં ચાઈનીસ મશીનો ભારતમાં આવવા લાગ્યાં તેમ-તેમ આ મશીનોની માંગ ઘટવા લાગી. કોઇ શંકા નથી કે ચાઈનીસ મશીનોમાં જે



ઉત્પાદન બનતું હતું તે રાજુનાં મશીનના ઉત્પાદ કરતા ઘણું ઊતરતી કક્ષાનું હતું પરંતુ ભારતીય બજારમાં મોટા ભાગના લોકો હંમેશા ગુણવત્તાના ભોગે સસ્તું પસંદ કરતા હોય છે. તેથી આ મશીનોનું આગળ વેચાણ અટકી ગયું.

૨૦૧૫ માં જ વહીવટી વિભાગ અને ડિઝાઈન વિભાગ માટે નવી ઓફિસ, કાચો માલ રાખવા માટે આશરે પાંચ માળ જેટલું ઊંચું બિલ્ડીંગ, જર્મની અને ઇટાલીથી નવાં four and five axis cnc મશીનો, વધારાનો એસેમ્બલી માટેનો શેડ, મશીનોની ઈલેક્ટ્રીક કંટ્રોલ પેનલ બનાવવા માટેનું બિલ્ડીંગ, રાજુ અને એસેનને એક જ જગ્યા એ લઈ જવા માટેનું ૨૦૦૯નું સ્વપ્ન પૂર્ણ કરવા માટે ૮૧ એકર ખેતીની જમીન ખરીદી કરી, રાજુ ઇનોવેશન સેન્ટર ચાલુ કર્યું, જેમાં fully automated wide width seven layer blown film line મૂકી, આ શરૂ કરવા પાછળનો હેતુ એવો હતો કે રાજુની એક્સ્ટ્રુસન લાઇન ઉપર પ્લાસ્ટિક એન્જિનિયરને તાલીમ આપવી, પોલિમર બનાવતાં એકમોને તેમના પોલિમરની ટ્રાયલ કરવા માટે સગવડ આપવી. આ એકમમાં ઘણા પ્લાસ્ટિક એન્જિનિયરને તાલીમ આપી, આવા તાલીમ પામેલા એન્જિનિયરને (રાજુનું મશીન જે ગ્રાહક પાસે જાય ત્યાં નોકરી પણ આસાનીથી મળી જાય) અને ExxonMobil-USA, Reliance-India, Sibur-Russia, Borouge-Abu Dhabi જેવી કંપનીઓને પોતાના મટીરીયલની ટ્રાયલ વખતો વખત કરવા માટે સગવડ આપી.

જે ૮૧ એકર જમીન લીધી તે રાજકોટ જિલ્લામાં શાપર વેરાવળથી સરધાર તરફ આશરે ૧૦ કિલોમીટર દૂર કાથરોટા ગામની સીમમાં નક્કી કરી. જીવનમાં પ્રથમ વખત જમીન લેવાનું મારા ભાગે આવ્યું હતું. બહુ ઝાઝી ખબર પડતી નહોતી. જમીન પાંચ ક્ષત્રિય પરિવારોની હતી અને ઉત્તરોત્તર વારસદારના હિસાબે આશરે ૪૨ લોકો દસ્તાવેજ તેમજ ૧૩૫-ડી નોટિસોમાં સહી કરવાના હતા. પાંચેય પરિવારના મોભીને રાજુ એન્જીનીયર્સમાં બોલાવ્યા, ભાવ તાલ નક્કી થયા ત્યારે કહ્યું કે તમને ડિપોઝીટ નહિ આપું પરંતુ જમીનની તમામ રકમ દસ્તાવેજ ઓફિસમાં દસ્તાવેજ થયા પછી આપીશ. અંદરોઅંદર થોડી વાતચીત કર્યા પછી બધા સહમત થયા અને જમીન ખરીદતાં પહેલાંની કાર્યવાહી હાથ ધરવામાં આવી. જમીનની માપણી થઈ ગઈ. ૮૧ એકર જમીન થઈ. એક એકરના રૂપિયા ૧૧.૫૦ લાખના હિસાબે કુલ રકમ નક્કી થઈ એટલે ફરી પાંચેય પરિવારના મોભી આવ્યા અને દસ્તાવેજ કરવાની તારીખ નક્કી થઈ ગઈ. સાથોસાથ એ પણ નક્કી થયું કે તમામ રકમ ચેકથી ચૂકવીશું અને જો આવકવેરો લાગશે તો એ રકમ વધારાની આપીશું. બધા સહમત હતા એટલે દસ્તાવેજની તારીખે રાજુની સ્ટાફ બસ મોકલીને તમામ ૪૨ લોકોને રજિસ્ટ્રાર ઓફિસ લાવ્યા. રજિસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ તથા કાગળો ઉપર સહીઓ કરવાનું ચાલુ થયું. આશરે સાંજે ૫.૩૦ કલાકે ત્રણેય દસ્તાવેજોના કાગળો તૈયાર થઈ ગયા બાદ મને ફોન આવ્યો એટલે જે લોકોને ચેક આપવાના હતા એ લઈને હું ત્યાં પહોંચી ગયો અને રજિસ્ટ્રાર સાહેબની હાજરીમાં બધાને ચેક આપ્યા ત્યાર બાદ બધા લોકોને મારા ઘરે લઈ આવ્યો અને ત્યાં નાસ્તો કરાવી સૌ સૌના ઘરે મારી બસમાં પહોંચાડી દીધા.

આટલી મોટી જમીન હતી અને ગુજરાત સરકારના વાયબ્રન્ટ સમિટ દરમ્યાન બાયો ટેકનોલોજી પાર્ક કરવા અંગે સરકારશ્રી સાથે ૧,૩૦૦ કરોડ રૂપિયાનું મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ કર્યું. જમીનને ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવા અંગેની કાર્યવાહી ચાલુ થઈ અને મુખ્યમંત્રીની કચેરીમાંથી બાયો ટેકનોલોજી પાર્કના એમ.ઓ.યુ.


૮૧ એકર જમીનનો દસ્તાવેજ કર્યા બાદ બધાને ઘરે નાસ્તો કરવા બોલાવ્યા ત્યારની તસ્વીર

હોવાથી લગભગ રોજ ફોલોઅપ ચાલુ રહેતું. જિલ્લા પંચાયતમાં ચાલી રહેલી બિનખેતીની પ્રોસેસ અંગે વિગતવાર મુખ્યમંત્રી કચેરીમાં અમે માહિતી આપતા રહેતા. તેના આધારે મુખ્યમંત્રી કચેરીમાંથી જિલ્લા પંચાયતના અધિકારીઓને આદેશ પણ આપતા અને તેના મેઈલની કોપી મને આવતી. તમામ કાગળોની પૂર્તતા અને મુખ્યમંત્રી કચેરીમાંથી સીધી પૂછપરછ હોવા છતાં પણ બિનખેતીની કાર્યવાહી આશરે પાંચ મહિને પૂર્ણ થઈ.

આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ફરતી ફેન્સિંગનું કામ ચાલુ કર્યું ત્યારે જાણવા મળ્યું કે એ જમીનના શેઢે આશરે ૧૨૦૦ વાર જગ્યામાં એક કોળી પરિવારનું ઘર છે. ફેન્સિંગનું કામ તે જગ્યાએ પહોંચે એ પહેલાં એ કોળી પરિવારના મોભી શ્રી પરસોત્તમભાઈ કેશવભાઈ પરમારે રૂબરૂ આવીને વિનંતી કરી કે થોડા દિવસ મને રહેવા દો. હું મારું મકાન બીજે બનાવીને આ જગ્યા ખાલી કરી દઈશ, મેં એમની આર્થિક સ્થિતિ વિશે પૃચ્છા કરી મને લાગ્યું કે આ માણસ ક્યારેય મકાન બીજે નહિ બનાવી શકે એટલે તરત મેં કહ્યું કે એ જમીન તમારી પાસે જ રાખો... એ માણસ ખૂબ રાજી થયો.

જમીન ફરતે સરસ ફેન્સિંગ થઈ ગઈ અને પહેલું ચોમાસું આવ્યું એટલે ત્યાંના એક ભરવાડે મારી પાસે આવીને કહ્યું કે પહેલાં જેની જમીન હતી એ અમારી ભેંસોને ચરાવવાના વાર્ષિક ૬૦,૦૦૦ રૂપિયા લેતા હતા. તમને પણ અમે એ રકમ આપીશું પણ મેં કહ્યું કે,તમે નિરાંતે તમારી ભેંસો ચરાવો અમારી જમીન પર, મારે પૈસા નથી જોઈતા!

ઉપરોકત આશરે ૬૦ કરોડ રૂપિયાનું રોકાણ કરતાંની સાથે જ ૨૦૧૬માં સિંગલ યુઝ પ્લાસ્ટિકના પ્રતિબંધોના કારણે Disposable Glass બનાવવા માટેનાં મશીનોના વેચાણમાં બહુ મંદીનો માહોલ સર્જાયો હતો, આ મશીનોનું વેચાણ કુલ વેચાણમાં ૪૦% જેટલું એ સમયમાં હતું, તેથી પારાવાર નાણાકીય ખેંચ પણ જોવા મળી હતી. નોટબંધીના કારણે પણ આ પ્રકારનાં મશીનનાં વેચાણમાં ઘણો ધક્કો લાગ્યો હતો.

૨૦૧૭માં શાકભાજી, ફળ અને અન્ય ખાદ્ય પદાર્થ પેક કરવા માટે એકદમ પારદર્શક શ્રીંક ફિલ્મ બનાવવા માટેનું ડાઉનવર્ડ ડબલ-બબલ બ્લોન ફિલ્મ લાઇન એક ખાસ ગ્રાહક માટે વિકસાવ્યું હતું. જેમણે એકસાથે ત્રણ મશીનનો ઓર્ડર આપેલો. પ્રથમ મશીન ૬ મહિના ચાલે પછી બીજા બે મશીન બનાવવા એવા કરાર થયેલા પરંતુ એક મશીન આપ્યું અને બજારની જરૂરિયાત મુજબ ઉત્પાદન કરતું થયું ત્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના પ્રતિબંધોના કારણે એ થીન ફિલ્મનો વપરાશ બંધ થયો અને ગ્રાહકે બે મશીન માટે ડિપોઝીટ આપેલી એ જતી કરીને બને ઓર્ડર રદ કરાવ્યા હતા.

૨૦૧૭ના અંતમાં ગોપાલ પ્રિન્ટપેકના માલિક શ્રી ડેનિશભાઇની જરૂરિયાત મુજબનું એક્સટ્રુઝન કોટિંગ એન્ડ લેમીનેશન મશીન વિકસાવ્યું. એમની જરૂરિયાત એક મિનિટના ૨૫૦ મીટરની સ્પીડમાં ચાલે તેવા મશીનની હતી. અમારી પાસે પાતળી પ્લાસ્ટિક ફિલ્મના વેબને એક મિનિટમાં ૯૦ મીટરની સ્પીડમાં ચલાવવા સુધીનો અનુભવ અને તકનિકી હતા. ૯૦ કરતા વધારે સ્પીડમાં મશીન ચલાવવાનો બિલકુલ અનુભવ નહોતો, નવી તકનિકી સાથે કામ કરવાનું હતું એટલે મશીન સપ્લાય કર્યા પછી કોઇ વાંધા ના થાય એટલા માટે શ્રી ડેનિશભાઇને જણાવ્યું હતું કે અમારું લક્ષ્ય એક મિનિટમાં ૨૩૦ મીટરની સ્પીડ માટેનું રહેશે અને એ સ્પીડમાં મશીન ચલાવી આપીશું. શ્રી ડેનિશભાઇએ અમારી ક્ષમતા ઉપર ભરોસો મૂકીને સાત કરોડ રૂપિયામાં લેખિત ઓર્ડર સાથે ૩૦% એડવાન્સ પણ આપ્યા. અમે નક્કી થયેલી સમય મર્યાદામાં મશીન બનાવી રવાના કર્યું. આજે છ વર્ષ પછી પણ એ મશીન એક મિનિટના ૨૭૫ મીટરની સ્પીડમાં અવિરત ચાલે છે અને આ છ વર્ષ દરમિયાન ડેનિશભાઇએ આ પ્રકારના બીજા બે મશીનની ખરીદી પણ કરી.


૨૫-૧૨-૧૯૮૯ નાં રોજ કિશોરભાઈ સાથે

કેપિટલ ગુડ્સ બનાવતી કંપનીમાં આવા ઉતાર ચડાવ સામાન્ય બાબત છે. ઘણી વખત એવું પણ બન્યું છે કે ગ્રાહક ૩૦% રકમ આપીને ઓર્ડર આપી જાય પછી મશીન તૈયાર થઇ જાય અને ગ્રાહકને લોન ન મળે કે અન્ય કોઇ વહીવટી અડચણ આવે ત્યારે પણ એમના માટે બનાવાયેલું મશીન લાંબો સમય સાચવી રાખવું પડે અથવા એ મશીન

માટે બીજો ગ્રાહક શોધવો પડે.

ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ અમારા પરિવારનાં મોટાં ત્રણ બાળકો ખુશ્બુ, ઉત્સવ અને પલ્લવને રાજુ અને એસેનના કારોબારની આંશિક સોંપણી કરવા માટે ઇ-મેઇલ કર્યો. જે આ પુસ્તકમાં અક્ષરશઃ મૂકેલો છે. આ ત્રણે બાળકો આ ધંધા સાથે અનુક્રમે ૧૧, ૧૦ અને ૮ વર્ષથી જોડાયેલાં છે અને દરેક પોતાનું કાર્ય કુશળતાથી કરે છે. અને એકદમ ખંતપૂર્વક મારી સાથે ઊભા રહ્યાં છે. ત્રણે બાળકોએ રાજુ અને એસેન બંને એકમોના ધંધામાં વધુને વધુ વિકાસ માટે દિવસ રાત મહેનત કરીને વેચાણમાં મારી કલ્પના બહારનો ગ્રોથ કરી બતાવ્યો. ત્રણે બાળકો એકદમ હળીમળીને ખુશ્બુની આગેવાનીમાં ખૂબ કરકસરયુકત નાણાંકીય વ્યવહાર કરી બંને એકમોની નફાકારતા અમે ચલાવતા હતા તેનાથી વધારી દીધી.



૨૦૨૦-૨૧ માં કરિશ્મા અને ઉત્કર્ષ પણ જોડાયા એટલે કાર્યક્ષેત્રમાં વધુ પારદર્શકતા આવી અને મારાં છ એ બાળકો ખુશ્બુ, ઉત્સવ, પલ્લવ, કૃતિ, કરિશ્મા અને ઉત્કર્ષ બધાં હળીમળીને સારી રીતે કામ કરી શકે તેથી મારા ઉત્તરાધિકારીની નિમણૂક કરવાની કાર્યવાહી શરૂ કરી, પારિવારિક ધંધા માટેના સલાહકારોની મદદ લઈને લગભગ એકાદ વર્ષ કવાયત કરી અને બધાંજ બાળકોની કુશળતા તેમજ નબળાઇનો અભ્યાસ વિગતવાર કરીને ધંધો આગળ વધારવા માટે દરેક બાળકની પ્રાથમિક ભૂમિકા નક્કી કરીને ફેબ્રુઆરી ૨૦૨૧માં ખુશ્બુને રાજુ ગ્રૂપની તમામ કંપનીના મેનેજીંગ ડિરેકટર તરીકે નિમણૂક આપી. તેમની સાથે પાંચ બાળકો કામ કરશે, તેની પ્રાથમિક ભૂમિકા નક્કી કરી અને બાળકો ને તમામ વહીવટ સોંપી દીધો. તમામ નાણાકીય વ્યવહાર તથા બેંક સાથેના વ્યવહારો માટે મારી સહીઓ જયાં ચાલતી હતી તે પણ ૨૦૨૨થી રદ કરાવી અને બાળકોની સહીઓ અધિકૃત કરાવી હતી.

આજે ૨૦૨૪-૨૫ ના નાણાંકીય વર્ષ માટે પણ બધાં બાળકોએ સાથે મળીને રાજુ ગ્રૂપની તમામ કંપનીના વેચાણના ઐતિહાસિક નવાં લક્ષ્ય હાંસલ કરવા માટે સક્ષમ છે.

હું આજે પણ સવારના ૯.૩૦ કલાકથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ફેકટરીમાં હાજરી આપું છું. જયારે પણ બાળકોને કોઇ તકનિકી કે વહીવટી બાબતે મૂંઝવણ થાય તો મારી પાસે આવી ચર્ચા કરે છે અને આગળ વધે છે. હું નવા મશીનની ડિઝાઇન અને સ્ટાન્ડર્ડ મશીનોમાં નવીનીકરણ કે ફેરફાર માટે જરૂર જણાય ત્યાં કામ કરું છું. મોટાભાઈની



અણધારી વિદાય પછીથી આજ દિવસ સુધી કિશોરભાઇ પાસેથી નાણાંકીય સમજણ જરૂર પડયે મેળવતો રહું છું, અને હજુ પણ જયારે ગ્રાહકનો ઓર્ડર આવે એટલે સાંજે ઘરે જઇને પ્રથમ કિશોરભાઇને ઓર્ડરની રકમની જાણ કરવાની વર્ષો જૂની આદત અકબંધ છે.

૨૦૧૭ માં વૈકલ્પિક સારવાર પદ્ધતિ માટેનો એક વર્ષનો અભ્યાસ કર્યો અને ૨૦૧૯ માં ધંધાનો તમામ કારભાર સ્વતંત્ર રીતે ચલાવવા માટે બાળકોને સોંપી દીધો. ખુશ્બુ, ઉત્સવ, પલ્લવ, કૃતિ, કરિશ્મા, ઉત્કર્ષ અને તેમના જીવનસાથીઓ હળીમળીને ખૂબ જ સુંદર રીતે પારિવારિક અને ધંધાકીય માળખામાં કામ કરી રહ્યા છે.

બાળકોએ કારભાર સંભાળ્યાં પછી વધુ સારી રીતે ધંધો વિકસી રહ્યો છે. રાજુ એન્જીનીયર્સ પછી ૨૦૨૩ માં એસેન સ્પેશ્યાલીટી ફિલ્મસ લિમિટેડનો પબ્લિક ઈશ્યુ કર્યો, ૬૧,૦૦,૦૦,૦૦૦ રૂપિયા ભરણાંથી આવ્યા. આ પબ્લિક ઈસ્યુ સમયે પબ્લિક સમક્ષ ખુશ્બુ, ઉત્સવ, પલ્લવ અને અંકિતને કંપનીની છબી તરીકે મોખરે રાખ્યા હતા અને બાળકોએ ખૂબ જ સારી રીતે કંપનીના નૈતિક મૂલ્યો લોકો સમક્ષ રજૂ કર્યાં અને કંપનીનું ભરણું ૭૧ ગણું છલકાયું !

રાજુ એન્જીનીયર્સના ઉત્પાદનની વધતી માંગને પહોંચી વળવા લાગુ પડતી ૪૦૦૦ ચો.મી. જમીન ખરીદ કરીને ત્યાં બાંધકામ ચાલુ કર્યું. જે બાંધકામ પૂર્ણ થયે રાજુ એન્જીનીયર્સની વાર્ષિક ઉત્પાદનક્ષમતા ૨૫૦ થી ૪૦૦ કરોડ રૂપિયાની થઈ જશે. ૨૦૨૧ માં સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્કના અધિકારીઓએ ફેકટરી પર આવીને દરખાસ્ત કરી કે તમારા યુનિટ સાથે અમારે જોડાવું છે, તમને ૧૦ કરોડ રૂપિયા કોઈપણ પ્રકારના દસ્તાવેજ કે જામીન વિના ઝીરો વ્યાજ સાથે આપવા છે. અમે કાર્યકારી મૂડી રાજુ એન્જીનીયર્સમાં બિલકુલ વાપરતા નથી એટલે જરૂર નથી, આવો જવાબ આપ્યો પરંતુ બેંકને કોઈપણ ભોગે આપવા હતા તો એસેનમાં કાર્યકારી મૂડી તરીકે ઝીરો વ્યાજ અને કોઈપણ જામીન વગર ૧૦ કરોડ રૂપિયા એક વર્ષ માટે આપ્યા હતા. આ વાત 'રાજુ ગ્રૂપ'ની શાખની ગવાહી આપે છે.

□ □ □

૨૦૦૯ અને ૨૦૧૦ માં અનુક્રમે બન્ને ભાગીદારો પંડયા પરિવાર અને અઘેરા પરિવાર અલગ થઈ ગયા ત્યારે અઘેરા પરિવાર પણ એવું જ માનતો હતો કે અમારા વિના રાજુ એન્જીનીયર્સ ચાલી શકશે નહીં જ પરંતુ... ૨૦૧૧ થી આજ સુધી રાજુ એન્જીનીયર્સનાં ઉત્પાદનો માટેની એન્જીનીયરીંગ ડિઝાઈન અને નવાં મશીનો વિકસાવવા માટેની ડિઝાઈનનું કામ મારા ઉપર આવી ગયું. જે બખૂબી નિભાવ્યું. ૨૦૧૧ માં નોનવૂવન ફેબ્રિક બનાવવાનું મશીન વિકસાવ્યું. ૨૦૧૨ માં XPS ફોમના આર્ટિકલ બનાવવા માટેનું મોટું થર્મોફોમિંગ મશીન વિકસાવ્યું. એ પછી ૨૦૧૩ થી વેચાણવ્યવસ્થા અને નાણાંકીય વ્યવસ્થાનો ભાર આવ્યો, જેનું આજ સુધી સરસ રીતે સંચાલન કરી શકયો.

જે લોકો પણ એવું માનતા હતા કે મોટાભાઈની વિદાય પછી ધંધો ચાલશે નહીં એ બધા મોંમાં આંગળા નાખી ગયા અને એમાંના અમુક લોકોએ રૂબરૂ મળી એકરાર પણ કર્યો કે રાજુભાઈ, તમે અમારી માન્યતાઓને ખોટી સાબિત કરી દીધી.

□ □ □

આમ તો હું ખૂબ લાડકોડમાં ઉછર્યો છું. ભલે આર્થિક પરિસ્થિતિ ૧૯૮૬ સુધી એકદમ નબળી હતી તો પણ મારા પિતાશ્રી અને બંને મોટાભાઈઓએ મને કોઈપણ પ્રકારની ખામી વરતાવા દીધી નહોતી. નાનપણથી આજ સુધીનાં મારાં તોફાનો માટે કયારેય મારાં માતુશ્રી સિવાય કોઈના પણ ગુસ્સાનો ભોગ બન્યો નહોતો. બાળ સહજ તોફાનો જ હતા અને કોલેજમાં આવ્યા પછી પણ કોઈ ગંભીર તોફાન કે ખોટા રસ્તે ચડી જવા જેવું કંઈ નહોતું. એકમાત્ર વ્યસન બીડી પીવાનું થયું, એ પણ ૧૯૭૯ માં. સ્નાતકના બીજા વર્ષની વાર્ષિક પરીક્ષા દરમ્યાન પરીક્ષાખંડમાંથી બીડી પીવાનું ચાલુ કર્યું હતું ત્યારે શ્રી દેસાઈસાહેબ બહાઉદ્દીન કોલેજના આચાર્ય હતા. પરીક્ષા દરમ્યાન તેઓ ચક્કર લગાવતા

હતા ત્યારે મને બીડી પીતાં જોઈ ગયા તો પૂછ્યું કે આ શું ? મેં જવાબ આપ્યો કે બીડી ના પીવ તો મારો હાથ ધ્રૂજે છે અને હું લખી નથી શકતો... તેઓ ગુસ્સો કરી ચાલ્યા ગયા અને હું બીડી પીતો રહ્યો. ૧૯૭૯ માં કરિયાણાની દુકાનથી ધંધામાં લાગી ગયેલો અને ત્યાર બાદ અવિરત એક પ્રામાણિક ધંધાદારી તરીકે સખત મહેનત કરીને ૨૦૦૬ સુધી સતત ને સતત કામ કરતો રહ્યો. બંને મોટાભાઈઓની છત્રછાયામાં માત્ર કામ કરવા સિવાયની બીજી કોઈ જ ઉપાધિ નહોતી. ઉત્પાદન પ્રવૃત્તિ મારી પસંદગીની પ્રવૃત્તિ હતી અને આજે પણ છે. ઘરના સભ્યોની જવાબદારી કે ઉદ્યોગ ચલાવવા માટે નાણાંની જવાબદારી મારે લેવાની કયારેય આવી જ નથી. કિશોરભાઈ ઘરના તમામ સભ્યો અને સામાજિક, વ્યાવહારિક બધી જ જવાબદારી નિભાવતા. મોટાભાઈ બધી જ પ્રોડકટ વહેંચવાની અને એ માટે નાણાંની જરૂરિયાતની પ્રવૃત્તિની જવાબદારી નિભાવતા. મારે માત્ર ને માત્ર ઉત્પાદનપ્રવૃત્તિમાં જ ધ્યાન આપવાનું હતું. કોઈ ચિંતા કે તણાવ મારા ભાગે આવ્યો જ નહોતો પણ પુનરાવર્તનના ભોગે મારે ફરી કહેવું છે કે...

૫ જાન્યુઆરી, ૨૦૧૩ પછી મારા સંજોગો બદલાઈ ગયા. ચંદ્રકાંતભાઈની અચાનક વિદાયથી એકદમ અંધકાર પથરાઈ ગયો હોય એવું હતું કારણકે જે વસ્તુ મેં કયારેય કરેલી નહોતી એ બધું જ હવે મારે કરવાનું હતું. ચંદ્રકાંતભાઈ હતા તો દરેક સમયે મારી આગળ ઢાલ બનીને ઊભા રહેતા પણ હવે ધંધામાં તેવી કોઈ ઢાલ નહોતી રહી. કિશોરભાઈ ઘરના વ્યવહાર અને સામાજિક જવાબદારીમાં હંમેશા ઢાલ બન્યા છે, જે આજ દિવસ સુધી મારો મજબૂત સાથ છે જ.

રાજુ એન્જીનીયર્સ અને એસેન સ્પેશ્યાલિટીને હવે એકલા હાથે આગળ વધારવાનું જ છે. સંપૂર્ણ જવાબદારી આવી છે તો એ રીતે આગળ વધવાનું જ છે એ પૂર્ણ ખ્યાલ સાથે બાળકોને સાથે રાખીને બધું જ સરસ ચાલ્યું. જો કે આમાં મારી હોંશિયારી કરતા અમારા પરિવારનાં નસીબ સારા હશે એટલે જ બન્ને ધંધાને વિકસાવી શકયો એવું હું ચોક્કસપણે માનું છું. મારા ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓએ પણ મારી સાથે ખંભો મિલાવીને તનતોડ મહેનત કરી, તેનું પરિણામ આજે દેખાઈ રહ્યું છે.


ચંદ્રકાન્તભાઈ અને કિશોરભાઈ

ચંદ્રકાંતભાઈની અણધારી વિદાય પછી પણ મોટાભાઈ તરીકેની તમામ તાકાત કિશોરભાઈ પાસેથી મળતી જ રહી છે એટલે જ કદાચ આ ધંધાને વિકસાવી શકયા છીએ. ચંદ્રકાંતભાઈ હતા ત્યારે બન્ને મોટાભાઈઓ આર્થિક પ્રશ્નોનું નિવારણ કરતાં. એ પછી હું કિશોરભાઈ સાથે ચર્ચા કરીને આર્થિક પ્રશ્નોનું નિવારણ કરતો રહ્યો અને આજે સ્થિતિ એવી છે કે આર્થિક પ્રશ્નો જ નથી રહ્યા. મોટાભાઈ તરફથી જે સહકાર, સહારો અને જ્ઞાન મળતું હતું એ જ સહારો, સહકાર અને શેરબજારનું જ્ઞાન કિશોરભાઈ પાસેથી મળતું રહે છે.

□ □ □

૧૨ ઓકટોબર,૨૦૨૦. એ સવારે અગિયાર વાગ્યા આસપાસ ફેકટરીમાં ફોનમાં વાત કરતો કરતો ચાલતો હતો ત્યારે મારા મોંમાં જીવડું ગયું. મને ખ્યાલ આવ્યો એટલે થૂંકીને કાઢવાની કોશિશ કરી પણ એ તો અંદર પેટમાં જતું રહ્યું. બે એક કલાક પછી નબળાઈ લાગવા લાગી તો ઓફિસના સોફા ઉપર થોડીવાર લાંબો થયો. થોડું સારું લાગ્યું એટલે ફરી કામમાં પરોવાયો પરંતુ બપોરના ચાર વાગ્યે ફરી વધુ નબળાઈ લાગી એટલે ઘર તરફ પ્રયાણ કર્યું, ઘરે પહોંચ્યો તો શરીરનું તાપમાન ૧૦૫ ડિગ્રી હતું, ખૂબ વધારે ઠંડી લાગતી હતી ડોકટરને બોલાવી અને લગભગ ૨૫ વર્ષ પછી દવા અને ઈન્જેકશન લીધું તેથી તાવ જતો રહ્યો. બીજી સવારે ફેકટરી જતો રહ્યો, સાંજે ફરી ૧૦૫ તાવ...

ફરી અલગ અલગ ઉકાળા ને ઠંડા પાણીનાં પોતાં મૂકી તાવ ઉતાર્યો પણ ઘટીને હવે તાવ ૧૦૨.૫ પર રહ્યો હતો. લગભગ ચાર દિવસ તાવ રહ્યો. મારી દીકરી કરિશ્માના સસરા પક્ષના લોકો લગ્ન સમજવા આવેલા હતા ત્યારે

એકાએક ૧૦૪ તાવ થયો અને હું લગભગ બેભાન થઈ ગયો તો લગ્નની વાત અધૂરી મૂકીને મને ટિંગાટોળી કરીને દવાખાને લઈ જવાની તજવીજ હાથ ધરાઈ. જાણીતા ડોકટર સાથે વાત કરી તો કહ્યું કે CT Scan કરાવીને આવો, CT Scan કરાવવા ગયા ત્યાં ડોકટરે Scan કરતી વખતે કહ્યું કે આમનાં ફેફસાં એકદમ ક્લિન છે. Scan ની જરૂર નથી... ત્યાંથી થોડીવારમાં ડોકટર જયદીપ ઓઢવાણીના દવાખાને પહોંચ્યા. મને સ્ટ્રેચરમાં લઈ જવાયો અને તાત્કાલિક પેરાસિટામોલના ૫૦ ml નાં એક પછી એક એમ ૨૦ બાટલા ચડાવી દીધા અને તાવ જતો રહ્યો, જે આજ સુધી આવ્યો નથી. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ આવેલો તાવ લગભગ ૪૨ વર્ષ પછી આવ્યો હતો એ પણ એક જંતુના લીધે.

એ ઘટના પછી ડોકટરે કહ્યું કે ચાર દિવસ આરામ કરજો અને ઘરના સદસ્યોએ દબાણપૂર્વક આરામ કરાવડાવ્યો. આરામ પૂર્ણ થવાનો છેલ્લો દિવસની તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૦ હતી. એ સાંજે છ વાગ્યે મારો "જીવ" ગરમ નાસ્તો બનાવતી હતી ત્યારે સેવ પાડવાનો સંચો હાથમાંથી છટકતાં ઉકળતાં તેલનું બકડિયું તેના ઉપર આવ્યું. જમણી બાજુના સ્તન, પેટ અને પગ ઉપર દાઝી ગઈ, આ દાઝવાની ઘટનાને એમની શારીરિક તકલીફોની શરૂઆત માની શકાય. દાઝવાના કારણે ખૂબ વધારે પાવરની એન્ટીબાયોટિક આપવામાં આવી, સાથે સુગર અંકુશમાં કરવાની દવા ફરજિયાત કરવામાં આવી અને સ્વાસ્થ્યમાં મોટા પાયે ખરાબી શરૂ થઈ.

રીટાની વિદાય પછીનું જીવન હવે જીવન નથી રહ્યું. માત્ર ઉંમર વિતાવવી અને...

દાઝી જવાના બીજા દિવસે કોઈ ડોકટર ધ્રુવ પાસે મોટાભાઈ અને ભાભી લઈ ગયા. એ ડોકટરે કેવી જાતની દવાથી ડ્રેસિંગ કર્યું કે એ દવાનું એકદમ સખત લેયર થઈ ગયું, જેના કારણે અન્ય ડોકટર પાસે લગભગ એકાદ મહિનો ડ્રેસિંગ ચાલ્યું. એ ડોકટર પાસે પહેલી વાર ગયા ત્યારે તેઓ પણ ડોકટર ધ્રુવના ડ્રેસિંગને જોઈને ગુસ્સે થઈ ગયા હતા પણ 'હોની કો કોઈ અનહોની નહિ કર શકતા'. એક મહિનો એન્ટીબાયોટિક અને સુગર અંકુશમાં રાખવાની દવાઓ ખાધાં પછી શરીરમાં કયારેય સારું રહ્યું નહિ. અલગ અલગ પ્રકારની આહારપદ્ધતિ અપનાવી, અલગ અલગ વીસેક ડોકટરની સલાહ લીધી પણ સંપૂર્ણ આરામની સ્થિતિ કયારેય આવી નહિ. મૃત્યુની ઘડી ઈશ્વરે નક્કી કરી હોય એ જ સમયે આવે તેને કોઈ રોકી શક્યું નથી તો પણ જે રીતે હરિદ્વારમાં અંતિમ શ્વાસ લીધા એ પરથી સમજાય છે કે દાઝી જવાની ઘટનાએ રીટાની અંતિમ સફર પર મહોર મારી દીધી હતી.

મસુરી જવાનું કોઈ પ્રયોજન નહોતું, મોટાભાઈ ૧૩ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ મસુરી જવાનો પ્રોગ્રામ બનાવી રહ્યા હતા ત્યારે અમસ્તું એમનાથી બોલાયું, રીટા તમને ગરમી બહુ થાય છે તો ગરમીમાં પંદર દિવસ તમારે મસુરી જતા રહેવું જોઈએ, આ કહેવાયું એ સમયે રીટા માટેનો નવો આહાર નક્કી કર્યો તેને ૧૩ દિવસ થયા હતા અને એનાથી ઘણો આરામ મહેસૂસ કરી રહી હતી.

હું ફેકટરીથી સાંજે ઘરે આવ્યોને એ બોલી કે, રાજભા હાલોને આપણે બધા ૧૦ દિવસ મસુરી જઈ આવીએ... આહાર લાગુ પડી ગયો હતો એ જોતાં મારી બિલકુલ ઈચ્છા નહોતી પણ હું મારા જીવની એકપણ વાત કે એકપણ આવી હરવા ફરવાની ઈચ્છાનો વિરોધ કરવા નહોતો માગતો એટલે મેં પણ કહ્યુંઃ ચાલો જઈએ... એમ પણ કહ્યું કે માત્ર મસુરીની હોટેલમાં જ રહીશું, કયાંય કોઈ સ્થળ જોવા જવાનું નહિ, માત્ર આરામ કરીશું... આ વાત સાથે જીવ સહમત થયો ને યાત્રાની તૈયારી શરૂ થઈ, ત્યાં પહોંચ્યા ને બે દિવસ પછી બસ, શું થયું કે પરત નીકળી જવાની અદમ્ય ઈચ્છા થઈ. ૨૪ તારીખે નીકળવાના હતા ને ૨૦ તારીખે નીકળી ગયા. રસ્તામાં હરિદ્વાર જવાની હઠ પકડી, હરિદ્વાર ગયા ને બસ ત્યાંથી રાજકોટ હું એકલો આવ્યો. મારો જીવ ત્યાંથી જ મને રઝળતો મૂકીને અંતિમ સફરે નીકળી ગયો.

મને એમ હતું કે મોટાભાઈની અણધારી વિદાય મારી લાઈફનો સૌથી મોટો આઘાત છે છતાં હું પરિવાર સાથે

મન મક્કમ કરીને કામ કરતો રહ્યો પરંતુ એ પછી કુદરતે મને એવો અણધાર્યો ફટકો માર્યો કે એ આઘાતની કળ હજુ વળી નથી અને વળશે પણ નહીં, એ હું જાણું છું. ખરેખર મારા જીવન જીવવાનો ખરો સમય આવ્યો અને બાળકોએ સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી ત્યારે જ મારા 'જીવ' રીટાએ અણધારી વિદાય લઈ લીધી અને જીવન જીવવા પ્રત્યેની રુચિ જ મરી પરવારી. હવે, બસ, ઉંમર વિતાવવાની છે.

રીટાની વિદાય પછી પરિવારના બધા જ વડીલો મારી સારસંભાળ રાખવામાં ખૂબ જ ધ્યાન આપે છે. મારાં છ બાળકો અને તેના જીવનસાથી અને પાંચ ભાણેજ મળીને ૧૬ બાળકો તેમજ આયાંક, નાઈરા, દેવ, કવિત અને ૨૭.૦૪.૨૦૨૪ નાં જન્મેલો યોહાન પણ મારી ડગલે ને પગલે કાળજી રાખે છે. મારા ગમા અણગમાનું સતત ધ્યાન રાખે છે. શૈલી અને જયેશકુમારની સાથે સાથે મારા બચપણના મિત્રો રસિક દેકીવાડિયા, હસમુખ માણાવદરિયા, રાજુ સેક્રેટરી, મનીષ મહેતા અને જયમિન ગોસ્વામી સતત ને સતત મારી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કાળજી લેવાનું કયારેય ચૂકયા નથી. જયુ – અનુપ પણ શરૂઆતમાં થોડો સમય કાળજીપૂર્વક સાથ આપ્યો પછી પોતાનામાં ખૂબ વ્યસ્ત થઈ ગયા. રીટાને પગના દુઃખાવા માટે હિલિંગ્સ આપનાર શ્રી સમીરભાઈ અને તેમનાં ધર્મપત્ની સોનાબહેન સાથે પણ ટૂંકાગાળામાં ગાઢસંબંધ થઈ ગયેલા. રીટાને તેમની દીકરી અનુશ્રી સાથે તો એવો લગાવ થઈ ગયેલો અને અનુશ્રીનાં લગ્ન થાય ત્યારે 'આપણે સતત હાજરી આપશું અને એના માટે આવી ભેટ આપીશું 'એ બધું રીટાએ મારી સાથે નક્કી કરી નાખ્યું હતું. રીટાને રાત્રે ગમે ત્યારે પગ દુઃખે એટલે સમીરભાઈને હિલિંગ આપવા માટે ફોન કરતા અને સમીરભાઈ પ્રાણિક હિલિંગ આપે એટલે તરત રીટાને ઊંઘ પણ આવી જતી. એ સમીરભાઈ અને સોનાબહેન પણ રીટાની વિદાય પછી સતત કાળજી રાખતા થઈ ગયા છે. આવી જ રીતે રીટાને રેકી આપતા (ખુશ્બુના બાળપણના મિત્ર) પારસ બુદ્ધદેવ પણ મારી કાળજી લેવાનું ચૂકતા નથી.

રીટાની વિદાય પછીનું જીવન હવે જીવન નથી રહ્યું. માત્ર ઉંમર વિતાવવી અને બાળકોને જયારે જરૂર હોય ત્યારે એમની સાથે ઊભા રહેવું, એ જ લક્ષ્ય થઈ ગયું છે.

રીટાની વિદાય પછીની મોટી સમસ્યા આહાર અને વિહારની થઈ ગઈ છે કારણકે રીટાની રસોઈ જેવી રસોઈ લગભગ શકય નથી. એનું કારણ એવું પણ હોઈ શકે કે મેં એના હાથની જ રસોઈ ભોજનમાં લીધી છે. જો કે રીટાની વિદાય પછી મેં માત્ર સવારે અને સાંજે જ જમવાનું રાખ્યું છે, એ પણ નિશ્ચિત દ્રવ્યો જ લેવાનાં. રીટાની વિદાય પછી ઘરથી ફેકટરી અને ફેકટરીથી ઘર, એ સિવાય કોઈ જગ્યાએ કે કોઈ પ્રસંગમાં જવાની દિલથી ઈચ્છા જ નથી થતી અને ગમતું પણ નથી.

રીટા હતી તો રોજ રાત્રે ચક્કર મારવા જતાં, દર અઠવાડિયે વાડીએ જતાં, દર બીજા અઠવાડિયે માણાવદરના ઘરે જવાનું અને પછી ત્યાં જ બનાવેલા 'ચંદ્રશ્રુતિ' ઘરનું ઘરમાં જઈને વડીલો સાથે રહેવાનું... આ બધું હવે લગભગ બંધ થઈ ગયું છે. અંગત મિત્રો સાથે વાડીએ અને 'ચંદ્રશ્રુતિ' ઘરનું ઘર પર છાશવારે જઉં છું પણ દિલમાં બિલકુલ ઉમંગ નથી આવતો... વાડીમાં જઈએ તો રીટાની જ યાદ આવે. 'ચંદ્રશ્રુતિ' ઘરનું ઘરમાં જઈએ તો રીટા બધાને સૂચનાઓ આપતી હોય, રસોઈ ચાખીને રસોયાને સૂચનાઓ આપી હોય... એ બધું આંખ સામે આવે એટલે આંખ ભીની જ રહે છે. આ લખું છું ત્યારે પણ સતત ને સતત એ જ વિચાર છે કે મારી શી ભૂલ થઈ ગઈ, મેં શાં પાપ કર્યા કે મારો 'જીવ' મારાથી દૂર જતો રહ્યો. ૨૦૦૬ થી સતત ને સતત સાથે રહેવાની આદતના કારણે આજે એની અણધારી વિદાય સાચે જ અંધકાર પાથરી ગઈ અને આ અંધકાર ઉજાસમાં ફેરવાઈ એવા સહેજ પણ અણસાર દેખાતા નથી.

મારાં બધાં બાળકો સતતને સતત મને આનંદમાં રાખવાની કોશિશ કરતા રહે છે અને એમની હાજરીમાં થોડો

આનંદિત હોઉં એવી લાગણી થાય છે પણ જયારે એકલો પડું ત્યારે બધું એનું એ જ થઈ જાય છે. એકદમ ઉદાસી અને ભેંકાર નિરવતા. પડઘાઓનું તાંડવ શરૂ થઈ જાય છે... સાંજે ફેક્ટરીમાંથી નીકળતો હોઉ ત્યાં જ રીટાનો ફોન અચૂક આવે અને પૂછે કે શું જમવું છે ? મને ખબર ઓછી પડે એટલે હું કહું કે આજે કંઈક તીખું બનાવજે એટલે સરસ પૂડલા સાથે તીખું ટમેટાનું શાક બનાવે. હું ઘરે પહોંચું એટલે સિઝનમાં માંડવીના ઓળા ફોલી રાખે, એકાદ સ્વીટ પરાણે ખવડાવે, શિયાળામાં તેના હાથના બનેલા અડદિયા અચૂક ખવડાવે... આવી નાની નાની કેટલીય બાબતો છે, જે વિસરી શકાય એવી નથી. સાંજે હિંચકે બેસી વાતો કરવાની અને પછી દવાખાનાના સમયે મારી સાથે આવે. હું દર્દીઓ સાથે વાત કરતો હોઉ ત્યારે સાથે બેસીને બધું સાંભળે. દર્દીને ટકોર કરવાની હોય ત્યારે ટકોર પણ કરતી. કંટાળા કે અનિચ્છાનો એક નાનો લસરકો પણ કદી રીટાના ચહેરા પર ન ઊપસે. મને ગમતું બધું જ તેને ગમતું હોય તેમ જ રહે. સતત તેનો રણકો કાન સાથે અથડાયાં કરે છે. સાચે જ પત્ની વિનાનું જીવન ખૂબ જ કઠિન હોય છે, એ હવે સમજાય છે. રાત્રે રૂમમાં સૂવા જાઉં ત્યારે સૂનકાર રૂમની દીવાલો ય મારી જેમ રડતી રડતી રીટાના હોંકારાની રાહમાં હોય એવું ભાસે છે. રીટા વિનાનું જીવન એ જીવન નથી, નથી ને નથી જ.

રીટાની વિદાય પછીના બાળકોના મારા પ્રત્યેના વ્યવહારમાં ખૂબ જ બદલાવ આવ્યો છે. એ બદલાવમાં દરેક બાળક પોતાની સમજણ મુજબ લાગણી વરસાવતાં રહે છે. મારા ચહેરા પર સહેજ પણ ઉદાસીનતા જુએ કે તરત એકબીજાને ફોન મેસેજ કરી દે. મારા મિત્રોને જણાવી દે કે આજે પપ્પા મૂડમાં નથી, તમે ઘરે આવો... આવું છાશવારે બને છે. હું મારા પોતા પરનો અંકુશ ગુમાવી બેઠો છું. હું જાણું છું કે મારી ઉદાસીનતાની અસર બધા જ લોકો અને પરિવારના વડીલો ઉપર પણ થાય છે. રીટા સાથેનો લગાવ અને રીટાની આદતના કારણે હું સહેજ પણ મારી જાતને બદલી શકતો નથી. કયારે હું આમાંથી બહાર આવીશ, આવીશ કે નહીં, મને ખબર નથી. મારા પરિવારના તમામ વડીલો અને બાળકોની આ તકે હું ક્ષમા માંગુ છું.

બધાં જ બાળકોનાં દિલમાં આઘાતની અસર આજે પણ જોઈ શકું છું પણ બાળકો મારા કરતાં મજબુત છે એટલે પોતાનાં કામકાજ અને સામાજિક બંધનોને સજાગતાથી, પૂર્ણ ન્યાય આપે છે એ જોઈને હું ખુશ છું. અંતરાત્મા અને અર્ધજાગૃત મનની સ્થિતિ ખૂબ જ ખરાબ રહે છે, હજુ પણ એકલાં એકલાં રડી લઉં છું !


રીટા સાથે 'કે'-એક્ઝિબીશન, જર્મની ૧૭-૧૦-૨૦૧૩

"જીવ" ૨૯.૧૧.૨૦૨૩ ના રોજ આપણી ૩૮ મી વર્ષગાંઠ નિમિત્તે તે વ્યક્ત કરેલી તારી તમામ ઇચ્છાઓને પૂર્ણ કરવા માટેની તડપ હજુ અકબંધ છે.

'બહારો ફૂલ બરસાઓ મેરા મહેબૂબ આયા હૈ' : આ ગીત વિડિયોમાં સાથે નિહાળતા હતા ત્યારે તું બોલી હતી કે, રાજભા, આવું જંગલ અને એમાં આવા હિંચકા હોય એવું વાડીમાં બનાવો... હા, 'જીવ' તારી સદેહે હાજરીમાં એ પૂર્ણ ન થયું પણ અત્યારે એ ગીતમાં છે એવું જ કુદરતી જંગલ તારી વાડીમાં આકાર લઈ રહ્યું છે. કોઈ મને પૂછે કે અહિંયાં શું બનાવી રહ્યા છો ? તેમને હું કહું છું કે 'બહારો ફૂલ બરસાઓ મેરા મહેબૂબ આયા હૈ' ગીતમાં દેખાય છે એવું કુદરતી જંગલ અને એ હીંચકો મારા 'જીવ'ની ઈચ્છા મુજબ બનાવી રહ્યો છું અને જવાબ આપતાં જ મારી આંખોમાં ભીનાશ પથરાઈ જાય છે.

રાજસ્થાનમાં આવેલા જીરાવાલા જૈન તીર્થની મુલાકાતે ૩ ફેબ્રુઆરી,૨૦૨૨એ આપણે ગયેલા ત્યારે ત્યાંનું નક્ષત્ર ગાર્ડન જોઈને તે કહ્યું હતું કે, રાજભા, આવું નક્ષત્ર ગાર્ડન વાડીમાં સરસ લાગે તો એ માટેનાં બધાં જ વૃક્ષોનું રોપણ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના કરિશ્માના જન્મ દિવસે ઘરના બધા જ સભ્યોના હાથે કરાવ્યું. આજે બધાં જ વૃક્ષો કુદરતી રીતે વિકસિત થઈ રહ્યાં છે. એ ગાર્ડનમાં જતાં જ તારા શ્વાસની મહેંક આવે છે અને અવાજ શાંત થઈને આંખોમાં ઝળઝળિયાં આવી જાય છે.

'જીવ', બગસરામાં જે મહાદેવ મંદિરે જવાનો તારો નિત્યક્રમ હતો, એ મંદિરના પૂજારીનો ૨૦૨૩ માં ફોન આવ્યો કે આ જગેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. મેં તરત હા પાડી. બગસરા જઈને બાંધકામ કરતાં લોકોને મળીને જીણોદ્ધાર શરૂ કરાવ્યું અને જુન, ૨૦૨૪ માં તારા મહાદેવ મંદિરનો જીણોદ્ધાર સંપન્ન થઇ ગયો છે. તું સદેહે હાજર હતી ત્યારે ૨૦૧૨ માં મને જગેશ્વર મહાદેવ લઈ ગઈ હતી. તે કહેલું કે રાજભા, આ મંદિરમાં રંગરોગાન કરાવી દો ત્યારે પણ રંગરોગાન કરાવ્યું હતું, એ યાદ છે તને...

રીટા સાથે ''રીટાની વાડી'' માં – ૨૫-૦૭-૨૦૨૧



નિયતિએ અઢળક સુખ, શાંતિ અને એકદમ તંદુરસ્ત સ્વાસ્થ્ય સાથે બે મોટા ભાઇઓ, ભાભીઓ, બહેનો અને બાળકો સાથેના સંયુકત પરિવારની સોગાત આપી છે તો અગ્નિપરીક્ષા પણ કરી છે. મારા પિતાશ્રીને મુખઆચમન આપતાં જ મારી સામે દેહ છોડયો, મોટાભાઇ ચંદ્રકાન્તભાઇએ મારી સાથે વાતો કરતા–કરતા અણધારી વિદાય લઇ લીધી તો મારા જીવનમાં મેઘધનુષના રંગો ભરનારી રીટા (જીવ) એ મારા ખોળામાં જ અંતિમ શ્વાસ લીધા, આવી જ અનેક કપરી ક્ષણો કે ઘટનાની વાત મારે કહેવી છે!

એ ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨ નો દિવસ હતો. અમારા મોટા બનેવી શ્રી અનુપ મોદી જૂનાગઢમાં દાંતના ડોકટર પોપટાણી પાસે ગયા. ડોકટરે શંકા વ્યકત કરી કે તમારા મોમાં ચાંદું છે, તેમાં કેન્સરના જંતુઓ હોઇ શકે... તરત રાજકોટ આવીને અન્ય ડોકટર પાસે સલાહ લીધી. રિપોર્ટ્સ કર્યા અને નક્કી થયું કે કેન્સર છે. તાડબતોબ બીજા દિવસે મુંબઇ ગયા.

રાજુના એક ગ્રાહક ઘીયા એકસ્ટ્રુશનનાં માલિક નકુલભાઇ ઘીયાના સંબંધી ડોકટર હરિભકિતના સંપર્ક માટેની વિગતો એમની પાસેથી લીધી અને મોરબીના ડોકટર વિક્રમ સંઘવી કે જેઓ તાતા મેમોરિયલ હોસ્પિટલમાં બેસતા હતા, એમનો સંપર્ક કરીને તારીખ ૨૬ નાં રોજ મુંબઇ ગયા.

ડોકટર હરિભકિત જસલોક હોસ્પિટલમાં બેસતા હતા. તેમને મળીને નિદાનની ચર્ચા કરી ત્યારબાદ અન્ય ડોકટર વિક્રમ સંઘવીને મળવા ગયા ત્યાં વિગતવાર વાત થઇ અને મેં આવતી કાલે જ સર્જરી કરવી એવો આગ્રહ રાખ્યો. અનુપભાઇના નસીબ સારા હશે એટલે ડોકટર સંઘવીએ બોમ્બે હોસ્પિટલમાં ફોન કરી સર્જરી કરાવવા માટે બેડ અને અન્ય પ્લાસ્ટિક સર્જનની હાજરી અંગે પૃચ્છા કરીને બધું ગોઠવી આપ્યું. એ સાથે ભલામણ કરી કે, તમે અત્યારે જ બોમ્બે હોસ્પિટલમાં દાખલ થઇ જાવ. એ સમયે સાંજના પાંચ કે છ વાગ્યા હશે. અમે તાબડતોબ બોમ્બે હોસ્પિટલમાં દાખલ થવા માટે પહોંચ્યા. ત્યાં નિયત ફોર્મ ભરીને આપ્યું એટલે હોસ્પિટલના નિયમ મુજબ ૩૫,૦૦૦ રૂપિયા ભરવાનું અને કાર્ડિયોગ્રામ તેમજ બાકીનાં પરીક્ષણ સામેની બિલ્ડીંગમાં કરાવી આપવાની સૂચના અપાઇ.

અમારી પાસે પૈસા નહોતા એટલે ''રાજુ એન્જીનીયર્સ'' ને કાચો માલ સપ્લાય કરતા શ્રી મનીષ દોશીને ફોન કરી કહ્યું કે ૫૦,૦૦૦ રૂપિયા બોમ્બે હોસ્પિટલમાં આવીને આપી જાવ. અમે બધા પરીક્ષણ કરાવીને આવ્યા, ત્યાં પૈસા લઇને મનીષભાઇ પણ આવી ગયા હતા. અમે દાખલ થવાની વિધિ પૂર્ણ કરી હોસ્પિટલના દસમા માળે રૂમમાં પહોંચી ગયા. અનુપભાઇને પાન મસાલો ખાવાની આદત હતી અને આવતી કાલે સર્જરી થઇ જાય પછી પાન મસાલો ખાવા નહીં મળી શકે એવા ભાવ સાથે મેં પૂછયું કે, હવે રૂમમાં મસાલો તો નહીં ખાઇ શકો પણ એકાદ બીડી પીવી હોય તો બાથરૂમમાં જઇને પી લો. અનુપભાઇ રાજી થઇને બાથરૂમમાં જઇ બીડી પી આવ્યા. એ પછી હું મારી તથા અનુપભાઇની બેગ હોટેલમાં રાખી હતી તે લેવા ગયો અને રાજકોટ ઘરે ફોન કરીને સર્જરીની વિગતો આપી એટલે બંને મોટાભાઇ અને બહેન જયબાળા બીજા દિવસે સવારની ફલાઇટમાં મુંબઇ આવવા નીકળ્યા.

તારીખ ૨૭ની સવારે ૮.૩૦ વાગ્યે અનુપભાઇને રૂમમાંથી સ્ટ્રેચરમાં ઓપરેશન થિએટરમાં લઇ જવામાં આવ્યા, ત્યારે બંને મોટાભાઇ તથા બહેન જયબાળા મુંબઇ પહોચ્યાં નહોતા એટલે ઓપરેશન થિએટર પાસેના સિકયુરીટી ગાર્ડને વિનંતી કરી કે આમનાં પત્ની રાજકોટથી આવે છે. એમને મળી શકાય એવું કરાવી આપજો. સિકયુરીટી ગાર્ડે હકારાત્મક જવાબ આપ્યો, બધા રાજકોટથી આશરે ૯.૩૦ કલાકે આવી ગયા અને અનુપભાઇને મળી આવ્યા એ પછી થોડીવાર બાદ ૧૨ કલાક ચાલેલા ઓપરેશનની શરૂઆત થઇ. રાત્રે ૧૦ વાગ્યે રૂમમાં આવી ગયા ત્યારે બધાને હાશ થઇ.

આ એ દિવસ હતો જયારે ગોધરામાં ટ્રેન સળગાવવાની ઘટના બની હતી અને આખા ગુજરાતમાં કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં. ઘરના બધા જ વડીલો મુંબઇ હતા. પ્રેરિત અને પુલકિત, બંને ભાણેજો એમનાં દાદી સાથે

જૂનાગઢ હતા. મેં ફોન કરીને રીટાને જણાવ્યું કે જૂનાગઢથી બંને બાળકોને લઈને માણાવદર જતાં રહો. રીટા ૭ વર્ષના ઉત્કર્ષને લઈને રાજકોટથી સતત ખોફ હેઠળ જૂનાગઢ જવા નીકળી. રસ્તામાં આગજની અને કોમી હુલ્લડો જોવા મળ્યાં પણ ઈશ્વર ઈચ્છાથી સુખરૂપ બધા માણાવદર પહોંચી ગયા.

ઉપરોકત ઓપરેશનના દસ દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળી અને જૂનાગઢ આવી ગયા ત્યારબાદ રેડિયોથેરાપી કે કેમોથેરાથી જેવી સારવાર લીધી નહીં. ત્રણ મહિના પૂરા થયા ત્યારે ફરી ચેકઅપ કરાવવા માટે પ્લાસ્ટિક સર્જરીના ડોકટર કરવાના સાહેબને મળવા બ્રિચકેન્ડી હોસ્પિટલમાં ગયા. આમ તો બધુ ખૂબ જ સરસ રુઝાઈ ગયું હતું પરંતુ અનુપભાઈએ ફરિયાદ કરી કે હજુ થોડો દુઃખાવો છે. ડોકટર સાહેબે કહ્યું કે હજુ ત્રણેક મહિના લાગશે, એટલે મે વચ્ચે ટાપશી પુરાવી કે ત્યાં સુધીમાં દુઃખાવા સાથે જીવવાની આદત પડી જશે. મારી આ વાતની ડોકટર સાહેબે પણ પૂર્તતા કરી. રેડિયોથેરાપી કે કેમોથેરાપી ન લીધી હોવાથી ઓપરેશન પછી નાં ૨૨ વર્ષ એકદમ સ્વસ્થ પસાર થઈ ગયાં. ૨૦૨૪ નાં જાન્યુઆરી મહિનામાં ફરી એજ જગ્યાએ કેન્સરના જંતુ દેખાયા અને ફરી સર્જરી કરી.


જયબાળા, અનુપ, પ્રેરિત અને પુલકિત



શૈલી, હેંમત, ઉન્નતિ અને તન્મય

મારા નાના બનેવી શ્રી હેમંત અજમેરા, રાજુ એન્જિનિયર્સની બાજુમાં જ રાજુ એન્જિનિયર્સનનાં મશીનો માટેના એલોય સ્ટીલના પાર્ટ્સને હાર્ડ ક્રોમ પ્લેટિંગ અને ગેસનાઇટ્રાઇડિંગ કરવા માટેનું એકમ શૈલ એન્જિનિયર્સના નામે ચલાવતા હતા. તે એકમની કુલ ક્ષમતાના આશરે ૨૫% કામ રાજુ એન્જિનિયર્સ સિવાયના અન્ય ગ્રાહકો માટે પણ કરતા હતા.

૨૬ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ એમના ભાગીદાર શ્રી જયદેવ ઝાલા કે જેઓ વર્ષ ૧૯૮૭થી રાજુ સાથે જોડાયેલા હતા. તેમનો બપોરે ૧ વાગ્યે ફોન આવ્યો કે હેમંતકુમાર જમવાની તૈયારી કરતા કરતા ઓફિસમાં પડી ગયા છે. એટલે હું તરત ત્યાં પહોંચ્યો ત્યારે તેમને કારની પાછળની સીટમાં બેસાડતા હતા, મેં જઇને એમને જોયા. એમના મોમાંથી ફીણ નીકળી ગયેલાં હતાં, એટલે પલ્સ ચેક કરી અને મારો શ્વાસ થંભી ગયો હોય એમ સ્તબ્ધ થઇ ગયો. તાત્કાલિક તેમને શાપર-વેરાવળની હોસ્પિટલના ડોકટરને બતાવ્યું તેમને જાણ થઇ ગયેલી કે કોઇ આશા નથી તો પણ કહ્યું કે, રાજકોટ મોટી હોસ્પિટલમાં લઇ જાવ એટલે અમે તુરંત રાજકોટ તરફ રવાના થયા. વચ્ચે રસ્તામાંથી બધાને ફોન કર્યો કે હેમંતકુમારની તબિયત સારી નથી. હું ફલાણી હોસ્પિટલમાં લઇ જાવ છું. તમે ત્યાં પહોચોં. બધા એકસાથે હોસ્પિટલ પહોંચ્યા. ત્યાંના ડોકટરે કહ્યું કે કોઇ આશા નથી. હેમંતકુમાર આપણી સાથે નથી રહ્યા.

આ દિવસે તેઓ પોતાના નવા બની રહેલા અને પૂર્ણતાના આરે પહોંચી ગયેલા ઘર માટે રાચ રચીલું પસંદ કરીને ૧૧.૩૦ વાગ્યે ફેકટરી પર પહોંચ્યા હતા. એમને ખબર થઇ ગઇ હોય તેમ ફેકટરીના મુખ્ય કર્મચારી પાસે જઇને બધી સલાહ સૂચન આપીને કહ્યું કે હવે તારે જ બધું ધ્યાન રાખવાનું છે. બધી સૂચના આપીને હાથ ધોઇને ટિફિન ખોલીને જમવાની તૈયારી કરતા હતા ત્યાં જ.... ઈશ્વરનો સાદ પડયો અને અરિહંત શરણ પામી ગયા!!

શૈલી, મારી નાની બહેન અને તેમનાં બંને બાળકો ઉન્નતિ અને તન્મયની સાથે દોશી પરિવાર પણ અસહ્ય પીડા સાથે વિલાપમાં ગરકાવ થઇ ગયો. પરંતુ જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત છે એ વાત ને સ્વીકારવી જ પડે.

સમય વીતતો ગયો અને શૈલીની ઉંમર પણ નાની હોવાથી રીટા સતત એવું ઇચ્છતી હતી કે શૈલી બહેનને એક જીવનસાથીનો સાથ મળે. રીટાએ જ આ વાત દોશી પરિવારમાં મૂકી અને શૈલીના ફરી લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકયો. અમે બધાએ ભેગા મળીને શૈલીને પણ મહામહેનતે તૈયાર કરી. બંને બાળકો સાથે પણ વિગતવાર ચર્ચા કરી, બંને બાળકોએ એકદમ સહજ રીતે મંજૂરી આપી, આ પ્રક્રિયામાં લગભગ પોણા બે વર્ષ જેવો સમય વીત્યો હશે, પછી રીટાની મોટી બહેનના દિયરના દીકરા જયેશ કામદાર અપરિણીત હતા, તેની સાથે વાત કરી અને શૈલી, જયેશ, ઉન્નતિ અને તન્મયની બે ચાર મિટિંગ ગોઠવી બધા એ વિગતવાર ચર્ચા કરીને આગળ વધવા નક્કી કર્યું.

તા. ૧૨-૦૮-૨૦૨૨ ના રોજ શૈલી અને જયેશના પુનઃવિવાહ સંપન્ન થયા અને બંને બાળકો સાથે સુખી

દામ્પત્યજીવન વિતાવી રહ્યાં છે. જયેશકુમારે ફેકટરીનું કામકાજ સંભાળી લીધું છે અને બધાની સાથે એકદમ હળીમળીને રહે છે.

□ □ □




શૈલી, જયેશ, ઉન્નતિ અને તન્મય સાથે

૧૨ જુલાઈ, ૨૦૨૪ નો દિવસ પણ મારા જીવનનો વધુ એક અંધકારમય દિવસ પુરવાર થયો.

વહેલી સવારે ૫.૧૫ મિનિટે મોબાઈલમાં રીંગ વાગી, પ્રથમ રીંગ પૂરી થઈ કે તરત મેં ફોન કાને લગાવ્યો. સામેથી ભીખુ (રસિક દેકીવાડીયા) નો અવાજ સ્પષ્ટ સંભળાયો રસિક એટલે બાળપણના મિત્રોમાં સૌથી વધુ નૈતિકતા પૂર્વક જીવન જીવનારો મારો નજદીકી મિત્ર. મારી ૬૪ વર્ષની ઉંમરમાં આટલો નિખાલસ, સહજ, સરળ અને નીતિમત્તાથી ચાલવાવાળો માણસ જોયો નથી.

ફોન કાને લગાવતાં બોલ્યો : મને પંદરેક મિનિટથી છાતીમાં દુઃખે છે, પરસેવો વળે છે અને ગેસ ચડયો હોય એવું લાગે છે તો શું કરું? મે પૂછયું : હું રૂબરૂ આવું ? તો બોલ્યો કે ના, જરૂર નથી. શું કરવું એ ફોનમાં કહી દે. મે કહ્યું કે ગેસ ચડયો હોય તો વજ્રાસનમાં બેસ એટલે ગેસ વછૂટસે, પછી ફોન એમના પત્નીએ લીધો. એમણે પણ એજ ફરિયાદ કરી એટલે ફોન પૂરો કરીને હું આશરે ૫ મિનિટમાં તેમના ઘરે પહોંચી ગયો.



ઘરે પહોચ્યો ત્યારે એકદમ સ્વસ્થ હોય એ રીતે પોતાના પલંગ ઉપર રસિક વજ્રાસનમાં બેઠેલો હતો એટલે મે તેને પૂછયું કે કેવું લાગે છે ? તેણે કહ્યું કે બે ઓડકાર આવ્યા. હજુ એકાદ ઓડકાર આવે તો પૂર્ણ રાહત થઈ જાય. મે તેને પૂછયું કે રાત્રે શું જમ્યો હતો તો તેણે કહ્યું કે, દુધ અને રોટલો. મે કહ્યું : બે-ચાર ડગલાં ઘરમાં ચાલ તો પણ ઓડકાર આવી જશે એટલે તે પલંગ પરથી ઉતરીને ચાલ્યો, દરમ્યાનમાં મે ભાભીશ્રી ને કહ્યું કે તમે ગરમ પાણીમાં હિંગ નાખીને આપો. એ પાણી તૈયાર થયું અને ભીખુ ફરી ચાલીને પોતાના રૂમમાં આવ્યો એટલે પાણીનો ગ્લાસ તેને આપ્યો. એ ગ્લાસ હાથમાં લેતા જ પલંગ પર બેસવાને બદલે હળવેથી નીચે પડી ગયો અને, તેના આત્માએ શરીર છોડી દીધું.

ભીખુ છેલ્લા બે વર્ષથી મને હસતા હસતા કહેતો કે રાજુ મારે ૬૫ વર્ષ પૂરાં નથી કરવા, એ પહેલા હું જતો રહીશ એ વખતે હું તેને કહેતો કે આપણા હાથની વાત નથી. એ તો ઈશ્વરની ઈચ્છા હોય તેમ થાય. પણ... પોતાના ૬૪ વર્ષ પૂરા થવામાં ૧૯ દિવસ બાકી રહ્યા ત્યારે અનંત સફરે નીકળી જવાની પોતાની ઈચ્છા પૂર્ણ કરી.

મારા ''જીવ'' ની વિદાય પછી મારી સતત કાળજી લેવાનું ક્યારેય ચૂકયો નથી અને ક્યારેક હું ''જીવ'' ના સ્મરણોમાં ઉદાસ થઈ ગયો હોવ અને મારા બાળકો મારા ચહેરા ઉપરની રેખાઓ વાચી લ્યે તો તરત ભીખુને ફોન કરતાં કે કાકા, આજે પપ્પા ઠીક નથી. એ ફોન મૂકીને તરત મારી પાસે આવતો અને અલક-મલકની વાતો કરીને મને ઉદાસીમાંથી બહાર કાઢવાના પ્રયત્નો કરતો.

હંમેશા હસતો, નીડર, વિશાળ પવિત્ર દિલવાળો, ખુમારીથી જીવનારો, ઈશ્વર પ્રત્યે અડગ શ્રધ્ધા ધરાવતો, પોતાની પાસે હોય કે ના હોય જરૂરિયાતવાળાને મદદ કરનાર, કોઈપણ સંજોગોમાં નીતિમત્તા ન છોડનારો, કુટુંબી, સગા-સંબંધીઓજ નહિં પરંતુ અજાણ્યા દીનબંધુની પણ અવિચળ મદદ કરનાર મારો મિત્ર અનંતની સફરે નીકળી ગયો. જીવનમાં ક્યારેય ન ભૂલી શકાય એવો દિવસ.



રીટા સાથે રોયલ કેરેબીયન ક્રુઝ,
સ્પેન – ૨૦-૦૫-૨૦૧૫

જિંદગી તો શું ? ઉમર પણ,
મુશ્કેલીમાં મુકાઈ ગઈ,
જીવ, આવું તે કરાતું હશે ?
પૂર્ણાંગિની થઈને તારા અંગને
છોડી ગઈ !!! મારો વાંક શો ?
સ્નેહની ઓછપ રહી ?
કે સ્નેહાળ દામ્પત્યની
મહાદેવને ઈર્ષા થઈ ?!



રીટા સાથે 'કે'-એક્ઝિબિશન,
જર્મની – ૨૧-૧૦-૨૦૧૩



મારા જન્મ દિવસે રીટા સાથે
'રીટાની વાડી' માં ૦૭-૦૩-૨૦૨૧



રીટા સાથે 'રીટાની વાડી' માં
૦૭-૦૮-૨૦૧૪



રીટા સાથે ખુશ્બુનાં લગ્ન પ્રસંગે,
૧૭-૧૧-૨૦૦૮



રીટા સાથે હેમુ ગઢવી હોલમાં, રાજકોટ – ૨૨-૦૬-૨૦૧૫

રીટા સાથે 'રીટાની વાડી' માં વર્ષ ૨૦૧૭-૨૦૧૮



૧૧

આદર્શ દામ્પત્ય જીવન અને ઈર્ષા જગાવતી પ્રેમગાથા

'ચંદ્રકાન્તભાઈની વિદાય પછી તમે 'રાજુ' ગ્રૂપની જવાબદારી કેવી રીતે સંભાળી અને એ સમયે કેટલી સમસ્યા થઈ, એ વાત તમારે લખવાની બાકી છે...'

'એ ચેપ્ટર હું તમને આગામી અઠવાડિયે આપી દઈશ !'

ઓકટોબર, ૨૦૨૩ નાં મધ્યમાં આ વાત મારા અને રાજુભાઈ દોશી વચ્ચે થઈ ત્યારે મેં લાગલું જ કહી દીધુંઃ ... એ પછી તમારે રીટાભાભી વિશે પણ લખવાનું આવશે અને હું તો ઈચ્છું કે એ ચેપ્ટર તમે...



રીટા, આયાંક, નાઈરા સાથે ૦૬-૦૪-૨૦૧૬

'એ હું નહીં લખી શકું !' મારી વાત કાપી નાખતાં દૃઢ અવાજે રાજુભાઈએ કહ્યું ત્યારે હું હરગીઝ અસમંજસમાં પડયો નહોતો કે ન તો મને કોઈ આંચકો લાગ્યો હતો. રાજુભાઈના દૃઢતાનો વરખ ચડાવેલાં અવાજ હેઠળ દબાયેલી ભાવનાત્મકતા, સંવેદના અને લાચારીનો લસરકો હું મહેસૂસ કરી શકતો હતો કારણકે રીટાભાભીની વિદાય પછી લખાયેલા 'જીવ' પુસ્તક વખતે રાજુભાઈના અવાજમાં અને આંખમાં ફેલાઈ જતી ભીનાશમાં હું પણ દર વખતે પલળ્યો હતો. દેશી જબાનમાં કહીએ તો રીટાભાભી રાજુભાઈના 'દિલનો ધબકાર' બની ગયા હતા, તેમની અણધારી વિદાય પછી તો ખાસ.

રીટાભાભીની સદેહે હાજરી ન હોવાથી રાજુભાઈના અંગત જીવનમાં ખલેલ પાડીને નાખુદા વગર દરિયાનાં મોજાં પર ફંગોળાતા હોડકા જેવું કરી નાખ્યું અને આ વાત આખો દોશી પરિવાર, રાજુભાઈના અંગત મિત્રો અને મારા સહિત તેમને માત્ર નામથી જ ઓળખતાં લોકો પણ જાણતા-સમજતા થઈ ગયા હતા. રીટાભાભીની અણધારી વિદાય (૨૧ એપ્રિલ, ૨૦૨૨) નાં બે વરસ પછી પણ પ્રતિ દિવસ રાજુભાઈની સવાર સોશ્યલ મીડિયા પર રીટાભાભીના સ્મરણ સાથે જ શરૂ થાય અને મને ખબર છે કે તેમની દરેક રાત રૂમમાં (રીપીટ મોડ પર રાખેલાં) એકધારાં વાગતાં ગીત સાથે જ આથમે છે : વો જબ યાદ આએં, બહોત યાદ આયે, ગમ એ જિંદગી કે અંધેરે મેં હમને, ચિરાગ-એ-મહોબ્બત જલાએ, બુઝાએં.

અસદ ભોપાલીએ લખેલાં (ફિલ્મ : પારસમણી, ૧૯૬૩) ગીતની આ પંક્તિ તેમના રૂમમાં વાગતી હતી

ત્યારે રાજુભાઈ બીડીનો કશ લેવાનું ભૂલી ગયા હતા અને હું પણ નિ:શબ્દ થઈ ગયો હતો : વો જુદા કયા હુએ જિંદગી ખો ગઈ, શમ્મા જલતી રહી રોશની ખો ગઈ, બહુત કોશિશેં કી મગર દિલ ન બહેલા, કઈ સાજ છેડે, કઈ ગીત ગાયેં... વો જબ યાદ આયેં, બહોત યાદ આયેં...

'એ (રીટાભાભી) વિશે હું નહીં લખી શકું !'

રાજુ એન્જીનિયર્સ લિમિટેડની વિશાળ અને આલીશાન ઓફિસમાં રાજુભાઈ દોશીએ કરેલાં આ નિવેદન પછી સ્વાભાવિક છે કે અમારા બન્ને વચ્ચે ચુપકીદી છવાઈ ગઈ હતી. વાતને તત્કાળ પૂરતી ભૂલાવી દેવા માટે મેં કોફી પીવાની ઈચ્છા વ્યક્ત કરી એટલે રાજુભાઈએ બેલ મારી. તેમનું ધ્યાન ફંટાયું ત્યારે મેં મનોમન નક્કી કર્યું કે આ વાત ફરી કયારેક તેમની સામે મૂકીશ અને જાન્યુઆરી, ૨૦૨૪ માં ફરી એકવાર રીટાભાભીની વાત છેડી. આ વખતે વાતનો મર્મ અલગ રાખીને પરોક્ષ રીતે ઉલ્લેખ કર્યો : 'રીટાભાભીના ગયા પછી ફેમિલી મેમ્બરોનો તમારી સાથેના વહેવારમાં જે બદલાવ આવ્યો, એ હવે તમારે લખવાનું આવશે...'

'હા, નેકસ્ટ ચેપ્ટરમાં એ જ વાત હું લખવાનો છું !'

'તો એ ચેપ્ટરમાં જ તમારા દામ્પત્યજીવન, લગ્ન વગેરેની વાત પણ સાંકળી લેજો, જેથી...'

'એ નહીં લખી શકું, મેં તમને અગાઉ પણ કહેલું !'

આ વખતે રાજુભાઈના અવાજમાં કસક હતી. સડી ગયેલા ઘાવ પર કે સોજા પર દબાણ મૂકતાં જાગતી દર્દની ટીસ જેવી કસક. બે પળ માટે દોશી પરિવારના સૌથી વડીલ સદસ્ય દેવયાનીભાભીએ રાજુભાઈ માટે કહેલા શબ્દો મારા કાનમાં ગૂંજવા માંડયા : રીટાના ગયા પછી રાજુભાઈના જીવનમાંથી જાણે બધા રંગ જ ઊડી



જે મળ્યું એ ચલાવી લીધું. દરેક સમયે હંમેશ ખુશ રહેનારી, શિવ ઉપાસક, જીવન મહાદેવને સમર્પિત કરીને દામ્પત્યજીવનને પૂર્ણ જવાબદારી નિભાવનારો, મારો 'જીવ' આજે સદેહે મારી સાથે નથી પરંતુ એ સદાય મારા શ્વાસમાં વહેતો રહેશે. મારા દિલમાં ધડકતો રહેશે. શિવ ઉપાસક જીવ હંમેશ માટે મહાદેવના સાન્નિધ્યમાં વિલીન થઈ ગયો !

રીટા સાથે વરસાદની મોજ - ૧૫-૦૭-૨૦૧૭

ગયા છે... નીતાભાભીના શબ્દો : હવે એ બહુ વાત કરતા નથી, જમીને પોતાના રૂમમાં જ ચાલ્યા જાય છે... દોશી પરિવારનાં બચ્ચાંઓનો (વાંચો આગળના પાને) સૂર પણ એ જ : હવે તેઓ પહેલાં જેવા નથી રહ્યા. જીદ નથી કરતાં. અમારું કહ્યું તરત સ્વીકારી લે છે પણ જીવનમાંથી તેમનો રસ ઊડી ગયો હોય એવું સતત લાગ્યા કરે. અમે જરાક પણ મૂડ કે રસની વાત કાઢીએ એટલે (જાણે કશું ન હોય તેમ) કૃત્રિમ રીતે ખુશ દેખાવાનો ડોળ કરવા માંડે...

'એક સૂચન કરું !' આખરે ડરતાં–ડરતાં મેં પૂછી લીધું : તમારા અને ભાભી વિશે આમ જુઓ તો હું (દોશી પરિવાર અને જીવ પુસ્તક લખ્યાં પછી) બધું જ જાણું છું. તમને બન્નેને નજીકથી જોયાં છે, બન્નેની સાથે રહ્યો પણ છું તો આત્મકથામાં તમારું અને ભાભીના દામ્પત્ય જીવનનું પ્રકરણ હું લખું ?'

'... પણ અમારી વચ્ચે ઝઘડા પણ થતા હતા એ ય લખજો !'

'અરે પણ પતિ–પત્નીના ઝઘડાની મને કયાંથી ખબર હોય !' મારી ચમત્કૃતિ મેં દર્શાવી : '... અને આવી વાત તો મને કોઈએ કહી પણ નથી !'

'જયુ અને શૈલીને પૂછજો !' રાજુભાઈ બેધડક બોલ્યા : એ અમારા બન્ને વચ્ચેના ઝઘડાઓની વાત પણ તમને કરશે !

ગજબનું બિન્દાસ વલણ અને સાહસિક મિજાજ રાજુભાઈ દોશીની ઓળખાણ છે, એમ કહેવું અર્ધસત્ય છે. આ માણસ નખશીખ સંવેદનશીલ, કુટુંબવત્સલ તેમજ ભાંગ્યાના ભેરુ જેવું દિલ ધરાવનારો છે. તેમનાં જયુબહેનનું આ વિધાન શત પ્રતિશત સાચું છે : રાજુભાઈના પરિચયમાં હોય એ તમામ લોકો મુસીબત આવે કે ભીંસમાં મૂકાય તો ભગવાનને પછી, રાજુભાઈને પહેલાં યાદ કરશે !'

તમે વાંચી લીધા છે, એ અગાઉના ચેપ્ટરો આ વાતની ગવાહી આપે છે પણ પોતાના 'જીવ' (રીટાભાભી)ની વાત કરતાં તેમનો જીવ રૂંધાવા લાગે છે એટલે એ કામ મારા હિસ્સે આવ્યું છે.

□ □ □

દુનિયાને પાગલ (ધૂની, જિદ્દી, સ્વપ્નિલ, સનકી, એબ્સર્ડ માઈન્ડેડ) લોકો જ ચલાવે છે. ડાહ્યા (ઠરેલ, શાંત, ડરપોક, વહેવારુ અને 'જૈસે થે'માં માનતા) લોકો તો તેને અનુસરે છે...


રીટા, ખુશ્બુ, કૃતિ સાથે
માથેરાન – ૧૨-૦૩-૧૯૯૦

ગમે કે ન ગમે, પરંતુ સનાતન સત્ય આ જ છે. એક નહીં, એક હજાર કિસ્સામાં એ પુરવાર થયું છે કે સામાન્ય લોકોને જે વ્યક્તિ સહજ કે નોર્મલ ન લાગે, એ ખરેખર તો વિલક્ષણ હોય છે. રાજુભાઈ દોશી આવા વિલક્ષણ વ્યક્તિત્વના માલિક છે. સામાન્ય માણસોને આવી વિલક્ષણ વ્યક્તિ અતિશયોક્તિથી છલોછલ લાગે પણ વિલક્ષણ વ્યક્તિ માટે તો આ અતિશયોક્તિ જ જીવનને ધક્કો મારતું તત્ત્વ હોય છે. રાજુભાઈ દોશી અને રીટાબહેન દોશીનું દામ્પત્યજીવન તપાસો તો ખબર પડે કે આ બન્ને એક જ વિચારધારા પર જીવનારા વ્યક્તિ હતા અને છે. રાજુભાઈ દોશી અતિરેક અથવા તો અતિશયોક્તિના પર્યાય હતા તો તેમની તમામ ખૂબી, ખામી, ખીજ, ખેવના, ખમીરને સ્નેહથી પંપાળતા રહીને રીટાબહેને પણ પુરવાર કરેલું કે તેઓ પણ આ અતિરેક અને અતિશયોક્તિને આકંઠ ચાહનારા હતા, એ સિવાય આવું દંપતી પૃથ્વી પર આકાર લે જ નહીં. રાજુભાઈ– રીટાબહેનના અંગત મિત્ર ભીખાભાઈ (રસિકભાઈ) દેકીવાડિયા તો એટલે જ સહજતાથી બોલી જાય છે કે, ભાઈ, એ બન્નેને જોઈએ, તો આપણને ય ઈર્ષા થાય કે આવો મનમેળ બે માણસ વચ્ચે કેમ હોય જ શકે ?

... પણ એ મનમેળ હતો કારણ કે દુનિયાની નજરે તેઓ પતિ-પત્ની હતા પરંતુ પરસ્પર તો એ બન્ને એકબીજાના પ્રેમી હતા. તારીખ વરસ તપાસો તો ખ્યાલ આવે કે રીટાબહેન રાજુભાઈ દોશીના પ્રેમમાં પડયાં ત્યારે તેઓ ટીનએજમાં હતા. (ખુશ્બુનો જન્મ જૂલાઈ, ૧૯૮૨ માં થયો અને ત્યારે રીટાબહેનને સતરમું વરસ પૂરું થવામાં અઢી મહિનાનો સમય બાકી હતો !) તરુણાવસ્થાની મહોબ્બત જીવનભરની હોય છે અને એ વાતેય જાણીતી છે કે પ્રથમ પ્રેમ જિંદગીમાં કયારેય ભૂલાતો નથી, પછી ભલે એ પરવાન ચઢવાની બદલે ફસકી જતો હોય !

બધાને ખબર છે કે પંચમિયા પરિવારની છ બહેનો (એક ભાઈ) માં સૌથી નાનાં રીટાબહેન હતાં. મહાદેવનાં પાક્કાં ભક્ત. બગસરાના શ્રી જાગેશ્વર મહાદેવ મંદિરે દૂધ ચડાવવા જવાનો તેમનો નિત્યક્રમ હતો. ૨૦૧૨ માં રાજુભાઈએ એ મંદિરમાં રંગરોગાન પણ કરાવ્યા હતા. રીટાબહેનથી મોટા શ્રુતિબહેનના લગ્ન દોશી પરિવારના જયેષ્ઠ પુત્ર ચંદ્રકાંતભાઈ સાથે (૧૯૮૦) થયા પણ ૧૯૮૨ નું વરસ ઊતરતાં જ દોશી પરિવાર પર પહાડ તૂટી પડયો. શ્રુતિબહેનને કેન્સર ડિટેકટ થયું. ખુશ્બુ હજુ બાખોડિયાંભેર ચાલતી ય નહોતી ત્યારે આવી પડેલી વિપદામાં મદદરૂપ થવા રીટાબહેનનો ભત્રીજી ખુશ્બુ અને મોટી બહેન માટે માણાવદર આવરોજાવરો વધ્યો અને ભાઈની સાળીના પ્રેમમાં રાજુભાઈ પલળવા લાગ્યા. રીટાબહેન મૂળ તો બગસરા રહે અને તેમનો પંચમિયા પરિવાર એ સમયે આર્થિક રીતે દૂબળો. રીટાબહેન સ્વભાવે રાણી પૂતળીબાઈ જેવાં પણ પ્રેમમાં યુવતીસહજ ખચકાટ તો હોય જ પણ...

૧૯૮૪ નાં જાન્યુઆરીમાં રાજકોટના આમ્રપાલી થિયેટરમાં બન્ને સાથે 'નદિયા કે પાર' ફિલ્મ જોવા ગયેલાં ત્યારે તેમને ખબર નહોતી કે આ ફિલ્મની કહાણીનું એમની જિંદગીમાં પુનરાવર્તન થશે.

આ તરફ રાજુભાઈ દોશીના દિલે દિવાનગીનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. માત્ર રીટાબહેનને મળવા જવા એ માણાવદર-બગસરા-માણાવદરની ખેપ મારે. અડધો કલાક મળવા માટે પાંચ-છ કલાકનો પ્રવાસ

રીટા સાથે ગોવામાં - ૦૨-૧૨-૧૯૮૫



રીટા સાથે કાશ્મીરમાં - ૨૭-૦૫-૨૦૦૫



વહોરે પણ એની થકાન મહેસૂસ નહીં થતી હોય, કારણકે પ્રિયપાત્રનું દર્શન જ (પ્રેમમાં) દેવદર્શન જેવો પ્રભાવ પાથરતો હોય છે. કોરી (બ્લેન્ક) ઓડિયો કેસેટથી માંડીને પ્રેમપત્રોની આપ-લે લગભગ ત્રણેક વરસ ચાલી અને ૧૯૮૫ માં રીટાબહેન પંચમિયા આખરે રીટા રાજેશ દોશી બન્યાં.

નવેમ્બર, ૧૯૮૫ થી એપ્રિલ, ૨૦૨૨.

આ સાડત્રીસ વરસે એ સાબિત કરી દીધું કે રોમાન્સ અને પ્રણયનાં પ્રથમ પાંચ વરસ તો માત્ર ટ્રેલર સ્વરૂપ હતા. સાડત્રીસ વરસનું આખું પિકચર તો એક ભરપૂર અપડાઉન અને બેસૂમાર પ્યાર સમર્પણથી લબાલબ રહેવાનું હતું અને ૨૨ એપ્રિલ, ૨૦૨૨ ની રીટાભાભીની વિદાય પછીનો અધ્યાય પણ રાજુભાઈ દોશી જે રીતે લખી-જીવી રહ્યા છે કે એ જોતાં લાગે કે - 'જીવ' હજુ આપણી આજુબાજુ જ છે કારણકે રાજુભાઈના હૈયામાં એ વધુ તીવ્રતાથી ધબકે છે. રાજુભાઈની આંખોની ઉદાસીમાં 'જીવ'નો દીવો વધુ પ્રજ્જવલિત લાગે છે. એ જીવ, જેણે આખું આયખું પરસ્પર, એકબીજા પર કુરબાન કરી દીધું !



રીટા અને પલ્લવ સાથે પલ્લવના જન્મદિવસે - ૧૭-૦૮-૧૯૯૧

□ □ □

રાજેશ નાનાલાલ દોશી અને રીટા રાજેશ દોશી.

આમ જુઓ તો બે નામ, બે વ્યક્તિ, બે સોચ, બે સંસ્કાર, બે ગમા - અણગમા અને બે જીવન. બન્નેની જિંદગીના આપસી તાણાવાણા, સમર્પણ, સ્વભાવ અને ફિતરતને તપાસીએ તો રીટાબહેન દોશીને વધુ ગુણાંક આપવાનું મન થાય. 'જીવ' પુસ્તક વાંચ્યું હોય તેમને આ બાબતે શંકા નહીં થાય. એ પુસ્તકમાં કોઈએ એમને અન્નપૂર્ણા કહ્યાં છે તો સરસ્વતીચંદ્રનાં પ્રેમાળ પાત્ર ગુંણસુદરીને રીટાબહેનમાં સજીવન પામેલાં જોયાં છે. રીટાબહેનને નજીકથી જોનારા-ઓળખનારા તેમને 'મહાદેવ' ના (દાસ હોય તેમ) દાસી સરીખાં માન્યાં છે તો અભિભૂત થયેલી વ્યક્તિએ તો આ દંપતીને 'શિવ-પાર્વતી' ની ઉપમા પણ આપી છે...

રીટાબહેન દોશીના જીવનસાફલ્યને આલેખતું અને સદ્ગતિ પછી શ્રદ્ધાસુમન ચડાવતું 'જીવ' પુસ્તક આલેખવાનું સદ્ભાગ્ય મને મળેલું એટલે એ આખા પુસ્તકનો સાર હું કાઢી શકું છું. એ પુસ્તક વાંચનારા તમામને (રાજુભાઈ દોશી કરતાં) રીટાબહેન દોશી માટે વધુ આદર-સન્માન જાગ્યા છે કારણ કે...

એ પુસ્તકમાં રાજુભાઈ દોશીની વાતો જાણતાં-અજાણતાં દબાયેલી રહી ગઈ. બેશક, રીટાબહેન દોશી મુઠ્ઠી ઊંચેરા આત્મા હતાં. આકંઠ મહાદેવનાં ભક્તાણી હતાં પરંતુ ધ્યાન બહાર રહી ગયેલી વાત તો એ છે કે રાજુભાઈ દોશી નાસ્તિક લાગે તેવા આસ્તિક છે. ટીલાં-ટપકાં કે અહોભાવમાં આળોટનારા નહીં, પણ તર્કની તીખી ધાર જ તેમની ઓળખ રહી છે છતાં તેમણે કયારેય રીટાબહેનની મહાદેવ-ભક્તિ કે શ્રદ્ધા સામે અણગમો વ્યક્ત કર્યો નહોતો. અરે, બાળપણ અને તરુણાવસ્થામાં રીટાબહેન બગસરાના જે મહાદેવ મંદિરના નિયમિત દર્શને જતા હતા, એ મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર ફરી ૨૦૨૩ માં તેમણે જ સ્વખર્ચે કરાવ્યો કારણ એ જ કે, 'જીવ'ને એ મહાદેવ જીવ જેવા વહાલા હતા !

માત્ર રીટાબહેનની ઈચ્છા ખાતર કદાચ, રાજુભાઈ દોશીએ જૈન શ્રાવકને છાજે એવાં વસ્ત્ર પહેરીને દેરાસરમાં પૂજા પણ કરી અને માત્ર ને માત્ર રીટાબહેનની શ્રદ્ધા અને સંકલ્પને કારણે જ ૨૦૧૪ થી શ્રુતિના (દોશી પરિવારનું નિવાસસ્થાનની સામે જ) બંગલાની સામે જ દર વર્ષે 'પંચવટી કા મહારાજા' નામે ગણેશજીની સ્થાપના

કરવાનુ શરૂ કર્યું, એ સ્થાપના આજેપણ થાય છે. તેની એક પાઈ પણ દોશી પરિવાર કોઈને ખર્ચવા દેતું નથી. રાજુભાઈ પોતાના પાંચ મિત્રદંપતી સાથે જેટલાં પણ તીર્થધામો પર ગયા છે, એ તમામ ધર્મસ્થાનો પર જવાની ઈચ્છા તો માત્ર રીટાબહેનની જ હતી !

પત્નીની ઈચ્છા પતિ પૂરી કરે એ દરેક સહજ દામ્પત્યમાં સામાન્ય વાત ગણાય પણ સાડત્રીસ વરસ સુધી પત્ની ઈચ્છા કરે એ પૂરી કરવાની તાલાવેલી સાડત્રીસમાં વરસે પણ ધબકતી હોય તો એ રાજુભાઈ દોશીનું દિલ જ હોય શકે. રીટાબહેન કોઈ તર્ક વગર (આપણે પણ ઘણી વખત) બોલી જાય કે આપણી પણ એક 'વાડી' હોવી જોઈએ, રાજભા. બસ, પ્રકૃતિની શોભામાં વધારો કરે એવી 'રીટાની વાડી' ગિરનારજીના ખોળે અઠ્ઠાવન એકરમાં બની જાય.


રીટા સાથે ખુશ્બુનાં સિમંતોનયન પ્રસંગે ખુશ્બુનાં ઘરે – ૧૩-૧૨-૨૦૧૫

રીટાબહેનના કારણે જ રાજુભાઈ દોશીના પ્રતિ દિવસની સવાર મહાદેવના દર્શન કર્યા પછી ઘંટ વગાડતી સેલ્ફીથી જ પડતી. એ પછી આખો દિવસ ફેક્ટરીનાં કામ, ટેન્શન, પરિણામલક્ષી દોડધામ અને સાંજે ઘેર આવ્યા પછી તરત ઓલ્ટરનેટિવ સારવાર માટે બન્ને સાથે ક્લિનિક પર જાય. રાતે નવ–દશ વાગ્યે એ સેવાકાર્ય સંપન્ન કર્યા પછી રાજુભાઈ દરરોજ રીટાભાઈને લઈને સોડા પીવા નીકળતાં. મિત્રદંપતી ભીખાભાઈ અને સરલાબહેન સાથે ઈન્દિરાસર્કલ પર બેસતાં. શું કામ ? રીટાભાભીને એમાં મજા આવતી હતી એટલે.

... એવી જ એક રાત્રી બેઠકમાં રીટાબહેને બાર જયોતિર્લિંગ અને અન્ય તીર્થસ્થળોએ જવાની ઈચ્છા વ્યક્ત કરી અને એ ઈચ્છા વ્યક્ત થયાના અડતાલીસ કલાક પછી રીટાબહેનની ઈચ્છા મુજબની મહિલા યાત્રા માટે અન્ય બે મહિલાઓ સાથે મથુરા, હરિદ્વાર, પુષ્કર, નાથદ્વારાના પ્રવાસ માટે નીકળી ગયાં હતાં. વિમાનમાં તેઓ પહોંચે, એ પહેલાં રાજકોટથી એસયૂવી કાર અને વિશ્વાસુ ડ્રાયવર દહેરાદુન એરપોર્ટ પર પહોંચી ગયેલા...

પૈસા હોય તો બધું થાય એવી દલીલ કરનારા મને પણ મળ્યાં છે પણ મારા આ પ્રશ્નનો જવાબ તેઓ આપી શકયા નથી : તમારી પત્નીના બે ફેવરિટ રંગ, શોખ યા વાનગી કહો યા તમારા ફોનમાં પત્ની સાથેના યા પત્નીના જ સો ફોટો હોય તો બતાવો... રાજુભાઈ તો પત્નીનાં જ કપડાં નહીં, ભત્રીજી અને દીકરીનાં પાનેતર (જે મામા અથવા મા લઈ આવે) લેવા પણ સાથે જતાં. રીટાબહેન માટે રંગબેરંગી કાચની ચૂડી, ચૂડલા ખરીદી લાવે તો પ્રસંગને અનુરૂપ સાડીના રંગ સાથેની મેચિંગ ચૂડીઓ પણ તૈયાર કરી રીટાભાભીને પહેરાવે. સાડીના રંગ સાથે મેચિંગ ચપ્પલ હોય તેનો આગ્રહ રાખે અને બોરસલ્લીનાં તાજાં ફૂલોનો ગજરો બનાવી પહેરાવતાં અને ગિરનારજી ફરતે આવેલાં જંગલોમાં રીટાભાભી સાથે ફરવા પણ જતા. પતિ–પત્ની વચ્ચે થતાં ઝઘડાનું એક સ્વરૂપ તો શૈલીબહેન અને જયુબહેન પણ તરત કહી દે : રાજુભાઈએ કહેલી સાડી રીટાભાભીએ ન પહેરી હોય તો પણ રાજુભાઈનું મોં ઊતરી જાય અને મૂડ ખરાબ થઈ જાય !

એકપણ પતિ કે પત્નીને પકડીને પૂછો કે કોઈ પુરુષ એક સ્ત્રી માટે આવું બધું કઈ રીતે કરી શકે અથવા કયારે કરી શકે ? જવાબ એક જ મળશે : (પતિ નહીં) પ્રેમી જ આવું કરે.

હા. રાજુભાઈ દુનિયાની દષ્ટિએ રીટાભાભીના પતિ હતા પણ ખરેખર તો તેઓ રીટાભાભીના પ્રેમી હતા, આજીવન પ્રેમી. પ્રેમીમાં જ (વસ્ત્રોથી ઘરેણાં પહેરવા સુધીનું) આવું પઝેસીવપણું હોય. પ્રેમીમાં જ પ્રિયતમાની તમામ ઈચ્છા અને અધૂરાં બોલને પૂર્ણ કરવાનું ઝનૂન હોય અને એક પ્રેમી જ મહાદેવના ચરણમાં ગયેલી પ્રિયતમા માટે સાતસોમા દિવસે પણ આવું લખે કે –

હું ચલાવી લઉં એમ છું મારા વગર,
પણ જીવવું સહેલું નથી તારા વગર.

'આ બાપ (રાજુભાઈ દોશી) અને દીકરી (ખુશ્બુ દોશી), બેય ઘડીકના માણસ છે !'

રીટાબેન દોશી આવું અનેક વખત બોલતાં એ દીકરી કૃતિ દોશી-રાજપુરાને બરાબર યાદ છે. આ 'ઘડીકના માણસ' એટલે લજામણીના છોડની જેમ અત્યંત સંવેદનશીલ સ્વભાવના માણસ, નાની શી વાતમાં પારો સાતમા આસમાને પહોંચી જાય યા તરત કમાન છટકી જાય.

...પરંતુ રાજુભાઈને કંટ્રોલ પણ માત્ર રીટાબહેન જ કરી શકતાં એ વાતની પૂર્તતા તો ઉત્સવ, પલ્લવ, ઉત્કર્ષથી માંડીને મિત્રો જયમીનભાઈ ગૌસ્વામી અને હસમુખભાઈ માણાવદરિયા પણ કરે. સવાલ એ થાય કે આને રીટાભાભીનો પ્રભાવ ગણવો કે રાજુભાઈનું સર્મપણ ? કે પછી પરસ્પરનો પ્રેમ ?

ખોટા પડવાની તૈયારી સાથે મારે કહેવું છે કે, રીટાબહેનને સમર્પિત હોવાને કારણે જ રાજુભાઈ હંમેશ રીટાબહેનને પોતાનાથી બે આંગળ ઊંચા સ્થાને મૂકતાં રહ્યા છે. આ સમર્પિત ભાવ પણ બે કારણે આજીવન રહ્યો. એક અપ્રતિમ પ્રેમ અને બીજું, રીટાબહેને ફરિયાદ વગર એકલા હાથે પણ નિષ્ઠાપૂર્વક બજાવેલી ફરજને કારણે.

સાડત્રીસ વરસના દામ્પત્યજીવનની હું કે આપણે વાત કરીએ ત્યારે એ વાત વિસરાઈ જાય કે દામ્પત્યજીવનનાં પ્રથમ વીસ વરસની લડત અને ફરજ રીટાબહેને એક વરવો શબ્દ ફોડયાં વગર કે પત્નીસહજ મ્હેણું માર્યા વગર બજાવી હતી. ૧૯૮૫ થી ૧૯૯૫ સુધી જુઓ તો દોશી પરિવાર સફળતા માટેની સ્ટ્રગલ અને દોડધામમાં જ વ્યસ્ત રહેતો. ૧૯૯૫ માં જન્મજાત તકલીફ સાથે જન્મેલા ઉત્કર્ષ માટે ૨૦૧૦ સુધી તેઓ માણાવદરમાં જ રહ્યા. સાથે માતુશ્રી ચંપાબહેન અને કંચનબહેન પણ હતાં. રાજુભાઈ તો માણાવદર-રાજકોટ અપડાઉન કરતા હતા... પતિ ઘરથી બે કિલોમીટર દૂર હોય અને પતિ ઘરથી એકસો ચાલીસ કિલોમીટર દૂર હોય, એ બન્ને



રીટા સાથે કરિશ્માની સગાઈ પ્રસંગે
રીટાની વાડીમાં - ૦૫-૧૨-૨૦૨૧

હાલાત વચ્ચેનો તફાવત માત્ર પત્ની સમજી શકે. કદાચ, સમજાવી ન પણ શકે. નાનીમોટી ઈમરજન્સી વખતે પતિને આવતાં સ્હેજે બે અઢી કલાક નીકળી જવાના હોય ત્યારે માતુશ્રી ચંપાબહેન અને કંચનબહેન અને જન્મજાત તકલીફ સાથેના સંતાન સાથે રીટાબહેને જે દિવસો, મહિના અને વરસો કાઢયા તેનું વટક રાજુભાઈ દોશીએ ૨૦૦૬ પછી એવું ખોબલે ખોબલે વાળ્યું કે એક સફળ ઉદ્યોગપતિમાં બધાને 'પાગલ પ્રેમી' વધારે દેખાવા લાગવા માંડયો.

– અને આ પ્રેમી માણસ તરીકે પણ કેવો હતો કે છે ?

એકપણ પ્રેમિકાને ન ગમે તેવો.

રાજુભાઈ દોશીને નિકટથી ઓળખે છે, એ તમામ જાણે છે કે, તેઓ કદી હોટેલમાં જતા નથી. જાય તો જમતાં નથી. ઘેર પણ ભોજનની બાબતમાં અ-રસિક લાગે તેવા. સવાર-બપોર-સાંજનું તેમનો આહાર જાણીને લાગે કે – આ નાસ્તિક જેવા આસ્તિક બંદામાં જૈન સાધુપણાંના ડીએનએ છે. બપોરે તો એ ફેકટરીમાં દાળ-ભાત યા કાપેલાં સફરજનનું લંચ લે અને રાતે ચા સાથે (રીટાભાભીના હાથે બનેલાં) પરોઠાં જ જમે. પરોઠાં પર ઘેર બનેલું માખણ લે. રાજુભાઈ દોશીની જીભ ચટાકો મારે ત્યારે પણ એ રીટાબહેનને આટલું જ કહે – આજે કંઈક તીખું કે ચટપટું ખાવાની ઈચ્છા થઈ છે.

એ રાતે ડિનરમાં રીટાબહેન થાળીમાં ગરમાગરમ અને સહેજ તીખા પૂડલા પીરસી દે એટલે છપ્પનભોગ આરોગ્યાની ખુશી જે માણસને થાય એવો આ પતિ કેટલી પત્નીઓને ગમતો હશે ?

રાજુભાઈને ખાવાની જેમ કપડાંનો પણ શોખ નહીં. પહેલાં તો રીટાબહેન સાથે મેચિંગ રંગના શર્ટ પહેરતાં પરંતુ તેમની વિદાય પછી રંગ કર્યા વગરના સફેદ વાળ, સફેદ શર્ટ અને બુટની બદલે ચપ્પલ તેમની કાયમી પહેચાન બની ગયા છે. પુત્રના લગ્નમાં કે અન્ય શુભ પ્રસંગમાં લોકોને સારું લાગે એટલે સફેદ રંગમાં બારીક ડિઝાઈન હોય તેવો શર્ટ પહેરી લે અને...બીડી પીવાનું વ્યસન.


રીટા સાથે ગિરનારનાં જંગલમાં
૩૧-૦૩-૨૦૧૮

હજારો માણસોને રોજીરોટી આપતો ઉદ્યોગપતિ જો પગમાં ચપ્પલ પહેરતો હોય તો તેની પત્ની અને બાળકો તેને ટપારી ટપારીને અધમૂઓ કરી નાખે કારણ કે બધા (ખાસ કરીને પત્ની) એવું જ ઈચ્છે કે પોતાનો પતિ (ન હોય તો પણ જાહેરમાં) અત્યાધુનિક લાગે પણ ૧૯૭૯ માં કોલેજથી શરૂ થયેલી (એ વખત એક પેસાની એક આવતી) બીડી રાજુભાઈ દોશી ૨૦૨૪ માં પણ સતત પીએ છે. રીટાબહેનને કદાચ, રાજુભાઈનું બીડી પીવાનું કઠતું હતું પણ મને મળેલા દોઢસો લોકોમાંથી કોઈએ કહ્યું નથી કે રીટાબહેને જીદ કરીને રાજુભાઈ પાસે બીડી છોડાવવાની માંગ કરી હોય પરંતુ ઘણાએ પૂર્તિ કરી છે કે રીટાબહેનપોતાના પર્સમાં એક બીડીની ઝૂડી કાયમી રાખતાં. લગ્નજીવનનાં લગભગ ૩૪ વરસ પછી રાજુભાઈએ બીડી છોડી દીધી હતી પણ...

રીટાબહેન ગયા ત્યાર પછી બીડી જ કદાચ, ફરી તેમની સપોર્ટ સિસ્ટમ બની ગઈ.

બીડીનું વ્યસન, ખાવા બાબતે ઉદાસીન, કપડાં બાબતે નિઃસ્પૃહી, ન રાજુભાઈને સિનેમાનો શોખ, ન રખડપટ્ટીનો. ઉપરાંત રાજુભાઈ દોશી પ્રસિદ્ધિ-પબ્લિસિટી બાબતે પણ અ-રસિક. તેમને ચસ્કો એક જ, સમાજ સેવાનો. લોકોની તકલીફોમાં રાહત આપવાનો યા મુસીબતોને હળવી કરવાનો અને એ માટે તેઓ ફેમિલીનો ગણાય એવો 'સુવર્ણ સમય' કાપીને દરરોજ ત્રણ ચાર કલાક ક્લિનિક માટે ફાળવે. રીટાબહેન હતાં ત્યારે મહિનામાં ચાર વખત સંગીત કે નાટકો જોવા અચૂક જતા. બીજો શોખ સંગીતનો પણ આ બન્ને શોખ એવા કે જેમાં ફેમિલી અડચણરૂપ જ બને.

સ્વભાવગત સાદગી અને બોલવામાં સખ્તાઈ પણ એવી બાબત કે પત્ની કે પ્રેમિકાને એ પસંદ ન આવે. લાંબા સમયે તો એ અભાવ જન્માવે જ પણ રીટાબહેને રાજુભાઈ દોશીની આ બધી વાતો અને વિચિત્રતાઓને વિશિષ્ટતા તરીકે સ્વીકારી, સ્વીકારી જ નહીં, તેને હેતથી પંપાળી તેનું જતન કર્યું. રાજુભાઈ દોશીની દિલદારી પણ ઉડાઉ લાગે તેવી છે. તેમની દાન-દક્ષિણામાં હિસાબકિતાબ નથી હોતા. ભરોસો કરીને છેતરાવાની જાણે, રાજુભાઈ દોશીને મમત છે છતાં રીટાબહેને તેનો કદી કકળાટ ન કર્યો. બહુ તો તેમનો જવાબ હોય : મારા રાજભા, આવા જ છે !


રીટાબહેન માટેની રાજુભાઈની દીવાનગી પાછળનું કારણ આ છે. સામી વ્યક્તિ તમારી મર્યાદાઓ દર્શાવીને તમને પાંગળો બનાવવાની બદલે એ મર્યાદાઓને લાક્ષણિકતા ગણીને તમને ચાહે ત્યારે તમને પણ બધું ન્યોછાવર કરીને ખાલીખમ થઈ જવાની ચાનક ચડે. માંગ, માંગ, માંગ તે આપું : રીટાબહેન માટે રાજુભાઈનું આવું વલણ સકારણ હતું. તમારી પ્રિય વ્યક્તિ ઊંહકારો ય ન કરે ત્યારે કાન નહીં, હૈયું મૂકીને તેની ઈચ્છાઓ પૂરી કરી નાખવાનું ઝનૂન ચડે.

એ દૃષ્ટિથી જોઈએ તો રાજુ-રીટા દોશીનું દામ્પત્યજીવન એ સમર્પણ, સ્વીકાર, સંવેદનશીલતા અને સહૃદયતાનો ઝનૂની સરવાળો જ છે !

– નરેશ શાહ



રીટા સાથે
હોટેલ પદ્મીની,
મસુરી
૨૦-૦૪-૨૦૨૨



મારી અનંત તરફની સફરને એક અનિવાર્ય ઘટના તરીકે માનીને ઉત્સવની જેમ
ઉજવણી કરજો. આસક્તિમાં આવીને રોકકળ કરવાને બદલે ઈશ્વરને પ્રાર્થના કરજો.

૧૨

મારી ઈચ્છાઓ : લોભ; લાલચ; તૃષ્ણા કે સ્વાર્થ...

માણસ સંસારમાં રહે છે એટલે સાંસારિકતાથી અને તેના વિવિધ વળગણો જેવા કે, મોહ, માયા, મમતા, અપેક્ષાઓ, વાસનાઓ, વગેરેથી મુક્ત રહી શકતો નથી. કર્મના સિદ્ધાંતમાં એવું પણ માનવામાં આવ્યું છે કે જન્મ લેતી વખતે જેટલું સંચિત કર્મ પાકીને ફળ આપવા પ્રારબ્ધ બન્યું હોય તેટલું જ પ્રારબ્ધ કર્મ ભોગવવાને અનુરૂપ દેહ મળે અને માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિક પણ તેટલું જ પ્રારબ્ધ ભોગવવાને અનુરૂપ પ્રાપ્ત થાય. પ્રારબ્ધ પ્રમાણેના જ માતા-પિતાની કૂખે તમારો જન્મ થાય અને તમારા પ્રારબ્ધને અનુરૂપ જ સગવડો તમને માતા-પિતાના ઘરમાં પ્રાપ્ત થાય. પત્ની સુખ પણ એટલું જ પ્રાપ્ત થાય છે. અત્રે નોંધનીય બાબત એ છે કે માતા-પિતાની પસંદગી આપણે કરવાની હોતી નથી.

ઋણાનુબંધથી સગાં-વહાલાં-મિત્રો-સ્નેહીઓ મળે છે અને એ ઋણાનુબંધ પૂરું થાય એટલે તેઓ વિખૂટાં પડી જાય છે. તત્ત્વજ્ઞાની કહે છે કે, તમારાં સ્વજનો મિત્રો કોઈક અદૃશ્ય ઠેકાણેથી આવ્યાં હતાં અને તે વળી પાછાં અદૃશ્ય થઈ જવાના છે. એટલે નથી તમે એમના કે નથી તેઓ તમારા. મોહ માણસને સ્વજનત્વના બંધનમાં બાંધે છે. આસક્તિ એક પ્રકારના બંધનમાં બાંધે છે. સંબંધી એ લાગણીનું સંતાન છે અને પ્રેમનું શાસક છે. આત્મા મનને પ્રેરિત કરે છે અને માણસ મનથી પ્રેરિત થઈ કોને પારકો માનવો અને કોને પોતાનો માનવો, તેનો નિર્ણય કરતું હોય છે. એટલે આખરે તો માણસમાં રહેલા આત્માની લાગણી અને આત્માની મન ઉપરની અસરનું રમકડું છે.

મૃત્યુ બહુ સહજ પ્રક્રિયા છે. 'દરેક વસ્તુ પોતાના મૂળભૂત સ્રોત પર પાછી ફરે છે. દરેક સજીવને પોતાના મૌલિક સ્રોત પર આવવું જ પડે છે. તમે જો જીવનને સમજતા હો તો તમે મૃત્યુને પણ સમજી શકો છો. જીવન પોતાના મૂળભૂત સ્રોતનું વિસ્મરણ છે, મૃત્યુ તેનું ફરીથી સ્મરણ. જીવન એટલે પોતાના મૂળ સ્રોતથી દૂર જવું અને મૃત્યુ પોતાના ઘરે પાછા ફરવા સમાન છે. મૃત્યુ માટે કોઈ કારણ નથી હોતું, જેનો જન્મ થાય છે એ મૃત્યુ પામે છે માટે મૃત્યુનું કારણ એ જ કે એ જન્મ્યો હતો. ચિકિત્સકો મૃત્યુનું પ્રમાણપત્ર આપે છે જે એકપણ રીતે સાચું નથી હોતું કેમ કે, તેમાં મૃત્યુ માટે મનમાં આવે તેવા રોગનું નામ લખી નાખે છે.

આ બધું ઊંડાણપૂર્વક સમજતા હોવા છતાં મારી પૂર્ણાંગિનીના અંતિમ સફરનાં વિયોગમાં આજ સુધી વિરહની વેદનામાંથી મુક્ત થઈ શકયો નથી એનું કારણ એટલું જ છે કે જયારે 'જીવ'ને સંગાથની જરૂરિયાત હતી ત્યારે મારા 'જીવ'ને સમય ના આપી શકયો અને પાગલની જેમ ધંધાને લાગતું કામ, કામ ને કામ જ કર્યા કર્યું. આજે ગમે તેટલો

પસ્તાવો કરું તો પણ જે સમય ગયો એ પરત આવશે નહિ. દામ્પત્યજીવનનાં અંતિમ ૧૬ વર્ષમાં પૂર્ણ દામ્પત્યનો આનંદ આપવાની કોશિશ કરીને ખુશી આપી શકયો પણ દિલમાં જે ખેદ રહી ગયો છે, એ કયારેય ભૂલાશે નહિ, નહિ ને નહીં જ. હજુ પણ મારા 'જીવ'ની અધૂરી ઈચ્છાઓ પૂર્ણ કરવાની કોશિશ કરી રહ્યો છું... પૂરી કરી શકીશ કે નહિ એ ઈશ્વરની ઈચ્છા ઉપર નિર્ભર છે.

કેટલું જીવન છે એ ખબર નથી પરંતુ જયોતિષના કથન મુજબ હજુ ૧૦ થી ૧૨ વર્ષ છે. એટલે પહેલી ઈચ્છા એ કે જયોતિષનું કથન ખોટું પુરવાર થાય અને ઉંમર વહેલી વીતે, અન્ય ઈચ્છાઓ એ જ કે આ પુસ્તકમાં બધું લખું...

લોકોને આધુનિક ચિકિત્સા પદ્ધતિઓની વિષારી દવાઓથી દૂર રાખવાની નેમ સાથે ૨૦૧૪ થી સર્વગ્રાહી સારવાર કેન્દ્ર (જેમાં આયુર્વેદ, એલોપથી, હોમિયોપેથી જેવી સારવાર પદ્ધતિઓનો બિલકુલ ઉપયોગ નથી) ચાલુ કર્યું અને તેને સ્વખર્ચે ચલાવવાની મારી ઈચ્છા પણ પરિવારના પૂર્ણ સહયોગથી પૂર્ણ થઈ છે. આજે દશ વર્ષ પછી પણ એ સારવાર કેન્દ્ર ચાલે છે અને મહિને આશરે ૬૦૦ થી વધારે દર્દીઓ લાભ લઈ રહ્યા છે. માસિક ખર્ચ આશરે રૂપિયા પાંચ થી છ લાખનો આવે છે.

> કેટલું જીવન છે એ ખબર નથી પરંતુ જયોતિષના કથન મુજબ હજુ ૧૦ થી ૧૨ વર્ષ તો છે એટલે પહેલી ઈચ્છા એ કે...

આજે લગભગ ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યાં અને આશરે ૨૦૦૦ દર્દીઓને બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ, ફેટી લીવર વગેરે માટે અપાતી દવાઓ બંધ કરાવી શકયો છું અને આશરે ૧૦૦૦૦ થી વધારે અસ્વસ્થ માનવીઓની સારવાર કરી ચૂકયો છું. ગેંગ્રીનના કારણે પગ કાપવાની જરૂર હોય એવા ઘણા પગ બચાવી શકયો છું. અસહ્ય તીર્વ દુર્ગંધ મારતા પગનું ડ્રેસિંગ પણ જાતે કરીને આ કામ કરવાનો સંતોષ મેળવી રહ્યો છું.

જીભ, આંતરડાં, પ્રોસ્ટેટ, અન્નનળી, લીવર, પેનિસ, હોઠ વગેરેના કેન્સરના દર્દીઓને કેન્સર મુક્ત કર્યા અને અતિ ભયંકર સારવાર કરાવવાથી થતી વેદના સાથે રિબાતા દર્દીઓને વેદનામુક્ત જીવન જીવવામાં રાહત અપાવી શકયો છું. લાંબા સમયથી સંધિવા, કમરના દુઃખાવા સાથેના માનવીઓને આધુનિક દવા બંધ કરાવીને રાહત અપાવી છે. આધુનિક ચિકિત્સા પદ્ધતિના વ્યાપારિક વલણના કારણે ખોટા નિદાન કરી મહિલાઓને મેનોપોઝના સમયે ડરાવી ગર્ભાશય કઢાવવા મજબૂર કરેલી ઘણી મહિલાઓનાં ગર્ભાશય કઢાવવા માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ હોય તેવી મહિલાઓ મારી સારવાર પદ્ધતિના કારણે આજે ગર્ભાશય સાથે સહજ જીવન વિતાવી રહી છે.



મારા વતન માણાવદરમાં જ ૩૨ વડીલો રહી શકે તેવું 'ચંદ્રશ્રુતિ' ઘરનું ઘર બનાવી અને સ્વખર્ચે ચલાવવાની ઈચ્છા હતી, જે ખૂબ સારી રીતે પરિવારનાં સહકારથી પૂર્ણ થઈ અને આજે ત્યાં ૨૪ વડીલો પોતાની જિંદગી ખૂબ સારી રીતે પસાર કરી રહ્યા છે. માસિક આશરે ૧.૫ થી ૨ લાખનો ખર્ચ આવે છે.

બાકી રહેતી ઈચ્છાઓ...

ઘર એટલે શ્રદ્ધા, પ્રેમ અને શાંતિનો ત્રિવેણી સંગમ. આ સંગમથી વાસ્તુને તથાસ્તુ કહી શકાય. દરેક મનુષ્યને જીવનનું એક સ્વપ્ન રમતું હોય છે કે મારે પણ મારું પોતાનું ઘર હોય. આ સ્વપ્નને જેમ બને એમ જલદી સાકાર કરવા માટે એ પ્રયત્નશીલ બને છે. છેવટે જયારે એ પોતાના ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે એને સ્વર્ગ માત્ર એક હાથ જ છેટું લાગે છે. એને મનથી એમ લાગે છે કે મારું ઘર એ જ મારા માટે મારું સ્વર્ગ છે.

ઘર એટલે કાનામાત્રા વગરની એક એવી સંજ્ઞા જે ઉચ્ચારતાં જ જીવને 'હા...શકારો' થઈ જાય !
ઘર એટલે ધોધમાર વહેતી સંવેદનાનું સરનામું...!
ઘર એટલે આખો દિવસ બહાર રહ્યા-રખડયાં પછી તમે પાછાં આવો,
ને... દરવાજો ખૂલે ત્યાં જ અડધો થાક ઊતરી જાય એ માળો.
ઘર એટલે તમે અત્યંત મહત્ત્વનું કામ કરતા હો, તો પણ વાસણોનો ખખડાટ કે બાળકોનો કલબલાટ તમને ખલેલ ના પહોંચાડે એ જગ્યા.
ઘર એટલે 'મા'ના હેતની હરફર અને 'પિતા'ની કાળજી.

ઘર નાનું હોય કે વિશાળ, ઘરમાં ભવ્યતા હોય કે સાદગી પરંતુ સહુને ગમે છે મનની શાંતિ કે જયાં દિવસભરનો થાક ઊતરી જાય અને જેનો ખૂણેખૂણો પોતાનો લાગે. જેને સજાવવામાં આત્મીયતા હોય, તેને નિખારવામાં પ્રેમ હોય. આવા ઘર માટે કોઈ કવિએ લખેલી પંક્તિઓ યાદ આવી ગઈ.

કુદરતની કૃપાએ કિલ્લોલ અને કલરવ કરતું, કરાવતો..... કુટુંબ કબીલો
ખુશીઓની ખૂબ-ખૂબ ખુશ્બુઓને ખીલવતી ખૂબીભરી..... ખુશહાલી
ગમતાનો ગુલાલ અને ગુણોનો ગુણાકાર કરાવતું..... ગુરુત્વ કેન્દ્ર
ઘનિષ્ઠતાની ઘોષણા સાથ ઘર-સંસારને ઘટ્ટ કરતું..... ઘર-આંગણું
ચાહના અને ચારિત્રના ચણતરને ચક્રવૃદ્ધિ સાથે ચિરકાલીન કરતું..... ચેતના-ઘર
જાગૃતતાથી જીવન જીવવા અને જીતવા માટેનું જાજરમાન..... જાત્રા-સ્થળ
ઝિંદાદિલીની ઝલક દેખાડતો અને ઝવેરાત સમાન ઝગમગતો..... ઝરૂખો
ટાઢ, તડકામાં ટકવા માટે ટેકો આપી, ટહુકા સાથે ટહેલ કરાવતો..... ટાપુ
ઠોકર અને ઠેસ પછી ઠરીઠામ કરતું અને ઠંડક અપાવતું..... ઠેકાણું
ડૂબતાની ડાળખી સમાન ડગલે ને પગલે ડહાપણ આપતો..... ડેલો
તત્ત્વજ્ઞાન અને તુલસીથી તરબતર તમામ તરસને તૃપ્ત કરતું..... તીર્થસ્થાન
થોભ્યા કે થાકયા વગર, થનગનતા રહેવાનું..... થાનક
દીર્ઘ-દષ્ટિથી, દરેક દિલોને દિવ્યજ્ઞાનનું દર્શન કરાવતું..... દેવલોક
નયનરમ્ય નિવાસ માટેનું નસીબવંતુ, નિર્મળ અને નિર્ભય નજરાણું..... નંદનવન
પરસ્પરના પર્યાય બની, પારિવારિક પ્રેમની પરંપરાને પ્રજ્વલ્લિત કરતો..... પુણ્ય-માળો
ભાઈચારા અને ભક્તિભાવના માટે ભગવાને આપેલી ભાગ્યશાળી ભેટ..... ભાગ્યભૂમિ
મનમેળ અને મોહમાયા વિનાની, મનગમતી મહેક અને મીઠાશ માણવા..... માતૃભૂમિ
યુગાંતર સુધી યાદગાર અને યથાર્થ બની રહે તેવું..... યાત્રાસ્થળ
શાંતિ, શ્રદ્ધા, શૌર્ય, શક્તિ અને શિષ્ટતાથી શોભતું..... શુભ શિખર
સમર્પણ, સમભાવ અને સદ્ભાવ સાથે સાચા સ્નેહ, સંબંધોનો સરવાળો..... સુખસદન
હોંશ અને હેતથી હળીમળીને હંમેશા હર્ષના હિંડોળે હીંચકાવતું..... હર્ષવીલા

વિધાતાના વરદાનથી વસેલું, વડ-વૃક્ષોથી વિભૂષિત, વારસાનાં વહાલનું વહેણ વધારતું, વરદાન-રૂપી આવું વાસ્તવિક 'ઘર' પરિવારનાં બાળકોને સંયુકત રીતે પ્રાપ્ત કરાવવાની ઈચ્છાની પરિપૂર્તિ થાય તેવી પ્રભુને પ્રાર્થના.

પરિવારના ત્રણ દીકરા અને ત્રણ દીકરી માટે ૮૦૦૦ થી ૧૦૦૦૦ ચોરસ વાર જગ્યામાં પરિવારના કિલ્લોલને સમાવતો માળો બનાવવો છે, જેમાં કોમન રસોડું અને ભોજનાલય, સ્વિમિંગ પુલ, બાળકોને રમવા માટે વિશાળ મેદાન, ચાલવા માટે રસ્તો, યોગાસન પ્રાણાયામ માટે વૈદિક વ્યવસ્થા, અલગ અલગ સાત્ત્વિક વાનગી બનાવી શકે તેવા રસોયા હોય. આ ઈચ્છાઓ માત્ર ને માત્ર મારા સ્વાર્થનાં કારણે છે કેમ કે, મારાં બાળકો સંગાથે સ્વસ્થ રહીને પરિવારની પરંપરા જાગૃત રાખશે તો સૌથી વધુ આનંદ મને થશે એટલે મારા આનંદ માટે કરું છું.

અદમ્ય ઈચ્છા એ છે કે મારાં છ બાળકો ચાર ભાણેજ અને તેમના જીવનસાથી એમ મળીને કુલ ૨૦ બાળકો સાથે તેમનાં સંતાનો બધા સાથે મળીને એક જ સરખું પ્રમાણભૂત સાત્ત્વિક જીવન જીવી શકે એ માટે એક સંયુકત ભંડોળની વ્યવસ્થા કરી શકું અને ભાંગ્યાના ભેરુ સમાન મારા મિત્રોમાંના ત્રણ મિત્રો જયમીન, રાજુ સેક્રેટરી અને રસિક દેકીવાડિયાને કરોડપતિ બનાવવા સાથો સાથ સ્વખર્ચે વૈકલ્પિક સારવારપદ્ધતિ સાથેની એક એવી અસ્પતાલ બનાવવી કે જયાં દર્દી સારવાર માટે આવે અને માણસ બનીને બહાર નીકળે. આજની આધુનિક પદ્ધતિમાં માણસ ઊભા ઊભા ચિકિત્સક પાસે જાય છે અને સૂતો સૂતો બહાર આવે છે.

આજ સુધીનો જીવનપ્રવાસ ચિકિત્સકો કે કોઈપણ જાતના સ્વાસ્થ્યપરીક્ષણ વિના પસાર થઈ ગયો છે. હવે બાકી રહેલાં વર્ષોમાં કોઈપણ શારીરિક બિમારી આવે તો પરિવારના સદસ્યો ચિકિત્સકથી દૂર રાખી શાંતિથી મૃત્યુને આંબવા દે એવી ઈચ્છા છે.



મૃત્યુપર્યંતની ઈચ્છાઓ, જે પૂરી થવાની કે નથી થવાની એ હું જોઈ કે સાંભળી નથી શકવાનો તો પણ તેનો ઉલ્લેખ કરવાનું ચૂકી શકતો નથી.


હિંદુઓના જન્મથી મૃત્યુપર્યંતના સોળ સંસ્કારમાંનો આ અંતિમ સંસ્કાર છે.

તેમાં મૃતદેહના અગ્નિસંસ્કાર તથા અસ્થિવિસર્જનનો સમાવેશ થાય છે. એ સિવાયની કોઈપણ વિધિ કરવી નહિ કે શોક મનાવવો નહિ. મારી અનંત તરફની સફરને એક અનિવાર્ય ઘટના તરીકે માનીને ઉત્સવની જેમ ઉજવણી કરજો. આસક્તિમાં આવીને રોકકળ કરવાને બદલે ઈશ્વરને પ્રાર્થના કરજો.

અંતિમ સમયે મુખમાં ગંગાજળ કે તુલસી પત્ર મૂકીને બંનેની પવિત્રતાને વ્યર્થ નહિ કરતા.

મૃત્યુ બાદ બેસણું કે ઉઠમણું રાખશો નહિ. એકપણ દીકરાએ મુંડન કરાવવું નહિ. મારા શરીરના એકપણ અંગનું દાન કરશો નહિ. અંતિમ દિવસ નિમિત્તે કોઇ અખબારમાં નોંધ આપશો નહીં. સતત યાદ કરતા રહેવાની પીડા હું ભોગવી રહ્યો છું માટે તમામ ને વિનંતી કે વીસરી જવું એજ સારી બાબત છે માટે કોઇ પણ સારા માઠાં પ્રસંગે મારી તસવીર સાથે રાખશો નહીં.

મૃત્યુ એટલે ક્ષર શરીરને અક્ષર આત્માથી છૂટા પડવાની પવિત્ર ક્ષણ. આ પવિત્ર ક્ષણનો મલાજો પાળવાની કળા શીખવી જરૂરી છે.





રીટા સાથે સારવાર માટે આવેલા
દર્દીની વિગત ચકાસતા



સારવાર માટે આવેલા દર્દીઓ

SHRUTINA
FOUNDATION

દોશી પરિવાર સંચાલિત
નિઃશુલ્ક હોલિસ્ટીક હિલિંગ સેન્ટર
નીચેની તકલીફોની સારવાર માટે...

કેન્સર, ગેંગ્રીન, આર્થરાઈટીસ, વધુ પડતો માસીકસ્ત્રાવ, કમરનાં દુખાવા, ગોઠણનાં દુખાવા તથા IBS, PCOS, PCOD, EPILEPSY

મળવાનો સમય : સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરૂવારના દિવસોએ સાંજના ૭ વાગ્યે

દવા લેવા આવવા માટેનો સમય : બુધવાર, ગુરૂવાર, શુક્રવાર, શનિવારનાં બપોરના ૨ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી.

મુલાકાત માટે સમય નોંધાવવા સંપર્ક : ૯૯૨૪૧૧૬૬૧૬

SHRUTINA FOUNDATION
૨૫/બી, ચંદ્ર, પંચવટી સોસાયટી, પંચવટી કોમ્યુનીટી હોલ સામે, રાજકોટ


વોઇસ ઓફ ડે | વિશેષ | MONDAY | 21/08/2023 | voiceofdayrjt@gmail.com | 07

રાજુભાઈ દોશી | સવારે ઉદ્યોગપતિ સાંજે ડૉક્ટર...

મોઢાથી પગ સુધીના કેન્સર, ખતરનાક ગેંગરીન, અસ્થમા, લીવર સીરોસીસ સહિતની સારવાર દર્દી નહીં બલ્કે 'માણસ' ગણીને કરનારા રાજુ એન્જિનિયરિંગના રાજુભાઈ દોશી પાસે આખો દિવસ પોતાના માટે શ્વાસ લેવાનો સમય નથી હોતો; દર્દીની વાત આવે એટલે તુરંત થઈ જાય છે રેડી

હું જીવું છું ત્યાં સુધી આ રીતે જ સેવા કરતો રહીશ

લગભગ દરેક એઈમ્સમાં બતાવ્યું છતાં સારું ન થયું અને આખરે રાજુભાઈ દોશીની દવાએ ઠીક કર્યું

દવા પાછળ દર મહિને 6 લાખનો ખર્ચઃ દર્દી પાસેથી કશું નહીં લેવાનું

બોરીક પાવડર-ખાવાના સોડાથી સારવાર! સાંભળ્યું છે ક્યાંય?

મારો પગ જોઈને મને જ ઊલટી થતી, હવે એકદમ સાજો થઈ ગયો છું

...ને મોરબીના ઉદ્યોગપતિએ 100 વિઘા જમીનનો દસ્તાવેજ રાજુભાઈને આપી દીધો !



કોરોનાના સમયમાં તૈયાર કરાયેલ નાકનો સ્પ્રે


Indian Board Of Alternative Medicines
Registered by the Government of West Bengal under Act XXVI of 1961, based on the Central Government Act XXI of 1860

This is to certify that
RAJESH DOSHI
Of INDIA
has passed the certificate course of
M.D. in Alternative Medicines
In testimony whereof this certificate is awarded
In this year of 2017

CALCUTTA
KOLKATA, INDIA

Course : M.D.A.M.
Grade / Division: A
Certificate No: IBAM/MAJU/A/0454

Registrar

- The above candidate is NOT authorised to practice the system of Allopathy, Homoeopathy, Unani, Siddha or Ayurveda, which are governed by the respective Government Councils, on the basis of this certificate
- The above candidate is NOT entitled to use the prefix "Dr" on the basis of this certificate
- All disputes subject to Kolkata jurisdiction only

હોલિસ્ટીક હિલિંગ સેન્ટર







૧૩ મારા ઉપચારક બનવાનો ધ્યેય...

વર્ષ ૨૦૦૦ માં આયુર્વેદિક દવાઓ બનાવવાનું એકમ શરૂ કરેલું જેનું, ચિકિત્સકોની ફાર્મા કંપની સાથેના અનૈતિક વ્યવહારો અને અમાનવીય લાલચના કારણે બાળ મરણ થયું હતું.

લગભગ ૧૯૯૪ થી આયુર્વેદિક પુસ્તકો ફંફોળવાનો શોખ બહુ હતો અને વાત્ત, પિત્ત, કફ એવા ત્રિદોષનું સંતુલન જાળવી રાખવાની વાત સમજયો. ઘણા તજજ્ઞો સાથે ચર્ચા કરી પણ હજારો વર્ષો પૂર્વે લખાયેલી ત્રિદોષ સંતુલનની વાતો સાથે માનવીની પ્રકૃતિના ક્યા ક્યા લક્ષણોથી ક્યા દોષને જોડી શકાય એની પૂર્ણ માહિતિ ચર્ચાના અંતે ના મળી શકી.

હજારો વર્ષો પહેલા ઋષિ–મુનિઓએ લખેલી પદ્ધતિ પૂર્ણ રીતે કારગર હશે એનું કારણ ત્યારના સમયના લોકોના આહાર અને વિહાર લગભગ સરખા હોતા હશે. ત્યારના યુગમાં લાલચ, લોભ, મોહ, અહંકાર ખૂબ ઓછા હશે તેથી તેના કારણે થતા માનસિક વિગ્રહની અસરથી થતા રોગોની સંખ્યા પણ નોંધપાત્ર રીતે ઓછી હશે. માત્ર શારિરીક રોગોનું પ્રમાણ વધારે જોવા મળતું હશે તેથી વનસ્પતિ શાસ્ત્ર અને રસ શાસ્ત્રનો ઉપયોગ ત્રિદોષને સંતુલિત કરવા વાપરી શકાતો હશે. હું નથી માનતો કે આજના યુગમાં કોઈ આયુર્વેદાચાર્ય ત્રિદોષની પરિભાષા પૂર્ણ રીતે સમજાવીને સાચી આદર્શ જીવનશૈલી વિશે સમજાવી શકે. આજના સમયમાં વનસ્પતિની ઓળખ ધરાવતા લોકો પણ જૂજ રહ્યાં છે અને ગ્રંથોમા કારગર ચિકિત્સા માટે દર્શાવાયેલી વનસ્પતિમાંથી મોટા ભાગની વનસ્પતિ ઔદ્યોગિકરણ અને ઝેરી રસાયણો અને બિનઉપયોગી ખેતી પધ્ધતિના કારણે દુર્લભ થઈ ગઈ છે.

દાખલા તરીકે શિલાજીત એટલે કે હિમાલયનાં ઊંચા પર્વતોની ટોચના પથ્થરો ગરમીમાં ઓગળે એ રસ. જયાં માનવી મુશ્કેલીથી પહોંચી શકે છે અને પહોંચે તો પણ પૂરતો જથ્થો હાથમાં ન આવે કારણ કે વાંદરાઓનો પ્રિય ખોરાક છે. તેમ છત્તાં આયુર્વેદિક દવાઓનાં રૂપમાં ભારતમાં આશરે હજારો કિલો શિલાજીત ૩૦ થી ૧૦૦ રૂપિયાનું એક ગ્રામ વેચાય છે. સવાલ એ છે કે આટલું શિલાજીત ક્યાંથી આવતું હશે ?

ઘણા તજજ્ઞો છાસવારે જૂના પુસ્તકોમાંથી વનસ્પતિના ગુણ દોષની નકલ કરીને અખબાર અને સ્વાસ્થ્ય અંગેનાં સાપ્તાહિકમાં પ્રકાશિત કરાવતા હોય છે, તેમાં મોટા ભાગે વનસ્પતિ કઈ ઋતુમાં, ક્યાં નક્ષત્રમાં, અને શું વિધિ કરીને કાપવી કે એના ક્યાં ભાગોમાં શું શું રસાયણો હોય છે એની વિગતો હોતી નથી.

આયુર્વેદમાં નાડી અને પ્રકૃતિ જોઈને સારવાર કરવાનું ભણ્યા હોવા છતાં પણ આર્યુવેદ સારવાર કરતા ચિકિત્સકો પણ પોતાની પાસે આવતા દર્દીનું રક્તચાપ ડિજિટલ મીટરથી માપતા જોયા છે અને પછી આયુર્વેદિક

ઉકાળાની સાથે સાથે લોહી પાતળું કરવાની આધુનિક દવાઓ લખતા પણ જોયા છે.

હોમિયોપેથી, યુનાની વિગેરે પદ્ધતિઓમાં કારગર ઈલાજો છે જ પરંતુ તેની સાથે જીવનશૈલીને પણ ખૂબ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ પદ્ધતિનાં અમુક નિષ્ણાંત ચિકિત્સકો દર્દી સાથે કલાકો વાત કરીને શરીરની અને માણસની અવસ્થાનો અભ્યાસ કરીને ઉપચાર આપતા હોય છે. એ ઉપચાર કારગર પણ નીવડે જો રોગી વ્યક્તિ સાત્વિક જીવનશૈલી સાથે સાથ આપે. એકમાત્ર આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં જીવનશૈલીની વાતનો છેદ ઉડાડી દીધો છે.

આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં માત્ર શરીરનાં લક્ષણોનો ઈલાજ થાય છે, એ લક્ષણો કેવી રીતે ઉદભવ્યા એ જાણવાની કોશિશ મોટાભાગના ચિકિત્સકો કરતાં નથી. કબજીયાત મોટાભાગનાં શારિરીક તેમજ માનસિક રોગનું કારણ હોય છે, જે સનાતન સત્ય સાર્વત્રિક રીતે સ્વીકારાયેલું છે તો પણ આધુનિક ચિકિત્સા પદ્ધતિનાં ચિકિત્સકો ક્યારેય કોઈપણ દર્દીને કબજીયાત વિશે પૂછતા જોવામાં આવ્યા નથી !

આયુર્વેદ, હોમિયોપેથી, યુનાની કે કુદરતી સારવાર પદ્ધતિનાં ચિકિત્સકો પોતે બીમાર પડે કે શરીરમાં કોઈ અવ્યવસ્થા સર્જાય ત્યારે પોતાની ચિકિત્સા પદ્ધતિમાં ભરોષો રાખવાને બદલે આધુનિક ચિકિત્સકની સલાહ લેવા જતા જોયા છે અને તેઓ એકદમ સામાન્ય અને ફાર્મા કંપની દ્વારા ઉભી કરાયેલી બીમારી જેમ કે લોહીમાં સુગર, રક્તચાપ અને કોલેસ્ટેરોલ માટેની દવાઓ તો એલોપથીની જ લેતા હોય છે તો પણ પોતાની હોસ્પિટલ ઉપર પાટિયું માર્યું હોય છે કે તમામ રોગોનાં નિષ્ણાંત. અત્યારની આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં ચિકિત્સકો દ્વારા જેટલી દવાઓ ખવડાવવામાં આવે છે તેમાંની વધુમાં વધુ એક ટકો દવાની ખરેખર જરૂર હોય છે. પરંતુ એ સારવાર પદ્ધતિ મૂળ કારણો શોધવાને બદલે લક્ષણો આધારિત સારવાર કરાતી હોવાથી એક લક્ષણને દવાથી ડામવીથી બીજું લક્ષણ ઉભુ કરે અને વિષચક્ર ચાલુ થઈ જાય છે. બકરૂ કાઢતાં ઊંટ પેઠું એવી સ્થિતિ સર્જાય છે.

મારી સાથે પણ આવું જ બન્યું, વર્ષ ૨૦૧૩ નાં જાન્યુઆરીમાં મોટાભાઈની વિદાય બાદ વધુ સમય ઓફિસમાં બેસીને કામ કરવાનું આવ્યું. સતત સ્ક્રીન સામે જોયા કરવાથી ૨૦૧૩ નાં એપ્રિલમાં સખત Cervical spondylosis નો દુ:ખાવો થયો હતો. ખુરશી પર બેસી શકાતું નહોતું, રાત્રે સૂઈ શકાતું નહોતું, સુવા માટે જુનવાણી કપડાંની આરામ ખુરશીનો ઉપયોગ કરવો પડતો, મુશ્કેલી સાથે સૂઈ શકતો.

લગભગ ૭૫ દિવસ વેદના સહન કરી અને આ દરમ્યાન જાહેરમાં અને એકાંતમાં અસહ્ય દુ:ખાવાનાં કારણે ઘણી વખત રડયો પણ હતો. રાજકોટનાં નામાંકિત બધાજ હાડકાંના અને મણકાંના ડોક્ટરને નિદાન માટે મળ્યો. ડોક્ટર અવિનાશ મારૂ, ડોક્ટર શ્યામ ગોહિલ, ડોક્ટર રાજેન્દ્ર મહેતા, ડોક્ટર વિવેક મિત્તલ, ડોક્ટર અમિત સંઘવી, ડોક્ટર કાંન્ત જોગાણી એ બધાએ એક્ષ-રે કરાવ્યો. અલગ-અલગ દુ:ખાવાની દવાઓ આપી પરંતુ દુ:ખાવો ઓછો થવાનું નામ લેતો નહોતો. ક્યારેય એકપણ ડોક્ટરે એવું ન કહ્યું કે તમારી બેસવાની, કામ કરવાની શારિરીક સ્થિતિ કે મુદ્રામાં ફેરફાર કરો. ઉલટું ડોક્ટરે ડોકનો પટ્ટો પહેરાવી દીધો. બધા જ ડોક્ટર પાસે ફરી વાર ગયેલો બધાએ MRI કરાવવા આગ્રહ કર્યો પરંતુ એકાદ મિનિટ થી વધારે સૂઈ નહોતો શકતો તેથી MRI રાજકોટમાં થઇ શક્યું નહિ. એક ડોક્ટરે દિલ્હીમાં ઉભા ઉભા MRI થઈ જશે એવી માહિતી આપી એટલે અસહ્ય તકલીફ સાથે દિલ્હી ગયો પણ


૨૦૧૪ માંપ્રથમ ડ્રીપ ઈરીગેશન લાઈનના ઓપનહાઉસ વખતે

MRI કરાવવા માટે મને ઉભો રાખી ક્લેમ્પ લગાવ્યો મને ભયંકર દુઃખાવો થયો તેથી MRI નાં થઈ શક્યો.

દિલ્હીથી પરત આવ્યા પછી રાજકોટમાં ઘેનનું ઈન્જેક્શન આપીને MRI કર્યો. એ લઈને બધા ડોક્ટરને ફરી મળ્યો તો બધાનું નિદાન અલગ–અલગ આવ્યું અને કહ્યું કે દુઃખાવા માટેનાં ઇન્જેક્શન લેવા, કાપ–કૂપ કરવી પણ દુઃખાવો મટી જશે એવી કોઈ ખાત્રી ન આપી શક્યા.

–એટલે મેં નક્કી કર્યું કે આધુનિક ચિકિત્સા પધ્ધતિમાં સાચું નિદાન અને ઈલાજ બન્ને નથી તો હવે, મારે જ કંઇક કરવું પડશે એવી હઠ સાથે આવા પ્રકારનાં દુઃખાવા માટે અભ્યાસ ચાલુ કર્યો. અલગ–અલગ પુસ્તકો વાંચ્યા પછી એક પુસ્તકમાં થોડી રાહત મળશે એવું સમજી શકાય તેવો એક નુસખો મળ્યો, લખ્યું હતું કે પ્રાથમિક રીતે ખોટી મુદ્રામાં લાંબો સમય બેસવાથી કે કામ કરવાથી કરોડરજ્જુની ઉપરની બાજુએ સોજો આવી શકે અને તેનાથી જ્ઞાનતંતુ ઉપર દબાણ આવે તેમજ ભયંકર કક્ષાનો દુઃખાવો થઈ શકે. ચિકિત્સકોએ રિપોર્ટ કરાવ્યા અને કહ્યું કે કરોડરજ્જુમાં કોઈ તકલીફ નથી પણ નસ દબાય છે તો દવાઓ અને સર્જરી જેવા અતાર્કિક ઈલાજો બતાવ્યા હતા.

પુસ્તકમાં લખ્યા અનુસાર અનાનસમાં રહેલા બ્રોમેલેન ઘટક આવા સોજાનાં કારણે થયેલા દુઃખાવા સામે ઉપયોગી છે. વધુ અભ્યાસ કરીને કેવી રીતે પીવું એનો ડોઝ નક્કી કરી એ પ્રયોગ શરૂ કર્યો. પંદર દિવસમાં કોઈપણ પ્રકારની દુઃખાવાની દવા વિના દુઃખાવો કાયમ માટે દૂર થઈ ગયો. આજે મારી પાસે સત્તરમી અને અઢારમી સદીઓનાં પુસ્તકો સહિત આશરે ૧૧,૦૦૦ પુસ્તકો છે જેમાં મોટાભાગનાં તમામ રોગનાં કારણો વિશે સ્પષ્ટ માહિતી અને ઉપચાર મળી રહે છે, પરંતુ વાંચન બહુ કરવું પડે. ભણતર ચાલુ હતું ત્યારે વાંચવાની ખૂબ આળસ હતી પણ અત્યારે માનવીય ધ્યેય સિદ્ધ કરવા માટે વાંચવામાં બિલકુલ આળસ નથી આવતી.

આ બાબતની જાણ મારા મિત્રો, સગાવ્હાલા, વ્યાપારી મિત્રોને થઈ અને અનાનસની વાતથી બધાને અચરજ થયું. શરીરમાં ન્યૂરોલોજીકલ સોજાનાં કારણે થતા દુઃખાવા સાથેનાં અલગ–અલગ ઘણા બધા લોકોને આ પ્રયોગથી અસહ્ય પીડામાંથી રાહત અપાવી. (મોટા ભાગના કમરના, ડોકના, ગોઠણના, ખભાના દુઃખાવા ખોટી બેસવાની મુદ્રા કે વધુ પડતી ડોક ઉપર કે નીચે રાખી કામ કરવાની પદ્ધતિના કારણે આવા દુઃખાવા થાય છે) અને આ બધામાં અનાનસ ખૂબ સારૂ કાર્ય કરે છે, એ બાબત ૨૦૦ કરતાં વધુ પીડાતા લોકો ઉપર પ્રયોગ કરવાથી પુરવાર થયું.

અનાનસ ફ્રોઝનસોલ્ડર (ખભાનો જોડ જામી જવો) નાં દુઃખાવામાં પણ ત્વરિત રાહત આપે છે. શ્રી હરિભાઈ નામના ઉદ્યોગપતિ બે વર્ષથી પીડાતા હતા અને અસહ્ય દુઃખાવાને કારણે આત્મઘાતી પગલાં લેવા તૈયાર થઇ ગયેલા, જેમને એક મહિનો અનાનસનાં પ્રયોગથી ફ્રોઝનસોલ્ડરનો દુઃખાવો સદંતર જતો રહ્યો અને સાથે સાથે ગોઠણ પણ સરસ થઇ ગયેલા.

આ પછી વર્ષ ૨૦૧૪ માં મારા પત્ની તથા અન્ય નજીકના આઠ થી દસ લોકોને એંન્જીયોગ્રાફી કરીને હૃદયનાં ઓપરેશન અને સ્ટેન્ટ બેસાડવાની સલાહ આપેલી, એવા દર્દીઓને સામાન્ય કુદરતી સારવાર અને જીવનશૈલીમાં નજીવા ફેરફાર કરાવીને ભય મુક્ત કર્યા. બદનસીબે મારા પત્ની સિવાયના બધાજ વ્યક્તિઓ સરસ મજાની જીંદગી જીવી રહ્યા છે. મારા પત્નીને વિદાયનો સમય થઇ ગયો હશે તો એ હૃદયની તકલીફને બદલે ઉલ્ટી કરતી વખતે ઉલ્ટી બહાર નીકળવાને બદલે શ્વાસનળીમાં જતી રહી અને શ્વાસ રૂંધાઈ જવાના કારણે વર્ષ ૨૦૨૨ માં અનંતની સફરે નીકળી ગયા.

વર્ષ ૨૦૧૪ થી મેં નક્કી કર્યું કે મારે સર્વગ્રાહી સારવાર પદ્ધતિ અપનાવીને નિઃશુલ્ક રીતે લોકોને શક્ય તેટલા વધારે આધુનિક ઝેરી દવાઓથી દુર રાખવા છે. આ માટે વર્ષ ૨૦૧૭ માં એક વર્ષનો વૈકલ્પિક સારવાર અંગેનો કોર્સ કર્યો. વર્ષ ૨૦૧૭ એટલે કે મારી ઉંમર ૫૭ વર્ષની આસપાસ હતી, આ ઉંમરે અભ્યાસ કરવો, પરીક્ષા આપવી, થોડુ નહિ પણ વધારે મુશ્કેલ હતું, પરંતુ એલોપથી દવાઓથી મહત્તમ લોકોને દૂર રાખવાના ધ્યેયના કારણે પરીક્ષા પાસ કરી શક્યો.

આજે લગભગ ૧૦ વર્ષ પૂર્ણ થવા આવ્યા છે. આ દરમ્યાન આશરે ૨,૦૦૦ દર્દીઓને બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ,

ફેટી લીવર વિગેરે માટે અપાતી દવાઓ બંધ કરાવી શક્યો છું અને આશરે ૧૦,૦૦૦ થી વધારે અસ્વસ્થ માનવીઓની સારવાર કરી ચૂક્યો છું. ગેંગરીનના કારણે પગ કાપવાની જરૂર હોય તેવા ઘણાના પગ બચાવી શક્યો છું. અસહ્ય તીવ્ર દુર્ગંધ મારતા પગનું ડ્રેસિંગ જાતે કરીને આ કામ પાર પાડી રહ્યો છું.

જીભ, આંતરડા, પ્રોસ્ટેટ, અન્નનળી, લીવર, પેનિસ, હોઠ વિગેરેનાં કેન્સરનાં દર્દીઓને કેન્સર મુક્ત કર્યા અને અતિ ભયંકર સારવારના કારણે વેદના યુકત જીંદગી જીવતા દર્દીઓને જીવન જીવવામાં રાહત અપાવી શક્યો છું. લાંબા સમયથી સંધિવા, કમરના દુઃખાવા સાથેના માનવીઓને આધુનિક દવા બંધ કરાવી ને રાહત અપાવી છે. ઘણી મહિલાઓને ગાંઠ છે એવા અતાર્કિક નિદાનનાં કારણે ગર્ભાશય કઢાવવા માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ હોય અને મારી સારવાર પદ્ધતિનાં કારણે આજે ગર્ભાશય સાથે સહજ જીવન વિતાવી રહી છે.

ઉપરોક્ત તમામ સારવાર કોઈપણ પ્રકારનાં ચાર્જ લીધા વિના કરી રહ્યો છું, અહીંયા આટલી વિગતે વાત કરવાનું કારણ એટલુંજ છે કે વધુને વધુ લોકોને મારા આ યજ્ઞમાં જોડીને એલોપથી દવાઓથી દૂર રાખવાનું મારું ધ્યેય સિદ્ધ કરવાની ઈચ્છા. આજના મોટાભાગના ચિકિત્સકો દવા બનાવતી કંપનીઓના એજન્ટ તરીકે સેવા આપે છે અને બીમાર માનવીને માત્ર એક વિષય ગણીને તેના રોગના લક્ષણોની સારવાર કરી રહ્યા છે એટલે બીમાર માણસ સ્વસ્થ થવાને બદલે વધુને વધુ આર્થિક અને શારીરિક રીતે પીડાઈ રહ્યો છે.

એક ચિકિત્સક તરીકે, મારા પોતાના કિસ્સામાં, એ સમજમાં આવ્યું છે કે અન્ય લોકોને અને મારી જાતને વધુ સારી રીતે સમજવા માટેના માધ્યમો વિશે મેં ક્યારેય વિચાર્યુ હતું તેના કરતા ખૂબ વધુ હું શીખ્યો છું. છતાં પણ આશ્ચર્ય એ વાતનું છે કે ક્લાસ રૂમનાં ભણતર કરતા મુલાકાતે આવતા અસ્વસ્થ માનવીઓ સાથેના વાર્તાલાપથી ખુબ વધારે શીખવા મળ્યું છે રોજેરોજ કંઈકને કંઈક નવું શીખવું, વાંચવું પડે, જો પોતાને વધુને વધુ રોજેરોજ શિક્ષિત ન કરીએ તો અત્યારનાં યુગમાં આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં અપનાવવામાં આવી રહેલા હથકંડા સમજી ન શકાય.

હું કોઈપણ ખચકાટ વિના કહી શકું કે વૈકલ્પિક ચિકિત્સક તરીકે મારી પાસે આવતા તમામ અસ્વસ્થ માનવીઓને પૂર્ણ ન્યાય આપી શક્યો છું. મોટાભાગના લોકો કે જેઓ મારી સૂચનાનો કોઈપણ ભય વિના અમલ કરે છે તે દરેક સ્વસ્થ થાય છે અને મહદઅંશે પીડા મુક્ત થાય છે. ડર માત્ર ઊંધી શ્રદ્ધા છે; ડર એટલે સારાને બદલે અનિષ્ટમાં વિશ્વાસ હોવો. હાલની ચિકિત્સા પદ્ધતિ સારવારને બદલે ડરનો માહોલ બનાવવા માટે જવાબદાર છે, માટે નાદાન અણસમજ લોકો બિનજરૂરી રીતે અનિષ્ટ ઉપર વિશ્વાસ મૂકવા સમર્પિત થઈ જાય છે.

ઉપચારક તરીકે નીચેની બાબતો ખૂબ મહત્વની હોય છે જેની મુદ્દાવાર છણાવટ કરવી છે.

દર્શક બનવું : અન્યનાં અંગત જીવનમાં દર્શક તરીકે પ્રવેશ મેળવવો. આવનાર માનવીની જીવનશૈલીને લગતી માહિતી લેવી.

પરોપકારની ભાવના : એવી ભાવના રાખું કે હું મારા સારવાર અંગેના પ્રયત્નોથી કોઈનાં જીવનમાં ફરક લાવી રહ્યો છું.

આત્મીયતા કેળવવી : મારા ક્લિનિકની મુલાકાત લેતા લોકો સાથે ગાઢ જોડાણનો આનંદ આવે તો જ સાચી અને સારી સારવાર શક્ય બને.

શીખવું : એક વસ્તુ હંમેશા યાદ રાખવી કે વિશ્વમાં કોઈ માનવી પરિપૂર્ણ નથી તો વિશ્વમાં ઉપચાર અંગે થતા ફેરફારો અને માનવ વર્તન વિશેનું જ્ઞાન સંચિત થાય એવી રીતે વર્તવું.

જ્ઞાન વૃદ્ધિ : મારા પોતાનાં વણઉકેલાયેલા મુદ્દાઓની સાથોસાથ મુલાકાતે આવતા તમામ માનવીનાં આરોગ્ય માટેની સમસ્યા અંગે જ્ઞાન વૃદ્ધિ કરવા અંગેની ઉત્તેજના વધવી.

સર્જનાત્મકતા : હંમેશા નવી દિશામાં વિચારવું અને આવતા લોકોનાં જટિલ મુદ્દાને સમજવાની નવી પદ્ધતિઓ અપનાવવાની જરૂરિયાત રહે છે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઉપચાર કરવાની કોશિશ છેલ્લા ૧૧ વર્ષથી કરી રહ્યો છું.

૧૧.૦૩.૨૦૨૪

૧૯ એપ્રિલ ૨૦૧૪ ના રોજ ૩.૭૭ કિલો વજન ધરાવતી બેબીનો જન્મ થયો તેની દર્દભરી દાસ્તાન... બેબીનાં પિતા માર્કેટિંગ યાર્ડમાં ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂપિયાની નોકરી કરતા હતા.

૭ નવેમ્બર ૨૦૧૬ એટલે કે લગભગ ૧૭ માં મહિને H1N1 માટેની વેક્સિન આપવામાં આવી. તારીખ ૯ નવેમ્બર ૨૦૧૬ એટલે કે વેક્સિન લીધાનાં ત્રીજા દિવસથી આંચકી ચાલુ થઈ. ૨૪ કલાકમાં એક વખત હોઠ ફફડી જવાની આંચકી આવતી હતી.

વેક્સિનનાં નિષ્ણાંતોનાં જણાવ્યા મુજબ દરેક વેક્સિનની નાની-મોટી આડઅસર ૧૦૦% બાળકોના સ્વાસ્થ્ય પર થાય છે. ૨૫% થી ૩૦% બાળકોને ગંભીર આડઅસર જોવા મળે છે.

H1N1 રસીની ગંભીર આડઅસરથી લગભગ ૩૦% બાળકોને આંચકી ચાલુ થઈ જાય છે. આ બેબીને પણ ત્રીજા દિવસે આંચકી ચાલુ થઈ ગઈ. H1N1 રસીની આડઅસરથી આંચકી ચાલુ થાય તો ભરપૂર માત્રામાં વિટામિન-સી મોઢા દ્વારા અથવા ઈન્જેક્શનથી આપવામાં આવે તો આંચકી તુરંત બંધ થાય છે. પરંતુ આ બેબીનાં નસીબ કંઈક જુદા હશે કે એકપણ ડોક્ટરના ધ્યાનમાં ન આવ્યું કે આ રસીની આડઅસરનું પરિણામ છે.

આ બેબીને આંચકી ચાલુ થઈ ત્યારથી રાજકોટ, અમદાવાદ, જામનગર અને હૈદરાબાદ સુધીનાં ડોક્ટરોએ જાત-જાતની સારવાર આપી અને જેમ જેમ સારવાર આગળ વધતી ગઈ તેમ તેમ આંચકીની તીવ્રતા વધતી ગઈ.

અલગ-અલગ ડોક્ટરોએ અલગ-અલગ મંતવ્ય આપ્યા અને નીચે મુજબ રિપોર્ટ અને દવાઓ આપી પરંતુ સરવાળે બેબીને આંચકી ૨૪ કલાક આવવાની ચાલુ થઈ ગઈ.

તારીખ ૧૧.૧૧.૨૦૧૬

MRI for Epilepsy protocol-Dignosed-Focal Epilepsy...

તારીખ ૧૮.૧૧.૨૦૧૬, રાજકોટ

Inj-methylpred 3 days, Inj-Fosolin, Inj-Levera, Inj-Lacosamide

તારીખ ૨૩.૧૧.૨૦૧૬, હૈદરાબાદ

Again MRI and Medication tried
Levetiracetam, Valporate, Phenobarbitone, Oxcarbamazepine, Vigabatrin, Clobazam
Midazolam infusion, Ketamine infusion

તારીખ ૧૧.૧૨.૨૦૧૬, અમદાવાદ

Inj-Magnex Forte, Inj-Amikacin, Inj-MGSO4, Tab-Oxectal, Tab-Clonazepam, Tab-Lacosamide
Tab-Glyco P, Neb-Levolin

તારીખ ૨૩.૧૨.૨૦૧૬, રાજકોટ

Inj-Sulbacef, Inj-Mikacin, Inj-MGSO4, Inj-ACTH

તારીખ ૩૧.૧૨.૨૦૧૬ નાં રોજ રાજકોટના એક ડોક્ટરે કહ્યું કે હવે આને ઘરે રાખી કાળજી લ્યો. ત્યારે એ બેબીને નાકમાં નળી ભરાવેલી હતી, એક હાથમાં બાટલા ચડાવવા માટે સોય ભરાવેલી હતી.

લગભગ ૫૦ દિવસમાં બેબીની ચેસ્ટના ૧૨ એક્સ-રે, ૩ MRI, ૨૦ બ્લડ રિપોર્ટ, યુરિન રિપોર્ટ, ૩૦ વખત સુગર રિપોર્ટ, લગભગ ૧૨ લાખ રૂપિયાનું આંધણ અને માં-બાપની દોડધામ.

લગભગ ૧૦ ડિસેમ્બરનાં રોજ બેબીના પપ્પાએ તેના મિત્ર દ્વારા બેબીનો વિડિયો મને મોકલાવ્યો ત્યારે બેબીનાં નાકમા નળી હતી, હાથમાં પણ બાટલા ચડાવવા માટે સોઈ લગાવેલ હતી. મેં તેના પપ્પાને રસી મુકાવ્યાની વિગત લઈને રૂબરૂ આવવા કહ્યું.

દીકરીનાં પપ્પા તુરંત બધા રિપોર્ટ લઈને આવ્યા. મેં તેને કહ્યું કે વિગતવાર વાત કરો એટલે તેણે ઉપરોક્ત કહાની કહી. મેં પૂછ્યું કે છેલ્લે ડોક્ટરોએ શું કહ્યું, તો એ રડતાં રડતાં બોલ્યા કે, ડોક્ટરે કહ્યું કે હવે અમારાથી કશું નહિં થઈ શકે. તમે બેબીને ઘરે લઈ જાવ ને જયાં સુધી જીવે ત્યાં સુધી સેવા કરો.

મેં કહ્યું કે આ H1N1 રસીની આડઅસર છે, જે ચોક્કસ મટી શકે, તે જાણીને દીકરીનાં પપ્પા બોલ્યા કે અમને

કોઈ ડોક્ટરે આ વાત નથી કરી. જે હોય તે, અત્યારે તમે જે દવા બેબીને આપો છો એ બધી જ દવાઓ બંધ કરો અને અત્યારે આમળાની સિઝન છે તો માત્ર ૧૦ આમળાંનો રસ બેબીને પીવડાવો એનાથી આંચકી બંધ થઈ જશે. આમ તો વિટામિન–સી નાં intravenous ઈન્જેક્શનની જરૂર છે.

મેં રાજકોટનાં અલગ–અલગ ડોક્ટરનો સંપર્ક કરી પૂછયું કે વિટામિન–સી નાં intravenous ઈન્જેક્શન મળી શકે ? તો બધાએ કહ્યું કે અમે વાપર્યા નથી. મેં સર્ચ કરીને concentrated વિટામિન–સી અમેરિકાથી આયાત કર્યા અને ૫ દિવસ પછી આમળાંની સાથે એ પણ આપવાનું ચાલુ કર્યું અને લગભગ ૨૧ ડિસેમ્બરનાં રોજ બેબીનાં માં અને બાપ બેબીને લઈને મારા ઘરે આવ્યા.

આટલું જ કરવાનું હતું તેની બદલે ડોક્ટરો બેબીનાં પેટમાં ઝેર રેડતા ગયા અને જાત–જાતનાં રિપોર્ટ કરાવતા ગયા. આ બેબીને આશરે બે મહિના પછી એકદમ ઝાડા થયા ત્યારે ફરી તેના પપ્પા આટલા હેરાન થયા હતા તો પણ રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરી. સાંજ પડી એમનાં કોઈ સ્વજન ખબર પૂછવા આવ્યા એમની નજર દવાઓ ઉપર પડી એટલે પૂછયું કે બેબીને સુગર અંકુશમાં કરવાની દવા કેમ આપો છો ? તો બેબીના પપ્પાએ કહ્યું કે ઝાડા થયા છે એટલે દાખલ થયા છીએ. આવેલા સ્વજનથી રહેવાયું નહિં અને તેમણે બેબીનાં પપ્પાને કહ્યું કે તમે ડોક્ટરને પૂછો કે આ દવા શું કામ આપી છે. એ ભાઈ પૂછવા ગયા તો ડોક્ટરે બેશરમ રીતે કહ્યું હાં આ તો ભૂલ છે અમારી આખા દિવસમાં બેબીએ ત્રણ વખત દવા પીધી હતી. એ બેબી રાત્રીનાં પ્રભુને પ્યારી થઈ ગઈ. એ ચિકિત્સકની સામે કોઈ પગલા ન લેવાયા.

૨૫.૦૧.૨૦૧૭

□ □ □

એક ૨૯ વર્ષની કુંવારી યુવતીની દાસ્તાન...

વધુ પડતા માસિક સ્ત્રાવની ફરિયાદના અનુસંધાને થયેલા રિપોર્ટ અને દવાઓ...

૨૦૦૮ ના મે મહિનામાં પ્રથમ સોનોગ્રાફી કરાવી. Conclusion-bulky uterus with multiple nodular lesions possibly fibroid. (આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં યુટેરસની નોર્મલ સાઈઝ ૮૦ × ૫૦ × ૪૦ mm હોય તેમ ધારી લેવામાં આવ્યું છે. દરેક સ્ત્રીની પોતાના શરીર મુજબ સાઈઝ અલગ–અલગ જ હોય છે. એટલે નોર્મલ સાઈઝ ધારીને તેના ઉપર નિદાન કરવાની પદ્ધતિ ખોટી માનું છું.) The uterus measures ૧૦૬ × ૯૨ × ૭૧ mm સ્ત્રી રોગ ચિકિત્સકની દવા ચાલુ કરવામાં આવી.

૨૦૧૦ નાં ડિસેમ્બરમાં બીજી સોનોગ્રાફી કરાવી. Conclusion-Bulky uterus with fibroid. Cystic left ovary Uterus measures ૧૧૪ × ૮૮ × ૮૩ mm યુટેરસ મોટું થયું ને ડાબી ઓવરીમાં સીસ્ટ આવ્યું. ફરી સ્ત્રી રોગ ચિકિત્સકની દવા લીધી...

૨૦૧૧ માર્ચમાં સોનોગ્રાફી કરાવી. Conclusion-Bulky uterus with fibroids. Uterus measures ૧૨૭ × ૯૦ × ૮૦ mm યુટેરસ મોટું થયું.

૨૦૧૨ ફેબ્રુઆરીમાં ત્રીજી સોનોગ્રાફી કરાવી. Conclusion-Grossly bulky fibroid uterus. Uterus measures ૧૩૩ × ૧૧૪ × ૧૦૫ mm યુટેરસ વધું મોટું થયું.

સ્ત્રી રોગ ચિકિત્સકની દવા ચાલુ...

૨૦૧૫ એપ્રિલ માં સોનોગ્રાફી કરાવી. Conclusion-Bulky uterus with multiple fibroids. The size slightly increased in comparison to previous study. Uterus measures ૧૧૦ × ૮૮ × ૭૬ mm.

૨૦૧૬ જૂન માં સોનોગ્રાફી કરાવી. Conclusion-Bulky uterus with multiple fibroids. The size slightly increased in comparison to previous study. Uterus measures ૧૦૮ × ૯૦ × ૮૦ mm.

૨૦૧૮ જૂન માં સોનોગ્રાફી કરાવી. Conclusion-Bulky uterus with multiple fibroids size and

number of lesions apper increse as compared to previous study dated April-2015.

ઉપરોક્ત સમય દરમ્યાન અલગ–અલગ સ્ત્રી રોગ ચિકિત્સકોએ માસિક દરમ્યાન, માસિક પુરૂં થાય ત્યારે, માસિક શરૂ થાય એ પહેલા, અઠવાડિયે એક, મહિનામાં એક, આર્યન માટેની, હિમોગ્લોબીન માટેની વિગેરે દવાઓ પુષ્કળ ખવડાવી. હિમોગ્લોબીન ૪ થઈ જતા ૨ થી ૩ વખત લોહી ચડાવ્યું.

અમુક ડોક્ટરોએ uterus કઢાવી નાખવા માટે ડરાવ્યાં. એક મહિલા ડોક્ટરે બહુ જ ડરાવ્યાં કે uterus નહિં કઢાવો તો તમે જીવતા નહિં રહો, પણ નસીબ જોગે એ મહિલા ડોક્ટરના પતિ પણ ડોક્ટર હતા, તે આ દીકરીના પિતાના મિત્ર હતા. તેમણે ખાનગીમાં દીકરીના પિતાને કહ્યું. સર્જરી કરાવતા નહિં. સર્જરીની બિલકુલ જરૂર નથી.

ઉપરોક્ત સમય દરમ્યાન અલગ–અલગ ડોક્ટર દ્વારા નીચે મુજબની દવા આપવામાં આવી.

Texakind, Vitamin D3, Progesterone, Lam ET, Iron tablet, Prolin, Capsule feton Z, Trazer F, MCK E Plus, Refron N, Predmet 4 - અસ્થમાંની દવા, Alerid – એલર્જી માટેની દવા, Synasma - અસ્થમાં માટેની દવા, Amifru Plus, Veloz D20, Etosys mf, Livogen

આટ–આટલી દવાઓ ખાધા પછી પણ માસિક સ્ત્રાવ ઓછો ન થયો એટલે પછી હારી થાકીને ૨૦૧૮ નાં જૂન મહિનામાં પોતાના વિવાહ કરવાની વાત ભૂલીને ફાઈબ્રોઇડ (Lap Myomectomy) કઢાવી નાખવાનું નક્કી કર્યું. એ વખતે તે ડોક્ટરે કહ્યું કે imferon ઈન્જેક્શનના ૪ ડોઝ લેવાના. બધી જ દવા ઈન્જેક્શન લઇ લીધા.

સર્જરી માટે દાખલ થવાને બે દિવસની વાર હતી ત્યારે ફૂલછાબમાં અમારા નિઃશુલ્ક હોલિસ્ટિક હિલિંગ સેન્ટર વિશે માહિતી સમાચારનાં રૂપમાં છપાઈ. એ દીકરીના પિતાએ વાંચી અને એ દીકરી અને તેના પિતા મારે ઘરે આવ્યા. મેં એમની સમસ્યા દીકરીના પોતાના શબ્દોમાં સાંભળી ને કહ્યું કે તમારે સર્જરીની બિલકુલ જરૂર નથી. તમે ૧૦ વર્ષથી હેરાન થઇ રહ્યાં છો તો વીસકે દિવસ રાહ જોઇ શકો તો હું તમને વૈકલ્પિક દવાઓ અને અમુક કસરત શીખવું. એ કરશો તો સર્જરી નહિં જ કરાવવી પડે. દીકરી અને તેના પિતાને મારી વાતમાં ભરોસો પડ્યો તો પણ મને કહ્યું કે અમે વિચારીને કાલે આવશું.

બીજા દિવસે ફરી આવ્યા અને વૈકલ્પિક દવાઓ લઈ ગયા. દવા લગભગ ૩ મહિના ચાલી. માસિક સ્ત્રાવ એકદમ નોર્મલ થઈ ગયાં. uterus ની સાઈઝ નોર્મલ થઇ ગઈ કે પહેલા સોનોગ્રાફી રિપોર્ટમાં હતી એટલી જ રહી એ ખ્યાલ કરવાનો વિચાર એ દીકરીને નાં આવ્યો. કેમ કે, ફાઈબ્રોઇડ અને સીસ્ટનાં કારણે વધુ માસિક આવતું હતું તે નોર્મલ થઇ ગયું અને આજે આ પુસ્તક લખાય છે ત્યાં સુધી નોર્મલ છે.

૨૯ વર્ષની દીકરીનાં લગ્ન કરવાનાં ઓરતા ભાંગી ગયા કેટલાયે સ્ત્રી રોગ ચિકિત્સકોએ અલગ–અલગ દવાઓ ખવડાવી અને દરેક વખતે સોનોગ્રાફી કરાવતા ગયા પરંતુ માસિક સ્ત્રાવ ઓછો ન થયો... આ દીકરી રાજકોટમાં જ રહે છે. સૌ પ્રથમ ૨૦૦૮ માં સોનોગ્રાફી કરનાર ડોક્ટરે કહ્યું હતું કે ૧૦ માંથી ૮ મહિલાને ફાઈબ્રોઈડ હોય છે માટે રિપોર્ટ ફાડી નાખો. દવાની જરૂર નથી. કસરત અને ખોરાક પર ધ્યાન આપશો તો સારૂં થઈ જશે પણ દીકરીને એ વાત ગળે ન ઉતરી અને તે દશ વર્ષ હેરાન પરેશાન રહી.

૨૨.૦૯.૨૦૧૮

□ □ □

શ્રી કેતન પ્રફુલભાઈ, ઉંમર ૪૨ વર્ષ, માણાવદર

તારીખ ૨૮.૨.૨૦૧૯ નાં રોજ માથાનો દુઃખાવો હોવાને કારણે તે જુનાગઢ સિવિલ હોસ્પિટલની મુલાકાતે ગયા. Brain નો CT scan કરાવવાની સૂચના આપ્યા મુજબ CT scan કરાવ્યો. એસીડીટી, વિટામિન–બી, ઊંઘની દવા આપવામાં આવી અને psychiatrist ને બતાવવા જણાવ્યું. ૨ દિવસ પછી જુનાગઢનાં મગજના રોગોના નિષ્ણાંતને બતાવ્યું. એમણે Brain નો MSCT કરાવ્યો. Findings-Evidence of blood density hyper dense lesion of ૩૦ x ૧૮ mm. એટલે લોહીનો ગંઠો થઈ જવો. જુનાગઢનાં ડોક્ટરે રાજકોટ હોસ્પિટલમાં મોકલ્યા અને કહ્યું કે તાત્કાલિક મગજનું ઓપરેશન કરવું પડશે. આ ડોક્ટરશ્રી એ કેતનને સમજાવ્યું હતું કે આ સર્જરી પછી કદાચ તમારી speech જતી રહે

અથવા હાથનું હલન–ચલન બંધ થઈ શકે.

એટલે ૩ ઓક્ટોબરનાં રોજ તેઓ રાજકોટની હોસ્પિટલમાં દાખલ થયા એ પછી શુક્રવાર, શનિવાર અને રવિવાર આવતા હતા તો ડોક્ટરે કહ્યું, સર્જરી સોમવારે થશે, અત્યારે દાખલ થઈ જાવ. જોકે જુનાગઢનાં ડોક્ટરે કહ્યું હતું કે તાત્કાલિક સર્જરી કરવી પણ રાજકોટનાં ડોક્ટરને ઉતાવળ ન લાગી.

૪ ઓક્ટોબરના ફરી CT Angiography of Brain કરાવ્યું. Findings-Arterio venous malformation is seen with left parasaggital cortical and sub cortical region and adjecent corpus size ૧૮ x ૨૩ x ૨૦ cm (૩૦ cm એટલે એક ફૂટ થાય, તમે અંદાજ લગાવજો કે જે માપ CT SCAN માં લખ્યું છે એ કેવી રીતે હોય).

૪ ઓક્ટોબર રાત્રે ૧૦ વાગ્યે કેતનના પિતા અને કેતન જયાં નોકરી કરતો હતો એ શો–રૂમનાં માલિક શ્રી કિશોર ખગ્રામ મારા ઘરે આવીને બધી વાત કરી. કેતનના પિતા બહુ ચિંતિત હતા, કેતનના જે તે સમયનાં હલન–ચલનની વિગતો અને લક્ષણો સમજી લીધા પછી મેં કહ્યું કે, ચિંતા જેવું લાગતું નથી તો પણ હું આવતી કાલે હોસ્પિટલમાં કેતનને જોઈ લીધા પછી શું કરવું એ કહીશ.

૫ ઓક્ટોબર ૨૦૧૯, સવારે ૮.૩૦ વાગ્યે હું કેતનને જોવા હોસ્પિટલમાં ગયો. કેતનના રૂમમાં પ્રવેશતા જ કેતન બેડ પરથી ઉતરીને મને ભેટી ગયો. કેતનની movement ચેક કરી. તેના હાલ–હવાલ પૂછયાં અને બધું બરાબર લાગતા કેતનને કહ્યું કે ૧૦ ઉઠક–બેઠક કરીને બતાવ. કેતને ૧૦ ને બદલે ૧૨ ઉઠક–બેઠક કરી એટલે મેં તેમના પિતાજીને કહ્યું કે આજેજ હોસ્પિટલમાંથી discharge લઈ લો.

હું કેતનનો માથાનો દુઃખાવો બંધ કરી દઈશ. કેતનનાં પિતાજીએ તુરંત ફરજ પરનાં ડોક્ટરને કહ્યું કે અમારે સર્જરી નથી કરાવવી અમને આજે જ રજા આપી દો. ડોક્ટરે ગલ્લા–તલ્લા કર્યા. સર્જરી કરવી જ પડશે એવું સમજાવ્યે રાખ્યું અને સાંજના ૫ વગાડી દીધા તો પણ રજા આપી નહિં. કેતનના પિતાજીનો મને ફોન આવ્યો અને કહ્યું કે હોસ્પિટલવાળા રજા નથી આપતા. મેં કેતનને કહ્યું તું બેડ પરથી ઉભો થઈને ઘરે જતો રહે, કેતન ઘરે જતો રહ્યો અને પછી એમના ડિસ્ચાર્જનાં કાગળો બનાવ્યા. ૬ ઓક્ટોબરથી મારી દવા ચાલુ કરી લગભગ ૧૦ કે ૧૫ દિવસ દવા લીધી. કેતન એકદમ સ્વસ્થ થઈ ગયો. આજે પણ એ કિશોરભાઈનાં શો–રૂમમાં જ કામ કરે છે અને TV, Freeze અને AC નાં સર્વિસ કોલ પણ એટેન્ડ કરે છે. કિશોરભાઈ ખગ્રામ પાસેથી ''રીટાની વાડી'' માટે TV લીધું હતુ તેના સેટીંગમાં સમસ્યા હતી તો એના માટે ગઈકાલે એટલે કે તારીખ ૧૬.૬.૨૦૨૪ નાં રોજ કેતનને વિડિયો કોલ કરી TV ચાલુ કરાવવા માટે વાત કરી હતી અને ઉપરોક્ત સમસ્યા અંગે પૂછપરછ કરી તો કેતનનો જવાબ હતો કે કંઈ જ સમસ્યા નથી.

૦૫.૧૨.૨૦૧૯

□ □ □

એકાદ અઠવાડિયા પહેલા હું મારા વતનમાં ગયો હતો ત્યારે એક ૧૨ વર્ષની ઉંમરનો છોકરો મને મળ્યો. મેં તેને પૂછયું કોનો દીકરો છો? તેણે એના પપ્પાનું નામ આપ્યું. એકદમ તંદુરસ્ત ફૂટડો જુવાન લાગતો હતો. થોડીવારમાં તેના પપ્પા આવ્યા, જે મને સારી રીતે ઓળખતા હતા તે બોલ્યા કે આ છોકરાને ઓળખો છો ? મેં કહ્યું હા, હમણાં જ મેં તેને પૂછયું કે તું કોનો દીકરો છે તો તમારૂ નામ આપ્યું.

તેના પપ્પા બોલ્યા યાદ કરો, મારા બાપુજી આની માં ની દવાખાનાની ફાઈલ લઈને તમારી પાસે આવ્યા હતા મારી અચરજનો પાર ન રહ્યો. મને બધી જ વાત યાદ આવી ગઈ. જે વાત નીચે મુજબની હતી.

લગભગ વર્ષ ૨૦૦૯ ની વાત છે. એ બાબો ગર્ભમાં હતો અને ૯ મો મહિનો પૂર્ણ થવામાં હતો. કદાચ એકાદ અઠવાડિયું બાકી હશે ત્યારે તેના ગર્ભમાં રહેલ બાળકના દાદા સાથે એ બેન જુનાગઢના સ્ત્રી રોગ ચિકિત્સકને બતાવવા ગયા ડોક્ટરે સરસ રીતે સોનોગ્રાફી કરીને દાદાને કહ્યું કે બહુ ચિંતાની વાત છે. ગર્ભમાં બાળક છે પણ તેને કરોડરજજુ નથી. દાદા દેશી હતા તો તેને જલ્દી સમજાયું નહીં એટલે તેણે ડોક્ટરને પૂછયું કે તમે શું કહો છો ? ડોક્ટરે સમજાવ્યું કે

કરોડરજ્જુ ન હોય તો બાળક ઉભું ન રહી શકે, માટે આનો ગર્ભપાત કરી નાખવો જોઈએ.

દાદાને વાત ગળે ઉતરી નહીં એટલે એ જુનાગઢમાં જ બીજા સ્ત્રી રોગ ચિકિત્સકને મળવા ગયા દાદાએ તેને બધી વાત કરી એટલે એ ચિકિત્સકએ પણ ફરી સોનોગ્રાફી કરીને કહ્યું કે આમાં બીજું કશું ન થઈ શકે બાળક જન્મશે તો પણ કોઈ કામનું નથી કેમ કે કરોડરજ્જુ નથી. થાકી, હારી ને દાદા અને તેમના દીકરાની વહુ રાત્રે માણાવદર પરત આવી ગયા. માણાવદરમાં તેમના સગા સંબંધીને વાત કરી. નક્કી કરતા હતા કે ગર્ભપાત કરાવી લઈએ એવામાં એક એમના મિત્રએ કહ્યું કે એક વાર રાજુભાઈને વાત કરો, કંઈક રસ્તો મળશે.

મને ફોન આવ્યો, હું એમના ઘરે ગયો અને બધી વાત સાંભળી. દાદાની આંખમાં પાણી સુકાતા નહોતા. ઘરમાં બધા જ ચિંતિત હતા. મેં કહ્યું કે એક કામ કરો. મારા એક મિત્ર સ્ત્રી રોગ ચિકિત્સક છે. આવતી કાલે એમને મળી આવો તો કોઈક બોલ્યું કે કાલે તો રવિવાર છે. કાલે ડોક્ટર ના મળે. મેં કહ્યું કે તમે દીકરીને લઈને જાવ, ડોક્ટર મળશે. તમે જુના રિપોર્ટ સાથે લઈ જતા નહીં. નવા કેસ તરીકે જજો એટલે સાવ સાચી વાત જાણવા મળશે. એ લોકો બીજા દિવસે જુનાગઢ ગયા. ડોક્ટરને મળ્યાં અને દીકરીને ચેક કરી. ડોક્ટર કંઈ જ બોલે એ પહેલાં જુના રિપોર્ટ ડોક્ટરના ટેબલ પર રાખી દીધા. ડોક્ટરે જોયું કે આ બાળકને કરોડરજ્જુ નથી એવું સોનોગ્રાફી કહે છે. એટલે એ ડોક્ટરે પણ કહ્યું કે આ બાળકને કોઈક મોટી ખામી છે જ, ફરી નિરાશ થઈને માણાવદર પરત આવી ગયા. ફરી મારા ઘરે આવી બધી વાત કરી અને બોલ્યા કે અમે કાલે ગર્ભપાત કરાવવા જઈએ છીએ. મેં કહ્યું કે એક વિચાર કરજો કે આપણે બાળકની હત્યા કરી પાપ કરવા જઈ રહ્યા છીએ, મારા હિસાબે બાળકને કુદરતી રીતે જન્મ લેવા દયો અને કરોડરજ્જુ નહીં હોય તો ત્યારે પાપ કરીશું.

થોડી દલીલો પછી એ બધાને મારી વાત ગળે ઉતરી ગઈ અને કુદરતી પ્રસવ પીડાની રાહ જોવાનું ઉચિત માન્યું. કુદરતે નિર્ધારિત સમયે દીકરીને દુઃખાવો થયો. વધુ પડતી પ્રસવ પીડા પછી દીકરાનો જન્મ થયો. દીકરાનું વજન ૩.૫ કિલો હતું અને એકપણ પ્રકારની શારીરિક ખામી નહોતી. એ દીકરો આજે ૧૨ વર્ષનો થઈ ગયો અને એકદમ તંદુરસ્ત છે. આને શું કહેશો... બેદરકારી કહીશું ? સોનોગ્રાફીમાં જોતા નથી આવડયું એમ કહીશું ? હત્યા કરી નાખી હોત તો ગુનેગાર કોણ કહેવાત ?

૨૦.૦૫.૨૦૨૧

□ □ □

ગજબ રીતે ફસાવે છે લોકોને...

જેને કોઈ રોગ નથી, પેટમાં સામાન્ય દુઃખાવો થયો હોય ને ભૂલથી ડોક્ટર પાસે જાય તો કેવી દશા કરે છે. એક મહિલા, ઉંમર ૬૬ વર્ષ, પેટનો સામાન્ય દુઃખાવો થયો, ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે વાત સાંભળીને કહ્યું કે સોનોગ્રાફી કરાવો. તારીખ ૧૦.૦૬.૨૦૨૧, સોનોગ્રાફી વાળાએ કહ્યું કે કિડની માં ૯ mm x ૭ mm સીસ્ટ છે. આંતરડામાં ગાંઠ છે. મહિલા રિપોર્ટ લઈને ડોક્ટર પાસે ગયા તો ડોક્ટરે રિપોર્ટ જોઈને કહ્યું કે આંતરડામાં ગાંઠ છે પણ પાક્કું કરવા માટે કાલે આવો તો કોલોનોસકોપી કરીએ. મહિલાના પતિદેવ રિપોર્ટ લઈને હાફળાં–ફાફળાં થઈને મારી પાસે આવ્યા. મને વિગતવાર વાત કરી.

મેં મહિલાનાં દુઃખાવાનાં લક્ષણો વિશે વિગત લઈને કહ્યું કે સોનોગ્રાફીનો રિપોર્ટ શંકાસ્પદ છે. તમે ડોક્ટરના રેફરન્સ વિના આ સોનોગ્રાફી બીજી જગ્યાએ કરાવો. તારીખ ૧૧.૦૬.૨૦૨૧, નસીબજોગે મહિલાના પતિ બીજી જગ્યાએ સોનોગ્રાફી કરાવવા ગયા અને સોનોગ્રાફીનો રિપોર્ટ બિલકુલ નોર્મલ આવ્યો. મહિલાને પેટ સાફ કરવાની દવાઓ આપી, જે ૧૫ દિવસ લીધી, આજે કોઈ જ તકલીફ નથી. જો બીજી જગ્યાએ રિપોર્ટ ન કરાવ્યા હોત તો ખર્ચનાં ખાડામાં ઉતારીને કેટલીયે દવાઓ ખવડાવી દેત...

૧૧.૦૬.૨૦૨૧

આ વાત અત્યારે કરવાનું મન કેમ થયું એ ખબર નથી પરંતુ આજે સવારે જાગ્યો ત્યારથી એ જ વિચાર આવતો હતો કે આ ઘટનાને વિસ્તારપૂર્વક લખીને અહિંયા મૂકું.

આ વાત છે જાન્યુઆરી ૨૦૧૪ ની, હું રોજ સવારે ૯ વાગ્યે ફેક્ટરી જાવ અને ત્યાંથી સાંજે લગભગ ૬.૩૦ કે ૭ વાગ્યે પરત આવી મારા પત્ની સાથે રોજ સાંજે થોડું ચાલવા નીકળીએ અને ઘરની આસપાસ થોડું ટહેલીએ.

એક દિવસ મારા પત્નીને છાતીમાં ભાર લાગવા માંડયો ને અમે ટહેલવાનું અધૂરૂં મૂકી ઘરે પરત આવી ગયા. ઘરે આવ્યા તો ત્યાં એક પાડોશી મારા મોટાભાઈ સાથે બેઠેલા હતા. સમય કરતાં વહેલા પરત આવી ગયા એટલે સામાન્ય પૂછપરછ થઈ કે કેમ તમે તરત પાછા આવી ગયા તો મારા પત્ની શ્રીમતી રીટાએ કહ્યું કે છાતીમાં ભાર લાગે છે એટલે ચાલવાનું ફાવ્યું નહીં. થોડી બીજી વાતો થઈ ને પાડોશી બોલ્યા; ચાલો મારા મિત્ર છે ડો. ચિરાગ માત્રાવાડીયા એને મળી આવીએ એટલે તરત બીજો કોઈ વિચાર નાં આવ્યો અને ડો. ચિરાગને મળવા જતા રહ્યા.

ડો. ચિરાગ માત્રાવાડીયા નિષ્ણાંત હોય તેવી રીતે સ્ટેથોસ્કોપ લગાવ્યા વિના કે નાડી જોયા વિના માત્ર વાતચીતનાં આધારે નિદાન કર્યું કે તમારા હાર્ટમાં લોહી પહોંચતું નથી અને એ પૂરવાર કરવા તાત્કાલિક એન્જીયોગ્રાફી કરવી જરૂરી છે. પાડોશી પણ અમારી સાથે પરત ઘરે આવ્યા. મોટાભાઈ અને બાળકો સાથે વાત કરી ને ડો. ચિરાગ સ્ટર્લિંગ હોસ્પિટલ સાથે જોડાયેલા હોવાથી ત્યાં જ એન્જીયોગ્રાફી કરવવાનું નક્કી કર્યું.

બીજા દિવસે સવારે ૮.૩૦ કલાકે અમારા હિતેચ્છુ પાડોશી અમોને એટલે કે મને, રીટા, મોટાભાઈ, મારી દીકરીને લઈને સ્ટર્લિંગ હોસ્પિટલ પહોંચ્યા. ડો. ચિરાગ મને ઓળખતા હતા કે આ રાજુ એન્જીનિયર્સનાં માલિક છે અને એ પત્ની માટે પૈસા ખર્ચી શકે તેમ છે. અમે લોકો દવાખાને પહોંચ્યા કે તરત સર્જરીના રૂમમાં રીટાને દવાખાનાનાં કપડાં પહેરાવી લઈ ગયા. અમે લોકો બહાર રાહ જોઈને બેઠા હતા પરંતુ મારા મનમાં વિચારો ચાલુ થઈ ગયા હતા કે રાજુ, તું જાળમાં ફસાઈ ગયો છે. તું આમાંથી નીકળવાનો માર્ગ શોધવા માટે કોશિશ કર...

સર્જરી રૂમમાં લઈ ગયાનાં ૨૦ મિનિટ બાદ અમને ડો. મૃદુલ શર્મા અને ડો. ચિરાગએ બોલાવ્યા એટલે હું મારા મોટાભાઈ, મારી દીકરી, ડોક્ટરની ચેમ્બરમાં ગયા. ડોક્ટરે કોમ્પ્યુટરની સ્ક્રીનમાં અમને વિડિયો બતાવ્યો અને બોલ્યા કે આ નળી ૯૫% બ્લોક છે. આ નળી ૮૫% બ્લોક છે અને ત્રીજી નળી ૭૦% બ્લોક છે. હું સમજી ગયો હતો કે જાળ ફેલાવાઈ રહી છે. મે ડોક્ટરને કહ્યું કે આ મારી પત્નીની નળીઓ નથી, મારી પત્નીની નળીઓ પર બધે જ એનું નામ રીટા અંકિત થયેલું હોય, મારી આવી વાત સાંભળીને ડોક્ટર ગુસ્સે થઈને બોલ્યા : તમે આ વાતને ગંભીરતાથી સમજો તમારી પાસે સમય નથી, તાત્કાલિક બાયપાસ કરવું જ પડશે.!

યમરાજ સાથે સીધો સંપર્ક ધરાવતા હોય તેમ સીધું જ કહી દીધું કે બાયપાસ નહીં કરાવો તો તમારી પત્ની ૩ કલાકમાં ગુજરી જશે. આવું સાંભળી મારા મોટાભાઈ અને મારી દીકરીનાં ચહેરા પર ગ્લાનિ દેખાઈ પણ મેં હિંમત રાખીને ડોક્ટરને કહ્યું હવે, એન્જીયોગ્રાફી પણ પૂરી નથી કરવી તમે મારા પત્નીને સર્જરી રૂમ માંથી બહાર લાવો. અમારે કશું જ કરવું નથી.

એન્જીયોગ્રાફી અધૂરી મૂકીને મારા પત્નીને બહાર બોલાવી લીધા અને ડોક્ટરની ફી ૮,૫૦૦ રૂપિયા આપીને અમે ડોક્ટરની ઓફિસ બહાર નીકળતા હતા તો ફરી યમરાજ સાથે સીધો સંપર્ક ધરાવતા ડો. ચિરાગ અને ડો. મૃદુલનો અવાજ આવ્યો કે, તમે ઘરે નહી પહોંચી શકો રસ્તામાં કઈક થઈ જશે. એના જવાબમાં મેં એટલું જ કહ્યું કે સાહેબ, એ મારી પત્ની છે મારા પાપે મરશે તો ગમશે પણ તમારા પાપે નથી મરવા દેવી અને અમે ઘરે આવી ગયા.

આજે એ વાતને લગભગ સાત વર્ષ પૂરા થયા. મારી પત્ની કોઈપણ અલોપેથીક દવા વિના ઘરે કિલ્લોલ કરે છે.

આ તબક્કે મારે એટલો જ સંદેશ આપવાનો છે કે નળી બ્લોક થઈ જાય તો જરાય ગભરાવાની જરૂર નથી.

કુદરતની રચના મુજબ દરેક ક્ષણે આપણા શરીરમાં નવા–નવા કોષ બનતા જ હોય છે અને નળી બ્લોક થઈ જાય તો બીજી નળી સાથે હાર્ટ જોડાઈ જતુ હોય છે.

તમે જેવો પોષણયુક્ત ખોરાક ખાશો એ મુજબ નવા–નવા તંદુરસ્ત કોષનું ઉત્પાદન થતું રહેશે. તમારા શરીરને માફક ન આવે તેવા ખોરાક લેશો તો કોષો પણ વાંધાજનક ઉત્પન્ન થશે.

ઉપરોક્ત ઘટના પછી મને ઈશ્વર તરફથી સંકેત થયો કે તું લોકોની સારવાર કર. એ પછી વર્ષ ૨૦૧૪ માં મારા ઘરેથી લોકોના દર્દ સમજીને સારવાર કરવાનું ચાલુ કર્યું. જેમાં મારા ઘરના તમામ સભ્યોનો પૂર્ણ સહકાર છે.

વિવિધ પ્રકારનાં દર્દ લઈને આવતા લોકોએ વૈકલ્પિક દવાઓ વિશે અભ્યાસ કરવા મજબૂર કર્યો, ને વર્ષ ૨૦૧૭ માં બંગાળ યુનિવર્સીટીમાંથી online કોર્ષ કરીને પ્રમાણપત્ર પણ મેળવ્યું અને ઈશ્વરને સમર્પિત થઈને નિઃશુલ્ક Holistic Healing Centre રાજકોટમાં ચાલુ કર્યું એ પછી ઘણા દર્દીઓને blood pressure અને બીજા ઘણા રોગો માટેની અલોપેથીક દવાઓ બંધ કરાવી શક્યો છું. જે બધા જ લોકો ખૂબ સારી રીતે સ્વસ્થ જીવન વિતાવી રહ્યાં છે.

૨૩.૦૮.૨૦૨૧

□ □ □

પ્રથમ વખત ગર્ભવતી થયેલી યુવાન દીકરીઓની પણ દયા નથી રાખતા સ્ત્રી રોગ ચિકિત્સક...

એક નજીકના મિત્રની દીકરીનાં લગ્ન થયા બાદ પૂર્ણ સ્વસ્થ રીતે ગર્ભવતી થઈ. તેના ચહેરા પર ખુશીઓનો પાર નહોતો. દર પખવાડિયે એ દીકરી રાજકોટના સ્ત્રી રોગ ચિકિત્સકની મુલાકાતે જતી અને સ્ત્રી રોગ ચિકિત્સક અલગ–અલગ સૂચનાઓ આપતા અને ત્રણ મહિના પૂરા થયા એટલે ડોક્ટરે TSH નો રિપોર્ટ કરવા જણાવ્યું. (સામાન્ય રીતે કોઈ લક્ષણો જોવા મળતા ન હોય તો આવા રિપોર્ટની જરૂર ન હોય, પણ ડોક્ટરને ઈચ્છા થઈ ને રિપોર્ટ કરવા માટે રાજકોટની ખ્યાતનામ લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવા દીકરીને કહ્યું.

દીકરીએ રિપોર્ટ કરાવ્યો. TSH ૬૬.૯ mU/L આવ્યો, ડોક્ટરે રિપોર્ટ જોઈને કહ્યું કે તમારે ગર્ભપાત કરાવવો પડશે. જો તમે ગર્ભપાત નહિં કરાવો તો બાળક માનસિક રોગવાળુ આવશે. દીકરીનાં પગ નીચેથી જમીન સરકી ગઈ, ચહેરા પર વિશાદ છવાઈ ગયો.

દીકરી પોતાનાં ઘરે ગઈ...

ડોક્ટરે ખરેખર એ દીકરીને કહેવું જોઈએ કે આપણે બીજી લેબોરેટરીમાં ચેક કરાવીએ આ રિપોર્ટ કદાચ, સાચો ન પણ હોય. તેના બદલે ડોક્ટરે દીકરીને ડરાવી, રડાવીને ઘરે મોકલી દીધી.

દીકરીએ ઘરે જઈ પોતાના પતિ અને સાસુ–સસરાને વાત કરી તો ઘરનાએ નક્કી કર્યું કે આપણા જાણીતા ડોક્ટર છે એ કહેતાં હોય તો સાચું જ હોય, તેથી આપણે તુરંત ગર્ભપાત કરાવી લઈએ. બીજા દિવસે ડોક્ટર પાસે જઈને દીકરીએ ગમગિની સાથે ગર્ભપાત કરાવ્યો.

ગર્ભપાત કરાવ્યા પછી દીકરીનાં સસરા જે મારા મિત્ર છે તેને યાદ આવ્યું કે આપણે રાજુભાઈને મળવાની જરૂર હતી, ખોટી ઉતાવળ કરી નાખી. ચાલ અત્યારે રાજુભાઈને મળી આવીએ એમ કહી ગર્ભપાત કરાવ્યાના બીજા દિવસે અને TSH રિપોર્ટ કરાવ્યાના ત્રીજા દિવસે એ રિપોર્ટ લઈને મારી પાસે આવ્યા.

બધી જ હકીકત મને કહી સંભળાવી. મેં રિપોર્ટ જોયા અને કહ્યું કે દીકરીને કોઈ જ લક્ષણો તો દેખાતા નથી તો આટલું TSH નાં આવવું જોઈએ, કઈક ખોટું રંધાયું છે. આવું કહીને મેં એમને કહ્યું કે તમે આજે જ TSH બીજી લેબોરેટરીમાં કરાવો. મારી વાત માનીને તેમણે બીજી લેબોરેટરીમાં રિપોર્ટ કરાવ્યો અને TSH ૬.૬ mU/L આવ્યું કે જે પહેલો રિપોર્ટ TSH ૬૬.૯ mU/L હતો. માત્ર ૨ દિવસમાં TSH આટલું ઓછું ના થઈ શકે અને એ પણ દવા વિના...

પ્રથમ રિપોર્ટમાં શું ભૂલ થઈ હશે એ ડોક્ટર અને લેબોરેટરીવાળા ને જ ખબર. કદાચ એવું પણ હોય કે ડોક્ટરે

કહ્યું હોય લેબોરેટરી સંચાલકને કે વધુ લખજો.

ડોક્ટરને આવા રિપોર્ટ માટે કેમ શંકા ના થઈ ?

ડોક્ટરે ગર્ભપાત કરવાનો ઉતાવળિયો નિર્ણય કેમ લીધો હશે ?

ડોક્ટરે પ્રથમ વખત માં બનવાની ખુશી દીકરી પાસેથી શું કામ છીનવી લીધી હશે ?

સ્ત્રી રોગ ચિકિત્સકનાં વિના કારણે ૪૦ વર્ષ આસપાસની મહિલાઓને ઋતુસ્ત્રાવ વધારે આવે ત્યારે કેન્સરનો ડર બતાવીને uterus કઢાવી નાખવાનાં ઘણા કિસ્સા રોજ–રોજ સામે આવે છે.

ખોટી રીતે આશરે ૧૦ થી વધારે મહિલાઓને uterus કઢાવી નાખવા જણાવ્યું હતું. એ દરેક મહિલાને વૈકલ્પિક દવાથી ઋતુસ્ત્રાવ નિયમિત થઈ ગયું અને uterus કાઢવાની નોબત નથી આવી.

કારણ વિના uterus કાઢી નાખવામાં આવે તો બીજા કેટલા બધા સ્ત્રી રોગોની સંભાવના વધી જાય છે.

આપ સમજી શકશો કે શા કારણે uterus કઢાવી નાખવા માટે ડરાવે છે ?

૧૭.૦૩.૨૦૨૨

□ □ □

શ્રી વિવેકભાઈ રાબડિયા, ઉંમર ૩૨ વર્ષ, જુનાગઢ

શારીરિક સમસ્યા, ચાર વર્ષથી મૂત્ર વિસર્જન વખતે મળ વિસર્જન થઈ જતું હતું. તેના કારણે લગભગ દરેક વખતે કપડાં ખરાબ થઈ જતા હતા. સામાન્ય કરતાં મૂત્ર વિસર્જન વધારે વખત કરવું પડતું. પેટનો દુઃખાવો રહેતો, ખાટાં ઓડકાર આવતા. તારીખ ૩.૮.૨૦૧૮ નાં રોજ તેમણે પ્રથમ ડોક્ટરની મુલાકાત લીધેલી.

ચાર વર્ષ સુધીમાં રાજકોટની કિડની હોસ્પિટલ, અમદાવાદની નામાંકિત Zydus હોસ્પિટલ અને અન્ય નિષ્ણાંત urologists ની મુલાકાત લીધી. મળદ્વારના સ્નાયુઓ બરાબર કામ કરે છે કે નહિં તેના અલગ–અલગ પરીક્ષણ કર્યા.

રિપોર્ટ...

Bladder નો આકાર ચેક કરવા urethrography કરવામાં આવી

કેથેટર લગાવી મૂત્રનો flow માપવામાં આવ્યો

Urine નાં રિપોર્ટ કરવામાં આવ્યા

Sigmodoscopy રિપોર્ટ

Bladder ની દીવાલો ચેક કરવા sonography

કોલેસ્ટેરોલનાં રિપોર્ટ

રિપોર્ટનાં આધારે નિદાન.

મૂત્રમાર્ગ અને મળમાર્ગ વચ્ચેનાં સ્નાયુઓનું દર્દ છે

Irritable bowel syndrome IBS છે

કોલેસ્ટેરોલનાં દાણા goll bladder માં દેખાયા

પ્રોસ્ટેટ મોટુ થયું છે. વિગેરે...

૪ વર્ષ દરમ્યાન આપવામાં આવેલી દવાઓ.

Ecopod CV tablet – જે સામાન્ય રીતે શ્વસન તંત્રમાં ચેપ લાગ્યો હોય ત્યારે આપે છે

Cyclopam tablet – જે પેટ કે પેડુનાં દુઃખાવા માટે અપાતી હોય છે

Citralka liquid – જે સામાન્ય રીતે kidney stone માટે અપાતી હોય છે

Protosol powder – જે મલ્ટી વિટામિન છે

Zalling tablet – જે સામાન્ય રીતે ડિપ્રેશન અને ચિંતા માટે અપાતી હોય છે

Utiflow tablet – જે પ્રોસ્ટેટ મોટુ થયું હોય તેના માટે છે

Normaxin tablet – પેટનાં દુઃખાવા માટેની છે

Aciloc tablet – પેટમાં એસિડ વધારે હોય તો ઓછું કરવા માટે આપે છે

Cipzaspa tablet, Rifagut 400 tablet, Bonela 60k tablet, Obfol tablet, Matiz tablet, Lcef, DX tablet, Dysmen tablet, FZ LSR capsule, Diozyme tablet, Sporlac DS tablet, Droxyl calv 500 tablet, Remicone DSR tablet, Oncid gel, Anovate ointment, Mahacef tablet, Meftal spas tablet, Alkin syrup

ઉપરોક્ત દવાઓમાંની કેટલીય દવાઓ એવી હશે કે જે ફાર્મા કંપનીના ટાર્ગેટ પૂર્ણ કરવા માટે લખવામાં આવી હશે.

ડોક્ટરોએ urosurgical ક્રિયા માટે urosurgeon ની સલાહ લેવા પણ કહ્યું હતું. નસીબ સારા હશે કે વિવેકભાઈ surgeon ની ઝપેટમાં ચડયા નહિ. નહિતર વાઢ–કાપ પણ કરી નાખવામાં આવી હોત. આટલી દવાઓનું નિયમિત સેવન કર્યા પછી પણ શારીરિક સમસ્યા જેમની તેમ રહી. કપડાં બગડતા રહ્યા અને શરીરનો ઉજાસ નિસ્તેજ થતો ગયો.

મારી પાસે તારીખ ૨૫.૮.૨૦૨૨ ના રોજ આવ્યા. એમની સાથે વિગતવાર એમની સમસ્યા અંગે વાતો કરી અને અલગ–અલગ ડોક્ટરની મુલાકાતની માહિતી લીધા પછીનું મારૂ નિષ્કર્ષ હતું કે એમને licky guts ની સમસ્યા છે. જેમાં મૂત્ર વિસર્જન વખતે અને વાયુ વિસર્જન વખતે પણ મળ ત્યાગ થઈ જતો હોય. મોટા આંતરડામાં કચરો જમાં થઈ જવાને કારણે જ મોટાભાગની ચિત્ર–વિચિત્ર શારીરિક સમસ્યા ઉત્પન્ન થતી હોય છે.

તેમને નીચે મુજબની સારવાર અને દવા આપી.

આખા ધાણા ૪ ચમચી પાણીમાં પલાળી આખી રાત રાખી સવારે ગાળીને પીવું

અડધા ગ્લાસ ગરમ પાણીમાં એક લીંબુ નીચોવી દિવસમાં ૩ વખત પીવું

આખા દિવસ દરમ્યાન ૨ લીટર પાણી પીવું

જમ્યાના ૨ કલાક પછી મિલ્ક ઓફ મેગ્નેશિયા સીરપ ૪૦ ml ગ્લાસમાં લઈને અડધો ગ્લાસ સોડા નાખી તરત પીવું. ૪ દિવસ સુધી

ઘઉં, ખાંડ અને દૂધ ૧૫ દિવસ સુધી ન ખાવા

Colloidal silver જમ્યા પછી ૬૦ ml લેવું

Pure iodine નાં ૫ ટીપાં પાણી સાથે દિવસમાં એક વખત લેવા

ગઈકાલે એટલે કે તારીખ ૫.૯.૨૦૨૨ ના તેઓ ફરી આવ્યા હતા અને બોલ્યા કે છેલ્લા ચાર વરસ પછી છેલ્લા ૧૦ દિવસથી એકપણ કપડું ખરાબ નથી થયું, પેટનો દુઃખાવો મટી ગયો અને ચહેરા પર તેજ વધી ગયું. દર્દીની પ્રકૃતિ જાણીને સારવાર કરવામાં આવે તો રિપોર્ટ કે આટલી બધી ઝેરી દવાની જરૂરિયાત નથી રહેતી.

૦૫.૦૯.૨૦૨૨

શ્રી મુકુંદભાઈ પટેલ, ઉંમર ૬૩ વર્ષ, નડિયાદ

તેમને વારંવાર પેશાબ કરવાની અને પેશાબ બહુ ધીમે ધીમે આવતો હોવાની તકલીફ હતી. એ માટે તારીખ ૮ માર્ચનાં રોજ તે નડિયાદના ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે PSA ટેસ્ટ કરવા અને MRI કરવા માટે સૂચન કર્યું.

MRI માં પ્રોસ્ટેટ મોટું થવાનું અને પ્રોસ્ટેટ ગ્રંથિ પર કંઈક અલગ પ્રકારની ગાંઠ છે એવું પુરવાર થયું અને PSA ૧૯૨.૫ ng/ml આવ્યું. એ પછી ઉતાવળ સાથે ડરાવીને બાયોપ્સી કરવાનું કહ્યું અને પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન થયું. દર્દીને સર્જરી કરવાનું અને ત્યારબાદ કેમોથેરાપી અને રેડિયેશન લેવાની સૂચના આપી.

દર્દી એ રસ્તે જવાને બદલે વૈકલ્પિક સારવાર માટે મારા ક્લિનિક પર આવ્યા અને લગભગ બે મહિના સારવાર કરાવ્યા પછી તારીખ ૨૫ જૂન ૨૦૨૨ ના રોજ PSA ટેસ્ટ કરાવ્યો. એમના માટે આશ્ચર્યજનક ઘટના બની, એમનું PSA ૦.૫૬ ng/ml આવ્યું. પેશાબ કરવાની તકલીફ સાવ નિર્મૂળ થઈ ગઈ. મેં એમને આશરે ૧,૦૦૦ રૂપિયાની કિંમતની દવાઓ નિઃશુલ્ક આપી હતી.

શ્રી મુકુંદભાઈ મને report કરાવીને મળવા આવ્યા ત્યારે બહુ ખુશ હતા. ફરી તારીખ ૨૨.૨.૨૦૨૩ નાં રોજ મળવા આવેલા ત્યારે સાથે નવો રિપોર્ટ કરાવીને આવ્યા હતા તેમાં PSA ૦.૫૦ ng/ml હતું. મતલબ કે એકદમ સરસ સ્વાસ્થ્ય થઈ ગયું હતું. આ વખતે એમના વેવાઈને સાથે લઈને આવ્યા હતા. એમની ફરીયાદ હતી કે ડોક્ટર કહે છે કે લીવર કામ નથી કરતું બદલવું પડશે. એમની સાથે વાતચીત દરમ્યાન ખ્યાલ આવ્યો કે એમને લીવરની કોઈ તકલીફ નથી પરંતુ કબજીયાત ખૂબ છે. એમને પણ દવા આપી છે. શું પરિણામ આવ્યું એના કોઈ સમાચાર નથી.

૨૫.૦૨.૨૦૨૩

□ □ □

બાર વર્ષની દીકરીને લગભગ છેલ્લા દસ વર્ષથી ત્વચાની બિમારી હતી, જેના માટે તેમના માતા–પિતાએ તમામ આધુનિક સારવાર કરી લીધી હતી. જેમ–જેમ સારવાર કરતા ગયા તેમ તેમ રોગની તીવ્રતા વધતી ગઈ અને આખા શરીરની ત્વચાનો સત્યાનાશ થઇ ગયો. સુધીરભાઇ કોટેચા એમને મારી પાસે માર્ચ મહિનામાં લાવ્યા હતા.

મેં ત્વચા જોઇ ત્યારે મને પણ એવું લાગ્યું હતું કે આ મટે તેવું લાગતું નથી, પરંતુ દીકરી ઉપર ઈશ્વરનાં આશીર્વાદ હશે અને મારા દિલમાં સ્ફુર્યું કે હું જે પ્રવાહી એન્ટીબાયોટિક બનાવું છું એ કદાચ, કામ કરશે !!! તેથી મેં કહ્યું કે એક કુદરતી એન્ટીબાયોટીક પ્રવાહી રૂપે આપું છું, શરીરમાં કોઇ એક જગ્યાએ લગાવીને મને આઠ દિવસ પછી બતાવી જજો. આઠ દિવસ બાદ દીકરીનાં માતુશ્રી રાજી થતા આવ્યા કે રાજુભાઇ ઘણો ફરક લાગે છે. ત્યાર બાદ એપ્રિલ મહિનાથી આખા શરીરમાં લગાવવાનું ચાલુ કર્યું. જેની સકારાત્મક અસર નીચેની તસ્વીરમાં જોઈ શકો છો.

૨૬.૦૩.૨૦૨૪





આજનો ફોટો



પહેલા નો ફોટો

૨૦ વર્ષ ની દીકરી ને અકસ્માત ના કારણે ઇજા થઇ હતી તો ઓપરેશન કરી ને ૮ મહિના સુધી ડ્રેસિંગ કર્યું. રૂજ ના આવવાથી ફરી સાથળ માંથી સ્કિન લઈને લગાવી તો પણ રૂઝ ના આવી અને કેલોઇડ્સ થયું.એટલે ડોક્ટર કહ્યું કાયમી રહેશે.

૧૪ ઓગસ્ટ મારી પાસે આવ્યા હતા દવા લઈ ગયા આજે એમને ફોટો મોકલ્યો. આજે એ દીકરી બહુ ખુશ હતી.





ઉપરોક્ત દર્દી મોરબી ના છે.લગભગ આધુનિક સારવાર ૨ વરસ સુધી રાજકોટ ના ડોક્ટર પાસે કરાવ્યા બાદ ડોક્ટરે પગ કાપવો પડશે એવું નિદાન કર્યું

દર્દી ૩૫ વરસ ના હોય એમને પગ કાપવો નહોતો. એ દર્દી મારી પાસે આવ્યા એમને ૪ દિવસ મે જાતે ડ્રેસિંગ કરી આપ્યું પછી દર્દી ને શિખવાડ્યું એટલે એમને ઘરે ડ્રેસિંગ કર્યું.

૩ મહિના માં પગ એકદમ સરસ થઈ ગયો આજે લગભગ ૩ વરસ થઈ ગયાં છે અને પગ બિલકુલ બરોબર છે .

આ ડ્રેસિંગ કરવા માટે આશરે રૂપિયા ૧૫૦૦ ની દવા વપરાય હશે જે મારા ક્લિનિક માંથી વિના મૂલ્યે આપવામાં આવી.




રાજકોટ snk સ્કૂલ બસ ના ડ્રાઇવર હતા.મોમાં આટલું મોટું થયું ત્યાં સુધી એકપણ પ્રકાર ની સારવાર નહોતી કરાવી.કોઈ રિપોર્ટ પણ નહોતા કરાવ્યા.

એક દિવસ ત્યાંથી બહુ લોહી નીકળવા લાગ્યુ તો એમના સબંધી મારી પાસે લઈ ને આવ્યા.

એક મહિનો દવા ખાધી અને પરિણામ આવ્યું.એક મહિના પછી મારી પાસે આવ્યા ત્યારે મોઢા પર કપડું બાંધી ને આવ્યા હતા મારી પાસે આવી ને મે પૂછ્યું કેમ છે તમને ત્યારે કપડુંખોલી બતાવ્યું તો મારા આશ્ચર્ય નો પાર ના રહ્યો.

એ પછી લગભગ 4 મહિના પછી હદય રોગ ના હુમલા ને કારણે દેવ ગતી પામ્યા.




નમસ્તે ભાઈ, વર્ષો પછી દવા વગર આજે મારો ચોથો દિવસ છે. મને લાગે છે કે મારી બેસાકી છૂટી ગઈ, હું ખુલ્લા આકાશ મા ઉડી શકુ છું - મારી શ્રદ્ધા વધી રહી છે.
સવારે 22 અને સાંજે ૬-૩૦-૭ વાગ્યા
આદુ + લિમડું + સેવાળ કાલ થી ચાલુ કર્યુ છે.
થાઈરોડ નો રીપોર્ટ આવે એટલે મોકલુ છું.
એક અજાણીયા વ્યક્તિ માટે આપે આટલી કરૂણા અને લાગણી પ્રકટ કરી એના થી અમે ભાવવિભોર થઈ ગયા છીએ - આભારી પાસે કોઈ શબ્દ નથી. અમારા બન્ને ના આપને નમ્ર પ્રણામ.
વહેલી તકે આપને મળવા આવીશું






71 વર્ષ ની ઉંમર ના એક મુંબઈ માં રહેતા મહિલા દર્દી ના ફોટો છે.કોકિલા બેન અંબાણી હોસ્પિટલ માં દોઢ વર્ષ સારવાર કર્યા બાદ એમાં જીવાત થઈ જે દેખાય છે.

મારા એક દર્દી મારફતે વોટ્સએપ ના માધ્યમ થી સંપર્ક કર્યો,અહીંયાથી દવા ઓ મોકલી અને વોટ્સએપ ના માધ્યમ થી ડ્રેસિંગ કરાવ્યું. માત્ર દોઢ મહિના માં એકદમ સરસ સ્કિન આવવા લાગી. 3 વર્ષ પછી પણ એકદમ સરસ સ્થિતિ છે.






Rajesh Doshi, managing Director of Rajoo Engineers Limited situated in Rajkot Gujarat is a simply magnetic, wonderful, benevolent down to earth personality. I would like to give my views and my experiences shared with Rajoo uncle in a few words.
As mentioned above, Rajoo Uncle a millionaire business tycoon is actually a very generous humble and perfect human being. To begin with I first met him at Kathmandu, where we had gathered to go for 'The Kailash Mansarovar Yatra'. When I saw him for the first time there was undoubtedly something charismatic about him. As the journey passed, many of his good deeds and his great work unfolded gradually. That's where I felt that there's something different about him. And

I was fortunate to meet him again, when I visited Rajkot there I learnt that Rajoo uncle is a certified Doctor for alternate medicines. 5 days a week he dedicates to his patients. He initially worked from home, but as the number of patients increased he specially opened a clinic for them. He has treated number of cancer, diabetes and many other dangerous diseases. But the highlight is that he has treated each and every patient free of charge. Every month he gives away medicines worth 3 to 4 lakhs for free. His medicines are specially ordered from Germany and the USA. I can share my experience too, he also cured me of IBS that I was suffering for 12 years. I had shown to the best of Doctors in Mumbai, I was also operated with Appendix, but it was Rajoo uncle who gave me medicines and positive hope and cured me. Even today if I face any health issue I never consult any doctor apart from Rajoo Uncle.

They have a special daycare where the children of the working women are taken care by nannys and also provided with good food and medication.
Last but not the least Rajoo Uncle is God's messenger on earth. He has come to earth with the motive of curing and nurturing humanity. May God always Bless u Rajoo Uncle. I love u very much.

હું મારી જ વાત કરું તો કોરોનાના
સમયકાળ દરમિયાન મેં ક્યારેય માસ્ક
નથી પહેર્યું, કોરોના પોઝિટિવ આવેલા માણસોનાં
સગાંવ્હાલાં તેમને એક અલાયદા રૂમમાં કે અસ્પતાલમાં
મૂકી દેતાં, પરંતુ હું અને મારાં પત્ની આશરે વીસેક
જેટલા કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરે જઈ,
એમના પલંગ ઉપર બેસી તેમને સાંત્વના આપતા,
જરૂરી વિટામિન અને ખનિજો આપતા હતા.



વિશ્વ આરોગ્ય સંસ્થા,
કોરોના, વિવિધ રસીઓ
અને ચિકિત્સક,મારી નજરે !

હું જેટલું સમજું છું, ત્યાં સુધી WHO (World Health Organisation) એ સ્વાસ્થ્ય સંરક્ષણ માટેનું સંસ્થાન નથી, એ ફાર્મા કંપનીના અને વિશ્વના ૧૦ થી ૧૫% ધનપતિઓના આર્થિક સ્વાસ્થ્યને વધુને વધુ સ્વસ્થ બનાવવા માટેનું સંસ્થાન છે. બાકીના ૮૫ થી ૯૦% વૈશ્વિક પ્રજાજનો માટે WHOનો અર્થ World HAZARDOUS Organisation છે.

વિશ્વના તમામ પ્રજાજનોમાંના ૮૫ થી ૯૦% લોકોએ પોતાના દેશની આરોગ્યસંસ્થા જે નક્કી કરે એ મુજબ પોતાના સ્વાસ્થ્ય માટે જબરજસ્તીથી ઝૂરવાનું રહે છે, આનું કારણ એ છે કે ૧૯૪૮ માં આ સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી દુનિયાના તમામ દેશોને આ સંસ્થાનું સભ્યપદ આપવામાં આવ્યું અને WHO જે ફતવા બહાર પાડે એ દરેક દેશના આરોગ્યવિભાગે માનવાના અને એ મુજબ જે તે દેશના લોકોનાં સ્વાસ્થ્ય માટે ચેડાં કરવાના તેમજ WHO સંસ્થાને દાન આપનારી ફાર્મા કંપની અને બિલ ગેટ્સ જેવા શેતાનોને પોતાની મનમાની કરવા દેવાની. માત્ર ને માત્ર એલોપથી ચિકિત્સાપદ્ધતિ તથા એલોપથી દવાઓનો પ્રચાર કરવો, ફાર્મા કંપની દ્વારા પ્રસારિત થતા ફતવાઓને નિયમિત કરવા એ જ WHOનો મુખ્ય એજન્ડા છે. આ સંસ્થાના મુખ્ય દાનવીરમાં બિલ ગેટ્સ બીજા નંબરના સૌથી મોટા દાનવીર છે, જેમણે ૭૫૧ મિલિયન ડોલરનું દાન આપેલું છે. એટલે આપ સમજી શકશો કે WHOમાં કોની મનમાની ચાલતી હોય શકે.

જુન ૨૦૧૯ માં બિલ ગેટ્સના શેતાની દિમાગની પેદાશ રૂપે GAVI નામની વધુ એક જોખમી સંસ્થાની સ્થાપના થઈ, જેણે વૈશ્વિક રીતે બાળકોનાં ભવિષ્ય સાથે ચેડાં કરવા અને જુદા જુદા રોગોના ડર પેદા કરીને વેક્સિન બનાવવી અને પછી દરેક દેશો પાસેથી પૈસા કમાવાનું સાધન બનાવ્યું. આ સંસ્થાના સભ્ય તરીકે WHO અને વેકસીન વિકસાવતાં દેશો અને તેમની ફાર્મા કંપનીઓ છે.

ઉપરોકત બંને સંસ્થા લોકોના ભલા માટે નથી, નથી ને નથી જ. આ બંને સંસ્થાઓ વિશ્વના ૧૦ થી ૧૫% લોકો, અને અમુક પરિવારના ભલા માટે તથા એ લોકોની વિકૃત ઈચ્છાઓની પૂર્તિ કરવા માટે અવિરત કાર્યરત રહે છે. આ સંસ્થાઓ એ ફાર્મા કંપનીઓને મદદ કરવા માટે વૈશ્વિક રીતે એંથરેક્સ, રુબેલા, એઈડ્સ, બર્ડ ફલુ, સ્વાઈન ફલુ, સાર્સ, ઈબોલા, નીપાહ, હર્પીસ વગેરેનો ભય પેદા કર્યો છે અને હાલ તુરંતમાં કોરોનાનો ભય પેદા કરનાર પણ WHO નામની સંસ્થા છે. બિલ ગેટ્સ ૨૦૧૫ ની TeD Talkમાં બોલ્યો હતો કે ભવિષ્યમાં માનવજાતને અણુયુદ્ધ કરતાં યે વધારે ખતરો મહામારીથી થનારા નરસંહારનો હશે અને ૨૦૧૯ માં કોરોનાના માધ્યમથી એ કરી પણ બતાવ્યું.

કોરોના કંઈ રોગ નહોતો, કોરોના માત્ર એક ડર હતો અને ડરથી ભયભીત કરવામાં આવેલા લોકોનો ચિકિત્સકો અને અસ્પતાલોએ ભરપૂર ગેરલાભ ઉઠાવીને ઘણાને મોતને ઘાટ ઉતાર્યા હતા. કોરોનાને મહામારી જાહેર કરીને WHOએ સમગ્ર વિશ્વને બાનમાં રાખ્યું હતું. મહામારી ત્યારે જાહેર થાય કે જયારે દર ૧૦૦ માંથી ૧૦ માણસો એક સરખા રોગના કારણે અંતિમ સફરે નીકળી જતા હોય...

WHOના ધૂર્ત એજન્ટો અને અવિશ્વસનીય વ્યકિતઓ દ્વારા ખોટી રીતે પ્રચારિત અને પ્રસારિત કરવામાં આવેલાં આંકડાઓ મુજબ કોરોના નામની તથાકથિત મહામારીમાં આશરે ૭૦ કરોડ લોકો તથાકથિત કોરોના અસર હેઠળ આવ્યા હતા, જેમાંથી વૈશ્વિક રીતે ૬૯ લાખ લોકો મૃત્યુ પામ્યા. જે અસરગ્રસ્ત લોકોનો માત્ર એક ટકો છે અને વિશ્વની વસ્તીના પ્રમાણમાં લગભગ ૦.૦૯% જેટલું છે. ભારતમાં કુલ ૪.૫ કરોડ લોકો તથાકથિત કોરોનાની ચપેટમાં આવ્યા હતા અને તેમાંથી પાંચ લાખ લોકો કહેવાતા કોરોનાના કારણે મૃત જાહેર થયા. આ મૃત જાહેર થયેલા લોકોમાંથી મોટાભાગના લોકો હૃદયરોગ, ડાયાબિટીસ, કેન્સર વગેરે રોગોની દવા ખાનારા દર્દીઓ પણ હતા.

> તથાકથિત કહેવાતા કોરોનાના લીધે ભારતમાં છ લાખ લોકો મૃત્યુ પામેલા, જે ભારતની કુલ વસ્તીના ૦.૦૪૫% છે અને દર ૧૦૦૦ માણસે ૨.૩૩ માણસો થાય છે. આ પ્રમાણ સામાન્ય મૃત્યુ દર કરતાં ઘણો ઓછો છે. તો આને મહામારી કંઈ રીતે કહેવાય ?? એ મારી સમજ બહાર છે.

અત્યારનો ભારતનો ડેથ રેટ દર ૧૦૦૦ માણસોએ ૭.૪૬૦ નો છે. તથાકથિત કહેવાતા કોરોનાના લીધે ભારતમાં છ લાખ લોકો મૃત્યુ પામેલા, જે ભારતની કુલ વસ્તીના ૦.૦૪૫% છે અને દર ૧૦૦૦ માણસે ૨.૩૩ માણસો થાય છે. આ પ્રમાણ સામાન્ય મૃત્યુ દર કરતાં ઘણું ઓછું છે. તો આને મહામારી કંઈ રીતે કહેવાય ?? એ મારી સમજ બહાર છે.

કોરોનાનો ડર ફેલાવવામાં WHO સાથે તમામ પ્રકારના મીડિયા પણ જોડાયેલા હતા એટલે લોકોમાં ડર વધુ ફેલાવી શકાયો. સાથોસાથ કોરોના વાઈરસ કોઈએ જોયો નથી અને કોઈને જોવા મળશે પણ નહિ. લોકોને કોરોનાગ્રસ્ત બનાવવા માટે આર.ટી.પી.સી.આર. નામની પરીક્ષણપદ્ધતિને WHO એ મંજૂરી આપી દીધી, જે પદ્ધતિ શરીરમાંના આનુવંશિક પદાર્થ RNA જેવું સ્વરૂપ ધરાવતા કોઈપણ વાઈરસ ટેસ્ટિંગ કરવા માટે વાપરવા અંગે સંશોધન થયું હતું, નહિ કે માનવ શરીરમા રોગનું નિદાન કરવા માટે. WHOએ આ પદ્ધતિ એટલા માટે અપનાવી લીધી કે એનો નોબેલ પારિતોષિક વિજેતા સંશોધક ૨૦૧૬ માં મૃત્યુ પામ્યો હતો એટલે આ પદ્ધતિનો કોઈ વિરોધ કરવાવાળું નહોતું.

સમગ્ર દેશમાં લગભગ બધાં જ મોટાં શહેરોમાં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નિઃશુલ્ક રેપિડ એન્ટીજન ટેસ્ટ દ્વારા કોરોનાનું પરીક્ષણ કરવા માટે ધોમધખતા તાપમાં લોકોની કતારો લાગતી હતી અને લોકો મોબાઈલમાં રમતાં રમતાં કતારમાં પોતાનો વારો આવે એની રાહ જોતા. વારો આવે ત્યારે જો કોરોના પોઝિટિવ કહેવામાં આવે એટલે તરત એકદમ નબળાઈ મેહસૂસ કરતા હતા અને શ્વાસ પણ લેવામાં તકલીફો ચાલુ થઈ જતી હતી. એક મિનિટ પહેલાં મોબાઈલમાં રમતા કે સ્વજનો સાથે ખુશખુશાલ વાતો કરતા માણસને પોઝિટિવ કહેતાં જ તકલીફનો પાર નહોતો રહેતો. આનું કારણ માત્ર ને માત્ર ફેલાવાયેલો ડર હતો, કોરોના રોગ નહોતો. રાજસ્થાનમાં સરકારે ૧૭૦ કોરોના પોઝિટિવ દર્દીઓની ચકાસણી ચીનની રેપિડ એન્ટીજન કીટ દ્વારા કરવામાં આવી તો ૯૩ લોકો નેગેટિવ આવ્યા હતા.

રેમડેસિવિર દવા મૂળભૂત રીતે ઈબોલા વાઈરસના સંક્રમણથી થતા રોગની સારવાર માટે હતી, પરંતુ ઈબોલા ફેલાવ્યો ત્યારે મીડિયાને સાથે નહોતું રાખ્યું એટલે ઈબોલાનું અકાળે અવસાન થઈ ગયું અને દવા વધી પડી. તેનો બેફામ ઉપયોગ કોરોનામાં કરવામાં આવ્યો.

કોરોનાની વેક્સિન બનાવી અને વેચાઈ ગઈ, ફાર્મા કંપનીઓ અને ચિકિત્સકોએ અબજો રૂપિયાનો નફો રળી લીધો એટલે કોરોના અંગેનું પરીક્ષણ બંધ કરવામાં આવ્યું અને કોરોનાનો અંત આવી ગયો. ઉપરોકત જણાવ્યા મુજબ આશરે ૭૦ કરોડ લોકો કોરોના પોઝિટિવ થયા હતા તેના આશરે ૧ ટકો મૃત્યુને ભેટયા. બાકીના પોતાની રીતે સાજા થઈ ગયા, એનો અર્થ એ જ થાય કે આ કોઈ મહામારી (Pandemic) નહોતી પરંતુ પૂર્વ આયોજિત રોગચાળો (Plandemic) હતો. આમ કહેવા પાછળનું કારણ એ છે કે તથાકથિત કોરોના વાઈરસથી થતા મૃત્યુ કરતાં સામાન્ય ફ્લુથી વધુ લોકોનાં મૃત્યુ દર વર્ષે થઈ રહ્યાં છે. ડિસેમ્બર થી ફેબ્રુઆરી દરમિયાન સિઝનલ ફ્લૂના કારણે WHOના આંકડાઓના આધારે દર વર્ષે ભારતમાં ૮,૩૦,૦૦૦ સ્ત્રી પુરુષોનાં મૃત્યુ થાય છે, જે કોરોનાનાં બે વરસ દરમિયાન થયેલા કોરોનાનાં નામે લખાયેલાં મૃત્યુની સંખ્યા કરતાં દોઢી સંખ્યા છે.

રેમડેસિવિર દવા મૂળભૂત રીતે ઈબોલા વાઈરસના સંક્રમણથી થતા રોગની સારવાર માટે હતી, પરંતુ ઈબોલા ફેલાવ્યો ત્યારે મીડિયાને સાથે નહોતું રાખ્યું એટલે ઈબોલાનું અકાળે અવસાન થઈ ગયું અને દવા વધી પડી. તેનો બેફામ ઉપયોગ કોરોનામાં કરવામાં આવ્યો.

એવું ઢોલ પીટીને કહેવામાં આવતું કે કોરોના ચેપી છે. બે વ્યક્તિઓ વચ્ચે બે મીટરનું અંતર રાખવું, કોઈપણ જગ્યાએ કતાર હોય તો એમાં પણ બે વ્યક્તિ વચ્ચે આટલું અંતર જરૂર રાખવું, માસ્ક પહેરીને જ બહાર નીકળવું, ગાડીમાં ત્રણથી વધારે વ્યક્તિએ બેસવું નહીં, વેક્સિન ફરજિયાત લેવી, નાના મોટા ઉદ્યોગો સાથે સંકળાયેલા કર્મચારીઓને વેક્સિન ના લે, તો પગાર ન આપવો. આવી વિષમ પરિસ્થિતિનું નિર્માણ કરીને લોકોમાં ડરનો માહોલ ઊભો કરવામાં આવ્યો હતો. ફ્લાઈટમાં બે વ્યક્તિઓ વચ્ચે અંતર જાળવવાની જરૂર નહોતી ? ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતી એર ઈન્ડિયાની ત્યારની ફ્લાઈટમાં એક પણ સીટ ખાલી રાખવામાં આવી નહોતી અને એની સામે એક પાઈલટે બોમ્બે હાઈકોર્ટમાં અરજી પણ કરી હતી તો પણ વંદે ભારતના નામે ચાલતી ફ્લાઈટો ચિક્કાર ભરાઈને માણસોને લાવતી હતી.

□ □ □

હું મારી જ વાત કરું તો કોરોનાના સમયકાળ દરમિયાન મેં કયારેય માસ્ક નથી પહેર્યું, કોરોના પોઝિટિવ આવેલા માણસોનાં સગાંવ્હાલાં તેમને એક અલાયદા રૂમમાં કે અસ્પતાલમાં મૂકી દેતાં, પરંતુ હું અને મારાં પત્ની આશરે વીસેક જેટલા કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરે જઈ, એમના પલંગ ઉપર બેસી તેમને સાંત્વના આપતા, જરૂરી વિટામિન અને ખનિજો આપતા હતા. મારા મોટાભાઈ અને ભાભીશ્રી કાળઝાળ ગરમી વચ્ચે કોરોનાની બીજી લહેરમાં સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની કતારો થતી ત્યારે ત્યાં દર્દી અને એની સાથેના વ્યક્તિને નારિયેળ અને પાણી પિવડાવવા જતા હતા પણ અમારા ચારમાંથી કોઈનેય કયારેય શ્વાસ લેવામાં તકલીફ કે શરદી ઉધરસ પણ નથી થયા. અમુક દર્દીઓ પાસે મારી દીકરીઓ પણ સાથે આવતી હતી. મજાની વાત એ હતી કે લોકડાઉનમાં પણ ઓનલાઈન ખોરાક અને જીવન જરૂરી વસ્તુઓ બેધડક મળતી હતી, શું આહારની ડિલિવરી કરવાવાળાને કોરોના માફ કરી દેતો હશે ?

મેં કે મારા પરિવારે એક પણ વેક્સિન લીધી નથી અને હું એ પણ સ્પષ્ટપણે માનું છું કે ભારતમાં વસતા મોટાભાગના ડોકટરો, કીર્તિમાન લોકો, મોટા ગજાના રાજકારણીઓએ કોરોનાના વેક્સિન લીધા નથી, બધાએ વેક્સિન લીધા હોવાનાં પ્રમાણપત્રો મેળવી લીધાં છે, પરંતુ ડોકટરોએ અને મીડિયાએ અપપ્રચાર કરીને માત્ર સામાન્ય લોકોને ડરાવ્યા અને વેક્સિન લેવા મજબૂર કર્યા છે. આ કોરોના વેક્સિનની આડઅસરના પરિણામે લોકોને હર્પીસ, સાથળના હાડકાંનો દુઃખાવો, પ્લેટલેટ વધી જવા, કિડનીની તકલીફો, વૃદ્ધ મહિલાઓને ફરી માસિક સ્રાવ ચાલુ થવો, એકાએક હૃદય બંધ પડી જવું વગેરે તકલીફો થાય છે.

બાળકો જન્મે ત્યારથી વેક્સિનના નામે એમના લોહીમાં ઝેર ભેળવવામાં આવી રહ્યું છે અને હમણાં નવા બે વેકસીન આવ્યા છે... એક ૧૩ વર્ષની કુમળી બાળાના લોહીમાં ઝેર ભેળવવા માટે બહાનું આપ્યું કે બાળાને ભવિષ્યમાં સ્તનનું કેન્સર ના થાય અને બીજું ૫૦ વર્ષના આધેડના લોહીમાં ઝેર ભેળવવા માટે બહાનું આપ્યું કે આધેડને હર્પીસથી બચાવવા માટે. લગભગ ૧૭૮૩ થી રસીની શરૂઆત થઈ છે, ત્યારથી લોકોના સ્વાસ્થ્ય અંગેની સ્વતંત્રતા જોખમાય છે. સૌપ્રથમ શીતળાની રસી આપવામાં આવી.

મારા મોટાભાઈ અને ભાભીશ્રી કાળઝાળ ગરમી વચ્ચે કોરોનાની બીજી લહેરમાં સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની કતારો થતી ત્યારે ત્યાં દર્દી અને એની સાથેના વ્યક્તિને નારિયેળ અને પાણી પીવડાવવા જતા હતા પણ અમારા ચારમાંથી કોઈનેય ક્યારેય શ્વાસ લેવામાં તકલીફ કે શરદી ઉધરસ પણ નથી થયા.

પ્રાચીન સમયમાં લોકો એવું માનતા કે જેને શીતળા થયો છે, તેના શીતળાના દાણામાંથી પસ લઈને સાજા માણસના શરીરમાં ઈન્જેકશન દ્વારા આપવું જેથી સ્વસ્થ માણસને શીતળા ના થાય. ત્યારે એવું પણ માનવામાં આવતું કે Cowpox શીતળા કરતાં ઘણો હળવો રોગ હતો અને Cowpox થયો હોય તેને શીતળા થતા નહિ... આના આધારે બ્રિટનના જેનર નામના એક શેતાને Cowpox એટલે કે બળિયા રોગના પસ અને શીતળા રોગના પસને મિક્સ કરીને એમાંથી વેક્સિન બનાવ્યું, જે સ્વસ્થ માણસને આપ્યું અને એ પછી તરત શીતળાના પસનું ઈન્જેકશન આપ્યું અને એને શીતળા ના થયો એટલે માની લીધું કે વેક્સિન પુરવાર થઈ ગયું છે. ૧૭૦૧ થી ૧૭૯૬ સુધીમાં શીતળાથી ૩૫૪૮ લોકોનાં મોત થયાં હતાં અને ૧૮૦૧ થી ૧૮૭૧ સુધીમાં વેક્સિન આપ્યા હોવા છતાં ૭૯૧૨ લોકોનાં મોત થયાં.

હાલમાં GSK કંપનીની SHINGRIX રસીની જાહેરાત અમિતાભ બચ્ચન કરી રહ્યો છે. Shingles ના થાય એના માટેની જાહેરાતમાં કહેવામાં આવે છે કે ૫૦ વર્ષની ઉંમર થાય એટલે આ રસી લેવાથી ઉપરોક્ત અતિ ગંભીર અસહ્ય પીડા આપનારો ત્વચાનો રોગ ના થાય. આ જાહેરાતથી અમિતાભ બચ્ચનને સીધી યા આડકતરી રીતે પુષ્કળ પૈસા મળશે અને આપણને ભવિષ્યમાં કંઈક નવી બીમારી.

હકીકત એવી છે કે ભારતની ૧૪૦ કરોડની વસ્તીમાં ૨૦૧૮ સુધી લગભગ ૧૦ લાખ લોકોને આ ત્વચાનો રોગ થતો. કોરોનાની રસીના ત્રણ ડોઝ લીધા પછી આ આંકડો ખાસ્સો વધ્યો છે એટલે કોરોનાની રસીની આડઅસરનું તરકટ છતું ના થાય એટલા માટે આવા મોટા કલાકાર મારફતે જાહેરાત કરાવી ૫૦ થી વધારે ઉંમર ધરાવતા લોકોને હર્પીસ નહિ થાય એવા રાજીપા સાથે રસી આપીને કયા નવા રોગને આમંત્રણ આપશે, એ ખબર નથી.

બને ત્યાં સુધી ભવિષ્યમાં શી તકલીફ આપશે એની જાણ ન હોય તેવી રસી ના લેવાય એ જ સારું. એડવર્ડ જેનરની શોધને વટાવીને ચરી ખાનારા એમના વેક્સિન વારસદારો બિલ ગેટ્સ, આદર પુનાવાલા, ફાઈઝર અને બીજા

કેટલાય, નિર્દોષ બાળકોને ભોગ બનાવી રહ્યા છે. આજકાલ બાળકોને અપાતી વેક્સિનમાંના લગભગ ૩૦% બાળકોને એની આડઅસર તરત દેખાય છે. એક નિર્દોષ તંદુરસ્ત સાજા સારા બાળકની જિંદગી એક ટીકા વેક્સિનથી બરબાદ થઈ જાય છે. લાખો માનવીઓની જિંદગી બરબાદ કર્યા પછી આખી દુનિયાના સ્વાસ્થ્યનો ઈજારો પોતાને હસ્તક પકડીને બેઠેલા WHO (WORLD HEALTH ORGANISATION) જેવું છેતરામણું નામ ધરાવતી સંસ્થા એ પોતાના જ ૧૯૭૫ નાં બુલેટિન W.H.O. 1975-52-209-22 માં એક લીટીમાં કબૂલ કર્યું છે કે, વેક્સિન રોગોને નાબુદ કરવામાં જરાય ઉપયોગી નથી. DTP VG-H1N1 વેક્સિન આપ્યા પછી બાળકોમાં તાણ, આંચકી વિગેરે રીએકશન વધુ જોવા મળે છે.

આજકાલ કોરોના વેક્સિનનાં બે વરસ પૂર્ણ થવાના આરે આડઅસરોના સમાચાર ઠેર ઠેરથી મળી રહ્યા છે. દરેક માનવીની શારીરિક રચના એકબીજાથી અલગ અલગ હોય છે. દરેક માનવીની રોગ પ્રતિકારક શક્તિ અલગ અલગ હોય છે. દરેક માનવીની સ્વાદની પસંદગી અલગ અલગ હોય છે. દરેક માનવીના DNA અલગ અલગ હોય છે. દરેક માનવીની જીવનશૈલી પણ અલગ અલગ હોય છે.

– તો દરેકને માટે વેક્સિન એકસરખી કેવી રીતે હોય શકે ? કોરોના વેક્સિનની આડઅસરો નીચે મુજબ જોવા મળી રહી છે. રમતાં રમતાં યુવાન માનવીનું મોત, હિમોગ્લોબીન, પ્લેટલેટનું લેવલ ઓછું થઈ જવું. કખવા (Herpis) થવું, કિડનીની આજુબાજુમાં દુઃખાવો થવો, ૬૫ કે ૭૦ વર્ષની મહિલાઓને ફરી માસિક આવવું, વૈશ્વિક રીતે અકારણ મૃત્યુના સમાચાર પણ આવી રહ્યા છે.

HPV VACCINE 2006 માં તૈયાર કરવામાં આવી હતી ત્યારે ઠેર ઠેર એનો વિરોધ પણ થયો હતો. ઘણા દેશોએ આ રસી ઉપર પ્રતિબંધ પણ મૂકયો હતો પરંતુ WMF, WHO, IMF અને સ્થાપિત હિતો ધરાવતા લોકોના એક ગ્રૂપની સામે બધા જ દેશોએ એ આ વેક્સિનને પોતાના દેશના સ્વાસ્થ્યરક્ષાના પ્રોગ્રામમાં ફરજિયાતની કક્ષામાં મૂકી દીધી.

https://qvive.in/india-news/trial-and-error-ethical-violations-of-hpv-vaccination-trials-in- india-noxious-vaccines-by-bill-gates/.....

> આખી દુનિયાના સ્વાસ્થ્યનો ઈજારો પોતાના હસ્તક પકડીને બેઠેલા WHO જેવું છેતરામણું નામ ધરાવતી સંસ્થા
> એ પોતાના જ ૧૯૭૫ નાં બુલેટિન W.H.O. 1975-52-209-22 માં એક લીટીમાં કબૂલ કર્યું છે કે,
> વેક્સિન રોગોને નાબૂદ કરવામાં જરાય ઉપયોગી નથી.

૨૦૦૯ માં HPV વેક્સિનની ટ્રાયલ આંધ્રપ્રદેશ અને તેલંગણાની બોર્ડર પર આવેલા ખમ્મમ જિલ્લામાં અને ગુજરાતમાં વડોદરા જિલ્લામાં કરવામાં આવેલી અને ૧૪૦૦૦ થી વધારે ગરીબ દીકરીઓને ટ્રાયલનો ભાગ બનાવ્યો તેમાંથી ઘણી મૃત્યુ પામી અને ઘણીને બહુ બધી આડઅસરો થઈ હતી ત્યારે મૃત્યુ પામેલી દીકરીઓનું પોસ્ટમોર્ટમ કરીને આત્મહત્યા કરી છે એવું સ્વાસ્થ્ય અધિકારીઓએ ફેલાવ્યું હતું.

૨૦૧૬ થી ભારત સરકારના સ્વાસ્થ્ય પ્રોગ્રામમાં આ વેક્સિન ૧૧ થી ૧૫ વર્ષની દીકરીઓને આપવાનું શરૂ કરી દીધું છે. આ વેક્સિનની કિંમત આશરે ૩,૦૦૦ થી ૪,૦૦૦ રૂપિયાની વચ્ચે છે.

HPV વેક્સિન એટલા માટે આપે છે કે એના પછી યુવતીને ગર્ભાશયનું કેન્સર ના થાય, પણ WHO સંસ્થાની વેબસાઈટ પરના આંકડા મુજબ આખી દુનિયામાં ૨૦૨૧ માં ૮૦૦ કરોડની જનસંખ્યામાંથી ૬,૪૦,૦૦૦ સ્ત્રીઓને ગર્ભાશયનું કેન્સર થયું હતું અને એમાંથી કેન્સરની ઝેરી સારવારના કારણે ૨,૪૦,૦૦૦ સ્ત્રીઓનું મૃત્યુ થયેલું. આમાં વેક્સિનની શી જરૂર છે ?

WHO એ ખરેખર WORLD HAZARDOUS ORGANISATION હોય એવું નથી લાગતું ?

બિલ ગેટ્સ એ ગ્લોબલ વેક્સિન એલાયન્સની રચના કરી, જે દરેક દેશને વેક્સિન પૂરું પાડે છે. આ એલાયન્સમાં બિલ ગેટ્સે ૧૯૯૯ માં ૭૫૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. આ સંસ્થામાં તેમના બંધારણ મુજબ જે તે દેશના સ્વાસ્થ્યમંત્રી સદસ્ય બની જાય છે અને એ પછી GAVI ની જે માર્ગદર્શિકા આવે એ મુજબ વેક્સિનના પ્રોગ્રામ જે તે દેશમાં ચલાવવામાં આવે છે.

આપણે આપણી દીકરીઓને આ વેક્સિનથી દૂર રાખીશું તો એ જીવનભર સુખી રહી શકશે એવું હું દૃઢપણે માનું છું.

સ્તનકેન્સરથી બચી શકાય એવી ભ્રામક જાહેરાતો કરીને આ રસી આપવામાં આવી રહી છે. સ્ત્રીરોગ ચિકિત્સામાં વપરાતી હોર્મોન્સની દવાઓના કારણે સ્તનકેન્સર થવાની શકયતા વધુ છે તો એનો બહિષ્કાર કરવાની જરૂર છે, નહિ કે નવા નવા રસી આપવાની !

> ૨૦૦૯ માં HPV વેક્સિનની ટ્રાયલ આંધ્રપ્રદેશ અને તેલંગણાની બોર્ડર પર આવેલા ખમ્મમ જિલ્લામાં અને ગુજરાતમાં વડોદરા જિલ્લામાં કરવામાં આવેલી અને ૧૪૦૦૦ થી વધારે ગરીબ દીકરીઓને ટ્રાયલનો ભાગ બનાવ્યો તેમાંથી...

આ રસી લીધાં પછી સ્તનકેન્સર કદાચ ના થાય પરંતુ જે તે દીકરી સમૂળગી "માં" નહીં બની શકે તો ? ભવિષ્યમાં સ્ત્રીરોગ ચિકિત્સામાં વપરાતી વિષારી દવાઓનો વ્યાપાર વધારવા માટેનું આ તરકટ લાગે છે.

અમેરિકન ડોકટર હર્બર્ટ શેલ્ટન (૧૮૯૫ થી ૧૯૮૫) કહે છે, અમારા તબીબી નિયંત્રણ બોર્ડ નકલી રોગચાળો ફેલાવે છે અને પોતાના નફા માટે લોકોમાં ગભરાટ ફેલાવે છે, જેમ કે ૧૯૨૫ માં ફિલાડેલ્ફીયામાં, ૧૯૨૧ માં કેન્સાસ અને બાલ્ટીમોરમાં, ૧૯૨૫ માં ન્યુર્યોકમાં ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરેલો પરંતુ ત્યાંના પ્રિન્ટ મીડિયાએ ખુલ્લી લડાઈ કરી તો કમિશનર ઓફ હેલ્થે ગભરાટ ફેલાવવાની વાત રદ કરાવી.

ડોકટર વિલિયમ એસ ટેબ (MD, Phd.) કહે છે કે વિશ્વના જે જે ભાગોમાં રસીકરણની પ્રેક્ટિસ કરવામાં આવે છે ત્યાં ત્યાં કેન્સરરોગમાં વધારો જોવામાં આવે છે.

ડોકટર રોબર્ટ એ. ગન (MD) કહે છે કે "દરેક બુદ્ધિશાળી વ્યક્તિ જે રસીકરણની તપાસ કરવા માટે સમય કાઢી અને રસીકરણ વિરોધી સાહિત્યની એકપણ લીટી વાંચ્યાં વિના, રસીકરણના હિમાયતીઓનાં પ્રકાશિત લખાણો અને સાર્વજનિક રેકોર્ડમાં વિપુલ પ્રમાણમાં પુરાવાઓ શોધી શકશે કે તમામ રસી નિરર્થક છે. થોડી મહેનત કરીને આ નિરર્થકતા સાબિત કરતા દબાવી રાખેલા પુરાવાઓ શોધીને જાહેર કરીશું તો કોઈપણ રસી આપનાર કે બનાવનાર માથું ઊંચકી શકશે નહિ.

શ્રીમાન મિશેલ બ્રિટિશ હાઉસ ઓફ કોમન્સના સદસ્ય કહે છે કે, રસીકરણે હત્યાને કાયદેસર બનાવી દીધી છે. જેનેરનો રસીકરણવાદ માનવજાતિના સ્વાસ્થ્ય માટે છેતરપિંડી સમાન બોજો છે.

સમાચાર વાંચનારની પાછળ, બાળ રોગ ચિકિત્સકોની પાછળ, તબીબી ચિકિત્સકોની પાછળ, ટી.વી. હસ્તીઓની પાછળ, ભ્રષ્ટ અધિકારીઓ અને નફ્ફટ રાજકારણીઓની પાછળ દવા કંપનીઓ (રસી ઉત્પાદકો) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમના પગારનો ખર્ચ કરતી હોય છે, જેથી દવા કંપનીઓ કૃત્રિમ રોગચાળા ફેલાવી અબજો કમાવવામાં

સંપૂર્ણ સફળ રહી શકે છે.

જ્યારે પણ તમે કોઈ નવા રોગ વિશે સાંભળો છો કે જે માનવજાતિનો નાશ કરવા જઈ રહ્યો છે, ત્યારે તમારી જાતને પ્રશ્ન પૂછો :

– રોગ ફેલાવવા અને રસીના વેચાણથી કોને ફાયદો થાય છે ?

– જો હું રસી ન લઉં તો મને આ રોગ થવાની સંભાવના શી છે અને જો હું રસી લઉં તો શું થશે ?

– રસીકરણનાં જોખમો શાં છે ?

– આ ફેલાવાયેલો રોગ શો છે ?

– શું આ રસીઓ કામ કરે છે તે દર્શાવતા કોઈ પુખ્ત પુરાવા છે ?

ટૂંક સમયમાં માનવસમુદાયને એવું જ્ઞાન થશે જ કે સ્વસ્થ શરીરમાં ઝેર નાખવાથી આવતું નથી, એટલે તમારા સ્વાસ્થ્યને લઈને ફાર્માસ્યુટિકલ કંપનીઓ ઉપર વિશ્વાસ ન કરવો જોઈએ.

મોટાભાગના સંજોગોમાં, રોગ એ એક સમયે બનતી કોઈ એક ઘટનાનું પરિણામ નથી હોતું, પરંતુ સામાજિક, માનસિક, શારીરિક એમ ઘણી ઘટનાઓનું સંભવિત પરિણામ છે. જીવનમાં બનતી દરેક સુખ દુઃખની ઘટનાઓ જીવતંત્ર ઉપર અલગ અલગ સમયે અલગ અલગ અસર કરે છે અને જૈવિક પ્રતિક્રિયા ઉપર પોતાની અસર છોડી જાય છે. બહુ દૂર નહિ પરંતુ, આશરે લગભગ ૨૦૦ વર્ષ પહેલાંના ચિકિત્સકોની કલાનો મૂળભૂત સિદ્ધાંત હતો કે પ્રકૃતિ હંમેશા સ્થિરતાની સ્થિતિ જાળવી રાખવા માગે છે અને કુદરતી તાકાતો શરીરનાં સામાન્ય ઘટકો વચ્ચે સંતુલન જાળવવા પ્રયત્નશીલ રહે છે, સતત વ્યવસ્થિત રાખે અને પુનઃ સ્થાપિત કરે છે. જ્યારે આ સંતુલન જાળવાયેલું રહે ત્યાં સુધી આપણે સ્વસ્થ રહીએ છીએ, જીવનના વિવિધ પ્રભાવોને કારણે આ સંતુલન ખોરવાય ત્યારે માંદગી વિકસે છે. તેથી દર્દી વિશે સંપૂર્ણ માહિતી મેળવીને શરીરનાં સામાન્ય ઘટકો વચ્ચે સંતુલન જળવાઈ રહે એ સમજાવવું ચિકિત્સકનું કાર્ય છે. ચિકિત્સકે પોતાની જાતને એટલી પરિચિત કરવી જોઈએ કે દર્દીને જાણીને કહી શકે કે કયા ઘટનાક્રમથી રોગની અગવડ ઊભી થઈ છે. માત્ર રિપોર્ટના આધારે નિદાન એ સદંતર માનવશરીર અને માનવપ્રકૃતિ માટે વિરોધાભાસી છે. આ ઘટનાઓની અસરનો સરવાળો કે બાદબાકી મનુષ્યમાં રોગ તરીકે ઓળખવા માટેની અગવડ ઊભી કરે છે.

> શ્રીમાન મિશેલ
> બ્રિટિશ હાઉસ ઓફ કોમન્સના
> સદસ્ય કહે છે કે,
> રસીકરણે હત્યાને કાયદેસર બનાવી
> દીધી છે. જેનેરનો
> રસીકરણવાદ માનવ
> જાતિના સ્વાસ્થ્ય માટે
> છેતરપિંડી
> સમાન બોજો છે.

શરીરના દરેક કોષનિદાન માટેની અભિવ્યક્તિ ધરાવે છે અને ઉપરોક્ત ઘટનાઓને કારણે દરેક કોષ અલગ અલગ વ્યક્તિમાં એકસરખી અને જુદી જુદી પ્રતિક્રિયા આપે છે. મોટાભાગે, દરેક વ્યક્તિની બીમારી અનન્ય હોય છે. કોઈ બે વ્યક્તિને શરદી થઈ હોય તો બંનેનું કારણ અલગ અલગ હોય શકે છે. કોઈને ઠંડીને કારણે શરદી થાય તો બીજાને ના પણ થાય.

સારા ચિકિત્સક પોતાના દર્દીને સંપૂર્ણ રીતે જાણે, અને પોતાના જ્ઞાનની વહેંચણી કરતા હોય છે. સમય, સહાનુભૂતિ અને સમજણને ઉમળકાભેર વિતરિત કરતા હોવા જોઈએ અને દર્દીની માનવતા સભર સંભાળ લઈને

નિદાન કરવા જોઈએ... આવા ચિકિત્સકો પાસે ઘણા દર્દીઓ, તેમની સ્થિતિ જોખમી છે તે અંગે સભાન હોવા છતાં, ચિકિત્સકની કૃપા અને દર્દીની સંતુષ્ટિના કારણે પુનઃ સ્વસ્થ થાય છે.

પરંતુ, આજકાલના મોટાભાગના ચિકિત્સકો પાસે દર્દીની વાત સાંભળવાનો સમય નથી હોતો. કદાચ, સાંભળે તો પણ રિપોર્ટ વિના રોગનું નિદાન કરવાની સમજ પણ કદાચ નથી. હળવા તાવ–શરદી હોય તો પણ લોહીના જાતજાતના રીપોટ્ર્સ, એક્સ રે, સીટી સ્કેન વગેરે કરાવે જ. રિપોર્ટના આધારે આપવાની થતી હોય એના કરતાં લગભગ ચાર ગણી દવાઓ આપે. એ પછી દર્દીને કહેવામાં આવે કે ફરી ચાર દિવસ પછી બધા રીપોટ્ર્સ કરાવી બતાવી જજો... ચિકિત્સક ક્યારેય એવું ના કહે કે ત્રણ દિવસ દવા લેશો એટલે એકદમ સારું થઈ જશે. દર્દી ડોકટરને રોગનાં કારણોની પૂછપરછ કરે તો મોટાભાગના ડોકટર ગરમ થઈ જાય અથવા વાહિયાત જવાબો આપે દા.ત. તમને લોહીમાં શરદી છે એટલે મટવામાં બહુ વાર લાગશે. મેડિકલ વિજ્ઞાને પ્રગતિ કરી કે લોકોની અધોગતિ થઈ એ સમજાતું નથી, ફાર્મા કંપનીઓના પ્રતિનિધિઓ ચિકિત્સકોને રોજબરોજ મળીને પોતાની વિષારી દવાઓનાં વખાણ કરતી રહે, ચિકિત્સકો પોતાના દર્દીઓને સારવારના નામે પુષ્કળ દવાઓ ખવડાવે પણ ક્યારેય દવાની આડઅસરો વિશે જણાવે નહિ.

> દરેક કોષ અલગ અલગ વ્યક્તિમાં એકસરખી અને જુદી જુદી પ્રતિક્રિયા આપે છે. મોટાભાગે, દરેક વ્યક્તિની બીમારી અનન્ય હોય છે. કોઈ બે વ્યક્તિને શરદી થઈ હોય તો બંનેનું કારણ અલગ અલગ હોય શકે છે. કોઈને ઠંડીના કારણે શરદી થાય તો બીજાને ના પણ થાય.

હજુ સુધી કેન્સરની સાચી સારવાર કે દવા મળી નથી પરંતુ ચિકિત્સકો અને ફાર્મા કંપનીની દયાથી દર્દીઓને રિબાવાનું સારી રીતે મળી રહ્યું છે. કેન્સરના દર્દીને ચિકિત્સક સમજાવે કે તમે કેમોથેરાપી ચાલુ કરો તો બધું સારું થઈ જશે, દર્દી ચિકિત્સક ઉપર ભગવાન જેટલો ભરોસો કરે અને કેમોથેરાપી ચાલુ કરે. એક કે બે ડોઝ આપવામાં આવે ત્યાં દર્દીની હાલત કફોડી થઈ જાય ત્યારે દર્દી પૂછે કે, સાહેબ આવું કેમ થયું ? તો ચિકિત્સિક જવાબ આપે કે તમને જ આવી તકલીફ થઈ છે, બીજા દર્દીઓને આવું નથી થતું એટલે દર્દી પોતાની જાતને કોસે. આજના ચિકિત્સકો રોગનાં મૂળ સુધી ક્યારેય જવાની તકલીફ નથી લેતાં, માત્ર રોગનાં લક્ષણોને વિષારી દવાઓ આપીને દબાવી દેવાની કોશિશ કરતા રહે છે.

આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં મોટાભાગની સ્ત્રીઓને પ્રસૂતિ નોર્મલ થતી અને સ્ત્રીઓને ખરા માતૃત્વની લાગણીની અનુભૂતિ થતી અને બાળકનો જન્મ મધ્યરાત્રીએ પણ થતો. અત્યારના કિલનિકલ વિજ્ઞાને પ્રગતિ કરી એટલે મોટાભાગની સ્ત્રીઓને સિઝેરિયનના કારણે ખરા માતૃત્વની લાગણીથી વંચિત રાખવામાં આવે છે અને મધ્યરાત્રીનો જન્મ સમય જવલ્લેજ સાંભળવા મળે છે, આનું કારણ શું હશે ? મોટા ભાગનાં બાળકોના જન્મ કુદરતી સમય કરતાં વહેલાં કરાવી દેતા હશે ? આ માતૃત્વની લાગણી એવી હોય કે નાના બાળકનો રડવાનો અવાજ માને સંભળાય ત્યાં જ પોતાના સ્તનમાંથી ધાવણ વહેવા લાગતું અને અત્યારે ધાવણ માટે બાળક વલખાં મારતું જોવા મળે છે. આ માત્ર ને માત્ર સ્ત્રીરોગ ચિકિત્સક અને ચિકિત્સાપધ્ધતિની દયાના કારણે જ છે.

આયુર્વેદિક ચિકિત્સકો પણ રક્તચાપના નિદાન માટે સ્ફિગમોમેનોમીટર વાપરે, તે અજુગતું લાગે છે કેમ કે આયુર્વેદમાં રક્તચાપ એટલે વાત દોષ કુપિત થવાથી થતી ક્રિયા છે. ૧૮૭૫માં રક્તચાપ માપવાનું યંત્ર શોધાયું હતું અને ત્યારથી લોકો ઉપર આફત આવી પડી છે. આ બધી વાતનો સાર એ જ કે –

''જીવન જેટલું છે, એટલું રિબાયા વિના જીવવું હોય તો આધુનિક ચિકિત્સાપધ્ધતિથી દૂર રહેવું જોઈએ.''


કોલેસ્ટેરોલ
સત્ય કે માત્ર ભ્રમ?

ફેટી લીવર...... લીવરના મહત્વનાં કાર્યો

કુદરતી ઉપચાર

ઘઉંનું થૂલું...ઘઉંના ફોતરા...

અગ્રે ગુજરાત

એસિડીટી, કોલેસ્ટ્રોલ અને બ્લોકેજ માટે ડરાવતા મોટા ભાગના ડૉક્ટરો જૂઠા છે?

માણાવદરનું 'ચંદ્રશ્રુતિ' એટલે વડીલો માટે ઘરનું ઘર

સોશ્યલ મીડિયામાં અવનવી રેસિપી જોઈને અખતરા ના કરશો

લોકો જાતભાતની રીતે વાનગી બનાવવાની રીતો મૂકે છે, પણ તેમાં ખોરાકના ગુણધર્મો ધ્યાનમાં લેવાયા ના હોવાથી દર્દીઓની સંખ્યા જ વધે છે

ડિપ્રેશન-હતાશા-મનની સ્થિતિ

ખાંડને કારણે સ્વાસ્થ્યને થતું નુકશાન

માનવીની જીવનશૈલી જ તંદુરસ્તીનો આધાર

ભેળસેળ કરનારને મોટા ભાગે સજા થતી નથી, એટલે છુટ્ટો દોર મળી જાય છે

લોકોના સ્વાસ્થ્ય સાથે ભયંકર ચેડા થઇ રહ્યા છે : ખોરાક અને ઔષધિ વિભાગ

જઠરની જાળવણી : એ શરીરને ઇંધણ પુરું પાડનાર એક અગત્યનું અંગ છે

ખોરાક માટે જરૂરી એવા એકાદ હજાર પાચક રસ જઠર બનાવે છે

ચશ્મા ઉતારો ફીર દેખો યારો : નંબર ઉતારવાના ઉ...

પરફેક્ટ

સત્ય-પ્રેમ-કરૂણાનો ત્રિવેણી સંગમ એટલે રાજુભાઈ દોશી

હૃદય રોગ માટે કોઈ ખાસ ખોરાક છે?

રાજેશ દોશી



રમેશભાઇ–પલ્લવીબેન–શ્વેતાંગ–ખુશ્બુ



વિજયભાઇ–જાગૃતિબેન–ચિંતન–કૃતિ



ગોપીભૂષણ ડે–ક્રિષ્નાબેન–કોંકણા



મનસુખભાઈ–જ્યોત્સ્નાબેન–પલ્લવ–ચાંદની



‹ છાયાબેન–અંકિત–કરિશ્મા



બંસીધરભાઇ–પ્રીતિબેન–ઉત્કર્ષ–ઉર્વશી ›

રમેશભાઈ મોનાની (શ્વેતાંગના પિતાશ્રી)

રાજુભાઈ દોશી એકદમ પ્રેમાળ અને કુટુંબવત્સલ માણસ છે. પરિવારનાં બાળકો માટેનું તેમનું ખેંચાણ અને આત્મીયતા તો સવિશેષ છે. આમ રાજુભાઈ ધારે એ અને ઈચ્છે એ જ કરનારા પણ લાગણીથી છલોછલ. મારા પુત્ર શ્વેતાંગ અને ખુશબુના લગ્ન સમયથી અમે પરિચયમાં આવ્યા. એ પહેલાં અમે સંપર્કમાં નહોતા છતાં એ ય ખરું કે હું તેમના મોસાળમાં બધાંને ઓળખું. અમે પણ મૂળ બાંટવાના એટલે રાજુભાઈનાં મામા–માસી–નાનીમાની સાથે અમારે ગાઢ સંબંધ હતા. એ સંબંધ એવા હતા કે આજે પણ રાજુભાઈની બન્ને બહેનો (જયુબહેન અને શૈલીબહેન) મને 'મામા' કહીને જ બોલાવે છે... શ્વેતાંગ–ખુશબુના લગ્ન પછી દોશી પરિવાર સાથે અમારે એવી આત્મીયતા થઈ ગઈ છે કે મારી તબિયત બરાબર ન હોય તો છોકરાંઓ સહિત આખો દોશી પરિવાર ખબર કાઢવા આવી જાય.

રાજુભાઈ દોશીની હૃદયની વિશાળતા સ્પર્શી જાય તેવી છે. તેઓ સ્ટાફનું પણ પૂરતું ધ્યાન રાખે. વાડીના છ હજાર આંબા પર આવતી કેરી તેઓ (વેચવાની બદલે) સ્ટાફમાં વહેંચી દે છે તો સીંગતેલના ડબ્બા પણ આપે. પોતાના ખર્ચે ગણેશ ઉત્સવ પણ કરે. રાજુભાઈ શ્રદ્ધાળુ ખરા, પણ તેઓ (કે દોશી પરિવાર) અંધશ્રદ્ધાળુ નથી. ભગવાનથી ડરીને ચાલનારા લોકો છે બધા પણ હિંમત અને સહનશક્તિની બાબતમાં રાજુભાઈ સૌથી ચડિયાતા છે. રીટા (બહેન દોશી) ના અવસાનના ચાર મહિના પછી મારાં પત્ની (ડૉ. પલ્લવીબહેન મોનાની) નું અવસાન થયું ત્યારે હું સાવ પડી ભાંગ્યો હતો. મહિનાઓ સુધી હું તેનો (પલ્લવીબહેન) ફોટો જોઈને પણ રડી પડતો હતો ત્યારે એ કપરી ક્ષણોમાં રાજુભાઈ અને દોશી પરિવારે જ બધું સંભાળી લીધું હતું પણ... તમે વિચારો કે રાજુભાઈ તો છેક હરદ્વારથી રાજકોટ રીટાના નશ્વર દેહ સામે બેસીને આવ્યા હતા. તેમની જગ્યાએ મારી કલ્પના કરું તો થાય કે આવી સિચ્યુએશન હું તો હેન્ડલ જ ન કરી શકું.

રાજુભાઈએ આવા ઝટકા અને આઘાત, એકથી વધુ વખત જીરવવાના આવ્યા છે પણ એ જીરવીને પણ તેમણે પોતાની પીડા વ્યક્ત થવા દીધી નથી કયારેય.

ગોપીભૂષણ ડે (કોંકણાના પિતાશ્રી)

''એક હતો રાજુ'' પુસ્તક માટે પોતાનો પ્રતિભાવ આપે એ પહેલાં જ સ્વર્ગવાસી થઇ ગયા. તેમનો ખાલિપો કાયમ માટે રહેશે.

વિજય રાજપુરા (ચિંતનના પિતાશ્રી)

૨૦૧૨ થી રાજુભાઈ દોશી દુનિયાદારીની નજરે કહીએ તો મારા પુત્રના સસરા અને મારા વેવાઈ છે પણ હું હંમેશા કહું છું કે રાજપુરા અને દોશી પરિવારને ઘર બે છે પરંતુ અમે ફેમિલી એક જ છીએ... જો કે રાજુભાઈ દોશી એકદમ ભલા અને કમિટેડ માણસ છે તેનો પ્રસંગ મારે કહેવો છે. રાજુ ગ્રૂપ સાથે હું ૧૯૯૫ થી કામ કરતો હતો. હું કંપનીનો ડિઝાઈન ડિપાર્ટમેન્ટનો હેડ હતો ત્યારે ૨૦૦૬ માં મારે કંપનીના કામ સબબ, કંપનીની કારમાં જ દમણ જવાનું થયું. એ વખતે અમારા વચ્ચે કોઈ રિશ્તેદારી નહોતી. હા, હું સિનિયર સ્ટાફ મેમ્બર જરૂર હતો. દમણ જવા માટે અમે નીકળ્યાં પણ બગોદરા પાસે લૂંટારૂઓએ અમારી કાર આંતરી. ડ્રાયવરની મારઝૂડ કરી અને મને હાઈ–વે થી બે કિલોમીટર દૂર લઈ જઈ હાથ–પગ–મોં બાંધીને વાડીમાં રેઢો મૂકી દીધો. એ શિયાળાના દિવસો હતા. ડ્રાયવરને લૂંટારૂંઓએ મારી નજરે ન ચઢે એટલે દૂર બાંધી દીધેલો. મહામહેનતે ડ્રાયવર પોતાના બંધનમાંથી છૂટીને હાઈવે પર

ગયો. તેને હું મળતો નહોતો કે શોધવા છતાં હું ન મળ્યો એ પછી તેણે માણાવદર ફોન કરીને આખા બનાવની જાણ કરી.

રાજુભાઈ દોશી ત્યારે રાજકોટ–માણાવદર અપડાઉન કરતાં હતા. હું લાપત્તા થયાની જાણ થઈ એટલે રાતે બે–અઢી વાગે રાજુભાઈ દોશી મને શોધવા બગોદરા જવા નીકળી ગયા. રસ્તામાંથી ફોન કરીને લગભગ સો જેટલાં લોકોને (કાર સહિત) બોલાવી લીધા અને સવારે સાડા સાત વાગ્યે મને વાડીમાં પડેલો શોધી કાઢ્યો હતો. આ રાજુભાઈ દોશી છે. પરિજનો, સગાં કે મિત્રો માટે નહીં પણ સ્ટાફના સભ્ય માટે પણ તેઓ આવી ખેવના અને દરકાર રાખનારા છે. તેમની સાથે હું જર્મની અને અમેરિકા પણ ગયો છું. મેં જોયું છે કે છ ડીગ્રી ઠંડીમાં પણ તેઓ જેકેટ પહેરતાં નહીં. ભૂકી નાખેલી ચા જ તેઓ પીએ. વિદેશમાં પણ ઘેરથી લાવેલાં થેપલાં અને ચા જ જમવામાં લે. એ રીતે તેઓ ડાઉન ટૂ અર્થ છે તો એકદમ વિશાળ હૃદય છે. દૂરંદેશી છે અને સ્પષ્ટ અભિપ્રાય આપનારા છે. રીટાબહેન પણ તેમના જેવા જ હતા. હું લાપતા હતો ત્યારે હેમખેમ મળી જાઉં એ માટે રીટાબહેને પણ માનતા રાખેલી, જેની જાણ મને તો પાછળથી થઈ હતી !

મનસુખભાઈ કોઠિયા (ચાંદનીના પિતાશ્રી)

માણસાઈમાં તો આખો દોશી પરિવાર બે વેંત ઊંચો છે પણ મારી દીકરી ચાંદનીના કાકાજી સસરા રાજુભાઈ દોશી જેવા માણસ મેં સાંઈઠ વરસની ઉંમરમાં જોયા નથી. દેશી ભાષામાં કહું તો (રાજુભાઈ દોશીમાં) કાંઈ ઘટે નહીં. ચાંદનીના સસરા કિશોરભાઈ પણ એટલાં જ પ્રેમાળ, પરંતુ રાજુભાઈ તો તેનાથી પણ વધે એવા.

> દેશી ભાષામાં કહું તો (રાજુભાઈ દોશીમાં) કાંઈ ઘટે નહીં.

આમ જુઓ તો દોશી પરિવાર અમારી દીકરીનું સાસરું પણ દીકરાવાળા તરીકે આ પરિવારમાં કોઈ નખરાં જોવા મળે જ નહીં. બધા માવતર જેવા. રાજુભાઈ દોશી ચાંદનીને એવી રીતે રાખે કે પિતા તરીકે હું પણ કાચો પડું. મારે એક દીકરો સાગર અને દીકરી ચાંદની છે. મેં પણ તેઓ પાણી માંગે ત્યારે દૂધ આપ્યું છે છતાં રાજુભાઈ અને દોશી પરિવાર તો મારા કરતાંય ચઢે એવો. પલ્લવ–ચાંદનીના લગ્ન નક્કી થયા ત્યારે મારી ઈચ્છા એવી કે મોટાભાઈ સાગરના લગ્ન પણ ચાંદનીના લગ્નની સાથે જ થાય. એ ગણતરીથી મેં દોશી પરિવારને લગ્ન મોડા કરવાનું કહ્યું તો છ મહિના તેમણે રાહ જોઈ પણ એ દરમિયાન સાગરનું ગોઠવાતું નહોતું એટલે... પછી ચાંદની–પલ્લવના લગ્ન અમે નક્કી કરી નાખ્યા. દોશી પરિવારની ઈચ્છા આ લગ્ન ગોવામાં કરવાની હતી એટલે...

ફરજ સમજીને મેં જાણવા માંગ્યું કે ગોવામાં લગ્ન કરીએ તો કેટલો ખર્ચ થશે ? જેથી હું મારા હિસ્સાના ખર્ચની તૈયારી કરી શકું પણ આ વાત જાણીને કિશોરભાઈ–રાજુભાઈ દોશીએ મને કહેવડાવ્યું કે, તમારે ખર્ચાની ચિંતા કરવાની જરૂર નથી... મારી દીકરીને રાજુભાઈ દોશી અને દોશી પરિવાર જેવું (સાસરુંનહીં પણ) ઘર મળ્યું છે, એને હું મને મળેલા સૌથી મોટા આશીર્વાદ ગણું છું !

છાયાબહેન શાહ (અંકિતનાં માતુશ્રી)

મારા એકના એક પુત્ર અંકિતના સસરા રાજુભાઈ દોશી (અને આખો દોશી પરિવાર) છે, તેને હું મારા ગયા જન્મના પુણ્યનું ભાથું જ ગણું છું કારણ કે અંકિતને મેં એકલપંડે મોટો કર્યો છે. અંકિત બધી રીતે કાબેલ છે પણ માતા તરીકે મને તેની ચિંતા થાય, એ સ્વાભાવિક છે પરંતુ સગાઈ પછી (લગ્ન પહેલાં) રાજુભાઈ દોશીએ મને એકવાર કહેલું

કે, અંકિતની ચિંતા હવે તમારે કરવાની નથી. એ દોશી પરિવારનો દીકરો છે...

રાજુભાઈ દોશીના આ શબ્દોએ મને કેવી શાતા પહોંચાડી હશે, એ હું શબ્દમાં વ્યક્ત કરી શકતી નથી. અંકિત તો અમેરિકા રહેતો હતો અને સીટીઝનશીપ માટે અપ્લાય કરવાની ગતિવિધિ કરતો હતો. અંકિતના ઉજ્જવળ ભવિષ્ય માટે મેં મનોમન તૈયારી રાખેલી કે, એ અમેરિકા જ સેટલ થશે. આમ પણ, મારાં અનેક સ્વજનો અમેરિકામાં જ રહે છે પણ...

કરિશ્મા (રાજુભાઈ દોશી) સાથે લગ્ન પછી અંકિત સહર્ષ ઈન્ડિયા (રાજકોટ) આવી ગયો તેમાં દોશી પરિવારની હૂંફ, હિંમત અને સ્નેહ જ વધુ જવાબદાર છે. દોશી પરિવાર અને રાજુભાઈ દોશીને કારણે જ હવે રોજ ઊઠીને અને સૂતાં પહેલાં હું પુત્ર અંકિતનું મોં જોઈ શકું છું, એ કદાચ સૌથી મોટી ઈશ્વર કૃપા છે. જે મને દોશી પરિવારનો હિસ્સો બનવાના કારણે મળી છે.

પ્રીતિબહેન ઘઘડા (ઉર્વશીનાં માતુશ્રી)

દોશી પરિવારનો હિસ્સો હોવાથી મોટી ઉપરવાળાની મહેરબાની માંગી નથી અને જોઈતી પણ નથી.

આમ તો ઉત્કર્ષ સાથેના ૨૦૧૪ માં થયેલા પરિચય પછી રાજુભાઇ વિષે ઉત્કર્ષ પાસેથી ઘણું બધું સાંભળ્યું હતું પણ મળવાના યોગ તો સાત વરસ પછી આવ્યા. ૨૦૨૧ માં ઉત્કર્ષ અને ઉર્વશીની સગાઇ નક્કી કરવાના સમયે અમે મળ્યા. એ દરમિયાન અને એ પછી ખૂબ જ ઓછી અને કયારેક જ વાતો થતી પણ દર વખતે એ અનુભૂતિ તીવ્ર પણે થતી રહી કે રાજુભાઇનો દરેક બાળકો પ્રત્યેનો પ્રેમ ખૂબ જ અપાર છે. સંબંધોની શરૂઆતમાં તો કયા બાળકના માતા-પિતા કોણ છે, એ ખબર જ ના પડે અને ઘરની દીકરી કે ઘરની વહુ કોણ છે, એ સમજણ જ ના પડે એવી બધાની એકબીજા પ્રત્યેની આત્મીયતા જોઇને હું તો પ્રસન્ન થઇ ગયેલી. રાજુભાઇના મોંમાં થી ભાગ્યે જ કોઇએ વહુ કે જમાઇનો ઉલ્લેખ થતો સાંભળ્યો હોય એવું બની શકે. બધાં બાળકો માટે એમના પુત્ર અને પુત્રી હોઇ એમ જ તેઓ રહે. કોઇ ભેદભાવ નહિ. જેમ-જેમ પરિચય થતો ગયો તેમ-તેમ તેઓ દીકરીના સસરા કરતાં પિતા વધારે લાગ્યા છે.

રીટાબેનની અણધારી વિદાયના થોડા જ સમય પછી ઉર્વશી અને ઉત્કર્ષના લગ્ન નક્કી કરવા એ ઘણું આકરું હતું પણ ઘરે વહુ નહિ, પણ દીકરીને લઇ જવાની તેમની વાત તથા માતા-પિતા તરીકે બંનેનો પ્રેમ આપવાની એમની લાગણી એ મારી ચિંતાને નોંધપાત્ર રીતે ઓછી કરી દીધી હતી.

રાજુભાઇના વૈકલ્પિક ચિકિત્સાનો લાભ પણ એ પછી અમને મળ્યો. ૨૦૧૭ માં લગભગ બધા જ ડોકટરોએ ઉર્વશીના પિતાશ્રી બંસીધરને સાથળ પર કોઇ દવાની આડઅસર સ્વરૂપે રસી થઇ ગયા હતા. ચાર-પાંચ મહિના આધુનિક ચિકિત્સકોએ સારવાર કરી પરંતુ રસી સુકાવાનું નામ લેતા નહોતા એટલે ડોકટરે તેને કેન્સર હોવાનું નિદાન કર્યું અને ઉત્કર્ષના કહેવાથી રાજુભાઇએ સારવાર ચાલુ કરી અને માત્ર એક જ મહિનામાં રૂઝ પણ આવી ગઇ અને નવી ત્વચા પણ આવી ગઇ. આ અનુભવ પછી અને મારી દીકરી ઉર્વશી સાથેનો તેમનો લગાવ જોઇને મને આજીવન સંતોષ રહેશે કે અમે લોકો રાજુભાઇ દોશી અને દોશી પરિવારનો જ હિસ્સો છીએ. આથી મોટી ઉપરવાળાની મહેરબાની માંગી પણ નથી અને જોઇતી પણ નથી.



'અમારા મોટાભાઈ
ચંદ્રકાંતભાઈ
પણ તેમને (રાજુભાઈને)
મનનું ધાર્યું કરવા
દેતા કારણ કે
બન્ને મોટાભાઈના
તેઓ 'લાડકા' છે.'

એવું લાગે છે કે જાણે રાજુભાઈનો જીવન જીવવા પ્રત્યેનો લગાવ ઓછો થઈ ગયો છે. ■ **દેવયાની દોશી**

રાજુના મનમાં, દિલમાં કોઈપણ વાત કે વિચાર હોય તો, સૌથી પહેલાં એ મારી સાથે જ શેર કરે.
■ **કિશોર દોશી**

મને ધરપત છે કે મારે એવો દિયર છે કે જે, મારી તકલીફને પણ સૌથી પહેલાં પારખી જાય છે. ■ **નીતા દોશી**

હું તમામ પ્રકારની વાતો સૌથી પેલા મારી ‘મા’ એટલે કે કાકાને જઈને કરું અને એ મને શાંતિથી સાંભળે અને જરૂરી તમામ પગલાં લે ■ **ખુશ્બુ સી.દોશી**

જો આંગળી કપાય તો લોહીની ધાર નીકળે, લોહીના બુંદ બુંદમાં મમ્મી–પપ્પાનું ઉધાર નીકળે, સાત જન્મોની સઘળી પૂંજી લગાવી દવ'ને, તો'ય મમ્મી–પપ્પા મારા લેણદાર નીકળે ■ **ઉત્કર્ષ દોશી**

His intentions are honest, his heart is pure and stands by to what he says ■ SHWETANG MONANI

દોશી પરિવારની જયુબહેનથી નાયરા સુધીની બધી દીકરીઓના સૌથી પ્રિય તો 'રાજુભાઈ' જ છે. ■ **જયબાળા મોદી**

You, as Papa, Mama, Kaka, Uncle, Friend, Mentor or any other role, have been a key figure in all our lives ■ KARISHMA DOSHI

રાજુભાઈ કદી પોતાના ફાયદાને ન જુએ ■ **શૈલી અજમેરા**

Rajoo papa is more than just a father-in-law to me.
■ ANKIT SHAH

પપ્પાનાં અમે ૬ બાળકો, એમાં કદાચ સૌથી વધારે ડરપોક હું હોઈશ, પણ પપ્પાને જોઉં એટલે કંઈક અલગ જ હિમ્મત આવી જાય છે. ■ **કૃતિ દોશી રાજપરા**

તે હંમેશા એમ જ કહે છે મારે છ દીકરીઓ છે. કોઈ બહારના વ્યકિતને ખબર પણ ના પડે કે કોણ દીકરી છે ને કોણ વહુ ■ **ચાંદની પલ્લ્વ દોશી**

લોકો તેના ગુસ્સાને જ જુએ છે પણ રાજુમાં ગુસ્સા જેટલું જ ભોળપણ પણ છે. લોકો તેના આ ભોળપણનો લાભ ઉઠાવી લે છે. ■ **કાન્તિલાલ ગોહિલ**

His ability to work nonstop without boasting or keeping anything on head is so very inspiring. ■ UNNTI AJMERA

દેવયાની દોશી (મોટાભાભીશ્રી)



મારા બન્ને દિયરમાં સૌથી મોટો ફરક હોય તો એ કે, કિશોરભાઈ ઠંડા દિમાગના છે, રાજુભાઈ દિમાગના તીખા છે. કિશોરભાઈ તરત જતું કરી દે પણ રાજુભાઈ વાતને પકડી લે, એ રીતે રાજુભાઈ સંવેદનશીલ છે. એ વર્કહોલિક છે. તેને માટે કામ જ સર્વસ્વ. રાજુભાઈ ઉજાગરા કરી શકે, સાહસ કરી શકે. તેને રોજ કંઈક નવું કરવાની ખ્વાહિશ હોય જ. રાજુભાઈ માટે ફેમિલી સર્વોપરી અને સાથે પરોપકારી પણ ખરા.

આમ તો હું તેની ભાભી છું પણ મને માની જેમ રાખે. આદર પણ પૂરતો આપે. મેં બનાવેલો નિયમ બાળકો જ નહીં, રાજુભાઈ પણ નિષ્ઠાથી પાળે. અમારા ઘરમાં મેં વરસોથી નિયમ પાળ્યો છે કે જમવાના ટેબલ પર ફોન ન હોવા જોઈએ. મારી બન્ને દેરાણી (નીતાબહેન-રીટાબહેન) એ નિયમમાં બાંધછોડ કરી લેતી પણ રાજુભાઈ કે બાળકો ચુસ્તપણે નિયમ પાળે. તેમને ખબર જ હોય કે જો ફોન હાથમાં લીધો તો હું ગુસ્સો કરીશ...

દોશી પરિવારમાં કોઈ કદી મારી વાત કે આગ્રહને ઉથાપે નહીં. ઊલટું એવું બને કે મેં કહ્યું હોય તેમ કરવા માટે કિશોરભાઈ અને રાજુભાઈ વધારે તત્પર હોય. બેશક, રીટાની વિદાય પછી મને રાજુભાઈ વધારે નિરાશ લાગે છે. એવું લાગે છે કે જાણે રાજુભાઈનો જીવન જીવવા પ્રત્યેનો લગાવ ઓછો થઈ ગયો છે.

કિશોર દોશી (મોટાભાઈ)



અમને ઓળખે છે એ લોકોને કદાચ એવું લાગતું હશે કે મારા મોટાભાઈ ચંદ્રકાંતભાઈ અને મારા નાનાભાઈ રાજુ વચ્ચે વધારે ટયૂનિંગ હશે પણ મને લાગે છે કે રાજુની મારી સાથે ઈન્ટીમસી વધુ રહી છે. રાજુના મનમાં, દિલમાં કોઈપણ વાત કે વિચાર હોય તો કદાચ, સૌથી પહેલાં એ મારી સાથે જ શેર કરે. સચ્ચાઈ તો એ છે કે રાજુ મારું કહ્યું બધું જ માની પણ લે છે. તેની ઈચ્છા હોય તો તેને પણ ડામી દઈને એ મેં કહ્યું હશે, એમ જ કરશે.

રાજુ, અમારા ત્રણ ભાઈઓમાં સૌથી નાનો એટલે અમે બન્ને મોટાભાઈઓએ કાયમ રાજુ ઈચ્છે એમ રાજુને કરવા દીધું છે પણ તેનો અર્થ એ નહીં કે રાજુનો સ્વભાવ એટલે ફાટીને ધુમાડે ગયો છે.... ના. એવું નથી. દોશી પરિવારની ત્રણ પેઢીની એ પરંપરા રહી છે કે બાળકોને ખિજાવામાં આવે પરંતુ બાળકો ઉપર કદી હાથ ઉપાડવામાં નથી આવતો. માત્ર એક વખત પલ્લવને તમાચો માર્યાનું મને યાદ છે પણ એ પ્રસંગ અપવાદ છે. દોશી પરિવારમાં બધાને પોતાની મરજી મુજબ ઊડવાનું આકાશ આપવાના સંસ્કાર છે. મને લાગે છે કે રાજુમાં કુટુંબભાવના અત્યંત તીવ્રપણે રહેલી છે એટલે જો ફેમિલીમાંથી કે અમારાં સંતાનોમાંથી કોઈ ફરિયાદ થાય તો પછી રાજુને તમે કંટ્રોલ ન કરી શકો. લેહ-લદાખની હોટેલ હોય કે મારી કાર સાથે સાયકલ ભટકાવનારો યુવક, આગળ પાછળનું વિચાર્યા વગર રાજુનો હાથ છુટ્ટો થઈ જ જાય.

રાજુ એકદમ ટચી છે. ખુશબુ ફેકટરીના કામમાં મોડું કરી નાખે તો પણ રાજુની કમાન છટકે અને તેને જાણ કર્યા વગર હું મારી આંખની લેસર સર્જરી કરાવી આવું તો પણ રાજુનો પા'રો છટકી જાય. ફેમિલી માટેની તેની તીવ્રતા ગજબનાક છે. મારા મોટાભાઈ પણ જબરા ગુસ્સાવાળા હતા. રાજુનો ગુસ્સો તેમના પ્રમાણમાં ઓછો હોય છે પણ... મારે એ ય સ્વીકારવું રહ્યું કે ચંદ્રકાંતભાઈની અણધારી વિદાય પછી તેણે 'રાજુ' (કંપની) ને એકસ્ટ્રા ઓર્ડિનરી શૈલીથી ટેકઓવર કરી છે. આ રાજુનો ખંતીલો સ્વભાવ દેખાડે છે. એ જેટલો મહેનતુ છે એટલો ચાલાક વ્યવહારમાં નથી. મારી દૃષ્ટિએ મારો નાનોભાઈ રાજુ ભલો છે. એ છેતરાતો હશે તો પણ સામેવાળાને વરતાવા નહીં દે. હું અગણિત કિસ્સા કહી શકું પણ એક પ્રસંગ તરત યાદ આવે છે. રાજુને કોઈએ (કયાંકથી નંબર મેળવીને) ફોન કર્યા કે હું કિડની હોસ્પિટલ પર

છું અને મારે પૈસાની જરૂર છે... રાજુએ તરત મને ફોન કરીને પૈસા મોકલવાનું કહ્યું. મેં એ કોઈની સાથે મોકલાવી દીધા પણ હું કે રાજુ એ ભાઈને આજે પણ નામથી ઓળખતા નથી.

મારા અને રાજુમાં આ તફાવત છે. હું મદદ કરતાં પહેલાં એકવાર વિચારું ખરો, રાજુ મદદ કરી દે અને વિચારે પણ નહીં !

નીતા દોશી (ભાભીશ્રી)



રાજુભાઈને તમે મારા દિયર કહી શકો પણ મારા માટે એ કાયમ દિયરથી વિશેષ રહ્યા છે. અમે એવા દિવસો જીવ્યા છીએ કે તમે કલ્પના પણ ન કરી શકો. મને યાદ છે કે માણાવદરમાં હું રોટલી વણી વણીને થાકી જાઉં પણ રાજુભાઈ ખાવામાં ન થાકતાં. અરે, હું બા (સાસુ) ને ફરિયાદ કરતી કે તમારા દીકરાને હવે થાળી પરથી ઊભો કરો તો સારું.

હું તેમને 'રાજુભાઈ' કહું છું પણ મને દિયર કરતાં દીકરા જેવા વધુ લાગે છે. કયારેક તો એવો પણ વિચાર આવી જાય કે ખુશ્બુ, પલ્લવ, ઉત્સવ, કૃતિ, કરિશ્મા અને ઉત્કર્ષના એ કાકા નથી પણ બાપ છે. અમારાં બાળકોની સૌથી વધુ પરવાહ તેઓ કરે. એકેય બાળક જરા પણ હર્ટ થાય તો રાજુભાઈ ઝાલ્યા ન જાય. હવે તો અમારાં બાળકો મોટાં થઈ ગયાં છે પણ પહેલાં બધાંને તેઓ ફરવા લઈ જતાં ત્યારનો એક પ્રસંગ મને યાદ છે. રાજકોટના ફનવર્લ્ડની રોપ-વે રાઈડમાં બેઠાં-બેઠાં ઊંચાઈએથી પલ્લવ થૂંકયો હશે. એ થૂંક કોઈને ઊડયું હશે એટલે પેલી વ્યક્તિ રાઈડમાંથી ઊતરેલા પલ્લવને ઠપકો આપતી હતી. બાળકોને ફનવર્લ્ડમાં લઈ જનારા રાજુભાઈ અને રીટાભાભીએ જોયું કે કોઈ પલ્લવને ખિજાઈ રહ્યું છે. બસ. રાજુભાઈએ પેલા માણસની લેફટરાઈટ લઈ લીધી હતી.

અમારાં બધાં બાળકોને ફાંકો છે કે કંઈપણ કરીશું, કાકા તો પાછળ ઊભા જ છે ને.



હું તો બેધડક કહું છું કે અમારાં બધાં બાળકોને ફાંકો છે કે કંઈપણ કરીશું, કાકા તો પાછળ ઊભા જ છે ને. બાળકોનું તો ઠીક, મને ય ધરપત છે કે મારે એવો દિયર છે કે જે મારી તકલીફને પણ સૌથી પહેલાં પામી લે છે. બધા તેનો ગુસ્સો જુએ છે પણ હું તેમની લાગણી જોઉં છું. રીટાના ગયા પછી હવે રાજુભાઈ શાંત થઈ ગયા છે. બહુ ઓછી વાતો કરે છે. બધાની સાથે કે વચ્ચે રહેવાની બદલે હવે એ પોતાના રૂમમાં જતા રહે છે એ બહુ ખટકે છે.

જયબાળા મોદી (બહેન)



આમ તો મારા ત્રણેય ભાઈઓ, અરે અમે પાંચેય ભાઈબહેનો મોટા ભાગે સરખા જ છીએ પણ રાજુભાઈ સૌથી મૂડી સ્વભાવના ખરાં, લાગણીશીલ પણ વધારે. એમને બધું પોતાની મરજીથી કરવું હોય. ગીરની અમારી વાડી – એ રાજુભાઈની મરજીનું જ પરિણામ છે. એમની જીદ, હઠ કે મરજીના લગભગ ત્રણ તબક્કા હોય. પહેલાં એ સમજાવે (છતાં તમે સહમત ન થાવ તો) પછી રિસાઈ જાય અને છેલ્લે ખિજવાઈ જાય.

સંવેદનશીલ તો એવા તીવ્ર કે રાજુભાઈ દરેક વાત દિલ પર લઈ લે. અમારા શ્રુતિભાભીને તબિયતને કારણે કાચું ખાવાનું હતું તો તેઓ પણ કાચું ખાતા. દર બુધવારે દાતારના દર્શને જતાં. રીટાભાભીની અણધારી વિદાય પછી હવે તેઓ કેરી અને મીઠાઈ ખાતાં નથી. તમે આગ્રહ કરો તો ગુસ્સે થઈ જાય કે જમવાનું છોડી દે... રાજુભાઈને પોતાની વાત કે વિચાર વાજબી લાગતા હોય તો પછી એ કોઈનું ન માને. અરે, અમારા મોટાભાઈ ચંદ્રકાંતભાઈ પણ તેમને (રાજુભાઈને) મનનું ધાર્યું કરવા દેતા કારણ કે બન્ને મોટાભાઈના તેઓ 'લાડકા' છે. ત્રણેય ભાઈઓમાં મારું અને શૈલીનું બોન્ડિંગ રાજુભાઈ સાથે વધારે રહ્યું છે કારણકે રાજુભાઈ દર વખતે અમારી સાથે જ ઊભા રહેતાં. માણાવદરમાં ગરબી હોય તો અમારી બાંયધરી તેઓ લેતાં એટલે અમે રાતે દોઢ–બે વાગ્યા સુધી ગરબી રમી શકતા હતા.

રાજુભાઈ કદી પોતાના ફાયદાને ન જુએ અને એ રીતે તેઓ અસલ અમારા બા અને ચંદ્રકાંતભાઈ પર ગયા છે. રાજુભાઈ તો તેમનાથી એક આંગળ એ રીતે ચઢે કે તેઓ આર્થિક મદદ તો કરે પણ પોતાનો સમય પણ આપે. જો કે અમારા બધા કરતાં ડેરિંગમાં રાજુભાઈ ચડિયાતા છે. અનુપની સારવાર માટે તેઓ મુંબઈ ગયા હતા ત્યારે લિફ્ટમાં ડોકટર સાથે વાત કરીને ઓપરેશન કરવા માટે તેમને તૈયાર કર્યા હતા તો એંસીના દશકામાં અમે રાજકોટના ક્રિકેટ સ્ટેડિયમમાં મેચ જોવા લઈ ગયા હતા ત્યારે આગલી સીટમાં બેઠેલાં સરદારજીની પાઘડીને કારણે અમને મેચ દેખાતો નહોતો એટલે અમે તેને આગળ–પાછળ થવાનું કહેલું પણ એ ભાઈ માન્યા નહીં તો રાજુભાઈએ તેને સ્ટેડિયમમાં જ થપ્પડ મારી દીધી હતી. રાજુભાઈ જેના જીવનમાં હોય તે દરેક વ્યક્તિ (મુશ્કેલીમાં હોય ત્યારે) ભગવાનની પહેલાં રાજુભાઈને સો ટકા યાદ કરે એવા ભલા, સંવેદનશીલ, દિલદાર અને મદદગાર છે મારા રાજુભાઈ.

શૈલી અજમેરા (બહેન)



મારા ત્રણ ભાઈઓ. સૌથી મોટા ચંદ્રકાંતભાઈ એટલે અમારા બધાના ફાધર ફિગર. કિશોરભાઈ એટલે દોશી પરિવારની બેકબોન (કરોડરજ્જૂ) અને રાજુભાઈ માટે એક જ શબ્દમાં કહેવું હોય તો કહીશ કે દોશી પરિવારના તેઓ 'વિઘ્નહર્તા' છે. ત્રણેય ભાઈઓમાં કોમન વાત એ કે ત્રણેય સાહસિક. પરંતુ નાનપણમાં હું અને રાજુભાઈ કદાચ, સૌથી વધુ તોફાની હતા. જો કે મારાં દરેક તોફાનમાં ઢાલ બનવાનું કામ રાજુભાઈ કરતાં. એક વખત કલાસમાં મેં એક સાથે ભણતાં વિદ્યાર્થીને થપ્પડ મારી દીધેલી. મને ખબર હતી કે વાત હવે પ્રિન્સિપલ અને ઘર સુધી પહોંચશે અને બા મને લમધારી નાખશે. મેં ઘેર જઈને સૌથી પહેલાં

રાજુભાઈને મારા 'પરાક્રમ'ની વાત કરી દીધી પછી મને નિરાંત થઈ ગઈ કે હવે રાજુભાઈ બધું ફોડી લેશે... અને થયેલું પણ એમ જ.

આજે ય મને લાગે છે કે દોશી પરિવારની જયુબહેનથી નાયરા સુધીની બધી દીકરીઓના સૌથી પ્રિય તો 'રાજુભાઈ' જ છે. રાજુભાઈના પ્રેમમાં પણ કોઈ જાતની ઊણપ ન આવે કદી. તેના માટે ફેમિલી કાયમ ફર્સ્ટ. અમને બધાને એ ગમતું નથી કે રાજુભાઈ બીડી બહુ પીએ છે. એ ઉપરાંત ઘણી વખત (રીટાભાભીના ગયા પછી) જમવાની ના પાડે કે બરાબર ન જમે એ ય અમને કોઈને ગમતું નથી. રાજુભાઈની એક બીજી વિશિષ્ટતાની પણ મને (અમને) કાયમ ફિકર રહે છે. તેઓ કદી પોતાની સમસ્યા, મૂંઝવણ, વેદના કે તકલીફ વ્યક્ત નથી કરતાં. મારાં બા અને રીટાભાભી જો કે તરત પારખી જતાં કે રાજુભાઈ કોઈક મુદ્દે અપસેટ છે પણ તેની સાથે રહેનારાં બન્ને હવે હયાત નથી એટલે થાય કે રાજુભાઈ ક્યારેક પોતાના મનોભાવ બધા સમક્ષ વ્યક્ત કરે પણ... રાજુભાઈ તો 'વિઘ્નહર્તા' છે. બધાનાં જીવનનાં વિઘ્નો, વ્યાધિ અને વેદના દૂર કરનારા છે. તેમને કેમ મનાવવા કે તમારા હૈયાંની વાત પણ ક્યારેક કહો.

કાન્તિલાલ ગોહિલ, લંડન (ભાઈ)



૧૯૮૬ માં હું સહપરિવાર લંડન ગયો ત્યારે લંડનની ટિકિટ તો લઈ લીધેલી પણ જ્યાં નોકરી કરતો હતો તે નગરપાલિકામાંથી છેલ્લાં આઠ દશ મહિનાનો પગાર થયો નહોતો. લંડન જવા માટે મુંબઈ પહોંચવું પડે પણ મારી પાસે માણાવદરથી મુંબઈ જવા માટેના પૈસા નહોતા. એ વખતે મને રાજુ યાદ આવ્યો. અગાઉ ગેરસમજણથી અમારી વચ્ચે ઝઘડો થયો હતો પણ પછી અમારા સંબંધ નોર્મલ થઈ ગયેલા. મેં રાજુને મારી આર્થિક સ્થિતિની વાત કરીને પાંચસો રૂપિયા માંગેલા અને... રાજુએ આપેલાં એ પૈસાના કારણે હું લંડન સપરિવાર પહોંચી શક્યો. હિથરો એરપોર્ટ પર પત્ની અને બે સંતાનો સાથે ઊતર્યો ત્યારે મારા ખિસ્સામાં માત્ર સાતેક પાઉન્ડ (ત્યારે પાઉન્ડનો ભાવ તેર રૂપિયા ને અગિયાર પૈસા હતો)ની મૂડી હતી. એ પછી તો સખત મહેનત કરી. ત્રીસ ત્રીસ વરસ સુધી નાઈટ શિફ્ટ કરી અને લંડનમાં મારી એક દુનિયા બનાવી પણ એમાં રાજુના આપેલા પાંચસો રૂપિયા મારા માટે બહુ મહત્ત્વના ઠર્યા હતા.

રાજુ ઉંમરમાં મારાથી એક વરસને બે મહિના નાનો છે પણ એ એકદમ સ્પષ્ટ વકતા, નીડર અને ધાર્યું કરવા માટે મક્કમ રહેનારો છે. લોકો તેના ગુસ્સાને જ જુએ છે પણ રાજુમાં ગુસ્સા જેટલું જ ભોળપણ પણ છે. લોકો તેના આ ભોળપણનો લાભ ઉઠાવી લે છે પરંતુ રાજુ 'ગજરાજ શૈલી'થી જ આગળ વધતો રહે છે. પોતાના વટ અને ખુમારીથી જ રાજુ જીવે છે એટલે મારી દૃષ્ટિએ તો તે સિંહ જેવો છે. હા, તે કદી થાકતો નથી, એ તેનો વિશિષ્ઠ ગુણ છે. આ વાત તેની સાથે રહીને અને અમેરિકા, કેનેડા, યુરોપ ફરવા દરમિયાન મેં સતત જોઈ છે.

ખુશ્બુ ચંદ્રકાન્ત દોશી (દીકરી)



દરેક બાળકને એની 'મા' પાસેથી સૌથી વધુ 'સુરક્ષા' મળે, એ મને મારા કાકામાંથી મળી. જેમ 'મા' બાળકના તમામ ગુનાહ માફ કરે અને દુનિયાની તમામ નબળી પરિસ્થિતિથી બાળકને બચાવે એમ કાકા મને એના જીવની જેમ રાખે.

આમ તો અમે છ ભાઈ–બહેનો પણ કાકાથી સૌથી નજીક હું. મારી તમામ તકલીફોને 'off load' કરવાનું સ્થળ એટલે કાકા. દીકરીઓ હંમેશા તેની 'મા' થી નજીક હોય જ્યારે જીવનના જુદા–જુદા પડાવો પર હોય પછી એ દીકરીનાં લગ્ન હોય કે એની પ્રસૂતિ હોય. હું તમામ પ્રકારની વાતો સૌથી પેહલાં મારી 'મા' એટલે કે કાકાને જઈને કરું, એ મને શાંતિથી સાંભળે અને જરૂરી તમામ પગલાં લે. ઘરના તમામ સભ્યોને સાથે રાખે અને હંમેશા સાથે રહેવા માટે પ્રેરણા આપે એ કાકા.

હું નાની હતી ત્યારે ખભા પર બેસાડી બજારમાં ફરવા લઈ જતા, ખભા પરથી સાઈકલ, સાઈકલ પરથી લ્યુના અને લ્યુનામાંથી લાલ રંગના સુજુકી બાઈકમાં ફેરવતા. 'સુજુકીમાંથી' 'ફિયાટ' કાર અને ત્યાંથી મારા માટે પહેલી કાર, એ બધું કાકા કરતા. જ્યારે family business માં આવી ત્યારે ફરી એકવાર કાકાએ ખભ્ભા પર બેસાડીને businessની દુનિયા બતાવી, શીખવાનો મોકો આપ્યો અને ભરોસો આપ્યો કે હું પણ કામ કરી શકું છું. businessમાં.. 'કાકા' સામાજિક સંબંધો પ્રમાણે 'પપ્પા' ના નાનાભાઈ, થોડા નસીબદાર લોકો માટે fatherly figure પણ મારા જેવા ખૂબ નસીબવાળા લોકો માટે 'મા'. 'મા' સાથેના બાળકના સંબંધો જેવો જ સંબંધ. પ્રેમ અને લાગણી 'કાકા' સાથે... 'મા' ને જેમ 'તું' કહેવાય એમ હું પણ ક્યારેક કાકાને 'તું' કહી દઉં અને 'કાકા' એ વસ્તુને ખૂબ જ પ્રેમથી લે... સામાન્ય રીતે બાળક 'મા' બોલતા શીખે પણ બધા કહેતા કે હું નાની હતી ત્યારે પહેલો શબ્દ 'હાજુ' (રાજુ) બોલતાં શીખી હતી !

હું તમામ પ્રકારની વાતો સૌથી પહેલાં મારી મા એટલે કે કાકાને જઈને કરું છું અને...

'કાકા'નો ગુસ્સો પણ 'મા' જેવો, ગુસ્સો કરે ત્યારે 'ખુદ'ને તકલીફ આપીને, ખાવાનું છોડીને સજા આપે. ખાવાનું છોડી દે જે ખૂબ જ તકલીફદાયક હોય અને ત્યારે મને મારી ભુલ સમજાય જાય.

બધાં બાળકોને શાળા ન જવાનાં જે બહાનાં જોઈએ એવાં હું પણ બાળપણમાં શોધતી. કાકાને કહેતી કે શાળામાં ખૂબ ગરમી થાય છે એટલે નથી જવું, કાકા મારી ફરિયાદ કોઈપણ વિશ્લેષણ વગર સાંભળતા અને વર્ગમાં પંખો નખાવતા. એ ક્યારેય ના કહેતા કે ગરમી તો થાય પણ શાળાએ તો જવું જ પડે ! પણ હંમેશા મને 'comfort' રહે એ તમામ વસ્તુઓ આપતાં. આજ સુધી કાકા પાસે વસ્તુઓ ક્યારેય માંગવાની જરૂર જ નથી પડી. મને વિચાર આવે એ પહેલાં એ વસ્તુ મારી પાસે હોય એ મારા 'કાકા'.

બાળકને મળતી 'હૂંફ' એટલે મારા 'કાકા'. કાકાનો ભરોસો અને એના ભરોસે જિંદગી જીવવાની તાકાત મળે છે. હું જ્યારે ૬ ધોરણમાં હતી ત્યારે એક પ્રોજેક્ટ શાળામાં આપવાનો હતો. કંઈ નહોતું સમજાતું કે કેમ કરવું અને શું કરવું. કાકા પાસે વાત કરી તો તેમણે 'આર્યભટ્ટ' બનાવવામાં મદદ કરી અને શાળા તરફથી એ પ્રોજેક્ટ સીલેક્ટ પણ થયો. વાત શાળાના પ્રોજેક્ટની હોય કે મારું પાનેતર લેવાનું હોય કે કોઈ નવું મશીન ડેવલોપ કરવાનું હોય, 'કાકા' મારી હિંમત બનીને હંમેશા સાથે ઊભા રહે. મારા પરનો એમનો ભરોસો મને આગળ વધવાની ખૂબ તાકાત આપે. 'કાકા' વિશે કહેવાનું, લખવાનું ખૂબ જ છે પણ બધું કહીશ તો આ કાકાની આત્મકથા નહિ, મારા અને રાજુના પ્રેમ ઉપર લખાઈ જશે. ટુંકમાં 'કાકા' એટલે મારી 'મા'.



SHWETANG RAMESH MONANI (દીકરો)



Things that first come to my mind when I think about kaka - strong, fearless, loyal, honest and most of all person with full of love, empathy and kindness who cares about everyone around him.

For me it has always been someone whom I can turn to in the hardest of times with whatsoever problem I have and then be literally carefree. I have never seen him as my wife's father; the relation I share with him is of father and son. May be the relation started because of Khushboo but as far as I can remember I was never treated as a son in law, the love and care I have got has been no less than any of his children have received, in fact sometimes I feel I have got more than others.

My first interaction with him which I remember was when I was being vetted for Khushboo for marriage. He had taken me to Ahmedabad on pretext of selection for new home being constructed in Manavadar, Khushboo was in London. It was the worst interview a guy could give to a girl's father; I practically knew nothing he asked me. At that time I was scared if he would say no for the marriage. Maybe I was in luck or he saw something in me (I was honest in whatever answers I gave), he accepted me with open arms and there was never looking back after that.

He is someone who puts trust blindly on the people he loves and expects the same in return, and to protect them he could go to any extent. It is hard to find people like kaka who have a strong will power and adhere to what they commit.

When I see kaka, I see a role model who personifies strong will power and determination to do what it takes to achieve his goals and fulfill his commitments. He is definitely very short tempered and all the children are pretty much scared if something sensitive has to be conveyed to him and I have always wondered why?

In fact for me whatever the matter it is, if I have committed a crime or I have a completely different opinion in any matter, I have never felt scared of him because with him I have felt secure. It is like talking to someone who loves you unconditionally, who would go any length to protect you and stand by your side no matter what we have done. He might get angry, scold you but would never do anything which would hurt you. Sometimes it may take more than a couple of tries to put forward your point, but we all have our beliefs and he respects it and gives your beliefs a shot if you can logically put forward your point.

He is different than anyone, I have met. Is he a bit arrogant? yes and why he shouldn't be, his intentions are honest, his heart is pure and stands by to what he

says. For me to be who he is, a bit of arrogance is needed. Actually I would rather say he is proud man – a person who takes pride in his actions, his beliefs and his family.

All call him KAKA, with love, respect and admiration. For me he has been more of a father, and bond I share with him is unique. I was surprised with the love I have received from him and also I am scared of losing it. There are times when I see his energy and how he works, it inspires me and makes me do my best. But it also terrifies me at times as it is just impossible to match up to his speed. He just doesn't get tired of working, it is amazing to see such energy but at same time scares me if I can match his energy level, maybe someday I will.

Over the past two years after losing kaki, I have seen him in immense pain. I can see him smiling, but his eyes tell a different story. I understand the loss he has to deal with on a daily basis but it scares me to see him in so much pain. Sometimes when I am sitting near him I have no idea what to talk and just leave from there.

Sometimes it feels like he is losing his will to be himself and is pushing along, and some days one can see a small spark when he is reviving to be his old self like when I saw him with Dev sleeping on his chest and the smile he had was something I had not seen in a very long time. It is hard to describe him and my feeling for him but he is someone who is like a pillar of strength. I know in my heart and in my mind that I can turn to him without any fear whenever I need him.

ઉત્સવ કિશોર દોશી (દીકરો)



આપણે જેમની વાત કરીએ છીએ, એ મારો 'કાકો' નથી પણ 'બાપ' છે. અમારા બિઝનેસ સાથે સંકળાયેલા મોટાભાગના તો હજુ પણ એમ જ માને છે કે, રાજુકાકા જ મારા પિતા છે. મારા બાયોલોજીકલ પિતા કિશોરભાઈ કરતાં રાજુકાકા સાથેનું મારું બોન્ડીંગ, આપસી સમજણ વધુ સ્ટ્રોંગ છે. દોશી પરિવારમાં ખુશબુબેન પછી કદાચ, સૌથી વધુ ટયૂનિંગ મારું અને રાજુકાકાનું છે (અને આવું અમે બધા માનીએ છીએ !) મારા જન્મ (૧૯૮૮)થી આજ સુધી કદાચ, હું એકમાત્ર દોશી કુટુંબનો દીકરો છું કે જેણે હંમેશ રાજુકાકાને જ ફોલો કર્યા છે. મારો જન્મ ભાવનગરમાં થયો પણ એ પછી પપ્પા કિશોરભાઈની બદલી ભાવનગર થઈ અને મને સેન્ટ ઝેવિયર્સમાં દાખલ કરવામાં આવ્યો પણ મારે કદી સ્કૂલે જવું જ ન હોય ! સવારે મમ્મી ઉઠાડે એટલે (સ્કૂલ ન જવા) માટે મેં રીતસર ભેંકડો તાણ્યો જ હોય. મોઢામાં બ્રશ હોય છતાં મારું રડવાનું ચાલું જ હોય. મારાં મમ્મી નીતાબહેન એ દરમિયાન માણાવદર રાજુકાકાને ફોન કરીને કહે કે, ઉત્સવ જાગી ગયો છે (અને સ્કૂલ ન જવા માટે રડી રહ્યો છે. તમે તેને સમજાવો).... અને કાકાનો ફોન આવે. રિસીવર મને આપવામાં આવે એટલે કાકા કહે : ઊઠો બેટા, ચાલો સ્કૂલે જવા તૈયાર થઈ જાવ...

ખબર નહીં કેમ, પણ કાકા કહે એટલે ચૂપ થઈને હું સ્કૂલે ચાલ્યો જતો. આવું એક–બે અઠવાડિયા નહીં, પણ સતત ત્રણ વરસ ચાલ્યું છે. ત્રણ વરસ સુધી આ નિત્યક્રમ હતો કે મમ્મી જગાડે, હું ખરેખર ચોધાર આંસુએ રડું, કાકાનો ફોન આવે અને એટલે હું ચૂપ થઈને રાજીખુશીથી સ્કૂલે ચાલ્યો જાઉં. આજે (૨૦૨૩ માં) વિચારું છું તો લાગે છે કે મને સ્કૂલ માટે અણગમો નહોતો પણ કાકાના શબ્દોમાં છલકાતી હૂંફની આદત પડી ગઈ હતી. રાજુકાકા મારા માટે કાયમ 'એન્જલ' જેવા જ રહ્યાં છે. અભ્યાસ દરમિયાન મારે પ્રોજેકટ બનાવવાના હતા પણ મને ભણવામાં કદી બહુ રસ પડતો

જ નહીં એટલે કાકા મારી સાથે બેસતાં. ખરેખર તો હું તેમની સાથે બેસતો અને તેઓ જ મને પ્રોજેક્ટ બનાવી દેતા. સાયન્સ ફેરમાં મારો (કાકાએ બનાવી આપેલાં) ઉપગ્રહ અને તારામંડળનો પ્રોજેક્ટ તો નેશનલ લેવલે પહોંચેલો પણ એનો જશ એમને જ હતો.

બચપણથી જ ન જાણે કેવી રીતે, કાકાનો શબ્દ મારા માટે બ્રહ્મવાક્ય જ રહ્યો છે. વધુ અભ્યાસ માટે હું જર્મની ગયો. પોણા ત્રણ વરસ ત્યાં ભણ્યાં પછી મને થયું કે મારે (જર્મનીમાં જ) પીએચ.ડી. કરવું છે. મેં કાકાને ફોનમાં આ વાત કરી. અહીં એક વાત કહી દઉં કે મેં મારી જિંદગીની તમામ વાત હંમેશા કાકા સાથે જ ડિસ્કસ કરી છે. પીએચ.ડી.ની વાત પણ તેમને જ કહી. એ વખતે તો તેઓ કશું બોલ્યા નહીં પણ બીજા અઠવાડિયે તેમનો મેઈલ આવ્યો કે, તું રાજકોટ આવી જા. મારે અહીં (રાજુ એન્જિનીયર્સમાં) તારી જરૂર છે અને... ત્રીજા દિવસે છન્નું કિલો વજનના મારા લગેજ સાથે હું જર્મનીથી રાજકોટ આવી ગયો હતો કારણકે કાકા અને કાકાની ઈચ્છાથી વિશેષ મારા માટે કશું નહોતું અને નથી !

એક બીજી પણ વાત ઉલ્લેખ યોગ્ય છે. 'રાજુ એન્જિનીયર્સ'માં ખુશ્બુબહેન પછી જોડાનારું સંતાન હું છું. ખુશ્બુબેન તો મોટા પપ્પા (ચંદ્રકાંતભાઈ) પાસે તૈયાર થયાં હતાં પણ હું સંપૂર્ણપણે કાકાના હાથ નીચે તૈયાર થયેલો 'શિષ્ય' છું. મને કાકાની તમામ લાક્ષણિકતાઓ ખબર છે. કાકા ફોનમાં કામની વાત પૂરી થાય પછી ફોન કાપી જ નાખે. તેઓ કદી 'બાય' કહીને ફોન પૂરો ન કરે. કાકાની કોઈ વાત (અમારાં બચ્ચાંઓ) માટે કદી મોટી કે ખોટી નથી હોતી. જર્મનીથી એક વખત એમ જ મેં 'પોર્શે'ની બોકસર કારનો ફોટો કાકાને મોકલેલો. મને માત્ર મોડેલ ગમેલું એટલે મોકલ્યો હતો. એ સમયે ખબર નહોતી કે 'પોર્શે' કારની કિંમત જ એક કરોડથી શરૂ થતી હોય છે... કાકાએ ફોટો જોઈને કહેલું કે ગમતી હોય તો લઈ લે. એમની ઈચ્છા તો હેલિકોપ્ટર લેવાની પણ એક જમાનામાં હતી.

અરે, આજે હું જે કંઈ છું તેમાં પણ (પપ્પા કરતાં) કાકાનું યોગદાન વધુ છે. ભણવામાં હું ખૂબ આળસુ હતો. બારમા ધોરણ વખતે કદી લેબોરેટરીમાં ગયો નહોતો, પરીક્ષા માથે આવી એટલે કાકાને કહ્યું કે લેબમાં એકેય પ્રેકટિકલ કયારેય કર્યા નથી તો હવે શું કરું ? કાકાએ ખાસ મારા માટે માણાવદરની સરકારી હાઈસ્કૂલની લેબોરેટરી દિવસો સુધી ખોલાવી આપી હતી અને હું એકલો જ તેમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના પ્રેકટિકલ શીખ્યો છું.

૧૯૮૮ થી ૨૦૨૩ સુધીની એટલી યાદો, પ્રસંગો રાજુકાકા સાથેના છે કે મારી વાત ખૂટશે જ નહીં. હું પાંત્રીસ વરસની વિગતે છણાવટ કરી શકું છું. દાખલા તરીકે, રાજુકાકાનું ટૂંકું નામ આર.ડી. (રાજુ દોશી) છે પણ મિત્રો એમને આર. ડી. એટલે રાજુ દરબાર તરીકે જ ઓળખે છે પણ આ દરબાર દિલદાર છે. પહેલાં આ દરબાર માત્ર બે જ વ્યક્તિથી કંટ્રોલ થતાં હતા. એક ખુશ્બુબહેન. બીજા, રીટાકાકી પણ.... રીટાકાકીના ગયા પછી તેમનામાં ૧૮૦ ડિગ્રીનો ચેન્જ આવી ગયો છે. હવે ઓછું બોલે છે કાકા. હસીમજાક તો સાવ બંધ થઈ ગયા છે. એકદમ શાંત થઈ ગયા છે...

પલ્લવ કિશોર દોશી (દીકરો)



''અહં બ્રહ્માસ્મિ''

હું જ બ્રહ્મ છું– એ અર્થ અભિપ્રેત કરતો આ શ્લોક અને રાજુકાકા, મારા માટે એક જ છે. આ શ્લોકમાં ફલિત થતાં સ્પીરિટ, સંવેદન, વ્યકિતત્વ અને ટેમ્પરામેન્ટમાંથી વ્યક્ત થતો લાઈફફોર્સ અને આત્મવિશ્વાસ મેં હંમેશા રાજુકાકામાં ચરિતાર્થ થતો જોયો છે. 'સિમ્પલ લિવીંગ એન્ડ હાઈ થિન્કિંગ'નું મારા માટે કોઈ આદર્શ ઉદાહરણ હોય તો તે રાજુકાકા છે. રાજુકાકા વિશે ઘણાંએ અલગ અલગ અભિપ્રાય આપ્યા હશે. તેમના ગુસ્સાની, જીદની, મિજાજી સ્વભાવની, તીવ્ર ગમા–અણગમાની વાત કરી હશે. પરંતુ મારું માનવું છે કે કાકાની જે વાત લોકોને નબળાઈ છે કે મર્યાદા લાગે છે, કાકાની એ જ વાતો ખરેખર પ્રશંસનીય છે કારણકે આ જ બધી વિશિષ્ટતાઓએ જ 'વન એન્ડ ઓન્લી રાજુકાકા' ને શેઈપ આપ્યો છે.

રાજુકાકામાં કમાલનું કોમ્બિનેશન એ છે કે તેઓ વિચારશીલ હોવાની સાથે કાર્યશીલ પણ છે. તેમની બીજી વિશેષતા એ કે તમે તેમના વિશે ઘસાતું બોલશો તો એ તમને ગણકારશે નહીં પણ ખોટાં વખાણ કરો તો એ તરત પારખી જશે અને પોતાની જાતને કે વાતને સુધારી પણ લેશે. કાકાએ ખૂબ મજા કરાવી છે અને બેહદ લાડ પણ કરાવ્યા છે. ૨૦૦૬ થી ૨૦૦૯ સુધી હું લંડન ભણતો ત્યારે બીજા વિદ્યાર્થીની જેમ (અભ્યાસની સાથે) કામ નહોતો કરતો એટલે વરસમાં ત્રણચાર વખત ઈન્ડિયા આવતો. એ વખતે મોટા પપ્પા (ચંદ્રકાંતભાઈ દોશી) અને રાજુકાકા જ મને સપોર્ટ કરતાં અને હું બેધડક મોંઘી ફ્લાઈટ ટિકિટ ખરીદીને ભારત–લંડન વચ્ચે આવજા કર્યા કરતો હતો.

આજે પણ મને લાગે છે કે રાજુકાકા સાથે મારું ટ્યૂનિંગ જબરદસ્ત છે (અને આવું અમને છએ ભાઈબહેનને લાગે છે કારણકે કાકા માટે અમારાથી વિશેષ કંઈ નથી !).

રાજુકાકામાંથી હું એ શીખ્યો છું કે સાહસ કરતાં કદી ડરવું નહીં અને જવાબદારીઓમાંથી માણસે કદી છટકવું જોઈએ નહીં. રીટાકાકી માટેનો એમનો પ્રેમ એવો અદ્‌ભુત છે કે હું ખુદ તેમના પ્રેમથી પ્રેરિત થયેલો રહું છું. કાકી માટેનો એમનો પ્રેમ મને પ્રેરણા આપે છે કે હું પણ મારી પત્નીને આવો અખૂટ પ્રેમ કરું. રાજુકાકા–રીટાકાકીનો પ્રેમ મિસાલરૂપ છે. તેમના ગયા પછી એમના કપડામાંથી અને જીવનમાંથી રંગ ઊડી ગયો છે. હવે તેમની 'હા કે ના' ની તીવ્રતા ઘટી ગઈ છે. પહેલાં રાજુકાકા 'ના' પાડે તો પછી 'હા' પડાવી શકાતી નહોતી પણ હવે અમે આગ્રહ કરીએ તો માની જાય છે. એ જ રીતે તેમને મનાવીને અમે બાળકો તેમને કેરાલા ફરવા લઈ ગયેલાં. તેઓ અમારું દિલ રાખવા આવેલા પણ મૂકેલી શરત મુજબ, કેરાલામાં ક્યાંય અમારી સાથે ફરવા આવતા નહોતા.

રાજુકાકા માટે હું મારી ફીલિંગ આ રીતે પણ વ્યક્ત કરું છું :

He is all about others and selflessness.
He just doesnt want to let others down,
is also what keeps him going continuously.
His heart is pure and stubborn like a child.
He is literally everything for all of us.
Nobody in our family can live without him.
Our love for him is as pure as Dev's smile.

He is the fuel, he is the fire,
He is the cold, he is the warmth.
For who he is, he is our Beyul
With him even the deads want to live, sing, dance
He is not perfect, he is far from perfection.
But he is the best kind of most lovable imperfection.

ચાંદની પલ્લવ દોશી (દીકરી)



કાકા એટલે પ્રેમ કરવાની ચાવી. એવો પ્રેમ કે જે નિઃસ્વાર્થ ભાવથી બધાં બાળકોને એકસરખો પ્રેમ કરે. તેમના માટે તેમનાં બાળકો જ બધું છે અને મારા માટે કાકા આદર્શ વ્યક્તિ છે. તેમનો સ્વભાવ ખૂબ જીદ્દી અને પ્રેમાળ છે. કાકાનો ગુસ્સો અને જુસ્સો કંઈક અલગ જ છે. જો કંઈ પણ ભૂલ થાય તો કાકા શું કહેશે તે, આપણાં મનમાં સતત ચાલ્યા જ કરે. કાકા ગુસ્સે થશે કે પ્રેમથી સમજાવશે, તે ક્યારેય નક્કી ન થઈ શકે.

મને જો કંઈ પ્રશ્ન હોય તો પ્રથમ વિચાર કાકાને કહેવાનો જ આવે. તે આપણને પ્રેમથી સમજાવે અને કાકા ને બધી ખબર જ હોય. તમે ગમે તે પ્રશ્ન એમને પૂછો એ તમને હંમેશા સાચો અને યોગ્ય જવાબ આપે.

હું તમને એક કિસ્સો કહું. મારા અને પલ્લવના લગ્ન થયા તેને થોડો સમય થયો હતો. હજી હું કાકાથી બહુ પરિચિત ન હતી. કાકા હંમેશા બધાં બાળકોને મારા બચ્ચાં કે દીકરા કહીને સંબોધે. કાકાનો મને એકવાર ફોન આવ્યો. તેમણે કહ્યું, દીકરા જો તું આજે ફ્રી હોય તો મને મળવા આવજે (ફેક્ટરીમાં તેમની ચેમ્બરમાં). હું તેમને મળવા માટે ગઈ. મને ખબર નહોતી કે કાકા મારી સાથે શેના વિશે વાત કરવા માંગે છે. એ વાત એના વિશે હતી કે ઘરમાં કેવી રીતે રહેવું. એ એવી રીતે સમજાવી રહ્યાં હતા કે વહુ નહી પણ એક દીકરીને સમજાવી રહ્યા હોય. કાકા માટે તેમની વહુ કે દીકરી એક સમાન જ છે. તે હંમેશા એમ જ કહે કે મારે છ દીકરીઓ છે. કોઈ બહારના વ્યક્તિને ખબર પણ ના પડે કે કોણ દીકરી છે ને કોણ વહુ.

કાકા જે સાડી પસંદ કરે તે તમે પહેરો તો સુંદર જ લાગે.

કાકા વિશે જેટલું કહું એટલું ઓછું પડે. કદાચ આ બુક તો નાની પડે. કાકાના એક એક વ્યક્તિ સાથેના સંબંધ કાંઈક અલગ જ હોય, તે વર્ણવી ના શકાય. કાકા કાકીનો પ્રેમ, કાકા કાકીનો પ્રેમ એ કદાચ આપણે કલ્પના પણ ન કરી શકીએ. તેના માટે કાંઈ શબ્દો જ નથી. જે ઓળખતાં હશે એમને ખબર હશે. દરરોજ matching કપડાં જ પહેરવાનાં, બહારગામ સાથે જ જવાનું, કાકા જમવા બેસે ત્યારે કાકી તેમની પાસે જ ઊભાં રહે અથવા સાથે જમે. ગમે ત્યાં ગયા હોય કાકા માટે ચા કાકી જ બનાવે. દરરોજ મંદિર પાસે સેલ્ફી તો પાડવાની જ. એવો અદ્ભુત પ્રેમ કદાચ કોઈએ ક્યાંય જોયો નહીં જ હોય. જ્યારે કાકા કાકીનો ઝઘડો થાય ત્યારે નવપરિણીત જેવી રીતે ઝઘડો કરે તેમ જ ઝઘડો કરે. પછી કોઈકે એકબીજાને મનાવવા પડે. આ ઝઘડો જોઈને આપણને પણ એમ થાય કે આટલો પ્રેમ...! આવો પ્રેમ તો નવપરિણીતને પણ ના હોય. તેમના પ્રેમ માટેના કોઈ શબ્દો જ નથી.

કાકાને ઘરમાં શું થઈ રહ્યું છે, બધા બાળકો શું કરી રહ્યાં છે, તેની તેમને ખબર જ હોય. દરેક બાળકો ક્યારે ફરવા માટે ગયાં, ક્યારે કામથી બહારગામ ગયાં, કોઈને કંઈ મુશ્કેલી છે કે નહી, ક્યારે બાળકોને ખિજાવું, ક્યારે બાળકોને સમજાવાં; આવી તમામ પ્રકારની કાળજી તો માત્ર કાકા જ રાખી શકે. એવો તેમનો પ્રેમ. કાકાનો ગુસ્સો એટલે અકલ્પનીય. કાકા ગુસ્સે થાય ત્યારે ઘરમાં સન્નાટો છવાઈ જાય. કોઈ કશું જ બોલે નહિ. બધાં મૂંગાં પ્રાણીઓની જેમ કામ કરવા લાગે. પણ તેની મજા પણ કંઈક અલગ જ છે. મેં કાકાને ગુસ્સે થતાં હજુ બે કે ત્રણ વખત જ જોયા છે.

શોપિંગ કરવા તો કાકા સાથે જ જવાનું. કાકા સાથે શોપિંગ કરવાની મજા કંઈક અલગ જ છે. કાકાને શોપિંગમાં લઈ જવું બહુ ગમે પણ પછી કાકા કહે તે જ લેવું પડે તેમાં તમારું કશું જ ચાલે નહીં. કાકા જે સાડી પસંદ કરે તે તમે પહેરો તો સુંદર જ લાગે. કાકાનો પ્રેમ એ શબ્દોમાં તો કહી જ ન શકાય. એ તો નસીબ હોય એને જ મળે.

કૃતિ ચિંતન દોશી-રાજપુરા (દીકરી)



મારા પપ્પા...થોડા ગુસ્સાવાળા પણ અતિશય પ્રેમ કરવાવાળા. એક દીકરી માટે પપ્પા એટલે કિંગ.

કંઈપણ પરિસ્થિતિ આવે એટલે તરત જ એવો વિચાર આવે કે પપ્પા છે ને બધું સરખું કરી દેશે. ૨૫-૧૧-૧૯૮૮ થી આજે લગ્નનાં ૧૦ વર્ષ પછી પણ કંઈ થાય તો એમ થાય કે પપ્પાને પૂછી લઉં કે આવું થયું છે તો શું કરવું ? નાનપણમાં બાઈકમાં ચક્કર મારવાથી લઈને, પરિક્ષાખંડમાં ચાલુ પરીક્ષાએ સોડા પીવાનું અને લગ્નની ખરીદીથી લઈને ડિલિવરી સુધી દરેક કામ પપ્પા વગર શક્ય ના બન્યાં હોત. પપ્પાનાં અમે ૬ બાળકો, એમાં કદાચ સૌથી વધારે ડરપોક હું હોઈશ, પણ પપ્પાને જોઉં એટલે કંઈક અલગ જ હિમ્મત આવી જાય છે. જીવનની સૌથી કપરી પરિસ્થિતિ એટલે મમ્મીની ગેરહાજરી, એમાં પણ પપ્પાને જોઈને સખત હિમ્મત આવે છે. 'પિતા એક જ એવી વ્યક્તિ છે, જે તમારી સ્માઈલ જોવા માટે એમની બધી તકલીફો છુપાવે છે'. રોજ સવારે કેમ છે, પૂછવા ફોન કરે અને પોતાના દર્દ છુપાવે. ગમે ત્યારે ફોનમાં હું પૂછું કે તમને કેમ છે તો જવાબ હંમેશા એવો આપે કે 'હાઈક્લાસ'. એ એક જવાબ પાછળ છુપાયેલી સત્તરસો તકલીફ જો કોઈને સમજાતી હોય તો એ એની દીકરીઓને.

> તેઓ કદી પોતાની સમસ્યા, મૂંઝવણ, વેદના કે તકલીફ વ્યક્ત નથી કરતાં.

૧૨ બાળકોમાંથી કોઈપણ બીમાર પડે એટલે તરત જ પપ્પા પહોંચી જાય. અને લગભગ દિવસમાં ૩ વખત ફોન કરીને અમારાં ખબર અંતર પૂછે. કંઈપણ વસ્તુ લેવી હોય, કંઈપણ અઘરું કામ કરવું હોય એમાં એમનો સપોર્ટ પૂરેપૂરો હોય. બસ એક એમનો સપોર્ટ હોય તો બાકી ઘરમાં બધાને મનાવવા સહેલાં થઈ જાય, પછી એ વાત લગ્નની હોય કે અન્ય કંઈપણ હોય. 'ધરતી જેવી ધીરજ અને આકાશ જેવી ઊંચાઈ છે, જિંદગી પર તરસ ખાઈ ઈશ્વરે આ તસવીર બનાવી છે. દરેક દુઃખ બાળકનું તે પોતે સહન કરે છે, આ ભગવાનની જીવંત પ્રતિમાને આપણે પિતા કહીએ છીએ.' બે દિવસ પહેલાં નાઈરા મારી પાસે આવીને બોલી કે, 'મમ્મી નાનું ને કેવું પડશે કે મને રમકડાં લેવા લઈ જાવ'. અમે તો ઠીક પણ અમારાં બાળકોને પણ કંઈ લેવું હોય તો નાના પાસે જાય. સ્કૂલે ના જવું હોય તો નાના ને કેવાનું કે મમ્મીને સમજાવો ને.

'મારી ઓળખ છે આપથી પપ્પા, હું શું કહું કે તમે મારા માટે શું છો,
જીવવા માટે પગ નીચે આ જમીન છે, પણ મારા માટે તો આકાશ તમે છો.'

ચિંતન વિજય રાજપુરા (દીકરો)



રાજુ પપ્પા. એક એવું નામ જે કાને પડતાં જ શરીરમાં એક અલગ adrenaline દોડવા માંડે... એક તાકાતનો અનુભવ થાય, એક હૂંફનો અનુભવ થાય, એક આશાનો અનુભવ થાય...લગ્ન પહેલાં તો ખાલી ગુસ્સાવાળા રાજુભાઈની જ વાતો સાંભળવા મળેલી હતી પણ લગ્ન પછી ઘણું અલગ જાણવા મળ્યું, અલગ જોવા મળ્યું, અલગ અનુભવવા મળ્યું.

એમની સાથે વિતાવેલાં ૧૧ વર્ષનો અનુભવ કંઈક આ રીતે છે.

૧. જીવન હંમેશા નીડરતાથી જીવવું જોઈએ.


૨. જાત સાથે જ કોમ્પિટિશન કરવી.

૩. જે કામ નક્કી કરો એ કરવું જ જોઈએ અને પતે નહીં ત્યાં સુધી મહેનત કરતા રહેવું.

૪. ક્યારેય હતાશ થવું નહીં.
૫. કંઈપણ નવું કરવું હોય તો હંમેશા સાથ આપવો અથવા પ્રોત્સાહન આપવું.
૬. ફેમિલીને પૂરતો ટાઈમ આપવો.
૭. ખોરાક સાવ સાદો રાખવો – પેટ માંગે એનાથી ઓછું ખાવું.
૮. સમયનું સન્માન કરવું– સારા નરસા સમયમાં મગજને સ્થિર રાખવું.
૯. સિમ્પલ લીવીંગ નોલેજેબલ થિન્કીંગ.
૧૦. માત્ર પૈસા પાછળ ન દોડવું સપનાંઓ પૂરાં કરવાં.
૧૧. એય ને મોજમાં રેવું.

એમનામાંથી શીખવા જેવી એક બાબત એ કે,પોતાની અસહ્ય શારીરિક તકલીફમાંથી બહાર આવ્યા અને ઓલ્ટરનેટિવ મેડિસિનનું જ્ઞાન મેળવ્યું અને એ જ્ઞાનનો લોકોની સેવામાં ઉપયોગ કર્યો... બધા પાસે દિવસમાં ૨૪ કલાક અને વર્ષમાં ૩૬૫ દિવસ હોય છે, જેમાં ઘરેથી કામની જગ્યાએ અને કામની જગ્યાએથી ઘરે આવીએ, થોડા ઘણા સ્નેહીજનોને મળીએ એમાં જ સમય પૂરો થઈ જતો હોય છે, નવું કરવા માટે સમય હોતો નથી એવું આપણે માનીએ છીએ. જયારે પપ્પા ઘર, ફેક્ટરી, વાડી, વૃદ્ધાશ્રમ, અને બીજી ઘણી જગ્યાઓને આ ઉંમરે પણ મેનેજ કરે છે. પપ્પાએ ૨૫ વર્ષમાં ૫૦ વર્ષ જેટલી મહેનત કરી છે. તમારા થકી અમારી બધાની નસોમાં એક લોહીની ચિનગારી દોડે છે અને હજી એકબે દાયકા સુધી એની જરૂર મને લાગે છે.

KARISHMA RAJESH DOSHI (દીકરી)



Papa and my forever favourite,

Father, you are my guiding star in life. You have been a constant source of strength, wisdom, and love and your ever-present aura lights up the pages of my life.

A few memories that are forever etched in my heart include 'Chakkar nights' – every single day, without exception. It was a tradition for all of us: Mom, Dad, and we 3-4 siblings. We would go for a 'chakkar marva' every evening after dinner. All of us would eagerly pile into the car for a ride. On the way, we'd indulge in ice creams, or drink fresh fruit juices without the usual ice and sugar, or sometimes, even skip a snack. Throughout the ride, we'd chat about our day and share interesting stories along with all the laughter and chatter and singing old songs. What made those moments truly special was how you – papa, initiated these efforts to ensure that even the most mundane activities can be an integral part of our lives. You were teaching us that life's spice lies not just in grand adventures but also in the everyday bonds of family. Your dedication to our family has always left me in awe.

And saying this, I cannot help but emphasize that you have always been the same for all of us, whether it's 6 or 10 siblings. You, as Mama, Kaka, Uncle, or any other role, have been a key figure in all our lives. Your relationship with each one of us, sons and daughters alike, has always been the same, or I say, even better for us daughters. For us, you have been not just a father but a friend, a confidant, and a

source of unwavering support. Your consistency in treating us all with love and respect is a testament to your incredible personality and the profound impact you've had on each of our lives.

Another invaluable lesson and the most important life blueprint from you, whether as a brother, father, uncle, or friend, is the importance of empathy in any relationship. You have shown us that kindness and compassion towards others are not just virtues but essential aspects of a fulfilling life. Your actions speak volumes about the significance of lending a helping hand and being there for everyone and anyone who's in need. 'Empathy,' you once told me, is the thread that weaves the fabric of strong and meaningful relationships. This life insight from you has not only resonated with me but also it has left a deep-rooted stamp on my heart and soul and has transformed the way I interact with the world.

Your ability to express your emotions openly and then swiftly move forward with a clean slate is a valuable lesson you've unknowingly imparted on me. It has illuminated the significance of effective communication, forgiveness, and the inner strength derived from addressing problems rather than allowing them to fester.

This legacy of emotional intelligence and resilience is a proof to your wisdom,

This legacy of emotional intelligence and resilience is a proof to your wisdom, and it has not only fortified our bonds but has also influenced us to be more compassionate and understanding in our interactions with others.

These memories, along with countless others, continue to shape me and fill my life with warmth and love. Thank you for being not just my father but my mentor, my friend, my problem solver and my eternal favorite. Your influence in my life is immeasurable, and I am forever grateful.

ANKIT AJAY SHAH (દીકરો)



Rajoo papa is more than just a father-in-law to me. He is a mentor, and a role model. Listening to stories from Karishma when we were dating, I had always heard that 'Papa ne bov gusso aave', 'papa ochu bole', so naturally I maintained my distance with him in the beginning. But it was he, who took interest in my life and in getting to know me and make me feel comfortable. Very soon I realized, the tougher he seems from the outside, the softer he is from the inside.

Within a few months into my marriage, I was showered with not one but two dads. While, Kishor Papa made my social involvement in the family a breeze and made me feel like a family member from day

one, Rajoo Papa on the other hand took interest in my profession and started giving me ideas and motivation on how I can use my skills and knowledge to identify a business opportunity. Rita mummy and Rajoo papa would call me every two days to check on me when I was in US.

It is surprising to us that how is Rajoo papa is able manage and find time for everything. If we discuss an idea with him or just ask him for his guidance on something, within a few hours he will send us so much information on the topic that it would take us 2-3 days just to go through it. His energy, enthusiasm and the willingness to never sit idle is contagious. Always, when we would go to see him in his office at Rajoo after our lunch at the canteen and feeling a little lazy, just a short conversation with him would energize us.

One of the things that I admire most about Rajoo Papa is his unwavering work ethic and entrepreneurial spirit. He has inspired us to pursue our own passions and has given us the tools and motivation to identify business opportunities that we may not have otherwise considered.

He is a great listener as well. If you talk to him about something casually, 3-4 months later he may try to help you with that problem and at that time you will think "એમને કેવી રીતે ખબર પડી", *but then you will realize after a few minutes* "ઓહ હા, મે એમને આ વાત ૩–૪ મહિના પહેલા આ વાત કરી હતી".

He has been a constant source of guidance and support, always there to offer advice or lend an ear when I need it most. I am grateful to have him on my life.

ઉત્કર્ષ રાજેશ દોશી (દીકરો)



એક દિવસે પપ્પાનો મેસેજ આવ્યો. મારી આત્મકથા લખી રહ્યો છું– જેનું નામ 'એક હતો રાજુ' છે. આ પુસ્તકમાં પ્રકાશિત કરવા માટે મારે લેખિતમાં 'પપ્પા', 'કાકા', 'મામા', 'ભાઈ' તરીકે તમારા વાસ્તવિક અભિપ્રાયની જરૂર છે. કૃપા કરીને આ પુસ્તકને વધુ તથ્યપૂર્ણ બનાવવા માટે મને મદદ કરો. હું તમારો ઋણી રહીશ... પણ મેં આજ સુધી કોઈ માટે કંઈ લખ્યું નથી; હું કેવી રીતે અને શું લખવું તેની મૂંઝવણમાં હતો. પપ્પાની આત્મકથામાં એક ભાગ લખવો તે ખૂબ જ મુશ્કેલ હતું કારણ કે એવી કોઈ વાત હશે નહીં કે જે લોકો તેમના વિશે જાણતા ન હોય... ઊંડો વિચાર કર્યા પછી મેં લખવાનું શરૂ કર્યું.

રાજુ પપ્પાનો પ્રેમ હંમેશા તેમના અત્યંત સ્નેહ અને હૂંફને કારણે ખૂબ જ નોંધપાત્ર રહ્યો છે. તે બીડી પીવે છે અને દરેક વ્યક્તિ તેના વિશે જાણે છે પરંતુ બહુ ઓછા લોકો જાણતા હશે કે એક સમય એવો હતો જયારે તે ધૂમ્રપાન છોડવાના હતા અને તેની પાછળનું કારણ હું હતો અને બીડી પીવાનું ચાલુ રાખવાનું કારણ પણ હું જ હતો.

૧૯૯૫ માં મારો જન્મ થયો ત્યારે પપ્પા પ્રસૂતિ દરમિયાન ઓપરેશન થિયેટરમાં હાજર હતા અને મારો જન્મ સિઝેરિયન દ્વારા થયો પછી પપ્પા ઓપરેશન થિયેટરની બહાર નીકળીને બીડી અને બાકસ ફેંકી દીધા. તે મારા પ્રત્યેની તેમની પ્રથમ પ્રતિક્રિયા હતી, ડોકટરે સિઝેરિયન પૂરું કર્યા બાદ ઓપરેશન થિયેટરમાં હાજર રહેલાં બાળકોના ડોકટરને મને મારી તપાસ કરવા માટે આપ્યો અને તપાસ કરીને બાળકોના ડોકટરે ડૉ. રાજેશ દોશીને જાણ કરી કે બાળકના શરીરમાં મળવિસર્જન કરવાની જગ્યા નથી એટલે એ ડોકટરે બહાર આવીને મારા પપ્પાને મારા મળવિસર્જનના અસંયમ વિશે જાણ કરી. ડોકટરની વાત સાંભળીને તરત જ મારા પિતાએ ફેંકેલી બીડી ઉપાડી લીધી અને ડોકટરને પૂછયું કે રીટાને ખબર છે ?

મારો જન્મ થયો ત્યારથી, મારા માતા–પિતા મારી સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરવા માટે દરેક સંભવિત સારવાર શોધી રહ્યા હતા. મારા જન્મના થોડા કલાકો પછી જેતપુર ગામનું રેલવે ફાટક ખોલાવીને મને લઈને સારવાર માટે પપ્પા રાજકોટ આવવા નીકળ્યા. પાંચ વર્ષની ઉંમર સુધીમાં મારાં સાત ઓપરેશન કરાવ્યાં જેના કારણે મારા પરિવાર માટે મને અમુક અંશે સ્વસ્થ જોવાની વાસ્તવિકતા બની. મારી મમ્મી, પપ્પા અને પરિવારની શક્તિ જેવા આધારસ્તંભોને કારણે સાત ઓપરેશન અને તે પછીની આખી સફર શકય બની. રીટા મમ્મી હંમેશા મારી આસપાસ રહેતી હતી.

મારી તબિયતના કારણે, મમ્મી–પપ્પા લગભગ દસ વર્ષ અલગ રહ્યા. પપ્પા કામ માટે માણાવદરથી રાજકોટ આવતા–જતા હતા અને મમ્મી મારી અને ચંપા બાની ઝીણવટભરી દેખરેખ સાથે સંભાળ રાખવા ટેવાયેલી હતી. એક રાત પપ્પા રાજકોટ રહેતા અને એક રાત માણાવદર રહેતા.

જયારે પપ્પા માણાવદર આવે ત્યારે વાત્સલ્ય (અમારું જૂનું ઘર) માં રાતે હું અને પપ્પા ટીપાઈ પર સાથે જમતાં અને પછી મોડે સુધી હીંચકા પર પપ્પાના ખોળામાં બેસીને ફિલ્મ જોતા. આજે પણ એક થાળીમાં સાથે જમવાનું મારા અને પપ્પા માટે બદલાયું નથી.

મારા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને મારા માટે માણાવદર ગામમાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી અને એ શૈશવ સ્કૂલમા હું એલકેજી થી ૧૦ ધોરણ સુધી ભણ્યો. હું રાજુ પપ્પાને મારા પિતા તરીકે મેળવીને સૌભાગ્યની લાગણી અનુભવું છું કારણ કે બધા પિતા તેમનાં બાળકો માટે કંઈ પણ કરશે. પરંતુ કોઈ તેમનાં બાળકો માટે શાળા શરૂ કરવાનું વિચારશે નહીં. પુસ્તકના આ ભાગને લખતી વખતે, હું રાજુ પપ્પા અને રીટા મમ્મી માટે મારી ભાવના વ્યક્ત કરવાની સ્વતંત્રતા લઉં છું કે, જો આંગળી કપાય તો લોહીની ધાર નીકળે, લોહીના બુંદ બુંદમાં મમ્મી–પપ્પાનું ઉધાર નીકળે, સાત જન્મોની સઘળી પૂંજી લગાવી દવ'ને, તો'ય મમ્મી–પપ્પા મારા લેણદાર નીકળે.

પપ્પાએ હંમેશા અમારા તોફાનને ટેકો આપ્યો છે. રાજુ પપ્પા હોય એટલે બધાં બાળકો નિર્ભય બની જાય છે. મને એવી ઘટના યાદ નથી કે મેં અથવા કોઈ બાળકોએ કોઈ તોફાન કર્યાં હોય અને રાજુ પપ્પાએ અમને ઠપકો આપ્યો હોય !

ગુણવત્તા સાથે સમજૂતી કર્યા વિના ખર્ચને નિયંત્રિત કરવા માટે તેમજ નવી ટેકનોલોજીની ઓળખ અને અમલીકરણમાં પપ્પાને ઈશ્વરે મજબૂત શક્તિ આપી છે. રાજુ પપ્પાનો સખત મહેનતનો અભિગમ અમને બધાં બાળકોને સારું કામ કરતા રહેવા અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પાછું વળીને ન જોવા પ્રેરે છે.

મારા જન્મથી ૨૧ એપ્રિલ ૨૦૨૨ સુધીની સફરમાં રીટા મમ્મી સદેહે મારી સાથે હતી. મમ્મી સાથેનો સમય જિંદગીનો સૌથી સુખદ સમય હતો. મારી દોસ્તાર, મારી મમ્મીએ મને જીવનના અગણિત પાઠ ભણાવ્યા છે. એવું લાગે છે કે જીવનનો એક અધ્યાય પૂરો થયો છે. દુ:ખ બે ભાગમાં છે. પ્રથમ મમ્મીની ગેરહાજરી છે, અને બીજું મમ્મીની ગેરહાજરીમાં જીવનનું પુનર્નિર્માણ છે.

રીટા મમ્મીના અવસાન પછી, જયારે પપ્પા સાંજે ઘરે પાછાં આવે છે ત્યારે તેમના ચહેરા પર ગમ અને ઉદાસી હોય છે અને કયારેક તેઓ સુન્ન થઈ જાય છે. કિલનિકથી ઘરે પાછા ફરતી વખતે પપ્પાના ચહેરા પર નિરાશા જોઈને મારું હૃદય અંદરથી રડી પડે છે.

પપ્પા દ્વારા રંગબેરંગી કપડાં, કાંડા ઘડિયાળ, વીંટી, સાંજનો નાસ્તો અને મીઠાઈઓનો ત્યાગ દુ:ખદાયક છે. શરીર દુખતું હોય ત્યારે પણ પપ્પા એક શબ્દ પણ બોલતાં નથી; હું સમજી શકું છું કે જો રીટા મમ્મી અહીં હોત, તો તેમણે રીટા મમ્મીને કહ્યું હોત. પપ્પાને જયારે પણ દુખાવો થાય ત્યારે પગમાં મસાજ કરવા દેતા નથી. મોડી રાત સુધી જાગવું, અને રોજની જેમ સવારે ઊઠીને તૈયાર થઈ જવું, એ પપ્પાના સ્વાસ્થ્યને અસર કરી રહ્યું છે. તે કદાચ સ્વીકારશે નહીં, પરંતુ પરિવારના તમામ સભ્યો તેના માટે ખૂબ જ ચિંતિત છે.

મારા લગ્ન થયા તે પહેલાં મારી પત્ની ઉર્વશી અને મેં, રીટા મમ્મી અને રાજુ પપ્પા સાથે સમય વિતાવવાનાં સપનાં જોયાં હતાં. અમારા ફાર્મ હાઉસ પર સાથે જવાનું અને સાથે સમય પસાર કરવાનું સપનું હતું. કમનસીબે, અમે રીટા મમ્મી સાથે સમય વિતાવી શકયા નહીં. હવેના સમયમાં પપ્પા જયારે પણ ફાર્મ હાઉસ જાય ત્યારે અમે તેમની સાથે રહેવા માંગીએ છીએ પણ પપ્પા કયારેય અમને સાથે લઈ જતાં નથી.

મને લાગે છે કે હું મારી મમ્મી માટે પૂરતું નથી કરી શકયો, પરંતુ હું મારા છેલ્લા શ્વાસ સુધી મારા પપ્પા માટે વધુને વધુ કરવા માંગું છું.

ઉર્વશી ઉત્કર્ષ દોશી (દીકરી)



January 17, 2015, a notification popped up on my screen inviting me to accept a friend request from Rajesh Doshi (Utkarsh's father).

A very sophisticated and informative Facebook wall profile covering almost all the practical subjects like medical science, political issues, fun family photos, and so on. At first glance, anybody would think a young social media enthusiast would have turned out it. Curiously, I accepted to know more about it, and I believe that day was the very first conversation I had with him. And that was a 360 degree opposite experience from what I have heard from Utkarsh.

While working in Pareewartann and dating Utkarsh in those days, I guess we have met many a times from A Facebook Friend / To Utkarsh's father / To Mr Doshi / To RND / To Rajoo Uncle / To Pappa / To Naanu...

A person who is humepenthe and has demonstrated a dedicated, giant balloon-sized heart, performing so many roles over these years with an earnest attitude, without expecting anything in return.

One day, I was called up by Rita Maa to Shrutina for a casual meet. During my first visit to Utkarsh's home, I talked with Rita Maa for around one hour. At that time, Naanu was at the factory. But when I was about to leave, he entered the house, greeted me and went to the clinic as he was rushing.

Now Naanu only wears a White shirt as if he has thrown away all the colours from his life.

In August 2021, our families met and decided on the engagement date. All these times, I had the majority of interaction with Rita Maa. With Naanu, I had a minimal conversation as and when he was around during a phone call with Rita Maa.

Soon after my engagement, it was my first Ganpati Mahotsav of Panchavati Ka Raja. On the day of Ganpati Visarjan, I went with everyone for the visarjan. There were many friends of Naanu, and all were planning to go to Kedarnath. The second innings group was all set to plan to go to Kedarnath. All of them invited me to join the trip, but unfortunately, I could not go as my university exams of masters were on head. I wish I could have gone on the journey as I would have been able to spend more time with Rita Maa.

In March 2022, Rita Maa called to plan Rajoo Pappa's birthday. And we were discussing getting him some jeans as a gift. Those days when Naanu used to match clothes with Rita Maa, and now Naanu only wears a White shirt as if he has thrown away all the colours from his life. After the demise of immortal Rita Maa, my

interaction with Naanu even lessens. I find myself longing for the days when Rita Maa was around, as she was the bridge that connected me to Naanu. Without her, our interactions have become few and far between, leaving a void in my life.

During the finalising of the wedding date, Utkarsh & I thought to prolong the engagement considering my final year exams for my masters, but Naanu did not favour the same. He stated his disapproval with slight anger at that time, and after that, he texted me 'Sorry' and said that Utkarsh & I could plan a wedding when we wanted to. But luckily, we both, Utkarsh & I were ready to get married on the glorious date of 29th November 2023.

During the wedding bookings, when I was there at Shrutina, I heard many times Naanu saying that it was not the wedding of my son; it was the wedding of my daughter. As rightly noted by Utkarsh about Naanu, then his affection is beyond imagination. I am truly blessed to have Naanu in my life.



A few days before my wedding, we went to Manavadar along with Nita Aunty & Naanu to collect all the jewellery of Rita Maa from the bank locker. Naanu showed me all the pieces of jewellery to me and asked me to try each of them. I could see his love and pain for Rita Maa and losing her at the same time.

I remember Rita Maa's words regarding visiting Manavadar that we would go altogether and do a night halt at Manavadar. Alas! We could not cherish those wished moments. After the wedding, Naanu planned a visit to Manavadar, but we eventually cancelled the plan as Rita Maa's words hummed into my ears.

When I used to talk with Rita Maa, per her, Naanu's routine started around 8 in the morning, and he would always be in a jolly mood. Rita Maa mentioned that Naanu would usually begin his day by enjoying a hearty breakfast and catching up on the news. Despite his busy schedule, he never failed to greet everyone with a warm smile and a cheerful attitude. But now, his routine has changed. At times, he seems distant and lost in thought in a total blue funk. It feels that he is not the same person; he has two different personalities.

Rita Maa used to ask the factory's employee by a direct call to check whether Naanu had lunch or not. She used to call him to decide the food menu for dinner. But now, when I or anyone else from the house calls him for the dinner menu, he gets irritated.

With Rita Maa, he used to visit the temple within the home, but now, he only worships Rita Maa through dhoop. Naanu!!


A person who he is more like a mother figure to Utkarsh and me after Rita maa's demise, not only he is that but he playing both the roles of Maa and Papa... but papa without maa ?

UNNATI HEMANT AJMERA (ભાણેજ)



Someone has rightly given the name Ma+Ma = Mama, my Rajoomama personifies this by giving us the ocean of love. When I see him, the three things that I always feel is the epitome of strength, an undying quest to gain knowledge and kindness to all beings around. These are the most important things which I would want to imbibe in my life as well. His energy is extremely infectious, the times when I feel low or not that great in life, the moment I see him I get the boost of energy within me. His ability to work nonstop without boasting or keeping anything on head is so very inspiring. His kind hearted nature to help selflessly or his fun loving nature to make other people smile or he just by being himself inspires the world around are all the things that I look upto. I know whenever I will need him, he will be just a call away and the great thing about him is he will receive it in just one ring. He plays a major role in the lifestyle that I am blessed with today. Thank you mama for everything. I would pray hard to get you as my mama in all my births.

TANMAY HEMANT AJMERA (ભાણેજ)



Penning down my memories with mama

Introduction:

Much of what I know about my mama comes not from his direct accounts, but rather from my mother's vivid stories. Over the years, she has shared numerous anecdotes that paint a remarkable picture of my mama's life journey. These tales range from his fearless and daring childhood escapades to his unwavering determination and tireless work ethic as he went on to establish the renowned company, Rajoo.

Inspiration:

Among the many stories my mom shares about my mama, one stands out vividly. It's the tale of his relentless work ethic as he poured his heart and soul into building the empire known as Rajoo. My mama's commitment was awe-inspiring; there were days when he worked around the clock, pushing himself to the limit with 48-hour marathons. He is the only person, I had the privilege of witnessing the journey up close, and build such a great empire. He is my greatest inspiration.

Superscooter:

One day, completely out of the blue, mama surprised me with a superscooter. I was around 14 years old at the time, and that gift was nothing short of legendary. When it arrived, he unveiled it that very night, leaving me in sheer amazement. The scooter was so cool that it turned me into an instant sensation, not just at school but

throughout the entire city. Mama's thoughtful gesture not only brought immense joy to my teenage years but also reaffirmed why I'm so proud to call him my mama.

Debates:

In a friendly and spirited debate centered around a fiction book, mama and I found ourselves exploring the merits of reading. He playfully taunted me, suggesting that reading should be about something useful to those around you. I couldn't help but challenge his perspective, staunchly defending the value of fiction literature.He posed the question, "Isn't expanding one's vocabulary a commendable endeavor?" To which he readily agreed. However, I countered with, "In that case, why not just read a dictionary?" We both shared a chuckle as I made my point.Undeterred, I pressed on, emphasizing the importance of nurturing our imaginations. "What about the benefits of enhancing one's creativity and imagination?" I asked. My mama nodded in agreement once more. Then, I seized the opportunity to drive home my argument, explaining that reading fiction accomplishes both goals simultaneously.Our debate, punctuated by laughter and camaraderie, highlighted the diverse ways in which literature can enrich our lives, whether through expanding our vocabulary or fueling our creative spirits.

Close to my heart:

Reflecting on the painful loss of my father's loss 2 and half years back, I find solace and strength in the unwavering support of mama and our family. I am eternally grateful for his support. I couldn't have asked for a better Mama who is like a father figure for me. Words can never fully capture the depth of pain and sorrow my Mama is going through since losing Mami. I wish to send him lots of love which I hope comforts and heals him, however little.

કોઈનાથી ના થાય,
ગમે તેટલા પૈસા આપો
તો પણ ના થાય તેવાં
કામ મામા પોતાની સૂઝ અને
સંબંધોથી કરાવી
શકે છે.

Conclusion:

In conclusion, he is my real-life super hero. he is the one whose story I hear and I aspire to be like him. I aspire to be so generous and helpful to society like him. I aspire to be such a strong pillar for our family like him and I aspire to be so hardworking and fearless like him.

પુલકિત અનુપ મોદી (ભાણેજ)



છે ઘણા એવા કે જેઓ યુગને પલટાવી ગયા,
પણ બહુ ઓછા છે જેઓ પ્રેમમાં ફાવી ગયા!

સૈફસાહેબની આ પંક્તિઓ મને સંભળાવનારા છે તે 'પ્રેમમાં ફાવી જનાર' મારા રાજુ મામા. નાનપણમાં જૂનાગઢથી માણાવદર જતી વખતે ગાડીમાં હું અને ઉત્કર્ષ મામા-મામી સાથે હંમેશા ગુજરાતી ગઝલ અને જૂના હિન્દી પ્રેમ-ગીતો સાંભળતા. ઘણા અંશે મારો આજે પાંગરેલો ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ બાળવયે સાંભળેલી આ ગઝલોને આભારી છે.

કોઈનાથી ના થાય, ગમે તેટલા પૈસા આપો તો પણ ના થાય તેવાં કામ મામા પોતાની સૂઝ

અને સંબંધોથી કરાવી શકે છે. મામાનું શારીરિક સ્વાસ્થ્ય, તેમની વાચાળ આંખો અને લોખંડી (મસમોટી) હથેળી એમને એક કડક વડીલ તરીકે નિરૂપે છે, પણ મેં તો એમને નાના–મોટા સૌને, અને બાળકોને સવિશેષ લાડ કરતા જોયા છે એટલે સુધી કે, ફક્ત ૧૪ વર્ષની ઉંમરે મારા પહેલા પ્રેમ (!) પ્રકરણનો ઉકેલ લાવવા મેં એમને જ text message કરેલો !

હું ૨૮ વર્ષની ઉંમરે પણ ન કરી શકું, એટલી કલાકો મામા આજે પણ પોતાના કામમાં વિતાવે છે. લગભગ આખી સાંજ અને મોડી રાત પુસ્તક વાંચતા વિતાવે છે છતાં પણ બે મિનિટ પાસે બેસો તો તેઓ તમને હળવા ફૂલ કરી દે... ઘણા બધા પ્રશ્નો અને ચિંતાના ઉકેલ "રાજુમામાને કહીશું એટલે થઈ જશે" એ એક વાકયમાં હોય છે. સામે પક્ષે, કોઈ કાર્ય કેવી રીતે, કેટલી ચીવટ અને ઝડપથી કરવું એની વિગત આપવા કરતાં ફેકટરી પર અને ઘરમાં" રાજુભાઈએ કીધું છે એટલે એ રીતે કરજો" એવો રૂઢીપ્રયોગ પણ વપરાતાં જોયો છે.

તેમની સૌંદર્યદૃષ્ટિ મૂર્ત સ્વરૂપે જોવી હોય તો 'રીટાની વાડી' કે એમના અગણિત ફોટોગ્રાફીના નમૂના facebook પર જોવા. (કેમ કે ઘણી ફરિયાદો છતાં એ પર્સનલી તો ફોટોસ આપતાં નથી !)

"આપણા કરતાં ય ગામમાં ઘણા પાસે અક્કલ વધારે છે, આપણી પાસે આજે પૈસો થયો છે તો એ આપણા નસીબ !" આમ કહેતાં મેં મામાને સાંભળ્યા છે. પોતાના અનેક ઉજાગરા અને મહેનતને બદલે એ નસીબને શ્રેય આપી અમને અને બાળકોને, જમીન પર પગ રાખવાની, અભિમાન ન કરવાની શિખામણ આપે છે... મને જીવનના ઘણા અલભ્ય અનુભવો કરાવવા માટે અને મારા મામા બનવા માટે મામાનો ઘણો આભાર !

મહેન્દ્રભાઈ એમ. પંચમીયા (સાળા)



રાજુભાઈ મારા સૌથી નાના બનેવી પરંતુ દરેક પ્રકારનાં કાર્યમાં તેઓ સૌથી મોટા... મૂળ વતન માણાવદરમાં વડીલ બંધુ ચંદ્રકાંતભાઈ તથા કિશોરભાઈની સંગાથે રાજુ એન્જીનીયર્સ લિમિટેડની સ્થાપના કરી. તેમની વ્યાપારલક્ષી દૃષ્ટિથી દેશ–પરદેશમાં ખ્યાતિ મેળવી. કંપનીને ટોપ લેવલની ઈન્ડસ્ટ્રીઝ બનાવી. એમને ત્યાં બનતાં મશીનોમાંથી ૮૦% થી ૮૫% અન્ય દેશોમાં નિકાસ થાય છે.

રાજુભાઈ પહેલેથી જ હિંમતભર્યા નિર્ણયો લેવામાં માહિર... તેમની કુટુંબવત્સલતા, પ્રેમ અને લાગણીભર્યા સ્વભાવથી સંપૂર્ણ કુટુંબ એક તાંતણે બંધાયેલું છે. તેમના આંગણે આવેલી કોઈપણ પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલી વ્યક્તિની સમસ્યાનું નિરાકરણ કુનેહપૂર્વક જાતે ઘસાઈને પણ સરળતાથી ઉકેલી આપતા અને આવેલી વ્યક્તિ હસતાં હસતાં આશીર્વાદ અને શુભેચ્છા આપીને જતા.

> રાજુભાઈનું વાંચન વિશાળ છે. આયુર્વેદના જ્ઞાનનો ખજાનો છે.

રાજુભાઈનું વાંચન વિશાળ છે. આયુર્વેદના જ્ઞાનનો ખજાનો છે. તેઓ નેચરોથેરાપીમાં એમ.ડી.ની ડિગ્રી હાંસલ કરી હોલિસ્ટિક હિલિંગ મેડિકલ સેન્ટર દ્વારા કુટુંબીજનોની સંગાથે અઠવાડિયામાં ત્રણ દિવસ નિઃસ્વાર્થભાવે માનવ સેવા કરે છે. જેમાં અનેક પ્રકારના ભયાનક રોગો જેવા કે કેન્સર, દાઝી ગયેલા કેસ, પ્રોસ્ટેટ કેન્સર જેવા અનેક કેસોમાં દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરે છે. જેનાથી અનેક રોગીઓ રોગમાંથી મુક્ત થઈ હસી–ખુશીથી આશિષ આપતાં વિદાય લે છે.

વડીલોની સેવા ગળથુથીમાંથી મળી છે. માદરે વતન માણાવદરમાં અનેક પ્રકારની સુવિધાઓથી સજ્જ ચંદ્રશ્રુતિ વૃદ્ધાશ્રમની સ્થાપના કરી કોઈપણ પ્રકારનો ચાર્જ લીધાં વગર માતા–પિતાની જેમ સેવા કરી રહ્યા છે અને વડીલોની આંતરડી ઠારી તેમના મૂક આશીર્વાદ મેળવી રહ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે આપનાં જેવાં સત્કાર્યોમાંથી અન્ય લોકો પણ પ્રેરણા લઈ લોકોપયોગી સેવાકાર્યો કરતાં રહે.

RITESH MAKANI, MUMBAI (ભાણેજ જમાઈ)



What to say about Rajoo Massa ? I have been related to him through my wife. But I interact more with him then my wife.

I have not seen such a person who is willing to serve people without any expectations. I have very high respect and truly admire him. He will gel up so well with anyone and everyone irrespective of their gender, age, wealth and societal status.

Though I have had limited chances of having a conversation with him but whenever you need advice, he is always available. I have always received a response immediately whenever I have reached out to him. I have complete confidence on his guidance and I try to ensure that my family members follow the same.

Pl do continue this noble cause.

ભાવેશ શાહ, મુંબઈ (ભાણેજ જમાઈ)




રાજુભાઈ દોશી, મારા માસાજી અને એક જીવંત પ્રેરણાત્મક વ્યક્તિત્વ નિરભિમાની. કદાચ આજના કહેવાતા 'પ્રેકટીકલ યુગ'માં આવું વ્યક્તિત્વ એ દુર્લભ પ્રજાતિ ગણાય એવું મારું માનવું છે. કોઈપણ પ્રશંસા કે વળતરની લેશમાત્ર અપેક્ષા વગર જાણ્યા અજાણ્યા અનેક લોકોની વિનામૂલ્યે સારવાર કરવી, સતત નવું-નવું જાણીને અભ્યાસ કરીને લોકોનું ભલું કરવાની ભાવના હોવી એ કોઈ અલગ જ ડી.એન.એ. હોવાની સાબિતી છે. જો કે વડીલોની પુણ્યાઈ છે કે પરોપકારની ભાવના સમગ્ર દોશી પરિવારમાં છે. તન, મન, ધનથી લોકોની મદદ કરે છે... અને હા, જયારે વજાઘાત સમું દુઃખ આવી પડયું હોય, તેને જીરવી જઈને સતત ભલાઈનાં કાર્યો કરવા માટે પણ જીગર જોઈએ. બહુ જ પ્રામાણિકપણે હું કહું છું કે રાજુભાઈ એકાંતમાં એ દુઃખ સહન કરી રહ્યા છે, કદાચ લોકોથી છુપાવવાની સતત કોશિશ કરી રહ્યા છે, પણ સાચું કહું તો મારાં માસીજી રીટાબેનની વિદાયે અમારા સમગ્ર પરિવારને હચમચાવી નાખ્યો છે. એ પણ અત્યંત માયાળુ, પ્રેમાળ અને લોકો માટે કરી છૂટવાની ભાવનાવાળાં, સૌને સાથે રાખનારાં એવો માળાનો એ દોરો હતાં. આજે એ દોરા વગરનાં મોતીઓ જેવી હાલત થઈ ગઈ છે.... જો અન્યોની આ હાલત હોય, તો રાજુભાઈની પરિસ્થિતિની તો કલ્પના જ મુશ્કેલ છે.

અંતમાં એટલું કહીશ કે, ''મળેલા મનુષ્ય ભવનો શ્રેષ્ઠ ઉપયોગ કઈ રીતે કરી શકાય ? તેનું જીવંત ઉદાહરણ એટલે મારા માસાજી રાજુભાઈ દોશી.''


પૌત્ર-પૌત્રી
દૌહિત્ર-દૌહિત્રી
આયાંક, નાઈરા, દુર્જોય,
કવિત, યોહાન, જીવિકા

તમે એના દિલમાં વસી ગયા તો
એ તમને રાજાની જેમ રાખે
અને નજરમાંથી ઊતરી ગયા
તો તમારી સામે જુએ પણ નહીં !



રાજુ વિચારક તો હતો જ પણ માત્ર પોતાની કંપની કે પરિવાર પૂરતો સીમિત નહીં. ■ **રાજીવ મહેતા** ચંદ્રકાંતભાઈ ત્યારે પણ ઈચ્છતા હતા કે – રાજુ નોકરી નહીં, બિઝનેસ જ કરે. ■ **જયંતિભાઈ ઝાલાવાડિયા** રાજુ પોતાનું જ ધાર્યું કરવા માટે યુવાનીમાં પણ મશહૂર હતો. એ નક્કી કરી લે પછી કોઈનું એટલે કોઈનું પણ માને નહીં. ■ **રસિકભાઈ દેકીવાડિયા** રાજુ જેવો ખંતીલો માણસ પણ મેં નથી જોયો. ફેક્ટરીમાં મશીન ખરાબ થઈ જાય કે કંઈ નવું સાધન બનાવવું હોય તો તેને લગતી બુક શોધવા રાજુ પોરબંદર આવતો. ■ **જયમીન ગોસ્વામી** રાજુ બધી રીતે મારાથી, અમારા બધા મિત્રોથી થોડો આગળ રહેતો. એ જુદું વિચારી શકતો. ■ **હસમુખભાઈ માણાવદરિયા** રાજુમાંથી લેવા જેવી વાત તો છે તેની દિલદારી. આવો દિલાવર માણસ મળવો મુશ્કેલ છે. અમારા માણાવદરમાં દોશી પરિવારનો 'રોટલો' મોટો ગણાતો. ■ **મનીષભાઈ મહેતા** રાજુને કાયમ કાંઈક નવું કરવાની ધગશ હોય છે અને એ માટેનું તેનું પ્લાનિંગ પણ પરફેક્ટ હોય છે. ■ **રાજેશભાઈ ગંડેચા** રાજુ ગ્રૂપમાં હવે તેઓ કિંગમેકરના રોલમાં છે પરંતુ તેમની પાસે એવી એવી ક્વોલિટી છે કે, શું શીખવું અને શું ગ્રહણ કરવું– એ તમે નક્કી ન કરી શકો. ■ **જે.એ.રાવલ** રાજુભાઈના ચહેરા ઉપર ક્યારેય શ્રીમંતાઈનો ઘમંડ જોવા મળ્યો નથી. નિર્ભેળ સરળ વ્યક્તિત્વ એ તેમની ઓળખ છે. ■ **પરેશ દવે** રાજુભાઈ, એક એવું વ્યક્તિ કે જે શૂન્યમાંથી સર્જન કરે અને પડની છાતી ધરાવે ! ■ **વિજય એ. શેઠ** મારી ૪૩ વરસની કેરિયરમાં રાજુભાઈ જેવો નીડર, જિંદાદિલ તથા દરેક વિષયમાં મૂળ સુધી જવાવાળો માણસ મે હજુ જોયો નથી. ■ **ગોપાલભાઈ ખીરસરિયા** જન્મસ્થળનું ઋણ કેવી રીતે ચૂકવવું જોઈએ, તે જો શીખવું હોય તો આ ગુણ રાજેશ દોશી પાસેથી ચોક્કસપણે શીખી શકાય. ■ **દિલીપ રાયજાદા** પૈસો હોવો અને બીજા માટે વાપરવો, એ ખરેખર રાજુભાઈ પાસેથી શીખવા જેવું છે. ■ **ચિરાગબહેન ગોસાઈ** ચંદુભાઈનો ટિપિકલ જવાબ હતો કે, રાજુ લાખના બાર હજાર કરે ત્યાં સુધી મને વાંધો નથી ! ■ **કિરીટ બી.સંઘવી** સંસારમાં રહીને પણ 'સાધુપુરુષ' જેવું જીવન જીવતા રાજુભાઈનું સમગ્ર જીવન એક ખુલ્લી કિતાબ જેવું છે. ■ **યશવંત ગોસ્વામી** માટીની ભીનાશ વૃક્ષનાં મૂળને પકડી રાખે છે, તેવી જ રીતે રાજુભાઈના શબ્દો અને સંબંધોની મીઠાશ લોકોને તેમના તરફ ખેંચી રાખે છે. ■ **સોનાલી સમીર શાહ** રાજુભાઈ વિશે ટુંકમાં કહેવું હોય તો સરળ અને નિખાલસ વ્યક્તિ. નિરભિમાની, નીડર અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા નોખી માટીના અને જાણવા જેવા માણસ. ■ **નિરાલી કે. પારેખ**

રાજીવ મહેતા, જૂનાગઢ



આજે જયારે હું રાજુ દોશી વિશે જે પણ લખીશ એ માત્ર ગાગરમાં સાગર ભરવા સમાન બાલિશ હરકત જ હશે. કેમ કે ૧૯૯૦ થી શરૂ થયેલી અને આજ સુધી અવિરત જારી રહેલી સંબંધની સ્મરણયાત્રા આલેખવા, પૃથ્વી પરની સમસ્ત વનરાઈની લેખિની બનાવું, દરિયાની શાહી બનાવું, ધરતીને કાગળ બનાવું અને સાક્ષાત્ ગણેશને લહિયા બનાવું તો પણ વિરાટને વર્ણવવા, શબ્દ સામર્થ્યમાં હું વામન સ્વરૂપ પુરવાર થાઉં એટલે સ્વયં મર્યાદાથી બદ્ધ એવો હું, અંતરમાંથી ઊઠતી ઉર્મિઓને શબ્દદેહે કંડારવા પ્રયાસ કરીશ.

વર્ષ ૧૯૯૦-૯૧... આજે દોડવીર યુસૈન બોલ્ટની ગતિએ દોડતી રાજુ એન્જીનીયર્સ હજુ ભાંખોડિયા ભરતી હતી. પરિવારના મોભી અને દીર્ઘદ્રષ્ટા ગુરુબંધુ શ્રી ચંદ્રકાન્તભાઈએ માણાવદર જેવા નાનકડા અવિકસિત ગામથી ઊંચી ઉડાન ભરવાની હામ ભીડી હતી. ત્રણ સાંધો ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિમાં રોજિંદી સંઘર્ષયાત્રા ચાલુ હતી. હજુ રાજકોટ સ્તરે પણ કોમ્પ્યુટર પહોંચ્યાં નહોતાં ત્યાં માણાવદર જેવા ગામમાં ચંદ્રકાન્તભાઈ કોમ્પ્યુટર લઈ આવ્યા અને બિલિંગ, એકાઉન્ટિંગ, સ્ટોક મેનેજમેન્ટ વિગેરે કોમ્પ્યુટરાઈઝ કરવાનું શરૂ કર્યું અને આ હતી અમારા પરિચયની શરૂઆત... દિવસ રાત જોયા વગર સતત મહેનત ચાલુ હતી. હું પણ પડકારજનક ભૂમિકા નિભાવવા પૂર્ણ કટિબદ્ધ હતો. જૂનાગઢથી હાથે ચડયું વાહન પકડીને માણાવદર પહોંચી જવાનું અને બબ્બે ત્રણ ત્રણ દિવસ ગાળીને પાછા આવવાનું... માણાવદરમાં લોજ હોટેલ તો હતાં નહીં એટલે જમવા માટે ચંદ્રકાન્તભાઈ કે રાજુભાઈ સાથે એમના ઘરે જવાનું. આમ જોતજોતામાં વ્યાવસાયિક સંબંધ એક ઘનિષ્ઠ આત્મીય સંબંધમાં પરિણમ્યો. શ્રી ચંદ્રકાન્તભાઈ હવે ચંદુભાઈ હતા અને પછી જીવનપર્યંત ફક્ત 'ભાઈ' હતા.

રંજ કી જબ ગુફ્તગૂ હોને લગી, આપ સે તુમ, તુમ સે તું હોને લગી ।

એ સમયનો
રાજુ હરફનમૌલા
યુવાન હતો,
આજે પણ એ
હરફનમૌલા જ છે.

અહીંથી શરૂ થાય છે 'એક હતો રાજુ', જેને જયારે જાણ્યો ત્યારે એ બીજનો ચંદ્રમા હતો. વાત છે ત્રણ દાયકાની સ્મરણયાત્રાની... કથા છે આ 'બીજના ચંદ્ર'માંથી આજે પૂર્ણ પ્રકાશિત 'પૂનમના ચંદ્ર' સમાન રાજુમાં આવેલા બદલાવની... અલ્લડ અલગારી રાજુમાંથી પૂર્ણ પરિપક્વ રાજુ બનવાની સફરની... 'દો જિસ્મ મગર એક જાન' જેવા રાજુ – રીટાના મધુર દામ્પત્યની... એ સમયનો રાજુ હરફનમૌલા યુવાન હતો, આજે પણ એ હરફનમૌલા જ છે, ફરક એટલો છે કે ત્યારે એનામાં કાંઠે ઘૂઘવતાં દરિયાનાં મોજાં જેવો ઉછળતો ઉત્સાહ હતો જયારે આજે મધદરિયે રહેલા અગાધ ઊંડાણ ધરાવતાં પ્રશાંત જળ સમાન સૂક્ષ્માતિસૂક્ષ્મ સમજણ છે.

રાજુ એન્જીનીયર્સને નવા જ આયામ પર લઈ જવા માટે માણાવદરનું આકાશ ટૂંકું પડતું હતું. રાજકોટમાં શાપર ખાતે વિશાળ જમીનમાં નવી ફેકટરી ઊભી થઈ. સતત નવાં સંશોધન, નવી નિમણૂક અને નવા સાથીદારો, નવી બજારની શોધ, પબ્લિક ઈશ્યુ અને બેંકો થકી ફંડ જનરેશન, સરકારના વિવિધ વિભાગો સાથેનો પનારો, વગેરે અગણિત કાર્યોમાં એ એટલો વ્યસ્ત થઈ ગયો કે કેટલાંક વર્ષો સુધી જાણે ઘર, કુટુંબ, મિત્રો, બધું જ ભુલાઈ ગયું. થોડાં જ વર્ષોમાં રાજુ એન્જીનીયર્સ લિમિટેડ હવે એના ક્ષેત્રની દેશની અગ્રણી કંપની બની ચૂકી હતી પણ મહત્ત્વાકાંક્ષા આસમાનને આંબતી હતી. કંપની હવે રાષ્ટ્રીય કક્ષાએથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ છલાંગ લગાવવા તૈયાર હતી. દિલ્હી, પ્રગતિમેદાનમાં યોજાતા પ્લાસ્ટ ઈન્ડિયામાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતી રાજુ એન્જીનીયર્સ હવે જર્મની ખાતે યોજાતા

આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીય પ્રદર્શનમાં ગૌરવભેર ભારતનું પ્રતિનિધિત્વ કરતી હતી. રાજુ માટે આખું વિશ્વ એક બજાર તરીકે સામે હતું. નાના મશીનો બનાવવાથી શરૂઆત કરેલી કંપનીએ અત્યંત ટૂંકાગાળામાં વિશાળ રેન્જ ઉભી કરી દીધી હતી. એકસપોર્ટ ઓર્ડર્સ વધતા જતા હતા તો એને પહોંચી વળવા પ્રોડકશન કેપેસિટી પણ વધારવી જરૂરી હતી. યુદ્ધના ધોરણે કંપનીનું ઓટોમેશન કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરાયું તો સાથે જુના અને અનુભવી સાથીઓ અકબંધ રાખીને, નવો સ્કિલ્ડ સ્ટાફ પણ ભરતી કરાયો. જે પ્લાન્ટ ફેકટરીમાં તૈયાર થઈ ને ટેસ્ટ થાય એ જ પ્લાન્ટ આખો ડિસમેન્ટલ કરી અને કસ્ટમર લોકેશન પર પહોંચાડાય અને ત્યાં ફરીથી એસેમ્બલ કરી અને ઓન સાઈટ ટ્રાયલ, ટેસ્ટિંગ અને ટ્રેનિંગ અપાય. સરવાળે તો ગ્રાહકનો સંતોષ એ જ આપણા રાજુ અને રાજુ એન્જીનીયર્સનો મુદ્રાલેખ હતો. જે રાજુ અને એની ટીમે સુપેરે પાર પાડયો. જો વિગતવાર આલેખન કરું તો રાજુ અને રાજુ એન્જીનીયર્સની પ્રગતિ આલેખતું આખું પુસ્તક બને કેમ કે આ સમગ્ર ઘટના ક્રમ જેટલો દેખાય છે એટલો સીધો કે સરળ નહોતો. ડગલે અને પગલે નવી મુસીબતો પેદા થતી.

દરેક નવા મશીન અને નવી માર્કેટ, નવા નવા પડકાર ઉભા કરતા અને એમાંથી બહાર આવે ત્યાં નવી વિકરાળ સમસ્યા મ્હોં ફાડીને ઉભી જ હોય. "What they don't teach you at Harvard Business School" નામના સૌથી વધુ વેંચાયેલા પુસ્તકના બે જીવતા જાગતા પાત્રો આપણા રાજુ અને ચંદુભાઈ હતા. કંપની શરૂ કરી ત્યારથી માંડી આજ સુધી એકલવ્યની જેમ જ બધું શીખ્યા. એકપણ કાર્યનો જરા જેટલો પણ પાછલો અનુભવ ન મળે અને દરેક દિવસ નવા અનુભવનું ભાથું વધારતો જાય. માતા પિતાના આશિર્વાદ એમના બખ્તર હતા, સ્વભાવમાં સાહસિકતા અને પરિશ્રમવૃત્તિ એમના આયુધ અને લડાયક અભિગમ સાથે હૈયે હામ અને આંતરિક કોઠાસૂઝ એ આ રામ–લક્ષ્મણના ભાથાંનાં બ્રહ્માસ્ત્ર હતાં.

> કંપની શરૂ કરી ત્યારથી માંડી આજ સુધી રાજુ અને ચંદુભાઈ એકલવ્યની જેમ જ બધું શીખ્યાં.

આ બધા સમયગાળા દરમ્યાન ખાસ્સો સમય માણાવદરમાં રહેલો પરિવાર રાજકોટ શિફ્ટ થઈ ચૂકયો હતો. પોતાના કર્મચારીઓને પણ પરિવાર જ ગણતાં દોશી બ્રધર્સે સ્ટાફ માટે પણ રહેણાંક અને માર્ગ પરિવહન વ્યવસ્થા સુંદર રીતે આયોજિત કરી હતી. ફેકટરીની કેન્ટીનમાં એક જ રસોડે બનતી ઘર જેવી જ સાત્વિક અને સ્વાદિષ્ટ વાનગીઓ સૌ સાથે મળીને જમતાં અને કુટુંબની જેમ જ હળીમળીને કામ કરતાં. કૃતિ, કરિશ્મા અને ઉત્કર્ષ પણ રીટાભાભીના વાત્સલ્ય સભર માતૃત્વ હેઠળ ઉછરી રહ્યા હતા. નજીકના ભવિષ્યમાં જ ખુશ્બુ ખભે ખભો મેળવીને કામ કરી શકે એટલી સક્ષમ બનવાની હતી... તો ઉત્સવ અને પલ્લવ પણ હણહણતા વછેરા જેવા તરવરિયા તરુણ બની ચૂકયા હતા. અહીં સુધી તો બધું કુદરતના ઘટના ક્રમમાં સુખરૂપ ચાલ્યું પણ એક સરખા દિવસો કોઈના જતાં નથી. કરાલ કાળે કરવટ બદલી અને માનસિક પરિતાણનો સમય શરૂ થયો. પૂજય બા એ વિદાય લીધી અને અતિ શ્રમ અથવા નિયતિની ગતિ કહીએ પણ ૨૦૧૩ ની શરૂઆતમાં ચંદ્રકાન્તભાઈએ અચાનક વિદાય લીધી. ઘર, પરિવાર, વ્યવસાય, ઉદ્યોગ તમામ જવાબદારીઓ રાજુ પર આવી પડી જે એમણે ચંદ્રકાન્તભાઈની પરોક્ષ ઉપસ્થિતિમાં અને એમના દેહાંત પછી એમની અનુપસ્થિતિમાં અદ્‌ભુત રીતે નિભાવી.

કોઈપણ ઔદ્યોગિક સામ્રાજયમાં ત્રણ સ્તર હોય છે. પાયાના સ્તરે "Doers" હોય છે જે કંપનીના પાયાના કર્મચારીઓ હોય છે, જે કંપનીની વિકાસની ઈમારતના પાયાના પથ્થરો હોય છે. માણાવદરમાં રાજુ પણ આમાંનો એક જ હતો. એનાથી ઉપરનું સ્તર છે "Developers"... આ એ કક્ષાના લોકો છે જે કંપનીની વિકાસ ઈમારત ચણવાનું કામ કરે છે. સેલ્સ અને માર્કેટિંગ ટીમ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સ્કીમ, પ્રોડકશન એન્ડ સપોર્ટ ટીમ વગેરે થકી કંપની પોતાની પ્રોડકટસની ગુણવત્તા જાળવી, સુધારી અને પ્રતિસ્પર્ધીને મ્હાત કરે છે, સિદ્ધિનાં નવાં નવાં શિખરો સર કરે છે. ૧૯૯૦

થી બે દાયકા સુધી રાજુએ સતત આ ભૂમિકા સફળતાપૂર્વક નિભાવી, કંપનીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત બનાવી. સૌથી ઉપરના સ્તરે હોય છે "Thinkers"... આ એ લોકો છે જેમની પાસે એક ચોક્કસ વિઝન છે. જે માત્ર આવતીકાલ નહીં પણ આવતા દાયકાનું અને આવતી પેઢીનું ભવિષ્ય સુનિશ્ચિત કરે છે. વિસ્તરણના ભાગસ્વરૂપે પોતાની જાતને પ્રત્યક્ષ જવાબદારીમાંથી સંકોરી અને સત્તાનું વિકેન્દ્રીકરણ કરે છે અને યોગ્ય હાથોમાં સત્તાનાં સુકાન સોંપે છે. આ રોલમાં રાજુ બરાબર ખીલી ઊઠયો. રાજુને નજીકથી ઓળખનારા એ વાત સાથે સહેમત થશે કે રાજુ કયારેય 'પૈસાનો દાસ' બન્યો નથી. દુન્યવી પ્રગતિ અથવા કીર્તિથી અંજાયો નથી. અત્યાર સુધી ઘોડાગાડીના ઘોડાને બાંધેલા ડાબલાની જેમ એક જ દિશામાં રાજુની સાફલ્યગાથા વર્ણવી, પણ રાજુ તો બહુઆયામી વ્યક્તિત્વનો ધણી છે. એના વ્યક્તિત્વના અથવા અજ્ઞાત પાસાંઓ પણ છે જેનું અહીં વિહંગાવલોકન કરાવવું છે. રાજુ એન્જીનીયર્સના વિકાસને તો સૌ જાણે છે પણ રાજુ દોશીના આંતરિક વિકાસની વાત કહેવી છે. ભૌતિક સુખ સગવડોની રેલમછેલ વચ્ચે અનાસક્ત ભાવે જીવતા અલખના આરાધકસમ સ્થિતપ્રજ્ઞ રાજુની વાતને કલમથી વહાવવી છે. સફળ ઉદ્યોગપતિ રાજુને તો બધા ઓળખે છે પણ નિષ્ફળતાને પણ સિદ્ધાંત ખાતર સહજતાથી સ્વીકારનાર રાજુને બહુ ઓછાં ઓળખે છે, તો હવે થોડી વાત આંતરિક રાજુના ઉઘાડની...

આ માટે આપણે ફરીથી ફલેશબેકમાં જવું પડશે. મશીનો જોડે પનારો પાડતા રાજુને ખરો રસ તો હેલ્થ મેનેજમેન્ટમાં હતો. માનવશરીર એ કુદરતે સર્જેલું એક અદ્‌ભુત મશીન છે જે એક નિર્વિવાદ સત્ય છે. કશુંક પણ નવું કરવાની ધૂન ધરાવતા રાજુએ વર્ષ ૨૦૦૦ ની આસપાસ માણાવદર ખાતે અદ્યતન પ્લાન્ટ અને લેબોરેટરી ધરાવતી ફાર્મા કંપની ચાલુ કરી. એલોપેથીક દવાઓની જાનલેવા આડઅસરથી વાકેફ રાજુએ શુદ્ધ ગુણવત્તાયુક્ત આયુર્વેદિક દવાઓ બજારમાં મૂકી. એલોપેથીક દવાઓ માત્ર લક્ષણો આધારિત ઉપચાર કરે છે જયારે આયુર્વેદ રોગનો જડમૂળથી ઈલાજ કરે છે એટલે દર્દીઓએ બને ત્યાં સુધી એલોપેથીક દવા ન લેવી જોઈએ અને આપણાં પ્રાચીન શાસ્ત્ર આધારિત વિજ્ઞાનને સ્વીકારવું જોઈએ, આવી સાદી સમજથી એણે આ કંપનીની સ્થાપના કરી હતી. રાજુ એન્જિનિયરિંગના અનુભવને કારણે માર્કેટિંગ કરવામાં પણ કોઈ કમી રાખી નહોતી. પ્રોડકટસની ગુણવત્તા પણ લાજવાબ હતી. કંપનીનું ઈન હાઉસ રિસર્ચ ડિપાર્ટમેન્ટ પણ એના કાર્યમાં નિષ્ણાત હતું. સેલ્સ અને માર્કેટિંગમાં પણ અનુભવી સ્ટાફ હતો.

સામે દેશભરની વિશાળ માર્કેટ હતી અને દવાનું પેકિંગ, લેબલિંગ, પ્રાઈસિંગ વગેરે અત્યંત આકર્ષક હતું. સફળતા સુનિશ્ચિત હતી તેમ છતાં વેચાણ થતું નહોતું. સતત અને સઘન પ્રયાસો પછી પણ વેચાણમાં વધારો ન થતાં એમણે બજારમાં પ્રોફેશનલ સર્વે એજન્સી દ્વારા તપાસ કરાવી તો સામે આવેલ પરિણામ અત્યંત ચોંકાવનારું હતું. ખૂબ અલ્પ અપવાદને બાદ કરતાં, કોઈ ડોકટર દવા લખવા રાજી જ નહોતો. કોઈને ટકાવારીમાં રસ હતો તો કોઈને રોકડા રૂપિયા લેવામાં... કોઈને ગાડી જોઈતી હતી તો કોઈને ફોરેન ટૂરની ટિકિટો... કંઈ કેટલીયે બેહૂદી અપેક્ષાઓ અને માંગણીઓ સામે આવી. રાજુને વિશેષ બ્રહ્મજ્ઞાન તો એ લાગ્યું કે આખી ઈન્ડસ્ટ્રી આમ જ ચાલતી હતી... ડોકટર્સ, રિટેલર, સ્ટોકિસ્ટ, લેબોરેટરીવાળા, બધાની કયાંક ને કયાંક મિલીભગત ચાલતી હતી. આખી સિસ્ટમ સડી ચૂકી હતી. રાજુ પાસે બે જ વિકલ્પ હતા. કાં તો આ ભ્રષ્ટ સિસ્ટમનો હિસ્સો બની જવું અથવા તો બહાર થઈ જવું. રાજુએ પોતાના ઝમીર અને ખમીર સાથે લેશમાત્ર બાંધછોડ કર્યા વગર એ સમયમાં એક કરોડ રૂપિયાની ખોટ ખાઈને કંપની બંધ કરી દેવાનું પસંદ કર્યું.

મશીનો જોડે પનારો પાડતા રાજુને ખરો રસ તો હેલ્થ મેનેજમેન્ટમાં હતો.

સિદ્ધાંત સાથે થોડીક પણ બાંધછોડ કલ્પનાતીત સામ્રાજય ઊભું કરી શકતી હતી પણ આ રાજુ હતો, એણે હસતે મુખે નિષ્ફળતાને પણ ગળે લગાવી. નરસિંહરાવ સરકારમાં મનમોહનસિંહ નાણામંત્રી

હતા અને કોંગ્રેસ સરકારે સમાજવાદને રુખસદ આપી, બહુરરાષ્ટ્રીય કંપનીઓ માટે જયારે દરવાજા ખોલી નાખ્યા ત્યારે આ જ રાજુ પાસે કોકાકોલાની સમગ્ર ભારતમાં વિતરણવ્યવસ્થા ગોઠવવાની તક આવી હતી પણ એ ત્યારે પણ માનતો હતો અને આજે પણ માને છે કે એ પ્રકારનાં તમામ પીણાં માત્ર અને માત્ર ઝેર જ છે. એ ત્યારે પણ આવાં બજારુ પીણાં નહોતો પીતો અને આજે પણ નથી પીતો. ઓછા સમયમાં કરોડપતિ થવાની તક એણે અને ચંદ્રકાંતભાઈએ ઠુકરાવી દીધી ફક્ત સિદ્ધાંત ખાતર... આ અને આવી અનેક વણજાણેલી વાતો રાજુને બીજાથી જુદો પાડે છે, સન્માનનો અધિકારી બનાવે છે.

આગળ કહ્યું એમ રાજુ વિચારક તો હતો જ પણ માત્ર પોતાની કંપની કે પરિવાર પૂરતો સીમિત નહીં...

એના દિલમાં સમાજ માટે કંઈ કરી છૂટવાની વૃત્તિ બળવત્તર બની રહી હતી. ૨૦૧૦ માં એને વૃદ્ધાશ્રમ બનાવવાનો વિચાર આવ્યો, જે મોટાભાઈ સાથેની ચર્ચા બાદ નિર્ણયમાં પરિણમ્યો. આજે માણાવદર ખાતે એક અદ્યતન સંકુલ કાર્યરત છે જયાં લાચારીના અહેસાસ વગર, પૂર્ણ સ્વમાન સાથે જીવનના ઉત્તરાર્ધમાં કોઈપણ વડીલ નિઃશુલ્ક રહી શકે છે. દિવંગત પરિવારજનોની યાદમાં એનું નામ આપ્યું છે : ચંદ્ર શ્રુતિ... અહીં શું નથી ? વિશાળ રમણીય પરિસરમાં ફેલાયેલા આ સંકુલમાં વડીલો માટે અલાયદી રહેણાકવ્યવસ્થા ઉપરાંત ત્રણ વખત ચા, નાસ્તો, બંને સમય સાત્ત્વિક ભોજન, રાત્રે દૂધ વગેરે તો ખરું જ પણ મંદિર, વિશાળ સત્સંગ હોલ, કસરત કરવા માટે આધુનિક જીમ્નેશિયમ, ડિસ્પેન્સરી, નિયમિત હેલ્થ ચેકઅપ કેમ્પ, પ્રવાસ માટે બસ, ગાર્ડન, ખુલ્લામાં બેસવા માટે ઝૂલા તેમજ બેન્ચ અને મારા તમારા જેવા મહેમાનો માટે રિસોર્ટને શરમાવે એવા ગેસ્ટ રૂમ્સ... જે કરવું એ દિલથી કરવું આ રાજુની એક આગવી ખાસિયત જેનું તાદૃશ ઉદાહરણ એટલે ચંદ્ર–શ્રુતિ...

ચંદ્ર–શ્રુતિનું નિર્માણ અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓ તો રાજુની સ્વભાવગત લાક્ષણિકતા હતા પણ ફાર્મા કંપનીના કાર્યકાળ દરમ્યાન રાજુએ મેડિકલક્ષેત્રમાં પેસી ગયેલ બદીઓ નજીકથી નિહાળી હતી. એનાથી એ અત્યંત વ્યથિત હતો. એ મેડિકલ સાયન્સનો વિરોધી નહોતો પણ જે રીતે આ વ્યવસાયમાં ડોકટરો, હોસ્પિટલો, લેબોરેટરી તથા ફાર્મા કંપનીઓની મીલીભગત દ્વારા લોકોનું સુવ્યવસ્થિત શોષણ થતું હતું, એનાથી એ પરેશાન હતો. સમગ્ર સિસ્ટમમાં સડો હતો. સામાન્ય બીમારી માટે હોસ્પિટલના પગથિયાં ચડતો માણસ સુવ્યવસ્થિત ષડયંત્રનો ભોગ બની, મોટા ખર્ચના ખાડામાં ઊતરી જતો અને એ પછી પણ બચવાની કોઈ ગેરંટી નહોતી. સાદું સત્ય એ છે કે માણસ બચવાનો હોય તો એલોપેથીની અવેજીમાં ઉપલબ્ધ કોઈપણ વૈકલ્પિક ચિકિત્સાથી પણ બચી શકે છે અને મરવાનો હોય તો દુનિયાનો શ્રેષ્ઠ ડોકટર કે હોસ્પિટલ પણ બચાવી નથી શકતા.

સામાન્ય રીતે 'વિરોધ' હંમેશાં નકારાત્મક ભાવનો દ્યોતક હોય છે પણ રાજુએ પૂરા હકારાત્મક અભિગમથી વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિનો ૨૦૧૭ માં કોર્સ કરીને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિના ચિકિત્સક તરીકેનું પ્રમાણપત્ર પણ મેળવ્યું. દિવસ આખો ફેકટરીમાં કાર્યરત અને સાંજે ઘરે આવીને પેશન્ટ તપાસે, આ સમયગાળા દરમ્યાન એણે ક્રમશઃ સત્તા અને કાર્યનું હસ્તાંતરણ ચાલુ કર્યું અને નવી યુવાપેઢીને જવાબદારીઓ સોંપી. આજે પણ એ કંપનીના Mentor તરીકે કાર્યરત છે જ પણ ૨૦૧૪ પછી વધુમાં વધુ સમય એણે ઘર પરિવાર તથા દર્દીઓના સ્વાસ્થ્ય માટે કાર્યરત હોલિસ્ટિક હીલિંગ સેન્ટરમાં ગાળવાનું શરૂ કર્યું. હોલિસ્ટિક હીલિંગ સેન્ટરમાં દર્દીનો ઉપચાર તો કરે જ પણ ગાંઠનું ગોપીચંદન ઘસીને દવા પણ સ્વખર્ચે આપે... માનો, જાણે અલખના આરાધકે સેવાની ધૂણી ધખાવી. કોરોનાના કપરા સમયમાં જયારે સમગ્ર વિશ્વ ભયના ઓથાર હેઠળ જીવતું હતું ત્યારે રાજુએ નિર્ભયતાથી કોવિડગ્રસ્ત લોકોની સેવા કરી. રાજુ સ્પષ્ટ માને છે કે પ્રકૃતિએ માનવશરીર સંપૂર્ણ સ્વસ્થ રહેવા જ બનાવ્યું છે. અકુદરતી જીવનપદ્ધતિ, અયોગ્ય આહાર–વિહાર અને તણાવગ્રસ્ત મન જ મોટાભાગના રોગના મૂળમાં હોય છે. નૈસર્ગિક જીવન અને નૈસર્ગિક ઉપચાર

જ એનું યોગ્ય નિરાકરણ છે. ગરવા ગિરનારની ગોદમાં એણે નંદનવન જેવી 'રીટાની વાડી' બનાવી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એણે બને એટલો વધુ સમય એની રીટા સાથે પ્રકૃતિના સાન્નિધ્યમાં ગાળ્યો. ૨૦૨૨ નું વર્ષ એને માટે ગોઝારું બની ગયું. કોઈ ગંભીર બીમારી વગર અચાનક જ જીવનસંગિનીએ અણધારી વિદાય લીધી. રાજુનું હાલતું ચાલતું ખોળિયું બચ્યું પણ એના જીવે વિદાય લઈ લીધી. હાલ તો હરપળ રીટાને શ્વસતા અને રીટામય જીવન જીવતા રાજુએ પોતાનું ધ્યાન હોલિસ્ટિક હીલિંગ સેન્ટરની પ્રવૃત્તિમાં તથા સોશ્યલ મીડિયામાં પોતાના આગવા અંદાઝમાં સ્વાસ્થ્યસંબંધી લેખો દ્વારા જનજાગૃતિ આણવાના કામમાં લગાવી દીધું છે. આપણા સંત શિરોમણી શ્રી નરસિંહ મહેતાએ પત્નીના નિધન પછી પૂરું જીવન પ્રભુભક્તિમાં સમર્પિત કરી દીધું હતું એમ રાજુ પણ એના જીવનનાં હવેનાં વર્ષો એણે હાથ ધરેલા અભિયાનને આગળ ધપાવતાં, સમાજોપયોગી પ્રવૃત્તિમાં વિતાવતાં પોતાની પ્રતિભાનું મહત્તમ પ્રદાન કરે એ જ પ્રાર્થના સહ મારી કલમને અલ્પવિરામ આપું છું...

તા.ક. રાજુભાઈ, તમારાં સંતાનોમાંથી કોઈ પૂછે છે કે આ લેખક તમારાથી ઉંમરમાં નાનો હોવા છતાં તમને એકવચનમાં કેમ સંબોધે છે !! તો એમને કહેવાનું કે આપણે અમિતાભ બચ્ચનને 'અમિતાભભાઈ' કે સચિન તેંડુલકરને 'સચિન ભાઈ' નથી કહેતા... બસ,આ પણ એવું જ !!

જયંતિભાઈ ટપુભાઈ ઝાલાવાડિયા, રાજુ ગ્રૂપ : સીએફઓ



૧૯૭૬ થી હું ચંદ્રકાંતભાઈ દોશીનો સાથીદાર. અમે બેન્કમાં સાથે નોકરી કરી છે. એ વખતે દોશી પરિવારની સ્થિતિ કંઈ બહુ સારી નહોતી. ચંદ્રકાંતભાઈ અને કિશોરભાઈ નોકરી પર ચઢી ગયા હતા અને રાજુભાઈ કરિયાણાનો ધંધો બંધ કરી ચૂકયા હતા. ચંદ્રકાંતભાઈ ત્યારે પણ ઈચ્છતા હતા કે – રાજુ નોકરી નહીં, બિઝનેસ જ કરે. તેમણે મારો અભિપ્રાય પૂછયો. એ વખતે મારા પિતા ટપુભાઈની માણાવદરમાં જ 'નૂતન પ્લાસ્ટીક' નામની ફેકટરી હતી. તેમણે જ સલાહ આપી અને એ રીતે 'રાજુ પ્લાસ્ટીક'નો જન્મ થયો. કહેવાની મતલબ એ કે આ બધામાં હું કયાંક નિમિત્ત છું પણ ચંદ્રકાંતભાઈ અને રાજુભાઈ મારા કરતાં વધુ સાહસિક હતા કારણકે મારી જેમ તેઓ 'કમ્ફર્ટ ઝોન' માં નહોતા. દોશી બ્રધર્સની સાહસિક વૃત્તિ–મહેનતની તૈયારી–શીખવાની નિષ્ઠાનું પરિણામ એ છે કે (એક જમાનામાં અમારે પ્લાસ્ટીકની ફેકટરી હોવા છતાં) આજે હુ તેમની ફર્મમાં નોકરી કરું છું.

ભાઈની વિદાયને દશ વરસ હજુ હવે થશે પણ ટર્નઓવર રાજુભાઈએ ડબલ કરી દેખાડયું છે.

૨૦૦૪ માં હું'રાજુ' ગ્રૂપ સાથે સંકળાયો અને ૨૦૧૩ માં ચંદ્રકાંતભાઈએ અણધારી વિદાય લીધી ત્યાં સુધી હું તેમની સાથે 'તેમના માણસ' તરીકે કામ કરતો રહ્યો. ચંદ્રકાંતભાઈ સાથે કામ કરતાં મને સતત એવું લાગતું કે ચંદ્રકાંતભાઈને ચિંતા હતી કે મારી ગેરહાજરીમાં રાજુભાઈ અને કિશોરભાઈ બધું સંભાળી શકશે કે કેમ ? આવી ચિંતા હોવી સહજ હતી કારણકે ચંદ્રકાંતભાઈ ગયા ત્યાં સુધી રાજુભાઈ માત્ર 'ઓપરેશન્સ' (પ્રોડકશન) જ સંભાળતા. ફાયનાન્સ, માર્કેટીંગ, સેલ્સ, બ્રાન્ડીંગ, પરચેઝ બધું ચંદ્રકાંતભાઈ જ જોતા હતા. એમની અણધારી વિદાયથી હું પણ 'રાજુ ગ્રૂપ' માટે ચિંતામાં પડી ગયો હતો કારણ કે હવે પ્રોડકશન્સ સિવાયની તમામ બાબતો પણ રાજુભાઈએ જ સંભાળવાની હતી પરંતુ રાજુભાઈની વિશિષ્ટિતાઓ છે કે ઈચ્છે તે બધી બાબતોમાં તળિયા સુધી ઊંડા ઊતરી જાય અને તમે ચકિત્ત થઈ જાઓ તેવું પરિણામ લાવીને દેખાડી દે.

માણાવદરના વૃદ્ધાશ્રમનો જ દાખલો લો. કિશોરભાઈ સહિત અમે બધા માનતા હતા કે વૃદ્ધાશ્રમ શરૂ કરવાની બદલે જે કંઈ ડોનેશન આપવું હોય તે કોઈ વૃદ્ધાશ્રમમાં આપી દેવું જોઈએ પણ... રાજુભાઈ 'ચંદ્રશ્રુતિ' વૃદ્ધાશ્રમ માટે મક્કમ હતા અને તેનું પોઝિટીવ પરિણામ આપણી નજર સામે છે.

ચંદ્રકાંતભાઈની અણધારી વિદાય પછી રાજુભાઈ નિયમિત મારી સાથે બેસીને ફાયનાન્સની ટેકનિકાલિટી અને કંપનીની આર્થિક સ્થિતિ સમજવા માંડયા અને તેમણે એવા-એવા દૂરંદેશી નિર્ણયો લીધા કે આજે રાજુ એન્જિનીયર્સ લિમિટેડ જ નહીં, અમારી પાંચેય કંપની ડેબ્ટ ફ્રી (કરજમુક્ત) થઈ ગઈ છે. ભાઈની વિદાયને દશ વરસ હજુ હવે થશે પણ 'રાજુ'નું ટર્નઓવર તેમણે ડબલ કરી દેખાડયું છે. 'રાજુ ગ્રૂપ' એ પછી પંદરસો કર્મચારીનો પરિવાર ધરાવતો થઈ ગયો છે. 'એસ્સેન સ્પેશ્યાલિટી ફિલ્મસ' નો આઈપીઓ લાવવાનો વિચાર પણ રાજુભાઈનો જ હતો. પહેલાં રાજુભાઈનું એન્જિનીયરીંગ નોલેજ કાબિલ-એ-તારીફ હતું પણ હવે તેઓ ગ્રૂપની તમામ બાબતોમાં નિપુણ બની ગયા છે, એટલું જ નહીં, રાજુભાઈ એવા નિર્ણયો (વિગતો ન આપી શકું) લે છે કે જેનાથી કંપની કે દોશી ફેમિલીને સતત લાભ થતો રહે પણ સૌથી મોટી વાત એ કે રાજુભાઈને પૈસો કદી ગળે વળગ્યો નથી. વિશ્વાસઘાત કે ચિટીંગ માટે એ સંબંધ પૂરા કરી નાખે પણ પૈસા માટે સંબંધ ખરાબ કદી ન કરે. વિશ્વાસ હોય તો એ ગમે એટલું નુકશાન જીરવી લે હસતા મોંઢે.

એક પ્રસંગ કહું. ચંદ્રકાંતભાઈ હતા ત્યારે એક વખત એવું બનેલું કે પેટીકેશનો દશ લાખનો હિસાબ મળતો નહોતો. હું એકદમ અપસેટ હતો. બધે તપાસ કરતો હતો ત્યાં રાજુભાઈ મને ક્રોસ થયા. મારો ઊતરેલો ચહેરો જોઈને તે સમજી ગયા. મેં પણ મૂંઝાયેલાં મને વાત કરી કે દશ લાખ રૂપિયાનો હિસાબ મળતો નથી !

'ચિંતા ન કરો !' રાજુભાઈએ ત્યારે કહેલુંઃ '(ચંદ્રકાંત) ભાઈને કહી દેજો કે મને આપ્યાં છે !'

એ રકમનો હિસાબ તો સાંજે જ મળી ગયો હતો પણ આટલી મોટી રકમની વાત સાંભળીને રાજુભાઈના પેટનું પાણી હલ્યું નહોતું. ઉલટું, તેમણે તો એ રકમ પોતાના નામે ઉધારી દેવાનું કહીને હૃદયની વિશાળતાનો પરિચય આપી દીધો હતો !

રસિક હરીલાલ દેકીવાડિયા, બાળપણના મિત્ર



રાજુ મારો પહેલા ધોરણનો સહપાઠી. એ રીતે જૂઓ તો અમારી દોસ્તીને ૨૦૨૩માં છપ્પન વરસ થયાં. જો કે રાજુ ભણવામાં હોંશિયાર હતો એટલે બીજું ધોરણ પાસ કરીને એ તાલુકાશાળામાં ગયો અને બીજા ધોરણમાં નાપાસ થઈને હું તેમજ રાજુના માસીનો દીકરો મૂકેશ (દેસાઈ) પાછળ રહી ગયા પણ... અમારી દોસ્તી અખંડ રહી અને ઉંમરસહજ અનેક પરાક્રમો સાથે કરેલાં. ૧૯૭૫માં અનામતઆંદોલન (નવનિર્માણ) વખતે દુકાનો બંધ કરાવતાં અને માને નહીં તેવી એક-બે દુકાન કેરોસીન નાખીને સળગાવી પણ હતી. પોલીસે પકડેલા પણ ખરા અમને. નવનિર્માણનાં તોફાનોને કારણે એ વખતે અમે બધા માસ-પ્રમોશનમાં પાસ થયેલા પણ...

ઉંમરમાં મારાથી છ મહિના નાનો હોવા છતાં રાજુ દરેક વાતમાં (મારાથી) આગળ જ રહેતો. અમારો આગેવાન કાયમ એ જ હોય. ૧૯૮૨માં અમે માણાવદરમાં 'યુથ સર્કલ' બનાવેલું, જેમાં અમે દશેરાએ રાહત ભાવની મીઠાઈ વેચાણ, ચેસ ટુર્નામેન્ટ, કેરમ હરીફાઈ અને મ્યુઝિક શોનાં આયોજન કરતાં. બધામાં રાજુ અગ્રેસર જ હોય. નિર્ણય એ જ લે. તેનામાં આયોજનની જબરી સૂઝ હતી અને એ માટેની હોંશિયારી ય ખરી છતાં 'યુથ સર્કલ' માં અમુકને એવું લાગતું કે આ 'રાજુ દોશી' કાયમ પોતાનું ધાર્યું જ કરે છે અને એ કરતો પણ ખરો.

૧૯૮૩-૮૪ ની આ વાત. એ વખતે હું પણ રાજુની વિરોધી ગેંગમાં સામેલ થઈ ગયો હતો. રાજુ દોશી જ પ્રમુખ થાય, એ અમને મંજૂર નહોતું. આખરે ચૂંટણી થઈ. જોકે ચૂંટણીમાં પણ રાજુ જ જીત્યો હતો !

રાજુ પોતાનું જ ધાર્યું કરવા માટે યુવાનીમાં પણ મશહૂર હતો. એ નક્કી કરી લે પછી કોઈનું એટલે કોઈનું પણ માને નહીં. માણાવદરમાં લાયન્સ કલબ નવરાત્રિ અને શરદપૂનમની રાતે રાસ-હરીફાઈનું આયોજન કરતી હતી. એક વરસ અમે નકકી કર્યું કે 'યુથ સર્કલ' પણ શરદપૂનમની રાતે રાસ-હરીફાઈનું આયોજન કરશે... રાજુએ નિર્ણય લઈ લીધો એ પછી અમે માણાવદરની આસપાસના તમામ ગામડાઓમાં ફર્યા. વિજેતાઓના ઈનામ પણ અમે લાયન્સ કલબ કરતાં વધારે અને મોટા રાખ્યાં. એન્ટ્રી ફી રાખી જ નહોતી એટલે પંદર ગામોની એન્ટ્રી આવી ગઈ. લાયન્સવાળાને એક-બે જ એન્ટ્રી આવી. રાજુને તો સમજાવી ન શકાય એ વાત આખું માણાવદર જાણતું હતું તેથી તેમણે રાજુના મોટાભાઈ ચંદ્રકાંતભાઈ દોશીને કહ્યું કે, તમે રાજુને રોકો...

... પણ માને એ રાજુ નહીં. પરિવારનો મામલો હોય તો એ મોટા ભાઈઓનો શબ્દ ઉથાપે નહીં પરંતુ ફેમિલીને ન સ્પર્શતી વાતમાં રાજુ ઝૂકે નહીં. ચંદ્રકાંતભાઈએ તેને સમજાવેલો પણ એ ટસનો મસ ન થયો એટલે તેમણે અમને (યુથ સર્કલના મિત્રોને) બોલાવ્યા. ચંદ્રકાંતભાઈનો ગુસ્સો મશહૂર જ હતો. તેમણે અમને બધાને બે-બે કટકા ચોપડાવી. અમે નીચી મૂંડીએ તેમને સાંભળતા રહ્યા પરંતુ રાજુ ત્યાંથી ઊભો થઈને નીકળી ગયો. એ પછી બે દિવસ તે અમારા મિત્ર મનીષભાઈ મહેતાની દુકાનમાં સૂતો કારણ કે ગુસ્સામાં ચંદ્રકાંતભાઈ એવું બોલી ગયેલાં કે... રાસ હરીફાઈ કરવી હોય તો ઘરમાં પગ ન મૂકતા તમે કોઈ.

એ કદી કોઈથી ડરતો પણ નહીં. ઉલટું, ધમકી આપનારને બેધડક પડકારે. એ વખતે માણાવદરના જકાતનો ઈજારો કુતિયાણાના એક મેરે રાખેલો. તેની સાથે રાજુને ટસલ થઈ ગયેલી. પેલા લોકોએ ધમકી આપી કે કારખાનાંની બહાર નીકળી જો !

'હું સાત વાગે ઘેર જવા નીકળવાનો છું !' પેલા લોકોએ દેખાડેલી રિવોલ્વરની કોઈ અસર ન થઈ હોય તેમ રાજુએ બેધડક કહી દીધું : તમારાથી થાય એ કરી લેજો.

પેલાં લોકોએ
દેખાડેલી રિવોલ્વરની
કોઈ અસર
ન થઈ

રાજુને જો ખાતરી હોય કે પોતે સાચો છે અને પોતાનાથી કોઈને નુકશાન નથી થયું તો પછી તેને તમે વારી ન શકો. અરે, પોતાને નુકશાન થતું હોય તો ય એ મન મરજી પ્રમાણે કરવાનું ચૂકે નહીં. એ ગમે તેને ગમે ત્યારે કામ આવે જ. તેની પાસે જાય એ ખાલી હાથે પાછો ન આવે, એવો દિલદાર પણ છે. મને પણ બે વખત છ આંકડા સુધીની (વગર માંગી) હેલ્પ તેણે કરી છે તો મેં એને છેતરાતો પણ જોયો છે. નામ તો નહીં આપું પણ એક પરિચિત ભાઈની સાથે આવનારા ભાઈને બેચાર મુલાકાત પછી તેણે ઓફિશિયલ લાખો રૂપિયાની મદદ કરેલી. મદદ માંગનારે એ વખતે ઘર કે કામધંધો શરૂ કરવાનું કારણ આપેલું તેમજ કટકે કટકે પૈસા પરત આપવાનું પણ મૌખિક કહેલું... એ આર્થિક મદદને આજે પાંચેક વરસ થઈ ગયાં છે પણ તેણે કદી ઉઘરાણી નથી કરી. એક વખત મેં કહેલું કે પૈસાની યાદી (તું ન આપી શકતો હો તો) હું આપી આવું પણ... રાજુએ મને પણ રોકેલો.

રાજુ આવો જ છે.

દિલથી મદદ કરે, પછી ભૂલી જાય. છેતરાય તો પણ અકળાય નહીં. પહેલાં એ કાચી સોપારી-પડો-૧૨૦ નંબરની તમાકુવાળું પાન પણ ખાતો. બીડી તો એ આઠમા ધોરણથી પીતો હતો પણ પાન પછી છૂટી ગયાં. બીડી પણ બેત્રણ વરસ તેણે છોડી દીધી હતી પરંતુ રીટાભાભીના ગયાં પછી બીડી પીવાનું તેનું ફરી શરૂ થઈ ગયું પણ હું છ દશકાથી રાજુનો મિત્ર છું એટલે હક્કથી કહી શકું કે, રીટાભાભીને કારણે તેના સ્વભાવમાં ઘણું પરિવર્તન આવ્યું છે. હવે

તે ઠરેલો બન્યો છે. હવે જલદી ગુસ્સે નથી થતો. છેલ્લે મેં તેને મસુરી જતી વખતે રાજકોટ એરપોર્ટમાં બોર્ડિંગ વખતે સ્ટાફ પર ગુસ્સે થતો જોયો હતો. હવે તેનો ગુસ્સો ઓછો જોવા મળે છે કારણ કદાચ, એવું પણ હોય કે રાજુને ઓળખતાં તમામ લોકો જાણે છે કે રાજુ જે ધારશે, એ કરશે જ.

..એટલે ઘર્ષણ થવાની શકયતા ઓછી થઈ ગઈ છે. આ કારણે તેનો ગુસ્સો પણ ઓછો જોવા મળે છે !

જયમીન ગોસ્વામી, બાળપણના મિત્ર



રાજુ મારો દોસ્ત છે અને મારો અનુભવ છે કે રાજુ પોતાને યોગ્ય લાગે એમ જ કરવાના ડીએનએ ધરાવે છે. એક વખત નિર્ણય કરી લીધાં પછી એ કોઈના બાપથી ડરે નહીં અને કોઈના બાપનું માને પણ નહીં. મિત્ર તરીકે રાજુ દોશી મળવો, એ મારી આપકમાઈ છે. અમારી દોસ્તી કોઈ ડિવાઈન ગિફ્ટ છે કારણ કે મારો જન્મ તો વિસાવદરમાં થયો હતો. માણાવદર ગામ અને રાજુ દોશી કદાચ, મારી કુંડળીમાં લખાયેલાં હશે કારણ કે માણાવદર જવાનું પણ આકસ્મિક બનેલું. મેં સાયન્સ રાખેલું પણ વિસાવદરમાં દશમા પછી સાયન્સનું એજયુકેશન નહોતું એટલે અગિયારમું ભણવા હું મામાના ઘેર માણાવદર આવેલો. મજા જુઓ કે માણાવદરમાં બારમા સાયન્સનું એજયુકેશન નહોતું એટલે એક વરસ મારે માણાવદર છોડવાનું આવ્યું પરંતુ એક વરસમાં અમારી દોસ્તી થઈ ગઈ.

ભણવામાં રાજુ મારાથી બે વરસ સિનિયર હતો પણ હું, મિલન વૈદ્ય, રાજુ ગંડેચા રાતે રાજુ દોશીના ઘેર જ વાંચવા ભેગા થતા. અમને એ અમારું ઘર જ લાગતું. અનેક વખત એક રમૂજ મારી સાથે બની છે. મારું નામ જયમીન પણ ઘરમાં બધા મને 'જયુ' કહે. રાજુના જયબાળાબહેનને પણ ઘરમાં બધા 'જયુ' કહે એટલે રાજુના મમ્મી નીચેથી બૂમ પાડે તો અગાસી કે રૂમમાંથી હું હોંકારો આપતો, પછી ખબર પડે કે માસી તો જયુબહેનને બોલાવે છે...

સાયન્સમાં ભણવા માટે ડીસેકશન બોકસ જોઈએ, જે એ જમાનામાં સાઈઠ રૂપિયાનું આવતું. રાજુ સાયન્સ ભણેલો એટલે તેની પાસે તે હતું. તેણે એ ડીસેકશન બોકસ મને આપી દીધેલું (તેનો એક ચીપિયો હજુ વપરાશમાં છે !) રાજુ જેવો હઠીલો માણસ મેં જોયો નથી. તેની હા કે ના અચળ જ હોય. તેમાં ફેરફાર ન થાય. હા, રાજુને સ્પષ્ટ 'ના' કહેતાં સરસ આવડે છે. ગલ્લાંતલ્લાં કરીને એ કદી વાત ટાળે નહીં. તરત નિર્ણય લઈને 'ના' કહી દે અથવા 'હા' કહી દે. સહમત થયા પછી ધરતી રસાતાળ થઈ જાય તો ય રાજુ બોલ્યો ન ફરે. એ દિલદાર પણ જબરો છે. મારી જિંદગીમાં – કેરિયરમાં અનેક વખત અપડાઉન આવ્યાં છે પણ દર વખતે રાજુ મારી પડખે ઊભો રહ્યો છે. હું નિષ્ફળ ગયો છું છતાં સપોર્ટ કર્યો છે. તેણે મને કારખાનું ઊભું કરી દીધું હતું પણ મારી જ અણઆવડતથી તેમાં નુકશાની ગઈ તો એ નુકશાની રાજુએ ભોગવી લીધી હતી.

રાજુ સાથેની મારી દોસ્તી અતૂટ છે કારણ કે એ શેરી–ગલ્લીની ધૂળ ફાંકીને ઉછરેલી દોસ્તી છે. અમે સાથે રખડયા છીએ. સાથે ઉજાગરા કર્યા છે. સાથે ક્રિકેટ રમ્યા છીએ અને ખૂબ બધી ધીંગામસ્તી પણ કરી છે. આવી જ એક ધીંગામસ્તીમાં રાજુનું માથું મારા મોઢા પર વાગ્યું, તેમાં હલી રહેલો મારો એક દાંત તૂટી ગયો હતો. એ તૂટેલો દાંત હજુ મને જુવાનીની દોસ્તી યાદ અપાવતી રહે છે. માણાવદર છોડયા પછી હું જામનગર અને પોરબંદમાં ભણ્યો પરંતુ દર શનિ–રવિ હું માણાવદર આવી જતો. માતાપિતા વિસાવદર રહેતાં પણ હું નિયમિત માણાવદર જતો. અમે રાજુની ફેકટરી પર ભેગા થતાં, માત્ર આનંદ કરવા માટે.

રાજુ જેવો ખંતીલો માણસ પણ મેં નથી જોયો. ફેકટરીમાં મશીન ખરાબ થઈ જાય કે કંઈ નવું સાધન બનાવવું હોય તો તેને લગતી બુક શોધવા રાજુ પોરબંદર આવતો. હું ત્યારે પોરબંદરની પોલિટિકલ ઈન્સ્ટીટયુટમાં ભણતો. તેની

લાયબ્રેરી સમૃદ્ધ હતી. અમે એ બુક શોધતાં. તેને રાજુ વાંચી લેતો અને ફેકટરી પર જઈને મશીનના ફોલ્ટ સુધારી લેતો. ખંત અને મહેનત કરવામાં રાજુ 'એક્કો' છે. રાજકોટ અને માણાવદરની ફેકટરીમાં સતત ત્રણ-ત્રણ દિવસ મેં તેને થાકયા વગર કામ કરતાં જોયો છે, રાજુ ઘેર પણ ન જાય. મશીનની ટ્રાયલ લેવાની હોય ત્યારે સતત તેનું મોનિટરિંગ કરવા એ હાજર જ હોય, ચા અને બીડી ચાલતી રહે પણ કામ પૂરું થાય એ પછી જ તે ઘેર જવાનું કે આરામ કરવાનું વિચારે.

હસમુખ અંબાવી માણાવદરિયા, બાળપણના મિત્ર



રાજુ જ નહીં, આખો દોશી પરિવાર ભણવામાં હોંશિયાર હતો એટલે અમે મિત્રો નાપાસ થતા પણ રાજુ પાસ થઈને આગળ નીકળી જતો. હું દશમામાં ફેઈલ થયો એટલે એક વરસ પાછળ રહી ગયો અને એ કોલેજ ભણતો ત્યારે હું બારમું પાસ કરીને માણાવદરની અમારી દુકાને બેસી ગયો. આમ જુઓ તો મિત્રતાની આ અમારી બીજી પેઢી છે. મારા પિતા અંબાવીભાઈ કુરજીભાઈ અને રાજુના પિતા નાનાલાલભાઈ દોશી બન્ને મિત્રો હતા. બન્ને સાંજે અમારી દુકાનના ઓટલે બેસતા. અમે મિત્રો બધા પાનની એક કેબિને રાતે બેસતા અને ડાયરો જમાવતા. મારી જેમ રાજુને પણ પાન ખાવાની આદત હતી પણ તેની છૂટી ગઈ, મારી પિસ્તાલીસ વરસ પછી ય ચાલુ છે...

રાજુ બધી રીતે મારાથી, અમારા બધા મિત્રોથી થોડો આગળ રહેતો. એ જુદું વિચારી શકતો. તેનો અમલ કરવામાં પણ એ કાયમ પાવરધો. માણાવદરમાં તેને પોતાનું એક જૂનું ટેપરેકોર્ડર કાઢવાનું હતું. તેના વધીને હજાર-પંદરસો આવે પણ તેણે તેના ત્રણ હજાર ઊભા કરેલા. તેણે સો લોકોને ત્રીસ રૂપિયાની ટિકિટ વેચેલી. મારી પાસે પૈસા નહોતા એટલે મેં તેને મારી ટિકિટ રાખવાનું કહેલું. હું પૈસાનો મેળ કરી લઉં એ પહેલાં ટેપરેકોર્ડરનો તેણે ડ્રો કરી નાખ્યો અને વિજેતાને (ત્રીસ રૂપિયાની ટિકિટના બદલામાં) ત્રણ હજારનું ટેપરેકોર્ડર મળી ગયું. એક ટિકિટ લેવાનો મેં વાયદો કરેલો એટલે (ડ્રો પછી) મેં તેને ત્રીસ રૂપિયા આપ્યા. તેણે ધરાર ન લીધા. મેં ધરાર લેવાનો આગ્રહ રાખ્યો તો તેણે એ નોટો ફાડી નાખી ચિડાઈને.

બે દશ રૂપિયાની, એક પાંચની, બે રૂપિયાની બે અને એક રૂપિયાની એ નોટોના ટુકડા કરીને તેણે ફેંકી દીધેલા એ ટુકડા અમારા મિત્ર જીતુભાઈ ગોરે હજુ સાચવી રાખ્યા છે...

આ અમારો રાજુ. તેની દિલદારી અને મદદગારીના અમે સહુ સાક્ષી. રાજકોટમાં હું સાત વરસ ભાડે રહ્યો અને મકાન લઈ શકયો કારણ કે રાજુએ મને આર્થિક મદદ કરી હતી. અમે ફેકટરી કરી ત્યારે આઈએસઓ સર્ટીફિકેટ માટે જરૂરી એવાં તમામ મશીન તેણે મને ખરીદવા દીધાં નહોતાં. એ તેની ફેકટરીએથી અમારી ફેકટરીમાં આવી જતાં. લોકોને, પોતાનાને મદદરૂપ થવાનો ચંદુભાઈનો ગુણ રાજુમાં સાંગોપાગ ઊતર્યો છે. દોશી પરિવારમાં બધા પૈસાની કિંમત સમજે છે પણ મદદગારીનું મૂલ્ય પણ બરાબર આંકી શકે. મને ખબર છે કે દોશી પરિવારના ત્રણેય દીકરા ઈલેકટ્રિક કારમાં જાય છે પણ બીજાને જરૂર હોય તો પેટ્રોલ ટાંકીમાં નિઃસંકોચ પુરાવી દે તેવા સંવેદનશીલ છે. રાજુ આ બધામાં ચડિયાતો.

હું અને મારી પત્ની મધુ ચારધામની યાત્રા કરી શકયા છીએ તો તેમાં રાજુ જ નિમિત્ત છે. તેને પૈસાનું તો પૂછી જ ન શકાય. તરત તેની છટકી જાય, પણ એ યાત્રામાં મેં જોયું કે એ નાના માણસોનું પણ ખૂબ ધ્યાન રાખે અને ખુશ પણ કરે. ડોલીવાળાને તેણે નિયત કરતાં વધુ પૈસાની બક્ષિસ આપેલી અને તમામ ડોલીવાળાને અમારી સાથે જ તેણે જમાડયા હતા.

અમે બન્નેએ ફાંકામસ્તીના દિવસો સાથે જોયાં છે. લોકલ એસ.ટી.ની બસોમાં ફર્યા છીએ. તેણે સૌથી પહેલાં અવંતિકા ગરેલી બ્રાન્ડનું ટૂ વ્હીલર લીધેલું. એ પછી એમ–ફીફટી ખરીદેલું અને ફિયાટ કંપનીની વનવનએઈટ ખરીદનારો અમારા ગ્રૂપમાં પહેલો રાજુ જ હતો. પરંતુ રાજુનાં વાહન માંગતા અમને કદી સંકોચ થતો નહીં. તેની કાર પણ મિત્રો બેધડક લઈ જતા અને એ આપી પણ દે. એક વખત અમારે જૂનાગઢ જમવા જવું હતું તો અમે તેની ફિયાટ કાર લઈને ગયેલા. ના, એ નહોતો આવ્યો. રાજુ (અને રસિક) બન્ને બહારનું જમતા જ નથી. રાજકોટમાં દોશી પરિવાર ગણેશ મહોત્સવ ઊજવે એ દિવસોમાં દરરોજ પંચવટી હોલમાં જમણવાર થાય પણ રાજુ ઘેર જઈને જ જમે, એ રાજુની સૌથી મોટી ખાસિયત.

એને ફોટા પાડવાનો પણ જબરો શોખ છે. તેની પાસે હજારો ફોટા અને વિડિયોનું કલેકશન છે પરંતુ દેશી ભાષામાં કહું તો, પોતાનું ધાર્યું કરવામાં અવ્વલ રહેતાં રાજુ દોશી જેવું વિશાળ હૃદય મને બીજે કયાંય જોવા મળ્યું નથી.

મનીષ પ્રભુદાસ મહેતા, બાળપણના મિત્ર



રાજુના દોશી પરિવાર અને અમારા મહેતા પરિવારનો સંબંધ એંસી – નેવું વરસ જૂનો છે. મારા પિતા પ્રભુદાસભાઈ અને રાજુના પિતા નાનાલાલભાઈ વચ્ચે આત્મીય દોસ્તી હતી. એ ગામવાસી ઉપરાંત વાણિયા હોવાના કારણે વધારે વિકસી હતી. જયારે રાજુ સાથે મારી દોસ્તી પચાસ વરસ જૂની છે. રાજુએ તો બે ફિયાટમાં આવે એટલા મર્યાદિત લોકોને જાનમાં લઈ જઈને લગ્ન કરેલાં એટલે હું તેના લગ્નમાં નહોતો ગયો પણ મારા લગ્ન થયા ત્યારે લાલપુર ગયેલી જાનમાં રાજુ આવ્યો હતો. અમે હનીમૂનમાં મસુરી સાથે ગયા હતા ત્યારે ત્રીજું કપલ અનિલ સવસાણી અને તેનાં પત્ની પણ હતા. આ ૧૯૮૮ ની વાત છે. એ વખતે હું, રાજુ અને અનિલ સવસાણી, અમારી ત્રિપુટી ગણાતી હતી. અમે મસુરી ઉપરાંત માઉન્ટ આબુ અને મહાબળેશ્વર પણ સાથે ફર્યા છીએ પણ ૧૯૯૮ પછી હું મારી સામાજિક વિટંબણાઓમાં અને જવાબદારીઓમાં વ્યસ્ત થઈ ગયો હતો. એ પછી લગભગ એક દશકા પછી રાજુ સાથે અમે ચારધામની યાત્રા કરી. ૨૦૨૦ પછી હું રાજકોટ શિફટ થયો પણ માણાવદર અને હું રાજુના જીવનમાંથી કયારેય દૂર થયા નથી. માણાવદર અને માણાવદરના દોસ્તો રાજુની નબળાઈ અને તાકાત બન્ને છે.

> રાજુ સાથેના સંબંધમાં એક ગાઈડલાઈન તમારે અચૂક પાળવી જ પડે : નો શેરિંગ, નો સોલ્જરી.

અમારી દોસ્તી માણાવદરની શેરીઓમાં ક્રિકેટ રમવાથી શરૂ થઈ હતી. એ સહિયારા હનીમૂનથી માંડીને સહિયારી ચારધામની યાત્રા સુધી વિસ્તરી અને આજે રિટાયરમેન્ટની ઉંમરે પણ એવી જ ધબકે છે. રાજુ અને મારી દોસ્તીની ઈર્ષા કરનારા અનેક છે અને તેઓ મને આ કહી ચૂકયા છે, પણ અમારી દોસ્તી કોઈ ઋણાનુબંધ છે અમારું. બાળપણમાં અમે જલસા કર્યા છે અને એક સરખાં દેશી તમાકુવાળાં પાન પણ ખાધાં છે. લડયા–ઝઘડયા પણ છીએ. બાળપણના નિર્દોષ ઝઘડાને જવા દઈએ તો હકીકત એ છે મોટા થયા પછી, માતા – પિતા બન્યા પછી પણ અમારી વચ્ચે મનમુટાવ થયા છે. રાજુને લાગે કે મેં ખોટી વાત કરી કે ખોટી વ્યક્તિનો પક્ષ લીધો છે ત્યારે તેનાં રિસામણાં શરૂ થઈ જાય. અમારા એક કોમન મિત્રને મુશ્કેલી આવી ત્યારે (૨૦૧૧–૧૨ માં) રાજુએ પચાસ લાખ જેવી હેલ્પ કરી હતી. એ મિત્રએ પછી રાજુથી ખાનગીમાં (અથવા રાજુને જાણ કર્યા વગર) બીજો બિઝનેસ શરૂ કરી દીધો ત્યારે રાજુ અપસેટ થઈ ગયો હતો. તેણે એ મિત્ર સાથેના સંબંધ સંકોરી લીધા ત્યારે કોમન મિત્રના નામે મેં રાજુને જતું કરવાનું અને ભૂલી જવાનું કહેલું. મારા આ

સ્ટેન્ડથી રાજુ હર્ટ થયો અને ત્રણ-ચાર મહિના મારી સાથે બોલતો નહીં. પરંતુ રાજુના ગમા-અણગમા પણ વિચિત્ર હોય. એ બોલતો નહોતો ત્યારે પણ માણાવદરની મારી દુકાને એ અને રીટાભાભી આવતાં. રીટાભાભી દુકાનમાં આવીને અડધો કલાક બેસતાં પણ રિસાયેલો રાજુ દુકાનની બહાર જ ઊભો રહેતો.

આવું તો પચાસ વરસની દોસ્તીમાં અનેક વખત બન્યું છે. રાજુ હર્ટ થાય એટલે વાત કરવાનું બંધ કરી દે પણ પછી એકાએક અમારી વાતચીત-વહેવાર-દોસ્તી ફરી શરૂ થઈ જાય. રાજુ પ્રેમાળ છે પણ સાથે જિદ્દી પણ છે. બાળપણમાં આડું પડે એને ક્રિકેટમાં ન રમાડે એટલે ન જ રમાડે. મન ઊઠી જાય તો ધંધો બંધ કરી દે એટલે કરી જ દે. તેણે એક પાર્ટનર સાથે માણાવદરમાં 'આર. આર. બ્રધર્સ' નામથી દુકાન કરી હતી એ પણ તેણે બંધ કરી દીધી હતી. નોકરી નહોતી કરવી એટલે જીવનમાં તેણે ક્યારેય નોકરી કરી જ નહીં. જિદ્દી સ્વભાવ એવો કે બી.એસ.સી. કેમિસ્ટ્રી ભણેલો અને એન્જિનીયરીંગની કશી ગતાગમ નહોતી છતાં આપબળે એ એક સફળ ઉદ્યોગપતિ બન્યો.

... છતાં ય મને કોઈ પૂછે તો કહું કે રાજુની જીદ અને વ્યક્તિ માટેનો પૂર્વગ્રહ હું રાજુમાંથી લેવાનું પસંદ ન કરું. કારણકે આ જીદ કે અમુક માટેના પૂર્વગ્રહ ખુદ જે-તે વ્યક્તિને કેવી વલોવતી હશે, એ હું સમજી શકું છું. રાજુમાંથી લેવા જેવી વાત તો છે તેની દિલદારી. આવો દિલાવર માણસ મળવો મુશ્કેલ છે. આમ પણ, અમારા માણાવદરમાં દોશી પરિવારનો 'રોટલો' મોટો ગણાતો. રાજુએ તે વાતને વધુ સાર્થક કરી છે. તેની સાથેના સંબંધમાં, વહેવારમાં અને મિત્રતામાં એક ગાઈડલાઈન તમારે અચૂક પાળવી જ પડે : નો શેરિંગ, નો સોલ્જરી.

હું તમને સમજાવું. રાજુ અમારા બધા કરતાં હેસિયતમાં મોટો માણસ બની ગયા પછી શરૂઆતમાં હું તેની સાથે ફરવા જવાનું ટાળતો કારણ કે આપણે ફિક્સ બજેટમાં પ્રવાસ કરતાં હોઈએ. આપણો તો પ્રવાસખર્ચ વીસ હજારનો હોય પણ રાજુ તો વીસ હજાર રૂપિયાવળી હોટેલમાં નાઈટ હોલ્ટ કરે એવું ઊંચું લેવલ તેનું થઈ ગયું છે. એ પછી ચારધામ યાત્રા વખતે હું તેની સાથે જોડાયો ત્યારે ખબર પડી કે રાજુને તમારા ભાગના પૈસા આપવાનું વિચારો તો એને ન ગમે. જો આપવા જાવ તો એ છંછેડાઈ જાય.

– અને રાજુ આવો પહેલેથી જ હતો. ફક્કડ ગિરધારી (અમે બધા હતા જ) હતો ત્યારે પણ એ આટલો જ દિલદાર હતો અને આટલો જ મારફાડિયો હતો. સંબંધોમાં અને દુશ્મનાવટમાં એ લાભ-નુકશાનના ગણિત માંડતો જ નથી. તમે એના દિલમાં વસી ગયા તો એ તમને રાજાની જેમ રાખે અને નજરમાંથી ઊતરી ગયા તો તમારી સામે જુએ પણ નહીં !

રાજેશ કરશનદાસ ગંડેચા, બાળપણના મિત્ર



માણાવદરના એક ઓરડામાં દોશી પરિવાર રહેતો ત્યારથી રાજુ મારો મિત્ર છે અને પાંચ દાયકાની દોસ્તીમાં અમારા બન્નેની જિંદગીમાં અનેક ઉતારચઢાવ આવ્યા છે પણ હકીકત એ છે કે રાજુ મને ડગલે ને પગલે યા કહો કે જરૂર હતી ત્યારે મારી પડખે આવીને ઊભો રહ્યો છે. મને લાખો રૂપિયાની જરૂર હતી ત્યારે મદદ કરી છે તો મારા પુત્રના લગ્ન વખતે શો રૂમમાંથી છોડાવેલી કારને સીધી મારા ઘેર મોકલી આપી છે. તેના જેવો દિલદાર માણસ મેં ક્યારેય જોયો નથી. રાજુ કાંઈપણ કરે તો પછી એ પરંપરા હોય એ રીતે તેને જાળવે. રાજુ પ્રથમ વખતે અમને પાંચ મિત્રોને સપત્ની ચારધામની યાત્રાએ લઈ ગયો હતો. એ પછી તો છ દંપતીએ સાથે જ ફરવાનો જાણે નિયમ બની ગયો. ભીમાશંકર, મદૂરાઈ, પાવાપુરી, મુંબઈ, પુના-લવાસા... એ અમને પાંચેય મિત્રોને પત્ની સાથે લઈ ગયો હતો. અરે, તેણે ડિઝાઈનર વાન (ફિલ્મસ્ટારો પાસે હોય એવી) ખાસ બનાવડાવી છે, એમાં પણ અમે (છ મિત્રો વત્તા છ પત્નીઓ) બાર જણાં

આરામથી ફરી શકીએ એવી બનાવી છે. મિત્રો માટે એ કુરબાન થઈ જાય. હમણાં અમારે ચંપારણ જવું હતું તો તેણે આગ્રહ કરેલો કે આપણી વાન લેતાં જાઓ. ફરવામાં વધુ કમ્ફર્ટ રહેશે...

મને લાગે છે કે રાજુને કાયમ કાંઈક નવું કરવાની ધગશ હોય છે અને એ માટેનું તેનું પ્લાનિંગ પણ પરફેક્ટ હોય છે. ગિરનારની તળેટીમાં તેની 'વાડી' (ફાર્મ હાઉસ) છે, એ આખું તેની કલ્પના શક્તિ તેમજ પ્લાનિંગથી બની છે. રાજકોટ–માણાવદર વચ્ચે મેં મહિનાઓ સુધી રાજુ સાથે અપડાઉન કર્યું છે અને માણાવદરથી જૂનાગઢ લગભગ દર મહિને અમે સજોડે ગયા છીએ. જૂનાગઢ જઈને 'સ્વાતિ રેસ્ટોરન્ટ' માં જમવાનું અને પછી જયશ્રી કે લિબર્ટી ટોકિઝમાં પિકચર જોઈને રાતે દોઢ–બે વાગે પાછાં આવવાનું... આ અમારો દર મહિનાનો કાર્યક્રમ રહેતો.

અમારા બન્નેમાં બે સાંયોગિક સામ્ય છે. અમારા બન્નેનાં નામ સરખાં છે અને બન્નેને બે દીકરી, એક દીકરો છે પણ... આ બે સામ્ય સિવાય રાજુ દોશી તદ્દન વેગળું વ્યક્તિત્વ છે. પહેલાં એ અત્યંત તેજ દિમાગનો હતો, તેને સતત પ્રવૃત્તિમય રહેવું ગમે. છેલ્લાં દશ–બાર વરસથી એ થોડો સોફ્ટ થયો છે પણ મિજાજ હજુ એ જ છે. હું તમને ત્રીસેક વરસના અંતરાલમાં બનેલા બે પ્રસંગ કહું, જેના પરથી ખ્યાલ આવશે કે રાજુ પોતાના નિર્ણયમાં કેવો અડગ રહે છે. રાજકોટમાં 'રાજુ એન્જિનીયર્સ' શરૂ કર્યા પછી માણાવદરનું રાજુ કોટેક્ષ તેમણે એક મેરને વેચેલું. બન્ને પાર્ટી વચ્ચે મિડિયમ હું હતો. પચાસ લાખનું પેમેન્ટ થયા પછી ખરીદનારી પાર્ટી નબળી પડી એટલે પૈસા પાછાં આપવાની વાત આવી. રાજુ પૈસા પાછા આપવા સંમત થયો. ખરીદનાર પાર્ટીએ બેત્રણ લાખનો ફેકટરીમાં ખર્ચ કરેલો. તેણે એ રકમ માંગી. એ માટે ય રાજુ સહમત થયો પરંતુ એ પછી એ લોકોએ પચાસ લાખ પરનું વ્યાજ માંગ્યું. વાત ગેરવાજબી જ હતી એટલે રાજુએ સ્પષ્ટ ના પાડી દીધી. પેલા લોકોએ (મારા મારફત) ધમકી મોકલી કે વ્યાજ નહીં આપે તો અમે રાજુ દોશીના ટાંટિયા ભાંગી નાખીશું...

હું રાજુને તળિયેથી ઓળખું એટલે મેં મેર–પાર્ટીને કહ્યું કે રાજુ આવી ધમકીને કોઈ સંજોગોમાં વશ નહીં થાય પણ... પેલા લોકોને પોતાના બાવડાં અને ધાક પર (રાજુની નીડરતાં કરતાં વધુ) વિશ્વાસ હતો. ચિઠ્ઠીના ચાકરની જેમ આ ધમકી મેં રાજુને જણાવી દીધી અને હું વચ્ચેથી નીકળી ગયો.

થોડાં મહિના પછી પાર્ટીને રિયલાઈઝ થયું કે રાજુ દોશી ધમકીને વશ નહીં થાય એટલે ફરી તેમણે મને વચ્ચે નાખ્યો. મેં રાજુને વાત કરી તો તેણે કહ્યું કે એ લોકોને લઈને (રાજકોટ) મારી ઓફિસે આવ...

હું તેમને લઈને રાજુ પાસે ગયો એટલે રાજુએ પેલા લોકોને કહ્યું કે, પહેલાં તમે મારા ટાંટિયા ભાંગો પછી જ આગળ વાત થશે... પેલા લોકો ભોંઠા પડી ગયા અને ગલ્લાંતલ્લાં કરવા માંડયા. આખરે રાજુએ ડિફરન્સ (મૂળ રકમ તો રાજુએ આપી જ દીધી હતી)ની રકમનો આંકડો પાડવાનું કામ મારા પર છોડયું. મેં કહ્યું કે બે લાખ આપી દે... પેલા લોકો હજુ વધુ માંગણી કરતા હતા એટલે રાજુએ કહી દીધું : બે લાખમાં એક રૂપિયા વધુ કે ઓછો પણ નહીં થાય. આખરે એ મામલો પૂરો થયો પણ આ મારો દોસ્ત રાજુ દોશી છે.

એ ભાઈબંધનું આ રીતે સન્માન પણ કરી જાણે. બીજો કિસ્સો હમણાંનો જ છે. રાજુ દોશીએ બેન્કે ઓકશન કરેલી એક પ્રોપર્ટી ખરીદી લીધી, એ પછી તેનો મૂળ માલિક જાગ્યો. તેણે મને વાત કરી એટલે મેં તેને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, રાજુ હવે એ પ્રોપર્ટી આપને કે કોઈને વેચશે નહીં ! એ મૂળ માલિકને મારા જવાબથી સંતોષ નહીં થયો હોય એટલે તેણે બેત્રણ બીજા (રાજુના) પરિચિતોને કહ્યું. રાજુએ બધાને ના પાડી એ પછી તેમણે એક માથાભારે શખ્સને 'ભલામણ' કરવાનું કહ્યું. એ શખ્સ રાજુ દોશીને સારી રીતે ઓળખતા હતા. તેમણે માત્ર ફોન કરીને પૂછયું. રાજુનો જવાબ હતો : એ પ્રોપર્ટી મેં વેચવા માટે ખરીદી જ નથી !

રાજુના આવા સ્પીરિટ, ટેમ્પરામેન્ટ અને સેન્ટીમેંટ તેમજ કમિટમેંટના કારણે જ હું કહેતો રહું છું કે (મારે ત્રણ ભાઈઓ છે છતાં) રાજુ મારા માટે ભાઈ કરતાં પણ વિશેષ છે !

સોનાલી સમીર શાહ



રાજુભાઈને પહેલીવાર મળવાનું થયું ત્યારે કઠોર લાગ્યા હતા, પરંતુ આટલા માયાળુ અને આટલા પ્રેમાળ સ્વભાવનાં હશે તેનો જરા પણ અંદાજ નહોતો... આપણી પાસે નથી તે મેળવવા આપણે ગાંડા થઈએ છીએ, રૂપ અને રૂપિયા ગમે તેમ કરીને બધાને જોઈયે છે. એવા સમયમાં બહુ ઓછા વ્યક્તિ આપણને મળી આવે છે, જેના વ્યક્તિત્વ સામે રૂપ કે રૂપિયા કઈ મહત્ત્વનાં નથી... એવું વ્યક્તિત્વ એટલે રાજુભાઈ દોશી, જેની તુલનામાં બધું જ વામણું લાગે... કીર્તિ, નામ, પદ, પ્રતિષ્ઠા બધું જ હોવા છતાં સરળ અને નિર્મળ જીવન જીવવું એ અતિશય અદ્‌ભુત વાત છે ને એવું જીવન જીવવા કોઈ દેવી શક્તિનો સહારો હોય તો જ શક્ય બને. જેના માટે મને અંગત જીવનમાં પણ આદરભાવ છે, એવા નેક અને નીતિ–ધર્મને પાળનાર રાજુભાઈ એક જીવન જીવવાનું ઉદાહરણ આપણને પૂરું પાડે છે... રાજુભાઈ, રીટાબેન કે દોશી પરિવારનાં લોકો એક ઉદાહરણ પૂરું પાડે છે કે બીજાના સુખે સુખી થવાય અને બીજા માટે કંઈપણ કરો તો દેખાડો બિલકુલ કરવો નહિં...

જે ટાઈમે સૌથી વધુ જરૂર પોતાની એવી વ્યક્તિની હોય, જ્યાં એક બાળકની જેમ બધું જ સમર્પિત કરી શકે એવો ઉંમરનો પડાવ હોય, એવા ટાઈમે જ જાણે ભગવાન રાજુભાઈની કસોટી કરવા માંગતા હોય તેમ રાજુભાઈનાં ‘‘જીવ’’ એટલે કે રીટાબેનને છીનવી લીધાં. રાજુભાઈની જેમ જ રીટાબેન પણ ઉમદા અને ઉત્તમ વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિ હતા, જેની ખોટ રાજુભાઈનાં જીવનમાં કોઈ જ પૂરી કરી શકે તેમ નથી...પરંતુ ઈશ્વરે ઈચ્છ્યું તે ખરું માનીને પરિવાર, મિત્રો અને પોતાના દર્દીઓ માટે બધા જ દુઃખ અંદર સમાવી જિંદગી જીવવાનું શરૂ કર્યુ. આઘાતની કળ વળી નહતી છતાં દુઃખ દર્દ હસતા મુખે પોતાની અંદર સમાવી દીધું...

... પણ રાજુભાઈની એક વાત સારી કે ખરાબ એ ખ્યાલ નથી આવતો પરંતુ લખવા જેવી તો છે જ, એમની બીડીની આદત. એમ તો રીટાબેનના કહેવા પ્રમાણે લાસ્ટ ૪૩ વર્ષથી બીડી પીવે છે, પરંતુ બીડી બંધ કરી તો રીટાબેન ખુશ હતાં. ૨ વર્ષ બંધ પરંતુ રીટાબેનના જવાથી આ ટેવ પાછી વળગી પડી... આ ખરાબ વાત કે સારી એ મને નથી ખબર... બાકી અજબ વ્યક્તિત્વના ધણી અને મીઠાશભર્યુ જીવન એટલે રાજુભાઈ. જેમ માટીની ભીનાશ વૃક્ષનાં મૂળને પકડી રાખે છે, તેવી જ રીતે રાજુભાઈના શબ્દો અને સંબંધોની મીઠાશ લોકોને ખેંચી રાખે છે તેમના તરફ.

હંમેશા પ્રેમને સમર્પિત થયા તે આપ
લાગણીની વહેંચણી કરી તે આપ
પરિવાર, પત્ની, પ્રિયજન માટે વગર માંગ્યે બધું કરો તે આપ
જીવન જીવવાની સાચી પધ્ધતિ શિખવવાની સાથે
બાળકોને અપ્રતિમ પ્રેમ કરનાર તે આપ
નાના બાળકથી લઈ વૃદ્ધાશ્રમના વડીલોનો આદર કરો તે આપ
બધા જીવો પ્રત્યે કરુણા તેમજ મધ્યસ્થ ભાવના રાખનાર તે આપ
સિદ્ધાંતો, આદર્શો અને નીતિ–મૂલ્યોને જીવનમાં મૂકનાર તે આપ
આમ તો હું આપને અને રીટાબહેનને આઠ વરસમાં સમજી શકી,
તો આપની સાથે વરસોથી છે,
તેમના માટે આપ શું હશો ?
એ સમજી લેનાર તે આપ

રાજુ (સેક્રેટરી) નિર્મલસિંહ ચૌહાણ



પચાસ વરસની અમારી દોસ્તી દરમિયાન હું એવા તારણ પર પહોંચ્યો છું કે મારો મિત્ર રાજુ દોશી સ્વભાવે અત્યંત સરળ છે. એ થોડો જિદ્દી ખરો, સંબંધને સાચવી લેવામાં આખો દોશી પરિવાર અવ્વલ. રાજુ તેમાં સૌથી આગળ. સંબંધમાં 'લેટ ગો' કરવાની ભાવના રાજુ પાસેથી લોકોએ શીખવા જેવી છે.

રાજુની હઠ કે જિદ્દ પણ પોતાના માટેની જ હોય. પોતાનો હઠાગ્રહ એ કોઈ પર થોપે નહીં. તેણે નક્કી કરેલું કે જિંદગીમાં નોકરી નથી કરવી પરંતુ એ વખતે દોશી પરિવાર પોતાનું સાહસ કરી શકે એવો સધ્ધર નહોતો. તેથી ચંદ્રકાંતભાઈએ તેને નોકરીએ રખાવ્યો પણ તેણે ગંભીરતાથી નોકરી કરી જ નહીં.

પરિસ્થિતિ એવી થઈ કે ચંદ્રકાંતભાઈએ જ તેને પાછો બોલાવી લેવો પડયો હતો. એ પછી માત્ર રાજુને 'ધંધે' લગાડવા રાજુ પ્લાસ્ટીક નામથી ફેકટરી શરૂ થઈ. આજે તો એ મોટું એમ્પાયર બની ગયું છે પણ...

વ્યક્તિ અને દોસ્ત તરીકે રાજુ હજુ એવો જ છે. અમે બન્ને વાતો કરતાં હોય તો અમારું બિન્દાસપણું જોઈને તમે ઊભા થઈ જાવ એની ખાતરી. અમે ભાઈબંધ છીએ પણ હું દોશી પરિવારનો ચોથો ભાઈ છું. જયબાળાબહેન અને શૈલી બહેનના લગ્નમાં એ ત્રણેય ભાઈઓ સાથે જવતલ હોમવામાં ચોથા ભાઈ તરીકે હું પણ હતો.

અમે યુવાન અને માણાવદરમાં હતા ત્યારે ચાર પાંચ રાજુ હતા એટલે બધાનાં ઉપનામ (રાજુ કુરકુર, રાજુ ઘુરિયલ, રાજુ થરથર) હતા. મારું નામ તો રાજુ ચૌહાણ છે પણ મારા પિતા નગરપાલિકાના ચીફ ઓફિસર કમ સેક્રેટરી હતા એટલે મારું નામ રાજુ સેક્રેટરી પડી ગયું. આવા નામથી અમે તરત સમજી જતા કે કયા રાજુની વાત થઈ રહી છે પણ રાજુ દોશી ત્યારે અને આજે પણ અમારા ગ્રૂપમાં 'રાજુ' તરીકે જ સંબોધાય છે. તેનું નામ જ જાણે તેની ઓળખાણ છે !

વિજય અનિલ શેઠ



વર્ષો પહેલાં રાજુભાઈ જયારે માણાવદર હતા, ત્યારે બિઝનેસના કોન્ટેકમાંથી તેમની સાથેના સંબંધની શરૂઆત થયેલી. કોન્ટેક ભલે બિઝનેસને લીધે થયો હતો, પરંતુ રાજુભાઈનો પૂરો પરિવાર એટલે કે તેમનાં માતુશ્રી ચંપાબા, મોટાભાઈ ચંદ્રકાંતભાઈ અને ભાભી, રાજુભાઈનાં પત્ની રીટાભાભી તથા પરિવારના અન્યો સાથે ઘરે આવવા જવાના હિસાબે ઘરોબો કેળવાયો હતો. માણાવદરથી શરૂ થયેલો આ સંબંધ આજની તારીખે પણ અકબંધ છે તે ખૂબ જ આનંદની અને ગૌરવની વાત છે.

રાજુભાઈ એક એવાં વ્યક્તિ કે જે શૂન્યમાંથી સર્જન કરનાર અને પ૬ની છાતી ધરાવે ! ભગવાને તેમને એક વસ્તુ ખૂબ જ સરસ આપી છે અને તે છે વિશાળ દિલ. આખી જિંદગીમાં તેમણે લોકોને એટલે કે બધાને માત્ર ને માત્ર આપ્યું જ છે. મને જાણ છે ત્યાં સુધી ખૂબ જ ઓછું તેમણે લોકો પાસેથી કદાચ કંઈક લીધું હશે. આખી જિંદગીમાં અત્યાર સુધીમાં લોકોને ભરપેટ આપનાર વ્યક્તિત્વ એટલે રાજુભાઈ. અત્યારે પણ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ અને ડોકટર, એમ બે ભૂમિકા તેઓ ભજવી રહ્યા છે. તેમાં પણ ડોકટરની ભૂમિકામાં બિલકુલ સ્વાર્થવિહીન સેવા આપી રહ્યા છે. રાજુભાઈ અને રીટાભાભી એક એવું કપલ કે જે સર્વને ચાહતું અને નજીકના હોય કે દૂરના, દરેકને પોતાના માનીને નિસ્વાર્થ ભાવે સંબંધ નિભાવ્યો છે. આ બંને જણાએ કદી કોઈના સુખમાં ભાગ નહીં લીધો હોય પરંતુ દરેકનાં દુઃખમાં અચૂકપણે પડખે ઊભા રહીને ભાગ લીધો છે અને દરેકનું દુઃખ હળવું કર્યું છે.

મારે માત્ર બે જ પ્રસંગ કહેવાના છે એક માણાવદરનો અને બીજો અમદાવાદનો.

વર્ષો પહેલાં હું મારા કામને હિસાબે માણાવદર ગયો હતો અને ફેકટરીમાં રાજુભાઈ સાથે બેઠો હતો, ત્યારે રીટાભાભીને ખબર પડી કે હું માણાવદરમાં આવ્યો છું તો તેઓ ઘરેથી તરત જ નીકળીને મને ફેકટરી મળવા માટે આવ્યા. મને પરાણે ફેકટરીથી ઘરે જાતે બનાવેલા અડદિયા ખવડાવવા માટે લઈ ગયા. આવી નિ:સ્વાર્થ લાગણી અને ભાવ કોઈ મા અથવા તો ભાભી જ બતાવી શકે. રીટાભાભીએ ખવડાવેલાં એ અડદિયા હું આજદિન સુધી નથી ભૂલી શકયો. આજે પણ યાદ આવી જાય તો હર્ષની લાગણી સાથે આંખમાં આંસુ આવી જાય છે.

હવે બીજો પ્રસંગ અમદાવાદનો છે. મારી જિંદગીમાં કયારેય પણ ન ભૂલી શકાય એવો આ અકલ્પનીય પ્રસંગ છે. લગભગ ૨૦૦૬ માં મારી પત્ની ભાવનાને સ્ટ્રોકનો હુમલો આવ્યો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરેલી હતી. મામલો ખૂબ જ સિરિયસ હતો. ડોકટરના કહેવા મુજબ ત્યારે તો ભાવના બેભાન હતી. તે વખતે રાજુભાઈ અને રીટાભાભી બંને માણાવદરથી નીકળીને અમદાવાદ ખબર જોવા આવવાનાં હતાં;

પરંતુ આગલી રાત્રે ઉત્કર્ષની તબિયત બગડી એટલે રીટાભાભી ન આવી શકયાં, પરંતુ રાજુભાઈ એકલા માણાવદરથી અમદાવાદ ખાસ ભાવનાની તબિયત જોવા આવ્યા હતા. અમદાવાદ આવી અને મારી પરિસ્થિતિ તથા ભાવનાની તબિયત જોઈને એમણે મારી સાથે વાત કરી અને મને જે કહ્યું, એ કદાચ બે ચાર જન્મ સુધી હું નહીં ભૂલી શકું. ભાવનાને હોસ્પિટલમાં દાખલ કરી ત્યારે મારા ખિસ્સામાં ફક્ત ૨,૦૦૦ રૂપિયા હતા. રાજુભાઈને પરિસ્થિતિનો અંદાજ આવી ગયો.

તેમણે મને કહી દીધું : વિજયભાઈ ભાભીની ટ્રીટમેન્ટમાં પૈસાને હિસાબે એક ટકો પણ ચૂક ન થવી જોઈએ. ભલે ગમે તેટલા પૈસા ટ્રીટમેન્ટમાં થાય તેની ચિંતા કરતા નહીં. હું બેઠો છું અને જો મને ખબર પડી કે પૈસાના વાંકે ભાભીની ટ્રીટમેન્ટમાં પ્રોબ્લેમ થયો છે તો એ જ મિનિટથી આપણો સંબંધ પૂરો. ગમે તેટલો ખર્ચો થાય ટ્રીટમેન્ટમાં તમારે ચિંતા કરવાની જરૂર નથી.

સાચું કહું તો ત્યારે હું ખૂબ જ ટેન્શનમાં હતો, એક તો ભાવના હોસ્પિટલમાં બેભાન હતી અને બીજી બાજુ મારી પાસે ટ્રીટમેન્ટ કરાવવાના પૈસા નહોતા અને આ પરિસ્થિતિમાં રાજુભાઈએ આવીને ઉપર મુજબ વાત કરી ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયાં અને મને જાણે ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય તેવી લાગણી થઈ. ભગવાન પણ કયા કયા સ્વરૂપમાં આવીને મદદ કરી જાય છે, ખરું ને ! એ વખતે રાજુભાઈ મારા માટે સાક્ષાત્ ભગવાન સ્વરૂપ હતા તે નિર્વિવાદ છે.

ઉપરોકત લખાણને રાજુભાઈનાં વખાણ કરવા ખાતર અથવા તો સારું લગાડવા માટે નથી લખ્યું; પરંતુ મને જે સાક્ષાત્ એમની સાથેના સંબંધમાં અનુભવવા મળ્યું છે તે લખ્યું છે. તેમની સાથેના સંબંધમાં કાયમ એક વિશાળ વ્યક્તિત્વ મેં અનુભવ્યું છે.

આમ તો ઘણા સારા–માઠા પ્રસંગો તથા ખૂબ જ સારી યાદો અમે સાથે માણેલી છે. રાજુભાઈ તથા રીટાભાભી સાથે આ બંને માણસનો સ્નેહ અને ભાવ ખૂબ જ અદ્વિતીય છે. તેમની પાસે સંબંધ નિભાવવાની તાકાત તથા માણસને અને તેની પરિસ્થિતિને પારખવાની ગજબ આવડત છે. આ બંને વસ્તુ મેં મારા જીવનમાં અત્યાર સુધી બીજા કોઈપણ માણસમાં જોઈ નથી કે અનુભવી નથી.

રાજુભાઈના જીવનચરિત્રમાં તો હજુ ઘણું બધું લખી શકાય તેમ છે, જે મેં ખૂબ જ નજીકથી જોયું છે, અનુભવ્યું છે, અને માણ્યું છે...

ભાવના વિજય શેઠ, અમદાવાદ



રાજુભાઈ સાથેનો અમારો પ્રાથમિક પરિચય આશરે ૩૦ વર્ષ પહેલાંનો છે. બોલ બેરિંગના ધંધામાંથી ઉદ્‌ભવેલ અમારો આ બિઝનેસ સંબંધ ઋણાનુબંધમાં એવો ફેરવાયો કે એ જીવનભરનો સંબંધ બની ગયો. ત્યારે રાજુભાઈ પરિવાર સાથે માણાવદરમાં રહેતા હતા તથા તેમની ફેકટરી પણ ત્યાં જ હતી. બેરિંગના કામ માટે માણાવદર વિજયને જવાનું વારંવાર થતું રહેતું. એ જમાનામાં માણાવદર ગામ ભલે નાનું પણ દિલાવર 'ચંપાબા'નું ખોરડું મોટું ; ત્યારે ઊતરવા માટે લોજ કે ગેસ્ટ હાઉસ હતાં ખરાં પણ નહીંવત્. પણ વિજય ધંધાર્થે જાય ત્યારે રાજુભાઈ કામ પતે એટલે પરાણે તેમના ઘરે લઈ જતા અને જમ્યાં વગર કયારેય પણ પરિવારે આવવા નથી દીધા, એટલે સુધી કે ગરમાગરમ ફુલકા રીટાભાભી તથા શૈલીબેન જમાડતાં. ધંધાર્થીને પોતાના ગણી પોતાના હાથના રોટલા ખવડાવીને સંતોષના ઓડકાર સાથે વિજયના હાથમાં કામ આપી વિદાય કરતા હતા. કોઈને પણ સદાય હસતાં હસતાં આવકાર આપવાવાળા 'ચંપાબા'ના આંખના ઈશારે પરિવાર કાર્ય કરતો હતો. મેં પણ આ બધું મારી નજર સામે અનુભવેલું છે. આજે એ દિવસો મારી નજર સમક્ષથી ખસતા નથી.

હા ! બીજ નાખો અને અંકુર ફૂટે તેમ ધીમે ધીમે બિઝનેસનો સંબંધ નિકટતામાં એટલે કે કંઈક ઋણાનુબંધમાં ફેલાતો ગયો. આખા ફેમિલીની નિકટતામાં આવતા ગયા. રાજુભાઈ એ સમયે બોલતા ઓછું પણ ઘણું બધું તેઓ ઓછા શબ્દોમાં સમજાવી શકતા હતા. એ ખાનદાન પરિવારની તો વાત જ શી કરવાની ? બા, ભાઈઓ, ભાભીઓ, બહેનો, છોકરાંઓ સાથે એકબીજાને ઘનિષ્ઠ સંબંધ બંધાઈ ગયેલો; અમારાં સંતાનો પણ એટલાં જ નિકટ આવી ગયેલા.

> તમે કેન્સર તથા બીજા ઘણા હઠીલા રોગીઓના 'અમ્માપિયા' અને 'મધર ટેરેસા' બની રહો એ જ અંતરની અભ્યર્થના.

હા ! એમની પાસે રીટાભાભીનો પણ એટલો જ ઉમળકાભેર સહકાર રહેતો હતો. કહેવત છે ને કે 'દરેક પુરુષની સફળતા પાછળ કોઈક સ્ત્રીનો હાથ હોય જ છે'. ખરેખર આ કહેવત પુરવાર થઈ છે. રીટાભાભી પણ એટલાં જ સમર્થ હતાં, દરેક કાર્ય જવાબદારીથી સ્વીકારીને ચોક્કસપણે માર્ગદર્શિકા બનીને ઊભાં હતાં. રાજુભાઈની સાથે બે થી ત્રણ વખત સીમલા, કૂલુ મનાલી, ચંદીગઢ ફરવા ગયેલા ત્યાં રાજુભાઈ સવારે ચા બનાવડાવીને પોતે લઈ આવીને; પોતાના રૂમમાં (વિજયભાઈ ભાભી ચાલો અમે કહીને)ચા નાસ્તો કરવા લઈ જાય. રીટાભાભી સાથે પણ કોઈ પૂર્વભવના લેણદેણ હોય એવો અંતરનો આનંદ આવતો. આ પળને જે સમયે માણી, એ પળને સદાયે અમે ગૌરવવંતી માનીએ છીએ.

રાજુભાઈ આપે જૈન કુળમાં જન્મ લીધો અને સાથે સાથે તમે જીવદયાપ્રેમી બન્યા. આજના ડોકટરો નથી કરી શકતા કારણ કે ડોકટરો કસાઈ બની ગયા છે. પૈસા માટે એમની પાસે આંધળી દોટ સિવાય કાંઈ જ નથી. તમે કરુણાથી લોકોને સાચી દિશા દેખાડવાનું કામ કરી રહ્યા છો. આ કળિયુગમાં દુઃખીની વેદના, આંસુ, નિઃસાસા અને આ દોજખમાંથી બહાર કાઢી જાતે જ પુરુષાર્થ ખેડી પરિશ્રમથી અને પ્રસન્નતાથી લોકોને જિવાડવા માટેનું જે આંદોલન તમે કરી રહ્યા છો; અને એના કરતાં એ સૌથી સુભગ ઈચ્છાથી થાકેલા માનવીનાં આંસુને લૂછીને રોગમુક્ત કરી રહ્યા છો, ચાહે એ ગરીબ હોય, મધ્યમ હોય કે પૈસાવાન હોય ત્યાં. તમે એ નથી જોતા. શરણે આવેલાને સાજા કરી, ખુશ કરી એમની પ્રસન્નતા પાછી લાવી તમારા જીવનને કૃતાર્થ કરી ધન્ય ધન્ય બનાવી રહ્યા છો. આ યશ રીટાભાભીને પણ ફાળે જાય છે અને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તમારી આ માનવતાની દોટમાં મન મૂકીને માનવતાની જયોતને સદાય પ્રજજવલિત રાખજો. તમે કેન્સર તથા બીજા ઘણા હઠીલા રોગીઓના 'અમ્માપિયા' અને 'મધર ટેરેસા' બની રહો એ જ અમારા અંતરની અભ્યર્થના.

કુંજબિહારી નારણભાઈ સવાણી



રાજુ સાથે મારી દોસ્તીની આવરદા લગભગ પચાસ વરસની છે. તેના દોશી પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી અને તેના પ્રમાણમાં, અમે ખાસ્સા શ્રીમંત હતા ત્યારે થયેલી દોસ્તીમાં આજે ચિત્ર જુદું છે. આજે રાજુ અને દોશી પરિવાર આર્થિક અને સામાજિક બાબતોમાં અમારા બધા કરતાં વધુ ઊંચાઈએ છે પણ મારે કહેવું છે કે રાજુના ઘડતરમાં તેના મોટાભાઈ ચંદ્રકાંતભાઈનો જ ફાળો સૌથી મોટો છે. મોટાભાઈ બહુ ગુસ્સાવાળા હતા એટલે અમે મિત્રો તેમને 'હિટલર' કહેતાં પણ અત્યારનો કાબેલ અને સફળ રાજુ – એ તેની મોટાભાઈની તાલીમનું પરિણામ છે. તેણે માણાવદરમાં રાજુ પ્લાસ્ટીક શરૂ કર્યું એ વખતે અમારે પાજોદમાં જિનીંગ મીલ અને પ્લાસ્ટીકની ફેકટરી હતી. એ સમયે જરૂર પડે ત્યારે રાજુ મને ફેકટરીએ બોલાવતો. પછી તો તેની ફેકટરી અમારી કાયમી બેઠક જેવી થઈ ગઈ હતી. એ અરસામાં મેં જોયું છે કે રાજુ સખત મહેનત કરતો (મહેનત કરવાની વૃત્તિ તેનામાં આજે પણ જેમની તેમ છે). હું અમારું ટ્રેકટર તેના કારખાનાં પર રાખી જતો. મેં જોયું હતું કે કારખાનામાં ખૂણામાં ચાદર પાથરીને રાજુ સૂઈ જતો, એ સખત મહેનતું ઉપરાંત તેની ગ્રહણ શક્તિ પણ જબરદસ્ત છે...

અમે બન્ને સ્વભાવમાં સરખા છીએ. તેથી જ હું કહેતો રહું છું કે અમે બન્ને બહુ મોટી ઉંમરે (સાઈઠ વરસે) પરિપક્વ થયા છીએ. જો કે રાજુ મારા કરતાં અનેક બાબતમાં ચડિયાતો છે. ગમે તેવું દુ:ખ કે તકલીફ આવે પણ રાજુ તમને વરતાવા ન દે. એ રીતે કઠણ કાળજાંનો હોવાથી હું તેને 'લોઢાનો રાજુ' કહું છું. હું આસ્તિક છું પણ એ નાસ્તિક હોવાનું કહે પણ એ અંદરખાનેથી શ્રદ્ધાવાન છે. તેનું નાસ્તિકપણું એ રીતે પ્રદર્શિત કરે કે મારા વતન પાજોદમાં મનોરથ હતો ત્યારે મેં તેના ઘરનાને આમંત્રણ આપેલું પણ તેને આવવાની ચોખ્ખી ના પાડી હતી કારણ કે મનોરથના પ્રસાદ બારામાં એ કશું એલફેલ બોલી નાખે, એવું હું ઈચ્છતો નહોતો.

મારી ના છતાં એ આવ્યો હતો. પલાંઠી વાળીને પ્રસાદ જમ્યો હતો અને મને બોલાવીને સાફ થાળી બતાવીને કહેલું કે, જો પ્રસાદ આ રીતે લેવો જોઈએ !

... એટલે જ હું કહું છું કે રાજુ શ્રદ્ધાવાન છે !

બિપિન રૂપારેલિયા, કોલેજના મિત્ર



એક સામાન્ય વ્યક્તિથી એક સફળ ઉદ્યોગપતિ બનવું, તે સામાન્ય સફર નથી એ વાત રાજુએ જીવી બતાવી. રાજુ એક સાધારણ આર્થિક સ્થિતિમાં ઉછરેલી વ્યક્તિ. વ્યક્તિ તરીકે તે ખૂબ જ સરળ, ઉત્સાહી, કંઈક કરી બતાવવાની ભાવના, નીડર તથા કુટુંબપ્રેમી તરીકેનું જીવતું–જાગતું ઉદાહરણ...

હું અને રાજુ કોલેજ દરમ્યાન એકબીજાના પરિચયમાં આવ્યા, કોઈના હાથ નીચે કામ કરવું તેને પસંદ ન હતું. તે ઘણીવાર અમારી સમક્ષ કહેતો, રેંકડી ફેરવી લેવી સારી, પણ કોઈના હાથ નીચે કામ તો કરીશ જ નહીં. તેવા આત્મવિશ્વાસ દ્રઢનિશ્ચય સાથે ગ્રેજ્યુએશન બાદ વતન માણાવદરમાં રાજુ પ્લાસ્ટીક્સ ધંધાની શરૂઆત કરી, ત્યારબાદ રાજુ કોટેક્ષ કર્યું. સંઘર્ષમય જીવન વચ્ચે પણ સંપૂર્ણ આત્મવિશ્વાસ અને વડીલોના માર્ગદર્શનથી જીવનમાં કંઈક કરી શકવાની ભાવના સાથે રાજુ એન્જીનીયર્સની સ્થાપના કરી અને સફળતા પ્રાપ્ત કરી. આ યાત્રામાં ૨૦ વર્ષ સંઘર્ષમય પસાર કરી સફળ ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી.

રાજુભાઈના જીવનમાં તેના મોટાભાઈ (ચંદ્રકાંતભાઈ) માર્ગદર્શક, ગુરુ રહ્યા છે. મને એક પ્રસંગ યાદ આવે છે, શૈશવ સ્કૂલના એક વાર્ષિક કાર્યક્રમમાં હું ગયો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ વિશે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા

છતાં પણ કાર્યક્રમની 'અધ્યક્ષતા' પોતાના ભાઈ (ચંદ્રકાંતભાઈ)ને આપેલી, જે તેના પ્રત્યેની આદર અને લાગણી દર્શાવતા હતા જેનો ઉલ્લેખ પૂ.ચંદ્રકાંતભાઈએ પણ કરેલો 'રાજુ દરેક કાર્યક્રમમાં અધ્યક્ષતા મને સોંપતો.'

આર્થિક અને ધંધામાં સફળતા મળવા છતાં પણ ક્યારેય અભિમાન ન આવ્યું, સમાજના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, મિત્રો, કુટુંબીજનો તમામ સાથે સુમેળભર્યા સંબંધો અને લાગણીઓ દર્શાવતા. તમામ સાથે સંબંધો જાળવવામાં તેઓનાં ધર્મપત્ની (રીટાબેન) નું યોગદાન અમૂલ્ય છે. લોકો કહે છે કે એક સફળ વ્યક્તિની પાછળ સ્ત્રીનો હાથ રહેલો છે. તમામ વ્યવહારોમાં રીટાબેન હસતાં મોઢેં, નિઃસ્વાર્થ ભાવે રાજુભાઈને સાથ આપ્યો છે. તેઓ બન્ને જમતાં પણ એક જ થાળીમાં.

સફળ વ્યક્તિનાં જીવનમાં પણ ઉતાર–ચઢાવ આવતા જ રહેતાં હોય છે. રાજુભાઈનાં જીવનમાં પણ તે જેની સાથે આદર, લાગણીથી જોડાયેલા હતા તેવાં તેનાં માતુશ્રી, મોટાભાઈ (ચંદ્રકાંતભાઈ) અને છેલ્લે ધર્મપત્ની (રીટાબેન) ના જવાથી તેઓ અંગત રીતે અંદરથી ભાંગી ગયા. મારો શ્વાસ જતો રહ્યો તેવું રાજુભાઈ કહેતા પણ ખરા. આ દુઃખદ ઘટનાઓમાંથી હજુ પણ તે બહાર આવી શક્યા નથી, તે સોશ્યલ મિડીયા પરથી અનુભવી શકાય છે. ઉક્ત ત્રણેની યાદમાં પોતાના વતન માણાવદરમાં વિશાળ જગ્યામાં અદ્યતન સુવિધા સાથેનું વૃદ્ધાશ્રમ ખોલવામાં આવ્યું છે. જેમાં સમયાંતરે પોતે વૃદ્ધો સાથે ગોષ્ઠિ કરે છે. રાજકોટ–માણાવદર જતાં આવતાં કુટુંબના સભ્યો સાથે વૃદ્ધોની વચ્ચે ભોજન પણ કરે છે અને તેના ખબર અંતર પૂછે છે.

એક સફળ ઉદ્યોગપતિ, વ્યસ્ત માણસ હોવા છતાં પણ કુટુંબપ્રેમ અને સમાજ પ્રત્યેની લાગણી તેઓમાં સતત ખીલતી રહી છે. ધંધાની સાથે જ ક્લિનિક અને વૃદ્ધાશ્રમની સતત માવજત કરતાં રહે છે. રાજુભાઈનું જીવન સદાય લોકોને પ્રેરણા આપતું રહેશે.

કિશોર માંડવિયા, બાળપણના મિત્ર



મારું નામ કિશોર. રાજુ મારો લંગોટિયો મિત્ર, રાજુ મને કિશોર લાતી અથવા કિશલો કહીને બોલાવે, પણ મજાની વાત એ કે અમારા મિત્ર મંડળ તેને હંમેશા રાજુ જ કહેતું, કારણ રાજુમાં ગજબનું ખેંચાણ હતું. રાજુ માટે મને કોઈ પૂછે તો હું બેઝીઝક કહી શકું કે રાજુની પ્રતિભા નાનપણથી જ પ્રતિભાશાળી હતી.

એ વાત કેમ ભૂલાય કે જયારે માણાવદરમાં રાજુના ઘરે અમે સ્ક્રેબલ રમતાં ત્યારે સ્પેલિંગ ન આવડે તો સ્પેલિંગ ચેક કરવા માટે ઈંગ્લિશ ડિક્શનરી હાથવગી રાખવા માટે ચંદુભાઈ દોશી અમને કહેતા, ચંદુભાઈ કહેતા કે, સ્પેલિંગ બરાબર ચેક કરજો. રાજુ કડા કરશે. એ સમયથી જ મને ખ્યાલ હતો કે રાજુ નાનુભાઈ પરિવારનો લાડલો હતો. ચંદુભાઈને ત્યારથી જ ખબર હતી કે મારો નાનો લાડલો ભાઈ દોશી પરિવારનું નામ આગળ લઈ જશે. જયારે પણ અમને સામાજિક કાર્ય કરવા સલાહની જરૂર પડતી તો અમે ચંદુભાઈની સલાહ લેતાં.

વશિષ્ઠ રાવલ – નિવૃત્ત પોલીસ અધિકારી



અમારાં પૂજ્ય માતુશ્રી જયાબાને ૨૦૧૪ માં આંતરડાનું કેન્સર ડિટેક્ટ થયું. ડોકટરોએ કહ્યું કે એકાદ મહિનાનો સમય છે.. હું રાજુભાઈ દોશી પાસે પહોંચ્યો અને તેમની સારવાર પછી મારાં માતુશ્રી અઢી વરસ વધુ જીવ્યાં... એટલે આ રાજુભાઈમાં ભગવાન છે એવું જ માનવું પડે. પછી તો હું પણ નિવૃત્ત થઈ ગયો હતો. મેં અને મારાં ધર્મપત્ની છાયા સેવાકીય કાર્યમાં જોડાયા.

રાજુભાઈને તો ઘણા લોકો ભગવાન માનતા કોઈ ગરીબનો બેલી કહે કોઈ પેશન્ટ એવો હોય જેણે રાજુભાઈની દવા અને અન્ય ડોક્ટરની દવા લેતા હોય તેવી રાજુભાઈને ખબર પડે એટલે રાજુભાઈ દર્દી પર ગુસ્સે થઈને કહેતા આને આપણી દવા ન આપતા એમને કહો કે

દવા લેવા ન આવતા આપણી ફાઈલ લઈ લો.. રાજુભાઈનો સ્વભાવ એકદમ ગુસ્સાવાળો પણ થોડીવાર માટે જ. એકદમ સરળ નિરભિમાની પોતે કઈ રીતે આગળ આવ્યા કઈ પરિસ્થિતિ હતી આ બધી વાતો એમના મુખેથી સાંભળેલી.

એક પેશન્ટ આવ્યું, એ પણ ઝવેરચંદ મેઘાણી સાહેબના ભાણેજ, તેમની ક્લિનિકમાં એન્ટ્રી થઈ અને બધાના નાક પર રૂમાલ આવી ગયા. સુગરના હિસાબે એમના પગમાં ગેંગરીન થઈ ગયેલું અને ડોક્ટરે પગને કાપવા પડશે આવું કહેલું. રાજુભાઈ આ બેનનું ડ્રેસીંગ કરતા ત્યારે એ બેન પણ પોતાનું નાક બંધ કરી દેતા હતા પણ રાજુભાઈએ કોઈ દિવસ નાક બંધ નથી કર્યું. આ બેનના પગ સારા કરી દીધા હતા. મોરબીના એક ભાઈએ સાજા થયા પછી રાજુભાઈને ૧૦૦ વિઘા જમીન આપવા તૈયાર થયા હતા પરંતુ રાજુભાઈએ બે હાથ જોડીને ના પાડી હતી.

એક બીજો પ્રસંગ યાદ આવે છે. એક ભાઈ આવીને રાજુભાઈ સામે બેઠાં પણ કશું બોલે નહીં. રાજુભાઈએ બીજા પેશન્ટને બોલાવવાનું કહ્યું ત્યારે એ ભાઈએ ફોડ પાડયો કે તેઓ માણાવદરથી આવે છે અને તેમના પિતાએ તેમને મોકલ્યાં હતા. તેમની દીકરીને ડોકટર થવુ હતું પણ ફી ભરવાના પૈસા નહોતા... રાજુભાઈએ ફીની રકમનો ચેક ફેકટરીએથી લેવાનું કહીને એ ભાઈના પિતાને ઘેર આવવાનું આમંત્રણ પણ આપ્યું. એ ભાઈના ગયા પછી જાણવા મળ્યું કે પરિસ્થિતિ ખરાબ હતી ત્યારે રાજુભાઈ તેમની દુકાનેથી કરિયાણું ઉધારીમાં લઈ આવતાં અને પિતાજી તેની કડક શબ્દોમાં ઉઘરાણી કરતા હતા પણ રાજુભાઈ એ ભૂલ્યાં નહોતા કે તેમને આ એક વ્યકિત ઉધાર માલ આપતી હતી.

આરતી ઓડેદરા, યુએસએ



રાજુ નામે ખુદાએ શબ્દનો દીવો કર્યો રોશન,
પ્રગટતા જાય છે લાખો દીવાઓ તેજથી એના..!

સહજ, સરળ, સજ્જન, ઉદાર, દયાળુ, નમ્ર પ્રેમાળ, લાગણીશીલ, અતિ સંવેદનશીલ, નીડર, હિંમતવાન, ધૈર્યવાન, નિખાલસ, ઉમદા સ્વભાવ, બહુવિધ કાર્ય કરનાર... હું તો શું ભલાભલા લેખકો એમના માટે લખવા બેસે ત્યારે શબ્દો ઓછા પડે અને આછા પણ પડે એવું એક અનેરું, દરેકના હ્રદયને સ્પર્શી જાય એવું અને બધાથી સાવ જ નોખું તરી આવતું વ્યક્તિત્વ. ઈશ્વરે માનવસેવા માટે મોકલેલા ફરિશ્તાનાં દર્શન એટલે રાજુભાઈ દોશી.

જે.એ.રાવલ રાજુ ગ્રૂપ:સિનિયર જનરલ મેનેજર–મટિરિયલ



૧૯૯૧ માં માણાવદરમાં 'રાજુ એન્જિનીયર્સ' હતું ત્યારે હું તેમાં જોડાયો. એ વખતે પાંત્રીસ વ્યક્તિનો સ્ટાફ હતો અને પચાસ લાખનું ટર્નઓવર હતું. આજે તો 'રાજુ ગ્રૂપ' આસમાનને આંબે છે પણ 'રાજુ'માં જોડાયા પછી સરતચૂકથી મારો છ મહિના પગાર નહોતો થયો અને એ પછી એવો સમય પણ આવ્યો કે 'વિડિયોકોન' કંપનીનો આવેલો મારો ઈન્ટરવ્યુ માટેનો લેટર ચંદ્રકાંતભાઈએ ફાડી નાખેલો. તેમને મારું કામ ગમતું હતું તો મને ચંદ્રકાંતભાઈ અને રાજુભાઈની સાહસિક વૃત્તિ તેમજ સ્ટાફ માટેનું પોતીકાપણું ગમતું હતું.

બેશક, મારું ટયૂનિંગ અને બોન્ડિંગ રાજુભાઈ સાથે કાયમ વધુ રહ્યું છે. મને લાગે છે કે રાજુ ગ્રૂપમાં હવે તેઓ કિંગમેકરના રોલમાં છે પરંતુ તેમની પાસે એવી એવી કવોલિટી છે કે, શું શીખવું અને શું ગ્રહણ કરવું– એ તમે નક્કી ન કરી શકો. સાદું જીવન, ઉચ્ચ વિચારો તેમની લાઈફસ્ટાઈલ છે અને એ હું એટલે કહી શકું કે મેં તેમની લાલ રંગના સુઝુકીથી બીએમડબલ્યુ કાર સુધીની સફર જોઈ છે. એ દીર્ઘદ્રષ્ટા છે તો પ્રચંડ કુટુંબભાવના તેમની તાકાત છે. અથાક પરિશ્રમ તેમના ડીએનએમાં છે. ગજબની તેમની નિર્ણય શક્તિ છે. મિત્રના મદદગાર અને જિંદગીની પળેપળ જીવનાર પણ છે.

SANDIP BHUVA, RAJOO BAUSANO



RAJOO BHAI – A GREAT MENTOR, A TRUE ROLE MODEL, A TRUE LIFE SAVER (THE IMAGE OF GOD) AND A WONDERFUL PERSON

I thank almighty for giving me 'BHAI', 'GURUJI', 'FRIEND' in my life. Always inspiring. Heartfelt appreciation for his dedication to the society, company and individuals. His devotion to the company and service to the humanity is really commendable.

I am forever grateful for his guidance to manage time and energy to meet both professional and personal commitments while prioritizing self-care and well-being.

Bhai is blessed with magical powers to treat a life, to bring health into our lives and to be there with us when we have lost all the hopes. I have seen people entering in his Holistic Healing Center with sad faces and coming out with smiley faces with lots of happiness. It looks like the God has appointed him to take care of the society. His devotion and care during Covid time was incredible.

In journey of 23 years, I have never seen him tired, sick and stressed which we always try to learn from him.

His care, wisdom, and guidance have shaped many lives including mine. Thanks from the bottom of my heart for inspiring and helping me to become the best version of myself. He has made a lasting impact on my life and I will never forget his kindness.

મનીષ વસાવડા, એક્ઝિક્યુટીવ વાઇસ પ્રેસિડેન્ટ



રાજુભાઈ માટે તો હું એટલું કહી શકું કે નાનપણથી જ એમનો ભણતર પ્રત્યેનો પ્રેમ ઓછો એટલે સ્કૂલેથી બહાર નીકળીને પિતાશ્રીની દુકાને જઈને બેસે અને પિતાશ્રી પણ એટલા સરસ કે એમને આઈસ્ક્રીમ અપાવે અને રાજુભાઈ દુકાને બેસીને પછી સ્કૂલનો ટાઈમ પતે એટલે ઘરે જાય.

પછી આવી કોલેજની વાત, તો કોલેજમાં ભાગ્યે જ એવો કોઈ પ્રોફેસર હશે કે જે રાજુભાઈને વિદ્યાર્થી તરીકે ઓળખે. પરીક્ષામાં જ્યારે બેસવા જાય ત્યારે પૂછે ભાઈ તમે કઈ કોલજમાં ભણો છો, ત્યારે આ કહે કે હું આ જ કોલેજમાં ભણું છું. પછી પરીક્ષા દેવા માટે પણ એટલા જ સશક્ત અને સક્ષમ. આવા ભણતર પ્રત્યેના પ્રેમી એવા રાજુભાઈ ગ્રેજ્યુએટ થયા. નક્કી હતું કે નોકરી તો કરવી જ નથી. એટલે મોટાભાઈની નિશ્રામાં એક નાનકડી ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરી અને અથાક પરિશ્રમ, નિષ્ફળતાઓ અને સફળતાઓ વચ્ચે આજે રાજુ એન્જીનીયર્સ જે મુકામે પહોચ્યું છે. એ બન્ને ભાઈઓની મહેનતનું પરિણામ છે. સ્વભાવ વિશે વાત કરું તો પથ્થર જેવું હૃદય અને અંદર જૂવો તો સાવ મીણ જેવું. મેં તો આ દૃશ્ય જોયેલું છે. ઘણા કસ્ટમર્સ ઓળખી ગયા હતા એટલે રાજુભાઈને ઈમોશનલ ટચ કરે અને રાજુભાઈ ભલભલા ભાવમાં ઓર્ડર લઈ લે. એવા છે રાજુભાઈ.

એ પણ જોયું છે કે જ્યારે અમે ભાઈની સાથે મિટિંગમાં બેઠા હોઈએ અને એમનો વાંક આવે કે એમને ન ગમતી વાત થાય ત્યારે નાનકડા બાળકની જેમ ઊભા થઈને જતા રહે અને પંદર મિનિટ પછી પાછાં આવી જાય. સ્વભાવે દિલનો ચોખ્ખો માણસ. એમને સંગાથ આપનારાં સ્વર્ગસ્થ રીટાભાભીને જોઈને નાનો હોવા છતાં અદેખાઈ થતી કે વાહ

કેવું સુંદર યુગલ. આજે એમને એ મીસ કરી રહ્યા છીએ છતાં પણ છોકરાઓને કોઈ વાંધો ન આવે, છોકરાઓની કોઈ લાગણી ન દુભાય એટલે એક મોટું છત્ર બનીને એ રહ્યા છે. આવા ભોળા, સીધા સાદા રાજુભાઈ મારી જિંદગીમાં આવ્યા એ બદલ આભાર માનું છું અને હું મારી જાતને નસીબદાર ગણું છું કે આજ સુધીમાં એમની પાસેથી ઘણું શીખ્યો છું.

MASUMA BHARMAL, JOURNALIST



I met Rajubhai some three and a half years back - not as a businessman but as a doctor at his Holistic Healing Centre 'Shrutina Foundation' which he runs near Panchvati Hall during evening hours. Owner of Rajoo Engineers Limited – a very renowned name - I have not met a person of his stature so far. A businessman in morning and a doctor of alternative medicine in evening, his passion and devotion to cure patients see huge rush at his healing Centre.

Rajesh Doshi fondly known as Rajubhai became a doctor by chance after a personal incident probably when he was in his fifty's. Along with a will to cure by heart, he provides free medicines to every patient no matter how costly it is. His selfless devotion to treat some of the worst rejected cases (especially gangrene and cancer that has rotten the body parts) is a blessing which no amount of money can buy. The only condition, follow his rules! Else bear. 'A simple human being wants to live with humanity'. Are not just his Facebook lines for the little I know, I have seen this man much beyond his words, thoughts and action in a world where health is major issue.

Philanthropist might not be an apt word for him because he is much above that mark. A learner for life, at age of 63, he is learning astrology, Sanskrit, harmonium, writing (this is what little I know) and probably much more which I am unaware. A one man army who has been curing thousands of helpless (with health) he is nothing less a messiah for those who have faith, trust and a will to recover because there is ***'Ek Hi Raju'.***

પરેશ દવે, તંત્રી : વૉઈસ ઑફ ધ ડે



હમણાં આદરણીય રાજુભાઈ દોશીનો મેસેજ આવ્યો હતો કે તેઓ 'એક હતો રાજુ' એવા શીર્ષક હેઠળ આત્મકથા લખી રહ્યા છે... મને થયું કે આ તો ઘણી સારી વાત છે... રાજુભાઈ અને તેમના ફરતે વીંટળાયેલી અનેક એવી બાબતો છે, જે હજુ સુધી 'અનટોલ્ડ' છે અને આત્મકથાના માધ્યમથી આવી વાતો ઉજાગર થાય તો એક નવા 'રાજુભાઈ'નો પરિચય થાય. મને આ આત્મકથાનો વિચાર ગમ્યો પરંતુ તેનું શીર્ષક થોડું ખૂંચ્યું... 'એક હતો રાજુ'. મને આમાં વ્યક્તિગત રીતે 'હતા' શબ્દ સામે વાંધો છે કારણ કે રાજુભાઈ એક જીવંત વ્યક્તિત્વ છે અને તેમના આગળ 'હતા' શબ્દ હોઈ જ ન શકે.

મારી રાજુભાઈ સાથે પહેલી મુલાકાત ૨૦૦૯ માં થઈ હતી. આમ તો તેમનું નામ ઘણું સાંભળ્યું હતું પણ ક્યારેય મળવાનું થયું ન હતું. ૨૦૦૯ માં એક કાર્યક્રમ સંદર્ભે શાપર ખાતે

તેમના રાજુ એન્જનિયરીંગ ખાતે તેમને મળ્યો હતો. આ પછી વોટ્સએપના માધ્યમથી નિયમિત મળવાનું થતું રહ્યું છે. રાજુભાઈ જેટલો મોટો વ્યવસાય ધરાવે છે એટલું જ મોટું હૃદય પણ ધરાવે છે. બીજાને હસતા મોઢે મદદરૂપ થવું એ તેમની ખાસિયત છે અને કદાચ એટલે જ ઈશ્વરે તેમને લખલૂટ સંપત્તિ આપી છે અને તેઓ તેનો ઉપયોગ પણ પરમાર્થ માટે કરે છે. જો કે, રાજુભાઈના ચહેરા ઉપર કયારેય શ્રીમંતાઈનો ઘમંડ જોવા મળ્યો નથી. નિર્ભેળ સરળ વ્યક્તિત્વ એ તેમની ઓળખ છે.

આખો દિવસ વ્યવસાયમાં વ્યસ્ત રહેતા રાજુભાઈ સાંજના સમયે અઠવાડિયામાં ચાર દિવસ ત્રણ થી ચાર કલાક દર્દીઓની વિનામૂલ્યે સેવા–સારવાર કરે અને દવાઓ પણ આપે છે. આટલી વ્યસ્તતા વચ્ચે તેઓ પરિવાર માટે પણ સમય કાઢી લે છે. દરેક વ્યક્તિ પોતાના પરિવારને પ્રેમ કરતો જ હોય છે પણ રાજુભાઈ માટે તેમનો પરિવાર જ દુનિયા છે... આ સંદર્ભે મને એક કિસ્સો યાદ આવે છે. થોડા સમય પહેલાં રાજુભાઈ જેને જીવથી પણ વધુ ચાહતા હતા તે પત્ની રીટાબેન આ દુનિયા છોડીને ચાલ્યાં ગયાં હતાં અને રાજુભાઈ માટે આ ઘટનાક્રમ અસહ્ય હતો. સ્વ. રીટાબેન પાછળ જે કાંઈ થઈ શકતું હતું, તે તેમણે કર્યું... સામાજિક વિધિ પૂરી કરી, વરસી વાળી લીધી... રાજુભાઈ ફરીથી રૂટીનમાં ગોઠવાવા લાગ્યા હતા... આવા સમયમાં એટલે કે જાન્યુઆરી–૨૩ માં મારે ત્યાં પ્રસંગ હતો અને મેં રાજુભાઈને ખાસ હાજરી આપવા માટે નિમંત્રણ આપ્યું હતું. ફોન કર્યો અને આવવાનો આગ્રહ કર્યો... પણ તેમનો જવાબ સાંભળીને હું નિઃશબ્દ થઈ ગયો હતો. રાજુભાઈએ કહ્યું કે સામાજિક રિવાજ અનુસાર પત્નીની વરસી વાળી લીધી છે પણ મારા હૃદયે હજુ વરસી વાળી નથી !

નિલય ઉપાધ્યાય, પત્રકાર



દસેક વર્ષ પહેલાં એક રિપોર્ટર ભાઈએ સવારે અચાનક મને ફોન કર્યો. હાલો, આવવું છે ? શાપરમાં રાજુ એન્જીનીયર્સની મુલાકાતે જવું છે. બપોરે જવાનું છે. મેં કહ્યું, હા વાંધો નહી જઈએ પણ ભાઈ ઉનાળો છે, બાઈક લઈને જવાનું અઘરું પડી જશે. વાત પૂરી કરી. થોડીવારમાં ફરી એનો કોલ આવ્યો. બાઈક મૂકી દો, આપણને કંપની ગાડી મોકલશે એમાં જઈશું. ગાડી આવી, અમે રાજુ એન્જીનિયર્સમાં પહોંચી ગયા.

કંપનીમાં ખુશ્બુબહેન અમને બન્ને ભાઈઓને રાજુભાઈ દોશીની કેબિનમાં લઈ ગયા. સફેદ–કાળા મિશ્ર વાળ, અર્ધી બાંયનું શર્ટ પહેરીને એમની ચેમ્બરમાં બેઠા હતા. જમણા હાથમાં બીડી પકડેલી અને અમને એ હાથેથી બેસવા ઈશારો કર્યો. અત્યારે ચાલે છે એવી જ પસ્તાળ ત્યારે ય પ્લાસ્ટિક ઉદ્યોગ ઉપર હતી. પ્લાસ્ટિકને લીધે પર્યાવરણને થતા નુકશાનને લઈને સરકાર પ્લાસ્ટિક–ઉદ્યોગ ઉપર નિયંત્રણો નાખતી હતી. એના પર થોડા પ્રશ્ન જવાબ કર્યા. ચા–પાણી પીધાં. ફેક્ટરી જોઈ. દોઢેક કલાક પછી અમે નીકળી ગયા.

રાજુભાઈ દોશી સાથે આ મારી પહેલી મુલાકાત. જોકે એ પછી આ રીતે પ્લાસ્ટિક ઉદ્યોગ વિશે કંઈક આવે એટલે હું પૂછતો. અખબારમાં છપાતું. રાજુભાઈની નજીક આવ્યો ત્યારે એમના મિલનસાર સ્વભાવ, પરોપકારની ભાવના અને ખાસ કરીને એમની સમાજસેવા કરવાની લગન વિષે જાણવા મળ્યું. એમના વ્યક્તિત્વથી હું એ વખતે પ્રભાવિત થયો. ઉદ્યોગપતિઓ સેવાકાર્યો કરાવતા હોય એવું તો જાણતો પણ ઉદ્યોગપતિ પોતે જ સેવા કરવા જાય. પોતે જ પોતાનું ક્લિનિક અનુભવ અને વાંચનને આધારે ચલાવે અને દર્દીઓને મળીને નિઃસ્વાર્થ ભાવથી શુશ્રૂષા કરે એ જાણીને નવાઈ લાગી અને આનંદ પણ થયો.

પ્રથમ વખત એમના કુટુંબનાં લગ્નપ્રસંગમાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું. અમારો પરિચય બહુ જૂનો ન હતો છતાં એમના ભાવભર્યા આમંત્રણ પછી હું હાજર રહ્યો. જાણે જૂના મિત્રો હોય એમ સાથે રહીને આગ્રહ કરીને જમાડયા, ઘરનાં લગ્નમાં સગાંવહાલાંઓમાંથી માથું ઊંચકવાનો સમય ન મળે પણ એમણે અમારી જેમ બધા દોસ્તોની નજીક જઈને બધાને મળવાનું રાખ્યું. મારા માટે નવાઈ હતી પણ એ એમનો 'સ્વભાવ' છે.

પંચવટીમાં અમે ગણપતિ ઉત્સવ ઉજવીએ છીએ, એક દિવસ તમે પણ ગાવા માટેનો કાર્યક્રમ રાખો, એવો ફોન આવ્યો. હું શોખથી ગાતો અને પછી પ્રોફેશનલ જેવા સ્વરે હિન્દી ગીતો ગાતો એ એમને ખ્યાલ પડયો, એટલે એમનો ફોન આવ્યો હશે એમ માનીને મેં હા પાડી. સફળ કાર્યક્રમ કર્યો. એમનું કુટુંબ અને ભાઈબંધ–મિત્રો પણ મને ઓળખતા થયા. પણ ખાસ તો રાજુભાઈનાં મિલનસાર સ્વભાવનો પરિચય થતો જતો હતો.

ગણપતિ ઉત્સવ પછી એમની ભેસાણની વાડી (રીટાની વાડી) એ ત્રણેક વખત એમના આમંત્રણ પછી હું ગયો છું પણ હવે એ સિલસિલો થઈ ગયો છે. એમનો વોટસએપ ઘણી વખત આવે કે, ચાલો રીટાની વાડીએ. (રિસોર્ટ ઝાંખા પડે એવી ડુંગરાળ જગ્યા કે જ્યાં જવા–રહેવા માટેનો લાભ બહુ ઓછાને મળે છે) પ્રથમ મુલાકાત પછી દાયકો વીતી ગયો છે છતાં હું એમની દિનચર્યા વિશે બહુ અંગત નથી થયો પણ પરોપકાર, સમાજ સેવા અને ખાસ કરીને પીડાતા દર્દીઓની સેવામાં એ સુખ પામે છે.

અનેક વડીલોને રાજુભાઈએ વતન માણાવદરમાં ચંદ્રશ્રુતિ નામથી એક નવો આશિયાનો આપ્યો છે. એ એમની સમાજસેવાની નવી પાંખ છે. ચંદ્રશ્રુતિમાં રાજુભાઈ વારંવાર વડીલોને મળવા, એમના હાલચાલ પૂછવા દોડી જાય. ઘરનાં દરેક પ્રસંગમાં અમને તેડાવે સમયસર મૂકવાની વ્યવસ્થા ગોઠવે, હરવા ફરવા પણ લઈ જાય, આવો સેવક ક્યાં મળે !

તમારું આરોગ્ય સુધારો એ તમારું જીવન સુધારશે – એ એમનો મંત્ર છે. પોતે ભાત–ભાતની વાનગીઓ નથી જમતાં કે મીઠાઈઓ બહુ નથી ખાતાં. એ રીતે રાજુભાઈ બીજાને પણ પ્રેરણા આપે છે. આરોગ્ય એજ સંપત્તિમાં માને છે. એલોપેથીક દવાઓથી દૂર રસોડાની ચીજો અને આયુર્વેદની નજીક રાખવા લેખો સતત લખે છે, માર્ગદર્શક છે. ખાસ તો ડોક્ટરોથી બને ત્યાં સુધી દૂર રહેવાનો એમનો આગ્રહ હોય છે. એ આગ્રહ સાચો પણ છે.

તેમના લંગોટિયા યાર અને અમારા જેવા નવા જુનિયર મિત્રોને કાયમ યાદ કર્યા કરે. એમના માટે કંઈપણ કરી છૂટવા સદા તત્પર પણ હોય જ.

જયેશ દવે, પત્રકાર



રાજુભાઈ સાથે આશરે ૭ વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૪–૧૫ માં પરિચય. હું તેમની નજીક આવ્યો. આ પરિચયની ગાંઠ બાંધનાર જે તે વખતના ધોરાજી ડે. કલેક્ટર તુષાર જોષી.

આમ તો મારા ગામ તથા અન્ય શહેરોનાં જૈન બંધુઓની હું ખૂબ નજીક, મિત્રો પણ જૈન (વાણિયા), મિત્રો મારા જીવનમાં ઘણા પણ આ 'અલગ માટીનો વાણિયો' મેં જીવનમાં પહેલો જોયો. વાણિયાનાં દીકરા માત્ર બિઝનેસ કરી જાણે ને વધુમાં વધુ સ્કૂલ કોલેજો કે અન્ય કોઈ સંસ્થામાં દાન આપી જાણે, એથી વિશેષ ક્યાંય પબ્લિક કોન્ટેક્ટમાં મેં જોયા નથી (સિવાય બે ચાર રાજકીય વાણિયા)... પણ આ અલગ માટીનો માનવી. માણાવદર જૂનાગઢ સોરઠની ધીંગી ધરાનું પાણી પીને મોટો થયેલો રાજુ ખમીરવંતા ખુમારીવાળો આ વાણિયો છે.

આપની આત્મકથા 'એક થા રાજુ' શબ્દ સાંભળી એવું લાગે કે હિન્દી ફિલ્મના દેવાઆનંદની સ્ટોરી ટાઈપ એક કોલેજીયન છોકરાની આત્મકથા હશે પણ મને ખ્યાલ છે કે આ 'એક થા રાજુ' નહિ પણ 'લાખો મેં એક હૈ રાજુ'. રાજુભાઈ એટલે ગરીબોના બેલી, સમાજ સુધારક, દાનવીર ભામાશા વગેરે. એનાથી વિશેષ તેમને તેમની વિચારધારા મુજબનો શબ્દ આપીએ તો 'એક કોમન મેન એટલે રાજુ'.

પોતે જ્ઞાતિએ વાણિયા છે. ગુજરાતીમાં કહેવત છે કે વાણિયા જ્ઞાતિ સુંવાળી જ્ઞાતિ, એ લોકો ઝગડા કે ઝગડાખોરોથી દૂર રહે, અસામાજિક તત્ત્વોની સાથે તેઓ બાથ ન ભીડે પણ આ રાજુભાઈ અલગ માટીનો માનવી છે. એમાં ય 'સોરઠની ધરતીનું પાણી પીધું એટલે માત્ર ઝવેરચંદ મેઘાણીની જેમ કવિહૃદય તો છે જ સાથે સાથે સિંહ જેવું કાળજું પણ છે'.

તેમણે આ મશીન મેન્યુફેક્ચરિંગ લાઈનમાં એક વ્યક્તિને કરોડોની કિંમતનું મશીન વહેચ્યું હતું. એ વ્યક્તિ સાથે પરિવારભાવથી રાજુભાઈ જોડાઈ ગયા. પરંતુ અમુક જાતિગત સ્વભાવે એ વ્યક્તિ રાજુભાઈ વિશે દરેક બાબતનો

જાણકાર થઈ ગયો કે આ વાણિયો છે, પૈસાદાર છે, વેપારી છે, આવા ઈરાદાથી મશીનમાં ફોલ્ટ બતાવીને વર્ષો પછી એ મશીનની કરોડોની કિંમત પરત માંગીને હથિયારથી દમદાટી મારવા કોશિશ કરેલી. હું ખુદ ગભરાઈ ગયો, ફેક્ટરીની ઓફિસમાં મંજુરી વગર હથિયાર સાથે ઘૂસી ગયાનું મને જાણવા મળતા હું સુલતાનપુરથી શાપર જવા મારતી ગાડી લઈને નીકળ્યો પણ વાત ઊંધી નીકળી. આ માથાભારે શખ્સ ઓફિસમાં રાજુભાઈને દબાવવાની કોશિશ કરે એ પહેલાં જ રાજુભાઈએ તેને ખૂબ કડક ભાષામાં સન્માનિત કર્યો. હું પહોચ્યું એ પહેલાં તો એ શખ્સ ઊભી પૂંછડીએ ભાગ્યો, મેં રાજુભાઈને પોલીસ ફરિયાદનું કહ્યું તો રાજુભાઈએ કહયું કે 'ડરતાં હોઈ તે પોલીસ પાસે ન્યાય મેળવવા ફરિયાદ કરવા જાય. હું તો આવા બે ચાર ને જાતે મચોળી નાખું.'

આવું આ વાણિયાનું ખમીર.

પેલો શખ્સ પણ ગાંજ્યો જાય તેમ ન હતો. તેણે મોટા ગજાનાં ક્રિમિનલ વ્યક્તિ અને પોલીસ અધિકારીઓનો સહારો લઈને ફરી અજમાઈશ કરી. રાજુભાઈની જગ્યાએ કદાચ બીજો કોઈ મર્દ કે સાહસિક વ્યક્તિ બેઠી હોત તો એ પણ થરથરી જાય ને સમાધાન પેટે લાખો કરોડો આપી પણ દે ત્યારે આ ખમીરવંતા વાણિયાએ સૌરાષ્ટ્ર ગુજરાતનાં એ ગુનાઈત ઈતિહાસ ધરાવતા વ્યક્તિએ મોકલેલા આકાઓને શબ્દોરૂપી ગોળીઓથી વીંધીને ઊભી પૂંછડીએ દોડતાં કર્યા. આ છે રાજુભાઈનું સાહસ બુદ્ધિ પર ને મન પરનું સાહસિક પ્રભુત્વ.

તેઓ સંબંધ નિભાવવામાં ઊણા ઊતરે નહી, વર્ષો પહેલાનાં મિત્રો, વર્ષો પહેલાં રાજકોટ, જૂનાગઢ, ગોંડલ પંથકમાં મામલતદાર, ડે. કલેક્ટર, પોલીસ અધિકારીઓ હવે તો નિવૃત્ત થઈ ગયા છે તેમ છતાં હજુ તેમની સાથે એ જ ભાવ ને એ જ લગાવથી સંબંધ નિભાવી જાણે છે આ રાજુભાઈ.

સ્વભાવે કંપનીના માલિક નહિં પણ કંપનીના રખેવાળ ભૂમિકામાં રહેતા રાજુભાઈમાં સાહસ તથા ગરીબ દર્દી પ્રત્યેનો લગાવ, આ બધી પ્રેરણા આપવામાં સિંહફાળો રીટાબેનનો છે. રીટાબેન અને રાજુભાઈની જોડી એટલે રાધા–ક્રિષ્નની જોડી. દરેક પ્રસંગમાં રાજુભાઈનો પડછાયો બનીને મારી આ બેન રાજુભાઈને રૂડા કરી બતાવતાં.

નિરાલી પારેખ, પત્રકાર



સામાન્ય રીતે કુદરતે દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ગુણ આપ્યા જ હોય છે, પણ રાજુભાઈમાં તો કુદરતે જાણે ખોબલા ભરી ભરીને ગુણો આપ્યા છે. તેના તમામ ગુણોનો પરિચય ત્યારે જ થાય જ્યારે તમે તેમને મળ્યા હોય.

૨૦૧૯ માં સ્વામી શિવકૃપાનંદજી રાજકોટ પધાર્યા હતા અને રાજકોટની પેટ્રિયા સ્યુટસમાં પત્રકાર પરિષદ હતી. એ પત્રકાર પરિષદનું કવરેજ કરવા મારે જવાનું થયું. જોગાનુજોગ રાજુભાઈ દોશી પણ સ્વામીજીને મળવા માટે આવ્યા હતા ત્યારે પહેલીવાર અમારે મુલાકાત થઈ. મેં ઈન્ટરવ્યુ માટેની વાત કરી અને રાજુભાઈ ૨૦૧૯ માં તેમના ક્લિનિક પર તેમનું ઈન્ટરવ્યુ કર્યું. રાજુભાઈ સાથે તેમનાં ધર્મપત્ની રીટાબહેન પણ હતાં. બંનેએ સાથે મળીને ખૂબ સરસ ઈન્ટરવ્યુ આપ્યું. રીટાબહેન સાથે પહેલી અને છેલ્લી જ મુલાકાત રહી.

ધીમેધીમે આ સંપર્ક વધતો ગયો અને પારિવારિક સંબંધ થઈ ગયો. જ્યાં સુધી હું રાજુભાઈને ઓળખું ત્યાં સુધી મને લાગે છે કે તેઓ શ્રીફળ જેવો સ્વભાવ ધરાવે છે. બહારથી એકદમ કઠણ અને અંદરથી સાવ નરમ. તેનું કારણ તેઓ ક્યારેય સત્ય બોલતાં ગભરાતાં નથી. મેડીકલની વાત આવે ત્યારે તે બેધડક સત્યને રજુ કરે છે. અને જે સત્ય છે તેના આર્ટિકલ પણ સોશ્યલ મિડીયામાં અચૂક મૂકે છે. હું તો ઘણીવાર અમારા ગ્રૂપમાં વાત થાય ત્યારે અચૂક કહું કે રાજુભાઈ જેવું સત્ય કહેવાની હિંમત તો ભાગ્યે જ કોઈ કરતું હશે!

રાજુભાઈ ખુબ મોટા ગજાના ઉદ્યોગપતિ છે પણ સાવ નિરભિમાની. ૨૦૨૧ માં મારા પપ્પાની તબિયત ખરાબ હતી. મેં રાજુભાઈને ફોન કરીને કહ્યું તો મારા આશ્ચર્ય વચ્ચે બીજા જ દિવસે સવારે ૧૦.૦૦ વાગ્યા આસપાસ મારા ઘરે આવ્યા અને જરૂરી મેડીસીન પણ તેના ક્લિનિકેથી મંગાવી લેવા કહ્યું. આટલી વ્યસ્તતા વચ્ચે તેઓ મારા ઘરે આવ્યા ત્યારે મને એ જ થયું કે રાજુભાઈ માટે સંબંધો સૌથી મહત્ત્વના છે.

એક બીજી વાતનો પણ મારે ઉલ્લેખ કરવો છે. રાજુભાઈના પુત્ર ઉત્કર્ષના લગ્ન સમારોહમાં મેં એક વાત માર્ક કરી રાજુભાઈએ સિમ્પલ શર્ટ–પેન્ટ અને ચંપલ પહેર્યા હતાં. કોઈને જોઈને લાગે જ નહી કે એમના જ પુત્રના લગ્ન છે. ખરેખર સાદગીભર્યું વ્યક્તિત્વ અને વ્યક્તિ.

અમારે જૂનાગઢમાં જવાનું થયું. જૂનાગઢ પાસે ખૂબજ સુંદર 'રીટાની વાડી' આવેલી છે. ત્યાં અમને મહિલા પત્રકારોને આમંત્રણ પાઠવાયું હતું સાથે અન્ય મહેમાનો પણ હતા. ત્યાં ખૂબ જ સરસ રીતે અમારી મહેમાનગતિ કરી હતી. અમે ખૂબ જ આનંદ કર્યો હતો. રાજુભાઈ વિશે ટુંકમાં કહેવું હોય તો સરળ અને નિખાલસ વ્યક્તિ. નિરભિમાની, નીડર અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા નોખી માટીના અને જાણવા જેવા માણસ એટલે રાજુભાઈ દોશી.

મિત્તલ વોરા, પત્રકાર



રાજુભાઈ એટલે એવું વ્યક્તિત્વ કે જ્યારે લખવાનું આવ્યું ત્યારે શું લખવું... એ વિચારતાં જ લાંબો સમય નીકળી ગયો કારણ કે તેમના વિશે લખવું એટલે શબ્દોનું સરોવર નહીં પણ શબ્દોનો સાગર માંડવો પડે...પણ તેમના વિશે એટલું તો કહીશ કે, રાજુભાઈને મળવું એટલે કદાચ મારા સારા ઉચ્ચકર્મના લીધે એક મોટાભાઈ, એક આદર્શ અને પ્રેરણાદાઈ વ્યક્તિને મળવું...બની શકે કે ઋણાનુબંધ હશે...! કારણકે આજથી દોઢ દાયકા પૂર્વે પત્રકારત્વમાં પા...પા પગલી કરતી હતી અને મારી કોલમ 'સક્સેસ સ્ટોરી'માં મને એક વિરાટ વ્યક્તિત્વ ધરાવતા 'રાજુભાઈ'નું ઈન્ટરવ્યૂ કરવા માટે મારા એડિટરે કહ્યું.

એ સમયે એક મૂંઝવણ વચ્ચે રાજુભાઈને ફોન કરતાંની સાથે જ રાજુભાઈનો જવાબ ; હા, કંઈ વાંધો નહી છોકરી આવી જા ફેક્ટરી.હું ગાડી મોકલું છું... સફળતાની ટોચ પર બેઠેલી આ વ્યક્તિની સાદગી મળ્યાં પહેલાં જ સ્પર્શી ગઈ અને ત્યાર બાદ જરા પણ એવું ના લાગ્યું કે કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી મલ્ટીનેશનલ કંપનીના કિંગ સાથે હું સામે બેસીને વાત કરી રહી છું. તેમના વ્યક્તિત્વ પરથી એવો આભાસ થયો કે, જેમ ચંદન કરતાં વંદન વધુ શીતળ હોય છે. યોગી થવા કરતાં ઉપયોગી થવું વધુ સારું તેવી, તેમની જિંદગીની કવિતા છે. તેમની સાથેની આ પહેલી મુલાકાત હતી પણ આત્મીય અને મીઠાશભર્યા સંબંધોને એક નવું સરનામું મળ્યું હતું ! આવા મોટાભાઈ માટે શબ્દની કોઈ પરિભાષા ન હોઈ શકે પરંતુ એટલું તો હું ચોક્કસ કહીશ કે જે માણસ ૭૦ રૂપિયાના નુકસાનીનો રંજ રાખીને આજે વિરાટ સામ્રાજ્ય ઊભું કરી પોતાના સફળ અસ્તિત્વની ઓળખ દુનિયાને આપે છતાં રતિભાર મિથ્યા અભિમાન નહી અને ઊલટું સાદગી અને લાગણીથી છલકાતાં આ સામાન્ય છતાં અસામાન્ય વ્યક્તિ માટે પરિવારજ સર્વસ્વ છે. તેની સાથે સાથે કર્મચારીગણ ને સમાજ પણ શિરમોર છે. હેતાળ અને પરગજુ સ્વભાવે સેંકડો લોકોનાં હૃદયને સ્પર્શી લીધાં છે એવા છે અમારાં રીટાભાભીના 'રાજભા'...બસ, દરેક જન્મે મને, તમને અને સમાજને આવા દિલેર અને અદ્ભુત, લાગણીનો ધૂણો ધખાવતાં મોટાભાઈ મળે તેવી ઈશ્વરને પ્રાર્થના.

VINOD PATIRA, KOLKATA



My beloved friend, Rajubhai...

Really when I meet you at very first time, I felt too much happy n pleasent. Your behaviour was unforgettable. You are judicious mixture of kind hearted, simple, jovial, social, cheerful, pleasentful, creative, wonderful, pity, curative, labouries, philanthropic, spiritual, benefits of humanity, humanistic, active, self perfection, service to the mankind, prolific thinker, progressive n very gentle nature. You are an avid reader in a wide range of subjects. It includes various aspects of physical n mental health. You are

known for your prodigious memory and ability to speed Texting n seminars. You are an influential personality with very simple nature.

I stunned to see at your office at 2nd floor where you kept all of memories of your beloved elder brother. Which is still vivid in my mind n my heart. Only I viewed at reel life or say silver screen... You have noble value such as manhood honor and sense of human integrity. Lastly I praying Lord Mahaveer for your good health ahead. And always keep your social services to mankind. Words are least to write anything more about you. It's my words evolving from my heart. Not from my mind or my mouth. Thank you. Jai Jinendra. Michhami Dukkaram.

અનિલ હદવાણી, એગ્રીકલ્ચરીસ્ટ



I am incredibly grateful to include the chapter about the remarkable chairperson who has been both an elder brother and an invaluable mentor in my life. His having and caring nature, coupled with his down-to-earth demeanor, have made him an exceptional figure to look up to. His ability to truly listen and his big-hearted approach to every situation have left an indelible mark on me. A dedicated family man, he has effortlessly balanced his responsibilities, setting an inspiring example. His grounded business acumen and spontaneous decision-making skills have shaped not only the organization but also my own perspectives. His calm and composed demeanor in the face of challenges has been a guiding light. As a brotherly figure, he not only imparted wisdom but also taught me invaluable lessons in team management and equal time distribution. His unwavering support and trust in my work have been pivotal, and I am truly fortunate to have had him as a guiding presence in my journey. His exceptional individual's presence in my life is akin to a guiding light, illuminating even the darkest of paths. Their unwavering support, compassion, l and unspoken understanding painted a portrait of Brotherhood that surpassed the boundaries of blood relations. He is brother-like friend who exuded qualities of empathy, kindness, and selflessness that might have inspired all who crossed their path. The impact you may left on the lives you touched is truly a testament to the profound ripple effect of goodness. All your actions reflected a genuine concern for the well-being of others, leaving an indelible mark on the world and instilling a legacy of compassion that will be felt for generations to come.

મારા જીવનમાં એક મોટાભાઈ અને અમૂલ્ય માર્ગદર્શક, બંને રહી ચૂકેલા નોંધપાત્ર અધ્યક્ષ વિશેના પ્રકરણનો સમાવેશ કરવા માટે હું અતિશય આભારી છું. તેમનો પ્રેમાળ અને સંભાળ રાખનાર સ્વભાવ, તેમના ડાઉન–ટુ–અર્થ વર્તને તેમને એક અસાધારણ વ્યક્તિ બનાવ્યા છે. ખરેખર સાંભળવાની તેમની ક્ષમતા અને દરેક પરિસ્થિતિમાં તેમના મોટા હૃદયના અભિગમે મારા પર અમિટ છાપ છોડી છે. એક સમર્પિત કૌટુંબિક માણસ, તેણે સહેલાઈથી પોતાની જવાબદારીઓને સંતુલિત કરી, પ્રેરણાદાયી ઉદાહરણ સ્થાપિત કર્યું. તેમની ગ્રાઉન્ડેડ બિઝનેસ

કુશળતા અને સ્વયં સ્ફુરિત નિર્ણય લેવાની કુશળતાએ માત્ર સંસ્થાને જ નહીં પરંતુ મારા પોતાના દૃષ્ટિકોણને પણ આકાર આપ્યો છે. પડકારોનો સામનો કરવા માટે તેમનું શાંત અને સંકલિત વર્તન માર્ગદર્શક રહ્યું છે. એક ભાઈબંધ વ્યક્તિ તરીકે, તેણે માત્ર શાણપણ જ આપ્યું નથી પણ મને ટીમ મેનેજમેન્ટ અને સમાન સમયની વહેંચણીના અમૂલ્ય પાઠ પણ શીખવ્યા છે. મારા કામમાં તેમનો અતૂટ ટેકો અને વિશ્વાસ નિર્ણાયક રહ્યો છે, અને હું ખરેખર ભાગ્યશાળી છું કે મારી સફરમાં તેમને એક માર્ગદર્શક હાજરી તરીકે મળી. મારા જીવનમાં તેમની અસાધારણ વ્યક્તિની હાજરી એક માર્ગદર્શક પ્રકાશ સમાન છે, જે અંધકારના રસ્તાઓને પણ પ્રકાશિત કરે છે. તેમના અતૂટ સમર્થન, કરુણા અને સ્પષ્ટ સમજણે બ્રધરહૂડનું એક ચિત્ર દોર્યું જે રક્ત સંબંધોની સીમાઓને વટાવી ગયું. તે ભાઈ જેવા મિત્ર છે જેણે સહાનુભૂતિ, દયા અને નિઃસ્વાર્થતાના ગુણો દર્શાવ્યા હતા. જેણે તેમના માર્ગને પાર કરનારા બધાને પ્રેરણા આપી હશે. તમે જે જીવનને સ્પર્શ્યું છે તેના પર તમે જે અસર છોડી શકો છો તે ખરેખર દેવતાની ગહન લહેર અસરનું પ્રમાણપત્ર છે. તમારી બધી ક્રિયાઓ અન્યની સુખાકારી માટે સાચી ચિંતાને પ્રતિબિંબિત કરે છે, વિશ્વ પર અમિટ છાપ છોડીને અને કરુણાનો વારસો સ્થાપિત કરે છે જે આવનારી પેઢીઓ માટે અનુભવાશે.

પારસ બુદ્ધદેવ, કરવેરા સલાહકાર



Rajesh Doshi... Rajoo Kaka... its not just a name... its an ocean of emotions a human can carry, includes every bit of it... having a heart full of compassion, patience and a sense to do everything in his possibility for any human being, No matter known or unknown.

The most successful enterpreneur, the most affectionate elder, the most precise advisor / guide... જીવનના હર એક રસને પી જનાર અને એ જ અનુભવને નિયતમય પ્રયત્નોથી થકી બીજાને આપનાર, *I at times feel he is to be a man of utmost maturity and understanding and same time he turns out to be a man carrying all the fun for life and his all beloved ones.*

I wont be exaggerating if I say, I or I am too sure none could have ever come across to the personality, such phenomenal and remarkable like him... he is whole in himself and when it comes to getting his love and care, The Sky seems to be very short...

I have been asked to write few lines about The Rajoo Kaka but honestly speaking its impossible to narrate him in lines you just need series of books to actually understand deeply and actually what it means to be Rajesh Doshi. I have been in direct touch with him since last 3 years but the warmth I have received from him is I ever used to feel is of my own father and I am sure many more people must have felt the same.

Without mentioning the name of My Kaki Maa here, everything written about this man is always incomplete since Rita Doshi, My Kaki Maa is the one who played an actual role in making of Rajesh Doshi with all her love, care, affection, completeness Rajesh Doshi could be the one he is today... And... Without her what we have of this man today is literally not half of it... such an inspirational life partner and companion he is... the bond I witness of this couple is in word I can say is "DIVINE" with a corner of my eyes lil wet, in short Mr. Rajesh Doshi is ....

કોઈ એક વ્યક્તિત્વ નહીં પણ હજારો વ્યક્તિત્વનો સમરસ સમન્વય....

યશવંત ગોસ્વામી, પ્રાધ્યાપક



''એક થા રાજુ'' આ ટાઈટલ વાંચવામાં તો સાવ સરળ લાગે છે પરંતુ આ ટાઈટલનો અર્થ શું એવો થાય છે કે 'રાજુ' બદલાઈ ગયો છે ? જવાબ 'હા' પણ છે અને 'ના' પણ ! અને આ બંને જવાબ માટે બે પુસ્તક લખી શકાય પરંતુ બંનેનો કોમન જવાબ હું આ પ્રમાણે આપી શકું. રાજુ જેન્ટલમેન થા, જેન્ટલમેન હૈ, ઔર જેન્ટલમેન રહેગા ! આ ટાઈટલ રાજુભાઈએ સ્વયં નક્કી કર્યું છે ત્યારે મેં એવું અનુભવ્યું કે ''દરિયાના પુસ્તકમાં મોજાંનાં એક એક પાનાં ખોલીને હું વાંચી રહ્યો છું ખારવાની આત્મકથા''. અને...અને... એક દિવસ દરિયાના ઝંઝાવાતી તોફાનમાં એક પાનું હોડીનું ઊડી ગયું, દરિયાના જર્જરિત પુસ્તકમાંથી ! અને એ દિવસથી જાણે રાજુભાઈનું મૌન હૃદયનું વલોણું બનાવી જીવનસાથીને પોકારી રહ્યું છે ''તારા પત્ર વિનાના પરબીડિયા જેવું બની ગયું છે મારું જીવન''.

રીટાબહેને હિમાલયની યાત્રા દરમ્યાન હરિદ્વારમાં રાજુભાઈની નજર સામે એના ખોળામાં અંતિમશ્વાસ લીધા. અને પોતાના જીવનસાથીના નશ્વર દેહને ખોળામાં મૂકી રાજુભાઈનું હૃદય એવી રીતે રડયું જેમ સતિના વિયોગમાં મહાદેવ રડયા હતા. આમ છતાં હું એમ તો નહી જ કહું કે શિવ–પાર્વતી (રાજુ–રીટા) ની જોડી ખંડિત થઈ ! જ્યાં આત્માનો સંબંધ હોય ત્યાં કશું ખંડિત થતું નથી ! પરંતુ દુનિયાની દષ્ટિએ સુરેશ દલાલનાં શબ્દોમાં કહું તો – એક ઝાડ રસ્તા પર અચાનક ઢળી પડયું, ઝંઝાવાતથી પડયું હોય તો સ્વાભાવિક કહેવાય, પણ આ તો ભરબપોરે, પવનની માંડ લહેરખી હોય ત્યારે રસ્તા પર અચાનક ઢળી પડયું એક ઝાડ ! આશ્ચર્યચિહ્ન, આઘાતચિહ્ન, આ બધાં મનમાં જાગતાં અને શમતાં સંવેદનો, વચ્ચે મુકાઈ ગયું કાયમનું પૂર્ણવિરામ ! રાજુભાઈ અને પરિવારે વૃક્ષની શીતળ છાંયામાં વર્ષો વિતાવ્યા. ઝાડના પડવાથી આમ તો સમયના વહેણમાં દર્દ ભૂલાઈ જતાં કોઈને કશો ફેર પડતો નથી. વનમાં ખોવાયેલી સીતાને શોધતાં જેમ રામ વ્યાકુળ બન્યા હતા એમ જ રાજુભાઈનો આત્મા ઢળી પડેલા વૃક્ષની ડાળીઓ અને પાંદડાને પોકારી રહ્યો છે ''જીવ'' તું ક્યાં છે ! ''જીવ'' તું ક્યાં છે ? અને રાજુભાઈ બદલાઈ ગયા !!! એક થા રાજુ......અને જાણે રીટાબેન કહી રહ્યાં છે રાજભા ને... ''તું મને ન શોધ ક્યાંય આસપાસમાં, હું તને મળી જઈશ તારા જ શ્વાસમાં''...

રાજુભાઈ એક ઉદ્યોગપતિ છે, એક ડોક્ટર પણ છે અને હવે એક કવિ પણ છે. આવો ત્રિવેણીસંગમ ભાગ્યે જ કોઈના વ્યક્તિત્વમાં જોવા મળે. સવારે ઉદ્યોગપતિ સાંજે ડોક્ટર અને એકાંત રાત્રિમાં કવિ ! રાજુભાઈ... શબ્દની આરપાર જીવો છો તમે, બહુ ધારદાર જીવ્યા છો તમે, સામે પૂરે શાનદાર જીવ્યા છો તમે, વિષમહી મહાદેવની જેમ નિર્વિકાર જીવ્યા છો તમે, સૂર્યની પેઠે આગમાં પૂરબહાર જીવ્યા છો તમે, વરસ્યા છો તમે ખૂબ જીવનમાં, જીવનમાં બહુ ધોધમાર જીવ્યા છો તમે ! ઘાયલ છો તમે, શાયર છો તમે, પણ સર્વથા શાનદાર જીવ્યા છો તમે...

રાજુભાઈ, ''જીવ'' હવે 'શિવ' બનીને હજુ પણ તમને યાદ કરે છે, સતત તમારામાં શ્વાસ ભરે છે, તમારા હૃદયની ભીતર ડૂબે છે, ઓગળે છે અને ફેલાય છે એ ''જીવ'' તમારી આંખોમાં તરે છે અને તમારા રોમરોમમાં સતત સળવળે છે ''જીવ'' ! તમારી રગેરગમાં હજૂ પણ ફરે છે ''જીવ'' ! જ્યારે જ્યારે તમે સાવ ખાલી થઈ જાવ છો ત્યારે ક્ષણેક્ષણે ભીતરથી તમને ભરે છે ''જીવ'' !

કૈલાસ માનસરોવર યાત્રા નિમિત્તે પહેલીવાર રાજુભાઈને મળવાનું થયું ત્યારે મનોમન મહાદેવને પ્રાર્થના કરી કે આ માણસ યાત્રામાં ન આવે તો સારું ! પણ જ્યારે યાત્રામાં પરિવાર અને મિત્રો સાથે જોડાયા ત્યારે મને એમના વ્યક્તિત્વમાં સાચે જ 'મહાદેવ'નાં દર્શન થયા. ચારધામ યાત્રા પણ અમે સાથે કરી. એ સમયે એમના 'દોસ્તાના' અંદાજનો અલગ જ અનુભવ થયો. એમના ગિરનારની ગોદમાં સ્વર્ગસમાન ફાર્મહાઉસમાં અમે સતત ૪ દિવસ સાથે રહ્યા. જેમ જેમ પરિચિતતાથી આગળ વધી આત્મીય બન્યા તેમ તેમ રાજુભાઈ અને રીટાબેન અને એના સમગ્ર પરિવારને નજીકથી ઓળખવાની તક મળી.

પરિવારની ખુશી માટે અથાક પરિશ્રમ કરતા, ચારેબાજુથી તકલીફો અને પડકાર હોવા છતાં હિંમત હાર્યા વગર એકલે હાથે લડતા છતાં કોઈને તકલીફ ન વર્ણવતા. અડધી રાત્રે ખુલ્લી આંખે પરિવારનાં ભવિષ્યની ચિંતા કરતા, પરિવારની ખુશી માટે પોતાનાં સ્વપ્નોને દફનાવતા, પોતાની પસંદગીને પ્રાધાન્ય ન આપી મિત્રો અને પરિવારની પસંદગીને પ્રાધાન્ય આપતા, સ્વયં અગવડ ભોગવીને અન્યનાં સુખ અને સુવિધાને પ્રાધાન્ય આપતા, ઉદ્યોગપતિ હોવા છતાં 'સાદગી, સેવા, સત્ય, સત્સંગ અને સ્મરણ' આ પાંચ સકારને જીવનમાં ધારણ કરતા રાજુભાઈ વ્યક્તિ એક છે પણ એમની વિશેષતાઓ અનેક છે – એટલે જ રાજુભાઈ સ્વરૂપે મેં મહાદેવને જોયા છે. મહાદેવનું નિવાસસ્થાન માત્ર કૈલાસ જ નથી. દરેક પરિવારમાં એક મહાદેવ હોય છે જેના થકી પરિવાર ટકી રહેતો હોય છે. ધનની પ્રાપ્તિનાં સાધનો પવિત્ર હોવા જોઈએ એનો દૃઢપણે અમલ કરતા, પરમતત્ત્વને સતત અનુભવતા, જીવન અને જગતની વાસ્તવિક્તાને સ્વીકારી સંસારમાં રહીને પણ 'સાધુપુરુષ' જેવું જીવન જીવતા રાજુભાઈનું સમગ્ર જીવન એક ખુલ્લી કિતાબ જેવું છે. જેમાં નથી ક્યાંય દંભ કે દેકારો, નથી ક્યાંય આડંબર કે મિથ્યાભિમાન, નથી ક્યાંય સંકુચિતતા કે નથી ક્યાંય સ્વાર્થવૃત્તિ, નથી ઈર્ષા કે અદેખાઈ, નથી રાગ કે દ્વેષ, નથી કોઈ આશા કે અપેક્ષા, નથી કોઈના પ્રત્યે ફરિયાદ કે અણગમો ! એમનાં હૃદયમાં વહે છે પ્રેમ, સ્નેહ અને કરુણાની અવિરત ધારા...જે સમગ્ર જીવસૃષ્ટિ, પ્રકૃતિ અને પરમાત્માની સાથે માનવજાતને નર્યા સ્નેહથી ચાહે છે. રાજુભાઈનો સ્વભાવ સદાબહાર છે કારણ કે –

- એ ક્યારેય કોઈની પાસે અપેક્ષા નથી રાખતા ઊલટું સામેની વ્યક્તિને આપવામાં અને એમની પાસે જે પ્રાપ્ય હોય એનેજ તેઓ સર્વોત્તમ સમજે છે.
- કોઈની સાથે મતભેદ થાય તો ગુસ્સો ન કરતા સ્વસ્થ રહીને ધીરજ રાખે છે.
- એમની સંગત કાયમ નમ્ર, વિવેકી, શાંતિપ્રિય, બુદ્ધિમાન અને હસમુખા લોકો સાથે છે.
- જે લોકો એની દરકાર કે પરવા નથી કરતા એવા લોકોની એ ચિંતા નથી કરતા.
- ભૂતકાળ અને ભવિષ્યકાળની ચિંતા કરવાને બદલે વર્તમાનને ઓળખીને તેને સારી રીતે આયોજનબધ્ધ કરવાની કળા એમની પાસે છે.
- અત્યંત દુઃખદ પરિસ્થિતિમાં પણ એ ધીરજ અને માનસિક સંતુલન જાળવી રાખે છે.
- પોતાના કાર્યની પ્રશંસા થાય એવી અપેક્ષા ક્યારેય રાખતા નથી.
- એમની વાણીમાં મીઠાશ અને સ્વભાવે વિનોદી અને મળતાવડા છે.
- એનો વ્યક્તિત્વનો સૌથી મહત્ત્વપૂર્ણ ગુણ છે ખેલદીલી ! પોતાનાથી થયેલી ભૂલ કે ખામીઓ નિખાલસ અને પ્રામાણિકપણે સ્વીકાર કરતા અચકાતા નથી.

બોરિસાણિયાસાહેબ, માણાવદર હાઈસ્કૂલ



મારા મિત્ર રાજુભાઈ વિશે લખું છું ત્યારે યાદ આવે છે કે – હું જયારે માણાવદર હાઈસ્કૂલમાં નોકરી કરતો હતો ત્યારે રાજુભાઈ અને એના ભાઈ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા. એ વખતે આ બાળક વિશે કલ્પના કરેલી નહોતી કે, ભવિષ્યમાં તે એક ઉદ્યોગપતિ થઈને ગામ અને દેશનું નામ રોશન કરશે કારણકે જન્મ સમયે વિધાતાએ લેખ લખેલાં કે ગોલ્ડન સ્પૂન ઈન ધ માઉથ વ્હેન હી બોર્ન. સમય અને સંજોગોએ કરવટ બદલી. અભ્યાસ પૂર્ણ કરીને રાજકોટમાં ઉદ્યોગનું નાનું એકમ શરૂ કર્યું. સમય જતાં પ્રગતિ થઈ. તેમનું જીવન હંમેશા સેવાભાવી રહેલું છે. લોકોને સેવા કરવી, એ તેના જીવનનું ધ્યેય રહેલું હતું. તેઓએ મેડિકલની ડિગ્રી પ્રાપ્ત કરી અને માનદ સેવાથી સેવા અર્થે માત્ર ડિસ્પેન્સરી ખોલી જેની અંદર વિનામૂલ્યે લોકોને સેવા કરવા માટે સમય ફાળવ્યો. નાના માણસને પણ પ્રેમથી બોલાવીને હંમેશા ખબર અંતર પૂછે. તેમણે વતનમાં શૈક્ષણિક સંસ્થા ખોલી છે અને હરહંમેશ પોતાના વતનના લોકો માટે પોતે

જીવનનો ભોગ આપેલો છે. વતનમાં કોઈપણ સારું કાર્ય હોય તો હંમેશા આગળ રહી સૌથી પહેલો પોતાનો ફાળો લખાવે. પોતાનાં ધર્મપત્નીના અવસાન બાદ પણ સેવાનો ભેખ ચાલુ રાખ્યો, દીન દુ:ખિયાની સેવા કરવી એનો ધર્મ છે. સાદા અને નિરભિમાની તરીકે જીવન વ્યતીત કરે છે. મારા આશિષ છે કે 'જીવન એક સંગ્રામ છે. જીવન જીવી જાણજો. દુનિયાને દેખાડજો કે જીવન કેમ જિવાય છે!' ભાદરવા માસમાં ઘર આંગણે ગણપતિનું સ્થાપન કરે છે. આજુબાજુની સોસાયટીવાળા ભાઈ મિત્રો સગાં સંબંધીઓને બોલાવી તેમની સાથે ઉત્સવની ઉજવણી કરે છે. હેત પ્રીતથી બોલાવે છે. આમ લોકો સાથે સામાજિક વ્યવહાર ખૂબ સરસ રાખેલો છે. માનવતાનો ધર્મ બજાવતો હોવાથી તેઓ સૌનાં હૈયામાં વસેલા છે. પોતાના ઉદ્યોગએકમમાં કામ કરતા કર્મચારીઓ સાથે હંમેશા સુખ દુ:ખની વાતો કરે છે અને તેમના અંગત પ્રશ્નો પણ હોય તો સોલ્વ કરવા મદદ કરે છે.

માંડલિયા સાહેબ



રાજુભાઈ માટે કહેવા મારી પાસે શબ્દો નથી કારણ કે તેમના સદ્‌ગુણો અપાર છે. તેઓ ખરા અર્થમાં 'મોટા માણસ' છે. 'મોટા માણસ' એ અર્થમાં કે તેમને નાના માણસોની પણ સતત ખેવના રહે છે. બેશક, રાજુભાઈ દોશી એક મોટા ગજાના ઉદ્યોગપતિ છે પણ મને તો એ માણાવદરના 'નગર શેઠ' લાગે છે. વતન અને વતનના લોકો માટેનો તેમનો સ્નેહ, લગાવ અને અનુકંપા અદ્વિતીય છે. ''ચંદ્ર શ્રુતિ'' ઘરનું ઘર બનાવીને વતનનું ઋણ ચૂકવ્યું છે, એવું કોઈ માને તો એ અર્ધસત્ય છે. માણાવદરનો વતની જ નહિ, પણ કોઈપણ જરૂરિયાત કે મુશ્કેલીગ્રસ્ત વ્યકિત તેમની પાસે પહોંચી જાય તો ખાતરી રાખજો કે રાજુભાઈ તન, મન અને ધનથી તેની સાથે રહેશે... વધારે તો શું કહું, માણાવદરવાળા અમારા બધા માટે તો એ અમારા કુટુંબના સભ્ય બરાબર જ છે !

મધુસૂદન સંઘવી, શિક્ષક



રાજુભાઈના વ્યક્તિત્વ વિશે હું મુદ્દાઓ થકી છણાવટ કરીશ.

- નાળિયેર જેવું ઉપરથી કઠણ–બરછટ, અંદરથી નરમ–સુવાળું–મધુર પેય જલ જેવું.
- મિતભાષી, લાઘવ એવા રાજુભાઈની એક વિશેષ લાક્ષણિકતા છે. ઓછામાં ઓછા શબ્દોમાં પોતાનો દૃષ્ટિકોણ–અભિપ્રાય આપવાની કળા તેમનામાં હાથવગી–સોરી જીભવગી છે.
- પોતાની માન્યતા, દૃષ્ટિકોણ પ્રત્યેની અડગ નિષ્ઠા – આના કારણે ઘણીવાર વ્યક્તિગત નુકશાન થાય તો ભલે એવી નિષ્ઠા.
- સામેની વ્યક્તિને માપવા માટેની વેધક–તીક્ષ્ણ નજર. તેઓ આંખનો ઉપયોગ એક્સ–રે ની માફક આરપાર ઉતરી જઈ નિદાન કરવા માટે કરી શકે છે.
- કુશળ બિઝનેસમેન, વ્યવસ્થાપક અને આયોજક અંગેની તેમની કુશળતા રાજુ એન્જીનીયર્સ જગજાહેર છે.
- સમાજ માટે કશુંક નવીન રીતે મદદરૂપ થવાની ભાવના 'ચંદ્રશ્રુતિ' તેમનું ભૌતિક પ્રતીક છે જ પણ 'ગુપ્તદાન' અંગે તેમના અને લાભાર્થી સિવાય ભાગ્યે જ કોઈને જાણકારી હોય.

દિલીપ રાયજાદા, નિવૃત્ત આચાર્ય



જીવનની દરેક ઘટના પ્રાયોજિત હોય તેવું સ્પષ્ટપણે માનું છું. ૨૦૦૯ માં પ્રથમ વખત રાજેશ દોશીના સંપર્કમાં આવવાનું બન્યું અને ત્યારથી આજ દિવસ સુધી તેમના હેતની વર્ષા અવિરત મારા પર મહેરબાન છે. એક એવા વ્યક્તિ કે તેના ઉદ્દેશ્ય માટે સમાજના લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવું. જન્મસ્થળનું ઋણ કેવી રીતે ચૂકવવું જોઈએ, તે જો શીખવું હોય તો આ ગુણ રાજેશ દોશી પાસેથી ચોક્કસપણે શીખી શકાય. માણાવદરનાં બાળકોને ઉત્તમ અને આધુનિક શિક્ષણ મળે તેવા ઉમદા ભાવ સાથે શૈશવશાળા અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમની શાળાની શરૂઆત કરી જેથી શહેર અને આસપાસનાં બાળકોને મોટા શહેર જેવું શિક્ષણ ઘર આંગણે મળે. શિક્ષણ, આરોગ્ય અને વડીલોની સેવા એમ ત્રણેય પાસાઓનું જતન અને શાંત ચિતે સાંભળવાની કુનેહ એ તેનો સર્વોત્તમ ગુણ હું માનું છું. એક મોટા ઉદ્યોગપતિ હોવા છતાં જમીન સાથે જોડાઈ જવાની કળા એ તેમની એક ઉત્તમ પ્રકારના વ્યક્તિત્વની નિશાની છે.

એક ઉત્તમ વ્યક્તિ, હંમેશા નવું શીખવું અને તે જ્ઞાન અને ધન લોક કલ્યાણ માટે વાપરવું. રાજેશ દોશી એટલે ૨૪×૭ હેલ્પલાઈન. હંમેશા ઉત્સાહી અને તાજગીસભર. એવું કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી કે તે સાચા અર્થમાં સંત આત્મા. લોકોની મુશ્કેલી કે માંદગીમાં મદદ કરવા તમામ શક્તિ અને અર્થને કામે લગાડે, બહુ જ ઓછા આવા પ્રકારના વ્યક્તિ કે સમાજ રત્ન કહીએ તો પણ ઓછું કહેવાય. અને મજાની વાત તો એ કે ના કોઈ કદર કે સન્માનની અપેક્ષા, નિર્મોહી વ્યક્તિત્વના ધણી.

લોકો પાસે ધન હોય પણ નિર્મોહ બહુ જ ઓછા લોકો હોય. રાજેશ દોશી કંપનીના ઊંચા હોદા અને જવાબદારી વચ્ચે ય સમય કાઢીને શારીરિક પીડિત લોકોને સાચું માર્ગદર્શન અને ઈલાજ, દવા, દુવા, હિંમત અને હોંશલો એક સાથે અવિરત આપવાનું ખૂબ કઠિન કાર્ય સહજભાવે સતત કરવું અને તેને કર્તવ્ય માનનાર એક વિરલ વ્યક્તિ એટલે રાજેશ દોશી. ઈશ્વર એક દૂત મારફતે માનવકલ્યાણનું કાર્ય કરે છે અને તેના માટે ઈશ્વર ઉત્તમ પ્રતિભાશાળી, વિશાળ હૃદય અને સર્વગુણસંપન્ન વ્યક્તિને પસંદ કરી આ પૃથ્વી પર જીવને મોકલે અને તેણે નક્કી કરેલા તમામ કાર્યક્રમ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક માનવ કલ્યાણ યજ્ઞ આગળ ધપાવે છે. રાજેશ દોશી પણ એક દૂત છે તેવું કહેવામાં મને કોઈ અતિશયોક્તિ નથી લાગતી.

ગોપાલ ખીરસરિયા, વિઝટેક કોમ્પ્યુટર્સ પ્રા.લિ.



પાંચ–સાત વર્ષો પહેલા મેં ફરમાઈશ કરી હતી કે તમારે તમારી જીવન–ઝરમર બુક સ્વરૂપે પબ્લિશ કરવી જોઈએ. 'એક થા રાજુ' શીર્ષકથી એ પબ્લીશ થવા જઈ રહી છે તેનો મને ઘણો આનંદ છે અને મને પૂરો વિશ્વાસ છે કે વાંચકોને તમારા જીવનમાં ડોકિયું કરવાની ઉમદા તક મળશે.

મિત્રો, હું રાજુભાઈને દોઢ દાયકાથી ઓળખું છું, તેમની સાથે અસંખ્ય વખત મેં ક્વોલિટી સમય પસાર કરેલો છે. મારા મતે ભગવાનને તેમને ઘડવામાં ખાસ્સો સમય લાગ્યો હશે... કારણ કે લાખોમાં નહીં પરંતુ કરોડોમાં આવી એક વ્યક્તિ ભગવાન ઘડતો હશે, જેમાં આટલી બધી ખૂબીઓ એક સાથે હોય. મારા વિધાનની સાર્થકતા માટે કહું તો રાજુભાઈ એક બેજોડ મિત્ર છે. હજારો કરોડની કંપની Rajoo Engineers Ltd. ના ચેરમેનપદે બેઠાં હોવા છતા કોઈ તેમનો બાળપણનો મિત્ર મેલા–ઘેલા કપડાં પહેરી અને માણાવદરથી આવી અને 'એ...રાજીયા' કહી શકે છે. આ દોસ્તી કૃષ્ણ–સુદામાની દોસ્તીથી જરાય ઊતરતી નથી....!

આમ તો રાજુભાઈએ B.Sc. કર્યુ, દેશ–દુનિયામાં પ્લાસ્ટિક એક્સ્ટ્રુઝન મશીનરી બનાવવામાં નામ કાઢ્યું.

ફોટોગ્રાફીની વાતો કરે તો તેની ટેકનીકાલિટીની ઊંડાણપૂર્વક ચર્ચા કરે. દિવસે બિઝનેસમેન અને સાંજે ડોક્ટરનું પાત્ર ભજવે. કેન્સર જેવા અસાધ્ય રોગોની ટ્રીટમેન્ટ વિનામુલ્યે કરે. આયુર્વેદમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન. એક સમયે આયુર્વેદિક દવાઓ પણ બનાવી પરંતુ આ જમાનાના ડોક્ટરો સાથે જામી નહીં તો ખોટ કરી અને બંધ કરી. બેસ્ટ ટેકનોલોજી સાથેની મશીનરી લઈ રાજુ કોટેક્ષના નામે આધુનિક જીનીગ પ્રેસીગ યુનિટ ચાલુ કર્યુ પરંતુ તેઓ સમયથી વહેલા હતા. પોતાના શોખને જીવતો રાખવા માટે તે પૂરતો સમય પણ ફાળવે. જેમ કે જૂના હિન્દી ફિલ્મી ગીતો સાંભળવા માટે અગણિત ડિસ્ક (તાવડી–વાજુ) નું કલેક્શન મેં જોયું છે અને રજાના સમયમાં તે ચોક્કસ માણે. વરસમાં એકાદ વખત બધા મિત્રોને બોલાવી જૂના ગીતોનો લાઈવ પ્રોગ્રામ પણ માણવા જેવો હોય છે.

રાજુભાઈ માટે એટલુ ચોક્કસ કહીશ કે મારી ૪૩ વરસની કેરિયરમાં હું અસંખ્ય માણસોને મળ્યો હોઈશ પરંતુ રાજુભાઈ જેવા નીડર, ઝિંદાદિલ તથા દરેક વિષયમાં તેનાં મૂળ સુધી જવાવાળો ઈન્સાન મેં હજુ જોયો નથી. આશા રાખું કે નવી પેઢીને 'એક થા રાજુ'માંથી ઘણું શીખવા મળશે.

ચિરાગબેન ગોસાઈ – પ્રિન્સિપાલ ઝુઓલોજી કોલેજ, વેરાવળ



રાજુભાઈ તેમની વાડીને 'રીટા ની વાડી' કહે છે ત્યાં મારે ઘણી વખત જવાનું થયું. એક વખત ત્યાં તેમના મિત્રો સાથે તેમણે નેચરોપેથી કેમ્પ ગોઠવેલો. તેમાં શીર્ષ પર ધારાવાહિક કરવા માટે રાજુભાઈએ જે વ્યવસ્થા કરી હતી અને બધી જ વસ્તુઓ બહારથી મંગાવી હતી અને મોટાભાગની ટ્રીટમેન્ટ રીટાબેન અને મિત્રવર્તુળના બધાને તેઓ જ કરી આપતા... આ કંઈ પ્રકારના માણસ છે એ જ આપણને સમજાઈ નહી કે બધા જ લોકોનું બધું જ કરી આપે... આટલા ડાઉન ટુ અર્થ રહેવું એ કોઈ સામાન્ય માણસના હાથની વાત નથી.

કેટલાક સરસ શબ્દો મેં વાંચેલા છે કે ગોખથી હેઠાં ઊતરો વાલમ ત્યાં તો પથ્થર લાગો છો ? માનવ દેહ ધરો છો ત્યારે જ સાચા ઈશ્વર લાગો છો ! રાજુભાઈની સેવા બાજુને ધ્યાને લઈએ તો આપણને તરત જ ઉપરોક્ત શબ્દો સાર્થક થતા લાગે. રાજુભાઈ કોઈ એવા અલગ સ્વરૂપે જ આ પૃથ્વી પર રહીને લોકોની સેવા કરી રહ્યા છે તે, જેવા તેવા માણસનું કામ નથી. પૈસો હોવો અને બીજા માટે વાપરવો એ ખરેખર રાજુભાઈ પાસેથી શીખવા જેવું છે. રાજુભાઈએ સાબિત કરી બતાવ્યું કે

'નામ રહંતા ઠકરા, નાણાં નહી રહંત, કીર્તિ કેરા કોટડા પાડયા નવ પડંત'.

કિરીટ બી. સંઘવી, એડવોકેટ



ઉદ્યોગપતિને જીવનમાંથી બાદ કરી નાખીએ તો જે લખવાનું છે તે એક મહામાનવનુ જીવનચરિત્ર આપોઆપ લખાઈ જાય તેમ છે આથી જ ગુજરાતના મૂર્ધન્ય કવિ શ્રી રમેશ પારેખની એક પંક્તિની પેરોડી કરીએ તો

ચીંધ આખું વિશ્વ તું એને, 'રાજુ'
જેને સરનામું 'રાજુ'નું જોઈએ !

આ પરિવાર સાથેનો સંબંધ ચંદ્રકાંતભાઈ દોશીથી થયેલો. રાજુભાઈ સાથેનો સીધો સંપર્ક ત્યારે ન હતો. દોશી પરિવારે માણાવદરમાં અંગ્રેજી સ્કૂલ ચાલુ કરેલી અને મુખ્યત્વે સંચાલન રાજુભાઈ કરતા હતા. જે તે સમયે તેમાં ટ્રસ્ટી હોય કેટલાક વાર્ષિક ઉત્સવમાં ભેગાં પણ થયેલા હતા અને મને ખ્યાલ છે કે હજુ સામાન્ય રીતે બીજી સ્કૂલોમાં ડિજીટલ યુગ ન હતો ત્યારે તે સ્કૂલમાં આધુનિકતાની છાંટ દેખાતી હતી અને ત્યારથી રાજુભાઈનો સંપર્ક થયેલો.

રાજુભાઈ અખતરા કરવાના શોખીન હતા. રાજુ એન્જીનીયર્સના નામે શરૂઆતમાં માણાવદરમાં અને ત્યારબાદ

શાપર વેરાવળમાં મોટુ ઉદ્યોગગૃહ હોવા છતાં વિદેશથી મશીન લાવીને "White Gold" ના નામે રાજુ કોટેક્ષ જીનીગ એન્ડ પ્રેસીગનું કારખાનું શરૂ કરેલું. ભારતમાં સંપુર્ણપણે ઓટોમેટિક આ પહેલું યુનિટ હતું પરંતુ ધંધો અજાણ્યો હતો અને કોમ્પિટેશન વધુ હતી છતાં ય રાજુભાઈએ સાહસ કર્યું. તે સમયે ચંદુભાઈને કહેલ કે આ રાજુભાઈ વધુ પડતું સાહસ કરતાં હોય તેવું નથી લાગતું ? ત્યારે ચંદુભાઈનો ટિપિકલ જવાબ હતો કે 'રાજુ લાખના બાર હજાર કરે ત્યાં સુધી મને વાંધો નથી!'

રાજુભાઈના જીવનના બીજા ઘણા જ પાસાંઓ જેમ જેમ સંબંધમાં નજીક આવતા ગયા તેમ જોવા મળ્યા. અમારા બહેન ડો.ચિરાગબેન ગોસાઈ દ્વારા પ્રકૃતિ મિત્ર નામની એન.જી.ઓ. બનાવી અને તેનું પહેલું કામ ગિરનારની પરિક્રમા દરમ્યાન પ્લાસ્ટીકની થેલીઓ લઈને સુતરની થેલીઓ આપવાનું કામ કર્યુ તે માટે ગામમાં ઘણા શ્રેષ્ઠીઓ અને દાનવીરો પાસેથી પ્રકૃતિ મિત્રએ દાન માટેની જોળી ફેલાવી અને પ્રકૃતિ મિત્રનાં સંનિષ્ઠ કાર્યકરોએ ઘરે—ઘરે જઈને સુતરની થેલીઓ ઉઘરાવી. પરંતુ આપણા સમાજની એક પ્રથા છે કે મંદિર કે વૃદ્ધાશ્રમ માટે દાન આપશે પરંતુ પ્રકૃતિના આવા રક્ષણકાર્ય માટે કોઈ દાન આપશે નહી. આ દરમ્યાન અમારા બહેન ડો.ચિરાગબેન ગોસાઈ રાજુભાઈને શાપર મુકામે ફેક્ટરીએ પહોચી ગયા અને વાત પ્રકૃતિ અંગેની કરી એટલે તેમને કહ્યું કે તમારે કેટલી થેલીઓ જોઈએ છે તે બધી અહીથી છાપીને મોકલી આપીશું અને અમારા બધાના સાનંદઆશ્ચર્ય વચ્ચે એક લાખ જેટલી થેલીઓ પ્રકૃતિ મિત્રના લોગો સાથે મોકલી આપેલી અને ત્યારથી દરેક વર્ષે રાજુભાઈને ત્યાંથી આ થેલીઓ આવી જાય છે.

આ માનવને મહામાનવ કહેવાનું મન થઈ જાય તે પ્રકારની પ્રવૃત્તિઓમાંની એક તબીબી સારવાર માટે તેમણે કરેલ રીસર્ચ અને પોતાના વ્યસ્ત સમયમાંથી સમય ફાળવીને નિયમિત રીતે એકપણ રૂપિયો ચાર્જ કર્યા વગર ચાલતો સેવા યજ્ઞ. જે નાનાપાયે પ્રથમ માણાવદરમાં હતો, તે આજે વિશાળ વટવૃક્ષમાં ફેરવાઈ ગયો છે.

મોરારિબાપુએ 'દર્દી દેવો ભવ' સૂત્ર આપેલું તે રાજુભાઈએ વાસ્તવિક રીતે ચરિતાર્થ કરેલું છે. થોડા સમય પહેલા માણાવદરમા ચંદ્રશ્રુતિ ઘરનું ઘર શરૂ કર્યું છે. તે જોયા પછી મને મોરારિબાપુનો એક પ્રસંગ યાદ આવી ગયો, કેશોદની ટી.બી. હોસ્પિટલ અક્ષયગઢમાં બાપુની રામકથા હતી ત્યારે તેની સ્વચ્છતા વગેરે જોઈને બાપુએ કહ્યું હતું કે અહીં તો માંદા પડવાની પણ મજા આવે તેમ લાગે છે તે રીતે માણાવદરનું ચંદ્રશ્રુતિ ઘરનું ઘર જોયા પછી કોઈપણને એમ લાગે કે જીવનનાં અંતિમ સમયમાં આશરો ન હોય તો ઘર જેવો અથવા તો ઘર કરતાં પણ વિશેષ આશરો અહીં મળી શકે તેવું આ સંકુલ છે. સંપૂર્ણપણે નિઃશુલ્ક અને સ્વચ્છતા સુઘડતા જોઈને સારી હોટલમાં આવ્યા હોય તેવું લાગે તેવા પ્રકારનો આ ચંદ્રશ્રુતિ ઘરનું ઘર છે.

આજકાલના ફલીફૂલી રહેલા વૃદ્ધાશ્રમો વૃદ્ધોને સંભાળી શકે છે પણ પ્રેમથી પંપાળી શકતા નથી. પીડાનાં આસું અને પ્રેમનાં આસુંમાં કદાચ આભ ધરતીનો તફાવત હોઈ શકે. બદલાતા આર્થિક, માનસિક અને સામાજિક પરિબળોને લઈને અસહાય વૃધ્ધો હવે સમાજ અને સંતાનો માટે જીવ મટી જણસ બની રહ્યા છે. ત્યારે રાજુભાઈનું આ ચંદ્રશ્રુતિ ઘરનું ઘર 'પોતાના' વિનાનું પોતીકું અને દીકરા વિનાનું 'દીકરાનું ઘર' એજ આદર્શ ચંદ્રશ્રુતિ ઘરનું ઘર છે. વૃધ્ધત્વ એ ઈશ્વર સર્જિત અનિવાર્યતા છે ત્યારે રાજુભાઈનું માણાવદર સ્થિત આ ચંદ્રશ્રુતિ ઘરનું ઘર કેટલા લોકોનાં આર્શીવાદ વાતાવરણમાં ભરી દેતું હશે તે ચંદ્રશ્રુતિ ઘરનું ઘરની મુલાકાત લઈએ તો જ ખબર પડે. જીવનનાં સુર્યાસ્ત સમયે જે ચાંદનીની ટાઢક જેવું વાતાવરણ અહીનાં અંતેવાસીઓ અનુભવે છે તે રાજુભાઈનું સામાજિક ઉતરદાયિત્વ ઉઘાડી આંખે દેખાઈ આવે છે.

રાજુભાઈના જીવનમાં નિર્દંભતા અને નિખાલસતા અને આખાબોલા પણ સાચું કહે એટલે તેમનાં બોલ કડવાં લાગે પણ ભીતરમાં અતિ પારદર્શકતા. રાજુભાઈની આત્મકથામાં હજુ ઘણું વિશેષ લખી શકાય તેવું છે પરંતુ સ્થળ સંકોચની મર્યાદાનાં કારણે વિરામ આપતાં પહેલાં મસ્તમૌલા મકરંદ દવેની કવિતાની બે લાઈન મમળાવી લઈએ જે રાજુભાઈ માટે સંપૂર્ણપણે સુસંગત છે. ''નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ, ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ''

GAURANG MEHTA - EX-RAJOO



It's my pleasure to write few words for the autobiography of respected Shree Rajoobhai Doshi. I really don't have to think much to pen down anything about him as it comes naturally from my heart.

The first thing comes to my mind while taking his name is "a man with rock solid determination". I believe myself very fortunate and I thank to almighty for providing me an opportunity to work under him for a span of 6 ½ years. In this period, I have learned many life lessons in both fronts – personal and professional. I have very high regards for him.

Two of the greatest traits which make him so special & unique are - leadership and visionary. He always listens to you very carefully with empathy. He always thinks beyond boundaries considering short term and long term effects. Whenever we go to him to seek a solution for the problem, he used to handle it with patience & calmness which boost your confidence. You will feel that solution is few steps ahead. Rock-solid problems melt to ice when we enter in to his cabin for discussion. There are many incidents which I will remember for a lifetime. I would like to narrate one of them here:

We had developed one very high end technology machine and the trials were planned in the evening. Rajoobhai has spent sleepless nights and days to build it. Due to underground power cable, we were struggling to find out the problem. It was very important moment for the company as very important machine was on the floor after 4 months of hard work and we were all eagerly waiting to see the performance. It was one of the dream project of our Chairman and our team was curious to see the machine running. Being plant head, I was under lot of pressure. Rajoobhai was watching us running around and he used to visit the floor every half an hour without asking a single question to anyone, without any signs of irritation or annoyance. This is his unique way of working!!

After 4 AM, finally I went to him and explained – "Very sorry sir, there is a fault in underground cable and we will not be able to fix this quickly". I was wondered to see his reaction. With very pleasant smile on his face, he said "no problem, may be destiny doesn't want the machine to start today, we will start it tomorrow". He was so calm and cool! He was there with our team full night and I can imagine what will be going through his mind but he remained extremely cool and motivated us entire night, demonstrated his leadership quality leading from the front. This lifted our enthusiasm and we could start the machine at around 6.30 AM. It was great success, machine performed very well and he wrote an encouraging email in the morning congratulating the team. This is his way to handle complex situations, what a personality!!

When I was hit by corona in the second wave, everyone was avoiding to go near the patient, he was the one who came to my house with Ritabhabhi with no mask. He sat very next to me and said "tamne kai nathi thavanu". He is the person full of affection, love and care for you, most importantly he always carries a lot of positive vibes with him.

Rajoobhai is unbeatable and incomparable when it comes to energy level and passion. I think no one can ever match his enthusiasm. He is very passionate about whatever he decides to do. After working for 10 long hours in the company, he used to spend 3-4 hours to treat the patients with acute illnesses like cancer, diabetes, BP, thyroid etc. free of cost. This is unbelievable! Patients come to him when expert doctors say "NO" to them and there are many cases of complete recovery with his natural allopathic treatment it's a new system of treatment. Special thing reflecting him as a person with great soul is - giving his valuable time for the society without any expectations.

This is humanity at its best. Truly unconditional contribution!

Rajoobhai is a person with great determination and excellent mind-set. This is the reason why a company started 3 decades ago with borrowing of Rs.45,000 turned in to a group of companies having net worth of around Rs.700 crores and annual turnover of Rs.450 crores. His family bonding is also exceptional. It's very rare to see 3 generations living together with outstanding sense of responsibility, care, love and affection. That shows his leadership quality on a family front.

I really feel proud to be associated with unique person like him. I wish you all the best sir for your autobiography. I will always remember and miss your voice on phone "saheb, chalo coffee piva"

દિપક નરભેશંકર જોષી, જામજોધપુર



''સંભવામિ યુગે યુગે'' ની યુકિત સાર્થક કરી બતાવવા પરમ કૃપાળુ પરમાત્મા આ અવનિ ઉપર આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત માનવીને સંભાળવા, પંપાળવા અને અનેક પરેશાનીઓમાંથી છોડાવવાના કાર્ય માટે યોગ્ય સજ્જન, પ્રતિભાસંપન્ન, પરગજુ, પ્રેમાળ, સરળ અને સંનિષ્ઠ વ્યકિત માનવ સેવાના અદ્‌ભુત અને અદકેરાં કાર્યો માટે પસંદ કરે છે. અને તેઓ આબાલવૃદ્ધ અને હજારો, લાખો લોકોના અંતરના આશીર્વાદના અધિકારી બને છે, તેમની સેવાની સુવાસ મોટા ફલક પર વિસ્તરે છે.

સૌરાષ્ટ્રના માણાવદરમાં જન્મેલાં એવા શ્રી રાજુભાઇ દોશીએ આવું જ વિરલ અને પ્રભાવશાળી વ્યકિતત્વ ધરાવે છે. હું ખાતરીપૂર્વક કહી શકું કે એક વાર એમના સંપર્કમાં આવેલી વ્યકિત જીવનભર કયારેય એમને યાદ કર્યા વિના કે એમનાં સ્નેહભર્યાં સેવાકાર્યોમાંથી પ્રેરણા લીધાં વિના રહી શકે જ નહીં.

ઈશ્વરની કૃપા, વડીલોના આશીર્વાદ અને અનેકની શુભેચ્છાથી પ્રારંભ કરેલો બિઝનેસ પોતાની આગવી આવડત અને કોઠાસૂઝથી તેમજ સંન્નિષ્ઠ નીતિમત્તા, ઉચ્ચ ધારાધોરણથી આજે રાજકોટમાં ''રાજુ એન્જીનીયર્સ'' મોટા પાયે વિકસી દેશ અને દુનિયાના અનેક દેશોમાં આદરપૂર્વક નામના મેળવેલી છે. આવડો મોટો બિઝનેસ સંભાળવાની

સાથે સાથે અનેક જાતના સેવા કાર્યો જાતે સંભાળે છે.

આ તકે મને એક દૃશ્ય યાદ આવે છે... માનો કે ઉનાળાના ધોમ ધખતા તાપમાં સૂકી અને રેતાળ ભૂમિમાં ગરમ વાયરા વાતા હોય એવા સમયે ચાલીને જતો વટેમાર્ગુ સ્વાભાવિક રીતે જ જરાક અમસ્તી છાંયડી અને એકાદ ગ્લાસ પાણી માટે વલખા મારતો હોય અને ચાલતા –ચાલતા તેની નજરે એક વિશાળ અને ઘેઘૂર વટવૃક્ષ અને અમૃતસમાં શીતલ જલથી છલોછલ ભરેલ મીઠા પાણીની વીરડી જડે તો કલ્પના કરો તેને કેવો અદ્‌ભુત આનંદ મળે, મનને કેટલી શાંતિ થાય તેનો લાભ લઈને નવા જ ઉત્સાહ, જોમ અને જુસ્સાથી પોતાની યાત્રા કેવી આગળ ધપાવી શકે.

બસ આવું જ બલ્કે આનાથીય ચડિયાતું મૂઠી ઉંચેરું સજ્જનતા અને માનવતાની મિશાલ પ્રગટાવતું વ્યકિતત્વ, આદરણીય શ્રી રાજુભાઇ દોશી માટે સહજ છે.

એક વખતની વાત છે અમારી સૌથી નાનકડી અને લાડકી બેન કે જે બે સંતાનોની માતા છે, તેને અકારણ નબળાઇ અને થાક અનુભવાય તેમનાથી મોટા બહેનને એ પણ ધ્યાને આવ્યું કે સામાન્ય રીતે હોવું જોઇએ તેના કરતા તેનું પેટ થોડું સખત અને કઠણ હતું. બીજા દિવસે રાજકોટ બતાવવા જવાની વાત થઇ જુદા–જુદા રીપોર્ટ પછી બહેનને ''લ્યુકેમિયા'' છે એવું નિદાન થયુ. આ વાત સાંભળી જ અમને તો દશે દિશાઓ ફરતી હોય પગ નીચેથી સરકતી હોય તેવો અહેસાસ થયો. શું કરવું? શું ન કરવું? કાંઇ સમજાય નહિં કેમકે અમે તો સાધારણ અને સામાન્ય પરિવાર આમાંતો જાત–જાતની ખર્ચાળ સારવાર, મોંઘી–મોંઘી દવાઓ જુદા–જુદા રીપોર્ટ, વારંવાર બ્લડની જરૂરિયાત, ગમે તે સમયે સારા ડોકટર્સોની સારવારની જરૂર પડે હવે શું કરવું ?

આવા અતિ કઠિન અને મુશ્કેલી સમયે દેવદુત જેવા પૂજય શ્રી રાજુભાઇ દોશી અમારી સહાયે આવ્યા, ખ્યાતનામ ડોકટરોને પોતાની ભલામણ કે ૨૪ કલાકમાં જયારે જરૂર હોય ત્યારે તરત જ સારામાં સારી સારવાર આપવી. મોંઘી–મોંઘી દવાઓ નિયમિત મળવા લાગી અમુક તેનાથીય મોંઘી દવાઓ વિદેશથી પણ મંગાવવી પડે તે પણ નિયમિત રીતે અગાઉથી જ પૂરા પ્રમાણમાં આવવા લાગી. તે પણ અમને એક પણ પૈસાના ખર્ચ વિના વારંવાર દવાખાનામાં દાખલ થવું પડે, લોહી ચડાવવું પડે એ બધું જ શ્રી રાજુભાઇએ પુરી લાગણી અને હેતથી પૂરું પાડયું. સાથે–સાથે તેમની વાતોએ જીવવાનો વિશ્વાસ વઘાર્યો. દવાખાને હોય ત્યારે શ્રી રાજુભાઇનાં પત્ની અને રાજુભાઇનાં ભાભી બહેનની બાજુમાં હાજર જ હોય, બહેનને ભાવતી અને ઘીમાં લથપથ વાનગીઓ પોતાના હાથે પોતાના ઘરેથી બનાવીને જાતે જ બહેનને સમજાવીને વહાલથી જમાડે એ અનુભવોને કયા શબ્દોમાં વ્યકત કરું ?

કોરોના કાળમાં ઘણી કંપનીઓએ પોતાના અનેક કર્મચારીને છૂટા કરેલા, ત્યારે આ વસમી વેળાએ રાજુભાઇ પોતાના કમર્ચારીઓ સાથે વાર્તાલાપ કરીને મોટીવેટ કરતા રહેતા, તેમની હિંમત અકબંધ રાખી બિઝનેસ એવો છે કે તેમાં ઘરેથી કામ થઇ શકે તે શકય નથી છતાંય બધું સરળ રીતે અશકય ને શકય કરી બતાવ્યું. સાથે–સાથે રાજુભાઇ ''હોલિસ્ટીક હિલિંગ સેન્ટર'' પણ ચલાવે છે. જેમાં ઓલ્ટરનેટરીવ મેડીસીન દ્વારા નેચરલ મીનરલ્સ વાપરીને કેન્સર, ડાયાબીટીસ, બી.પી. ગેંગ્રીન જેવી અનેક જટિલ માંદગીની કોઇ જાતના સ્વાર્થ કે સુગવગર દરેક પેશન્ટ સાથે વિનમ્રતાથી અને હસી મજાક કરતા નાના–મોટા તમામનું માન રાખતા–રાખતા એવી સારવાર કરે છે. હજારો પેશન્ટોમાંથી ૯૮% ના સારા થવાના પોઝીટીવ રીપોર્ટ આવ્યા છે.

આજના ડોકટરોએ ''ડોકટર'' શબ્દની વ્યાખ્યા જ બદલી નાખી છે. આજે ડોકટરો એટલે પૈસા બનાવવાનું કારખાનું અને તેમાંય આરોગ્ય કાર્ડના લીધે દર્દીને બિન જરૂરી સારવાર આપી ડોકટર બેસૂમાર પૈસા બનાવે છે. રીપોર્ટના આધારે નિદાન કરે છે. જુદી–જુદી લેબમાં જુદા–જુદા રીપોર્ટ આવે છે. દર્દીનું સાચું દર્દ પકડાતું નથી અને ખોટી દવાઓથી બીજા દર્દો વધે છે અને માણસ નિરાશ થઇ જાય છે. ત્યારે રાજુભાઇના આ ''હોલિસ્ટીક હિલિંગ સેન્ટર''ની સારવાર રાજુભાઇની ધગશ અને ખુમારી, પ્રેમાળ હૃદય અને આપમેળે પોતે પ્રાપ્ત કરેલું પોતાનું બીજાને આપીને આગળ વધવાની ભાવનાઓમાંથી અત્યારના ડોકટરોએ ઘણું શીખવાની જરૂર છે. અને તો જ લોકોએ આપેલો ભગવાનનો દરજ્જો ડોકટરો પુન:પ્રાપ્ત કરી શકે.

આજે માવતરોએ આગળ વધારેલાં સંતાનો અને માવતરની સંપત્તિથી જાહોજલાલી ભોગવતા માવતરને હડસેલે છે અને વૃદ્ધાવસ્થા વડીલોને આકરી લાગે છે. મોટાભાગના સમાજની આ માનસિકતા પણ રાજુભાઈના ધ્યાન બહાર નથી. આ માટે તેમણે વતનના ગામ માણાવદરમાં વિશાળ જગ્યામાં ફાઈવ સ્ટાર હોટલને પણ ઝાંખું પાડે એવું વડીલો માટે ઘરનું ઘર ''ચંદ્રશ્રુતિ'' એક કરોડથી પણ વધુ ખર્ચે તૈયાર કરેલું છે. જેમાં નિરાધારને એક પણ પૈસાના ચાર્જ કે ડોનેશન વગર રાખે છે. જેમાં સરસ મજાનું રહેવાનું, સુપાચ્ય સ્વાદિષ્ટ અને ઉત્તમ પ્રકારનું જમવાનું દરેકની જરૂરિયાત મુજબ પહેરવાનાં વસ્ત્રો સન્માન સાથે મળે છે. જેમાં સત્સંગ હોલ, ભોજનાલય, સંગીતની સુવિધા લાયબ્રેરી, ચિકિત્સાલય, બગીચો, મંદિર અને વિશાળ પટાંગણ બનાવેલા છે.

આજના સમયમાં સંબંધો બાંધવા સરળ છે. પણ તેને ટકાવવા અને વિકસાવવા અતિ કઠિન વાત છે. હમણાની જ એક બનેલી ઘટના જણાવું તો રાજકોટમાં અમારા બનેવી બે સંતાનોનો સ્નેહ, સંસ્કાર અને સાત્ત્વિકતાથી ઉછેર કરી રહ્યાં હતા, વર્ષો બાદના સંઘર્ષબાદ માંડ શાતિથી જીવવાનો સમય આવતો હતો ત્યાં અચાનક અનંતની યાત્રાએ સિધાવી ગયા. તત્ક્ષણ પળવારનાય વિલંબ વિના પૂ. શ્રી રાજુભાઈ દોશીએ સંતાનોની કાયમી તમામ પ્રકારની જવાબદારી ઉઠાવી લીધી. જવાબદારી તો ઉઠાવી પણ તેમના હેતાળ શબ્દો સાંભળવા જેવા છે, કે ''આમની જરાય ચિંતા ના કરશો, થોડા સમયમાં એવા હોંશિયાર થઈ જશે કે તમે ઓળખી પણ નહિં શકો. તેમના લગ્ન પણ કરાવીને આશીર્વાદ લેવા મોકલીશ...'' આજે જ ભાણેજ પાસેથી જાણવા મળ્યું કે મોટા ભાણેજને પોતાના એકમમાં કામે રાખી લીધો, અને નાના ભાણેજ કે જે વડોદરા અધ્યાપકની નોકરી કરે છે, તેને ગૃહલોનના પૈસા એક સાથે ભરવા માટે રૂપિયા ૩ લાખ પણ આપ્યા.

વિચાર તો કરો આજના સ્વાર્થ અને દંભ ભરેલા સમાજમાં આવું સાંભળવા મળે ત્યારે અંદરથી આત્માનો અવાજ આવે કે ''માનવતા હજુ જીવે છે''

આમ અનેકના આશીર્વાદ મેળવતા બહુમુખી પ્રતિભા ધરાવતા નિરભિમાન, સ્નેહાળ અને સરળ અદ્ભુત વ્યક્તિત્વ ધરાવતા શ્રી રાજુભાઈ દોશીને અંતરના આદરભાવ સાથે કોટિ-કોટિ વંદન છે. ભગવાન તેઓશ્રીને સ્વાસ્થયપ્રદ દીર્ઘાયુષ્ય આપે અને સેવાની પ્રવૃત્તિઓ સાથે-સાથે બિઝનેસ હજુ વધુને વધુ વિસ્તરતો રહે એ જ પ્રાર્થના...

SHITAL BADSHAH - LEADERSHIP COACH



Everyone calls him by Rajubhai.

I met him first time somewhere in 2018. It was a small interaction which helped me know more of Rajoo as company than as a person. As time passed, my interaction with him increased, and now we discussed many facets of life apart from business.

As a student and practitioner of leadership, I work with many businessmen and be part of their professional and personal life.

In the first couple of years of my association with Rajoo Group, I knew him more through others. There are many seniors who have been working with him for more than 20 years. They have seen him growing as businessman, developing the group, taking the group to the next orbit, and helping children to enhance their professional journey.

He has evolved over a period of time. Since he and his elder brother Chandrakantbhai started the business in Manavadar, the journey has given many ups and downs as a group, as family, and as a person. Today's Rajoo is certainly a different person than what he was when he started the business.

Based on my conversation with him, and with seniors, let me share three different versions of him.

Being straight forward, no-nonsense person and up-front, his leadership style projected him as an angry and autocratic leader. People working directly under him would think twice before approaching him. They would prefer to meet him in case of unavoidable circumstances only. At the same time, there were set of people who would match up his frequency enjoyed being a part of the team. They appreciated and valued his expectations as technical expert and enjoyed association with him.

Another version of him evolved in next six years after his elder brother left for heavenly abode. The group's needs made him more sensitive to the flow, and helped him to fine tune his leadership style. Subsequently, the orientation of children gave him another perspective in running the business.

The third, and current version of him is more interesting. A sense of achievement, a feeling of accomplishment, fearlessness, dweller of spirituality, a practitioner of parallel medicine, quest for larger purpose, a lone ranger of life. These are few words which can describe him.

Working in technical field, and trying to search for larger objective through rational mind requires lots of courage, and efforts. He is enjoying that struggle these days, trying to accomplish un-accomplished. Believing in higher almighty, by being humble, and acknowledging his support for all achievements. Knowing what he is and what he is not, without any mask, approachable, amicable, at the same time less sociable.

Life is an experiment for him.

ચંદ્રેશ સવજાણી, રાજકોટ



રાજુભાઈ વિષે જેટલું પણ કહીશ, લખીશ એ અધૂરું જ રહેશે છતાં પ્રયાસ કરું છું. રાજુભાઈનો પરિચય થયાને લગભગ ૩ર વર્ષ થયાં. આ બત્રીસ વર્ષની યાદો, તેમના વ્યક્તિત્વની અને દિલેરીની વાતો, તેમની દૃઢતા અને કુટુંબપારાયણતાની વાતો, આ અજાતશત્રુ રાજુભાઈ માટે કંઈપણ કહેવું એ સાગરને ગાગરમાં સમાવવા જેવું કઠિન કામ છે.

રાજુભાઈ એટલે મારા માટે શરૂઆતમાં, મારા પરમ વડિલ શ્રી કિશોરભાઈના નાનાભાઈ હતા. તેમને શરૂઆતનાં વર્ષોમાં ખૂબ જ પ્રસંગોપાત્ત મળવાનું થતું પણ શ્રી કિશોરભાઈ પાસેથી તથા પરિવારજનો પાસેથી તેમના વિશે સાંભળવા મળતું રહેતું. શાપર ખાતે રાજુ એન્જીનીયર્સ શરૂ થયું ત્યારે ઘણો સમય સુધી તેઓ માણાવદરથી આવ–જા કરતાં. માણાવદરની શૈશવ સ્કૂલનાં વાર્ષિક ફંક્શનમાં તેઓ પોતાના મિત્રો સાથે કિશોરભાઈના તમામ મિત્રો, સ્નેહીઓને પણ આમંત્રણ આપતા અને મ્યુઝિકલ નાઈટ હોય કે અન્ય પ્રસંગો, હું માણાવદર એ પ્રસંગો માણવા પહોંચી જતો અને રાજુભાઈ મળે ત્યારે તેમના ભાઈના મિત્ર તરીકે કદી પણ નથી મળ્યા પણ પોતાના એક આપ્તજન તરીકે જ

હૃદયપૂર્વકનો આવકારો આપતા રહ્યા છે.

રાજુભાઈની કુટુંબપારાયણતાની અનેક બાબતોનો હું તાજનો સાક્ષી છું, જેમાંથી એક ખૂબ કરુણ બનાવ વખતે તેમને નજીકથી જાણ્યા છે. પૂજય મોટાભાઈ ૫.૧.૨૦૧૩ ના રોજ દેહાવસાન પામ્યા તે પળે શ્રી કિશોરભાઈ તથા રાજુભાઈ સવારે ૯.૪૫ વાગ્યે પૂ. મોટાભાઈના પાર્થિવદેહને ઘરે લઈ આવ્યા ત્યારે તેમના દેહ પાસે એક તરફ રાજુભાઈ અને બીજી તરફ શ્રી કિશોરભાઈ બેઠા હતા. મોંમાં પાણીનું એક ટીપું પણ નાખ્યા વગર એકીટશે તેમનો કલ્પાંત, રુદન અને પૂ.ભાઈ વગરના જીવનનો ખાલીપાની અંતરવ્યથાને મેં તેમની આંખમાં જોઈ છે. છેક સાંજે સ્મશાનયાત્રા નીકળી ત્યાં સુધી એક જ જગ્યાએ બેસી રહયા હતા અને કદાચ એ હવે ફેક્ટરી પૂ.ભાઈ વગર કેમ ચલાવવી એ બાબતે ખૂબ પીડાગ્રસ્ત મનોવ્યથામાં હશે તેમ લાગ્યું પરંતુ રાજુભાઈ તો રાજુભાઈ જ છે. પોતાના પર આવી પડેલી પહાડ જેવી આફત સાથે પણ પરિવારજનોને પ્રેમ–હૂંફ, હિંમત આપી ફેક્ટરી સંભાળી લીધી.

જો કે મે લખ્યું કે ફેક્ટરી સંભાળી લીધી એ લખવા જેટલું સહેલું ન હતું કારણ કે પૂ.ભાઈ જે જે બાબતો સંભાળતા તે તમામ બાબતોને પૂ.ભાઈની દીર્ઘદષ્ટિ મુજબ જોઈ, સમજી અને સંભાળી. કંપનીની ધુરા સંભાળવું એ લોઢાના ચણા ચાવવાથીયે વિશેષ કઠિન કામ હોવા છતાં દઢ મનોબળથી આ તમામ બાબતો એકલપંડે સંભાળી પોતાના બાળકોને જશ અપાવી કંપનીની સફળતાને ચારચાંદ લગાવી દીધા છે. આ બધું કરવામાં શું રાજુભાઈને મુશ્કેલીઓ નહીં આવી હોય...અરે અનંત મુશ્કેલીઓ સામે ઝઝૂમીને આવ્યા એ તમામ પડકારોને સામી છાતીએ સ્વીકારી કંપનીને અનેકગણી મજબૂત બનાવી અને બાળકોને સુકાન સોંપી દીધું. આજે રાજુભાઈ સાવ હળવાફૂલ રહી જીવી રહયા છે. એમની આ દઢતા જોવા–સમજવા અને શીખવા અને અપનાવવા જેવી છે.

રાજુભાઈ વતનપરાયણ પણ એટલા જ છે. જેનું ફળ 'ચંદ્રશ્રુતિ' ઘરનું ઘર, માણાવદર ખાતે વડીલો માટે નિર્માણ કરેલા આ તીર્થની મુલાકાત લેવા જેવી છે. વડીલો માટે દરેક સુવિધાસભર, નૈસર્ગિક વાતાવરણ સાથે તેમની તમામ જરૂરિયાતો અને નાની–નાની જીદને પણ તરત પૂર્ણ કરી પૌષ્ટિક આહાર, વાતાવરણ, શારીરિક યોગ્યતા જળવાઈ રહે તેવી વ્યવસ્થા સહિતની તમામ બારીક બાબતોને દરરોજ સાકાર કરતા રાજુભાઈ આ બધું કઈ રીતે મેનેજ કરી શકતા હશે એ પ્રશ્ન હંમેશા થાય.

જૂનાગઢ પાસે આવેલી રીટાભાભીની વાડી. આ વાડી ૨૦૦૬થી છે અને એ શરૂઆતમાં જે રીતે હતી તેમાં એક ફાઈવસ્ટાર રીસોર્ટને પણ આંટે એવી નૈસર્ગિક જગ્યાને જાળવીને જે અદ્‌ભુત વ્યવસ્થાઓ કરી છે...કરતા રહયા છે અને કરતાં રહેશે. એ એમના દીર્ઘ સ્વપ્નનું જીવંત મૂર્તિમંત ઉદાહરણ છે. હું શ્રી કિશોરભાઈ સાથે વખતોવખત વાડીએ જઉં ત્યારે દર વખતે મનમાં ઉત્કંઠા હોય કે આ વખતે નવું શું બન્યું હશે... અને ખરેખર વાડીએ પહોંચીએ ત્યારે દરવખતે કંઈક નોખું, કંઈક અનોખું જ નિર્માણ જોવા મળે.

દરરોજ નિતનવી ઊંચાઈઓ સર કરતી ફેક્ટરીની જવાબદારી, સાંજે ઘરે આવી તરત ઘરે ચાલતાં હોલિસ્ટીક હિલિંગ સેન્ટરે પહોંચી જાય અને સાવ ફ્રેશ હોય તેમ તમામ દર્દીઓને ખૂબજ આત્મીયતાથી સાંભળી તેમની પીડાને દૂર કરવાનું કામ કરતા મોડી રાત થઈ જાય તો પણ ક્યારેય કંટાળો કે થાક તેમના ચહેરા પર મેં જોયો નથી.

રાજુભાઈ આ બધું કરતાં કરતાં પણ રીટાભાભીની ઈચ્છાથી પંચવટી સોસાયટીમાં શરૂ કરેલો શ્રી ગણેશઉત્સવ દશ વર્ષથી વધુ સમયથી કરી રહયા છે. પણ પોતે કાંઈ કરે છે એવો ભાવ લેશમાત્ર દર્શાવ્યા વગર સોસાયટીના મિત્રોને આગળ કરી ભવ્યાતિભવ્ય ગણેશોત્સવનું આયોજન કરે છે. દરરોજ રાત્રે મહાપ્રસાદ હોય કે દરરોજ નવા ધાર્મિક કાર્યક્રમો હોય, છતાં તેમણે મેં કર્યું, મેં કર્યું,નો ભાવ આજદિન સુધી મેં તો શું કોઈએ પણ જોયો કે અનુભવ્યો નથી.

રાજુભાઈ પોતાના પરિવારજનો સાથે જે રીતે રહે છે તે પણ માણવાનો એક લ્હાવો છે. જે હું ત્રણ દાયકાથી વધુ

સમયથી જોઈ–જાણી–માણી રહ્યો છું. પરિવારનાં તમામ બાળકોના તમામ પ્રસંગો તેઓ કંઈક અલગ રીતે અને સરપ્રાઈઝથી ઉજવવાના શોખીન છે. લગ્નપ્રસંગો હોય કે શ્રી કિશોરભાઈનો જન્મદિવસ હોય, એ તમામ પ્રસંગો ખૂબ જ અંતરથી આયોજન કરી મનમાં રહેલા કલ્પનાચિત્રને તેઓ મૂર્તિમંત કરે છે.

રાજુભાઈ વિષે મેં કહયું તેમ જે લખું તે ઓછું છે. તેની વાત મારી સમજ મુજબ કરું તો રાજુભાઈ એટલે રીટાભાભી અને રાજુભાઈ. બન્ને એક જ હોય એમ જ દામ્પત્યજીવન જીવ્યાં છે. પોતાના વ્યક્તિગત સુખને ક્યારેય મહત્ત્વ આપ્યા વગર પરિવારજનો સાથે દરેક સુખદ પળો જીવ્યા છે. રાજુભાઈ તેમના બાળગોઠિયાઓ સાથે સમયાંતરે હરવા–ફરવા તથા ધાર્મિક યાત્રાઓ કરતા રહયા છે અને રાજુભાઈ સાથે ફરવા જવું એ પણ એક લ્હાવો છે. જે વાત તેમના મિત્રો–સાથીદારો, મારાથી વિશેષ કહી શકશે. પણ, છેલ્લે એપ્રિલ–૨૦૨૧માં રાજુભાઈ તેમના પાંચ મિત્રો સાથે મસુરી ફરવા ગયેલા, વળતાં ઋષિકેશ રોકાયા ત્યારે એ કમનસીબ દિવસે તબીયત બગડતાં રીટાભાભીનું દેહાવસાન થયેલું. સાથે ગયેલા મિત્રો તથા તેમની ધર્મપત્નીઓ અવાચક બની ગયેલા. શું કરવું, એ કોઈને સૂઝતું ન હતું ત્યારે પણ રાજુભાઈએ માનસિક દૃઢતા રાખી ઘરે આવવાનું નક્કી કરીને તે મુજબ વાહનમાં ઘરે આવવા નીકળી ગયેલા, નજર સામે જીવનસાથીનો નશ્વર દેહ હતો તો યે ભાગ્યે જ બતાવી શકે તેવી સહનશીલતા દાખવી હતી.

રીટાભાભીના નશ્વરદેહને લઈને રાજકોટ આવી રહેલ ત્યારે રાજુભાઈના મનમાં એક જ પીડા ચાલતી હતી કે મારા પરિવારજનોને આ સમાચાર કઈ રીતે આપવા. તેમને ખબર હતી કે ખુશ્બુ દીકરી અને ઉત્સવ પણ ઘરે નથી, દિલ્હી છે. ઘરે માતૃતુલ્ય પૂજ્ય મોટાભાભી તથા જીવથી વ્હાલા કિશોરભાઈ–નીતાભાભી–બહેનો, બાળકો હતાં. તેમને આ સમાચાર કઈ રીતે આપવા, તેની તેમને ચિંતા હતી. આવા ગોઝારા સમાચાર સાંભળી પરિવારજનો કઈ રીતે એક બીજાને સંભાળી શકશે, પોતે સાવ એકલા હતા તો ય તેમણે પોતાના પરિવારજનોની ચિંતા કરી તે કોઈ માણસ કરી શકે તેમ હું માનતો નથી. પણ, રાજુભાઈએ આ પણ કર્યું. જે બાળકો દિલ્હી હતાં તેમને રાજકોટ બિઝનેસ કામે અરજન્ટ જરૂર છે તેમ જણાવી રાજકોટ પહોંચાડવા વ્યવસ્થા કરી અને તેમની ફલાઈટ બપોરે રાજકોટ પહોંચવાની હતી એ પહેલાં રાજુભાઈએ મને કોલ કરી પૂછયું કે ચંદ્રેશભાઈ તમે ક્યાં છો ? મેં કહ્યું કે, હું અહિંયાં જ છું,..

મને રાજુભાઈ કોલ કરે એવું આજદિન સુધીમાં બે–ત્રણ વખત જ બન્યું છે. અને મેડીકલ ઈમરજન્સી વગર રાજુભાઈ મને ક્યારેય કોલ ના કરે. કારણ કે લગભગ દરરોજ સાંજે અમે મળીએ છીએ પણ રાજુભાઈનો કોલ આવ્યો એટલે મનમાં કંઈક ડર આવી ગયો કે કંઈક ગંભીર વાત છે. પણ રાજુભાઈએ કોલમાં સંપૂર્ણ સ્વસ્થતાથી મને કહ્યું કે, તમે બપોરે બે વાગ્યે કિરીટભાઈને સાથે લઈ 'શ્રુતિના' પહોંચી જાવ અને મને કોલ કરો. મેં પૂછયું કે, ભાઈ શું થયું છે. તો તેમણે સંપૂર્ણ સ્વસ્થતા સાથે માત્ર એટલું જ કહયું કે રીટાભાભીની તબીયત સારી નથી એટલે અમે તેમને લઈ ઘરે આવીએ છીએ. બપોરે બે વાગ્યે કિરીટભાઈ સાથે ઘર પહોંચી તેમને કોલ કરું તે પહેલાં તેમનો જ કોલ આવી ગયો કે તમે પહોંચી ગયા છો ને. સાથે–સાથે એમ પણ ભારપૂર્વક કહેલું કે ડો.વિઠલાણીસાહેબને પણ તમે ઘરે બોલાવી લેજો. ત્યારે કંઈક અમંગળ બની ગયાની મનમાં શંકા જન્મી હતી. એ જ બપોરે તેમણે કોલ કરી કહ્યું કે તમે હવે ઘરમાં જાવ અને કિશોરભાઈને ફોન આપો.

...અને કિશોરભાઈને ફોનમાં કહ્યું કે રીટા હવે આપણી વચ્ચે નથી ! પોતાના જીવનસાથીને ગુમાવ્યા પછી પણ રાજુભાઈએ પરિવારજનો એકલા ન પડી જાય, અને આવા ખૂબ જ દુઃખદ બનાવની જાણકારી મળે તો તબિયત ન બગડે એટલે ડોક્ટરને પણ ઘરે હાજર રાખવા સુધીની વ્યવસ્થા કરી અને પછી છાતી પર પથ્થર રાખી આખી વાત પરિવારજનોને જણાવેલી... આવું તો રાજુભાઈ જ કરી શકે. જે બાબત તેમની પાસેથી શીખવા જેવી છે. રાજુભાઈ સાદગી અને સરળતાની મૂર્તિ છે. દંભ વગરનું સાવ સરળ જીવન કેમ જિવાય એ હું દરરોજ તેમનામાં જોઉં છું.

કિશોરભાઈના મિત્ર હોવા છતાં મને પરિવારનો જ એક ભાગ ગણે છે. જેના માટે હું ભાગ્યશાળી છું તથા મને અને મારા પરિવારજનોને પણ એ જ લાગણી અને હૂંફ આપે છે, જે તેમના પરિવારજનોને આપે છે.

રાજુભાઈની પત્નીપારાયણતા પણ દાખલારૂપ છે. રીટાભાભીના દેહાવસાનને આટલો સમય વીતવા છતાં પણ તેઓ એક પળ પણ રીટાભાભીથી અલગ થઈને નથી જીવ્યા. જો કે એજ વાત ક્યારેક ચિંતા પણ કરાવે છે. સવારે આંખ ખૂલતાં જ ભાભીની યાદોમાં જીવતાં જીવતાં દરેક પ્રવૃત્તિમાં પણ સ્મરણ રાખી હરપળ તેમને વાગોળતાં વાગોળતાં જીવે છે. પણ અમે બધા જાણીએ છીએ કે તેઓ રીટાભાભી વગર કેટલું એકાકીપણું જીરવે છે. અંતર રડતું હોવા છતાં પોતાના પરિવારજનોને દુઃખ ન થાય એ માટે હરહંમેશ દુઃખ, દર્દ, પીડા, ખાલીપાને પી જઈ હસતા મોઢે જીવતા હોવાનું બતાવી તમામ પરિવારજનોને સતત આનંદ, સુખ-શાંતિ આપવા કટિબધ્ધ રહે છે.

કલ્યાણજીભાઈ ટીલવા, ચંદ્રકાન્તભાઇના બાળપણના મિત્ર



રાજુભાઈ દોશીને હું ત્યારથી ઓળખું છું, જયારે એ મારા માટે માત્ર 'રાજુ' હતો. અમારો અને તેનો પરિવાર એક જ ઓસરીએ ભાડાના મકાનમાં સાથે રહેતો હતો. રાજુ મારાથી અગિયાર વરસ નાનો છે પણ એ નાનો હતો ત્યારથી મને ખૂબ વહાલો. તેના સિલ્કીવાળ, કપડાં મને બહુ ગમતાં. મારા ખભા પર બેસાડીને હું તેને રમાડતો ત્યારે મારાં બા અને રાજુનાં બા મને ખિજાતાં પણ ખરાં કે, તું રાજુને પછાડીશ...

મને યાદ છે કે રાજુને પણ નાનપણમાં મારી સાથે વધુ ફાવતું કારણકે આવા તોફાન-મસ્તી હું તેને કરાવતો. એ પછી તો માણાવદરમાં જ અમે અલગ-અલગ ભાડાંના મકાનમાં રહેવા ગયા પરંતુ રાજુભાઈ કે તેના પરિવાર સાથેનો સંપર્ક અને સ્નેહ કદી ઓછો થયો નહીં. એ દૃષ્ટિથી જુઓ તો રાજુભાઈ અને મારા વચ્ચેના સંબંધને છ દશકા પૂરા થઈ ગયા છે. મને એ બધા દિવસો હજુ સ્પષ્ટ યાદ છે.

રાજુએ કોલેજ પૂરી કર્યા પછી રાજુ પ્લાસ્ટિક ફેકટરી શરૂ થઈ ત્યારે ચંદ્રકાંતભાઈએ મને કહેલું કે તારે (રાજુ અને ફેકટરી) સાથે રહેવાનું છે. રાજુ પ્લાસ્ટિકની ચડતી-પડતીમાંથી રાજુભાઈ ઘણું શીખ્યા અને તેનું પરિણામ આજે 'રાજુ ગ્રૂપ' તરીકે આપણી નજર સામે છે. પણ મારે કહેવું છે કે રાજુભાઈ જરાય બદલાયા નથી. એ એવા જ પ્રેમાળ, સહૃદય અને મદદગાર રહ્યા છે. ઊલટું, સમૃદ્ધિ અને સફળતાએ તેમને વધુ સજાગ કરી દીધા હોય તેમ માણાવદર અને સમાજ માટે તેઓ આંખ મીંચીને તેમજ હિસાબકિતાબ વગર ઉપયોગી થઈ રહ્યા છે. રાજુભાઈ દોશી આમ તો [illegible]ો મુગટ' છે.

પ્રકાશ દાગા, સી.એફ.ઓ. રાજુ ગ્રૂપ



શ્રી રાજેશભાઈ દોશી એટલે એક પ્રભાવશાળી અને પ્રેમાળ વ્યક્તિત્વ, જેમની પરોપકારી, સાદગીપૂર્ણ, અથાક પરિશ્રમી, દીર્ઘદૃષ્ટા અને સમાજસેવી જીવનશૈલી આપણા સૌ માટે એક પ્રેરણાદાયી જીવંત દૃષ્ટાંત છે. એક સાધન સંપન્ન અને ખૂબ જ વ્યસ્ત ઉદ્યોગપતિ હોવા છતાં સમાજસેવા માટે હરહંમેશ તત્પર રહેતા અને કોઈપણ ભેદભાવ વિના માનવસેવા માટે નિરંતર યોગદાન આપવા બદલ તેમની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. સમાજ પ્રત્યે એટલું સમર્પણ હોવા છતાં પોતાના પરિવાર પ્રત્યે પણ એટલા જ સમર્પિત છે. વૈકલ્પિક ચિકિત્સાવિજ્ઞાનના ઊંડા અભ્યાસ અને બહોળા અનુભવ દ્વારા કેન્સર જેવા અસાધ્ય રોગો સામે

પણ કેટલાય દર્દીઓની સફળ સારવાર સાથે માનવસેવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આવી બહુમૂલ્ય પ્રતિભા સાથે મુખ્ય નાણાંકિય પ્રબંધક તરીકે જોડાઈને તેમના માર્ગદર્શન હેઠળ તેમના જ ઔદ્યોગિક સામ્રાજયમાં કાર્ય કરવાનો મને મોકો મળ્યો તે બદલ હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી અનુભવું છું. હું ગર્વથી કહું છું કે મારા માતા-પિતા પછી મારા જીવનમાં સૌથી મૂલ્યવાન અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ એટલે શ્રી રાજેશભાઈ દોશી. અમે એમને પ્રેમથી અને માનથી "કાકા" કહીએ છીએ.

SUNIL JAIN - FAMILY MEMBER



Raju Bhai embodies a rare amalgamation of talents and virtues that transcend conventional labels. As an engineer, his proficiency is unmatched, while his philanthropic endeavours, visionary mind-set, and holistic healing abilities underscore his multifaceted nature. He seamlessly transitions between roles as a patriarch, business leader, entrepreneur, and financial wizard, each facet adding depth to his character.

Attempting to encapsulate Raju Bhai's essence proves challenging, as his insatiable thirst for knowledge permeates every facet of life and business, leaving a lasting impact on those around him. My journey with Raju Bhai commenced in 1988 when Paharpur procured blown film lines from Rajoo Engineers. From the outset, his down-to-earth demeanour and technical prowess left an indelible impression, showcasing his humility amidst expertise.

A memory from 1993-94 resurfaces, during his visit to Nairobi where I was employed at General Printers. Despite my invitation to stay with us, Raju Bhai opted for an ordinary hotel alongside company engineers—a testament to his inclusive leadership style, bridging the gap between ownership and camaraderie.

The passing of Chanderkant Bhai brought profound grief to both family and business. However, Raju Bhai's unwavering composure and decisive leadership steered the company through turbulent waters, elevating it to new heights despite his limited experience in market dynamics and finance. His resilience and clarity of vision exemplify his indomitable spirit and fortitude.

While my association with the RAJOO Group was initiated by Chandrakant Bhai decades ago, it was Raju Bhai who nurtured and strengthened our bonds, fostering mutual respect and admiration. His values resonate through generations, shaping the behavior and attitudes of his children, who emulate his ethos of employee appreciation and support.

Raju Bhai's altruism knows no bounds, extending beyond financial assistance to offer unwavering support and blessings to all who seek his guidance. His age-defying energy, risk-taking propensity, and creative ingenuity inspire not only the immediate family but also friends and acquaintances to embrace challenges fearlessly.

Raju Bhai, I find not just a mentor but also a brother—a unique blend of wisdom and camaraderie. As I extend heartfelt wishes for his continued well-being and longevity, I am grateful for the privilege of his guidance and companionship, both personally and professionally. Wishing him a long and healthy life ahead.

SHEELA MENON - EX - RAJOO



The fondly called Rajubhai, the dedicated CMD of Rajoo group of Industries, is not only an unmatched energetic, business magnate with an excellent entrepreneurial spirit. but also a passionate leader with an unwavering determination, an extraordinary motivator , compassionate healer, remarkable family man, an amiable friend and above all an affectionate person.

He has touched uncountable number of lives and brought a smile on their face. And he is a great hearted benevolent person to each and everyone to whomsoever he is associated with. Weather the person is a business tycoon or an indigent humble person, he values all of them equally. My association with this incredible person in the journey of my life was from 1999. I was a fresher then with literally no experience at all. I hardly had seen him as he was in Manavadar those days. Once in a while he used to come to Rajkot, and I knew nothing about him .

I got close to him during in the isle of PlastIndia 2000, It was my first time attending an industrial fair. I was super excited as I was part of the sales team, I was attending inquiries with lot of dedication , motivation, affirmation and all kind of ations . my joy knew no bounds when an inquiry which I was attending turned into an order, When the customer asked for the quotation I tried to approach my seniors and all them were busy with other customers. So I went to take the help of the marketing manager. He advised me to quote him a certain price and I did the same.

After that customer left with an impressive advance payment cheque, I was jumping around from ground to sky I couldn't believe anything. I was on cloud nine. I handed over the cheque and was walking with lot of confidence and feeling proud through out my veins and attending other inquires, Suddenly I heard some one calling ……" Sheela , you are called" , I said, " I am with the inquiry"

" No just leave everything and come right now" the other person whispered. I excused my self and I got up quickly. And headed to the office chamber.

I understood the urgency , when I heard the word "right now" my heart thundered and was almost jumping out of my chest. The walk seemed a never ending distance and I was trying all my permutations and combinations to figure out as what has gone wrong.

As I neared I heard loud discussions at heated voices coming out of the office.

When entered I understood that the quotation which I gave the customer was a wrong one. I was scolded for the same . I had no words other than to apologize, and that too words were not coming out of my mouth but only uncontrollable tears were rolling down and I was engulfed by guilt. shame, embarrassments and had no words or no way to repay the loss I incurred.   I was all broken down into pieces and not knowing how to gather myself.

From somewhere Rajoobhai appeared at that spot and he asked in the cool way " come lets have an ice-cream as if nothing had happened. His empathetic voice made me feel so. I said " Thank you Sir, but I have no mood and shook my head out of my guilt. but he would not listen and dragged me to a stall where there was ice cream. I was still sobbing. He insisted me

" Calm down. Things happens " he said in a tender voice after all these.

But no words were going to my ears.

Then he said firmly " look, when we do things there will be lot of falls , breakdowns, failures, but that should not destroy us.". Are you getting what I said. These words were like pulling me out of the ocean of remorse that I was sinking. These words worked like miracles instantly I was out of it

I said his words to myself and I I smiled to him and I said , I am very sorry but we will earn this loss, He said" yes, that is the sprit " Sheeladi, billadi" the way he calls, and by the time the ice cream melted my sprit became back to normal and even more strong, energetic and bold and once again I walked like a hunting lioness for attending inquiries .

Beyond the boardroom, Rajubhai's commitment to his family is equally inspiring. He exemplifies the delicate balance between professional success and personal bonds. Despite his demanding responsibilities, Rajubhai ensures that he churn out quality time for his family and friends, demonstrating his belief in the power of love and companionship. His ability to nurture both his business empire and his family life showcases his exceptional prowess not just as a CEO, but as a well-rounded individual dedicated to enriching every facet of his life.

I am truly blessed to be associated with such a benevolent person. Words run out when I try to appreciate enough and remain incomplete in my heart. He has extended his support in every possible way in every aspects of life. Let it be education of a budding child or the ailing elders in their declining age we all seek his guidance,

Because of these amazing rare qualities, we are the honeybees around this beehive.



મિત્રો સાથે રીટાની વાડીમાં

ક્યારેય હું...


ક્યારેય કોઈનાથી અભિભૂત ન થયો એ ‘હું’
ક્યારેય કોઈની સલાહ લીધી નહીં એ ‘હું’
ક્યારેય કોઇ અનૌપચારિક કરાર ન કર્યા એ ‘હું’
ક્યારેય કોઇ ગુરુ ધારણ નથી કર્યા એ ‘હું’
ક્યારેય પોતાની જીદ છોડી નહીં એ ‘હું’
ક્યારેય પરિવારવાદને ના છોડયો એ ‘હું’
ક્યારેય પોતાના સ્વાર્થ માટે ના વિચાર્યું એ ‘હું’
ક્યારેય કોઈની સાથે છેતરપિંડી ના કરી એ ‘હું’
ક્યારેય કોરોનાથી ના ડર્યો એ ‘હું’
ક્યારેય કોઇ ધર્મગુરુની ચુંગાલમાં ન ફસાયો એ ‘હું’
ક્યારેય કોઈપણ ક્ષેત્રના પ્રસિદ્ધ વ્યક્તિના પ્રભાવમાં આવ્યો નથી એ ‘હું’
ક્યારેય પૈસા સાથે પ્રેમ ન થયો એ ‘હું’
ક્યારેય કોઈની ચાપલૂસી નથી કરી એ ‘હું’
ક્યારેય કોઇ સાચી-ખોટી લાલચમાં નથી ફસાયો એ ‘હું’
ક્યારેય કોઈપણ પ્રકારનો વ્યક્તિગત વીમો લીધો નથી એ ‘હું’

– રાજેશ દોશી

આવો હતો રાજુ........................




RUDABAPA (AD 1705)
SIMANTBAPA (AD 1720)
KALYANBAPA (AD 1734)
HANSRAJBAPA (AD 1750)
OGHABAPA (AD 1765)
RAGHAVJIBAPA (AD 1780)
JASRAJBAPA (AD 1796)
TRIKAMJIBAPA (AD 1812)
MONJIBAPA (AD 1829)
BOGHABAPA (AD 1849)





૫૪ વર્ષ પહેલા પિતાશ્રી નાનાલાલભાઈએ
સ્વહસ્તે અમારા અને પોતાના જન્મદિવસની
કરેલી નોંધ



એક હતો રાજુ

“એક હતો રાજુ” માં આપણે એવા માણસની અદભૂત સફરને વાંચીએ છીએ, જેનું જીવન પરાક્રમો, કસોટીઓ અને અતૂટ પ્રેમનો ચાકળો છે. તેમની શરૂઆતથી લઈને પરિવાર માટે શક્તિનો આધારસ્તંભ બનવા સુધી, અમારા પિતાનું જીવન એક સ્થિતિસ્થાપકતા ભરેલી પ્રેરણા છે.

હૃદયસ્પર્શી ટૂચકાઓ અને આબેહૂબ યાદો દ્વારા, આ આત્મકથા પુત્ર, પતિ અને પિતા તરીકેના તેમના અનુભવોનુ આલેખન છે, જે મૂલ્યો બધામાં સ્થાપિત કર્યા છે : પ્રામાણિકતા, દ્રઢતા અને કરુણાને વિશેષતા. દરેક પ્રકરણમાં સખત મહેનત, સરળ ક્ષણોનો આનંદ અને કૌટુંબિક બંધનોની ઊંડી અસરના પાઠ વાચકોને સ્પષ્ટપણે અભિભુત કરશે.

આ હૃદયસ્પર્શી અને આત્મનિરીક્ષણાત્મક આત્મકથામાં, એક સમર્પિત પિતા પિતૃત્વ દ્વારા મેળવેલા આનંદ, પડકારો અને ગહન આંતરદૃષ્ટિને પ્રતિબિંબિત કરે છે. નવજાત બાળકને પકડી રાખવાની પ્રથમ ક્ષણોથી માંડીને બાળકોના ઉછેરની જટિલતાઓને સરળ રીતે પાર કરતા પિતૃત્વની પરિવર્તનશીલ શક્તિ એમને કેવી રીતે પ્રેમ, જવાબદારી અને વ્યક્તિગત વિકાસની નવી સમજણ આપે છે તે પણ વ્યાખ્યાયિત કરે છે.

નિખાલસતા અને હૂંફ સાથે, લેખક શોધ કરે છે :

- એક યુવાન, પતિ, પિતાથી આત્મવિશ્વાસુ કુટુંબના અગ્રણી સુધીની તેમની ભૂમિકાની ઉત્ક્રાંતિ.
- યાદગાર સીમાચિહ્નો અને રોજિંદી ક્ષણો જેણે તેમના જીવનના અનુભવો ને વ્યાખ્યાયિત કર્યું છે.
- વાલીપણામાં સફળતા અને નિષ્ફળતા બંનેના પાઠ શીખ્યા.
- માર્ગદર્શન અને ટેકો આપતી વખતે સ્વતંત્રતાના સંવર્ધન કરવાનું નાજુક સંતુલન.
- કઇ રીતે કામ, સંબંધો અને જીવનના હેતુ પરના તેમના પરિપ્રેક્ષ્યને પ્રભાવિત થયું.

રાજુભાઈના પ્રેમ અને હૂંફની કાયમી અસરની ઉજવણી કરતી આ પ્રેરણાદાયી સંસ્મરણો, યુવાન અને અનુભવી બંને માટે શાણપણ, રમૂજ અને પ્રોત્સાહન આપે છે.

ખુશ્બુ - શ્વેતાંગ - આયાંક, ઉત્સવ - કોંકણા - દુર્જોય, પલ્લવ - ચાંદની - યોહાન, કૃતિ - ચિંતન - નાઇરા, કરિશ્મા - અંકિત, ઉત્કર્ષ - ઉર્વશી - જીવિકા, પ્રેરિત - જિનલ - કવિત, પુલકિત, ઉન્નતિ - દીપ, તન્મય

9 789334 100402